# :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન-૨** | |
| ૧. | ૧૮ | ૬ | **'માયાદિત્યનું દૃષ્ટાંત'** | ૧ |
| ૨. | ૧૮ | ૬ | માયા પર માયાદિત્યનું દૃષ્ટાંત | ૬ |
| ૩. | ૧૮ | ૯ | માયાદિત્ય પલાયન | ૨૪ |
| ૪. | ૧૮ | ૯ | મરદ કોણ ? | ૨૭ |
| ૫. | ૧૮ | ૧૦ | માયાદિત્યની માયાવાણી | ૩૩ |
| ૬. | ૧૮ | ૧૦ | દેવદિન્નનું કથાનક | ૩૬ |
| ૭. | ૧૮ | ૧૨ | માયાદિત્યનું શું થયું ? | ૪૭ |
| ૮. | ૧૮ | ૧૩ | સાચી આસ્તિક્તા | ૫૬ |
| ૯. | ૧૮ | ૧૪ | સ્થાણુની સજ્જન-વિચારણા | ૬૫ |
| ૧૦. | ૧૮ | ૧૫ | નવવાડનો હેતુ | ૭૩ |
| ૧૧. | ૧૮ | ૧૫ | પેલા શ્રીમંતનું શું થયું ? | ૭૫ |
| ૧૨. | ૧૮ | ૧૬ | શ્રેષ્ઠિપુત્ર વિજયનું દૃષ્ટાંત | ૮૦ |
| ૧૩. | ૧૮ | ૧૭ | દેવદિન્ન ગુલામ | ૯૩ |
| ૧૪. | ૧૮ | ૧૮ | માયાદિત્યના હાલ | ૯૫ |
| ૧૫. | ૧૮ | ૧૮ | કાનજીપંથી સ્વસિદ્ધાંત વિરુદ્ધ જ વર્તે છે. | ૧૦૫ |
| ૧૬. | ૧૮ | ૨૦ | તક ઓળખો : તક ન ચૂકો | ૧૧૨ |
| ૧૭. | ૧૮ | ૨૦ | સરસ્વતીના મુકામની ઝડતી | ૧૨૦ |
| ૧૮. | ૧૮ | ૨૧ | કુળવાનને કલંકના ખટકા પર દૃષ્ટાંત | ૧૨૫ |
| ૧૯. | ૧૮ | ૨૧ | થોડાં પણ સુકૃતનું મહત્ત્વ | ૧૨૮ |
| ૨૦. | ૧૮ | ૨૨ | સરસ્વતીનો અહેવાલ | ૧૩૬ |
| ૨૧. | ૧૮ | ૨૩ | માયાદિત્યને પસ્તાવો | ૧૪૨ |
| ૨૨. | ૧૮ | ૨૪ | દિવાનની દુર્દશાનું દૃષ્ટાંત | ૧૪૮ |
| ૨૩. | ૧૮ | ૨૫ | જિનાજ્ઞા એ જ શરણ | ૧૫૯ |
| ૨૪. | ૧૮ | ૨૬ | **'લોભ' પર લોભદેવનું કથાનક** | ૧૬૬ |
| ૨૫. | ૧૮ | ૨૮ | લોભદેવનું દૃષ્ટાંત | ૧૭૮ |
| ૨૬. | ૧૮ | ૨૮ | ધનાજી અબૂઝ અને હોશિયાર | ૧૮૪ |
| ૨૭. | ૧૮ | ૨૯ | ક્ષુલ્લક મુનિનું દાક્ષિણ્ય | ૧૯૦ |
| ૨૮. | ૧૮ | ૩૦ | દ્રવ્યપૂજાનો ઉપદેશ શા માટે ? | ૧૯૯ |
| ૨૯. | ૧૮ | ૩૧ | જીવનમાં એક ધક્કાની જરૂર | ૨૦૮ |
| ૩૦. | ૧૮ | ૩૩ | જીવનમાં સ્યાદ્‌વાદ | ૨૧૭ |
| ૩૧. | ૧૮ | ૩૩ | લોભદેવ પરદેશ જાય છે | ૨૧૯ |
| ૩૨. | ૧૮ | ૩૫ | લોભદેવ મિત્રને ધોખામાં ઉતારે છે | ૨૩૦ |
| ૩૩. | ૧૮ | ૩૫ | વેપારીને બે બાઈઓ ઠગે છે | ૨૩૫ |
| ૩૪. | ૧૮ | ૩૭ | એકેક આશ્રવે નરકના દાખલા | ૨૪૧ |
| ૩૫. | ૧૮ | ૩૮ | લોભદેવની વિચારણા | ૨૪૭ |
| ૩૬. | ૧૮ | ૪૦ | પિશાચોનું આગમન | ૨૬૫ |
| ૩૭. | ૧૮ | ૪૧ | **લોભદેવની દીક્ષા** | ૨૭૫ |
| ૩૮. | ૧૮ | ૪૨ | દોષદૃષ્ટિની મનોદશાથી સમ્યક્ત્વઘાત | ૨૭૯ |
| ૩૯. | ૧૮ | ૪૩ | **મોહદત્તનું દૃષ્ટાંત** | ૨૮૯ |
| ૪૦. | ૧૮ | ૪૪ | મોહમૂઢતામાં કયા કયા ગુના ? | ૨૯૫ |
| ૪૧. | ૧૮ | ૪૫ | પ્રભુભક્તિનો પ્રકાર | ૩૦૩ |
| ૪૨. | - | | **ભુવનભાનું તો તેને કહીયે, અવનિને અજવાળે જેહ** | ૩૦૬ |




આચાર્ય ભગવંત શ્રી ઉદ્યોતનસૂરિજીએ રચેલ

# શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨

## 'માયાદિત્યનું દૃષ્ટાંત'

પરમ ઉપકારી આચાર્યભગવાન **શ્રી ઉદ્યોતન સૂરીશ્વરજી** મહારાજે હ્રી દેવીના કહેવાથી **શ્રી કુવલયમાલા** ચરિત્ર રચ્યું, એમાં આપણે એ જોઈ આવ્યા કે ચરિત્રનાયક રાજકુમાર **શ્રી કુવલયાનંદ** દિવ્ય ઘોડાથી જંગલમાં મૂકાયો, દૈવી વાણીથી તે આગળ વધ્યો, અને એક ગાઉ આગળ એણે એક એવા મહાયોગી જોયા કે જેમની સિદ્ધ અહિંસાથી ત્યાંના પ્રદેશમાં વૈરી પશુઓ દા.ત. સિંહને હરણિયું, સાપ ને મોર, વગેરે પણ મૈત્રીભાવ, પ્રેમ, સૌમ્યતા અને નિર્ભયતાથી સાથે ફરતા હતા. સાથે એ જોયું કે આવા મહાયોગી મહર્ષિની પાસે એક દેવતા અને એક સિંહ બેઠેલ છે. ત્યાં કુવલયાનંદને મહર્ષિ 'એ ઘોડો કોણ ? કેમ તને ઉપાડી ગગનમાં ચાલ્યો'...ઈત્યાદિનો અધિકાર કહી રહેલ છે.

એ અધિકારમાં એ વાત આવી કે એક પુરંદરદત્ત નામના રાજાને જૈન ધર્મની પ્રાપ્તિ કરાવવાના શુભ ઉદ્દેશથી એનો મુખ્ય મંત્રી વાસવ તલસી રહ્યો છે. એમાં વસંતઋતુનું આગમન થતાં એ જોવાના બહાને રાજાને ઉદ્યાનમાં અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મનંદન આચાર્ય પાસે લાવી દે છે. રાજાની જિજ્ઞાસાથી આચાર્ય મહારાજશ્રી પોતાના વૈરાગ્યનું કારણ બતાવતાં, સંસારની ચારે ગતિનાં ભયંકર દુઃખ વર્ણવે છે. મંત્રીએ આવા સંસારનું કારણ પૂછતાં આચાર્ય ભગવાન મુખ્ય કારણમાં ક્રોધ-માન-માયા-લોભ અને મોહ-(અજ્ઞાન) ને બતાવી એના કેવા ભયાનક ખેલ છે, એ પર ત્યાં જ બેઠેલ વ્યક્તિઓની જીવનકહાણી બતાવે છે. એમાં આપણે ક્રોધ પર ચંડસોમનો, અને માન પર માનભટ્ટના સ્વરૂપ અને એની ભયંકરતા બતાવવા સાથે **માયાદિત્યનું** કેવું જીવન વર્ણવે છે તે જોઈએ.

રાજા પુરંદરદત્તની આગળ આચાર્ય ભગવાન કહે છે, -

**माया उव्वेययरी, सज्जणसत्थम्मि निंदिया माया ।**
**माया पावुप्पत्ती, वंकविवंका भुयंगीव्व ॥**

અર્થાત માયા ઉદ્વેગ કરાવનારી છે. સજ્જનોના વર્ગમાં માયા નિંદિત છે. માયાથી પાપો સરજાય છે. માયા સાપણની જેમ અતિશય વાંકી છે.

**માયા એ માતા કેમ ? :-**



'માયા' શબ્દ પ્રાકૃત ભાષામાં બે અર્થ છે, એક માયા અને બીજો માતા. તો શાસ્ત્રો માયાને સંસારની માતા કહે છે. માયા સંસારના અનેક ભવરૂપી બચ્ચાંને જન્મ આપે છે, માટે માતા છે; તેમ જેવી રીતે માતા બચ્ચાના દોષોને ઢાંકે છે; એમ માયા જીવના દોષોને ઢાંકે છે. આ બે અપેક્ષાએ માયા માતા જેવી છે.

'માયાથી જન્મોનાં સર્જન થાય છે' એ શાસ્ત્રકારોનું વચન સૂચક છે; કેમકે આમ તો ક્રોધ-માન-માયા-લોભ એ ચારે કષાયોને સંસાર-વૃક્ષનું મૂળ કહ્યું છે. એટલે ક્રોધાદિ બધા ય કષાયોમાંથી સંસારના ભવો સરજાય છે, તેથી વાસ્તવમાં કષાય સંસારના જનક છે. છતાં માયાની વાત આવી ત્યારે એને ખાસ સંસારની જનની-માતા કહી, એ માયાની વિશેષ ભયંકરતા બતાવે છે.

**માયા વિશેષ ભયંકર** હોવાનું કારણ આ, કે એ છૂપી રહે છે. ક્રોધ હજી મોંની રેખાઓ પર, બોલ પર, ને વર્તાવ પર પરખાઈ જાય છે. ક્રોધમાં આંખ લાલ થાય, ધમધમાટના શબ્દ નીકળે, અબોલડાં લેવાય, યા હાથ-પગની વિશિષ્ટ ચેષ્ટા થાય,...વગેરે બને છે. એવું અભિમાનમાં ય છાતી અક્કડ, માથું ને ખભા ઊંચા, ભવાં ચડી જાય, બોલમાં અભિમાન નીતરતું હોય,...આવાં આવાં લક્ષણ બહાર પ્રગટ દેખાય છે. ત્યારે લોભમાં ય શું છે ? લોભ-રાગ-મમતા એ બોલમાં ચાલમાં વરતાઈ જાય છે; તો વસ્તુની ઝંખનાથી કાયાની એવી દોડધામની પ્રવૃત્તિ, રાગવશ વહાલની પ્રવૃત્તિ કે વધુ સાચવવાની પ્રવૃત્તિથી પણ લોભ-રાગ-મમતા પ્રગટ જણાય છે.

**(૧) ક્રોધના દાખલામાં જુઓ, - અગ્નિશર્મા તાપસ** ત્રીજું પારણું ચૂકવા પર ગુણસેન રાજા પર ગુસ્સે ભરાયો; તો પાછો તપોવનમાં જતાં ધમધમાટના બોલ, ગુરુને રોકડો જબાવ, રાજાની ભારે નિંદા, વગેરે એવું આચરવા મંડ્યો કે એથી એનો ક્રોધ છતો થયો, પ્રગટ દેખાયો. બીજાઓએ જોયું કે એ ક્રોધમાં જાણીને કુલગુરુએ અને તાપસોએ ક્રોધ છોડી દેવા એને સમજાવ્યો. કહ્યું,-

'જુઓ આપણે તપોધર્મવાળા છીએ; આપણાથી ગુસ્સો ન થાય. આપણે તો સામનો નહિ, પણ સહન જ કરવું જોઈએ. સહન કરવામાં આપણને ધર્મની વૃદ્ધિ થાય છે. રાજા તો સારા ભાવવાળો છે. ગમે તે કારણે એ ભૂલી ગયો હશે એના પર દ્વેષ નહિ, દયા જ રખાય...' વગેરે સમજાવ્યું.

અલબત અગ્નિશર્મા અતિ ભૂખથી આહારની સંજ્ઞામાં અને અજ્ઞાન દશામાં દબાયેલો હોઈ સમજ્યો નહિ, પરંતુ આપણી વાત આ છે કે ગુસ્સાનાં લક્ષણ બહાર દેખાય છે, એટલે કોઈ સજ્જન એ જોઈ ગુસ્સાથી પાછા હટવા સમજાવનાર હજી ય મળી આવે છે; જ્યારે માયામાં તો બહાર કશાં લક્ષણ જ ન દેખાય, પછી એમાંથી

પાછા હટવાનું સમજાવનાર મળે જ શાના ? તેથી માયા ક્રોધ કરતાં ભયંકર !

(૨) **ત્યારે અભિમાનમાં શું છે ?** એમાં ય બહાર લક્ષણ સ્ફુરી આવે છે. રાવણ સીતાને ઉપાડી લાવ્યા પછી જ્યારે સીતા એનું માનવાનો સાફ સાફ ઈન્કાર કરે છે, ત્યારે રાવણ સભા ભરી મંત્રણા કરે છે. એમાં એણે જે કાંઈ રજૂ કર્યું એ બધામાં એના બોલ એવા હતા કે જેમાં અભિમાન વ્યક્ત થતું હતું એથી ભાઈ વિભિષણે એનું આ અભિમાન જોઈ ઊઠીને નમ્રતા અને વિનય સાથે કહ્યું,-

'મોટાભાઈ ! આમે ય પરસ્ત્રીને ઉઠાવવી એ આપણા ઉચ્ચ કુળ માટે સારું નથી. તો પછી હવે તો જ્યારે સીતા જ માનવાને તૈયાર નથી, તો પછી સારું એ છે કે એને પાછી સોંપી દેવી. નકામો વિગ્રહ થાય, અને રામ-લક્ષ્મણ પણ બળમાં કાંઈ પાછા પડે એવા નથી; તો શા માટે ખોટી તંત ખેંચી આપણે વિનાશને ફોગટ આમંત્રણ આપવું ?'

વિભીષણે આટલી સલાહ આપવાનું જે કર્યું તે ક્યારે ? ભાઈ રાવણનું એના બોલમાં અભિમાન દેખાઈ આવ્યું ત્યારે, બોલ-ચાલમાં અભિમાન દેખાઈ આવે છે, તેથી કોઈ સલાહકાર, ભાગ્ય હોય તો મળી આવે છે, પરંતુ

**માયાવી વિનયરત્ન :-**

માયામાં તો એનું બહાર કોઈ લક્ષણ જ દેખાવા ન દે, પછી માયાવી જીવને એમાંથી પાછા વાળનાર કોણ મળે ? વિનયરત્ન બાર વર્ષ સુધી કાલિકસૂરિજી મહારાજા પાસે રહ્યો, પાકો માયાવી હતો; પરંતુ આચાર્ય મહારાજ જેવા પણ એની માયા પરખી શક્યા નહિ. તેથી જ એ ઉદાયી રાજાનું ખૂન કરવામાં ફાવ્યો. નહિતર તો પૂર્ણ વિનયી છતાં જો એ સહેજ પણ માયાવાળો છે એમ આચાર્ય ભગવંતે જાણ્યું હોત, તો તો એને રાજાને પોષધમાં ધર્મચર્ચા આપવાના પ્રસંગે રાજમહેલમાં શું કામ લઈ જ જાત ?

**લોભમાં પ્રગટ લક્ષણ : વસ્તુપાલ :-**

એટલે જ બહુ સાવધાન રહેવા જેવું છે કે 'આપણે માયાના સેવક ન બનીએ.' હજી ક્રોધનાં, માનનાં, એમ લોભનાં ય લક્ષણ બહાર જણાશે, તો ભાગ્ય જાગતું હોય તો કોઈ એમાંથી પાછા વળવા શિખામણ આપનાર મળી આવે. વસ્તુપાળને શ્રીસિદ્ધગિરિની પહેલી યાત્રામાં તંબૂ તાણવાનો ખીલો ગાડવા જતાં માલ ભરેલો ચરુ મળી આવ્યો. એનો લોભ જાગ્યો, મમતા જાગી, તે શબ્દમાં જણાઈ ગઈ. કેમકે નાના ભાઈના પત્ની અનુપમા દેવીને એ અંગે જ્યારે પૂછ્યું, કે 'આ ચરુ ક્યાં દાટીએ જેથી યાત્રાથી પાછા ફર્યા પછી કામ લાગે ?' ત્યારે એ બોલમાં અનુપમાએ મમતા પરખી લીધી. તો જ એણે શિખામણ આપી કે 'નીચે



દાટીને શું કરશો ? નીચે જવું હોય એ એમ કરે. ઊંચે જનારા તો ઊંચે દાટે. માટે દાટવું જ હોય તો એવે ઊંચે દાટો કે એને આખું જગત જુએ છતાં એમાંથી લેશ પણ ચોરી ન શકે.'

'વાત તમારી સાચી. પણ ક્યાં ઊંચે દાટવું ?'

'ક્યાં વળી કેમ ? જ્યાં જાઓ છો ત્યાં તીર્થાધિરાજના શિખર પર. મંદિર અને શિખરમાં જ્યાં તૂટ ફૂટ હોય કે ઝાંખાશ આવી હોય ત્યાં લગાવી દેવું.' મંત્રી કહે,- 'સમજ્યો. બરાબર છે, 'પ્રભુના મંદિરના જીર્ણોદ્ધારમાં આ ધનને લગાવી દેવાનું' બહુ સરસ બતાવ્યું. કોને ખબર છે પાછા ચોક્કસ આવશું કે કેમ ? વળી આવશું તો પણ લલાટ સાથે જ રહેવાનું છે.'

કેવી અનુપમા ? એને હીરા-માણેકના વધુ દાગીના નહિ જોઈતા હોય ? નવનવી સાડીઓની પેટીઓ ભરવા નહિ જોઈતી હોય ? તે એ માટે ધન રાખી મૂકવાનું કેમ ન કહ્યું ? કહો, એવી જ સમજ, કે

**અનુપમાની સમજ :-**

**જેને ફરી ફરી દેહમાં કેદ પૂરાવું હોય, એ ધનમાલને દેહ પર લગાવે; પણ જેને પરમાત્મા બનવું હોય એ એને પરમાત્મા ઉપર લગાવવાનું કહે.'**- અનુપમાદેવીની આ સમજ હતી માટે સલાહ અવળી ન આપી, અહિતની ન આપી; પરંતુ હિતની સલાહ આપી. આટલું પણ કરવા એને તક ક્યારે મળી ? વસ્તુપાલનો લોભ દેખ્યો ત્યારે. ક્રોધ, માન, લોભ, આવા છે કે એ બહાર દેખાઈ આવે, તેથી ભાગ્ય હોય તો એમાંથી પાછા વાળનાર કોઈ ને કોઈ કલ્યાણમિત્ર મળી આવે.

**માયા કેવી કેવી હોશિયારી રખાવે છે ? :-**

ત્યારે માયા ભારે ભૂંડી, બહાર દેખાય જ નહિ. એકલી જાતે બહાર ન દેખાય એટલું જ નહિ, પણ બીજા દોષોને ય બહાર ન દેખાવા દેવાની હોશિયારી રખાવે છે. બોલો, વાતનો અનુભવ શો છે ? દા.ત. હસા-મશ્કરીમાં જૂઠ બોલ્યા, અને રમુજ થઈ ગઈ, પછી તરત ઈકરાર ખરો કે 'આ તો જૂઠ જ લગાવેલું.' ના, એમાં હલકાઈ દેખાય છે. 'હું જૂઠ નથી બોલતો' એવી હોશિયારી, એવું મોં ઠાવકું, ને વાણી એવી સીફતદાર રખાય છે ! આ શું છે ? માયા. જૂઠદોષને બહાર ન જણાવા દેવાની હોશિયારી માયા રખાવે છે.

એવા તો ખાનપાનની લંપટતા, માનાકાંક્ષા, સ્વાર્થરસિકતા, અને દેખીતા પરોકારમાંથી જાતના લાભની ઉઠાંતરી,...વગેરે વગેરે કેટલાય દોષો બહાર કોઈ પણ ન જાણી જાય એની ભારે ચીવટ રખાવનારી માયા છે. બહાર એમ દેખાડશે

કે "આપણે તો જે વખતે જે ખાવા મળ્યું તે ચલાવી લઈએ છીએ, આપણે બહુ એની 'તથા' નથી રાખતા કે આવું જ જોઈએ ને તેવું જ જોઈએ;" પરંતુ માત્ર આ બહારમાં દેખાડવાનું એટલું જ, બાકી અંતરમાં તો સારાની જ લગભગ શોધ હોય છે, અને સારું મળવા પર અંતરંગમાં ખુશીનો પાર હોતો નથી. સારું હોય તો સીફતથી વધારે ઉડાવવાનું,...આવી હોશિયારી રખાય છે.

**માયાના ખેલ અજબ !** પોતાને માન જોઈતું હોય, પણ દેખાવામાં માનની પરવા નહિ દેખાડે, દા.ત. કહેશે 'મહારાજે વ્યાખ્યાનમાં અઠ્ઠાઈ માટે ઘણું કહ્યું, પરંતુ આપણાં કાંઈ ગજાં છે ? આપણે તો અઠ્ઠમમાં (૩ ઉપવાસમાં) બેસી ગયા.'

- શું છે આ ? કહેવાની હોશિયારી. 'મેં અઠ્ઠમ કર્યો છે; એ સીફતથી જણાવી દેવાની આ કુશળતા એ માનની આકાંક્ષા સૂચવે છે, પણ તે છૂપી રાખવાનો પ્રયત્ન છે, એ માયાનું પરાક્રમ છે. તમારો સંસાર ચલાવવામાં તપાસજો માયા કેટકેટલી આચરાય છે ?

'માયા' એટલે પ્રાકૃત ભાષામાં માતા. એ પોતાના સંતાન-જીવના દોષને ઢાંકે છે. દોષને બહાર બીજાના દેખવામાં નથી આવવા દેતી, માટે એ માતા. પછી એ દોષો એમજ શલ્યરૂપે આત્મામાં રહી જાય તેથી અનેક ભવોનું સર્જન થાય છે. એમ માયા ભવોનું સર્જન કરનારી બને છે. માટે પણ એ સંસારની માતા જેવી છે.

**માયાથી સંતાપ કેમ ? :-**

રાજા પુરંદરદત્ત આદિ પર્ષદાની આગળ શ્રી ધર્મનંદન આચાર્ય મહારાજ હવે માયાને દૃષ્ટાંતથી ઓળખાવવા માટે કહે છે કે માયા ઉદ્વેગ કરવનારી છે. કેમકે માયામાં પોતાના દોષ છૂપાવવાનું રહેતું હોવાછી એ અંતરમાં શલ્યરૂપે કરડ્યા કરે છે. એવા કેટલાય જીવો હોય છે કે જેમણે પૂર્વે એવાં પાપ કર્યા છે. કે જે એ પોતે જ જાણે છે; પરંતુ હવે એ માનાકાંક્ષાવશ ગુરુ આગળ નથી પ્રગટ કરી શકતા કે નથી એની શુદ્ધિ કરી શકતા; તેથી એમને માયાથી સારાપણાનો દેખાવ રાખવા જતાં અંતરમાં પેલાં પાપ શલ્યની જેમ કોચ્યા કરે છે. આમ માયાથી ચિત્ત સંતાપમાં રહે છે. જો માયાની ભયંકરતાથી ડરી ગુરુ આગળ છે એવા દેખાઈ જવા માટે પાપોની આલોચન-પ્રકાશન કરી લે, તો સંતાપથી બચી જાય. યથાસ્થિત ભવ-આલોચના કરનારને એનો સંતાપથી બચી જવાનો અનુભવ થાય છે.

ત્યારે જેને કાંઈ પાપનો ડર જ નથી અને માયા કરે છે એને ય, જે સ્વાર્થ માટે માયા કરે છે, એની પ્રાપ્તિ યા ટકાવ અંગેનો સંતાપ રહ્યા કરે છે. પત્ની પુત્રાદિ પરિવાર સાથે માયા, પાડોશી કે સગાસ્નેહી સાથે માયા, યા ઘરાક-દલાલ-વેપારી વગેરે પ્રત્યે માયા,...એમ માયા રમનાર આમ અંતરમાં કોઈ ને કોઈ ઉદ્વેગ



સંતાપ અનુભવતા હોય છે. માયાથી સાચી સુખશાંતિ સ્વસ્થતા નથી મળતી.

**માયાના બીજા અનર્થ :-**

આચાર્ય મહારાજ ફરમાવે છે કે માયાને સજ્જનો બહુ ખરાબ ગણે છે. કોઈ જ ડાહ્યો માણસ માયાને સારી નહિ કહે. માયા એ અનેક પાપોનું ઉત્પત્તિસ્થાન છે. જીવ માયામાં પડ્યો, એટલે પછી કેમ ? તો દા.ત. એક જૂઠાણું ઢાંકવા અનેક જૂઠાણાં બોલશે. માયા વાંકી નાગણ જેવી છે. એને સીધી કરવી મુશ્કેલ ! અર્થાત્ માયાને મૂકી સરળતા લાવવી કઠિન; અને એ રહે ત્યાં સુધી નાગણની જેમ આત્મામાં અશુભ કર્મ તથા કુસંસ્કારનાં વિષ નાખ્યા જ કરે છે ! જુઓ મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વે ભવે રાજર્ષિના ભવમાં બીજી આરાધના સાથે તપ તો ઉગ્ર કર્યો, તીર્થંકરપણાનું પુણ્ય આપે એવો ઉગ્ર તપ ! પરંતુ તપમાં સહેજ માયા કરી તો એણે સ્ત્રીવેદપણાનું અશુભ કર્મ ઊભું કરી સ્ત્રીનો અવતાર અપાવ્યો !

આચાર્ય મહારાજ કહે છે,-માયા સજ્જનો પ્રત્યે પણ ઠગાઈની વિચારણા રખાવે છે. માયાવીને કશું સારું જોવાનું-આચરવાનું બોલવા-ચાલવાનું આવડતું નથી. આંધળો માણસ સારું ન જોઈ શકે, લંગડો સારું ચાલી ન શકે, બહેરો સારું સાંભળી શકે નહિ, ચાડિયો સારું બોલી ન શકે, અને ભૂતાવિષ્ટ કે ઉન્મત્ત સારું વર્તી ન શકે. બસ, એમ **માયાવી એટલે આંધળો લંગડો, બહેરો, ચાડિયો ભૂતાવિષ્ટ !** એવી સ્થિતિ માયાવીની હોય છે. એવા વાંકા આચરણમાં એ મિત્ર સગાં-સ્નેહી વગેરેનો આદર ગુમાવે છે. ડાયરીમાં માયાના આ અનર્થો લખી રાખો અને રોજ એકવાર વાંચી જઈ ધ્યાનમાં લેતા જાઓ.

**માયા પર માયાદિત્યનું દૃષ્ટાન્ત :-**

આચાર્ય મહારાજ કહે છે કે માયા કેવી ખતરનાક છે એ જોવું હોય તો આ તમારી ડાબી બાજુ અને મારી પછવાડે બેઠેલ માયાદિત્યને. જુઓ એનું ગાત્ર કેવું સંકુચિત થઈ ગયું છે ! એનામાં કેવી કાયરતા આવી ગઈ દેખાય છે ! એની આંખો કેવી ઝીણી થઈ ગઈ છે ! બિચારો માયાનું મંદિર બની ગયેલો ! માયાનું કુળઘર થઈ ગયેલો બહું કર્યું માયા ભૂતડીથી પકડાયેલા એણે. પણ અંતે હવે હારીને આવ્યો છે અહીં;'

શું કહ્યું આચાર્ય મહારાજે ? માયાદિત્ય સંકુચિત, કાયર, ઝીણી આંખવાળો બની ગયો છે. કેમ વારું ?

**(૧) માયાથી મન સંકુચિત-ટૂંકુ બને છે.**

**(૨) માયાથી મન વહેમી બની કાયર બને છે.**

**(૩) માયાથી સ્વભાવ ક્ષુદ્ર-તુચ્છ અકલ્યાણદર્શી બને છે.**

**'અકલ્યાણદર્શી' એટલે** સારું કશું જોઈ જ શકે નહિ. સારામાં સારા ગુરુ મળ્યા હોય, સારા સગાસ્નેહી મળ્યા હોય, છતાં એમની સામે માયા રમવા જતાં એમની પાસેથી સારા ગુણો, સારાં સુકૃત, કે સારા પરોપકારની એ પ્રાપ્તિ ન કરી શકે. એને તો એક જ વાત, -'માયાથી મારો સ્વાર્થ સાધી લઉં, સામાને બનાવી મારું સારાપણું દેખાડી લઉં.' માયાને લીધે મન ટૂંકુ બને છે, કેમકે વૃત્તિ ઠગવાની છે, સ્વાર્થ માટે છૂપું ચલાવવાની છે, ને એમાં મન વિશાળ-ઉદાર ન બની શકે. એટલે પછી બીજાની પાસેથી સારાની પ્રાપ્તિ શી રીતે કરે ?

ભરત-બાહુબળીના જીવ બાહુ-સુબાહુ મુનિની ભક્તિ-વૈયાવચ્ચની પ્રશંસા ગુરુએ કરી એ બ્રાહ્મી-સુંદરીના જીવ પીઠ-મહાપીઠ મુનિને સહન ન થઈ. એમને ઈર્ષ્યા થઈ, ગુરુ બોલે એટલે સામો વિરોધ તો કરાય નહિ, 'હાજી હા' કરવું પડે, એટલે તે માયાથી કરવાનું બને. હવે એ ગુરુ પ્રત્યે સેવાયેલ માયા-વખતે ગુરુની પાસેથી પોતાને થયેલ ઈર્ષ્યા મિટાવવાની સલાહ લેવાની કયાં રહે ? ગુરુ કોણ છે ? આદીશ્વર ભગવાનનો જીવ ચક્રવર્તી મુનિ, ચૌદ પૂર્વોના જ્ઞાતા, અને મહાતપસ્વી, તથા અચિંત્ય લબ્ધિઓવાળા ! તેમ પોતાના ઉપકારી. એમની સામેય રીસ આવી ત્યારે ક્યાં એમની કદર રહી ? પાછી એ રીસ છૂપાવવામાં માયા થઈ એટલે એવા સમર્થ ગુરુ પાસેથી ઈર્ષ્યા રીસનું પ્રાયશ્ચિત્ત લેવાનું ય ક્યાં રહ્યું ? અને એ દોષ કાઢવાની હિતશિક્ષા ય લેવાની ક્યાં રહી ? અને એ દોષ કાઢવાની હિતશિક્ષા ય લેવાની ક્યાં રહી ? માયા સેવતાં સારું ઘણું ચૂકાય છે, અકલ્યાણદર્શી બનાય છે. સરળતા-નિખાલસતા હોય તો સારું જોઈ શકે, લઈ શકે.

માયામાં મન વહેમી બને છે. માયા કેમ સેવે છે ? એટલા જ માટે કે મનને લાગે છે કે 'માયા જો ન સેવું તો હું સારો ન દેખાઉં તો ? મનગમતું ન બને તો ? સામાનો પ્રેમ તૂટી જાય તો ?' આવા આવા ભય છે, માટે માયા આચરે છે. માયા જો મૂકી દે, સરળ નિખાલસ બને, તો ભાગ્ય પર ભરોસો રાખી એવા ભય વહેમને દૂર કરી શકે. સમજે કે 'જશ મળવો, માન મળવું, સામાનો પ્રેમ મળવો, એ બધું તો મૂળમાં રહેલ ભાગ્યના અનુસારે બનવાનું છે. આપણે સીધી સરળ રીતે સન્માર્ગે ચાલો; નકામું મનને માયાથી બગાડવાની જરૂર નથી.'

**ઝવેરાતનો એક દલાલ હતો.** દલાલીમાં પેઠો ત્યારથી પ્રામાણિકતાનો મુદ્રાલેખ જીવવાનું રાખેલું. ન વેપારી સાથે માયા, કે ન ઘરાક સાથે માયા. વેપારીનો આપેલ ભાવ ઘરાકને કહેવાનો, ઘરાકની આપેલી માગણી વેપારીને કહેવાની. બેની



વચ્ચે જે રકમ અંકે થાય તે ઘરાક પાસેથી લાવીને વેપારીને આપી દેવાની, પોતાને માત્ર થોડી દલાલી મળે. એમાં એને સંતોષ. એમાં એની સાથેના બીજા દલાલ કહે,

'ભલા માણસ ! આમ તો શું કમાવાનો ? મુંબઈ જેવા શહેરમાં આવ્યો તે ખાસાં ગજવાં ભરી લેવા માટે ? કે માત્ર રોટલા કમાવવા માટે ? એ તો અહીંથી તહીંથી જે તફડાવાય તે તફડાવાનું. રોટલા તો દેશમાં ય ક્યાં નથી ઊભા કરાતા ?' છે ને દુનિયામાં ઉઠાવગીરો ?

આ કહે છે, 'કેટલા ભવ માટે એવી માયા-છેતરપીંડી ? અને આ ભવમાં ય ગમે તેવી રમત રમી કદાચ કાંક કમાયા એ પાસે રહેશે જ કે ભોગવાશે જ, એ પણ થોડું જ નક્કી છે ? મળવા-ટકવા-ભોગવવાનું તો ભાગ્યાનુસાર છે. ન્યાય -નીતિ-પ્રમાણિકતા કે જે ભાવી દીર્ઘ કાળને ઉજ્જવળ બનાવે છે, એ બધું માયા રમવા જતાં કમાવાનું રહી જાય. માટે મારે અનીતિ ઠગાઈ ન ખપે.'

કેવો સરળ કલ્યાણદર્શી જીવ ! પરિણામ એ આવ્યું કે પેલા અનીતિખોરો તત્કાલમાં અગડંબગડં કરીને દલાલી કરતાં ડબલ-ચારગણું કમાતા દેખાય ખરા, પરંતુ વેપારીઓને આ પ્રામાણિક દલાલ મળતાં પેલાઓ પરથી આસ્થા ઊઠી જવાથી માલ આ નીતિમાનને જ આપવા માંડ્યા. એમ સરવાળે આને દલાલી અને કમાણી વધી ગઈ ! ત્યારે પેલાઓને કોકને ઘરમાં બીજા ત્રીજા ખરચ ઊભા થવાથી પૈસા ગયા; તો વળી કેટલાકને જુની કમાઈ ખાવા વખત આવ્યો, પડ્યા ચિંતામાં. **સરળતાથી સન્માર્ગે ચાલનારને ચિંતા કરવાની રહેતી નથી.**

**માયાદિત્યનું વૃત્તાન્ત :-**

આચાર્ય મહારાજા હવે માયાદિત્યનું જીવનવૃત્તાન્ત બતાવતાં કહે છે,-

જાુઓ રાજા પુરંદરદત્ત ! કાશી પાસે એક શાલિગ્રામ નામનું ગામ છે. ત્યાંનો આ નિવાસી. મૂળ નામ એનું ગંગાદિત્ય, પરંતુ સારા મધુરભાષી લોકોની સાથે ય વાંકુ જ બોલવાની એને આદત. વર્તાવ માયાવી. તે વાતવાતમાં માયા કરે. તેથી જાુવાનિયાઓએ એનું નામ માયાદિત્ય પાડ્યું. તે પછી તો એ નામે જ એ ઓળખાવા લાગ્યો. છતાં એના મનને કાંઈ દુઃખ નહિ, માયા-વક્રતા-ભેદીપણું છોડવાની વાત જ નહિ.

એ જ ગામમાં એક સ્થાણુ નામે વાણિયો રહે. એને આની સાથે ગમે તે પ્રસંગથી દોસ્તી થઈ ગઈ. સ્થાણુ બિચારો ભલો માણસ, સરળ હૃદયનો, મૃદુ સ્વભાવનો અને કૃતજ્ઞ હતો. એ સામાના થોડો પણ ઉપકારને ધ્યાનમાં રાખી અવસરે બદલો વાળવા મથનારો હતો, તે એ તો માયાદિત્ય સાથે શુદ્ધ પ્રેમથી નિખાલસપણે વર્તે; પરંતુ પેલો કાટ, તે આની સાથે માયા-પોલિસી જ આચરે.

પેલો માયાદિત્ય આને હૈયું ન આપે; ત્યારે આ સ્થાણુ એને દિલ દઈ દેતો ! કેમકે પોતે સજ્જન હતો. એટલે **'ભલું હૃદય બધે ભલું દેખે,'**- એ ન્યાયથી માયાદિત્યના પ્રપંચી હૈયાને એ જાણતો નથી.

**આપ ભલા તો જગ ભલા**

**દીક્ષાર્થી બેનની મૌલિક સમજ :-**

**'આપ ભલા તો જગ ભલા,'** કહેવાય છે ને ? એક બેન દીક્ષા લેવા માટે તૈયાર થયા; તે અમુક સાધ્વીજી પાસે. એમને પૂછવામાં આવ્યું કે 'તમો એ સાધ્વીજીની પાસે દીક્ષા લેવા માગો છો પણ તમારે એમનો પરિચચય છે ? કારણ કે એમનો સ્વભાવ વગેરે અનુકૂળ નહિ હોય તો કેમ ચાલશે ? આ તો ચારિત્ર લઈને આખી જિંદગી કાઢવાની છે.'

બેન સારા ખાનદાન સુખી ઘરના કુમારી હતા. એમણે શો જવાબ આપ્યો, કલ્પી શકો છો ? બેને એકજ બોલમાં કહ્યું કે 'મારે એવો પરિચય નથી, પરંતુ આપ ભલા તો જગ ભલા.'

**'આપ ભલા તો જગ ભલા'ની કેટલી સુંદર મૌલિક સમજ ?** જ્યાં આ સિદ્ધાંત પકડી રાખ્યો, પછી તો કશું કોઈની સાથે વાંકું વર્તવાની ય વાત નહિ, કે કોઈની કશીય બોલચાલ વક્ર રૂપમાં લેવાની ય વાદ નહિ. આપ યાને જાતે ભલા રહેવું છે ને ? પછી બીજાની પ્રત્યે વાંકાઈ કેમ કરાય ? ભલાપણું એટલે સારાપણું, સજ્જનતા, સદ્‌ગૃહસ્થાઈ; એ સરળ નિખાલસ અને મૈત્રી-કરુણાભર્યા દિલ, દેદાર અને પ્રવૃત્તિ પર નભે. અંદરનું દિલ એવા શુભ ભાવભર્યું, મુખાકૃતિ આંખ વગેરે પણ સૌમ્ય અને સ્નેહ-સહાનુભૂતિ ભર્યા, તેમજ બોલચાલ પણ મીઠી સરળ સહૃદયતાભરી હોય, પછી વાંકાશ, કઠોરતા, સ્વાર્થમૂઢતા વગેરે શાના ઊભા જ રહી શકે ?

ત્યારે આવી પોતાની દિલથી ભલાઈ સામાની સાથેના વ્યવહારમાં પણ વાંકુ નહિ જુએ. સામાએ ધરાર વાંકો, ગુસ્સાભર્યો, કે સ્વાર્થી વર્તાવ કર્યો હોય, છતાં આ એમાંથી સારું જ તત્ત્વ પકડશે. સામાએ કપટથી દુઃખીપણાનો દેખાવ કર્યો તો ય આ કપટની કલ્પના લાવ્યા વિના સહાનુભૂતિ બતાવશે ! પેલાએ ગુસ્સો બતાવ્યો હશે, છતાં આ સજ્જન દિલ એના પ્રત્યે કરુણાભાવ રાખી શાંતિ રાખશે. પેલો લોભમાં સ્વાર્થ સાધવાનું કરતો હશે, છતાં આ જાણે ભલાઈ પરોપકાર કરવાની તક સમજી સહાયતા કરશે,

**બસ, આપ (જાતે) ભલા એને જીવનમાં બધાય પ્રસંગમાં (૧) સારું જ દેખવાનું, (૨) સારું જ કરવાનું, અને (૩) સારું જ કમાવાનું રહે છે.**



**શ્રીપાલની ભલાઈ :-**

ધવળશેઠે ઘણી ય વાંકાઈ આચરી, પણ શ્રીપાળકુમારના ભલા દિલે સારું જ દેખવાનું સારું જ કરવાનું અને સારું જ કમાવાનું રાખ્યું તો જ એ ઇતિહાસના પાને અમર થઈ ગયા ને ?

**જીવનમાં ફાવટ માયા અને ડાંડાઈ પર આવે ?**

**ટૂંકી ગણતરીએ જોશો નહિ; નહિતર જીવનની મલાઈ, જીવનનો અર્ક, જીવનની સુવાસ હાથમાં નહિ આવે.** ટૂંકો હિસાબ માંડવા પર તો એમ દેખાશે કે 'આવી ભલાઈ રાખવા જઈએ તો ડાંડને ડાંડાઈ કરવાનું જ ફાવી જાય; અને આપણે તો લૂંટાઈ જ જઈએ,' પરંતુ આ ટૂંકી ગણતરી પર આખો કર્મસિદ્ધાન્ત ભૂલાઈ જવાય છે, ને એમ માની લેવાય છે કે 'જે કાંઈ ફાવટ મળે છે, એ બધી ડાંડાઈ, માયા, વક્રતા પર અને વાંકાની સામે વાંકા, ડાંડની સામે ડાંડ થવા પર મળે છે; પરંતુ આ માન્યતા ખોટી છે.

**કારણ આ જગતમાં બહારની બાબતમાં ફાવટ આવવી કે ગુમાવવાનું થાય, એ મુખ્યતાએ પોતાના શુભ-અશુભ કર્મના આધારે જ બને છે; નહિ કે કષાય કરવા પર.** 'આપણે ગુસ્સો કરીએ એટલે આપણાથી સામો દબાય,' 'આપણે પોલિસી-દાવપેચ રમીએ તો આપણું મનગમતું બની આવે,'- એવું ક્ષણભર દેખાય, પરંતુ ખરી રીતે એની પાછળ આપણો પુણ્યોદય કામ કરતો હોય છે. શુભકર્મ પુણ્યનો ઉદય પહોંચતો હોય ત્યાંસુધી તો ગુસ્સાથી સામા પર પ્રભાવ પડે, અને માયાથી મનગમતી સિદ્ધિ બની આવે; પરંતુ જ્યાં પુણ્ય પરવારી ગયું પછી એના એ જ ગુસ્સાથી લપડાક મળે છે, ને એના એ જ દાવપેચથી નહિ ધારેલી ભારે આપત્તિમાં મૂકાવું પડે છે.

ધવલ શેઠના જીવનમાં આ જોવા મળે છે. શ્રીપાળ પાસે એની ભલાઈ પર પોતાના વહાણ ચલાવવાનું કર્યું, ફાવ્યો દેખાયો, પરંતુ બબ્બર દ્વીપમાં કેદ પકડાયો. આગળ પર એણે 'શ્રીપાળને દરિયામાં ફેંકી એના વહાણ અને બે રાજકન્યા કમાયો' માન્યું, પરંતુ થાણાબંદરના રાજા પાસે ડામિસ તરીકે ઊઘાડો પડ્યો. અંતે કાળી રાત્રિએ 'શ્રીપાળને ઊંઘતો મારી નાખી પરદેસમાં એની બધી મિલકતનો માલિક થવાની ફાવટ આવી જશે,' એમ માયા-કપટ કરી ફાવટ આવી જવાનું માની લઈ, રાત્રિએ શ્રીપાળને મારી નાખવા શ્રીપાળના મહેલની સીડી પર ચડ્યો; જાણે હમણાં જ ઉપર પહોંચી કટારીથી ઊંઘતા શ્રીપાળનું ખૂન કરી નાખશે ! પરંતુ ઉપરથી એવો નીચે પડ્યો કે એ જ કટારી પોતાના જ શરીરમાં ઘૂસી ગઈ અને ધવળ પોતે મોતને શરણ થયો.

**ફાવટનો આધાર દાવપેચ-હોશિયારી પર નથી. પરંતુ પોતાના શુભ કર્મનો ઉદય પહોંચવા ઉપર છે.** પુણ્યોદય પહોંચે ત્યાં સુધી ફાવટ દેખાય. એ પલાયન થતાં ફાવટને બદલે માર પડે. આજે ય દુનિયામાં સરળ સજ્જન દિલવાળાનું સારું કામ ચાલે છે; અને એની સામે દાવપેચ-રોફ-રોષ કરનાર પછાડ ખાય છે. કેમ ?

**બહારની ફાવટ યા મારની બાબતમાં શુભાશુભ કર્મ કામ કરતા હોય છે. ત્યારે અંતરાત્માની ગુણ-દોષની કમાઈનો આધાર સત્-અસત્ પુરુષાર્થ ઉપર છે.** સારો ઉદ્યમ કરો તો ગુણ આવતા જાય, નરસો કરો તો દોષ વધતા જાય. વાત આ છે કે આપ ભલા તો જગ ભલા. આપણે જાતે ભલાઈ રાખીએ તો આપણા માટે સામું જગત સરવાળે ભલું જ નીવડે છે શ્રીપાળ જેમ જેમ ભલાઈ રાખતા ગયા, તેમ તેમ સામા ધવળ શેઠની માયાની પણ કાર્યવાહી પોતાને સારી નીવડતી ગઈ ! માત્ર ધીરજની જરૂર છે.

**'આપ ભલા' ઉપર સાસુ-વહુનું દૃષ્ટાન્ત :-**

એક ગામમાં એક પરોપકારી સજ્જન ગયા. એ એવા એક ઘરમાં ઊતર્યા કે જ્યાં સાસુ-વહુનો ટિટિયારો ચાલુ હતો. આ ભાઈને બહુ રોકાવું નહોતું એટલે ઘરના આદમી સાથે વાતોચીતો કરી હવે જવાની તૈયારી કરે છે ત્યાં છોકરાની વહુ આવી એમને એકલા પડ્યા જાણી ધીરેથી કહે છે,

'જાઓ છો તો ખરા, પરંતુ આ જરા મારા સાસુજીને શિખામણ આપતા જાઓ. વાતવાતમાં એમને કકળાટ કરવા જોઈએ છે.'

આ પરોપકારી સજ્જન કહે, 'સારું, એમને બહાર આવવા દો એટલે યોગ્ય બે શબ્દ કહું છું, પરંતુ તમે જરાક એટલું રાખજો કે એ જ્યારે કાંઈ બોલે ત્યારે તમારે માત્ર આ બે શબ્દ કહેવા.' એમ કહીને શું બોલવું એ બતાવ્યું.

પછી તો થોડી રાહ જોઈ, પરંતુ સાસુ જલ્દી કાંઈ બહાર આવ્યા નહિ, ને ભાઈને જવાની ઉતાવળ હતી એટલે એમણે વહુને કહ્યું હું મહિના પછી આવીશ ત્યારે કહીશ એમ કહીને એ તો ત્યાંથી ચાલી નીકળ્યા.

હવે મહિને એ ભાઈને પાછું એ ગામમાં જવાનું થયું; તે એ જ ઘરે ઊતર્યા, ત્યારે સાસુ આવીને આ ભાઈને કહે છે કે 'તમો પહેલાં અત્રે આવી ગયેલા, તે વખતે મારી વહુને તમે શો મંત્ર આપી ગયેલા કે એ તો દેવી જેવી થઈ ગઈ ?'

ભાઈ પૂછે, - કેમ શી રીતે દેવી જેવી થયાનું કહો છો ?'

સાસુ કહે,- 'તમારા આવ્યા પહેલાં તો વહુની કાંક ભૂલચૂક થાય ને હું જરા ગુસ્સામાં આવી એને ઠપકો આપું, ત્યારે એની દોઢગજની લાંબી જીભ મને કેટલુંય સંભળાવે. પરંતુ તમારા આવી ગયા પછી તમે શો મંત્ર ભણાવી ગયા હશો



કે એવો ચમત્કાર થયો કે હું સાચો કે ખોટો જ્યારે જ્યારે ગુસ્સો કરી એને કઠોર પણ શબ્દ સંભળાવું ત્યારે એ મને હાથ જોડી નરમાશથી કહે,-

**'બાઈજી ! હું જેવી છું તેવી છું, તમારે દીકરીની જેમ નભાવવાની છે.'**

બસ, આટલું બોલવા સિવાય બીજું કાંઈ જ ન બોલે; અને એના આ કોમળ વિનયભર્યા શબ્દોથી મારો ગુસ્સો શાંત થઈ જતો. પછી તો બે વાર, ચાર વાર, આના આ જ શબ્દ સાંભળવા, મળતાં, મને ય એમ લાગવા માંડ્યું કે 'આ હું જ ખોટી છું તે વાતવાતમાં ગુસ્સો કરું છું મારી દીકરી પર ક્યાં એવો સહેજ સહેજમાં ગુસ્સો કરું છું ? ક્યાં એને હું એવા તીખા હૃદયભેદી વેણ સંભળાવું છું ? બસ, ત્યારથી મારું ય હૃદય પીગળી ગયું, પરિવર્તન પામી ગયું. પછી તો હવે વહુ દીકરી કરતાં ય વિશેષ અને એક દેવી જેવી લાગે છે. મને હવે એ બહુ ગમે. તમારો બહુ આભાર માનું છું.

શું થયું આ ? 'આપ ભલા તો જગ ભલા' નું સૂત્ર વહુએ અપનાવ્યું, સાસુના ખોટા પણ ગુસ્સા અને હૃદયભેદી બોલમાં વહુએ નમ્રતાથી એક જ બોલવાનું રાખ્યું કે 'હું જેવી છું તેવી છું તમારે દીકરીની જેમ નભાવવાની છે.' આ શબ્દોથી સૂચવ્યું કે 'તમે તો બહુ સારા છો મારી જ ભૂલ છે, છતાં આવી દોષ ભરેલી મને નભાવવાની તમને પ્રાર્થના કરું છું.'

(૧) પોતે પોતાની દોષવાળી સ્થિતિ કબૂલ કરવી એ પોતાની ભલાઈ છે.

(૨) સામે વડીલને જશ આપવો એમની કૃપા માગવી એ પણ ભલાઈ છે. એમાં સામાને ભલા દેખવાનું થાય. આમ 'આપ ભલા તો જગ ભલા' વસ્તુ બની આવે. વહુએ એમ કરવાથી સરવાળે સાસુને જ પસ્તાવાનો અવસર આવ્યો.

**ચિંતાઓ ને પસ્તાવો માયાવીને :-**

અહીં સ્થાણુ ભલો માણસ છે. આગળ જણાશે કે માયાદિત્ય એના પર ઉપરાપર માયા રમે છે, પરંતુ સરવાળે સ્થાણુને નહિ, પણ માયાદિત્યને પોતાને જ પસ્તાવાનું થાય છે. આપ ભલાવાળાને તો મન મસ્ત રહે છે, ને માયાવાળાને માયાકાળમાં ય કેઈ ચિંતાઓ, અને સરવાળે પશ્ચાત્તાપ આવીને ઊભો રહે છે. હમણાં તો બંનેની પોતપોતાની વિશેષતાના માર્ગે આગેકૂચ છે. માયાદિત્ય કપટભરી પ્રીતિમાં અને સ્થાણુ સહજ સરળ સ્નેહમાં આગળ વધે છે.

એકવાર સ્થાણુ કહે,-'દોસ્ત ! અહીં આપણે દરિદ્રતામાં કેટલી બધી વિટંબણા ભોગવીએ છીએ ? પરંતુ એ આપણા એદીપણાને આભારી છે. શાસ્ત્ર કહે છે કે જનામાં ધર્મ-અર્થ-કામ એ ત્રણેમાંનો એકે ય પુરુષાર્થ નથી, જે એદી છે, એનું જીવન બકરીના ગળાના આંચળ જેવું નિરર્થક છે. તો નથી આપણામાં ધર્મ પુરુષાર્થ,

નથી અર્થ પૈસા કમાવાવનો પુરુષાર્થ, કે પૈસાના અભાવે નથી દુનિયાની સુખમોજ ભોગવવાનો કોઈ પુરુષાર્થ, આ તે કાંઈ જિંદગી છે આપણી ? માટે મને વિચાર આવે છે કે અહીં તો કોઈ તેવો વેપાર હાથ લાગતો નથી. તો આપણે પરદેશ જઈએ અને ધંધો કરીએ.'

**માયાદિત્યના દિલમાંથી શું નીકળ્યું ? :-**

માયાદિત્ય વાત વધાવી લેતાં કહે છે 'દોસ્ત ! વાત તારી ખરી છે. તો આપણે કાશી જઈએ. ત્યાં દેશદેશાવરના યાત્રિકો આવે રહે, એટલે આપણને ચોરી અજાણ્યાની માલતફડંચી, ઠગાઈ, જુગાર વગેરે સારું કરવાનું ફાવશે, અને પૈસા પણ સારા મળશે.'

આ સાંભળતાં જ સ્થાણુ ચોંક્યો ! કહે છે 'અરે ! આ તું શું બોલે છે ? આપણે સારા કુળમાં જન્મેલા માનવ, આપણાથી તે ચોરી તફડંચીનો વિચાર પણ ન થાય તો આચરવાની વાત હોય ?'

માયાદિત્ય તો લુચ્ચો છે જ. એણે જોયું કે આ સ્થાણુ તો મારી વાતથી નારાજ થઈ ગયો. તેથી આગળ પાટો નહિ જામે. એટલે એણે તરત ફેરવી તોળ્યું. એ કહે છે,

'ભાઈ સ્થાણુ ! તું આકળો-ઉતાવળો ન થા. શું હું એવું કરું ? આ તો મેં સહેજ મશ્કરીમાં એવું કહેલું.'

સ્થાણુ સંસ્કારી છે. એ કહે છે, 'અરે મશ્કરીમાં પણ આવું ન બોલાય. આ તો અધમ માણસોનાં વેણ, સારા માણસથી તો આવું મનમાં ય ન લવાય. ઋષિ-મહર્ષિઓ એમાં ઘણો દોષ બતાવે છે. બાકી પૈસા જોઈએ છે ને ? ઘણાય સીધા ઉપાય શાસ્ત્રે બતાવ્યા છે. (૧) કોઈ રાજાની કે મોટા શેઠની સેવા કરીએ, ત્યાં જાતના માન-અપમાનની પરવા ન રાખતાં સેવા વફાદારી અને નિષ્ઠાથી બજાવીએ, અથવા (૨) કોઈ સારા મિત્ર કરીએ તો એના ટેકે ય ધંધો મળે, અથવા (૩) ધાતુવાદ, મંત્રવાદ, દેવતાની આરાધના, વગેરે ગમે તે પકડીએ, અરે ! (૪) સાગરને પેલે પાર જઈએ, કે (૫) રોહણાચળમાં ભમીએ, યા (૬) કોઈ વેપાર કળા-રોજગારી-દલાલી કરીએ તો પૈસા મળવામાં શી મુશ્કેલી છે ? આ ઉપાયો શાહજોગ કહેવાય. એમાં ક્યાંય નિંદાપાત્ર ન થવાય, અને પૈસા મળી જાય. પ્રયોજન તો પૈસા મેળવવાનું છે ને ? તો અધમ ઉપાયોથી મેળવવા કરતાં સારા ઉપાયો આદરી મેળવવાનું શું ખોટું ? એથી ન અહીં નિંદાપાત્ર ન થવાય, અને પૈસા મળી જાય. પ્રયોજન તો પૈસૌ મેળવવાનું છે ને ? તો અધમ ઉપાયોથી મેળવવા કરતાં સારા ઉપાયો આદરી મેળવવાનું શું ખોટું ? એથી અહીં નિંદા



પામીએ, એ કેદ પકડાવા-કરવાની કોઈ આપત્તિ ન આવે. તેમ પાપની પરલોકમાં ભયંકર સજા ન ભોગવવી પડે,'

માણસને મગજ લડાવવાની જ જરૂર છે. કેટલીય વાર એ માની લે છે કે 'કોઈ ઉપાય નથી એટલે પૈસા માટે ચોરી કરો, અનીતિ કરો, ઠગાઈ કરો,' ફરે એ ચરે. ઉપાય અનેક છે. વિચારે, સારાની સલાહ લે, તે તે ધંધામાં પડેલાને પૂછે ગાછે, તો માર્ગ જડી આવે; ચોરી અનીતિ જુગાર વગેરેનું શું કામ ? અને શું ચોરી-ઠગાઈથી મળેલું સારી રીતે ભોગવાય છે ? ના, ચિત્તના પરિણામ અતિસંકલેશભર્યા, એને શાંતિ સ્વસ્થતા હોય નહિ. તો શાંતિ-સ્વસ્થતા વિના સારો ભોગવટો શાનો ? ત્યારે પાપનાં પોટલાં બંધાય એ જુદું. અહીં નિંદાપાત્ર પણ બને, ક્યારેક ભારે સપડામણમાં આવી જાય, માર પડે, વગેરે વગેરે અનર્થો ખડા થાય એ તો જુદું.

સ્થાણુની વાત સીધી લાઇનસરની હતી, તેથી માયાદિત્યથી બીજું શું બોલાય ?' વળી એ પણ જોઈ લીધું હતું કે આ કાંઈ ખોટાં કામ કરવા માટે ડગલું ય ભરે એવો નથી; અને પરદેશ જવું તો છે જ તેથી એણે સ્થાણુની વાત બહુ રાજીપો દેખાડીને વધાવી લીધી.

**માયાદિત્ય-સ્થાણુ પરદેશ :-**

બસ, પછી તો બંને જણાં ભાતું લઈને નીકળ્યા દક્ષિણ દિશાના માર્ગે ચાલતાં ચાલતાં પ્રતિષ્ઠાનપુર નગરે પહોંચ્યા, ત્યાં એક યા બીજો વેપાર કરે છે, ને સેવા નોકરી મળે તો એ પણ કરે છે. એમાં વખત જતાં એ દરેક ૫-૫ હજાર સોનૈયા કમાયા.

સ્થાણુ કહે છે, 'જો માયાદિત્ય ! કમાઈ જરૂર જેટલી થઈ ગઈ છે. તો હવે આપણે ઘરે જઈએ. બહુ લોભનું શું કામ છે ? ઘરે બિચારું કુટુંબ વલખાં મારતું હશે.' ભલા હૃદયને લોભથી ને પાપથી ગભરામણ. આપણામાં ભલાઈનું માપ આના પર નીકળે.

માયાદિત્ય કહે, 'અરે ભાઈ ! અહીં આવ્યાથી તો આપણું નસીબ ખૂલી ગયું છે તો હવે ભેગાભેગું વધારે કમાઈ કરી લઈએ. ખૂલતા ભાગ્યને બંધ કરવાનું શું કામ છે ?' જોયું ? જીવન પૈસામાં જ આગળ વધવા માટે માને છે ! અને એમ કરવામાં માર ખાધો તો ?

સ્થાણુ કહે, **'મહાનુભાવ ! અતિ લોભ તે પાપનું મૂળ. અતિલોભ તો પાપોદયને જગાડનારો છે.** શું તું નથી જોતો કે જુગારિયા એમ જ ખુવાર થાય છે ? કેટલાય સારા વેપારીઓ પણ અતિ લોભમાં પાયમાલ થઈ ગયા. જો આ

કિંમતી મનુષ્ય જીવન વેપાર ધંધા માટે નથી. અલબત્ત જીવન નભાવવા માટે વેપારની જરૂર પડે છે, ને તે તો હવે જીવન ચાલે એટલું મળી ગયું છે, હવે આના પર તો, થોડા વેપારની જરૂર હશે તો, દેશમાં કરી શકાશે. માટે સંતોષ વાળ.'

માયાદિત્યને બોલવાની જગા ન રહી, તેથી કબૂલ કર્યું પણ હવે જંગલના રસ્તે થઈને જવું છે, તો એટલા બધા પૈસા લઈ શી રીતે સલામતપણે દેશમાં પહોંચી જવાય ? એ ચિંતા થઈ.

હાય પૈસા ! નહોતા ત્યાંસુધી લાવવાની હૈયાહોળી ! ને લાવ્યા પછી સાચવવાની હૈયાહોળી ! અહીં કમાયા પછી દેશમાં પહોંચાડવાની ચિંતા થઈ.

વાત તો સાચી જ છે કે જંગલના રસ્તે માલ લઈને જાય તો કદાચ માલ જ શું, કિન્તુ જાન પણ જવાનો પ્રસંગ ઊભો થાય. કેમ વાત બરાબર છે ?

**જંગલમાંથી પૈસા ને પ્રાણ બંને જાય :-**

હા, પણ એ નથી સમજાતું કે આ સંસાર પણ એક અટવી છે. એમાં અહીં મરતા સુધી પૈસાની માયા હૈયે રાખી. તો એ લઈને સંસાર અટવીમાં પસાર થતાં ભારે ભય છે. એવી મમતા કરતાં કરતાં મર્યા એ બૂરા હાલે મર્યા ! અને પરલોકમાં દુર્ગતિમાં ભટકાઈ પડ્યા ! માટે ભાગ્ય પર અને દેવગુરુની કૃપા પર ભરોસો રાખી પૈસાની મમતા મૂકી દેવા જેવી છે. નહિતર અંતકાળે ચિત્તને સમાધિ નહિ રહે. ચિત્ત ભારે દુર્ધ્યાનમાં અને અવસરે કૃષ્ણ લેશ્યામાં ચડી જશે. તો એનું ફળ ખબર છે ને ? તિર્યંચગતિ કે નરકગિતમાં પ્રયાણ ! મમ્મણ સાતમી નરકે સડે છે. એને આવા પાંચમાં આરાના ૨૧,૦૦૦ વર્ષ જેવા અસંખ્ય ટપ્પા ત્યાં વીતશે !

અહીં સ્થાણુ અને માયાદિત્યે પૈસા લઈ ઘરે સહીસલામત પહોંચી જવા રસ્તો કાઢ્યો. કમાયેલ ધનના ૧૦ રત્નો ખરીદી લીધાં; દરેકની પાસે ૫-૫ રત્ન જ લઈ જવાના રહ્યા. તે પણ જો સારા સદ્‌ગૃહસ્થના વેશે લઈને જાય, તો ચોર-ડાકુનો ઉપદ્રવ નડવા સંભવ; તેથી એમણે કાર્પટિક-બાવાજોગીનો મેલોઘેલો અને ચીંથરેહાલ વેશ કર્યો. હાથમાં લીધો એક દંડ એના છેડે તુંબડું બાંધ્યું; જાણે પોતે બાવા છે અને ભીખ માગીને ગુજારો કરે છે ! વેશ પણ થોડા ભગવા રંગનો કરી લીધો. માથાં મુંડાવી નાખ્યા. અને રત્ન મેલા વસ્ત્રને ગાંઠે બાંધી ગુપ્ત કરી લીધાં.

ભીખ માગતા બાવાનો વેશ પસંદ ? ના, પણ પૈસા માટે પસંદ હોંશથી એવો વેશ લેવાય છે.





હાય પૈસા ! પૈસા માટે આ જીવને કેટલી બધી કાળજી છે ? કમાવવાની ય એટલી હોંશ, ચિંતા, મહેનત ! ને કમાયેલાને સાચવવા માટે ય એટલી હોંશ, ચિંતા, મહેનત ! જો એટલી ચિંતા, હોંશ અને મહેનત ધર્મકમાઈ કરવા માટે અને કમાયેલ ધર્મનું ને ગુણોનું રક્ષણ કરવા માટે હોય તો ? તો શું, બેડા પાર થઈ જાય. વિચારજો આપણા કયા એકાદ પણ ધર્માનુષ્ઠાન માટે યા એકાદ સુકૃત માટે અથવા એકાદ પણ ગુણસિદ્ધિ માટે એવી ચિંતા છે ? હોંશ છે ? મહેનત છે ? ન હોય તો સમજાય છે કે હજી એનું એવું મમત્વ નથી જાગ્યું, ભૂખ નથી જાગી, કિંમત નથી સમજાઈ.

**ધર્મની ભૂખ ને હોંશ કેમ જાગે ? :-**

**પ્ર.-** આ બધું જાણીએ છીએ છતાં સુધારો કેમ નથી થતો ? કેમ એકાદ પણ ધર્મસાધનાની એવી ભૂખ નહિ ?

**ઉ.-** (૧) પેટમાં દોષ હોય ત્યાં ભૂખ ન લાગે. એ માટે દોષ કાઢવા પડે. એમ અહીં પાપસાધનો અને પાપસાધનાની ભારે ભૂખ-મમતા-હોંશ વગેરે છે એ દોષ છે. એ જો દબાવવામાં આવે તો ધર્મસાધનાની ભૂખ વગેરે જાગે. પત્ની-પુત્રનું મુખ જોવામાં બહુ રસ-મઝા-લીનતા નહિ આવવાની. રૂપિયા ગણવામાં બહુ આનંદે તો નવકારવાળી ગણવામાં મઝા શે અનુભવાય ? પાપના રસ માર્યે ધર્મના રસ જાગે.

(૨) બીજો ઉપાય એ, કે આ ખ્યાલ જોઈએ કે 'જે સમય ધર્મપ્રવૃત્તિ-ધર્મવાણી-ધર્મવિચારમાં જશે એટલો સમય પાપપ્રવૃત્તિથી બચાશે. પાપ સંસારના ઘરની ચીજ છે, ધર્મ પ્રભુના ઘરની ચીજ છે. ધર્મ કરી પાપથી બચ્યા એટલા ભાગ્યશાળી,'-આ ખ્યાલ પર ધર્મની ભૂખ-રસ જાગે.

(૩) દુનિયામાં જે ઝંખુ છું , તે બની આવવાનું મૂળ તો ધર્મમાં પડ્યું છે. કેમકે ધર્મથી અંતરાયકર્મ તૂટે તો જ એ બની આવે, અંતરાય-કર્મના ઉદય ચાલુ હોય ત્યાં ધાર્યું બનાવવાના બહારનાં બધાં સાધન બેકાર, નિષ્ફળ, માટે ખરું તો મૂળભૂત આ ધર્મનો જ રસ રાખું.' આ ભાવનાથી ધર્મરસ જાગે.

(૪) વળી જાત માટે આ વિચારો કે 'હું આસ્તિક છું ? કે છૂપો નાસ્તિક ? આસ્તિકને આત્મામાં રસ હોય ? કે કાયામાં ? જે કહે કે મને આત્મામાં રસ નથી એને હું નાસ્તિક કહું છું; તો હું જો અંતરથી આત્મામાં રસ ન રાખું તો હું નાસ્તિક નહિ ? માટે જો હૃદયથી આસ્તિક બન્યા રહેવું છે તો તો આત્મામાં

રસ રાખું.' આનું પ્રતીક આ કે ધર્મમાં હોંશ જોઈએ જ. ધર્મસાધનાથી આત્મ-રસ પોષાય.

આ ચાર મુદ્દા,-

(૧) પાપરસ દબાય તો જ ધર્મરસ જાગશે;

(૨) ધર્મ કરતાં પાપથી બચાય;

(૩) અનુકૂળ બની આવવા માટે પણ ધર્મથી અંતરાય તોડવાની જરૂર છે. તેથી ધર્મ જ મુખ્ય છે;

(૪) આસ્તિકતા આત્માના રસ પર દૃઢ થાય; અને એ રસ ધર્મ સાધના પર જ દૃઢ થાય;

-એમ ચાર મુદ્દા વારંવાર મન પર લાવવાથી ધર્મની ભૂખ, ધર્મનો રસ સહેલાઈથી જાગે.

માયાદિત્ય અને સ્થાણુને પૈસાનો રસ છે એટલે એ માટે ખૂબ મહેનત કરી, ૫-૫ રત્ન કમાયા, અને હવે એને સાચવીને ઘરભેગા કરવા, જોગીબાવાનો વેશ કરી આગળ ધપે છે. એમાં ગામ ગામ ક્યાંય દાનશાળામાં, ક્યાંક અતિથિરૂપે, તો ક્યારેક વેચાતું લઈ ભોજન કરતા ચાલે છે.

ચાલતાં ચાલતાં એક નગરમાં આવ્યા ત્યાં સ્થાણું કહે છે,'ભાઈ ! આ એક તો ગામોગામ ચાલીને આવીએ, અને પછી થાક્યા પાક્યા પાછા ભીખ માગવા નીકળીએ, એ હંમેશનું ન ફાવે. આજે તો અહીં પૈસા આપી ભાખરા કરાવીને ખાઈએ.'

માયાદિત્ય કહે, 'જો એમ હોય તો એ વાતમાં હું તૈયાર છું. પરંતુ જો ભાઈ ! હું કાંઈ ક્રય-વિક્રયમાં સમજતો નથી. તું તો વેપારી એટલે સમજી શકે. માટે ભાખરા બનાવી લાવવાનું કામ તારું.'

'ભલે પણ આ રત્નોનું શું ? અજાણ્યા નગરની સ્થિતિ કોને ખબર કેવી ય હોય ?'

**માયાદિત્યની રત્નો પર ચોંટ :-**

માયાદિત્ય આ સવાલ સાંભળતાં જ અંતરમાં ખુશી થાય છે.પરંતુ મોં ઠાવકું રાખી કહે છે, 'વાત તો ખરી જ છે. કદાચ આ નગરમાં ઉઠાવગીરો વધારે હોય, યા કોટવાળ પરદેશીની કે બાવા જોગીના વેશવાળાની જડતી લેતા હોય અને માલ મળ્યે શંકા કરતા હોય, તો તો આપદામાં મૂકાવું પડે. તો પછી એમ કર, આ રત્નો ગાંઠેલું કપડું અહીં જ મૂકી જા'

સ્થાણુ તો સરળ હૃદયનો છે, તેથી આના પર ભરોસે મૂકી રત્ન-પોટલી એને સોંપીને ગયો બજારમાં. કહે છે ને **'સોનું દેખી મુનિવર ચળે ?'** એટલે ?



દેખાતા મોટા જોગીમાં માયા ન હોય, છતાં સોનું દેખી એને એનો લોભ જાગે ? અને લોભ જાગ્યાથી માયા કરી એને સર કરવા લોભાય. તો આ માયાદિત્ય તો માયાની મૂર્તિ જ છે, એને સ્થાણુના રત્ન હાથમાં આવ્યા પછી માયા રમવાનું મન થાય એમાં શી નવાઈ ? જુઓ, એ રત્નના લોભમાં કેવી માયા રમે છે.

**રત્ન-સોનું-પૈસા ખતરનાક વસ્તુ છે.**

તમારે એના વિના ચાલતું ન હોય છતાં એને સારી વસ્તુ સમજતા નહિ. લાંબા દરદવાળાને મહિનાઓ સુધી દવા વિના ચાલતું ન હોય, છતાં એ 'દવા બહુ સરસ ખાવા લાયક,' એવું માને ખરો ? વિશ્વાસઘાતી કે અભિમાની નોકરને કાઢી ન મૂકાતો હોય, ને એને રાખ્યા વિના ચાલતું ન હોય, એનાથી કામ પણ લેવું પડતું હોય, છતાં એ સારો લાગે ? કે ખતરનાક લાગે ? પૈસા અંગે આ સમજી રાખવાનુ છે.

**પૈસા ખતરનાક ન લાગવાનાં નુક્સાન :-**

પૈસા ખતરનાક નથી લાગતા તેથી જ,

(૧) એના માટે અનીતિ કરાય છે, (૨) ઝગડા કરાય છે,

(૩) એના વ્યાજમાંથી સુખે જીવાય એવું હોય છતાં હજી એ વધારવા પાપો કરાય છે. પૈસા ખતરનાક નથી લાગતા માટે જ,

(૪) ઉમદા દયા-દાન સુકૃત-પરોપકારના અવસરે મોંઢું બગાડાય છે.

(૫) સુકૃતમાંથી છટકબારી શોધાય છે, વધું દેવું પડે ત્યાં 'લૂંટાયા' એવું લાગે છે. (૬) પૈસા દેવા પડવાના ધર્મ-કાર્યમાં 'એની શી જરૂર છે ?' એમ લાગે છે, અને બને તો એને ઉડાવાય અને બીજાને ય એના દાનથી અટકવામાં નિમિત્ત બનાય છે,

અનર્થ કેટલો ગણશો ? પૈસા ખતરનાક નથી લાગ્યા માટે તો (૭) દાવ મળ્યે વિશ્વાસઘાત થાય છે, માનવતા ચૂકી જંગલી વાઘની માયા રમાય છે. યા (૮) ભયંકર કર્માદાનના ધંધા કરાય છે.

જુઓ આના દાખલા ભરપૂર મળશે. પૈસાખાતર અનીતિ-અન્યાય-ટેક્ષચોરી વગેરે આજે કેટલું ચાલ્યું છે ? લાંચ રૂશ્વત કેટલી બધી વધી ગઈ. માસ્તરો નિશાળમાં સરખું ન ભણાવે, પણ પૈસા ખાતર ખાનગી ટ્યુશનમાં બરાબર ચોકસાઈથી ભણાવતા હોય છે.

**પૈસા ખાતર બાપથી જુદા થાય છે, યા બાપ બદલે છે :-**

(૯) ત્યારે પૈસા ખાતર ઝગડા થવાથી તો આજે કોર્ટોમાં ચિકાર કેસો રહે છે; હાઈકોર્ટને ઠેઠ સુપ્રીમ કોર્ટ સુધી લડાય છે. ઝગડામાં નિકટના સગા સાથે

ઝગડવામાં કે એનાથી અળગા થવામાં આંચકો નથી આવતો.

(૧૦) પૈસા ખાતર દીકરો સારું કમાતો હોય તો એ બાયડીને લઈને બાપથી જુદો કે જુદે ગામે રહે છે.

પેલા દેરાસરવાળા શેઠને જાણો ને ? દેરાસર પોતાના ખર્ચે બંધાવી પછી પણ અવરનવર એની પૂજા ભક્તિના પ્રસંગો યોજી પૈસા ખરચતા ગયા, અબલત તેથી કાંઈ શ્રીમંતાઈને વાંધો નહોતો આવતો. છતાં ચાર છોકરા અને એની માને લાગ્યું કે 'આ તો બહુ ખરચી નાખે છે,' તેથી બિચારા શેઠના માથે પડતાલ પડવા માંડી. આ ઘણું સમજાવે કે 'જુઓ આ તો પુણ્ય વધે છે તેથી કમાઈ ચાલુ રહે છે. અને પૂર્વે ય ધર્મ કરીને આવ્યા છો માટે અહીં જનમ મળ્યો. તો ધર્મથી દાઝો છો શું ?' પણ આ માને ? છેવટે છોકરા બોલી ગયા કે 'આ ઘરમાં આવી રીતે બેફામ ખરચવાનું નહિ ચાલે.'

કોનું ઘર ? કોના પૈસા ? છતાં શેઠ હવે કાંઈ પણ બોલ્યા વગર ઘર છોડી પહેર્યા લૂગડે ચાલતા થઈ ગયા, અને છોકરા અને એમની માતાએ છૂટકારાનો દમ ખેંચ્યો. પૈસા ખતરનાક નહોતા લાગ્યા માટે જ ઝગડો કરી ઉપકારી પિતા પ્રત્યે કૃતઘ્ન બન્યા.

(૧૧) મારવાડમાં એક ભાઈએ એક છોકરાને દત્તક લીધો. પૈસા કેવા ખતરનાક કે એની ખાતર બાપ બદલાય છે ! છોકરો થનારો પણ લાખ રૂપિયાનો વારસો મળશે એ લોભે દત્તક બન્યો. નહિતર શું કામ બાપ બદલે ? પછી એકવાર બંને વચ્ચે એવી રસાકસી થઈ કે સામસામે જીવલેણ ઘા કરી મર્યા.

(૧૨) પૈસા ખતરનાક નથી લાગ્યા માટે તો આજે કેવા કેવા ઘોર જીવહિંસક સાધનોના ધંધા ચાલ્યા છે. મુંબઈમાં એક છોકરો દવાના વેપારીને ત્યાં નોકરી હતો. મને કહે 'સાહેબ ! અમારો શેઠ જૈન છે, પરંતુ હૈયું એમનું કેટલું નિષ્ઠુર હશે ! મને કહે કે લો આ ઉંદર મારવાની દવાના બંડલ અમુક જગાએ પહોંચાડી આવો.' મેં કહ્યું 'શેઠ ! એ મારાથી નહિ બને. આપને ન પરવડે તો હું બીજે નોકરી શોધી લઈશ. પછી શેઠે આગ્રહ ન કર્યો. કેમકે એને મારી નેકીની નિષ્ઠાની ખબર હતી પરંતુ જોવાનું આ કે પૈસા ખાતર કેટલો ક્રૂર ધંધો !'

પૈસા જો ખતરનાક લાગે, તો તરત જુએ કે 'આવા જીવનાશનાં સાધનના ધંધા શું ખતરનાક પૈસા ખાતર કરવા ? ઘેર ગયા એ પૈસા. ધંધા ઘણાય છે. ભાગ્ય હશે તો બીજે ય પેટ ભરાશે.' એમ પૈસા ખતરનાક લાગ્યા પછી અન્યાય શા, ઝગડા શા, વિશ્વાસ ઘાત શા ?

**માયાદિત્યની માયા :-**



માયાદિત્યને પૈસા એવા લાગ્યા નથી તેથી સ્થાણુના પાંચ રત્ન દેખી માયા રમવાનું મન થયું. એ વિચારે છે કે 'હજી તો સ્થાણુ હમણાં જ ગયો છે, એટલે એના પાંચ રત્નો મારી પોટલીમાં બાંધી દઉં, ને એની પોટલીના ચિંથરામાં કાંકરા બાંધી રાખું. બે ય ચિંથરા સમાન છે, એટલે એ આવ્યેથી એને કાંકરાની પોટલી સોંપી બહાર જવાનું ગમે તે બહાનું કાઢી હું ૧૦ રત્નોની પોટલી લઈ ઉપડી જઈશ.'

બસ, હવે વાર શું કામ કરે ? બહારથી એ દશ રત્નના માપના કાંકરા લઈ આવ્યો. સ્થાણુની પોટલીનાં રત્ન કાઢી લઈ એના ચિંથરામાં કાંકરા બાંધ્યા, અને પોતાની પોટલીમાં પાંચ રત્નો બાંધી લીધા. પરંતુ એટલામાં તો બારણામાં સ્થાણુને પેસતો જોયો, એટલે ગભરાયો. અને ગભરાટમાં કાંકરાની પોટલી કઈ ને રત્નોની કઈ એ ઓળખવી ભૂલી ગયો, તે કાંકરાની કેડે ભરાવી. એનું મોઢું વ્યાકુળ જોઈ સ્થાણુ પૂછે છે, 'કેમ ભાઈ ! કાંઈ મને જોઈને ગભરામણ ?'

આ તો લુચ્ચો જ છે એટલે કહે છે, 'માફ કરજે, આ પૈસા એટલે જ ભય. મને લાગ્યું કે શું કોઈ ચોર આવ્યો ? એથી ગભરાયો.'

સરળ દિલનો સ્થાણુ કહે છે 'અરે ભલા માણસ ? એવા ભય કરવાનું શું કામ છે ? નિરાંતે સ્વસ્થ રહે, ભગવાનનું નામ લે, કાંઈ વાંધો ન આવે.'

ત્યારે લુચ્ચો માયાદિત્ય કહે, 'ભાઈ ! તારી વાત ખરી, પરંતુ મને તો આ પૈસા હોય એટલે ભય ચિંતા રહ્યા કરે છે. માટે એમ કર, લે આ આપણા બંનેના રત્નોની પોટલી તું જ સાચવ એટલે મારું મન નિશ્ચિત રહે.' એમ કહી પોતાના મનથી કાંકરાની પોટલી માનેલી એને આપે છે. ખરી રીતે બન્યું એવું કે અહીં સ્થાણુના બહારથી એકદમ આવી જવા પરની ગભરામણમાં માયાદિત્ય સાચી ખોટી પોટલી કઈ કઈ તે ભૂલી ગયો. એકસરખા મેલા ચીંથરે બાંધી હતી, તેથી ઉપરથી ઓળખાય એવી નહોતી. એટલે ભૂલમાં સાચા રત્નોની પોટલીં કાંકરાની માનીને એણે સ્થાણુને આપી અને ખરેખર કાંકરાની પોટલી પોતે છૂપાવી રાખી.

**પાપ કેટલું ચાલે ? ગમે ત્યાં એ ગફલત કરાવી દઈ ભારે નુકસાનમાં ઊતારી દે છે.**

કોર્ટમાં જુબાની આપવામાં ગોળા ગબડાવનારા ગમે ત્યાં પકડાઈ જાય છે. પાડોશીને ચીજ લાવી આપવામાં ગાવલી ખાનારો એક દિ' ઊઘાડો પડી જાય છે. બીજાનો માલ ઉચાપત કરનારો, ક્યારેક એનું પાપ પીપળે ચડી પોકારે છે.

**'પાપનો ઘડો ફૂટે' પર વાણિયાનું દૃષ્ટાન્ત :-**

એક વાણિયાએ કોઈ પ્રસંગે પહેરવા માટે એક ભાઈ પાસેથી સોનાની

સાંકળી માંગી લીધેલી. અવસરે આણે પાછી માગી ત્યારે આ વાણિયાને લોભ લાગ્યો કે 'કયાં આનું કોઈ ખતપત્રક કર્યું છે કે સાક્ષી રાખ્યો છે તે આ ન આપું તો પકડાવાનો છું ?' તે પેલાને કહે 'સાંકળી શી ને વાત શી ?'

પેલો બિચારો કહે 'ત્યારે શું હું મશ્કરીમાં માગું છું ? મેં તમે તમારા પ્રસંગે લેવા આવ્યા ત્યારે હાથોહાથ તમને આપી છે, ને તમે ના કહો છો ?'

લોભી વાણિયો શાનો માને ? પેલાએ અંતે કોર્ટમાં ફરિયાદ કરી. આ વાણિયો નિશ્ચિત હતો કે 'ભલે ને કોર્ટમાં ગયો, સાક્ષી-પુરાવા કશા છે નહિ, શું કરવાનો હતો એ ?'

વાણિયાને કોર્ટમાં બોલાવામાં આવ્યો. પેલાએ કોર્ટમાં બ્યાન કર્યું કે "મેં આમને મારા ઘરે એ અમુક પ્રસંગે લેવા આવ્યા ત્યારે મેં એમને હાથોહાથ મારી સોનાની સાંકળી આપેલી છે, મારી ભૂલ થઈ કે એમને સારા માણસ ધારી તરત બીજે ત્રીજે દિવસે એમની પાસેથી એ માગી લીધી નહિ. બાકી એ તો પોતે પાછી આપવા આવે જ શાના ? સારા માણસ ધારી મેં થોડા દિવસ એમની પાસે માગી નહિ. આજે આપી જશે, કાલે આપી જશે, એમ ધારી ચલાવ્યું. પછી તો હું એમના ઘરે ગયો ત્યારે એ કહે કે 'વાત શી ? સોનાની સાંકળી શાની ? તમે મને આપી જ નથી.' નામદાર કોર્ટને મારી વિનંતી છે કે એમની પાસેથી મારી સોનાની સાંકળી પાછી અપાવે."

ન્યાયાધીશે પછી આ લોભી વાણિયાને પૂછ્યું કે 'બોલો શી હકીકત છે ?'

આ કહે 'નામદાર ! એની વાત તદ્દન ખોટી છે. એણે કોક બીજાને આપી હોય ને એને ભૂલી ગયો હોય ને મને ધારી લઈ મારી પાસે માગતો હોય એવું તો નથી ? આપ એને પૂછી શકો છો ?'

કોર્ટે પેલાને પૂછતાં એણે સાફ કહ્યું કે 'ના, મુદ્દલે એવી વાત નથી. મેં તો આ ભાઈને જ આપેલી છે, ને આપ્યાના બીજા-ત્રીજા દિવસથી કદાચ ભગવાનને ભૂલું પણ એમને તો રોજ યાદ કરતો હતો એ આજે સાંકળી આપી જશે, આજ ન આવી તો કાલે આપી જશે, એટલે એમના બદલે બીજાને આપવાની ને પછી બીજાને ભૂલી જવાની વાતે ય શી ? મેં આ ભાઈને જ આપી છે, માટે એમણે જ મને એ પાછી આપવી જોઈએ.'

ન્યાયાધીશે કોઈ સાક્ષી લખાણ વગેરેનું પૂછતાં આ કહે છે, 'સાહેબ ! માફ કરજો, સારા માણસો વચ્ચે આવા વ્યવહાર એમ જ અંગવિશ્વાસે ચાલે છે. હું કમનસીબ, કે મને કોઈ આવો વિશ્વાસઘાત થશે એવી કલ્પના જ ન આવી તે મેં આપતી વખતે મારા ઘરવાળા સુદ્ધાંને આપવા પ્રસંગે બોલાવ્યા નહિ, તો પાડોશી



વગેરેને બોલાવી સાક્ષી રાખવાની વાતેય શી ? તેમ આવી કાંઈ કામચલાઉ લેવડદેવડ અંગે લખાણ પણ થતાં નથી. પછી મારી કમનસીબી ગણો કે લખાણ પણ મેં કરાવ્યું નહિ.'

કોર્ટે વાણિયાને પૂછ્યું 'આ અંગે તમારે શું કહેવું છે ?'

વાણિયો કહે, 'મારે તો સાહેબ ! એટલું જ કહેવું છે કે તો તો પછી આમ તો ગમે તે માણસ ગમે તેના ગળે પડી શકે છે.'

'તો શું તમે એમને ત્યાંથી એમની સોનાની સાંકળી અમુક પ્રસંગ પૂરતી પહેરવા માગી લાવ્યા નથી ?'

'જી ના, મુદ્દલે ય નહિ. ને વિશેષમાં હવે એ આ ખોટો આરોપ મૂકયાની માફી માગી લે તો ઠીક, નહિતર આનો ફેંસલો આવ્યા પછી મારે એમના પર મારી બદનામી કર્યાનો કેસ માંડવાનો છે,'

ન્યાયાધીશ પેલા સાંકળીવાળાને પૂછે છે 'બોલો ભાઈ ! કોઈ જાતના પ્રમાણ-પૂરાવા વિના તમારું કહેવું સાચું શી રીતે મનાય ? તમે એમને તમારે ત્યાં હાથોહાથ તમારી સોનાની સાંકળી આપ્યાનું કહો છો એનો કશો પૂરાવો હોય તો બતાવો.'

વિચારો, હવે આવા ચાલુ વ્યવહારની કામચલાઉ લેવડદેવડમાં શો પૂરાવો-સાબિતિ બતાવી શકાય ? ત્યાં સાચું શી રીતે બહાર આવે ? દેનારનું ભાગ્ય હોય તો એમ બને પણ શી રીતે ? પાપીને કયાંક ગફલતમાં નાખી દઈ એનાં પાપને બહાર લાવી દે, એ રીતે બને. અહીં એવું જ બને છે.

આ ફરિયાદી કહે છે, 'જુઓ સાહેબ ! આવા વ્યવહારમાં લખાણ થતાં નથી, ને સામાની હલકાઈ ન દેખાય એ માટે સાક્ષી પણ રખાતા નથી. માત્ર હવે મારું એટલું કહેવું છે કે એ ધર્મના સોગન ખાઈને કહે કે મેં સાંકળી માગી લીધી જ નથી એટલે પત્યું. પછી મારે કંઈ કરવું નથી. હું ગરીબ માણસ સમજી લઈશ કે મારું ભાગ્ય ગરીબ તે આવું બન્યું. પછી કોર્ટને જરૂરી લાગતું હશે તો હું આ કેસ માંડવા માટે માફી પણ માંગી લઈશ. જેવું મારું નસીબ !' બોલતાં બોલતાં એ રડી પડ્યો.

છતાં પેલા લોભી વાણિયાને આની અસર ન થઈ કે 'ખેર ! આપી દેવા દે એની સાંકળી.' અતિ લોભની પાછળ પસ્તાવા શાના ? કે દયા શાની ? એ તો હવે કબૂલ કરવામાં બે નુકસાન જુએ છે કે એક તો હાથમાં આવેલી સોનાની કિંમતી સાંકળી જાય, ને બીજું, કોર્ટમાં હલકા પડાય. એટલે શાનો કબૂલ કરે ?

કોર્ટ એને પૂછે છે, 'બોલો ભાઈ ! તમે ધર્મના સોગન ખાઈને કહો છો ખરા કે તમો આની પાસેથી સોનાની સાંકળી નથી લઈ આવ્યા ?'

આ લોભી વણિક તરત કહે છે, 'હા, હા, સાહેબ હું ધર્મના સોગન ખાઈને કહું છું કે મારી પાસે કયાં ય મારે ઘેર કે કોઈને ય ત્યાં, અરે ! અહીં મારા ખીસા સુદ્ધામાં એમની સોનાની સાંકળી નથી.'

'પણ તમે વેચી મારી હોય ?'

'સાહેબ ! સોગનથી કહું છું કે નથી તો મેં વેચી, કે નથી કોઈને ભેટ યા જાંગડ આપી.'

કોર્ટ કહે 'પણ આમાં તમે મૂળમાં આમની પાસેથી માગી લાવ્યા જ નથી એ વાત ન આવી, સોગનથી એ કહો,'

વાણિયો લુચ્ચો ગળગળો થઈને કહે છે, 'અરે ! સાહેબ ! મારી પાસે ઓછું છે તે હું એક સાંકળી માગવા જાઉં ? લો આ બેઠેલા કોઈને પણ પૂછો;' એમ કહેતાં હોંશમાં જ્યાં હાથ પહોળા કરે છે ત્યાં એક હાથમાં ઠંડા પાણીની ઘડી હતી તે હાથની પકડ ઢીલી પડતાં પડી નીચે. ઘડી ફૂટી, પાણી ઢળ્યું, અને એમ સોનાની સાંકળી રાખેલી, તે ખુલ્લી પડી !

લોભી વાણિયે મનમાં ધારેલું કે 'મને સોગન ખવરાવી સાંકળી નહિ લીધાનું બોલાવશે, તેથી આ ઘડીમાં જ એને રાખી લેવાથી સોગનપૂર્વક કહી શકીશ કે કયાંય મારા ઘેર કે, કોઈને ત્યાં, યાવત્ અહીં ય મારી પાસે અંગ પર પણ નથી.' એમ કરી ઘડીમાંની સાંકળી અંગે જૂઠું નહિ થાય. આમ ધારેલું, પરંતુ પાપ ખુલ્લું પડ્યું. પાપ કેટલું ચાલે ? ગમે ત્યાં ગફલત કરાવી એ પ્રગટ થઈ ભારે નુકસાનમાં ઉતારે છે. વાણિયાની ભારે નાલેશી થઈ, અને સજા થઈ. 'પાપનો ઘડો ફૂટે' કહે છે ને ? એવું અહીં બન્યું.

**અનીતિનું કુદરત પડાવે છે :-**

ટૂંકા મનને એમ લાગવા જાય છે કે 'એમ કાંઈ બધે જ પાપ થોડું જ પ્રગટ થાય છે ? સાવચેતી રાખીએ તો જરાય પ્રગટ ન થાય, અને નુકસાન પણ ન આવે.' પરંતુ આ ગણતરી ખોટી છે. પાપને પ્રગટ થવાના રસ્તા ઘણા. કદાચ માને કે 'કોઈને ય કહું નહિ, સગી પત્ની કે પુત્રને ય નહિ, પછી કયાં પ્રગટ થવાનું હતું ?' છતાં એ પાપની કમાઈ કરતાં કેટલુંય વધારે કુદરત પડાવી લે છે. કુદરત જાણે એવો તાકડો ગોઠવે છે કે 'લાવ, અનીતિ-પ્રપંચ કરી રૂા. ૫૦૦ કમાઈ લાવ્યો છું ને ? હવે તારી બાયડીને કે છોકરાને જ એવો માંદો પાડું કે કાકા ! હવે રૂા. હજાર ખરચ યા છોકરો જ કયાંય રૂપિયા તારા હજાર ખોઈ આવે !' તો બોલો, પાપ ભલે છૂપું તો રહ્યું, પરંતુ નુકસાન કેવું થયું ?





**માયાની કમાઈવાળા સુખે જીવી શકતા નથી.**

**માયાદિત્ય પલાયન :-**

માયાદિત્યે માયા તો કરી, કાંકરાની બનાવટી પોટલી બનાવી; પરંતુ પાપ કેટલું ચાલે ? ભ્રમમાં રહી સાચાં રત્નોની પોટકી સ્થાણુને આપી દીધી, ને સાચાં રત્નો માની કાંકરાની પોટલી પોતે ગુપ્ત રાખી લીધી. હવે એને ભાગી જવાની ઉતાવળ થઇ તે એમ એકદમ કેમ ભગાય ? તો હવે નવી માયા રચે છે.

સ્થાણુ માયાદિત્યને કહે છે, 'ભાઇ ! શું કરાવી લાવ્યો ? એકલી ભાખરી ? પણ એ એકલી કેમ ગળે ઊતરે ? તો લાવ હું કાંક ખાટું-તીખું લઇ આવું.'

સ્થાણુ સરળ દિલનો છે. કહે છે. 'ભલે, લઇ આવ. જલ્દી આવજે.'

બસ, માયાદિત્યને આમ સહજ ભાવે ભાગવાનો લાગ દેખાયો, તે તરત ઊઠીને ચાલ્યો. બહાર બજારમાં કોને જવું છે ? એ તો સીધો ગામ બહાર નીકળી આગળ ચાલતો થઇ ગયો. હૈયે ચોક્કસ ખાતરી છે કે પોતાની પાસે દસે રત્નોની પોટલી છે તે બીજે ગામ જઇ તપાસે શું કામ કે 'રત્નો બરાબર છે ને ?' ના, એ તો પાકા વિશ્વાસમાં આગળ ને આગળ ચાલતાં વચમાં વચમાં ગમે ત્યાં સદાવ્રત વગેરેમાંથી ખાવાનું મેળવી લે છે, ખાય છે, નહિ જેવો આરામ કરે છે, ને આગળ દોડ્યે જાય છે. 'બસ, જલ્દી ઘર ભેગો થઇ જાઉં'-એક ધૂન છે.

**જીવની અનંતી નિષ્ફળ લગન :-**

કેવી લગન છે ? ઘેર જઇને પોટલી હોંશે હોંશે ખોલશે તો શું નીકળશે ? કાંકરા. પછી શું હાર્ટફેઇલ કે પોકેપોક મૂકી છાતી-માથું કૂટવાના. શો સાર નીકળ્યો ? છતાં અત્યારે લગન એવી છે કે ખાધું ન ખાધું ઊંઘ્યો, ને દોડે છે. પોતાના ગામ ભણી. આવી તો અનંતા જનમોમાં અનંતી લગન કરી, સરખું ખાધા-પીધા વિના અર્થ ને કામ પાછળ દોડધામ કરી, પણ બધી નિષ્ફળ ગઇ છતાં હજી એવી જ ઘેલી લગન ?

**મૂર્ખ જીવને પોતાના સાચા ઘર મોક્ષ ભેગા થવાની આવી કોઇ લગ્ન નથી થતી.** પેલાને તો કાંકરા મળવાના છે. ત્યારે અહીં તો જે દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન લઇને દોડ્યા, ખાવામાં કે ઊંઘવામાં બહુ ધ્યાન ન રાખ્યું, ખાધું ન ખાધું, ઊંઘ્યા ન ઊંઘ્યા, ને સાધનામાં દોડ્યે રાખ્યું, તો અંતે કાંકરા ફાંકરા નહિ, પણ જે જ્ઞાનાદિ રત્નો લઇ ઊપડેલા, એના અનંત ગુણ રત્ન મળવાના છે. **જીવન જીવવું છે ને ?**

**આમે ય રોવાનું. સાચાની લગનમાં અનંત લહેર.** લગન જ્ઞાનાદિની જોઇએ, ધર્મની જોઇએ; પરંતુ તે આવી,-ખાધું ન ખાધું, ઊંઘ્યા ન ઊંઘ્યા, ને દોડ્યા ધર્મ સાધનામાં.

માયાદિત્યને ચાલતાં ચાલતાં બાર દિવસ થયા. ત્યાં વળી એના મનને થયું 'લાવને જોઉં, હવે તો હાથમાં આવી ગયેલા દસે રત્નો કેવા મજેદાર છે !' બસ, ક્યાંક એકાંતમાં બેસીને પોટલી ખોલે છે. શું જુએ ? કાંકરા !

**અંદર જે હોય એજ દેખાય ને ?** કાંકરા જ હોય ત્યાં રત્નો ક્યાંથી જોવા મળે ? ઇંદ્રિયોના વિષયોમાં, સંપત્તિ-સન્માનમાં, કુટુંબ-પરિવારમાં, આવું જ છે. એમાં ખરેખર શાંતિ નથી, સુખ નથી. દુઃખ ચિંતા-સંતાપની આગો છે. અનંતા તીર્થંકરો કહે છે. અનંતા માનવોના અનુભવ છે. આપણા પોતાના અનંતા પૂર્વ ભવો એજ બતાવે છે. તો પછી અહીંના વિષયો-સંપત્તિ-સન્માન-પરિવારમાંથી ય બીજું શું નીકળવાનું હતું ?

માયાદિત્ય કાંકરા જોતાં જ 'હાય !' કરે છે, બેભાન થઇ જાય છે. વળી પવનથી ભાન આવતાં પોક મૂકીને રુએ છે, -'હાય ! હું ઠગાયો. હાય ! હું લૂંટાયો ! કેવો હું મંદભાગી ?' આટલું છતાં એને એ ભાન નથી આવતું કે,-

**પોતાનું શસ્ત્ર પોતાને લમણે :-**

જે મૂઢ મનવાળો બનીને કોઇની પ્રત્યે હૃદયથી ય ખોટું ચિંતવે છે, એનાથી જ એ પોતે હણાય છે. જેમ કે,-શિલા સામે મારેલું બાણ અફળાઇને પાછું પોતાના તરફ જ આવે છે. અહીં માયાદિત્યને એવું જ બન્યું છે. સ્થાણુ પાસે કાંકરા જ રહે એમ ચિંતવેલું, તે હવે બૂરું પોતાની સામે આવીને અથડાયું, કાંકરા સામાના લમણે લગાવવા ગયો તે પોતાના જ લલાટે લાગ્યા. પોતાનું શસ્ત્ર પોતાના જ લમણે લાગ્યું.

**સમજવું હોય તો આ જગત એક બોધશાળા છે.**

**સૂર્ય અને અભિમાનઃ લોઢું અને ક્રોધ :-**

એમાંથી ઘણું સમજી શકાય. પરંતુ સમજવું હોય એને ને ? મધ્યાહ્ને ઊંચે ચડેલો સૂર્ય સાંજે દરિયામાં ડૂબતો દેખાય છે. આ સમજાવે છે કે ચડતી પાછળ પડતી આવે છે, માટે ચડતીમાં છકી ન જાઓ, યા એને કાયમી માની નિરાંત ન કરો. ચડતીમાં અભિમાનથી બચો, અને આત્મહિત સાધી લો.

લોઢું અગ્નિમાં તપી લાલચોળ થઇ જાય છે, તો એને બહાર નીકવી એરણ પર ઘણના ઘા ખાવા પડે છે. માટે પ્રસંગે તપી ક્રોધથી ધમધમતા ન બનો, નહિતર પછી કુદરતથી કે કર્મથી ટીપાવું પડશે. ત્રિપૃષ્ઠ જેવા પણ એમ જ ઘણું ટીપાઇ ગયા.



**દાવો અને લોભ :-**

દીવો બળીને મેશ કાઢે છે. કેમ વારુ ? કવિ કલ્પના કરે છે કે દીવો જન્મીને કાળું અંધારૂં ખાઇ ગયો તે હવે કાળી મેશ જ કાઢે ને ? જેવો આહાર તેવો ઓડકાર. આજે જુઓ, ખરાબ વાંચન બહુ ચાલ્યું છે, તો એ વાંચનારની વિચારસરણી એવી હલકી ચાલે છે. માટે જ હલકા વિચારો હલકી દૃષ્ટિ વગેરેથી બચવું હોય તો હલકા વાંચનનો સદંતર ત્યાગ કરો આજના છાપા વાંચી વાંચી નાના મોટા ભાઇ કેઇ મરી રહ્યા છે, આચારભ્રષ્ટ, વિચારભ્રષ્ટ, વિલાસી, તામસી, આર્તધ્યાની વગેરે બની રહ્યા છે. આપણે બચવું હોય તો એ છોડી સારું વાંચન, સારું શ્રવણ સત્સમાગમ ખૂબ વધારવાની જરૂર છે. એમાંથી આહાર તેવો ઓડકાર એ ન્યાયે સારા ભાવ, સારી દૃષ્ટિ, સારા વિચાર, સારું ધ્યાન દિલમાં લહેરાતા થશે.

**કુદરતમાં પરોપકારના પાઠ :-**

કુદરતમાં નદી ઝાડ સૂર્ય વગેરે શીખવે છે તમારી સંપત્તિ પરોપકારમાં ખર્ચો. નદી પોતાનું પાણી પોતે નથી પી જતી, ક્ષેત્રોને આપે છે, ઝાડ પોતાનાં ફળ બીજાને આપે છે. સૂર્ય નિયમિત રીતે જગતને પ્રકાશ આપ્યા કરે છે. સૃષ્ટિ એનું પરાર્થ કાર્ય મૂંગી મૂંગી કર્યે જ જાય છે. કશું ગેઝેટિંગ નહિ, સામાની ગરજભરી પ્રાર્થનાના ટળવળાટની અપેક્ષા નહિ, પોતાનું ભલાઇનું કામ કર્યે જવાનું, એ જ એક જીવન. એ આપણને શીખવે છે કે વામનપણે તમારી શક્તિઓ પરાર્થ-પરમાર્થના કાર્યમાં લગાડ્યે જાઓ. દાન તો તે સામેથી કરગરે ટળવળે ત્યારે, એમ નહિ; આપણને યોગ્ય લાગે કે દેવા જેવું છે તો દેતા ચાલો. બીજાની સેવા કરો તો તે પણ એ રીતે વગર માગ્યે મૌન પણે.

**હૃદયની ધિટ્ટાઈ ખતરનાક :-**

કુદરત ઘણું શીખવે છે, પરંતુ શીખવું હોય એને. માયાદિત્ય બિચારાને કાંકરા પોતાના લમણે લાગ્યા છતાં એને શીખવું નથી, એટલે એમ નથી થતું કે 'લાવ ત્યારે, હવે કદી ઠગાઇ ન કરું, ને સ્થાણું મળે એટલે મારી ઠગાઇનો એકરાર કરી દયા માંગુ.' એને તો ઊલટું હવે એમ થાય છે કે 'આમાં ઠગાયો છું, પરંતુ હવે કાંઇ નવો દાવ નાખું અને સ્થાણું પાસેથી દસે રત્નો પડાવી લઉં.'

હૃદયની કેવી ધિટ્ટાઇ છે ! કુદરતે શિખામણ વળવાનું કરી આપ્યું પરંતુ એ લેવી હોય એને ને ? તામારા જીવનમાં શું કુદરતના ફટકા નથી આવ્યા ? આવ્યા ઘણા ય આવ્યા છે. પરંતુ પૂછો અંતરને કે 'શિખામણ વળી ?' જો ના, તો હૃદયની એ કેવી ધિટ્ટાઇ ? જીવનના અંત સુધી એ ધિટ્ટાઇ ઊભી રાખી તો પછી ભવાંતરે કેવા સરજાવાનું ?

**સ્થાણુનું શું થયું :-**

માયાદિત્યનું આવું બન્યું, ત્યારે સ્થાણું ધર્મસાળામાં રાહ જોતો બેઠો છે કે 'મિત્ર હમણાં આવશે, હમણાં આવશે.' તે બિચારો દસ મિનિટ, વીસ મિનિટ, કલાક, દિવસભર રાહ જોતો રહ્યો. પરંતુ માયાદિત્યને પાછો આવ્યો જોયો નહિ તેથી એના મનને તર્કવિતર્ક થવા લાગ્યા કે 'શું થયું હશે ? મિત્ર ક્યાં ગયો ! શું કોઇ એને ઠગીને ઉપાડી ગયું ? કે કાંઇ અકસ્માત્‌માં ફસાયો ? લાવ ત્યારે હવે તો રાહ જોતાં બેસી રહેવા કરતાં તપાસ કરું.'

સ્થાણું ચાલ્યો તપાસ કરવા. શહેરમાં દેવળો, મઠો, ચોક, ચોરા, વગેરેમાં શોધતો ફરે છે. પણ કાંઇ પત્તો ન લાગ્યો ત્યારે મિત્ર પ્રત્યેની ભલી લાગણીથી એને રોવું આવી જાય છે, કે 'અરેરે દોસ્ત ! નિષ્કપટ પ્રેમવાળા મિત્ર ! તું ક્યાં ગયો ? તને શું થયું ? તું સો વરસ જીવતો રહે. દે દે મને તારું દર્શન દે. આ થયું હશે ? પરદેશમાં તારું થયું હશે ?'

સ્થાણુનું સરળ સજ્જનનું દિલ છે; મિત્રને આપત્તિની કલ્પના પર દુઃખિત થઇ રહ્યો છે આને પૂછે, તેને પૂછે, પણ પત્તો લાગતો નથી. એને હવે એમ થાય છે કે

'આમ રોતો ક્યાં સુધી બેસી રહીશ ? એકલું ખેદ કરીને રોતા બેસી રહેવાનું કામ તો બાઇઓનું. મરદ તો ઉપાય કરે. શાસ્ત્ર પણ કહે છે,-

**મરદ કોણ :-**

**पियविरहे अप्पियदं सणे य, अत्थकखए विवत्तोए ।**
**जे ण विसण्णा ते च्चिय पुरिसा इयरा पुणो महिला ॥**

-અર્થાત્ (૧) પ્રિયના વિયોગમાં, (૨) અપ્રિયના યોગમાં (૩) પૈસા ગુમાવવામાં અને (૪) કોઇ આપત્તિમાં જે ખેદ કરતા ન બેસી રહે, (પણ સત્ ઉપાય કરે) તે મરદ છે, બાકી તો સ્ત્રી જ છે.

**(૧) પ્રિયના વિયોગમાં ધર્મની ૫ સમજ :-**

શું કહ્યું ? મરદથી પ્રિયના વિયોગમાં રોતા ન બેસી રહેવાય. ત્યારે ? સદ્ ઉપાય કરવો જોઇએ. શો ઉપાય ? ઉપાય એ, કે જેથી પ્રિયવિયોગનું દુઃખ હળવું થાય, નાબૂદ થાય. હવે આમાં ખૂબી જુઓ કે આમ તો વિયોગ હાલમાં ટળે એમ લાગતું નથી, અને પ્રિયના મીઠા સહવાસ યાદ આવી આવીને હૈયું ભરાઇ આવે છે, તો પછી શું કરવાનું ? શું થઇ શકે ? અહીં ધર્મના શરણે જ આવવું પડે. ધર્મ વિના આ દુઃખ કોઇ મિટાવી શકે એમ નથી. ધર્મનું શરણું લો, તો ધર્મ મહાપુરુષોનાં ચરિત્ર એવાં બતાવે છે કે જેમાં અતિ પ્રિયના વિયોગ થવા પર



એમણે મહા ધૈર્ય મહા સમજ મહા સમતા રાખી.

**સગરચક્રીના ૬૦ હજાર પ્રિય પુત્રો** એક સાથે દેવતાઇ કોપના ખપ્પરમાં હોમાયા. ક્ષણભર આઘાત લાગ્યો પણ પછી સુંદર સ્વસ્થતામાં આવી ગયા; કેમકે ધર્મની સમજ લીધી કે. '(૧) આ જગતમાં કયાં નિયમ છે કે નાના મોડા જ મરે ને મોટા વહેલા જ મરે ? તેમ. (૨) મરનારે તો પાતાનું જીવન ખોઇને ઊંઘતા આપણને જાગતા કર્યા કે 'જુઓ તમારે પણ આમ એક દિ' મરીને ચાલતા થવાનું છે. તે પહેલાં આત્માનું સાધી લો.' વળી (૩) મરનારનો વિયોગ સાલે છે, પણ મરનારને અહીં કરેલા મોહ અને મોહભર્યા પાપનાં ફળ જે ભોગવવાનું અત્યારથી જ ચાલુ થઇ ગયું તે કયાં સાલે છે ? વિચાર તો એ કરવો જોઇએ કે મારે એના વિયોગનું દુઃખ છે એના કરતાં એ જીવને મારા વિયોગમાં હવે કેટલાં દુઃખ ? ભારે. તો પછી મારે વિયોગના મારા દુઃખને શું રોવું હતું ? (૪) તેમ એ પણ હકીકત છે કે મારા આ પ્રિય કરતાં તો મહાવીર પરમાત્મા કે કોઇ આચાર્ય મુનિ મહારાજ ખૂબ જ પ્રિય; તો એમનો વિયોગ મને કયાં સાલે ? બાકી તો (૫) દુન્યવી પ્રિયના વિયોગનાં દુઃખમાં નકરું આર્તધ્યાન અને તિર્યંચગતિના પાપભાતાં બાંધવાના. તો એવા પાપદાયી વિયોગ દુઃખ કરીને શો સાર ?

આ બધી સમજ ધર્મ આપે છે. મરદ માણસ ધર્મનું શરણું લે, એટલે કે એ બધી સમજ માથે ચડાવે; એટલે પ્રિયવિયોગમાં રોતો ન બેસી રહ્યો, પણ સદ્‌ઉપાય યોજ્યો કહેવાય. નહિતર રોતા બેસી રહેવામાં તો બાયડીપણું કહેવાય.

**(૨) અપ્રિયના યોગમાં :-**

એમ, મરદ માણસ અપ્રિયના યોગમાં ય રોતા ન બેસી રહે. એ તો સદ્‌ઉપાય ખોજે. 'હાય ! નોકર જતો રહ્યો' એમ રુએ નહિ, પરંતુ (૧) દુનિયામાં પૈસા છે તો નોકર ઘણાય મળે; એક નહિ, તો બીજો. અને ખરીરીતે તો (૨) આ નોકરથી કામ લેવાની પરાધીનતા જ ખોટી, ચાલો નોકર ગયો તો જાત મહેનત ઝીંદાબાદ શીખવાનું મળ્યું.

એમ બીજા-ત્રીજા અપ્રિય આવી પડવા પર મનને એક કેળવણી આપે કે જગતમાં બધું અનુકૂળ અનુકૂળ મળવા-રહેવાની અપેક્ષામાં તો સત્ત્વહીન-નિઃસત્ત્વ-નમાલા બનાય છે. એથી જ આવા અપ્રિયયોગ બની આવવા પર ચિત્ત વિહ્‌વળ વ્યાકુળ થાય છે. જ્યારે ખરું જોતાં તો આ અનિષ્ટ યોગ બની આવવા પર આત્માને સ્થિરતા-ધીરતા રાખી સત્ત્વ કેળવવાની તક મળે છે; ને આ સત્ત્વ જ આત્માનું ઓજસ વધારવામાં, ગુણસ્થાનકની પાયરીએ ચડાવવામાં, યાવત્ ક્ષપકશ્રેણી મંડાવી વીતરાગ સર્વજ્ઞ બનાવવામાં પ્રધાન કારણ છે. આ જો ધ્યાન પર લેવાય તો

અપ્રિય અનિષ્ટનો યોગ થતાં એ કેવો આશીર્વાદરૂપ મનાય ? ધર્મનું શરણ આ શીખવે છે.

(૩) **પૈસા ગુમાવવામાં ય** મરદ રોતો ન બેસે. ત્યાં પણ ધર્મનું શરણું લે એ સદ્ ઉપાય છે. એ શરણું શીખવે છે કે "(i) પૈસા જતાં શું ગયું જ હતું, પણ અભિમાન, મમતા, વિષયપોષણ, આરંભ-સમારંભ વગેરે પાપો પેસીને સદ્બુદ્ધિ-સત્પ્રવૃત્તિ ય ગઇ હતી. તે હવે પૈસા જતાં એ પાપો ઓછાં થશે, શું ગયું તારું ? (ii) પૈસા ગયા એ એટલી પૂર્વની ધર્મની ખામી સૂચવે છે, તો હવે ધર્મ વધાર. એણે તો ચેતવણી આપી કે મૂડી ભેગી કર. (iii) બાકી પૈસાને પ્રાણ માનવામાં જ આ રોદણાં થાય છે. તું આસ્તિક છે ને ? આસ્તિક તો આત્માના પક્ષે વિચાર કરનારો હોય; એને ભૂલી કાયાના પક્ષે નહિ, પૈસા તો કાયાની ચીજ છે. એના જવા પર સાવધાન થઇ એ જો કે પૈસા હતા. ત્યાં સુધી આત્માના પક્ષે સુકૃત ન કરી લીધાં, હવે રોયે શું વળે ? હવે તો એક તરફની ખોટનું સાટું બીજામાં વાળી લેવું જોઇએ. દાનના સંયોગ ગયા તો શીલ વધાર, તપ વધાર." ધર્મ આ શીખવે છે; અને એજ સદ્ઉપાય છે.

(૪) એક કોઇ આપત્તિમાં પણ મરદ બચ્ચો રોતો ન બેસી રહે, સદ્ઉપાય યોજે. ધર્મ આ ઉપાય કહે છે કે 'આપત્તિમાં (૧) પહેલું તો સંસારને ઓળખી લો. સંસાર નામ જ એ કે સંસરણ લપસણ સરકણ પરિવર્તન. એમાં એકલી સંપત્તિ હોય નહિ; સાથે આપત્તિ લાગુ જ હોય, પછી એવો સંસાર-સ્વભાવ બનવા પર ખેદ શા ? વળી (૨) આ જગતમાં આંખ લાંબી પહોળી કરીને જુઓ તો દેખાશે કે આપણને તો શી આપત્તિ છે ? અસંખ્ય જીવોને આપણા કરતાં ય મોટી મોટી આપત્તિના ઢેર છે. અત્યારે જ નીચે નરકના જીવો કેવા કુટાઇ-પીટાઇ-પીસાઇ રહ્યા છે ? ગરીબોની ય આજે કેવી કરુણ દશા છે ? તો એ જોતાં તો આપણી આપત્તિ આપત્તિ જ નથી. તેમ (૩) પહેલાં કહ્યું તેમ આપત્તિમાં તો આત્મસુવર્ણને તાપ મળવાથી એનું સત્વ એનું તેજ વધે છે. (૪) આપત્તિમાં ખરું તો એ જોવાનું છે કે આ જડ પર આપત્તિ એટલે જડની લોથ. એમાં આત્માનું હિત વિસરી ન જઇએ.

બસ, મરદ માણસ ધર્મમાંથી આ સમજ લઇ પ્રિયવિયોગ આદિમાં રુદનના બદલે ઊલટું કમાઇ કરી જાય.

**સ્થાણુએ શું કર્યું :-**

પેલો સ્થાણુ મિત્ર માયાદિત્યના વિયોગ પર રોવાનું બંધ કરી વિચારે છે કે 'લાવ હવે ઘરભેગો થાઉં. ત્યાં માયાદિત્ય જો જીવતો હશે તો ઘરે આવી જવાનો.



ત્યાં એ મળશે એટલે એને હું એના પાંચ રત્ન આપી દઇશ; ને કદાચ દૈવયોગે એ ન આવ્યો, ન મળ્યો તો એના કુટુંબને એનાં પાંચ રત્ન દઇ દઇશ.'

કેટલી સરળતા અને પ્રામાણિક્તા છે ! એણે ઠીક જ વિચાર્યું કે ખાલી ખેદ-વિષાદ કરતાં બેસી રહેવાનો શો અર્થ ? એવો ખેદ તો બૈરા કરે, મરદ નહિ. કોઇ પ્રિયજન મર્યો, ભાગી ગયો, ખોવાઇ ગયો, યા અણગમતો કોઇ માથે પડ્યો, કે પૈસા ગુમાવ્યા અથવા બીજી કોઇ આપત્તિ આવી, સંકટ આવ્યું, ત્યાં રોતાં બેસી રહેવાનો શો અર્થ ? **કર્મને પરાધીન છીએ ત્યાં સુધી અને એમાં વળી પુણ્યનાં દૂબળાં એટલે આવું આવું તો કેટલું ય બન્યા કરવાનું.** ત્યાં ખાલી રોતા બેસી રહ્યે શું વળે ? સારો ઉપાય કરવો જોઇએ. ત્યારે પૂછો.

**પ્ર.-** તો શું ઉપાય કરવાથી કર્મને ટાળી શકાય ?

**ઉ.-** પણ અહીં કર્મ ટાળવાની વાત ક્યાં છે ? કર્મે તો એનું ફળ બતાવી દીધું, વહાલાનો વિયોગ કરાવી દીધો, યા દુશ્મન ઊભો કરી દીધો, કે પૈસા ખોયા, યા સંકટ આવી પડ્યું. આ બધું ય અશુભ કર્મથી જ બને. તે અશુભ ઉદયમાં આવ્યા, ને આમ બન્યુ; એમાં કર્મ તો ભોગવાયાં.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૧૦,તા.૨૯-૧૧-૧૯૬૯**

**સમ્યગ્ ઉપાય શું કરે ? :-**

હવે વાત એ છે કે શું કરવું ? ત્યાં જો સારો ઉપાય કરીએ તો નિમિન્ત પામીને ઉદયમાં આવનારાં શુભ કર્મ જો આપણી પાસે હશે, તો એ ઉદયમાં આવી સારું ફળ દેખાડશે અને કદાચ નહિ હોય તો ય **આપણો સમ્યગ્ ઉપાયનો પ્રયત્ન દિલને જે વિશુદ્ધિ આપશે તે મહાન લાભ છે.**

**પુત્ર મરણ પર ઉપાય :-**

આ બહુ ધ્યાનમાં લેવા જેવી વસ્તુ છે. ધારો કે બાપને જુવાનજોધ કમાઉ છોકરો મરી ગયો. હવે એ શું કરે ? જો રોતો બેસી રહે તો છોકરાની માતાને તો કલ્પાંતનો પાર નહિ રહે ત્યારે ભાઇને હિંમત રહે એ માટે પણ

(૧) આદમીએ એવા અવસરે તીર્થંકર ભગવાન જેવાનાં મહાન ચરિત્ર વાંચી સંભળાવવા જોઇએ, જેથી મનને સ્વસ્થતા મળે.

(૨) તેમ પોતે એ જુએ કે છોકરો કમાતો હતો તો છૂટથી જીવન જીવતા હતા, હવે એ ગયો કમાઇ ઘટી, તો સંકોચથી જીવન જીવો. ચાલો આ નિમિત્તે થોડો ત્યાગનો લાભ મળશે, થોડું સહી લેવાનું મળશે. વ્યવહારમાં લાંબા-પહોળા

થવાનું ઓછું થશે તો એટલું પાપથી બચાશે.

(૩) વળી આપત્તિ આવી છે, તો ધર્મ વધારો, પુણ્ય પાપને ઠેલે. ભગવાનની ભક્તિ, સાધુસેવા, ધર્મસાધના, પરોપકાર વગેરે વધારવાનું.

(૪) છોકરાનું એકાએક જવાનું થયું તો એનો ઉપકાર માનો કે એણે જીવન ખોઈને આપણને જગાડ્યા કે ઊઠો, બહુ વૈભવી એશ આરામીવાળું જીવન બંધ કરો, એકલી દુનિયા-દુનિયા ન કરો, પોતાના આત્મા સામે જુઓ, પરમાત્માનાં જીવનો વાંચો વિચારો, ધર્મમાં લાગો....

**સદ્ ઉપાય તે જેમાં દિલ વિશુદ્ધ બને :-**

આ પ્રમાણે સદ્ ઉપાયમાં પ્રયત્ન થાય તો દિલમાં કેટકેટલી વિશુદ્ધિ આવતી જાય ? અસદ્ ઉપાયની અહીં વાત નથી. 'કમાઉ છોકરો મર્યો માટે વેપાર વધારું બીજાની ગુલામી-ચસમપોશી-કાલાવાલા કરું, પાતાળ ફોડીને પૈસા લાવું....' આવી કોઇ વાત નથી. એમાં કાંઇ દિલ વિશુદ્ધ ન બને. અહીં તો સમ્યગ્ ઉપાયની વાત છે. પ્રવૃત્તિ એવી કરે કે એથી દિલ વિશુદ્ધ બનતું આવે; ને મનના ઝોક પણ એવા બનાવે, વિચારણા એવી સારી કરી કે દિલ વિશુદ્ધ બનતું આવે. 'છોકરો મર્યો હાય ! બહુ ખોટું થયું....' એ ય મનનો ઝોક છે; ને 'છોકરે જીવન ખોઈને આપણને જગાડ્યા' એ પણ મનનો એક ઝોક છે.

**મનના ઝોક બેઃ બેમાં ફરક કેટલો ? પહેલામાં શોકની ખરાબી મળે; બીજામાં ધર્મસ્ફુર્તિની વિશુદ્ધિ મળે.**

આવું અપ્રિયના યોગમાં, પૈસાની ખોટમાં, કે કોઇ પણ સંકટમાં સીધી લાઈનનું વિચારી શકાય, અને ચિત્તને સમાધિ મળે એવા સમ્યગ્ ઉપાય કરી શકાય. દુશ્મન ઊભો થયો તો સરળ જીવનની સાવધાની વધારવાની; પૈસા ગયા તો સાહસ, અતિવિશ્વાસ, લોભ વગેરે પર કાબૂ મૂકી દેવાનો; સંકટ આવ્યું તો ધર્મ વધારવાનો. આવા આવા સમ્યગ્ ઉપાયો યોજીએ એટલે ચિત્ત અસમાધિમાં ન પડે, ને સંભવ છે કે સારાં કર્મ ઉદય પામે. એમ ન બને તો ય કમમાં કમ હૃદયમાં વિશુદ્ધિ નિર્મળતા વધતી આવે.

સ્થાણુ એ જ વિચારે છે કે હવે ઘરે પહોંચી જાઉં, ને મિત્ર મળે તો એને, નહિતર એના કુટુંબને એનાં રત્નો આપી દઉં.' બસ વિચાર કરીને ત્યાંથી ચાલ્યો પોતાના ગામના રસ્તે. ચાલતાં ચાલતાં નર્મદા નદીના કાંઠે એકાએક માયાદિત્ય જોવામાં આવ્યો.

**સ્થાણુ માયાદિત્યને મળે છે :-**

માયાદિત્યનું આગળ જવું, ને આ પાછળ આવી રહ્યો છે. તે આ એને



જોતાં એકદમ હરખિત થઇ ગયો. દોડીને પાછળથી એને બાહુથી ભેટી પડતો અને રોતો રોતો કહે છે,-

'અરે દોસ્ત ! દોસ્ત ! તું ક્યાં ગયેલો ? તું સરળ સજ્જન ગુણભૂષણ, તને શું થયેલું ? મારા પ્રાણ ! મારા જીવ ! મને મૂકીને તું ક્યાં ગયેલો ? કહે કહે મને, તને શો અનુભવ થયો ?'

માયાદિત્ય ક્યાં કાચો છે ? એણે પણ કપટથી રોવા માંડ્યું, એ ય સ્થાણુને ગાઢ ભેટે છે. સ્થાણુ એને નીચે બેસાડે છે તે કહે છે, 'કહે કહે ક્યાં ગયેલો ? શું કર્યું ?'

માયાદિત્ય તો પાકો ગઠિયો છે જ. સ્થાણુના સરળ દિલના આ લાગણીભર્યા બોલ સાંભળી જુએ છે કે 'હવે બરાબર અવસર છે. મારું કોઇ એવું ભયંકર દુઃખ દેખાડી દઉં કે આ મારા પર ગદ્‌ગદ સહાનુભૂતિવાળો બની જાય, મને વિશેષ આશ્વાસન આપીને મારા ઉપર ભારે વિશ્વાસ મૂકી દે.' આ દુનિયામાં સજ્જનોની સજ્જનતાનો દુર્જનો આમ જ ગેરલાભ ઉઠાવવા મથે છે. સજ્જન માણસ સહેજે બીજાનું દુઃખ જોઇ દ્રવિત થઇ જાય છે, વિશેષ સહાય-સ્નેહ-લાગણી દર્શાવે છે. ત્યારે માયાવીને એના પર જ તાગડધિન્ના કરવાનું બને છે. તો પછી સવાલ થશે કે-

**પ્ર.-** તો શું સજ્જને એવી સજ્જનતા રાખ્યે જવી એ મૂર્ખાઈ નથી, કે જેથી સામાને નાચવાનું મળે, ને પોતે આપત્તિમાં મૂકાય ?

**સજ્જનતા ટકાવવા ૪ વિચારણા :-**

ઉ.- કેવળ સ્થૂલ બહારની દૃષ્ટિએ વિચારતાં આવા સવાલ ખડા થાય છે. પરંતુ આ વિચારવા જેવું છે કે

**(૧) શું જીવનમાં આપણને બહારનું બધું અનુકૂળ રહ્યું ને પ્રતિકૂળ કોઈ ન આવ્યું, એથી જીવન સફળ છે ? કે સ્વાત્મામાં કોઇ શુભ ભાવ સજ્જનતા ઉત્તમતા કેળવી જઈએ તો જ સફળતા છે ?**

**(૨) સામો શું માયા કરે એથી એને ફાવટ જ આવી જાય અને આપણું બગડી જ જાય ?**

**(૩) જેવાની સામે તેવા થઈએ તો આ જગતમાં સજ્જનતા ઉત્તમતા વગેરેનો પ્રવાહ કોણ અખંડ વહેતો રાખશે ?**

**(૪) જગતમાં ચંદન સોનું વગેરે જડ પદાર્થો પણ ભારે આપત્તિમાં ય પોતાનો ઉચ્ચ સ્વભાવ છોડતા નથી, તો શું આત્માને આ જરૂરી નથી ?**

આ ચારે વિચારણા મન પર લાવવાની ખૂબ જરૂર છે. એ લાવીએ તો મનને લાગે કે અનુકૂળ બનવાનું તો આપણા ભાગ્યાનુસાર છે, નહિ કે માયાદિને

અનુસાર; તેમજ એના પર બહુ વિશેષતા ય નથી; કેમકે જીવનની ઉત્તમતા અનુકૂળ બની આવવા પર આધારિત નથી, કિંતુ માયાદિનો ત્યાગ કરવા પર છે. વળી પૂર્વકાળથી મહાન આત્માઓ આ ઉત્તમતા વહન કરતા આવ્યા છે. તો હવે આગળ પર આ ઉત્તમતાનો પ્રવાહ અખંડ વહેતો રાખવાની, આપણે ઉત્તમ કુળમાં જન્મ્યા હોવાથી, આપણા માથે ફરજ છે. આપત્તિમાં ય સ્વભાવ નિર્માય, નિરભિમાની, અક્રોધી જાળવી રાખીએ તો ચંદન સોનું વગેરેની જેમ આપણી ઉત્તમતા અંકાય, અને એમાં જ આપણી શોભા છે.

એટલે અહીં સ્થાણુ એ રીતે સજ્જનતા નિષ્કપટતા રાખી રહ્યો છે. એમાં એની ઉત્તમતા છે, ને એથી કાંઇ એને સરવાળે ગુમાવવાનું નથી. માયાદિત્ય માયા રમે છે. એમાં એને સરવાળે ગુમાવવાનું છે. બિચારો માનવ ખોળિયે પશુહૃદય રાખી માયામાં પછાડ ખાવા છતાં આગળને આગળ દોડ્યે જાય છે.

માયાદિત્યે સ્થાણુને મળતાં કપટ-રુદન લગાવ્યું. એને એકદમ ભેટી પડે છે. પછી સ્થાણુએ પૂછ્યું 'હેં હેં ભાઇ ! તું ક્યાં ગયેલો ? તને શું થયેલું ?' એના જવાબમાં નીચે બેસી રોતાં રોતાં કહે છે.

**માયાદિત્યની માયાવાણી :-**

'ભાઇ ! તને શું કહું ? આપદા ભયંકર આવી ગઇ. તારી પાસેથી ખારું તીખું કાંક લાવવાના લોભમાં ગયો તો ખરો પરંતુ બે ચાર ઘરમાં માગતાં મળ્યું નહિ. ત્યારે આગળ એક સારું ઘર જોઇ એમાં પેઠો. અંદર હોલમાં કોઇને જોયા નહિ, તેથી મનને થયું કે એકદમ તો ઠેઠ અંદર કેમ જવાય ? તેથી ત્યાં કોઇ આવે એની રાહ જોતો ઊભો. પછી પાછો નીકળતો હતો ત્યારે તો પાછળથી મહેલનો પહેરગીર આવ્યો, ને મને કહે. 'ચોટ્ટા ! આ ધંધા કરે છે ? એમ કહી ૨-૪ લાકડીના ફટકા લગાવી દીધા. મેં કહ્યું 'હું ચોર નથી.' પણ એ તો કહે 'બેસ બેસ અમારી શેઠાણીના કુંડલ ચોરાયા છે. તે તું જ લઇ ગયેલો.' પણ ઊભો રહે શેઠ પાસે લઇ જાઉં છું. એમ કહી લઇ ગયો માલિક પાસે શેઠને કહે 'આ સાહેબ ! કુંડળ ચોરનાર પકડાયો છે.' શેઠ કહે તો તો રાજદરબારે ખબર અપાવું. તું એને અહીં પકડી રાખજે. હવે તો એને રાજદરબારે જ પકડીને લઇ જવો પડશે. ત્યાં સિપાઇ કહે હરામખોર ! 'એમ બોલતા વળી બે ચાર લાકડી ફટકારી દીધી.

'ત્યારે મને થયું કે 'જો આ દોસ્તને છોડીને નીકળ્યો અને થોડું ખારું તીખું ખાવાના લોભમાં પડ્યો તો આ કેવી સજા થઇ ? હે ભગવાન ! આ તો વળી રાજદરબારે લઇ ઘસડી જવાની વાત કરે છે. ત્યાં વળી આપણે પરદેશી, આપણો કોણ સાક્ષી ? કોણ બચાવનાર ? તે એ વિચારતાં રાજા લાંબી ભયંકર સજાની



કલ્પનામાં કમકમી થાય, પરંતુ મને તો ત્યાં મિત્ર ! તારા વિયોગની ચિંતાએ મનને વધુ કમકમી કરાવી.

મને એમ થયું કે 'અરેરે ! આ સજ્જન મિત્રનો કેવો ભયંકર વિયોગ ! મિત્રના યોગમાં બધું દુઃખ વેઠી લેવાય, પરંતુ મિત્રનો વિયોગ કેમ વેઠાય ? મને ત્યાં એમ થયું, -અરે જમડા ! તારે મને એક વાર મૃત્યુ આપવાનું છે તો તું વિલંબ કેમ કરે છે ? હમણાં જ દઇ દે મોત. મિત્રનો વિયોગ સહવો એના કરતાં મોત સહેવું સારું કેમકે મોતમાં તો સહેજ વાર દુઃખ; ક્ષણમાં મર્યા પછી કાંઇ નહિ ને આ વિયોગ તો કોણ જાણે કેટલાય દિવસો મહિના કે વર્ષો સુધી બાળ્યા કરશે ? અરેરે ! મારો સજ્જન, સરળ, મારા પ્રાણભૂત, મારો મિત્ર મને ક્યાં ક્યારે મળશે ?....' એમ બોલતાં બોલતાં રડી પડ્યો.

સ્થાણુ કહે 'રો નહિ, હવે તો હું મળી ગયો છું ને ? બસ હાં પછી આગળ શું થયું ?'

માયાદિત્ય કહે, -'બસ, મને ત્યાં રોકી રાખ્યો. રાત પડી, ઊંઘ આવી ગઇ, એમાં સ્વપ્નો ચાલ્યા. તે પણ તારા મેલાપની ઝંખનાના. ક્યારે મારો વ્હાલો મિત્ર જલ્દી મળે ! પરંતુ અહીં તો એવો ફસાયેલો કે કોને ખબર શું થાય ? એમાં સવારે એક સ્ત્રી ત્યાં આવી. ભલી લાગી, તે એને મેં પૂછ્યું કે મને કેમ આમ હેરાન કરે છે ?'

ત્યારે એ સ્ત્રી મને કહે, 'આજથી નવમાં દિવસે અહીં દેવતાની આરાધના થવાની છે. અને એમાં તમારું બલીદાન આપવાનું છે. એટલા માટે ચોરીના બહાને તમને પકડવામાં આવ્યા છે.

આ સાંભળતાં મારા તો હોશકોશ ઊડી ગયા. અરેરે ! મને જીવતો કાપશે ? જીવતો અગ્નિમાં હોમશે ? દોસ્ત ! મને આંખે અંધારા આવી ગયાં, કમકમી ઊપજી. મનને થયું કે હાય ! હવે વહાલો મિત્ર ક્યાં મળવાનો ?'

માયાદિત્ય, જુઓ, કેટલું 'ગોઠવણપૂર્વકનું બોલી રહ્યો છે ? બાર દિવસનું આંતરું પડ્યું છે. એનો હિસાબ આપવા આ નવ દિવસનો પલિતો મૂક્યો. પાછો ઠગ વચમાં વચમાં એ લાવ્યા કરે છે કે જાણે મિત્ર વિના ટળવળી રહ્યો હતો ! સ્થાણુ ભલો માણસ છે, તે આના પર વિશ્વાસ રાખી આ બધું સાચું માની એના પર દુઃખિત થઇ રહ્યો છે. એ કહે છે, 'અરેરે ! આટલું બધું તને દુઃખ આવેલું ? હા, પછી તું છૂટ્યો કેવી રીતે ?'

માયાદિત્ય કહે છે, 'અરે દોસ્ત ! આ તો તને મળવાનું મારું સદ્ભાગ્ય સમજ કે ત્યાંથી છૂટવાનું મળ્યું. પરંતુ તે કાંઇ સહેલું નહોતું. મેં પેલી ભલી સ્ત્રીને

પૂછ્યું તો આમાંથી છૂટવાનો કોઇ ઉપાય.?'

ત્યારે સ્ત્રી કહે, 'એક ઉપાય છે જો થઇ શકે તો. નવમા દિવસે પહેલાં તો બધા નદીએ સ્નાન કરવા જશે. એક માત્ર રખેવાળ રહેશે. એ વખતે તમને જો કોઇ ન જુએ એમ ભાગી શકો તો બચી જાઓ.

બસ, એટલી વાત પર મેં છૂટકારાનો દમ ખેંચ્યો કે 'હાશ ! તો તો ગમે તેમ કરીને એ દિવસે અહીંથી ભાગવાનું મળશે.' પછી તો કેદખાનામાં ગમે તેમ કરીને આઠ દહાડા કાઢ્યા, તારા વિના તો બધું ખાવા ધાતું. નવમો દિવસ આવ્યો. બધા સ્નાનાર્થે ગયા; મેં તો રખેવાળની દૃષ્ટિએ પહેલાં તો જાણે અહીં એમજ નિશ્ચિત પડી રહ્યો છું .એવો દેખાવ રાખ્યો. એને પણ મારા માટે કાંઇ શંકા હતી નહિ. તેથી એ જરાક આઘોપાછો થયો કે તરત હું મુઠ્ઠી વાળીને ત્યાંથી બહાર નીકળી ગયો તે પછી તો જાણે નવજીવન પામ્યો એવો આનંદ માણ્યો. પરંતુ તારા વિના ક્યાંથી ચેન પડે ? અને તેં ય મારી શોધ તો કરી જ હશે પછી નિરાશ થઇ તું ચાલી ગયો હોઈશ. એટલે હું પણ ત્યાંથી શોધતો શોધતો ગામેગામ પૂછતો તપાસ કરતો. એમાં કોઈકે અણસાર આપ્યો કે 'આવો આવો માણસ આ માર્ગે ગયો છે.' એટલે હું ઝટપટ ચાલતો ચાલતો મારાં અહોભાગ્યે અહીં તને આવી મળ્યો. આ મને થયું. પણ હવે તું મળી જવાથી તો સુખસંપત્તિ થઇ ગઇ.'

**તુચ્છ સ્વાર્થ લાલસા :-**

કેવી ઠગબાજી ચલાવી ? માયાભર્યું મૃષા ચલાવ્યું. માયામૃષા પાયા વિનાનો મહેલ સર્જી મહેલ જેવો દેખાવ દે છે. માયાદિત્યે જે કહ્યું એમાંનું કશું નહિ બનેલું. પરંતુ એને માયાથી સ્થાણુના દિલમાં ઠસાવી દેવું હતું કે 'હું કોઇ ખોટા ઇરાદે ભાગી ગયો નહોતો, પણ વિકટ સંયોગને પરવશ પડી ભારે દુઃખી થયો !' એટલે એણે માયાથી નિશ્ચિત મૃષાભાષણ કર્યું. થોડા શા સ્વાર્થની લાલસામાં માણસ કેવા ઘોર માયા-મૃષાનાં પાપ કરે છે !

**જગતની ચીજની સ્વાર્થલાલસા જ ભૂંડી, કે જે આવાં દીર્ઘ દુર્ગતિ પરંપરા સર્જી આપે એવાં માયામૃષાના પાપ કરાવે છે.**

**જ્ઞાનીઓ સંસારને અસાર કેમ કહે છે ?** આ પણ એક કારણ છે કે સંસારની ચીજ ખોટી સ્વાર્થલાલસા જગાવી માયામૃષાનાં ઘોર પાપ કરાવે છે; અજ્ઞાનથી આંધળા જીવને આની સૂઝ પડતી નથી. એ તો બિલાડી દૂધ જુએ પણ પાછળ દંડાવાળો ઊભો છે, એ જોવા નથી રહેતી; તેમ તાત્કાલીક તુચ્છ સ્વાર્થપૂર્તિ જુએ છે, પરંતુ પાછળ દીર્ઘ દુર્ગતિના ભવ નથી જોતો. પરિણામ શું ? ત્યાં બિલાડીને થોડું દૂધ ચાટવા તો મળે, પણ પછી દંડો એવો મળે કે કદાચ કેડ જ તૂટી જાય, યા માથું જ ફૂટે.



એમ અહીં માનેલો સ્વાર્થ થોડો સરી જાય, તે ય પુણ્ય પહોંચતું હોય તો જ. પણ પરલોકમાં જાલિમ ત્રાસ-વિટંબણા ભર્યા તિર્થંચગતિના અવતાર મળે છે.

અરે ! આ જીવનમાં ય ખરું સુખ કયાં છે ? માયામૃષા રમનારને કેટલીય ચિંતા રહે છે. કેમકે એને ભય રહે છે કે મારો દાવપેચ પકડાઇ ન જાય. 'સામાને ખબ ન પડે કે હું કપટ રમું છું,' એની ચિંતા તો ચાલુ જ રહે છે. પછી એ માટે કેઇ બનાવટી બોલ-ચાલ કેવી ચલાવવી એની ય ચિંતા રહે. તાત્પર્ય, માયામૃષાવાળાને અહીં પણ શાંતિ નથી. કદાચ દાવ સફળ થયો એટલે હાશ નિરાંત કરે ખરો, પણ **માયાની કમાઇ સ્વચ્છ સુખ ભોગવવા દે નહિ.**

**દેવદિન્નનું કથાનક**

શાસ્ત્રમાં એક દેવદિન્નું દૃષ્ટાન્ત આવે છે. એક સુખી શેઠનો એ છોકરો છે. ઉપાધ્યાયની પાસે એ બીજા છોકરાઓની સાથે ભણે છે. એમાં સાથે એક બીજા શેઠની છોકરી સરસ્વતી પણ ભણી રહી છે; એક વાર બન્યું એવું કે ઉપાધ્યાયને એની પત્નીનો કાંઇ વાંક લાગતાં ઉપાધ્યાય એને શિક્ષામાં મારવા લે છે. ત્યારે છોકરાઓને દયા આવવાથી ઉપાધ્યાયની પાસેથી એને છોડાવવા જાય છે; પણ સરસ્વતી નથી જતી. તેથી દેવદિન્ન પૂછે છે 'કેમ તું કાંઇ બોલતી નથી ?'

ત્યાં સરસ્વતી બોલી ઊઠે છે, 'અરે ! છોડાવવા શું જાઓ છો ? એ તો આ સ્ત્રીનો જ વાંક છે કે ધણીની ગુલામીમાં રહે છે. આવડત હોય તો ધણીને દાસ જેવો કરીને ન રાખે ? પછી શાની માર ખાય ?'

વિચારજો, જીવના સંસ્કારનો વારસો. આ છોકરીને કોણે શીખવ્યું હતું કે સ્ત્રીએ ધણીને દાસ જેવો બનાવી દેવો ? અનંતાનંત કાળથી આવા ને આવા અભિમાન, સ્વચ્છંદતા, જોહુકમી વગેરેના ખેલ ખેલી આવેલા જીવને એના સંસ્કાર ભર્યા પડેલા છે. પછી એને શીખવું શું પડે ? વિચારવાનું તો એટલું જ છે કે માનવભવનું ભેજું મળ્યું છે તો કાંઇ પણ બોલતાં-ચાલતાં પહેલાં, ને કોઇ પણ ભાવ મનમાં ઘાલતાં પહેલાં એ તો જોઉં કે 'આમ કરવામાં આના આગામી કાળે ફળ કેવાં આવશે ? આની બીજા પર છાયા કેવી પડશે ? મારા આત્મા પર આનું શું પરિણામ ? શી અસર ?' આ જોવાનું છે.

પશુ-અવતારે એવો વિવેક જ નહિ, પછી ભેજું છતાં આ ક્યાંથી વિચારી શકે ? એને તો અંદર આહાર-નિદ્રા-પરિગ્રહ કે વિષય-કષાયની સંજ્ઞા ઊઠી કે ઝટ એને અમલમાં મૂકવા તરફ જ ધ્યાન એને આગામી દીર્ઘ કાળનાં પરિણામનો વિચાર શો ? એ માટે થોભવાનું શાનું ? એટલું શક્તિસંપન્ન ભેજું જ એને ક્યાં છે ? એ તો માનવને આ બક્ષીસ છે કે ભેજું વિશિષ્ટ મળ્યું છે. તો હવે એનો

ઉપયોગ નહિ કરવાનો ? પ્રવૃત્તિ કરતાં પહેલા દીર્ઘ પરિણામ નહિ વિચારવાનું ?

**અભિમાનની બાહ્ય આભ્યન્તર અસર :-**

અભિમાન આદિ કષાયનાં દીર્ઘ પરિણામ પરલોકમાં તો ભૂંડાં છે જ, પરંતુ અહીં પણ ખતરનાક આવે છે. આ સરસ્વતીના જીવનમાં જ દેખાશે કે અત્યારે કરેલ અભિમાનનું કેવું ફળ આવે છે. પણ એ તો બાહ્ય કોઈ દુઃખદ પ્રસંગ ઊભો થાય એટલું જ, આપણી નજરમાં આવે છે. ખરી રીતે તો અભિમાનની અભ્યન્તર અસર ખરાબ ઊભી થાય છે. અભિમાન ચડ્યા પછી તત્ત્વવિચારણાનો દરવાજો બંધ થઈ જાય છે. એ વખતે એને કોઈ તત્ત્વની વસ્તુ સમજાવવા બેસે, તો એને એ ગળે ઊતરે નહિ; કેમકે અભિમાને દરવાજો જ બંધ રાખ્યો છે. જમાલીને અભિમાન ચડ્યું હતું કે 'મને લાગે છે તે જ સાચું;' પછી ગણધર ગૌતમ મહારાજ સમજાવવા મથે છે, પણ એ શાનો સમજે ? એવું માયામાં. સાચું સમજવાનો દરવાજો જ બંધ, માયાદિત્યે પછાડ તો જબ્બર ખાધી, માયા કરવા ગયો તો પોતાની પાસે દસે રત્નના બદલે દસે કાંકરા આવ્યા. આ પછાડ ઓછી છે ? છતાં માયા કષાય એથી સમજવા ન દે, જુઓ,

માયાદિત્યે કપટ-રૂદન અને સાવ ભળતી વાત કરી, ત્યારે સ્થાણુ સરળ હૃદયથી એને સાચું માની એની પ્રત્યે હમદર્દી બતાવે છે કે 'અહો ભાઈ, તેં આટલું બધું દુઃખ સહ્યું ? ચાલ હવે એમાંથી છૂટીને મને મળી ગયો તે સારું થયું. હવે આપણે ઘર ભેગા થઈએ.'

ત્યારે માયાદિત્યને શું હવે શિખામણ લાગે ? ના, માયાએ હૈયામાં સમજણ આપવા દેવાનો દરવાજો જ બંધ રાખ્યો છે.

**કષાય હૈયે સાચી સમજ પેસવા દેવા આડે દરવાજો બંધ રાખે છે.**

કોણિક અભિમાન અને લોભમાં ચડ્યો, તો પિતા ઉપકારી છે, પોતાને રાજ્ય પણ દેવાના છે, એ મનમાં આવ્યું જ નહિ, ને એમને પકડાવી કેદમાં પૂરાવ્યા.

અગ્નિશર્મા ગુણસેન રાજા પર દ્વેષ-ગુસ્સો ઊભો કરે છે, તો પછી પોતાનો ગુરુ કુલપતિ સમજાવવા આવે છે છતાં સમજવા તૈયાર નથી.

સંભૂતિ મુનિને ચક્રવર્તીની સમૃદ્ધિ મેળવવાનો લોભ લાગ્યો, તો પછી ચિત્ત મુનિ ઘણું ય સમજાવે છે છતાં સમજવા તૈયાર નથી. તે અંતે બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો તો ખરો, પણ નિયાણાં સાથે ચારિત્રનો માલ હતો ને ? તે નિયાણું ભયંકર પાપોમાં ડૂબાડનારું બન્યું, અને અંતે સાતમી નરકે સિધાવવું પડ્યું.

કષાય હૈયામાં ઊઠ્યો કે સમજને પેસવા ન દે. દેવ અને ગુરુઓ હિતની સાફ સાફ વાતો શું નથી કહેતા ? કેમ એ હૈયે ઊતરીને એની પકડ નથી રખાવતી,



ને પ્રમાદ કેમ સેવાય છે ? કારણ આ જ કે **શ્રાવક કે સાધુને કોઈ લોભ, કોઈ અહંકાર વગેરે કષાયે હૈયાનો કબ્જો કર્યો હોય, પછી હિતની સમજ એ હૈયે શાની ઉતરવા દે ?**

એટલા જ માટે વારંવાર આ ખ્યાલ કરવાનો છે કે 'હું જે કાંઈ બોલું-ચાલું-વિચારું છું તેમાં કોઈ કષાય તો કામ નથી કરતો ને ?' જો એ કરતો હશે તો હિતની શાસ્ત્રવાતો ગળે નહિ ઊતરવા દે. ઊલટું, પેલા કષાયનું જોર એમ મનાવસે કે શાસ્ત્રે કહ્યું છે એની ના કોણ પાડે છે ? પરંતુ એ તો અમુક સંયોગમાં. મારા સંયોગ જુદા છે.' આ માનવાનો. શો અર્થ ? આ જ કે પોતાના માનેલાં સંયોગમાં મનમાની કરાતી પ્રવૃત્તિને ખોટી ખરાબ નથી માનવી. ત્યાં સમ્યકત્વ રહે કે જાય ?

શ્રાવક માટે શાસ્ત્રે કહ્યું કે એ રાત્રિભોજન એ અભક્ષ્ય હોઈ ન કરે. પરંતુ પોતાને પૈસાનો લોભ લાગ્યો હોય છે, કે શરીરની વધારે મમતા લાગી હોય છે, તો રાત્રિભોજન-ત્યાગની વાત ગળે નથી ઉતરતી. માટે જ ખુશમિશાલ રાત્રિભોજન કરાય છે. હિતની વાત ગળે ઉતરી હોય, પછી કદાચ એ ન સાચવી શકતો હોય ને પાપ સેવવું પડતું હોય, તો ત્યાં કમમાં કમ હૈયે ઘા તો પડે, હૈયું ચિરાઈ જાય કે 'અરેરે ? મારે આ રાત્રિ ભોજનનું ઘોર પાપ કયાં કરવું પડે છે ! તેમ ધર્મ નહિ સમજેલા કરતાં હું કેટલો અધમ છું !'

બોલો રાત્રિભોજન કરનારા ! રાત્રિભોજનનું પાપ ઘોર પાપ લાગે છે ? 'હે ? એ ઘોર પાપ ?' એમ ચમકો છો ને ? 'ઘોર તો માંસાહારનું પાપ ? કે રાત્રિભોજનનું ? 'એમ મનને લાગતું હશે પરંતુ એ તો એમ લાગવું જોઈએ કે 'આર્યના જીવનમાં માંસાહાર એ ઘોર પાપ; એવું જો લાગે, તો એ પાપની ભડક રહે. ને એથી દૂર રહેવાય. જો સામાન્ય પાપ લાગે તો શાનું એ છોડે ? ત્યાં તો મનને થયા કરે કે 'ભાઈ ! એમ તો સંસારમાં બેઠા બીજાં ય પાપ ક્યાં નથી કરવા પડતાં ? તો ભેગું આ ય કરવું પડે.'

**શ્રાવકના આચારથી વિરુદ્ધ પાપોને ઘોર પાપ માન્યા વિના એ પાપો નહિ છૂટે, ને આચારની પકડ નહિ રહે.**

આર્યને માંસાહારત્યાગ એ આચાર; શ્રાવકને આગળ વધીને ૨૨ અભ્યક્ષ્યોનો ત્યાગ એ આચાર. એટલે આર્ય માંસાહાર કરે એ ઘોર પાપ; શ્રાવક કંદમૂળ ખાય, વાશી ખાય, રાત્રિભોજન કરે એ એના માટે ઘોર પાપ.

આર્યને પરસ્ત્રીત્યાગ એ આચાર, શ્રાવકને સ્વસ્ત્રીસંતોષ એ આચાર. આર્ય પરસ્ત્રીમાં જાય એ ઘોર પાપ, ત્યારે શ્રાવક સ્વસ્ત્રીમાં અંધ બને એ ઘોર પાપ. આ સમજ હોય તો સ્વસ્ત્રીમાં તિથિનાં, અટ્ઠાઇનાં, ચોમાસાના બ્રહ્મચર્ય પાળવા ઉજમાળ થાય; રોજની શય્યા અલગ રૂમમાં રાખે; મોહની ખોટી ચેષ્ટાઓ ન કરે. સ્વસ્ત્રીમાં ય લંપટતા એ ઘોર પાપ છે. એમ સમજ્યા વિના ક્યાંથી બચાવાનું હતું ?

**શ્રાવક જીવનને પશુજીવન-અનાર્ય મનુષ્ય-જીવન અને આર્યજીવનથી ઊંચી લેવલમાં લાવવું છે ?**

તો મનને આ નક્કી કરો કે 'શ્રાવકના પવિત્ર આચારથી વિરુદ્ધ નાનું દેખાતું પણ પાપ એ ઘોર પાપ.' તો જ પછી, પહેલાં એનાથી બચવાનો પહેલો પ્રયત્ન રહેશે. પૈસા કમાવવાની વાત પછી રાત્રિભોજન પાપથી બચવાનું. પછી કદાચ લોભ નથી છૂટતો અને રાત્રિભોજન કરાય છે, તો ત્યાં હૈયે કારી ઘા પડશે. આંખે આંસું આવશે કે 'હું લોભમાં કેવો પાપી બનું છું ?' 'ત્યાં રાત્રે માત્ર થાળી પર બેસી જમું એટલી જ વાત, બાકી પાણી સિવાય કાંઇ જ ન લઉં,' એવી ટેક રહેશે. એમાંય રવિવાર રજા જેવા દિવસે રાત્રિભોજન તદ્દન બંધ. એમ પાંચમ આઠમ ચૌદસ થોડું સહન કરીને પણ રાત્રિભોજન તદ્દન બંધ. આવું કડક પાલન રહેશે.

**કેવાં વર્તન ઘોર પાપ ? :-**

મૂળમાં વાત આ છે કે આચાર-વિરુદ્ધસેવન એ ઘોર પાપ લાગવું જોઇએ. આજે સ્ત્રીઓ વેશમાં કેમ માઝા મૂકે છે ? 'શ્રાવિકાનો આચાર મર્યાદાવાળો વેશ; એનાથી વિરૂદ્ધ ઉદ્ભટ વેશ એ ઘોર પાપ,'-એમ સમજતી જ નથી. નહિતર ઘરેથી એકવાર વ્યવસ્થિત વેશ પહેરીને બહાર નિકળ્યા, પછી મજાલ છે માથેથી એકવાર પણ કપડું ખસે ?

આ જ સિનેમામાં કેમ હોંશે હોંશે જવાય છે ? શ્રાવકને સ્વસ્ત્રીમાં ય સંતોષ એટલે સ્વસ્ત્રીની સામે ય વારે વારે જોવાનું નથી. એ એનો આચાર. હવે પરસ્ત્રી સામે જોવું એ આચારથી વિરૂદ્ધ. માટે એને ઘોર પાપ સમજે તો જ પરસ્ત્રી સામે જોતાં અટકે. ઘોર પાપ જ ન માને, પછી સિનેમામાં ચાહી ચાહીને પરસ્ત્રી અને એના અંગોપાંગ તથા એના ચાળા હાવભાવ જોતાં શું કામ અટકે ? એ તો રસ્તા ઉપરે ય બીજા ટીકા કરે માટે પરસ્ત્રી સામે ન જોવા બેસાય. પરંતુ સિનેમામાં તો કોની રોક ટોક ? પછી તાકી તાકીને પરસ્ત્રીઓ જુએ એમાં શી નવાઇ ? એ તો એટલું વળી માન્યું હશે કે પરસ્ત્રી સેવન એ ઘોર પાપ, એટલે એનાથી બચશે, બાકી પરસ્ત્રીનાં દર્શનમાં એવું કાંઇ ઘોર પાપ માનવું નથી, પછી શું કામ બચે ?



**રૂપસેનનું ઘોર પાપ :-**

**પરસ્ત્રીદર્શન એ ઘોર પાપ ન હોત તો** રૂપસેન સુનંદાના એક ભવમાં સાત ભવ કેમ કરત ? શું કર્યું હતું એણે ? માત્ર રોજ એને જોયા કરી હતી, આજે મળવા જવાનો હતો. એમાં રસ્તામાં જતાં કોક ભીતડું તૂટી પડ્યું, મર્યો, તે ક્રમસર એના જ ગર્ભમાં અવતર્યો. એ બીજે ભવ, પછી સાપ-કાગડો-હંસ-હરણ-હાથી થયો. એમ એના સાતે ભવ સુનંદાનો એનો એ જ ભવ ઊભો છે. ત્યારે જંગલનો હાથી થવા છતાંય આમ તોફાની, પણ સુનંદાને જોતાં લટ્ટુ કેમ વારુ ? પરસ્ત્રી દર્શન એ ઘોર પાપ માન્યું નહોતુ, તેથી એના રસઘુંટડા હોંશે હોંશે પીધા હતા. એ સંસ્કારે અહીં જનાવર થયો છતાં મનુષ્યસ્ત્રીને જોતાં નાચે છે, 'વાહ મોઢું કેવું સરસ !'

ત્યારે સુનંદા અવધિજ્ઞાની મુનિ પાસેથી એનો કરુણ ચિતાર સાંભળી સાધ્વી બનેલી, અને સંયમ તથા તપસ્યાથી અવધિજ્ઞાન પામેલી, તે હવે આ હાથીના સામે ઊભી છે. એ હાથીને કહે છે,

'બુજ્ઝ બુજ્ઝ રૂપસેણ, બુજ્ઝ બુજ્ઝ રૂપસેણ ! શું મોહે છે ? સાપ કાગડો હંસ હરણ થયો ત્યાં બધે જ મને જોઇ જોઇ 'વાહ મોઢું કેવું સુંદર !' કરેલું, ને તેથી જ મોત આવેલાં તો હવે એથી પાછો વળ મૂરખ ! મોઢું સુંદર જુએ છે, પણ મોત કેમ જોતો નથી ?'

આમ પરસ્ત્રીદર્શનના પાપથી એ હાથીને પાછો વાળ્યો, ત્યારે એનું ઉત્થાન થયું. ઘોર પાપ સમજી એ અને એની સાથે બીજાં ય પાપો ત્યાગ કરી શ્રાવકના વ્રતો લેનારો બન્યો, તપસ્વી બન્યો અંતે આઠમા દેવલોકે દેવતા થયો. સિનેમાં જોનારા શું કમાશે ?

**આચાર-વિરૂદ્ધ પાપોથી બચવું છે ? તો એ પાપોને ઘોર પાપ માનો.**

તો જ સિનેમા, રાત્રિ ભોજન, કંદમૂળ વગેરે પાપોથી બચી શકાશે. વાત આ હતી કે લોભ વગેરે કષાય એવા છે કે એ સાચી સમજ હિતની સમજ હૈયામાં પેસવા ન દે. એમ સાધુ ય જો ભૂલે તો અતિ રાગ, મદ વગેરે એમને ય શાસ્ત્રની વાત હૈયે જચવા ન દે, સાધ્વાચાર-વિરૂદ્ધ પાપોને ઘોર પાપ માનવા દેતા નથી; એટલે એ સામાન્ય માનીને આચારાય છે, ને હૈયું એવું કઠોર નિષ્ઠુર કરાય છે કે જે ભવો સુધી સુધરવા ન દે.

પેલી સરસ્વતી અભિમાનમાં બોલી ઊઠી કે પંડિતની દયા પત્નીની શી ખાવી હતી ? એ તો મારની જ ઘરાક છે. પતિને પહેલેથી જ દાસ કરીને ન રાખે ?'

આ એના બોલ સાંભળી દેવદિન્નને ખરાબ લાગ્યું. એના મનને થયું કે

'આનું આટલું બધું અભિમાન ? હવે તો જો લાગ મળે તો હું જ એને પરણીને બતાવી આપું કે તે બતાવ પતિને દાસ કેવો બનાવે છે તે જોઉં !'

જુઓ આ પણ અભિમાન છે. એ ય ખતરનાક નીવડવાનો છે. એના દિલના આ વિચાર પ્રમાણે મોંઢા પર પણ એવો ભાવ સ્ફુરી આવ્યો, અને તે સરસ્વતીએ પરખી લીધો; પણ પછી પોતે કાંઇ બોલી નહિ.

બસ આટલો જ પ્રસંગ. વાત તો ત્યાં પતી ગઇ. બાદ બંને મોટા થઇ ઉંમરમાં આવ્યા. હવે દેવદિન્નના પિતા સંપન્ન છે, તેથી અનેક શેઠિયા પોતાની કન્યા દેવદિન્ન સાથે વરાવવા ઇચ્છે છે. એમની માગણીઓ આવે છે. ત્યારે પિતા દેવદિન્નને પૂછે છે, 'બોલ ભાઇ ! આનું કહેણ છે, આનું કહેણ છે, કેમ કરવું છે ? તારી જે પસંદગી હોય તે કહે.'

દેવદિન્ને પેલી વાતની મનમાં ગાંઠ વાળી છે કે મારે સરસ્વતીને બતાવી આપવું કે તું પતિને દાસ બનાવી જો કેવી બનાવે છે તે હું જોઉં.' એટલે એ પિતાને કહે છે કે 'આ વિષયમાં મારે બોલવાનું હોય નહિ, પણ મારી પસંદગી જ પૂછો છો તો એ પેલા.... શેઠની કન્યા સરસ્વતી જ મને પસંદ છે; બીજા કોઇ નહિ.' સંસાર કેવો વિચિત્ર છે ? કન્યાનો મદ ઉતારવા આ જીવનનું સાટું ખેલવા તૈયાર થાય છે. કોને ખબર એવી કન્યા શું ય ઘાટ ઉતારે ? પણ આ મરદનો બચ્ચો થવા જાય છે. તે બાપને એની જ પસંદગી બતાવે છે.

બાપ કહે છે, 'ભલે, તો હું પૂછાવરાવું છું.'

બાપે જોયું કે 'ઘર સારું ખાનદાન સુશીલ છે, પછી શો વાંધો ? વળી છોકરાને પસંદ છે.' એમ વિચારી કહેવરાવ્યું કે 'અમારા દેવદિન્નને કન્યાઓ તો ઘણી આવે છે, પરંતુ તમારી કન્યા દેવાનો વિચાર હોય તો કહેજો.' આ સાંભળીને સરસ્વતીના મા-બાપને ય આનંદ થયો કે 'ચાલો, આ તો સામેથી જ સારા છોકરા માટે માગણી આવે છે. તો વધાવી લો.'

બસ, દેવદિન્ન અને સરસ્વતીની સગાઇ થઇ ને લગ્ન પણ થયું. કિન્તુ સરસ્વતી પરણીને તરત એક દિવસ સાસરે આવીને પિયેર ગઈ તે ગઈ ત્યાર પછી દેવદિન્ન હવે એને ઘરે તેડાવતો નથી, કે તેડવા જતો નથી.

એનો બાપ એને કહે છે 'કેમ ભાઇ ! તારી પસંદગીનું કર્યું તો હવે કેમ એને ઘરે લાવવી નથી ? શું કાંઇ વાંધો દેખ્યો ?'

દેવદિન્ન કહે છે, 'હમણાં અવસર નથી. અવસરે એને તેડાવીશું.' બાપે બે ચાર વાર ઉથલાવીને પૂછ્યું. કહ્યું પણ એક જ જવાબ. મા-બાપ વિમાસણમાં પડ્યાં, પણ શું કરે ? ને એના દિલનુંય શું જાણે ? ત્યારે



સરસ્વતીના મા-બાપ પણ ચિંતામાં છે. કન્યા તો મા-બાપને આ બાબતમાં કશું કહેજ શાની ? કેમકે સુશીલ અને દાક્ષિણ્ય-લજ્જા-મર્યાદાવાળી છે.

લજ્જા-મર્યાદા મોટો ગુણ છે. એની આગળ ઇંદ્રિયોનાં તરપણ ગૌણ બની જાય છે. લજ્જા જાળવતાં કદાચ ઇંદ્રિયોને તુષ્ટિ પુષ્ટિ ન મળે તો કાંઇ નહિ, પણ લજ્જા-મર્યાદાનો ભંગ કરીને છાકટી ઈંદ્રિયોને ખુશ નહિ કરવાની. સરસ્વતીને લજ્જા છે, સમજે છે કે મા-બાપને કેમ કહેવાય કે 'મને હવે અહીં ક્યાં સુધી ગોંધી રાખવી છે ?' શું એ સમજતા નથી ? ત્યારે સાસરિયાને પણ કેમ કહેવરાવાય કે 'જો મને તેડાવવી નથી, તો શું જોઇને પરણવા-પરણાવવા આવ્યા હતા' ના, લજ્જા-મર્યાદા ગુણ ના પાડે છે કે સાસરે જવા આવું કશું બોલાય નહિ. શા માટે બોલવાનું ? ઇંદ્રિયોના સુખ માટે જ ને ? એવા સુખ માટે મર્યાદા બહારનું નિર્લજ બોલાય નહિ બાકી તો મા-બાપના ઘરે પણ રહેવા-કરવામાં ક્યાં વાંધો છે.'

**એક બાઈનો ભવાડો :-**

લજ્જા ન હોય અને ઇંદ્રિયોના તરપણ જ મહત્ત્વનાં હોય, તો તો ભવાડો કરે. એક ગામમાં એક ભાઈએ પરણીને વરસો થયા આધેડ ઉંમર થઇ, પછી બ્રહ્મચર્યવ્રત લીધું. પણ બાઈને ન ગમ્યું, તે લાજ મૂકી, ને ભવાડો કર્યો. આજુબાજુમાં ઘોંઘાટ મચાવી મૂક્યો, કહે 'જુઓને આ વગર પૂછ્યે ને વગર ગાછ્યે ચોથું વ્રત લઈ આવ્યા ! છે કાંઇ અક્કલ ?' હવે આનો જવાબ કોણ દે કે 'ભલી રે બાઇ ! એમાં તારું શું બગડ્યું ?' કદાચ કોઇ પૂછે તો આવા લાજ વિનાના માણસને નાગો જવાબ દેતાં કશી શરમ ન આવે. એમાંય સામેથી કદાચ કોઇ કહે 'અલી ! પણ આટલા વરસો તો પરણ્યે થયા, તે હવે એના આત્માનું એ ન કરે ?' તો ય આ નિર્લજ્જ માણસો બોલવામાં કશા પાછા ન પડે. એ તો ભભડે 'હા, હવે આત્માનું કરીને અમને મારી નાખો. ત્યારે તમે કેમ વ્રત લેતાં નથી ? બીજાને શિખામણ દેતાં જ આવડે છે ?'

પણ આ તો કદાચ 'કહેનાર મળે' ની વાત છે. ખરું તો આજે શિખામણ આપનાર છે ક્યાં ? બધી એક જાતની જમાત. તે પેલી બાઈના ભવાડા પર આજુબાજુવાળા બધાંય ઉપરાણું એનું લેવા નીકળ્યા, તે એના ધણીને બિચારાને તંગ કરી નાંખ્યો, 'હે; ભાઇ ! તે તમે આ શું કરી આવ્યા ? ભલા માણસ ! જરાક તો અક્કલ રાખવી હતી ?' હવે આ બધાને ભાઇ શી રીતે પહોંચે ?

**પારકી પંચાતમાં પશુ નહિ, માનવ ખરો ! :-**

ઇંદ્રિયોનાં તરપણ એ જ જીવનલક્ષ્ય હોય ત્યાં પોતાની તો શું, પણ પારકી ય વાસનાની પંચાત લાજ મૂકીને કરાય છે. અનંત અનંત કાળથી જીવ વાસનાને

પોષતો આવ્યો, અને હવે ઊંચો માનવભવ, ને એમાં ય મહાન જૈન ધર્મ મળી ગયો, છતાં ખૂબી કેવી, કે વાસનાની આગ હજી સળગતી છે; તે એવી સળગતી કે પશુ તો પોતાની જ નિર્લજ્જ પંચાત કરવા નીકળી પડે છે. તો પછી આ તોફાનનો અંત ક્યારે ?

**મનુષ્ય જીવનના સિવાય બીજે ક્યાંય વાસનાની આગ બુઝાવવાનો અવકાશ દેખાય છે ?**

ત્યારે શું એમ માનો છો કે વાસનાની ખણજો ઊઠે છે એમાં સુખ છે ? આનંદ છે ? કે એ બાળનારી હોઇ આગરૂપ છે ? સુખનો અનુભવ તો, જોજો, વાસના જામવા-સળવળવા કાળે નથી થતો. એ તો વિષયનો સંપર્ક થયે થાય છે. ખરજવા-ધાધરમાં શું છે ? એની ચળ ઉપડે ત્યારે સુખ-આનંદનો અનુભવ નહિ, કિન્તુ પછી એને ખણો ત્યારે આનંદનો અનુભવ થાય છે. બાકી જે ચળ ઉપડે છે એ તો બળતી સતાવતી હોય છે. માટે તો એને ચળ્યા વિના કે મટ્યા વિના ચેન નથી પડતું.

**ઇંદ્રિયોને ચેન ન પડવા દે એ વાસના દુઃખ રૂપ કે સુખરૂપ ? બાળનારી કે ઠારનારી ?**

ત્યારે હવે શું એમ કહેશો કે 'ખેર, પણ ખરજવા-ધાધરની ચળ ખણતાં તો ભારે આનંદ આપે છે ને ?' જો એમ કહો તો તો એનો અર્થ એ, કે 'આ ખરજવું-ધાધર અને એની બાળતી ચળ પસંદ કરવા જેવી.' પરંતુ એ કોઇ પસંદ નથી કરતું નહિતર એ મટાડવા દવા શું કામ કરે ? દવા તો કરે જ છે.

**ખરજવાની દવા શું સૂચવે છે ? :-**

એ સૂચવે છે કે સમજે છે, કે 'ખણવાનો આનંદ ઘેર ગયો, મારે નથી જોઇતો. આ ખરજવા-ધાધરનો રોગ મટાડવા દે. જો એ રોગ જ નહિ, તો પછી એની ચળ ઊઠવાની ને બળતરા ભોગવવાની વાત નહિ. તેથી તો પેલા ખણવા કરતાં મહા આનંદ, સાચો સ્વસ્થતાનો આનંદ.'

**ખરજવાની દવાનો ન્યાય વાસના પર :-**

બસ, એ જ રીતે અહીં સમજવાનું છે કે વાસના આનંદરૂપી નથી. એ તો ખરજવાની જેમ રોગ છે. એની ખણજ ચેન નથી પડવા દેતી. વિષયસંપર્ક ન થાય ત્યાં સુધી ચિત્તને વિહ્વળ રાખે છે. સિનેમાના રસિયાના હાલ જુઓ. એક નવી મોહક જાહેરાત વાંચી કે વાસના ઊઠે છે. પછી એને હવે ચેન નહિ પડે, ટિકિટ મેળવવા દોડધામ કરશે. અને આજે ગમે તેટલી જીવનનિર્વાહની હાડમારી હોય પણ સિનેમા ટિકિટના તો કાળા બજારને ? ખરી રીતે ભારે મોંઘવારી-ખર્ચમાં લોક



ફોગટિયા ખર્ચ ન વધારે, તેથી એની ટિકિટ ખરીદનારા જ ઓછા હોય. પરંતુ આજે તો **ઊલટું** દેખાય છે. કેમ વારુ ? વાસનાની રામાયણ છે. વાસનાથી બળતા-ઝળતા હજારો માણસ ત્યાં દોડે છે. પછી ટિકિટના ભાવ ટાટા-ડીફર્ડના ભાવની જેમ ઊંચા જ બોલાય ને ? હવે એમાં જો એમેય પિક્ચરની ટિકિટ ન મળી, તો કઇ દશા ? જોવાની વાસના જાગી છે એટલે ચેન નહિ પડવા દે, ચિત્તને સંતાપ્યા કરશે. આ શું છે ? વાસના એ રોગ છે, દુઃખરૂપ છે. પછી વિષયસંપર્ક કરાય એ ખરજવાની જેમ વાસનાની ચળને ખણવારૂપ છે.

**વાસના એ રોગ**

હવે વિચારો-વિષયસંપર્ક, સારા મનગમતા રૂપ રસ સ્પર્શ વગેરે પદાર્થોનો સંયોગ થાય, ને એમાં આનંદનો અનુભવ એ વધાવવા જેવો ખરો ? સારો માનવા જેવો ખરો ? જો કોઇ ભારે ખરજવાવાળો કે ધાધરવાળો ખૂબ ખણ્યા કરતો હોય, ને તમે કહો કે 'અરે ! આવું ખણવું પડે છે કે તે આટલી બધી વ્યાધિ ? દવા કરો દવા;' ને એ કહે કે 'જાઓ જાઓ, આ શું રોગ છે તે દવા કરું આમાં તો કેટલી બધી મજા આવે છે;' તો તમે એવાને કેવો માનો ? બુદ્ધિમાન કે બુધ્ધુ ?

**વાસના રોગ ન માને બુધ્ધુ :-**

ત્યારે જ્ઞાની તમને જો કહે કે 'અરે ! આટલા બધા વિષયસંપર્ક કરવા પડે છે તે આટલી બધી વાસનાની વ્યાધિ ? દવા કરો દવા; 'ને તમે જો કહો,' રહેવા દો રહેવા દો, વાસનાને શું વ્યાધિ કહો છો ? એ તો સહજ છે; આના પર તો વિષયસંપર્ક કરતાં કેટલી બધી મજા આવે છે ! માટે વાસના એ રોગ શાનો ? 'તો તમે બુદ્ધિમાન કે પેલા ખરજવાને આનંદનું સાધન માનનાર જેવા બુધ્ધુ ? વાસનાની બરાબર ખરજવાની સાથે તુલના કરીને વિચારી જુઓ.

**ખરું સમજવા જેવું શું ? : વાસના એ રોગ :-**

આટલું જો ગળે ઊતરી જાય કે 'ખરેખર તો વાસના એ ખરજવા જેવો રોગ જ છે, કેમકે એમાં ચિત્તની વિહ્વળતા અને એક પ્રકારનો સંતાપ જ બની રહે છે. પછી એના પર વિષયસંપર્કથી ભલે ગમે તેટલો આનંદનો અનુભવ થાય, પરંતુ એ આનંદની કશી કિંમત નહિ. ખરું તો આ, કે વાસનાનો રોગ જ નાબૂદ થઇ જાય, અને ખરજવું મટવા પર જેવી શરીરની આવકારલાયક સુંદર સ્વસ્થતા, એવી આ વાસનારોગ નાબૂદ થવા પર ચિત્તની આવકારલાયક મજેથી સ્વસ્થતા થાય.' આટલું જો ગળે ઊતરી જામ તો તો તમે ન્યાલ થઇ ગયા સમજો. કારણ,-

**'ચિત્તની વિહ્વળતા અટકે એ મોટી ચીજ :-**

'વાસના એ રોગ છે, ભયંકર રોગ છે, કેમકે એમાં ચિત્ત વિહ્વળ બને છે,

સંતાપવાળું બને છે,' -આ વસ્તુ દિલમાં બેસી ગયા પછી તો મન કંટાળશે કે વારે વારે આ શી વેઠ કે પહેલી તો વિષયરાગની વિહ્વળતા ઊભી કરવી, ને પછી એના પર વાસના ઉઠાડી વિહ્વળતા વળી ઊભી કરવી ? ચિત્ત વિહ્વળ કરે એવા વિષયનો રાગ અને એને ભોગવવાની વાસના એ બે ય ખોટા, બે ય ખતરનાક, મારે તો ચિત્તની સ્વસ્થતા ખપે, વિહ્વળતા નહિ.

આમ મુખ્ય, ચિત્તની સ્વસ્થતા પર લક્ષ બંધાઈ જાય, 'કોઈ પણ ક્ષણે ચિત્તને વિહ્વળ નથી કરવું, વ્યાકુળ નથી થવા દેવું,' એવું રટાય, એનો પ્રયોગ કરાય, ઉદ્યમ કરાય, જ્યાં કોઈ રાગ કોઈ દ્વેષ, કોઈ હરખ કોઈ હાસ્ય, કોઈ ખેદ-ગ્લાનિ-ઈર્ષ્યા-મદ અરુચિ, વગેરે ઊઠવા જાય કે તરત આ જાગૃતિ કે 'ચિત્તમાં મારે આ વિહ્વળતા ન જોઈએ.' એમ એને શાંત કરાય, હટાવાય; તો સમજો કે ચિત્ત પર એક મહાન વિજય પ્રાપ્ત થઈ ગયો.

**'મન જીત્યું તેણે સઘળું જીત્યું'** એ અર્થમાં કહ્યું, **મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'**

ચિત્તની આ બધી રાગાદિ વિહ્વળતા અટકાવવાથી આત્મા ગુણસ્થાનકની પાયરીએ દોડતો ચડે; કર્મના બંધન ઘણા ઓછા લાગે; **'અપ્પો સિ હોઈ બંધો'** કર્મબંધ અલ્પ; કેમ ? નિર્ધ્વંસપણે પાપ ન કરે માટે. એ નિર્ધ્વંસપણું એટલે પાપનો ભારે રાગ, ભારે વિહ્વળતા એ ઘટે તો કર્મબંધ ઘટે.

ત્યારે, વિહ્વળતા ક્યારે ઘટે ? વિષયરાગ અને વાસનાને ભયંકર રોગ સમજી રખાય, પછી ખરજવામાં ખણવાની જેમ વિષયસંપર્ક કરવાની નહિ, પરંતુ ખરજવાને મિટાડવાની જેમ આને મિટાડવાની દવા કરાય. તો પૂછો,

**વાસના મિટાડવાની દવા કઈ ?** એમ માની લેતા નહિ કે 'પૂર્વનાં કર્મ હોય એટલે વાસના તો ઉઠે જ;' કેમકે એમ જો માની લીધું તો તો વાસનાને આવકાર્યે જવાશે, એના પર નવાં નવાં કર્મો તૈયાર થયે જશે, અને એમ વાસનાથી કર્મ, કર્મથી વાસના, વાસનાથી કર્મ.... ચાલશે. ચલાવવું હશે તો શાશ્વત કામ ચાલી શકશે. ખરી રીતે, પૂર્વનાં કર્મે ભલે હોય, પરંતુ એને જિનશાસનના આલંબનથી નિષ્ફળ કરી દબાવી શકાય છે. એટલા માટે જ શાસનની સ્થાપના છે. તેટલું વિચારો ને કે શાસનથી જો વાસનાઓ દબાતી ન હોત તો તો ભગવાન શાસન-સ્થાપન જ શા માટે ?

બસ, શાસનના કહેલા માર્ગે ચાલો તો વાસના ઓછી થતી આવે. એ માર્ગમાં પહેલી વસ્તુ આ, કે વાસનાને ભયંકર રોગ સમજતા ચાલો, એનાથી આત્માને કેન્સર જેવી દશા સમજો.

**કેન્સર એટલે જીવન કેન્સલ. એમ અનિયંત્રિત વાસના એટલે આ ઉચ્ચ ભવ કેન્સલ.**



આ સમજીને વાસના ઊઠવા પર ભારે ગભરામણ ભારે નિરાશા જાગે. તુરત જ ત્યાં મહાપુરુષો મહાન-સતીઓને યાદ કરાય.

**'સતીઓ માંહે જેહ શિરોમણી, સીતા જેહનું નામ;**
**ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, નિત્ય નિત્ય હોજો પ્રણામ.**

**કામની રૂપ-સ્પર્શની વાસના દબાવવામાં,** રાવણ સામે એકાંતમાં મહાસતી સીતાજી, વેશ્યા સામે એકાંતમાં સ્થૂલભદ્રસ્વામી, રહનેમીની સામે એકાંતમાં રાજીમતી, એકાંતમાં આઠ નવોઢા સામે જંબુસ્વામી, એકાંતમાં રાણી અભયા સામે શેઠ સુદર્શન... વગેરે વગેરેને યાદ કરવાના.

**રસની વાસના સામે** હજી ગઈ કાલે રસગુલ્લાં આદિ કેઈ સુંદર ખાદ્ય-પેય ઉડાવનાર ધન્નો આજે ચારિત્ર લઈ છઠ્ઠ-છઠ્ઠના પારણે આયંબિલનો અભિગ્રહ કરી જબરદસ્ત પાળે છે એ. ઘોર તપ બાર વરસ આદરી હાડપિંજર-શી કાયા કરનાર મેઘકુમાર, શાલિભદ્ર-ધનાજીના ગજબનાક ત્યાગ, બાર વરસ આંબેલ કરનાર જગચ્ચંદ્રસૂરિજી, ૬૦ હજાર વર્ષ આયંબિલ કરનારી સુંદરી,....વગેરેને યાદ કરાય.

**શબ્દની વાસના દબાવવા** નવ ગ્રૈવેયક અનુત્તર વિમાનના દેવો કે જે અવધિજ્ઞાનથી સાંભળી શકે એમ છે, છતાં જેમને એનો વિકારમાત્ર નથી, ખણ જ આતુરતા નથી, એ દેવો દૃષ્ટિમાં લવાય. એક લાખ બાણુ હજાર અંતઃપુરનાં વાસનાપીડિત કાલાવાલાભર્યા રુદનની જરાય અસર ન લેનાર ચક્રવર્તી સનતકુમાર મહામુનિને યાદ કરાય.

**વાસનાની દવા કરવી છે ને ?**

(૧) વારંવાર આવા મહાપુરુષો મહાસતીઓને યાદ કર્યા કરો.

(૨) એમનાં જવલંત પરાક્રમ મન પર લાવો.

(૩) મનમાં કચરાભૂંસા ઘાલવાનું બંધ કરો.

(૪) જ્યાં ને ત્યાં રેડિયો-ઢેડિયાના ગીત, મોહઘેલી તરુણીઓના ચાપલુસીભર્યા અવાજ, નઠારાં ચિત્ર-લેખ-નોવેલ વગેરે કચરાને અડો નહિ. અને સતત ચાલુ દવા આ, કે

(૫) બાર ભાવનાઓ, દશ ચિંતનો, તત્ત્વવિસ્તાર, ધારાબદ્ધ મહાચરિત્ર વગેરેને મનમાં ચાલુ ને ચાલુ રાખો.

(૬) મનગમતા ઇંદ્રિય-વિષયોની ભારે ઘૃણા કરો.

(૭) મહાપુરુષો મહાસતીઓએ શું શું વિચારી શી શી રીતે વાસનાને કચરી હશે, પ્રલોભનોને કૂચા લેખ્યા હશે, ખણજોને ઊઠવા જ નહિ દેતાં નિર્વિકાર રહ્યા હશે, એનો વિચાર કરો.

(૮) 'વાસના, વિષયરાગ ને વિષયો એ ભયંકર રોગ છે' એ વારંવાર ગોખો.

જો આમ વાસના-વિષય-વિષયરાગ એ ભયંકર રોગ સમજાય તો ચિત્તને એની પાછળ વિહ્વળ નહિ કરાય. નહિતર તો વાસના-પાછળ વિષય-વિષયરાગની પાછળ ઝૂરવાનું રહેશે. પછી મળવામાં ભારે ઉન્માદ, ને ન મળવામાં ભારે સંતાપ રહેવાનો. એમાં પછી આડાઅવળા રસ્તા ય પેસે.

**સરસ્વતીનું બાપને આશ્વાસન :-**

પેલી સરસ્વતીને દેવદિન્ને પરણ્યા બરાબર એને બાપને ઘેર જ રહેવા દીધી છે, બોલાવતો નથી, બાપને કે સસરાને બીજો કાંઇ જવાબ દેતો નથી; છતાં સરસ્વતીના શા હાલ છે ? આ જ, કે એ સ્વસ્થ છે. દુઃખી થતા બાપને એ આશ્વાસન આપે છે કે 'પિતાજી ! જરાય ચિંતા ન કરશો. માત્ર, હવે મારે અહીં રહેવાનો હક નહિ, છતાં સંયોગવશ રહેવું પડ્યું છે, એટલું જ દુઃખ છે. બાકી તો બધું કર્મના ને વાસનાના ખેલ સમજું છું. મને વાસના ન નડતી હોત તો તો ચારિત્રમાર્ગે ન ચડી ગઇ હોત ? તેમ મને કર્મ ન નડતાં હોય તો આવા સારા ખાનદાન પતિ મને બોલાવત નહિ ? કાંઇ નહિ, મારાં એટલાં દુષ્કર્મ ખપે છે. ધર્મનું શરણ ધર્મનું આશ્વાસન મોટું છે.'.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૧૨,તા.૧૩-૧૨-૧૯૬૯**

''સરસ્વતી મનમાં સમજી ગઇ છે કે 'આ નાનપણે શાળામાં ભણતાં હું જે બોલી પડેલી કે 'સ્ત્રીએ તો પુરુષને દાસ બનાવી રાખવો જોઇએ,' અને એ વખતે દેવદિન્નના મોંઢા પર એની ગાંઠ વાળેલી મુદ્રા દેખાયેલ, એ જ કારણ લાગે છે કે મને એમણે આ સ્થિતિમાં મૂકી છે, ભલે, આમાં ય કર્મના ખેલ છે. એમ અશુભ કર્મ ભોગવાઇ ગયે સૌ સારાં વાનાં. વેઠવાનું સહવાનું આવે અને શાંતિથી વેઠી લેવાય, સહી લેવાય, એમાં ખરાબ કર્મ ઓછાં જ થાય છે, વધતાં નથી; પછી શી ફિકર ?

બાઈએ ભારે છીરજ રાખેલી. કેમકે મૂળમાં વાસનાને રોગ સમજે છે. રોગ તરત હટાવી ન શકાય એ એક વાત છે, અને રોગને રોગ જ ન સમજાય એ જુદી વાત છે.''

**માયાદિત્યનું શું થયું :-**

પેલો માયાદિત્ય માયાની વાસનાને રોગ જ નથી સમજતો, પછી એને સેવવામાં કાંઇ બાકી ન રાખે એમાં નવાઇ નથી. માર ખાધો છે, છતાં કૂતરાની પૂંછડી સીધી ન થાય, એમ એની વક્રતા જતી નથી. તે હવે સ્થાણુને કપટવાતથી



લાગણીવશ બનાવી એની સાથે આગળ ચાલ્યો. નર્મદા નદી પાર કરીને આગળ ચાલતાં બંને જણ રસ્તો ભૂલ્યા તે મોટી અટવીમાં ઊતરી પડ્યા. હવે માર્ગ ભૂલ્યા પછી આવી અટવીમાં જલ્દી માર્ગ જડે ?

**જિનમાર્ગ ભૂલેલો ફરી ક્યારે પામે ? :-**

જિનમાર્ગ મળ્યા છતાં પ્રમાદથી એની આરાધના ન કરનારા જેમ એ ભવ પછી લાખો ભવો થવા છતાં આ સંસાર-અટવીમાં જિનમાર્ગને ન પામી શકે, એમ આ મહા અટવીમાં સ્થાણુ અને માયાદિત્યને માર્ગ જડતો નથી. આગળ આગળ ચાલ્યા જાય છે. પાછો ગ્રીષ્મ ઋતુનો ધમધોખ તાપ પડે છે. ત્યાં સ્થાણુ જરા વધુ ગભરાય છે. એ માયાદિત્યને કહે છે, 'ભાઇ ! જો, ભૂખ તો એવી લાગી છે કે પેટ બેસી ગયું છે નીચું. તેથી જાણે એમ લાગે છે કે આ કેડે બાંધેલ રત્નપોટલી કદાચ નીચે ઊતરીને પડી જાય. માટે એમ કર, લે આ રત્નપોટલી તારી કેડેજ બાંધી દે' એમ કહીને રત્નોની પોટલી એને આપે છે,

**માયાવીને રત્ન મળ્યાં :-**

બસ, બિલાડીને દૂધ સાચવવા ભળાવ્યું, પછી બિલાડીને કેટલો આનંદ ? માયાદિત્ય બિલાડી જેવો છે; એ આ રત્ન પોટલી મળતાં અંતરમાં ખુશ ખુશ થઈ ગયો, એના મનને થાય છે કે 'વાહ ! મારુ નસીબ કેવું ચમકતું છે ? મારે જે કરવું હતું કે રત્નો હાથ કરી લેવા, તે આ તો મારે કશો પ્રયત્ન ન કરવો પડે, કશું બોલવું ય ન પડે, એ રીતે આ પોતે જ મને સહજ ભાવે રત્નો મારી પાસે રાખવા સોંપે છે ! બસ બસ, હવે ફિકર નથી હવે તો અટવી મોટી છે, રસ્તામાં ગમે તે ઉપાય કરી લઈશ, જેથી એના પણ પાંચ રત્નો મને પચી જાય'

**મહાકિંમતી મન ને ગેરુપયોગ ? :-**

કેટલી ભયાનક વિચારણા ? ક્યાંય પાપનો ડંખ દેખાય ? વાઘ-વરુના અવતાર કરતાં કોઇ વિશેષતા ખરી ? મૂર્ખ જીવને એટલો વિચાર નથી કે 'જેની ખાતર આ વિચારણા કરી રહ્યો છું એ ચીજ તો કોને ખબર મળી કે કેમ ? ટકી કેમ કેમ ? ધાર્યું બનશે કે કેમ ? અને તત્કાલ ધાર્યું બની ય આવ્યું. પણ પછી શું ? કુદરતે બિચારીએ દીર્ઘ કાળનો વિચાર કરવા મહાકિંમતી મન આપી દીધું, પરંતુ એ જ મનથી ટૂંકા વિચાર પ્રપંચના વિચાર કરાય એ મહાકિંમતી મનનો કેવો ગેરુપયોગ ? એમાં જીવનની કેવી બરબાદી ? પછી કુદરત ફરી વાર આવો સુંદર ભવ અને સુંદર શક્તિસંપન્ન મનની બક્ષીસ કેમ કરે ?

માયાદિત્ય, રત્નો પાસે આવ્યાથી, મનમાં રાચતો રાચતો સ્થાણુ સાથે ચાલી રહ્યો છે. ગરમી બહુ પડે તરસ લાગી ગઈ છે. સ્થાણુ કહે છે, 'ભાઈ ! હવે તો

પાણી પીધા વિના ચાલવું મુશ્કેલ છે.'

માયાદિત્ય કહે છે, 'ચાલો આપણે તપાસ કરીએ ને ક્યાંક કૂવા જેવું મળી આવે તો પેલું દૂર વડનું ઝાડ દેખાય છે ત્યાં જઇ બેસીએ અને તપાસ કરીએ ! એમ કરી બંને જણ ઝાડની દિશા તરફ વળ્યા. આગળ જાય છે. ત્યાં રસ્તામાં જ એક કૂવો જોવામાં આવ્યો. આજુબાજુ ઘાસ ઉગ્યું હશે તે કૂવો દૂરથી ન દેખાયો, પણ નજીક જતાં નજરે ચડ્યો.

**માયાવીનો નવો પ્રપંચ :-**

માયાદિત્ય કૂવાને જોઇ લઇ, હવે જુઓ, કેવી ભયંકર વિચારણા કરે છે ? એના મનને થાય છે કે 'વાહ ! આ મોકો સરસ આવી ગયો છે. ગમે તેમ કરીને સ્થાણુને કૂવામાં પાડી દઉં તો આ વેરાન જંગલમાં કોણ જોવા આવવાનું છે ? અને ઘરે જઇને તો બાદશાહ છું. એના સગાને પોક મૂકીને રોતાં કહી દઇશ કે 'અરેરે ! અમે ગયેલ પરદેશમાં; આ પરદેશ કેવો ગોઝારો કે ત્યાંથી પાછા વળતાં સ્થાણુને રસ્તામાં મોટી બિમારી આવી ગઇ, ને એ બચી શક્યો નહિ, તે મરી ગયો. હાય ! હાય ! આ ક્રૂર કાળ કેવો ?'

બસ, એક જ વાત છે કે બહાર કાંઇ આબરૂ ન બગડે એ રીતે મિત્રના રત્નોનો માલિક થઇ જવું પછી એમાં માત્ર ઠગાઇ જ નહિ કિન્તુ મિત્રને મારી નાખવો પડે તો માયાવીને તેમ પણ કરવામાં સંકોચ નથી. દુનિયામાં નાસ્તિકની દૃષ્ટિએ પણ જે ઘોર કૃત્ય ગણાય, ઉપકારી મિત્રનો વિશ્વાસઘાત અને પ્રાણનાશ, -એવા ઘોર કૃત્ય આ લક્ષ્મી કરાવે છે. કદાચ મારી નાંખવા સુધીની હદે ન જાય, તો ય વિશ્વાસઘાત કરવાના દાખલા તો આ કલિયુગમાં કેટલા ય મળે. ડોળ આસ્તિકનો, ને કામ નાસ્તિકથી ય ભયંકર કરવા એ કળિયુગના માનવોની બલિહારી છે.

**છૂપો નાસ્તિક ભયંકર :-**

**પ્ર.-** તો પછી શું આસ્તિકપણું પાપથી બચાવી ન શકે ?

ઉ.- બચાવી શકે, પણ દિલથી આસ્તિકપણું હોય ત્યારે ને ? માત્ર બાહ્ય વ્યવહારથી ને બોલથી આસ્તિકતા હોય, ને દિલ કોરું ધાકોર છૂપી નાસ્તિક્તાવાળું હોય ત્યાં શી રીતે પાપથી બચે ? તો પછી પૂછો ને કે કોઇ નાસ્તિક કેમ બચે છે ? નાસ્તિક બચતો હોય તો એનું કારણ એ છે કે એ પોતાની જાતને ખુલ્લી નાસ્તિક તરીકે ઓળખાવે છે. એટલે ડોળ રાખવાની માયા એનામાં નથી. તેથી હૃદય એવું ધિટ્ઠું નથી. માયા અને હૈયાની ધિટ્ઠાઇ ભયાનક વસ્તુ છે. એ વાઘવરુના ખેલ કરાવે છે. પણ વાઘવરુ તો સારા કે પોતાના ખોળિયાથી ઓળખાઇ જાય કે 'આ વાઘવરુ છે, મારી નાંખશે, માટે આઘા ખસી જાઓ.' ત્યારે અહીં તો ખોળિયું



માણસનું, તે પણ આસ્તિકતાના દેખાવવાળા આર્ય મનુષ્યનું, એટલે સામો ભુલાવામાં જ પડે કે 'આ કાંઇ એવાં ઘોર કૃત્ય ન કરે.'-આવા વિશ્વાસમાં તણાઇ એની સાથે વ્યવહાર-સંબધમાં જોડાય છે; પરંતુ આ ભયંકર વિશ્વાસઘાત કરે છે ! અને પેલો મરે છે, આ કપટીના દ્રોહનો ભોગ બને છે.

કેવી વિષમતા ! પુણ્યે તો એને સારું ખોળિયું સારો અવતાર પામ્યો; કેમ જાણે આ ભાગ્યવાન સારાં કામ કરશે; કમમાં કમ વાઘવરુના ખેલ તો કદી નહિ આચરે ? પરંતુ જીવની જાણે કર્મને ચેલેન્જ કે 'તું મને શું ઊંચે ચડાવે ? હું એનાથી તદ્દન વિરુદ્ધ દોષદુષ્કૃત્યો આચરવા શક્તિમાન છું !'

**પુણ્યાઈ ક્યાં અને આચરણ ક્યાં ?** માણસ જો આટલો પણ વિચાર રાખે કે 'બીજા અસંખ્ય જીવો અને કરોડો અનાર્ય માણસો કરતાં જો મારી પુણ્યાઈ મારું સ્થાન દરજ્જો ઊંચા છે, તો મારે મારા દિલને અને આચરણ-બોલચાલને ઊંચા જ રાખવા જોઈએ,' તો ઘણાં અધમ કૃત્યોથી બચી શકે.

'મારાં છૂપાં પાપ કોણ જાણવાનું છે ? માટે એ આચર્યે રાખો.' આ વૃત્તિમાં તો એ વિચાર ઊભો જ નથી રહેતો. નહિતર,

**સ્થાનનો, દરજ્જાનો અને પુણ્યાઈનો વિચાર ઘોર પાપોથી બચાવનાર બને.** પરંતુ લક્ષ્મીની માયા અને માનસન્માન-સત્તાની માયા ભૂંડી છે. એ એવો પુણ્યાઈનો કશો વિચાર નહિ કરવા દે. પોતાને સત્તા-સન્માન જોઈએ છે તો પછી એ માટે જરૂર પડ્યે બીજાનું કાટલું કાઢી નાખવામાં એને કશો આંચકો નહિ આવે. માટે જ કહે છે ને કે

'માયા' એટલે મમતા. મન પર જગતની કશી વસ્તુની મમતા ચોંટે એ ભૂંડી-કારમી-ભયંકર છે. રોજ ભગવાનની વાણી સાંભળવાનું કારણ આ છે કે એ એવી કારમી માયાના રંગ ઓછા કરાવે, આ જ કામ રેડિયો-છાપાં-વહેવાર વગેરેમાં તણાઈ ઓછું કરી નાખ્યું, તો ફળ દેખાય છે કે માણસાઈ મૂકીને કેવાં કેવાં ઘોર કૃત્ય નિર્ભયપણે કરાય છે ! શું કામ ડરે ? એ તો રોજ સારું સાંભળતો હોય તો પાપથી ગભરાય, અંતરને વિચાર આવે, સારું સાંભળવાનું જ જો નથી રાખ્યું, તો પછી સારો વિચાર કરવાને જગા જ ક્યાં છે ?

આજની નવી પ્રજાને આનાથી વંચિત રાખીને, વિચારજો, કેટલા ભયાનક પાપના પંથ પર મૂકી રહ્યા છો ? બચાવ કરો છો કે "છોકરાને તો અમે કહીએ કે 'જાઓ ગુરુ મહારાજ પાસે, એમની વ્યાખ્યાનવાણી સાંભળો' પરંતુ એ અમારું માનતા નથી." પરંતુ આ કહેવાનું ક્યારે ? વર્ષો સુધી એ દુનિયાની માયામાં ઊછેર્યા પછી ને ? એટલામાં તો જબરદસ્ત દુનિયાની માયા એને લાગી ગઈ, હવે

એ શાનું તમારું માને ? એ તો ઠેઠ નાની ઉંમરથી એને સત્સમાગમ અને વ્યાખ્યાન શ્રવણમાં જોડો તો એને એનો રસ લાગે, શ્રવણથી એ કોમળ હૃદયનો બન્યો રહી પાપથી ડરે, માયાને ભયંકર માને; તો પછી મોટો થયે સારો રહી શકે. બાકી તો એ વિના જંગલી પશુ વાઘવરુથી બદતર બને એમાં નવાઈ નથી.

આજની કેળવણી, આજની દોસ્તી, અને આજના સિનેમા-રેડિયો-છાપાં એ શું છે ? પૈસા અને વિષયોની જોરદાર માયા કરાવનારાં સાધનો છે; ઝેરી સર્પ છે, જડ-માયાનું ભયંકર ઝેર નાખ્યા જ કરે. તમે લોકો ભોળા છો, મૂઢ છો, આ સમજતા નથી એટલે સંતાનને આ જાલિમ ઝેર પીરસનારી ચીજોમાં ડૂબાડૂબ રાખી સત્સંગ અને સતશ્રવણથી જ વંચિત રાખો છો. અમે કહીએ ત્યારે બચાવ કરો છો કે 'સાહેબ ! છોકરાને નિશાળનું લેસન ઘણું, પાછા માસ્તર ભણાવવા આવે છે, એટલે એને વ્યાખ્યાન સાંભળવાનો સમય ક્યાંથી મળે ?,' આવો બચાવ કરો છો પરંતુ એ નથી જોતા કે બહાર બધે જડ-માયાના જ કોરાં ઝેર પીતો રહેશે, તો એનું દિલ કેવું નઠોર બનશે ? ન ધર્મનાં વ્યાખ્યાન સંતાનને સંભળાવવા, ન સત્સંગ સધાવવો, કે ન જાતે ૦ા-૦ા કલાક બેસાડી સારી આત્મહિતની વાતો કહેવી, પછી એ બિચારા નવા જીવોનું ઘડતર કેવું થવાનું ?

ભરોસે રહેતા નહિ; આજની રીતરસમમાં ઊછરેલા છોકરા ઠેઠ સામ્યવાદી વિચારના થવા માંડ્યા છે. આર્યદેશ આર્ય કુળના ફરજંદ, અને વિચાર સામ્યવાદના ! સામ્યવાદ સમજો છો ને ? એ કહે છે 'ધરમે માનવ-જાતનું નિકંદન કાઢ્યું છે, માટે ધરમનું નામ નિશાન કાઢી નાખો. ધર્મની વાત કરનારને ગોળીએ ઉડાવો.' ચીનવાળાએ તિબેટમાં શું કર્યું ? પહેલાં પોતાના જ દેશ ચીનમાં કેવી હોનારતો સર્જેલી ? ધરમનું નામ લેનારાને ખોળી ખોળીને સાફ કરી નાંખ્યા.

આ સામ્યવાદ અહીં ઊતરતો જાય છે. તમે માનો 'છોકરા સીધા નિશાળે કોલેજે જાય છે, ભણે છે;' પરંતુ ત્યાં જે એને સંપર્ક મળે છે, અંતરથી સામ્યવાદી વિચારના માસ્તરો પાસેથી શિક્ષા મળે છે, અને મુખ્ય તો જડમાયાના જે સંસ્કારનો ધોધ મળે છે, એમાં આર્યત્વ-આત્મવિચાર-પાપઘૃણા વગેરે ખત્મ થઈ જાય છે.

**માટે ખૂબ ડહાપણ રાખો, સમજીને બેસો કે આજે બહારમાં કેળવણી-રેડિયો-છાપાં-પિક્ચર સોબત, બધે જ કોરી કડકડતી જડ-માયાનાં ઝેર મળવાનાં છે. એથી નવી પ્રજા ધર્મ સદાચારો-સદ્‌ગુણો પ્રત્યે બેપરવા અને નિષ્ઠુર ન બને એ, અને વાઘ-વરુને ટપી જાય એવી અધમતા આચરશે.**

એકલી જડમાયાના રંગ અધમ બધું જ આચરાવે. આજે સંભળાય છે ને કે સરકારી ઈસ્પિતાલોમાં સરકાર તરફથી દરદીઓ માટે દવાઓ-ઈંજેક્શનો વગેરે મળે



છે, એમાંથી ય ડાક્ટરોની ખાવકલાગીરી કેવી ચાલે છે ? ગરીબ દુઃખી દરદીના ય હિતનું ખાઈ જવું ! હદ થઈ ને ? પ્રજાના ભલા માટે જ સરકારે કરેલી યોજનાઓમાંથી લાખો કરોડો રૂપિયા ચવાઈ જાય ? હોદ્દા પર બેઠા પછી લાંચ રુશ્વત 'ગમે તે રીતે સામાને કેમ નીચોવી લઉં ?' એમાં પછી, 'સરકારને ભલે નુકશાન થતું હોય તો થાઓ' એનો ય વાંધો નહિ.

**આજની કેળવણીનાં કટુ ફળ :-**

આ બધું કયા લોકો કરે છે ? આજની કેળવણી પામેલા ને ? કેમ વારું ? આજના ઢાંચામાં ઢળાયેલા ને આજની રીતરસમમાં ઉછરેલા એમને માબાપોએ નાનેથી સત્સંગ-સત્‌શ્રવણ કરાવ્યા નથી, માત્ર જડ-માયાના રંગમાં રંગાવા દીધા છે, પછી આ જ પરિણામ આવે એમાં નવાઈ શી ? એ માબાપો હિતશત્રુ કે બીજું કાંઈ ?

માટે સંતાનના હિતશત્રુ ન થવું હોય, મળેલી ધર્મપરંપરાને આગળ વહેતી બંધ કરી તોડી નાખવી ન હોય, શાસન પ્રત્યે બેવફા ન બનવું હોય તો સંભવ છે સંતાનને કદાચ આજની કેળવણી વિનાના ન રાખી શકો, છતાં ઠેઠ નાની ઉંમરથી રોજના માટે એને ભણતરની જેમ સત્સંગ અને ધર્મશ્રવણનો કાયદો પળાવો, જેથી કોરી કડકડતી જડમાયાના રંગ એના પર ન ચડી જાય.

**મિત્રને કૂવામાં :-**

જડમાયાના રંગમાં માયાદિત્ય હવે કૂવો દેખતાં મિત્ર સ્થાણુનું કાટલું કાઢી નાખવાનો વિચાર કરે છે, માત્ર વિચાર કરીને બેસી નથી રહેતો, પણ સ્થાણુને કહે, 'ભાઈ ! જો ને પેલા કૂવામાં પાણી કેટલું ઊંડું છે ? હું એ ઉંડાઈનાં પ્રમાણમાં આ છાલના રેશાઓનું લાબું દોરડું બનાવી લઉં, ને એથી પછી પાણી કાઢીને આ જાલિમ તરસ મિટાવીએ.' સ્થાણુ બિચારો ભદ્રક, તે આની પહેલાંની બનાવટી દુઃખભરી વાતો સાંભળી એના પ્રત્યે વધુ લહેવાઈ ગયેલો ઝટ કૂવો જોવા જાય છે કે કેટલે ઊંડે પાણી છે. પાછળ માયાદિત્ય ચૂપકીથી જાય છે. કોઈ લજ્જા દાક્ષિણ્ય કે મિત્રપ્રેમ-પ્રીતિનો યા પરલોકનો કે સજ્જનના માર્ગનો વિચાર રાખ્યા વિના આ નરાધમ માયાદિત્ય કૂવામાં વાંકો વળીને જોતા સજ્જન સ્થાણુને પીઠમાં ધક્કો લગાવી દે છે. સ્થાણુ ખટ્ પડ્યો કૂવામાં.

વિશ્વાસ રાખનાર ભલા મિત્રને કૂવામાં ધકેલી દેવાનું કેવું ગોઝારું કૃત્ય ! મિત્રની કશી લાજ-શરમ કે એણે આજસુધી આચરેલી ભલાઈ પ્રત્યે કશું દાક્ષિણ્ય રાખ્યું નહિ. પછી મિત્ર તરીકેની સ્નેહ-પ્રીતિ તો સાચવવાની રહી જ ક્યાં ? લક્ષ્મીની માયા ભૂંડી. 'પરલોકમાં આવાં દુષ્કૃત્યનાં ફળરૂપે કેવાં ભયંકર દુઃખ અને દુષ્કૃત્ય વહોરવા પડશે,' એનો ય વિચાર ન આવવા દે.

**જડમાયાનો વધારે પડતો રંગ જ એવો છે કે એ સજ્જનતાનું દેવાળું કઢાવે.**

**સજ્જનના કેવા પવિત્ર, નિખાલસ, અને પરના ભલાની ભાવનાભર્યા રાહ હોય, એ કશું માયાનો રંગ જોવા જ ન દે. માટે કહો, કે**

**'કોઈ માયાના પિંજરામાં,**
**હાથે કરી ન પૂરાશો, જીવન એળે કરી ન ગુમાવશો.**

**માયા એટલે ? :-**

દુન્યવી પૈસા-પરિવાર, ચીજવસ્તુ કે સન્માન-સત્કાર વગેરે મેળવવાની તૃષ્ણા ઊભી કરી, યા મળ્યા પર મમતા ઊભી કરી, કે મળવાની આશા ય નથી છતાં એના પર રાગ આકર્ષણ ઊભાં કર્યા, અથવા કોઈ ગાંઠ શલ્ય અસત્ પકડ રાખી તો એ માયા ઊભી થઈ, માયાના પાંજરામાં પૂરાયા. બસ એ પૂરાવા ઉપર પછી અનેક નિર્લજ્જતા-મદ-હીનતા-નિષ્ઠુરતા વગેરે દોષો ઊભા થાય છે.

**દેવદિન્ન તંગ થતાં :-**

પેલા દેવદિન્ને મનમાં એક ગાંઠ વાળેલી કે 'પતિને દાસી બનાવવાનું બોલનારી આ સરસ્વતીને દેખાડી આપું એને પરણીને ઘરે લાવું જ નહિ,' તો એ ય એક જાતની માયામાં જ ફસાયો. વાહ ! માયાના કેટલા પ્રકાર ? પછી નિષ્ઠુરતા કેવી આવી કે પરણીને તરત એનો ત્યાગ કર્યો, તે ઘરે એને લાવતો નથી, બોલાવતો નથી. પણ વ્યવહાર કેટલું ચાલવા દે ? ઘરના માણસો આજુબાજુવાળા એને કાંઈ ને કાંઈ પૂછેગાછે, તંગ કરે છે 'લઈ આવો ને એ બિચારીને ઘરે.' એટલે આ લપમાંથી છૂટવું કેવી રીતે ? કારણ કોઈને કહેવું નથી, ને પેલીને પાછી બોલાવવી નથી, એટલે માબાપ અને બીજાઓ કહ્યા તો કરે જ.

**વેશ્યા સાથે સંઘર્ષ : આપ કમાઈની ઈચ્છા :-**

બીજું એક એવું બન્યું કે એકવાર દેવદિન્ન રસ્તામાં જતો હતો એમાં કાંક અસાવધાનીના લીધે એનો ખભો ત્યાંથી જતી રાજાની માનીતી વેશ્યાને લાગી ગયો. બસ ! પેલી તો ઊછળી એના પર, કહે છે, 'અરે બેશરમા ! આટલો મોટો ઢોલ જેવો થયો છતાં બાપની કમાઈ પર જીવનારા તારો આટલો બધો રોફ કે લોકને ખભા મારતો ચાલે ?' શું કરે દેવદિન્ન ? એના મનને લાગ્યું કે 'વાત સાચી છે કે હું આટલો ઊંમરમાં આવી ગયો છતાં બાપ કમાઈ પર જીવું છું એટલે અજાણ્યે જ મારો ખભો લાગી ગયો છતાં આ સાંભળવું પડે છે. હવે આમાં આની સામે બચાવ પણ શું કરે ?'

ભૂલ કોની નથી થતી ? ભલભલાની થાય. માણસમાત્ર ભૂલ ને પાત્ર છતાંય એમાં કોઈક બચાવ કરી શકે છે, જેમકે 'મને ખ્યાલ નહોતો,' 'મારી



સમજફેર થયેલી...' વગેરે. પરંતુ જો એની કોઈ બીજી નબળી કડી હોય છે, તો સામો એને આગળ કરીને તિરસ્કારે છે ત્યારે એને ચૂપ રહેવું પડે છે. દા.ત. જુઓ કે કોઈ વેપારીએ કોઈને સારા ભાવમાં રાશિ માલ પકડાવ્યો. પેલો ઘેર જઈને રાશિ જાણતાં પાછો લાવી કહે કે 'આ શું પકડાવ્યું ?' તો વેપારી બચાવ કરશે 'અરે ? લાવો લાવો ભૂલમાં ગયું' પરંતુ જો ઘરાક કહે 'બદમાશીમાં માર ખાઈ આવવા છતાં આ ધંધા કરો છો ?' તો વેપારીને ચૂપ થઈ જવું પડે છે; કેમકે પોતાની સિદ્ધ નબળી કડી પર શું બોલે ? માટે જ,

**જીવન જીવતાં આ ધ્યાન રાખવા જેવું છે કે એક પણ એવી નબળી કડી ન પોષાય.**

નહિતર બીજાઓનાં ટોણાં મેણાં મળશે, ને અવસરે આપણાં ધર્મ પર પણ આક્ષેપ સાંભળવા પડશે !

દેવદિન્નને લાગ્યું કે 'આ બાપ કમાઈ પર જીવવું એ મારી નબળી કડી છે, તો જ વેશ્યાનો ટોણો સાંભળવો પડે છે માટે મારે આપ કમાઈ જરૂરી છે.' આમ, (૧) આ લાગવા ઉપર, તથા (૨) પત્નીને ઘેર લાવવા માટે સગાંસ્નેહી તંગ કરતા હતા તે પર દેવદિન્ને પરદેશ જવાનું નક્કી કર્યું.

એ બાપને કહે છે, 'બાપુજી ! મારે પરદેશ વેપાર અર્થે જવું છે.'

બાપ કહે 'શા સારું પરદેશનાં કષ્ટ વેઠવાં ? અહીં આપણે સારો ધંધો ચાલે છે. તો એમાં જ લાગી જા ને ?'

આ કહે 'એ ખરું; પરંતુ મારે આપકમાઈ કરવી છે, વળી જીવનમાં નવી જાતના અનુભવ જે પરદેશમાં મળે, એ અહીં ન મળે'

અરે પણ ભાઈ ! એમાં જોખમ કેટલાં ?'

દિવદિન્ન કહે 'જોખમ-સાહસ-પરાક્રમ વિના તો આત્માનાં ઓજસ ક્યાંથી ખીલે ? માટે મારો પાકો નિર્ધાર છે. મને રજા આપો, સગવડ કરી આપો.'

**આત્મહિતાર્થે સાહસ કેમ નહિ ?**

આ જીવને સંસાર એટલો બધો રુચિ જાય છે, કે એ એમાં જોખમ-સાહસ-પરાક્રમ ખેડવા તૈયાર રહે છે. માત્ર નથી એને એવી તૈયારી કોઈ આત્મગુણ કે હિત-સાધના માટે; કેમકે એના પર એવી રુચિ એવું આકર્ષણ નથી. ત્યારે જીવનમાં માનવ તરીકેની શી વિશેષતા આવી ? ઠેઠ એકેન્દ્રિયપણામાંથી છૂટી ઉપર ચડતાં ચડતાં અનાર્ય મ્લેચ્છ માનવ-અવતાર કરતાં ય ઊંચા આર્યમાનવ-અવતારે આવ્યા, તો આત્માએ વિકાસ કયો સાધ્યો ?

**ઉત્તરોત્તર સારું જીવન મળતાં જીવનવિકાસ-ભવવિકાસ થયો, પણ ઉત્તરોત્તર**

**સારા ગુણો મેળવ્યા વિના આત્મવિકાસ ક્યાં ?**

થોડું મન મારો તો કામ સહેલું છે. મનને દબાવી બાહ્ય પ્રલોભનોને બહુ વશ થયા વિના થોડી આત્મ-ગુણની આત્મહિત-સાધનાની ત્રેવડ રાખવાની છે, કોશીશ કરવાની છે. થોડું કામ ચાલ્યું, પછી તો ગાડી આગળ આગળ વધવાની !

દેવદિન્નની દલીલ પર બાપ નિરુત્તર થઈ એને પરદેશ જવાની સંમતિ આપે છે, અને માલની-માણસોની સગવડ કરી આપે છે. એ લઈને દેવદિન્ન માતાપિતાને પગે પડી આશીર્વાદ મેળવીને પરદેશ ઊપડે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''　　વર્ષ-૧૮,અંક-૧૩,તા.૨૦-૧૨-૧૯૬૯**

''ક્રમશઃ પ્રવાસ કરતાં, દેવદિન્ન એક એવા રાજ્યમાં પહોંચે છે કે જ્યાં રાજા 'પુરી **એક અંધેરી ને ગંડુ રાજા'** જેવો છે. ત્યાં એક માયાવી જોગણ રહે છે. એને પ્રપંચમાં રાજાનો ટેકો મળી રહે છે એ જોગણ પ્રપંચ કરીને પરદેશના વેપારીને સકંજામાં લઈ પોતાના ગુલામ બનાવે છે; અને એના ધનમાલ કબજે કરે છે.

દેવદિન્ન આ રાજ્યમાં પહોંચીને જુએ છે કે 'અહીં વેપાર-રોજગાર ધમધોકાર ચાલે છે એટલે વેપાર સારો થશે,' બસ ત્યાં પોતે પડાવ નાખ્યો. રાજાના દરબારમાં જઈ રાજાને નજરાણું ભેટ કરી પોતાનો પરિચય આપે છે, કે પોતે અમુક દેશમાંથી વેપાર અર્થે અહીં આવેલ છે. રાજા ખુશી બતાવી એને કેટલીક સગવડ કરી આપે છે. બસ, દેવદિન્ને ત્યાં રહી વેપાર કરવા માંડ્યો.

પેલી જોગિણી આ નવો વેપારી આવ્યો જાણી લાગ શોધે છે કે હવે આને કેવી રીતે ફાંસલામાં લેવો. એ માટે પહેલાં તો દેવદિન્નના માણસોને ફોડવા પ્રયત્ન કરે છે.''

**સંસાર ચલાવવો સહેલો છે ?** કેટલી કઠિનાઈઓનો કેટલી મુશીબતોનો સામનો કરવો પડે છે ? પોતાના વર્ષોજૂના માણસો, સારું પોષણ કરાયેલા છતાં, જો સામેથી કોઈ સારી રકમની લાંચ ધરે તો, એનાથી નહિ લોભાનારા કેટલા નીકળે ? તો પોતાના માણસો ન ફૂટે, આ ય એક કઠિનાઈ જ છે ને ? એવી તો પારાવાર કઠિનાઈઓ છતાં સંસારી જીવ એનો સામનો કરીને ય સંસાર ધમધોકાર ચલાવવા ઉજમાળ રહે છે. માત્ર ધર્મની વાત આવે, આત્મહિતની વાત આવે, ત્યાં જ કઠિનાઈ મુશીબત વેઠવાની તૈયારી નથી. અરે ! વગર મુશીબતનો ય ધર્મ કરવા મન ગલ્લાતલ્લા કરે છે; ઉપરથી કહે છે 'ધર્મ તો ભાઈ ! બહુ કઠિન આપણે તો પજુસણમાં એક ઉપવાસમાં ય લબડિંગ ઢીલાઘેંશ થઈ જઈએ છીએ.'



કહે છે ને ? પણ ભાઈને પૂછો કે 'એવી કોઈ બિમારી આવી, ને ડાક્ટર તદ્દન ખાવાની મનાઈ કરે, તો શું કરો ?'

'તે એ તો શરીર માટે ખાવાનું બંધ કરવું પડે. નહિતર બિમારી કેમ જાય ?'

**તો પછી આત્માની બિમારી કાઢવા માટે પદંર દિવસે એક દિવસ ખાવાનું બંધ ન કરવું પડે ? એવી બીજી પણ થોડી કઠિનાઈ ન વેઠવી પડે ?**

પરંતુ આત્માની પડી છે કોને ? બોલો, તમને આ વિચાર આવે છે કે આત્માની બિમારી કાઢવા માટે કઠિનાઈ વેઠીને ય ધર્મ કરવો જોઈએ ?

**કઠિનાઈનો સામનો કરીને પણ,**

જેમ ઘર ચલાવાય, તો ધર્મના અંગો ન ચલાવાય ?

કુટુંબ સંભાળાય, તો સાધર્મિક ન સંભાળાય ?

ઘરવાળાને તથા દીકરા-દીકરીની મોટી ફોજને પણ શણગારાય, તો પરમાત્માને ન શણગારાય ?

મુશીબત વેઠીને ય શરીરને ઠીક ન રખાય, તો આત્માને ઠીક ન રખાય ?

**સાચી આસ્તિક્તા :-**

**તમે આસ્તિક છો ?** આત્માને માનો છો ? માન્યાનું પ્રતીક શું ? ખાલી મોંઢે બોલવાનું કે 'હું આત્માને માનું છું' એટલું જ ? આત્માને માન્યા પછી એના હિત-અહિતનો કશો વિચાર નહિ ? હિત આદરવા અને અહિતને ટાળવા કશો ઉદ્યમ નહિ કરવાનો ? ભોગ નહિ આપવાનો ? કઠિનાઈ નહિ વેઠવાની ?

આજે સંઘનાં કામ કરનારા ખસી જાય છે. કહે છે 'શું કરીએ, આ ફલાણા આમ બોલે છે તેમ બોલે છે, રગડો કરવા આવે છે. આ રગડામાં આપણું કામ નહિ.' કેમ જાણે એ રગડાથી બધે જ આઘો રહેનારો ! દુકાન ખોલી હોય, ફેક્ટરી ચલાવવી હોય, અરે ! ઘરે કાંઈ ટાણું લીધું હોય, ને ત્યાં રગડા આવે, મુશીબત આવે, તો બધાનો સામનો કરવા તૈયાર. ત્યાં કાંઈ એ કામ મૂકી ન દે; એમ ન કહે કે 'ભાઈ ! આ રગડામાં આપણું કામ નહિ. ઘેર ગયો વેપાર અને ફેક્ટરી ! ઘેર ગયું ટાણું ! આપણે એ નથી કરવું;' એમ બોલે નહિ. એ તો સંઘની ધર્મની ને આત્મહિતની વાત આવે ત્યાં જ બધું અનુકૂળ અનુકૂળ જોઈએ છે, એ ન મળે એટલે ધર્મનો ને આત્મહિતનો ખપ નથી પછી ત્યાં આત્માને બહુ માન્યો ગણાય ? આસ્તિક્તા હૈયે તરવરતી કહેવાય ?

પેલા દેવદિન્નને ખબર પડે કે જોગણ માણસોને ફોડવાનું કરે છે, તો શું એ વેપાર-ધંધો મૂકી દે ? શું એમ કહે 'ના ભાઈ ! આ મુશીબતમાં આપણું કામ નહિ ? આમ માણસો ફૂટેલ હોય તો કેમ ચાલે ? ઘેર ગયો વેપાર-ધંધો ? શું કહે

આવું, ને ધંધો બંધ કરે ? તમે બંધ કરો ? ના રે ના, ત્યાંતો તમે એમજ કહો, 'મુશીબત આવી તેથી શું થઈ ગયું ? કાંઈ બાયલા છીએ તે એથી ગભરાઈને ધંધો બંધ કરીએ ? એ તો માણસો બદલી લેવાય. ને ધંધો તો ચાલુ રખાય.'

**તો પછી ધંધાની જેમ ધર્મની વાતમાં કેમ અંદરથી ઊઠતું નથી કે 'શું બાયલા છીએ તે મુશીબત-કઠિનાઈથી ગભરાઈને ધર્મ મૂકી દઈએ ?**

**એક જનમ માટે જો ધંધો કર્યા વિના ન ચાલે, તો અનેક જન્મો માટે આત્મહિતની સાધના વિના કેમ ચાલે ?**

**આસ્તિકને માથે શું ? :-**

આત્માને સચોટ માન્યો હોય તો આ વિચાર આવે. ત્યારે આત્માને સચોટ માન્યા વિના આસ્તિકપણું ક્યાં છે ? જેને ધંધા વિના ચાલે છે અને બાપનું થોડું ઘણું મૂકેલું સફાચટ કરતો જીવન ચલાવે છે એ લોકમાં નિંદાય છે, હલકા ગણાય છે. તો પછી જેને ધર્મ વિના ચાલે છે, અને પૂર્વભવના ધર્મનું થોડું ઘણું સંઘરેલું પુણ્ય સફાચટ કરતો ચાલે, એ કેવો ગણાય ?

**આત્માની સિદ્ધિ :-**

**આત્મા માટે કશો વિચાર નહિ કરો ?** ભૂલશો નહિ, શરીરથી તમે એટલે કે તમારો આત્મા જુદો છે. બિમારી ચાલતી હોય, ભલેને ગાદીમાં આખો દિવસ સૂવા મળતું હોય, છતાં મનને થાય છે કે 'આપણને આવું માંદલું શરીર ન પાલવે,' આ વિચાર કોણ કરે છે ? શરીર નહિ, આત્મા વિચાર કરે છે. વિચાર જો શરીર કરતું હોત તો તો એમ વિચારત કે 'હું માંદલું પાલવે નહિ, હું તો સશક્ત જોઈએ.' પરંતુ એવું નથી થતું. 'મારું શરીર માંદલું ન પાલવે' એમ વિચાર આવે છે. મરવાનું આવે છે ત્યાંય માદલાને એમ થાય છે કે 'હાય ! આ મારાં ગાત્ર મારું શરીર કામ કરતું બંધ પડે છે.' પરંતુ ત્યાં એમ નથી થતું કે હાય ! હું કામ કરતું બંધ પડું છું !' વિચારણા એ જો શરીરનો ધર્મ હોત તો તો આમ વિચારત; પરંતુ 'મારું શરીર હાય ! બંધ પડવા માંડ્યું ?' એ વિચાર આવે છે એ બતાવે છે કે વિચારનારો શરીરથી જુદો આત્મા છે, શરીર પોતે નહિ.

તો પછી આત્માના હિતનો વિચાર નથી કરવો ? કરવો હોય, તો ધર્મ વિના ચાલે એવું તો મનમાં સહેજ પણ ન આવવું જોઈએ. અહર્નિશ એમ થયા કરે કે 'બધા વિના ચાલે પણ ધર્મ વિના નહિ; અને એના પર જીવનમાં ઠામ ઠામ 'જમણ વિના ચાલે, તપ વિના નહિ,' 'રવિવારના આરામ વિના ચાલે, ૪ સામાયિક વિના નહિ,' પીવાના દૂધ વિના ચાલે, પ્રક્ષાલના દૂધ વિના નહિ' એમ એક યા બીજા પ્રકારના ધર્મના વિચાર વાણી વર્તાવ ગોઠવી દેવાય. કઠિનાઈ મુશીબત



વેઠીને ય ધર્મ તો ઊભો જ રાખવાનો, ધર્મ જરૂરી સેવવાનો.

**માણસ ચોરાટિયા કે શેઠ ? :-**

"દેવદિન્નના માણસોને પેલી જોગિણી ફોડવા મથે છે પરદેશમાં પોતાના ગણ્યાગાંઠ્યા માણસ ફૂટવા માંડે તો કેવી કઠિનાઈ ? છતાં દેવદિન્ન એટલો ભાગ્યશાળી છે કે એનો એક પણ માણસ ફૂટતો નથી. જોગણના દાવ નિષ્ફળ જાય છે. માણસ આવા પ્રામાણિક, વિશ્વાસપાત્ર મળવા એ પણ પુણ્યને આધીન છે. અલબત્ત પોતાના માણસો સાથે પ્રેમાળ ને ઉદાર વ્યવહાર ઘણું કામ કરે છે. આજે એ કેટલામાં નથી, પછી બૂમ મારે છે કે 'માણસો માળા ચોર મળ્યા છે.' 'અરે ! પણ તું પહેલાં તારી જાતને જો ને કે તું કેવો ચોરાટિયો છે ? આઠ કલાકની નોકરી કહીને દસ કલાક કામ લેવું છે. લાખો રૂપિયાનો નફો કરવા છતાં માણસોને ભૂખડીબારસ જેવું આપવું છે, તો એ ચોરી નથી ? અને કુદરત આ ચોરી સાંખી લેશે ? **પુણ્યાઈ ક્યાં સુધી સગી રહેશે ?** બહુ તો આ જીવનના અંત સુધી પણ પછી અહીંની કરેલી શ્રમચોરી, માણસાઈની ચોરી, સામાની સેવાની ચોરી, સામો સેવા કરે છતાં નીસાસા નાખવા પડે એની બેપરવાઈ, એ બધાનો ભારી દારુણ હિસાબ શી રીતે ચૂકવશે ?'

દેવદિન્નને માણસો તરફથી તો આંચ ન આવી, પરંતુ હવે જોગણે બીજો દાવ અજમાવ્યો. દેવદિન્ન રાજદરબારે જતો આવતો છે, એટલે જોગણે ત્યાં એનો પરિચય કરવા માંડ્યો; જરા પરિચય થતાં હવે એ અંદર ઊતરે છે. જોગણ પૂછે છે, 'કેમ ? ઘરે બધા સારા છે ને ? ઘરવાળા કેમ છે ?'

દેવદિન્નના પેટમાં પાપ છે, પરંતુ ચકોર છે. 'ચાલો આ તો દૂર દેશમાં આવી ગયા છીએ, અહીં ઘરવાળીનો ભેદ ખોલીએ તો વાંધો નહિ,' એવું એ નથી વિચારતો. કેમકે સમજે છે ક 'આ જગતમાં કોઈનો ભરોસો નહિ. કોને ખબર અહીં જેને વાત કરીએ એ કાલે ત્યાં દેશમાં આવે તો ?' એટલે દેવદિન્ન કહે છે, 'હા, પુણ્યે બધા સારા મળ્યા છે. પરંતુ તમે કેમ આ જોગણના વેશે ?'

**જોગણીની સુફિયાણી વાતો :-**

એ કહે છે "શું કહું ? ઉંમરમાં આવી ત્યારે બાપે પરણાવવા કોશીશ તો કરી, બે ચાર ઠેકાણે કહેવરાવ્યું, પરંતુ બધેથી નકારો આવ્યો. ત્યારે મને થયું કે 'આ શી ગુલામી ? એક તો માગણી-મનામણા કરીને વરવું, તે પછી પણ જીવનભર પુરુષની ગુલામી ! મેં બાપાને કહી દીધું કે 'તમે હવે આ ચિંતા રહેવા દો. મારે કાંઈ પરણવું નથી. આવો સંસાર માંડવામાં કાંઈ સાર નથી. હું તો ધર્મધ્યાન કરીશ.' બસ, બાપે પણ મારો મક્કમ નિર્ણય ધારી સંતોષ વાળ્યો. પછી તો થોડા

વખતમાં બાપ ગુજરી ગયા. તે પછી મેં આ જોગણના વેશે જ રહેવાનું અને સંતસેવા, દાન-પુણ્ય વગેરે કરવાનું રાખ્યું છે. તમારા જેવા પરદેશી સજ્જન આવે તો એમના દ્વારા એમના દેશના સંત-મહાત્માઓનાં જીવનનો અનુભવ મેળવું છું.'

આ સાંભળતાં દેવદિન્નને થયું કે 'આ જબરી બાઈ ! મારી પત્ની તો વળી કહેતી હતી કે પુરુષને તો દાસ બનાવવો. પણ આજે એ એમ બનાવી શકતી નથી, છતાં બાપના ઘેર આશામાં મરતી હશે કે મને પતિ ક્યારે બોલાવે ? ત્યારે આ બાઈએ તો પહેલેથી જ આશા મૂકી ખરેખરી સ્વતંત્રતા અજમાવી.'

**જોગમાયાથી બચો :-**

જોગણની કેવી સુફિયાણી વાતો છે ? સ્ત્રીજાત અને કોમળ શબ્દમાં વાત કરે, ત્યાં ભલભલા ભોળવાઈ જાય. માટે તો બ્રહ્મચારીને ને સદાચારીને પરસ્ત્રી સાથે વાત કરવા ના પાડી. તો સાધુને તો ખાસ મનાઈ, 'સ્ત્રી સાથે વાતો કરશો નહિ, ને સ્ત્રીની વાતો ય કરતા નહિ.' સંસારના અનુભવીઓ એને જોગમાયા કહે છે. મોટા વિશ્વામિત્ર ઋષિ જેવા મેનકામાં લોભાઈ પડ્યા; અને શંકરજી વનમાં તપ કરતાં ભીલડીમાં મોહી પડ્યા. મોટા નંદીષેણ મહર્ષિ જેવા પણ વેશ્યા સાથે ખુલાસો કરવા રહ્યા તો એમના છક્કા છૂટી ગયા. એ મુલાયમ મોં, એના પર વળી આંખનું નાટક, ઉપરાંત મીઠા મીઠા બોલ, ભલભલા પીગળી જાય. માટે એના પ્રસંગમાં જ નહિ આવવાનું.

**સ્ત્રીનું જીવન કેવું પરાધીન :-**

દેવદિન્ન ભોળો થયો. જોગણે કહ્યું સાચું માની લીધું અલબત્ત ભોળવાય એવી વાત હતી કેમકે સ્વાભાવિક છે કે કન્યાને અનેક સ્થળેથી નકારો મળ્યો હોય, યા પરણીને તરત રંડાપો હોય, તો પછી આશા કે નીસાસામાં જીવન ગાળે એના કરતાં સાધ્વીજીવન સ્વીકારી લે એ જ સારું છે. પેલામાં તો પાછી અનેકની ગુલામી. સાથે પતિ હોય તો પતિની એકની ગુલામી; પણ પતિ નથી તો કુટુંબ વચ્ચે 'બિચારી બાપડી' થઈને રહેવાનું અને અનેકની ગુલામી કરવાની. માથે ધણી નહિ તેથી જે ને તે એને મોકો મળ્યે સંભળાવે. એના પર હુકમ છોડે. ધણી વિના એનું કોણ ઉપરાણું લે ? જો કે કેટલેક ઠેકાણે ધણીમાં માલ નથી હોતો, તો પત્ની પર દેરાણી જેઠાણી નણંદ વગેરે કેટલાયના રોફ ચાલે છે. અને એક વાર પરણી ચૂક્યા પછી સ્ત્રી ક્યાં જાય ? એ તો મૂંગે મોંઢે લાતો સહ્યે જ જવાની. **સ્ત્રીનો અવતાર મહા દયાપાત્ર ! ત્યારે સાધ્વીનું જીવન મહા પ્રશંસાપાત્ર અને ઘરવાસના બધા ક્લેશ અને વિટંબણા-પરાધીનતા તથા પાપો વિનાનું.**

"હવે અહીં જોગણની બનાવટી વાતને સાચી માની લઈ દેવદિન્ન એટલું



જુએ છે કે સરસ્વતી તો બાપના ઘરે બેઠી ઝંખતી હશે કે પતિ મને ક્યારે બોલાવે ? એના પતિને દાસ બનાવવાના કોડ તો બિચારીના ક્યાંય કડડભૂસ ! ત્યારે આ જોગણ પતિ વિનાની છતાં ખરી સ્વતંત્રતાના સુખવાળી લાગે છે.' બસ, એણે સ્વતંત્રતાનું સુખ અને જોગણનો પવિત્ર વેશ જોઈ લોભાયો. એટલે કહે છે, 'વાહ ? તમે ખરું જીવન અપનાવ્યું !'

જોગણ કહે, 'વાત તો ખરી જ છે. એટલે તત્ત્વજ્ઞાન સત્સંગ વગેરેમાં સારું લાગી શકે છે, દેશદેશના મહાત્માઓના જીવનના પરિચય પણ મેળવું છું. તમે જો મારા આવાસે પધારી શકો તો નિરાંતે તમારા દેશના પણ મહાત્માઓનાં જીવન તમારી પાસેથી જાણવા મળે.'

દેવદિન્ન એની સુફિયાણી વાતમાં આકર્ષાયેલો જુએ છે કે 'આમાં શો વાંધો છે ? બિચારી આ પવિત્ર બાઈ છે, ધર્મની રુચિવાળી છે, તો ભલે હું એને મારા પરિચયના મહાત્માઓનાં જીવન સંભળાવું. વાતચીતમાં મને પણ આની પાસેથી મહાત્માઓની વાતો મળશે, બીજું પણ તત્ત્વનું અનુભવનું જાણવા મળશે. એમ વિચારીને કહે છે 'ખુશીથી, ભલે તમારે ત્યાં આવીશ.'

જોગણ કહે 'મોટી મહેરબાની. હું મારા માણસને તેડવા મોકલીશ. પણ જોજો હોં જમવાનું મારે ત્યાં રાખવાનું; અને આખા પરિવાર સાથે પધારજો. આવા તમારા જેવા પરદેશી સજ્જનનો લાભ અમને ક્યારે મળે ? ને વળી તમારી પાસેથી સાંભળવાનું તે મફતમાં થોડું જ સંભળાય ?'

**જોગણ કેટલી સીફતથી પગથિયાં ગોઠવે છે !** એને જે દાવ અજમાવવો છે એની ગંધ સરખી ન આવે, અને બધું સહજ ભાવનું તથા સહૃદયતા ને ધાર્મિક્તાભર્યું લાગે, એવી ઇંટો ગોઠવી દીધી; એવી જાળ બિછાવી દીધી, અને દેવદિન્ન એમાં ફસાય છે. પૂર્વે બીજા પણ એના જેવા આ જોગણની જાળમાં ફસાયેલા છે; પરંતુ આને બિચારાને શી ખબર કે આમાં ફસાવાનું હશે ? વળી એકલા જવાનું નથી પણ પરિવાર સાથે જવાનું છે એટલે પછી તો બીક જ શાની કે એકલાને ક્યાંક પૂરાઈ જવું પડે તો ? તેમ જોગણની માંડણી એવી હતી કે એમાં કપટની ગંધ તો આવવી બાજુએ રહી, ઊલટું આકર્ષણ થાય, સહાનુભૂતિ થાય.

**માયા સ્ત્રીઓમાં વધારે કેમ ? :-**

સ્ત્રીચરિત્રને કોણ પહોંચે ? પુરુષ હજી અભિમાન બજાવે, સ્ત્રી પર રોફ બજાવી એને ગુલામડી કરી શકે, પરંતુ માયા તો સ્ત્રીની; એ હિસાબે કહેવાય છે કે બ્રહ્મા પણ સ્ત્રીચરિત્રને સમજવા ન પામી શકે." ત્યારે આજનાઓ પૂછે છે,

**પ્ર.**- શું આ સ્ત્રીઓને ઊતારી પાડનારું કથન નથી ? પુરુષો ય ક્યાં માયા

નથી કરતા ?

ઉ.- કરે છે, પરંતુ પતિ-પત્ની બેની વચ્ચે જ્યાં ગાઢ સંબંધ છે, પ્રેમ છે, ત્યાં જેટલા પતિઓ પત્ની પ્રત્યે માયા કરતા હશે એના કરતાં પત્નીઓ પતિની પ્રત્યે માયા કરનારી વધારે સંખ્યામાં મળશે. એમ કુટુંબમાં આડોશ-પાડોશમાં પુરુષો કરતાં સ્ત્રીઓ માયા રમતી વધારે સંખ્યામાં દેખાશે.

**પ્ર.**- માયા રમતી સ્ત્રીઓ વધારે એનું શું કારણ ?

ઉ.- બાહ્ય કારણ એ છે કે પુરુષ કરતાં એના સંયોગ જુદા છે; પુરુષ પૈસા લાવનારો હોઈ સહેજે ઉપરવટ ભોગવે છે. ત્યારે સ્ત્રી પાસે એ નથી એટલે પતિને ને બીજાને સારી દેખાવા માટે લગની હોય છે. તેથી માયા સુલભ બને છે. આ બાહ્ય કારણ. અંદરનું કારણ એ છે કે સ્ત્રીવેદનું કર્મ એ પ્રાયઃ માયાવશ બાંધીને આવી હોય છે, તેથી એ માયાના સંસ્કાર અહીં જાગતા થઈ જાય છે.

**પ્ર.**- તો તો પછી શું બધી સ્ત્રીઓ માયાવી જ હોય, કોઈ સરળ સ્ત્રી જ નહિ ?

ઉ.- ઉતાવળા ન થાઓ, એક જ બાજુનો વિચાર કરી જલ્દી જજમેન્ટ ન બાંધો.

**અહીંના સારા નરસા ભાવની પ્રત્યે કયાં કયાં તત્ત્વ કામ કરે છે ?** એ જુઓ. જેમ પૂર્વના સંસ્કાર એ એક કામ કરતું તત્ત્વ છે, એમ સારા નરસા ભાવ પ્રગટવામાં (૧) અહીંનો ભવ, (૨) અહીંના લોભ અને સંયોગ, (૩) અહીંનો પુરુષાર્થ, એ પણ કામ કરતાં તત્ત્વ છે. દા.ત.

(૧) કબૂતરાના અવતારમાં જાય, ત્યાં એ ભવના હિસાબે એવી માયા નહિ દેખાય. અને બિલાડી-શિયાળિયાના ભવમાં ખાસ દેખાશે.

(૨) એમ માણસ સીધી લાઈને ચાલવા માગતો હોય, પરંતુ કોઈ પૈસા વગેરે માયાથી મળવાના કે બચવાના સંયોગ દેખાય તો માયા રમવાનું મન થઈ જાય છે. આજે ઈન્કમટેક્ષ બચાવવા ચોપડામાં આ થાય છે ને ? કેટલાકને ગમતું નથી, પણ લોભ અને સંયોગો કરાવે છે.

**(૩) એવી રીતે, પુરુષાર્થ પણ કામ કરે છે.** જો અહીં સારી સમજ મળી હોય, માયાદિ કષાયોને ભયંકર માન્યા હોય, પછી કદાચ પૂર્વના સંસ્કારના હિસાબે દિલમાં કષાય ઊઠવા જાય પરંતુ એનો એની વિરુદ્ધ પુરુષાર્થ એ કષાયને અમલમાં ન આવવા દે, સફળ ન થવા દે. સામાન્ય રીતે જીવ સંસારમાં કષાયો તો કરતો જ આવ્યો છે, એટલે જીવ માત્રને એના સંસ્કારો તો સ્ટોકમાં પડેલા જ છે. તો શું કષાયની કાયમી તાબેદારી ? ના, સુંદર મનુષ્યભવમાં જો સત્સંગ-સતશ્રવણવાંચનથી



એમ સમજાઈ જાય અને હૈયાથી માની લેવાય કે 'કષાયો ખોટા છે, ખતરનાક છે, કરવા જેવા નહિ,' તો પછી હવે જો પુરુષાર્થ કરે તો મન મક્કમ કરી કષાયના સંસ્કારનાં તોફાન ચાલવા દે નહિ.

**કષાયનું કેમ ન ચાલે ? :-**

અંદર ક્રોધ-અભિમાન ઊઠે, પરંતુ મન મક્કમ રાખીને બહારમાં આંખ ચડાવવી, મોં પર ઉગ્રતા લાવવી, આકરા શબ્દ બોલવા, ડંફાસ હાંકવી વગેરે ન કરે; એમ માનો કે માયા અંતરમાં સળવળી, પણ બહાર કશા એવા માયા શબ્દ માયા-દેખાવ-માયા-વ્યવહાર ન કરે; અંદરમાં લોભ-રાગ-મમતા જાગી, પરંતુ બહારમાં એના હિસાબની પ્રવૃત્તિ ન કરે; તો એ ક્રોધાદિ કષાયો અમલી નહિ બને સફળ નહિ થાય. બસ ત્યારે સમજી રાખો કે,

**શાસન સ્થાપનાનું રહસ્ય :-**

ભગવાને ધર્મશાસન જે સ્થાપ્યું છે એ આ હિસાબે જ સ્થાપ્યું છે કે એ શાસને કહેલા અસત્ નિમિત્તો-સંયોગોથી દૂર રહો, અને શાસને કહેલા માર્ગને અનુસરી પુરુષાર્થ કરો, તો પૂર્વના કુસંસ્કારો અમલમાં આવતા રોકાશે. તેથી કષાયો પણ સફળ નહિ બને, અને એમ અશુભ ભાવો અટકીને શુભ ભાવો કામ કરતા થશે. આ હિસાબે જ ચંદનબાળા, મૃગાવતી, પુષ્પચૂલા, બ્રાહ્મી, સુંદરી વગેરે સરળતાદિ ઊંચા શુભ ભાવમાં રમતા હતા. એ સ્ત્રીજાતમાં ખરા, પણ માયા નહિ. એથી ઊલટું પુરુષજાતમાં હોવા છતાં જીવ જો એવો સત્પુરુષાર્થ નહિ પણ અસત્ પુરુષાર્થ આદરે તો પૂર્વના આછા-ઘેરા માયાદિના સંસ્કાર તો છે જ; તેથી એમાંથી માયાદિ કષાય ઊઠીને ઉગ્ર બનતા જવાના.

એટલે ધર્મપ્રેમીએ અંતે આવીને સત્પુરુષાર્થ પર નિર્ભર થવાનું છે. 'ભાવીમાં લખ્યું હોય એ બનવાનું' એમ કરીને હાથ જોડીને બેસી રહેવાનું હોય અને સત્પુરુષાર્થ આદરવાનો ન હોય, તો શાસન શું કામ સ્થાપે ? શું કામ કહે 'રત્નત્રયી એ મોક્ષમાર્ગ ?' 'ભવિતવ્યતા' એ જ મોક્ષમાર્ગ એમ ન કહે ? 'ભાવીભાવ જ બળવાન, પુરુષાર્થ કાંઈ ન કરી શકે,' એમ જ જો માનવાનું કહે, તો તો પ્રભુએ શાસન સ્થાપ્યાનો અર્થ જ ન રહે, પ્રભુએ શા સારું શાસન સ્થાપ્યું ! ભાવી બનવાનું હોય તે બનવાનું એમ કહેવા માટે નહિ; પણ જગતના મોહ-અજ્ઞાનથી અંધ અને માર્ગના અનભિજ્ઞ તથા એથી જ ક્ષમા-સરળતાદિ સન્માર્ગના પુરુષાર્થથી વંચિત જીવો શાસન દ્વારા સન્માર્ગને સમજે, તથા સમજીને મોહમૂઢતા દૂર કરવાનો અને સન્માર્ગે જોડાઈ આગળ વધવાનો પુરુષાર્થ કરે એ જ ઉદ્દેશથી પ્રભુએ શાસન સ્થાપ્યું છે માટે જાતે જ જિનવચનના આલંબનથી તત્ત્વ અને માર્ગની સમજ કરવાની છે,

તથા પુરુષાર્થ કરવાનો છે. શાસન કર્મની સામે પુરુષાર્થ માટે સ્થાપ્યું, તો શાસન પામીને પુરુષાર્થ જ આદરવાનો હોય, બેસી રહેવાનું ન હોય,

એટલે જે સ્ત્રીઓ પણ આ સમજ અને પુરુષાર્થ રાખે. એ માયાની સુલભતામાં ય મન મક્કમ રાખીને માયાને માયા નહિ કરે; પૂર્વ સંસ્કારના હિસાબે અંતરમાં ઊઠતા માયાના ભાવને અમલમાં નહિ લાવતાં એને નિષ્ફળ કરશે; ને તેથી બોલ-ચાલનું આચરણ માયારહિત સરળ નિખાલસભાવનું રાખશે.

**પેલી જોગણમાં** આ સત્ સમજ અને પુરુષાર્થ નથી તેથી સ્ત્રીસુલભ માયાના સંસ્કાર જોર કરી જાય એમાં નવાઈ નથી. એટલે એ દેવદિન્નને સીસામાં ઉતારે છે, એને કહે છે, તમારી પાસેથી મહાત્માઓનાં જીવન સાંભળવાનું એમ લુખ્ખું લુખ્ખું ન કરાય, તમારી આગતાસ્વાગતા કરીને કરાય. માટે પરિવાર સાથે જમવાનું મારે ત્યાં રાખવાનું.' એમ કહી પોતાના તરફ દેવદિન્નની સહાનુભૂતિ ઊભી કરે છે.

**દેવદિન્ન જોગણને ત્યાં :-**

''એટલે દેવદિન્ન હોંશથી એ આમંત્રણ સ્વીકારી લે છે. બસ, નક્કી કરેલા સમયે દેવદિન્ન આખા ય પરિવાર સાથે જોગણને ત્યાં પહોંચી ગયો. અને જોગણે સુંદર સ્વાગત કરી ઘરમાં પધરાવ્યા; અને પછી જમણ જમવા બેસાડ્યા. જમણમાં પણ કાંઈ અસર નથી રાખી. પોતે ય સાથે જમવાનું રાખી મહાત્માની વાતો પૂછે છે, અને દેવદિન્નનું કથન સાંભળતી જાય છે. વચમાં વચમાં 'વાહ ! સુંદર ! ઉત્તમ !' એમ બોલતી જાય છે, ને નિર્દોષ જિજ્ઞાસાઓ પણ પૂછતી રહે છે. વળી સાથે સાથે પીરસનાર માણસ ને કહેતી રહે છે કે 'જો, ભાઈને આ મૂક, પેલું મૂક. એ તો ના કહે, મહેમાન છે એટલે શરમાય, પણ આપણે ત્યાં આવા પુણ્યપુરુષનાં પગલાં ક્યાંથી ? જરા આગ્રહ કરીને ય પીરસવાનું.' ચાલી માયાજાળ.''

**પેલો માયાદિત્ય** પણ સન્માર્ગની સમજ અને પુરુષાર્થ વિનાનો છે. એટલે એ ય માયાજાળ રચે છે, મિત્ર સ્થાણુને કહે છે, 'જો ને જરા પેલો કૂવો કેટલો ઊંડો છે, હું તે પ્રમાણે લાંબું છાલના રેસાનું દોરડું બનાવી લઉં અને તને પાણી કાઢી આપું.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૧૪,તા.૨૭-૧૨-૧૯૭૦**

**મિત્રને કૂવામાં :-**

હવે સરળ સજ્જન દિલના સ્થાણુને આ માયાજાળની શી ખબર પડે ? એ તો માયાદિત્યને રેસાઓ ભેગા કરવા માંડતો જોઈ એનું કહેલું સાચું સહજભાવનું જ માની લે ને ? એટલે એ તો પૂર્ણ વિશ્વાસે નિશ્ચિન્તપણે કૂવો જોવા ઊપડ્યો.



માયાદિત્ય પણ રેસાઓ ભેગા કરવાના દેખાવથી એની પાછળ પાછળ જાય છે, અને જ્યાં સ્થાણુ કૂવાના કાંઠે ઊભો રહી સહેજ નીચો વળી કૂવાની ઊંડાઈ જોવા જાય છે કે તરત એની પૂંઠે જ ઊભેલા માયાદિત્યે એને પીઠમાં ધક્કો મારી દીધો. બસ, સ્થાણુ પડ્યો કૂવામાં.

**લક્ષ્મીના નાટક ભૂંડા :-**

મિત્રને કૂવામાં ધકેલી દેતાં કાળજુ કેટલું બધું કઠિન કાળમિંઢ જેવું હશે ? એને કોઈ લાજ ન આવી, દાક્ષિણ્ય ન નડ્યું; પ્રેમ પ્રીતિના તો એણે ભુક્કા જ કરી દીધા. લક્ષ્મીના આ જગતમાં વિચિત્ર ભૂંડા નાટક ભજવાય છે. એ લક્ષ્મી જ્યાં ત્યાં ઘૂસીને ભયંકર ઉત્પાત મચાવે છે, પૂર્વના સ્નેહ લજ્જા-દાક્ષિણ્ય-આમન્યા વગેરેના ભુક્કા કરે છે, ગુણોને ધકેલી મૂકે છે.

**લક્ષ્મી શું શું નથી કરતી ?** લક્ષ્મીથી લોભાયો માણસ માણસાઈ મૂકી દે છે, બાપ બાપપણું અને દીકરો દીકરાપણું ગુમાવે છે. કનકકેતુ રાજા રાજ્ય-લક્ષ્મીના લોભમાં, પોતાને જીવનભર રાજ્ય ટકી રહે અને પુત્ર મોટા થયે પણ રાજ્યના અધિકારી ન બને એ માટે, દરેક પુત્રના જન્મતાં જ એના નાક, કાન, આંગળી વગેરે કોઈ અંગને ખંડિત કરી નખાવતો; ક્યાં રહ્યું પિતાપણું ? લક્ષ્મી ભૂંડી. કોણિકે રાજ્યલક્ષ્મીના લોભમાં કપટ કરી પિતા શ્રેણિકને પકડાવી બંધાવી જેલમાં પૂર્યો. ક્યાં રહ્યું પુત્રપણું ? ના રહે, કેમકે લક્ષ્મી ભૂંડી. માયાદિત્યે રત્નોના લોભમાં મિત્રને કૂવામાં ધકેલ્યો. એ સૂચવે છે કે માણસાઈ ટકાવવી હોય, પ્રેમ-લજ્જા-દાક્ષિણ્ય અખંડિત રાખવા હોય, તો વચ્ચે લક્ષ્મીને ન આવવા દેશો, લક્ષ્મીને જરાય મહત્ત્વ ન આપતા. એને તો એ રીતે જ ઓળખતા રહેજો કે 'આ લક્ષ્મી તો માણસાઈ-સગાઈ-મિત્રતા-પ્રેમ-લજ્જા વગેરે બધું ચૂકાવનારી છે. માટે એને જરાય આગળ ન લાવવી, એના પર જરાય ફુલાવું નહિ, એનો જરાય ભરોસો નહિ કરવો.'

**'લક્ષ્મી ભૂંડી છે તેમ ભરોસા પાત્ર નથી,' એવી જો પાકી, ઓળખ હોય તો એને સારા માર્ગે ખરચવામાં સંકોચ ન થાય.**

**આ તો સારી અને ભરોસાપાત્ર માની બેઠા છો એટલે દેવાધિદેવની ભક્તિમાં ડિંડવાણું ચલાવો છો; જે મંદિર-ઉપાશ્રય તમને અઢળક પુણ્ય કમાવી આપે છે એના સાધારણ ખર્ચમાં ભરી દેવાનું મન નથી થતું.**

જાતે અપટુડેટ કપડાં; અને ભગવાનને મસોતાં જેવા અંગલૂંછણા લગાવાય છે. શરમ-સંકોચ ખરો ? ભગવાનના અંગે માત્ર ચાંદીના વરખનું એક પાનિયું યા પાનાનો ચોથો હિસ્સો પણ લઈ જવાતો નથી. જાત માટે બધો ખરચ. પાસે જે ઘણી યા થોડી લક્ષ્મી છે એને ઓળખી નથી, એના પર ભરોસો છે. એ છે માટે

તો બુદ્ધિ બગડે છે, મનને એમ થાય છે કે 'હું તે મારા દીકરાને દૂધ પીવરાવું કે ભગવાનના પખાળ માટે દૂધ લઈ જાઉં ? હું તે છોકરાને સારો વારસો કરી આપું ? કે ભગવાનની ભક્તિમાં ઉડાઉં ?' ભગવાનને ઠંઠણપાળ અને જાતને ને બાયડી-દીકરાને ધીકેળાં દેવાની બુદ્ધિ થાય, એ શું કુબુદ્ધિ નથી ? કોણ કરાવે છે ? લક્ષ્મી, લક્ષ્મી ભૂંડી.

**સ્થાણુની સજ્જન-વિચારણા :-**

માયાદિત્યે મિત્રને કૂવામાં ધકેલ્યો, પણ જેનું ભાગ્ય બળવાન એને ઠગારો શું કરી શકે ? માયાદિત્યનું ભાગ્ય જાગતું હતું, તે કૂવો એવો મળ્યો કે એમાં કેટલાંય પાંદડા તથા ડાળખાં પડેલાનો એક બાજુ ઢંગ થયેલો, બીજી બાજુ થોડુંક પાણી તથા સેવાળ હતી. સ્થાણું આ ઢગ પર પડ્યો તે બચી ગયો. એના મનને વિચાર આવ્યો કે 'અરે ! આ શું દરિદ્ર માણસને જેમ પરિભ્રમણ ન છોડે, એમ મને આ મિત્રનો વિયોગ નથી છોડતો વિધિ વાંકો છે, નિર્ધનને ભટકવાનું કરાવે એમ મને મિત્રનો વિયોગ કરાવે છે. ત્યારે મને આ કોણે કૂવામાં ધકેલ્યો હશે ? માયાદિત્ય સિવાય બીજું કોઈ તો અહીં હતું નહિ. અથવા મેં અરે ! આ ખોટું શું ચિંતવ્યું ? મેરું ચલાયમાન થાય, પણ આ મારો સજ્જન મિત્ર માયાદિત્ય આવું કાર્ય કરે નહિ. ત્યારે જરૂર કોઈ ભૂત-રાક્ષસ-વેતાલે આ મને ધકેલવાનો ઘાટ ઘડ્યો હશે. તો હવે બિચારા માયાદિત્યનું આ ભયાનક જંગલમાં શું થશે ? એને દૂર ખબર દેવા ય કોણ જાય કે તારો અભાગિયો મિત્ર તો કૂવામાં પડ્યો છે ? અને એટલે દૂર અહીંથી મારો અવાજ પણ શાનો પહોંચે ? છતાં જોઉં' આમ વિચારી માયાદિત્યને ૨-૪ બૂમ મારી જુએ છે, પણ જવાબ શાનો મળે ? એટલે મિત્રના જંગલમાં એકલા પડવા પર દુઃખ કરી રહ્યો છે. કેટલી સજ્જનતા ? કહો છો ને સજ્જનતાને હદ હોય. સાચું છે એ ?

**ચંદનનાં દૃષ્ટાન્તે સજ્જનતાને હદ ન હોય;** ઉદારતાને મર્યાદા ન હોય કે આટલે સુધી જ એ કામ કરે. ત્યારે તો કવિઓ એને ચંદનની ઉપમા આપે છે. ચંદન લસોટાતાં છેલ્લા કણ સુધી શીતળતા આપે છે; અને બળવા પર પણ છેલ્લા કણ સુધી સુગંધ પ્રસરાવે છે. પરંતુ ક્ષુદ્ર દિલવાળાને આ મગજમાં બેસતું નથી, એટલે એવાને એક જ તુચ્છ વિચાર આવે છે કે 'તે શું આપણે સજ્જનતા ઉદારતા રાખી સાફ થઈ જઈએ ?' એને કોણ સમજાવે કે 'ગાંડા ! એમાં સાફ થવાનું નથી, કમાઈ જવાનું છે. બાકી તો,

**ગમે તેટલું સાચવી રાખ, તો ય અંતે મૃત્યુ થતાં સાફ તો થવાનું જ છે, પણ સજ્જનતા-ઉદારતા કમાવવાની તક ગુમાવી દેવાનું થશે;** અને એનું પરિણામ પરલોકમાં



**'પુણ્ય વિના જીવ પરભવેજી, નોંધારો અથડાય.'** અહીં શું કે પૂર્વભવે શું, સજ્જનતા-ઉદારતા કરી નથી એટલે **'જેવું દો તેવું લો,' 'જેવું કરો તેવું ભોગવો'** એ કુદરતના કાનૂન મુજબ બીજાઓ તરફથી પોતાની પ્રત્યે સજ્જનતા-ઉદારતાનો વ્યવહાર ક્યાંથી મળવાનો ? વધારવામાં પોતે અહીં હોંશપૂર્વક કેળવેલી સ્વાર્થાંધતા-દુર્જનતા-કૃપણતાના પરભવે ગુણાકાર થવાથી ત્યાં એ જાલિમ દોષો ગળે પડવાના.

**એટલે, ભવાંતરે બીજાઓ તરફથી દુર્જનતા ન મળે, તેમ પોતાને જાલિમ દુર્જનતા ન સ્ફુરે, એ માટે અહીં કષ્ટ વેઠીને પણ સજ્જનતા-ઉદારતા કેળવી લેવા જેવી છે.**

સ્થાણુ સજ્જનતાના વિચાર કરી મિત્રના દુઃખે દુઃખી થાય છે, ત્યારે માયાદિત્ય જુઓ, કેવા વિચાર કરે છે. દુર્જન છે ને ? એના મનને એમ થાય છે કે 'વાહ ! ઠીક થઈ ગયું. સ્થાણુની લપ ગઈ. હવે દસે રતન નિરશંકપણે હું ભોગવીશ.'

ધર્મનંદન આચાર્ય મહારાજ રાજા પુરંદરદત્તને કહે છે' રાજન ! જો સજ્જનતા-દુર્જનતા વચ્ચે કેટલું મોટું અંતર છે ? એકજણ કૂવામાં ધકેલનાર મિત્ર માટે દુઃખ કરી રહ્યો છે કે 'બિચારાનું આવા વનમાં શું થશે ?' ત્યારે બીજો આ વિચારે છે કે 'ઠીક મિત્રની બલા ટળી, એનાં ય રત્ન હવે તો આપણાં થઈ ગયાં.'

દુનિયામાં સોનું પિચગોળ બંને રહેવાના; હંસ કાગડો બંને મળવાના. એમ સજ્જન દુર્જન બે ય જાત મળવાની, આપણે એ જોવાનું કે

**'શેમાં નંબર રાખવો છે ? સોના જેવામાં, હંસ જોવામાં ? કે પિંચગોળ યા કાગડા જેવામાં !'**

**મુગટ સોનાનો માથે ચડે છે :-**

સોના ને હંસ જેવા બન્યા રહેવું હોય તો સહન કરવું પડશે. રાજાઓ સોનાના મુગટને માથે ચડાવે છે, પિચગોળના મુગટને નહિ, તે એમ ને એમ ? ના, સોનું તેજસ્વી છે, અગ્નિતાપ સહન કરીને પણ તેજ નથી છોડતું માટે. એ મુગટ રાજાઓના જ શું, દેવો અને દેવાધિદેવના માથે ચડે છે. આર્ય માનવ-જીવન પામ્યાની આ વિશેષતા છે કે એ જીવન જીવતાં જીવતાં સોના જેવું સજ્જનતાનું તેજ કષ્ટમાં ય અખંડિત રાખીએ, અને હંસ જેવી ઉદારતાની ઉજ્જવળતા-ઉમદાગીરી સદા જીવંત રાખીએ. કમમાં કમ સગાં-સ્નેહી પ્રત્યે આ આવડે ?

**માયાદિત્ય પર આપત્તિ :-**

આચાર્ય મહારાજ રાજાને કહે છે, 'જો રાજન ! માયાદિત્ય હોંશમાં આવી હવે ચાલતો તો ગયો, પણ એણે તરત બીજી બાજુ એક ભીલનું ટોળું પોતાની

તરફ 'પકડો, મારો મારો,' એમ પોકારતું દોડતું આવતું જોયું. ત્યાં એની હોંશ તો ક્યાંય ઊડી ગઈ, પણ ઉપરથી ગભરાયો કે 'હાય ! આમાં તો રત્ન તો શું, કિન્તુ પ્રાણ પણ ચાલ્યા સમજો,' તે તરત એણે બીજી દિશામાં મુઠ્ઠી વાળીને દોટ મૂકી.' તરસ્યો થયો હતો ને ? તો કેમ દોડાયું ? કહો,

**જીવ બચાવવાની વસ્તુ ઊભી થાય ત્યાં ભૂખ ને તરસ, થાક ને સુકોમળતા, બધું ય ભુલાઈ જાય.**

કલકત્તામાં પહેલી પાકીસ્તાની શરૂ થઈ ત્યારે મોટા સુકોમળ શેઠાણી જેવા બાઈસાહેબાઓએ ૪-૫ માળ ઊંચા એક મકાનની અગાશીમાંથી બીજા એટલા ઊંચા મકાનની અગાશીમાં કૂદકા મૂક્યા. બે મકાનની વચમાં ૩-૪ ફૂટની પહોળી ખાલી જગા, તે ઊંડી ખીણ જેવી હતી, તેની ય ગભરામણ ન રાખી કે 'હાય ! આમાં પડી ગયા તો શું થાય ?' કેમકે સામે ગૂંડાઓના છરાથી નિર્દય રીતે કપાઈ મરવાનું દેખાતું હતું. તેથી બચવા સુકોમળતા વિસારી આ કૂદવાનું સાહસ આવડ્યું.

**આત્માર્થી જીવને આત્માને બચાવી લેવા માટે આ આવડે કે** 'ભૂખ-તરસ થાક-સુકોમળતા બધું ય વિસારીને કેમ મારા આત્માનાં જતન કરી લઉં, એનાં હિત સાચવી લઉં.' માસખમણ દોઢ માસ બે માસના ઉપવાસ કરનાર માટે તમને એમ લાગે છે ને કે 'આ શી રીતે દહાડાના દહાડા પસાર કરી શકતા હશે ?' પરંતુ આત્માર્થીપણું જાગ્યા પછી એ તો પેલી પાકીસ્તાની ગૂંડાગીરીથી બચવા જે કાંઈ હોંશથી વેઠી લેવાય, એના જેવું છે. અંતરમાં આત્માર્થીપણું નથી ઊભું કરતા એટલે કાયરતાના વિચાર આવે છે કે 'હાય બાપ ! આ કેમ સહન થાય ? આટલા બધા રૂપિયા કેમ આપી દેવાય ?' આત્માર્થીપણું ઊભું કરો પછી ઊંચા દાન-શીલ-તપ ભાવનાઓ સુલભ બની જવાના.

**આત્માર્થી બનવા પર ૯૯ ક્રોડ સોનૈયા ત્યાગ :-**

**જંબકુમારને** આઠ અપ્સરા જેવી કન્યાઓ એકી સાથે પરણવાની અને એકી સાથે ભોગવવાની તૈયારી છતાં જીવનભરનું બ્રહ્મચર્ય-શીલ કેમ સુલભ થયું ? નવાણું ક્રોડ સોનૈયાની સંપત્તિના એકના એક માલિક બની એમાં યથેચ્છ મહાલવાની સગવડ છતાં ઘરવાસ છોડી ચારિત્ર લેવાનું ક્યાંથી સુલભ બન્યું ? કહો એક જ કારણે, કે એને આત્માર્થીપણું જાગ્યું. 'મારા આત્માનું શું થાય ? આ અપ્સરાઓ અને આ સંપત્તિ તો જીવને દેહ છોડવા સાથે છૂટી જવાની. આત્માનું પછી શું ?' આ વિચાર પ્રધાન બની ગયો.

**'મૂર્ખ જીવે અનંતા દેહનાં લાલનપાલન ને દેહની સલામતી માટે આત્માનું બગાડ્યે જ રાખ્યું, બગાડ્યે જ રાખ્યું. ત્યારે આત્માની સલામતી ખાતર દેહને**



**ક્યારે કચરવાનો ? આ માટે માનવભવ જેવો ભવ બીજો નથી.'**

આ વિચાર પર આત્માની ખાતર જંબૂકુમારે આઠ રમણીના ભોગ અને ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિની મોજથી દેહનાં લાલનપાલન કરવાનું બાજુએ મૂક્યું, અને દેહને બ્રહ્મચર્ય-સંયમ-તપમાં કસવાનું-ઘસવાનું અપનાવી લીધું.

વિમળશામંત્રી વસ્તુપાલ-તેજપાલ અને ધરણશાહ જેવાએ આત્માર્થી બન્યાથી ક્રોડો રૂપિયાની લક્ષ્મી અરિહંત ભગવાનની ભક્તિમાં લગાવી દીધી. એ જ લક્ષ્મી કાયાના રંગરાગ-મોજશોખ પર લગાવ્યાથી કે ધરતીમાં દાટ્યાથી અગર દીકરાઓને વારસામાં આપ્યાથી એ જાતનું કે બીજાનું શું ભલું કરવાની હતી ? આત્માર્થીપણું જાગે તો આ વિચાર આવે અને એને સ્વ-પરના આત્માના હિતમાં વહેતી રખાય.

**પ્રભાતે આત્માની ભાવના :-**

બસ, આત્માર્થી બનો. રોજ પ્રભાતે જાગીને નવકારમંત્રનું સ્મરણ કરીને પહેલો વિચાર આ કરો કે 'હું કોણ ? આ દેહ-ગાત્રો-ઈંદ્રિયો-વાણી અને મનનું સંચાલન કરનાર, એને ધારી રીતે પ્રવર્તાવનાર, પાછા ખેંચનાર અને એકમાંથી બીજામાં ફેરવનાર હું કોણ ? મારું સ્વરૂપ શું ! હું ક્યારનો ? કેવી સંસ્કાર મૂડીવાળો ? એનું ભલું કેમ કરું ? એની તરફ આંખ મીંચવાથી શું એ મટી જશે ?' વારંવાર આ ભાવના કરો, અંતરમાં ખોજો એવો 'હું' કોણ ? એનું મમત્વ જાગશે, આત્માર્થીપણું પ્રગટશે. મન ડગમગ થાય, શ્રદ્ધા ન બેસે, ત્યાં ઝટ ઠેઠ તીર્થંકરદેવ મહાવીરપ્રભુથી માંડી કેઈ રાજાઓ શેઠિયાઓ જેમણે આત્માર્થી બની કષ્ટ વધાવ્યાં, સંસારસુખ અઢળક મળ્યા છતાં મૂકી ધર્મનાં શરણાં લીધાં, એમને યાદ કરો. બળ આવશે.

**સંસારમાં દેહના પ્રાણ બચાવવા ખાતર અવસર આવ્યે શું શું નથી વેઠાતું ? શું શું નથી છોડાતું ? શું શું આચરાતું નથી ? તો પછી પોતાના આત્માને બચાવી લેવા ખાતર કેમ પાછા પડાય ?**

પેલો માયાદિત્ય પ્રાણ બચાવવા ખાતર દોડ્યો જાય છે. દૂર દોડ્યા આવતા ભીલના ટોળાએ જોયું કે આ શિકાર ભાગ્યો એટલે એમણે બાણ છોડ્યા. પણ માયાદિત્ય ભીલોના બાણ આવતા દેખી વાંકોચૂંકો દોડે છે, તેથી બાણ લાગતા નથી. બાણોની વર્ષા આવતી દેખી એટલે માયાદિત્યના હાંજા ગગડી ગયા. પણ હવે તો જીવ પર વાત આવી કે 'રખે ને કોઈ બાણ એવું જ આવીને રામ રમાડી નાખે તો ?' એટલે એણે દોટ પણ જીવ સાથે મૂકી. અહીં હવે શાની ચિંતા મોટી ? રત્નોની કે પ્રાણની ?

જગતમાં એવા જીવ કેટલા કે જેને પ્રાણ પર સંકટ આવે ત્યારે બીજી વસ્તુ

પકડી રાખે અને પ્રાણ જવા દે ? મોટો ચક્રવર્તી પણ હોય ને, અને જંગલમાં ભૂલો પડ્યો ભારે તરસ્યો થયો હોય, હવે પાણી વિના જીવ જતો હોય અને ક્યાંય પાણી મળવાનું ઠેકાણું ન દેખાતું હોય, સિવાય કોઈ ઝુંપડિયો માણસ કૂવામાંથી પાણી લાવીને પાવાનું કહેતો હોય, પણ એ શરતે કે એનું રાજ્ય પોતાને આપી દે; તો ચક્રવર્તી શું કરે ? તરસ્યો મરી જાય પણ રાજ્ય ન આપે ? કે રાજ્ય આપી દઈને પણ પાણી લઈ એ પીને પોતાના પ્રાણ બચાવે ? કહો રાજ્ય આપી દઈને પણ પાણી લઈ એ પીને પોતાના પ્રાણ જ બચાવે. કેમ એમ ? સમજે છે કે 'આમે ય મરીને તો રાજ્ય જવાનું જ છે, તો પ્રાણ અને રાજ્ય બે જાય એના કરતાં પ્રાણ બચે છે તો બચાવી લેવા દે ને ?'

**ધર્માત્માના પ્રાણ કયા ?**

બસ ત્યારે બરાબર સમજી લો કે ધર્માત્માને મન ધર્મ એ જ સાચા પ્રાણ લાગે છે, તેથી અવસર આવ્યે બાહ્ય પ્રાણની પરવા નહિ કરે, પરંતુ ધર્મપ્રાણ બરાબર સાચવી રાખશે 'યોગદૃષ્ટિ-સમુચ્ચય' શાસ્ત્રમાં કહ્યું છે કે જીવ જ્યારે યોગની ચોથી દૃષ્ટિમાં આવે છે ત્યારે એ જો કે હજી સમ્યગ્દર્શન નથી પામ્યો, સમ્યગ્દર્શન તો પાંચમી દૃષ્ટિમાં આવે છે, પરંતુ અહીં ચોથી દૃષ્ટિમાં આવેલ જીવનો આંતર દૃષ્ટિવિકાસ એટલો બધો થયો હોય છે કે એ

**'ધર્મ અર્થે ઈંહા પ્રાણને જ છાંડે, પણ નહિ ધર્મ'**

અર્થાત્ ધર્મ માટે જરૂર પડ્યે પ્રાણ આપી દેશે, પણ પ્રાણ બચાવી ધર્મ જતો નહિ કરે. દા.ત. જુઓ વંકચૂળ ચોરને નિયમ હતો કે 'કાગડાનું માંસ નહિ ખાવું,' અને પાછળથી તો એ ચોર મટી રાજાનો દિવાન બની બેઠો હતો. ત્યાં એને એક એવો વ્યાધિ ઊપડ્યો કે વૈદ કહે છે 'કાગડાના માંસમાં દવા લે તો બચશો. બાકી ઉપાય નથી.' ત્યાં વંકચૂળે ઘસીને ના પાડી. એને, રાજા બહુ આગ્રહ કરે છે તો ય, કહ્યું 'ભલે પ્રાણ જાઓ, મારું વ્રત નહિ તોડું;' અને એમ જ એણે મૃત્યુ યાને પ્રાણત્યાગ વધાવી લીધો; પણ વ્રતત્યાગ ધર્મત્યાગ ન વધાવ્યો.

આ હજી મિથ્યાત્વ-ગુણસ્થાનકે રહેલાની વાત છે. ત્યારે સમકિતી જીવ એથી ય કેટલી ઊંચી કક્ષાએ હોય ? તમે સમકિતી છો ને ? અંતર આત્માને તપાસજો કે આટલી કક્ષાએ એ ચડ્યો છે ?

**મહારાજા કુમારપાળ** નવરાત્રિમાં બોકડાનો ભોગ આપવા તૈયાર નહોતા- કંટકેશ્વરી દેવી કહે 'બોકડાનો ભોગ આપવો છે કે નહિ ? નહિતર આ ત્રિશૂલથી ખત્મ કરીશ ! તો રાજા ભોગ આપવા કબૂલ ન થયા. દેવીએ કપાળમાં ત્રિશૂળ એવું ઠોક્યું કે ભયંકર વેદના થઈ, ને શરીર કોઢરોગી જેવું થઈ ગયું. છતાં હજી



દયાધર્મ છોડવા અને વેદના વગેરેથી બચવા તૈયાર નથી. કેમકે દયા એ પ્રાણ છે. એ બચાવવા બધું સહન કરી લેવું છે. ઊલટું ઉદાયનમંત્રીને બોલાવીને કહે છે;

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૧૫,તા.૩-૧-૧૯૭૦**

'જુઓ, આ સ્થિતિ બની છે. મારે તો દિવાળી થઈ. આ સહીને પણ દયાધર્મ સાચવવાનો મળ્યો. પરંતુ હવે અજ્ઞાન લોક સવારે મારું આવું શરીર જોઈને કહેશે કે "જોયું ? બોકડાનો ભોગ ન આપ્યે ને ધર્મનું પૂંછડું પકડી રાખ્યું તો આ દશા થઈ.' એમ મહાન દયાધર્મની નિંદા કરનારા બને. માટે તમે એક ચિતા હમણાં જ સળગાવો. એમાં બળી જઈશ, એટલે લોકોને ખબર જ નહિ પડે કે દેવીએ શું કર્યું હતું ને રાજાને શું થયું હતું ?'

શું આ ? ધર્મ અર્થે પ્રાણને જતા કરવા, પણ ધર્મ જતો કરીને પ્રાણ નહિ જાળવી રાખવા.

**ધર્મને મહત્ત્વ કેમ અપાય ? :-**

ધર્મનો રંગ લાગવો જોઈએ, ધર્મનું અતિશય ઊંચું મહત્ત્વ સમજાવું જોઈએ અને જીવન જીવતાં પ્રસંગ પ્રસંગમાં ધર્મને સૌથી વધુ મહત્ત્વ અપાવું જોઈએ. મૂળમાં ધર્મનો રંગ લાગે તો પછી ધર્મને મહત્ત્વ આપવામાં અચકાવાનું ન થાય. ત્યાં પછી શરમ ન લાગે કે 'હું ધર્મને મહત્ત્વ આપીશ તો ઘેલો દેખાઈશ.' અલબત્ત ડહાપણના બોલ જોઈએ, પણ જાતના અને દુન્યવી ચીજનાં મહત્ત્વ બાજુએ રાખી ધર્મને મહત્ત્વ આપવાનું ચૂકાય નહિ. રસ્તામાં સ્નેહી મળ્યા, પૂછે છે 'કેમ ? મઝામાં ?' ત્યાં ઝટ મોમાંથી બોલ સરી પડે 'ધર્મની મહેરબાની છે.'

ધર્મને મહત્ત્વ આપવું હોય તો ઘરમાં બેઠા કુટુંબ આનંદથી વાતો કરી રહ્યું છે ત્યાં સાચવીને મૂકાય કે જુઓ આ દુનિયામાં કેટલા બધા માણસો દુઃખી છે, ત્યારે આપણે આ બધું મજેનું ચાલે છે. એ રુડો ધર્મનો પ્રતાપ છે હોં. પૂર્વે કંઈક ધર્મ સાધી આવ્યા છીએ એટલે બધું ઠીકઠીક ચાલે છે. આપણે તો ધર્મનો માલ ખાઈએ છીએ, માટે ધર્મ પ્રત્યેની કૃતજ્ઞતા બજાવવારૂપે પણ ધર્મસેવા કરવાની.

**જીવનમાં પહેલો ધર્મ, પછી દુનિયાદારી.**

ધર્મનો હાડોહાડ રંગ લગાડી દઈએ તો જીવન-પ્રવૃત્તિઓ ધર્મપ્રધાન બની જાય. મનને એમ થાય કે 'પૈસા ને ટકા, ખાન ને પાન, સ્નેહી ને સન્માન, બધું તો ઠીક છે, ધર્મ એ ખરી ચીજ છે. બધું ધર્મની પાછળ છે એ બધાની પાછળનો પુરુષાર્થ એ ગૌણ પુરુષાર્થ, ધર્મપુરુષાર્થ એ જ પ્રધાન પુરુષાર્થ. માટે પેલાના

પુરુષાર્થ કરતી વખતે પણ મારો ધર્મ ન ચૂકું; જૂઠ-ડફાણ, દગો-પ્રપંચ, મદ-ઈર્ષ્યા, હવે કશું ન ખપે; હાય ને વોય જરાય ન કરું.'

**માયાદિત્ય પટકાય છે :-**

ધર્મ એ સાચા પ્રાણ લાગ્યા પછી એની રક્ષા માટે ઠામ ઠામ સંસારની પ્રવૃત્તિઓમાં છેવટે માનસિક ધર્મ તો જરૂર દાખલ કરી શકાય. પેલા માયાદિત્યને બાહ્ય પ્રાણ બચાવવા છે તેથી દોડ્યો જાય છે. પરંતુ જંગલી લૂંટારું ભીલો ક્યાં એનો પીછો છોડે એવા હતા ? એ ય દોડે છે ને માયાદિત્યની તરફ બાણો છોડતા જાય છે. એમાં એક બાણથી માયાદિત્ય પગે જોરદાર વીંધાયો. વીંધાતાં જ પડ્યો નીચે, ને ટોળું આવી પહોંચ્યું પાસે. ભીલોએ એના કપડાની ઝડતી લીધી, એમાં પેલી ૧૦ રત્નોની પોટલી મળી આવી. એ લઈને એમણે પોતાના સેનાપતિને આપી.

**સંસાર અટવીમાં કર્મભીલોની રાગાદિ-બાણ-વર્ષા :-**

વનવગડામાં એકલો અટુલો માયાદિત્ય આ જંગલી લૂંટારું ભીલોની વચમાં શું કરી શકે ? દોડ્યો તો ઘણું, પરંતુ વિશાળ અટવીમાંથી લુંટારાઓનો હલ્લો વટાવી કોઈ ગામ-નગરમાં શે પહોંચી શકે ? એ નહિ, તો રત્નોનો બચાવ પણ શી રીતે કરી શકે ? આ વિરાટ સંસાર-અટવીમાં જીવની પણ આવી જ દશા છે. જંગલી ભીલ જેવા કર્મોના હલ્લા વખતે, આમ તો જીવ ભલે ભર્યા પરિવારની વચ્ચે બેઠો હોય, છતાં એકલો અટુલો છે. જેમ ભીલોએ બાણવર્ષા છોડી એમ કર્મો કોઈ રોગ, કોઈ અકસ્માત્, કોઈ આપત્તિ-પીડા-વિટંબણા, ખડી કરે છે, ત્યાં જીવ ભીલના બાણની જેમ એનો ભોગ બનતાં એને કોઈ બચાવી શકતું નથી. પછી પાસે ધન હોય એ પણ પેલો પોતાનો ગણાતો, કિન્તુ ધર્મનો તાબેદાર, પરિવાર લૂંટી ખાય છે. માયાદિત્યને ભીલોએ લૂંટ્યો ને ?

**શ્રીમંતની પત્ની મરી :-**

વર્તમાન કાળનો એક પ્રસંગ છે. એક શ્રીમંત માણસની પત્ની ગુજરી ગઈ. ઉંમર મોટી હતી છતાં શ્રીમંતાઈ હતી એટલે એના પર કન્યાઓનાં કહેણ આવ્યાં. આવાને કન્યા દેવા તૈયાર થનારા માબાપ શું આમ કન્યાના હિત માટે કરતા હશે ?

**મોટી ઉંમરના શ્રીમંતને કન્યાદાન એ શું કન્યાના હિતમાં છે ?** કે એમાં પોતાનો સ્વાર્થ ખરો કે અમારી કન્યા આવી શ્રીમંતાઈ પામે તો અમારું પણ એ કાંક ધારે ? કન્યાનું જ હિત જોવાની વાત હોય, તો તો આવો મોટી ઉંમરનો જમાઈ સંભવ છે થોડા વરસોમાં ઊપડી જાય, ને કન્યા યુવાનીના પૂરબહારમાં હોય, પાસે વૈભવ અઢળક રહ્યો, પછી એ કામના ઉન્માદને શી રીતે દબાવી શકવાની ? હવે એ વલખા મારે, આર્તધ્યાનમાં ચડે, યુવાનો સાથે વાત-ટાયલાં કરે, આગળ વધીને



કદાચ આડાઅવળા ય ધંધા કરે, તો એમાં કન્યાનું હિત ક્યાં સચવાયું ?

અરે ધણી મર્યા પછીની ક્યાં વાત ? ધણી જીવતે ધતીંગો ચાલે છે. ધણી મોટી ઉંમરનો છે, ને પત્ની નવી યુવતીના થનમનાટમાં હોય; એમાં વળી આજનું ચારે બાજુનું વિલાસી વાતાવરણ, પછી એ યુવાની કેમ ઉન્માદ ન કરાવે ? મોટી ઉંમરે પત્ની મળી એટલે તો એને લાડ લડાવવા માટે સિનેમા, ફરવા-હરવાનું, સહેલસપાટી વગેરે ચાલતું હોય, આજના છાપાં-ચોપાનિયાં પણ વિલાસ પીરસતા હોય, ત્યાં યુવાની દિવાના કેમ ન બનાવે ? ધણીના જીવતાં ધતીંગ કેમ ન જગાવે !

**એક નવી પત્નીનો ઉન્માદ :-**

મુંબઈમાં એક કોમના એક શ્રીમંતે મોટી વયે નવી પત્ની કરેલી. એને મન આ પત્ની એટલે તો જાણે શી વાત ? તે એને લઈને સિનેમા, ચોપાટી, પાર્ટીઓ વગેરેમાં હરવા-ફરવાની છૂટ રાખેલી. એમાં મુંબઈ શહેર એટલે તો જુવાન જોડલાના વિલાસ ઢગલો જોવા મળે. આની અસર થયા વિના રહે ? બાઈના દિલમાં થનમનાટ વધતો ચાલ્યો. એને ક્યાં ઉતારવો, તે એની નજર પોતાના યુવાન રસોઈયા પર પડી. એકવાર શેઠ બહાર ગયા છે, તે બાઈ રસોડાના બારણા વચ્ચે ઊભી જાણે આળસ ખાતી હોય એમ હાથ ઊંચા કરી રસોઈયાને કહે છે, 'અલ્યા એ ? શું રોટલી વણ્યા કરે છે ?'

**મંદિરમાં સ્ત્રીઓને હાથ ઊંચા કરવાની મનાઈ :-**

રસોઈયો બિચારો સારો માણસ, પણ શેઠાણી પૂછે છે એટલે જવાબ દેવા સહેજે સામું તો જુએ જ ? ત્યાં ઊંચા હાથ કરી ઊભેલી બાઈને જોતાં શે વિહ્વળ ન થાય ? માટે તો મંદિરમાં પુરુષને પાંચ પ્રકારના અભિગમ યાને વિનય સાચવવાના, પણ સ્ત્રીઓને ત્રણ જ પ્રકારના વિનય સાચવવાના કહ્યા. એમાં એક વિનય તો શરીર પૂરું ઢાંકેલું હોઈ ઉત્તરાસંગનો વિનય નહિ; ને બીજો, પ્રભુને જોતાં હાથ ઊંચા કરી લલાટે અંજલિ લગાડવાનો વિનય બાઈઓએ કરવાની શાસ્ત્રે ના પાડી કેમ વારું ? આટલા જ માટે કે ભગવાન પૂજ્ય પૂરુષ છે એમની સામે હાથ ઊંચા કરે એટલે છાતી વિકસિત થાય એ ઉચિત નથી, તેમ કોઈ પુરુષની જો એ તરફ નજર પડે તો એને વિહ્વલતા થાય, ઉન્માદ જાગે.

**જીવોની ભાવદયા :-**

ધર્મ કરાવવા બેઠેલા શાસ્ત્રકારોની કેટલી બધી સાવચેતી છે ? જીવો પર કેવી કરુણા-દૃષ્ટિ છે ? જીવો બિચારા કામ-કષાયની આગમાંથી માંડ છૂટી વીતરાગનાં દર્શને આવ્યા હોય, એમને વળી ત્યાં આવાં ઉદ્ભટ રૂપ-આકાર જોવા મળે તો આગ જાગ્યા વિના રહે ? પછી ઠરવા આવેલા બળવા જ માંડે કે બીજું કાંઈ

થાય ? આજે મંદિર-ઉપાશ્રયોમાં ભાનભૂલી બાઈઓ છાકટા વેશે આવે છે, એમને કાંઈ આ વિચાર હશે કે **'હું આ ઠરવા આવેલા ભદ્રક જીવોને બાળનારી ન થાઉં ?'**

**દર્શન કરવા ? કે કરાવવા ? :-**

વિચાર જ શાનો ? વિચાર હોય તો આ, કે એ ભલે પ્રભુનાં દર્શન ન કરે પણ મારાં દર્શન કરે એટલે વાહ વાહ !' આ જ હેતુએ છાકટા વેશ કરીને આવે છે ને ? એટલે એમ કહેવાય કે એ પ્રભુનાં દર્શન કરવા નથી આવતી, પોતાનાં દર્શન કરાવવા આવે છે, પછી ગભરું જીવો દીવામાં પતંગિયા પડી સાફ થઈ જાય, એમ આવાં રૂપ-આકારનાં દર્શનમાં પડી સાફ થઈ જાય, એની કશી દયા આ ભાનભૂલી બાઈઓને નથી. કેમ જાણે નિર્દયતા છે કે 'મંદિરમાં તું મારાં અંગોપાંગ દેખી ખુશી થાય પછી ભલેને નરકમાં આંખમાં પરમાધામીના ભાલા ખાય એમાં મારે શું ?' જાણે એવી બેપરવાઈ જ ન હોય એટલે એવા ઉદ્‌ભટ વેશે મંદિરમાં અવાય છે.

પેલી ફાટફાટ જુવાનીવાળી શેઠાણીના એવા દેદાર સામે જોતાં ને એમાં વળી એ હસતી હસતી પૂછે છે એટલે એવા એના મોં સામે જોતાં પવિત્ર પણ યુવાન રસોઈયો વિહ્‌વળ થયો. છતાં મર્યાદા રાખી કહે છે 'કેમ ભાભી સાહેબ ! રોટલી તો સમયસર કરવી જ પડે ને ?'

બાઈ હસતીખીલતી બારણાની બારશાખે હિચોળા લેતી કહે 'અરે ઘેલા ! એ તો હવે થવાની જ છે ને ? ઊઠ ઊઠ ઊભો થા, આ જુવાની શા કામની છે ?'

રસોઈયો સાંભળતાં ચોંક્યો, 'હેં ? આ બાઈ શું બોલે છે !' એ બાઈનો ભાવ કળી ગયો ખોટાં દર્શને એને ય ઉન્માદ તો જાગ્યો હતો એમાં વળી આવા શબ્દો સાંભળવા મળ્યા, પછી પવિત્રતા ક્યાં ટકે ?

**નવવાડનો હેતુ :-**

**સારા માણસ પણ નરસાં નિમિત્તમાં ભૂલે છે.**

માટે તો શાસ્ત્રકારોએ બ્રહ્મચર્ય-સદાચારની નવવાડ ફરમાવી છે. એનો આ વિશાળ ઉદ્દેશ જો લક્ષમાં લેવાય, તો નરસું નિમિત્ત જરાય ન સેવાય. શું ચોથા પાપમાં, કે શું બીજા પાપમાં, બધે એથી બચવા એને તાણી લાવનારાં હલકાં નિમિત્તથી દૂર રહેવાનું છે. પવિત્ર સાધ્વીજી સામે ય સાધુએ કે ગૃહસ્થ પુરુષે જોવાનું નથી. એને પૂછવું પડે કે જવાબ દેવો પડતો હોય તો નીચા મોંઢે કે આડા મોંઢે, કેમકે અંગદર્શન એ નરસું નિમિત્ત. એમ શ્રીમંતોની મોટરો બંગલા વગેરે વૈભવ મધ્યમ માણસોએ જોવા જેવા નહિ; કેમકે એ જોતાં રાગનો ઉન્માદ જાગે, દીનતા આવે, વલખાં મારવાનું થાય.



પેલા રસોઈયાને દર્શન અને શ્રવણ બંને ખોટાં નિમિત્ત મળ્યાં તેથી જાતે જ વિહ્‌વળ થયો છે એટલે શેઠાણીને કહી શકતો નથી કે 'તમે આ ઊંચા કુળના થઈ શું બોલો છો ? વળી તમારે શું ઓછું છે ?'

**સ્વયં લબડેલા માણસો બીજાને તારી શકે નહિ.**

પોતે જ રૂપરંગ સુંવાળા સ્પર્શમાં લોભાણા હોય એ બીજાને એથી બચવાનું શે કહી શકે ? એ તો સીતા મદનરેખા જેવી મહાસતીઓ સ્વયં મર્યાદાશીલ હતી, લબડી નહોતી, તેથી સામા માંધાતા રાજાને પણ સાફ સુણાવી દેનારી બની કે 'ભાનભૂલો ન થા, નરકે જવાનો ઉપાડો ન કર. એમ સુદર્શન શેઠ જેવા સત્ પુરુષોએ ફસામણીમાં આવ્યા છતાં લબડ્યા નહોતા એટલે નારીનાગણને વશ ન પડ્યા. લબડેલા બાપ કે ગુરુ પોતાના પુત્ર કે શિષ્યને એ બાબતમાં કહી શકતા નથી.

**શેઠાણીની આડાઈ :-**

આ રસોઈયા બિચારાનું શું ગજું ? છતાં એ કહે છે 'ભાભી સાહેબ ! જુવાની તો ઘણી ય લેખે લગાડાય, પરંતુ માથે શેઠ બેઠા છે ને ? શેઠ જાણે તો મારા તો બાર જ વાગી જાય.'

ત્યારે આ વહી ચાલેલી બાઈ હાવભાવ ને હાસ્ય સાથે કહે 'અરે ભલા માણસ ? શું તું જોતો નથી કે શેઠ કેવા મારા હાથમાં રમે છે ? કેવા મારા નચાવ્યા નાચે છે !'

'છતાં ય બાઈસાહેબ ! પુરુષજાત આવું થોડું જ સહન કરે ?'

બાઈ એની પાસે જઈ હાથ પકડી ઊઠાવતાં કહે 'હવે તું ડર રાખ મા ઊઠ, શેઠ ગુસ્સે થાય તો મન શો રસ્તો લેવો તે આવડે છે. જા તારી બધી જવાબદારી મારા માથે.'

કહો, હવે પાપમાં કાંઈ બાકી રહે ? ચાલ્યું રોજ. આજના વિલાસ તાંડવમાં ક્યાં શું પાપ નહિ ચાલતું હોય તે કહેવું મુશ્કેલ છે. એકવાર શેઠ અચાનક વહેલા આવી ગયા, અંદરનો રૂમ બંધ, પણ ફડાતરમાંથી જોતાં ચોંક્યા, ખળભળી ઊઠ્યા, બાઈ બહાર આવી ત્યારે કહે છે, 'આ શું માંડ્યું છે ?'

હવે આવાં કામ કરનારી બાઈ શિયાળણ હોય કે વાઘણ ? ખટ્ ડોળાં કાઢી ભવાં ચડાવીને કહી દે છે, ચૂપ રહો; એક તો મારા બાપને પૈસા આપી મને કૂવામાં ઊતારી પાછી ગરબડ કરો છો ? સુખ તમારે જોઈએ, ને મારે નહિ ? તે પરણ્યા ત્યારે તમે સમજીને નથી પરણ્યા ? શો માલ છે તમારામાં ? બેસો, અક્ષર બોલશો નહિ; નહિતર જોવા જેવું થશે. એ તો એમ જ ચાલવાનું. ખબરદાર છે જો ભટને કાંઈ અક્ષર કહ્યો છે તો ?'

ખલાસ, આંખ કાઢીને રૂવાબભેર સુણાવી દેતાં, વિષયના લાલચુ શેઠ દબાઈ ગયા. રસોઈયાને પણ કશું કહી શક્યા નહિ. જ્યાં ઉદ્‌ભટ રંગીલીમાં રસોઈયા

ભૂલે, ત્યાં જેઠ-દિયર પાડોશી-પતિમિત્રનું શું પૂછવું ?

**બહુ સાવધાન રહેવા જેવો કાળ છે આ. ઢોરનાં જીવતાં ચામડાં કેમ ઊતરે છે ? :-**

પવિત્રતાના ભુક્કા બોલી રહ્યા છે પરલોકના ભયંકર અનર્થનો વિચાર નથી કે ક્યાં ભટકી મરીશ ? સુંવાળા સ્પર્શમાં લોભાનારા પામરોને જોવું નથી કે કર્મ આની ક્રૂર સજા કેવી કરશે ? આજે સંભળાય ને કે યાંત્રિક કત્લખાનામાં ઢોરોની જીવતા જીવોની ચામડી કેવી રીતે ઉઝરડી લેવામાં આવે છે ? એમ, બહુ મુલાયમ રેશમ જેવું ચામડું મેળવવા ઢોરને બાંધી જકડી એના પર ખદખદતા પાણી નાખી ધોકેથી કેવા કૂટવામાં આવે છે ? શા માટે ? અંદરનું લોહી બધું ચામડીમાં ફરી વળે ને એ મુલાયમ બને એ સારું. પછી ? ઢોરના જીવતાં જ એ ચામડી ઉઝરડે છે. કેટલો ત્રાસ ? ઉકળતા પાણી, ધોકાના માર અને ચામડી ઉઝરડાવાનું, એમાં કેટલી વેદના ? અહીં આ, ત્યારે નરકમાં તો વળી ત્રાસ-વેદનાનું શું પૂછવું ? આ શાનું પરિણામ ? કહો,

**માનવભવે સુંવાળા સુંવાળા સ્પર્શ વગેરે વિષયો અત્યંત વહાલા કરેલા એનું આ પરિણામ કે ઢોર થઈ ચામડાં ઉઝરડાય વગેરે, અને નરકમાં કારમા છેદન-ભેદન આવે.**

**પેલા શ્રીમંતનું શું થયું ? :-**

આપણી વાત એ હતી કે મોટી ઉંમરના શ્રીમંતને કન્યા આપે એણે કન્યાનું હિત કર્યું ? કોઈ મહાપવિત્ર બાઈ બચી જાય એ વાત જુદી, બાકી માબાપે તો એને અસત્ માર્ગના કૂવામાં ઉતારી. પેલા શ્રીમંત મોટી ઉંમરનાને પણ કન્યા આપનાર આગળ આવ્યા. ત્યારે ઘરડે ઘડપણે પણ રૂપનો મોહ થોડો જ જતો રહ્યો છે ? તે ભાઈએ અનેકમાંથી એક રૂપે રુડી કન્યા પસંદ કરી અને પરણ્યા.

હવે પંચ મહાજનના માણસો જુએ છે કે ‘આ શેઠ છે મોટી ઉંમરના, શો ભરોસો કેટલું જીવે ? ત્યારે આટલી મોટી મિલકત પર એકલી નવી બાઈ ધણી બની બેસશે. માટે આપણે વેળાસર શેઠજીની પાસે કશો પરમાર્થ કરાવી લો; એટલે સારા આગેવાન માણસ શેઠને કહે, ‘શેઠ ! ભગવાનની તમારા પર મહેરબાની છે, હામ-ઠામ-દામ ત્રણેથી સુખી છો. તો આ આ કામ કરવા જેવા છે;’ એમ કહીને સુકૃતનાં કામો ગણાવ્યાં.

શેઠને પૈસા પર બહુ રાગ છે; એથી ય વધુ રાગ હવે નવા ઘરવાળા ઉપર છે. પછી ત્યાં સુકૃતમાં ખરચવાની વાત ગળે શાની ઊતરે ? એટલે વાત ઉડાવવા કહે છે, ‘જુઓને ભાઈઓ ! હમણાં એ જુના ઘરવાળાની દવાદારૂ વગેરેમાં ખરચો



ઘણો થઈ ગયેલો, એમાં પાછો આ નવાના લગનમાં ભારે ખરચ થયો નાત જમાડી...વગેરે ખરચ તો કરવો પડે ને ? એટલે હાલ જગા નથી.’

**સુકૃતથી ભાગતાં કેટકેટલું ભૂલાય છે ? :-**

થયું ? આને કોણ કહે કે

(૧) “પણ શેઠ મારા ! એમાં તમારા આત્મા માટે પરલોકનું ભાતું ક્યાં બંધાયું ? પુણ્ય ક્યાં કમાયા ?

(૨) વળી એટલો બધો ખરચ કરવાનો આવ્યો ત્યાં ઘરવાળા ‘જુના મારા,’ ‘નવા મારા’ કરતાં આવડ્યું, તો ‘ભગવાન મારા, ધર્મ મારો’ કરતાં ન આવડ્યું ? જેથી પેલા ખર્ચ ભેગો લાવ આમાની સેવાનો ય ખર્ચ જરૂર કરું’ એવું મન થાય ?

(૩) વળી પ્રભુની મહેર છે એટલે હજી ય સારું પહોંચે છે. એ વખતે જો સુકૃત નહિ સાધી લો, તો પછી લક્ષ્મી અને આયુષ્યનો શો ભરોસો છે તે એ અસ્થિર થયે શું સાધી શકાશે ?

(૪) વળી, સાંસારિક બાબતમાં હોંશે ખરચ કરતાં તો એટલી ખરચેલી લક્ષ્મીની માયાને માત્ર ફેરવીને બીજી સંસારી ચીજ પર એથી વધુ માયા-મૂર્ચ્છાના રૂપમાં સ્થાપી દીધી; એથી તો ગળારુંધ બંધન વધાર્યા. પણ સુકૃતમાં ખરચીને એટલી ધનમૂર્ચ્છા ખરેખરી ઉતારવાનું ક્યાં કર્યું ? ને દેવાધિદેવ તથા ધર્મ પર સાચી મમતા ઊભી કરવાનું ક્યાં કર્યું ? એ નહિ, તો પછી ધન અને કુટુંબની પ્રબળ મમતાનું પરિણામ ?”

આ બધું પંચ મહાજન શી રીતે બોલી શકે ? કેમકે સામે શ્રીમંતને ઘમંડ હોય છે ને ? તે જરૂર પડ્યે સંભળાવી દે કે ‘હું બધું જાણું છું એ.’ ખરેખર જાણવાનું છે ક્યાં ? બાકી તો જો આ ચાર મુદ્દા પર અંતરમાં વિચાર કરવામાં આવે તો ઝટ દાનની-સુકૃતની-દેવગુરુભક્તિની પ્રેરણા જાગે. ચાર મુદ્દા ફરીથી યાદ રાખી લો,

**દાનસુકૃતના અભાવમાં**

**(૧) પરલોકનું ભાતું ક્યાં ?**

**(૨) દેવ-ગુરુ-ધર્મની મમતા ક્યાં કેળવી ?**

**(૩) ચંચળ ધન-આયુષ્ય દગો દેશે ત્યારે શું શક્ય ?**

**(૪) ધન-કુટુંબ ભોગ સુખની ચિકણી મમતાનું પરિણામ ?**

(૧) ધન-કુટુંબ ભોગ સુખની ચિકણી મમતાનું પરિણામ ?

(૨) દેવગુરુ ધર્મની અહીં મમતા કેળવ્યા વિના ભવાંતરે એમની પ્રાપ્તિ

મુશ્કેલ. તેથી પાપો અને મિથ્યાત્વનું જાલિમ જોર રહેવાનું.

(૩) ધન-આયુષ્ય દગો દેશે પછી સુકૃતની તક ગઈ. પછી તો પાપોની પરંપરા ચાલવાની.

(૪) ધન-કુટુંબ-ભોગસુખની ચિકણી મમતામાં અહીં ય સંતાપનો ને પાપોનો પાર નહિ, ને ભવાંતરે પણ એ જ લોથ

માટે લક્ષ્મીની મમતા અને દાનસુકૃતની ઉપેક્ષા ભૂંડી.

**શેઠનું દિલ ફરે છે, પણ :-**

પેલા શેઠે સારા માણસોનું માન્યું નહી. સારા સમયે કાંઈ સુકૃત કર્યું નહિ, ને નવી બૈરીનું સારું સારું કરતા ગયા. પણ પછી એના રંગઢંગ જુએ છે તો લાગ્યું કે 'આ તો પાકી સ્વાર્થમાયા છે. ધર્મની લેશ્યાનો આનામાં છાંટો નથી. આડે અવળે ભટકવા ને મળવા-કરવા જોઈએ છે. તો આમાં તો મારી લક્ષ્મી એકલાં પાપકાર્યો અને દુરાચારમાં કામે લાગવાની; હાય ! તો એનાં નિમિત્ત બનવાનું મહાપાપ મારા માથે કેટલું બધું ચડે ?'

શેઠને દિલમાં ભારે આઘાત લાગ્યો. મનને થયું કે 'ધર્મના પ્રતાપે તો લક્ષ્મી મળી; એ લક્ષ્મીને પાપમાં ઘાલવાની ? ને ધર્મને ટીકો ? પછી પરભવે ધર્મ વિના મારો કોણ બોલી ? માટે લાવ, હવે સુકૃત કરી લેવા દે.' આ વિચાર તો કર્યો, પરંતુ પછી શેઠ મુંઝાયા, 'હાય ! પણ હવે સુકૃતો શી રીતે કરું ? આ બેરી મને કશું ન કરવા દે. સંઘ ક્યાં કાઢું ? ઉજમણું શી રીતે કરું ? મંદિર ક્યાં બંધાવું ? શું કરી શકું ?'

જુઓ, સુકૃત કરવાની ભાવના થઈ ત્યારે અંતરાય આડા ઊભા છે. પહેલી બાઈ સારી હતી ત્યારે કશું સૂઝયું નહિ. અહીં હવે સૂઝયું ત્યારે માથે ચોકી બેઠી છે. તમે બેમાંથી કયા ક્લાસમાં છો ? ગમે તે ક્લાસમાં હો, પણ કર્યા વિના પામવાનું ખરું ? પરભવે બચાવ મળે ખરો કે 'શું કરું ? મારે તો ધર્મમાં ખરચવું હતું પરંતુ અંતરાય નડતા હતા તેથી ન ખરચ્યું. માટે મને સજા નહિ ?' ના, બચાવ ન મળે.

**માની લીધેલા અંતરાયથી કે કારણથી સુકૃત ગુમાવવામાં કર્મના દંડ અટકે નહિ.**

**શેઠ વીલ લખાવે છે પરંતુ બાઈ... :-**

શેઠ આ સમજી ગયા છે, તેથી એણે રસ્તો કાઢ્યો કે 'ભલે આમ નહિ ખરચાય, પણ વીલ કરી દઉં, પછી તો મારા મર્યે વીલના ટ્રસ્ટીઓ કોરટ દ્વારા કબજો લઈ શકશે; એટલે બાઈ બહાર ગયેલી ત્યારે શેઠ પંચના આગેવાનોને બોલાવ્યા, અને સ્ટેમ્પ પેપર પર વીલ લખાવ્યું, એમાં ૮ લાખ રૂપિયા જુદા જુદા



ખાતામાં લખાવ્યા, ને બૈરીના માટે એક લાખ રૂપિયા લખાવ્યા.

હવે નીચે પોતાની સહી કરવાની તૈયારી છે, ત્યાં તો બાઈને બહાર ક્યાંક ખબર પડી કે 'પંચના આગેવાનો ઘરે ગયા છે,' તે દોડતી ઘરે આવી; અને વિગત જાણી લઈ ઝટ બધાની વચમાં જઈ વીલનું કાગળિયું ઉપાડ્યું. ઉપાડીને રાડ પાડી શેઠને કહે છે, 'આ શું માંડ્યું છે ? ભીખ મંગાવવી છે મને ?' આગેવાનોને કહે 'આ પારકા ઘરે જ ડહાપણ કરવા નીકળી પડ્યા છો ? લો;' એમ બોલતાંક વીલના કાગળિયાના ફાડીને ટૂકડા કરી નાખ્યા.

**શેઠનું હાર્ટફેઈલ :-**

પેલા શેઠને તો પૂર્વે પસ્તાવો તો ભારે થયો જ હતો, એમાં આ જોતાં જ હૃદયને એટલો સજ્જડ આઘાત લાગ્યો કે ત્યાં જ એનું હાર્ટ ફેઈલ થઈ ગયું; ત્યાં જ મર્યા, ને ધરણી પર ઢળી પડ્યા. બાઈએ પોક મૂકી, 'હાય હાય ! આ દોઢડાહ્યાઓએ મારો ધણી ગુમાવરાવ્યો.' બોલો, સારા માણસો એ સંયોગમાં શું બોલે ? જ્યાં શેઠ મર્યો પડ્યો છે ત્યાં શું આડું બોલનારી વિધવા બનેલ બાઈ સાથે લડે ? સૌ સૌના ઘેર રવાના થયા.

કહો, આમાં શેઠ શું પામ્યો ? અકાળે જીવન ગુમાવ્યું, સારું કરવાની વૃત્તિ થઈ, પ્રયત્ન કરવા માંડ્યો, પણ કશું કરી શક્યો નહિ; ને બધા જ પૈસા બૈરીને મનમાન્યા ખેલ ખેલવામાં જાય એ રીતે મોકળા મૂકી જવા પડ્યા. આ ઉપરથી સમજાશે કે

**શેઠના હાર્ટફેઈલ પર બોધપાઠ**

(૧) માણસને સાધનાની અનુકૂળતા હોય ત્યારે ઉંહું ઉંહું કરે એ કેટલી મૂર્ખતા ? શેઠને પત્ની નવી નવી આવી હતી ત્યારે પંચના આગેવાનોએ પ્રેરણા કરેલી; તે વખતે શેઠને સારું કરવું હોત તો કરી શકત. કેમકે એ વખતે નવી હમણાં જ આવેલી પત્નીનો પગદંડો જામેલો નહિ તેથી ધાર્યો ખર્ચ કરવા અનુકૂળતા ગણાય. એ જ રીતે ખાધેપીધે સુખી, યુવાની, સશક્ત શરીર, ગુરુસંયોગ, વગેરે એ દાન-શીલ-તપ કરવા અનુકૂળતાઓ ગણાય, એમાં સાધના કરી લેવી જોઈએ.

(૨) 'સારાં કામ પછી કરીશ' એમ આગળ ઠેલવામાં કર્મની ને ભાવીભાવની વિચિત્રતાએ કોને ખબર અણધાર્યું શું બને ? શેઠ કાંઈ મરે એવી અવસ્થામાં ન હોત, પરંતુ પત્નીના વીલ ફાડી નાખવા પર એવો સજડ આઘાત લાગ્યો કે હૃદય બેસી ગયું. જો જીવ્યા હોત તો પછીથી ખાનગીમાં બહાર જઈને ફરીથી વીલ કરી શકવા પ્રસંગ રહેત. પરંતુ ભાવીભાવની વિચિત્રતાએ એવું સર્જન કર્યું કે એ પ્રસંગ જ ન આવવા દીધો. માટે સારા કામમાં ઢીલગંડી નહિ કરવી. તરત ધન મહાપુણ્ય,

પેલા માયાદિત્યને જેમ લૂંટારાઓએ હલ્લો કરી લૂંટ્યો એમ જીવને કર્મ લૂંટારા ગમે તે જાતનો હલ્લો કરીને એનું પુણ્યધન જીવનધન લૂંટી લે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''   વર્ષ-૧૮,અંક-૧૬,તા.૧૦-૧-૧૯૭૦**

(૩) એક વાત એ પણ આ પ્રસંગમાંથી મળે છે કે કદાચ જેવું આ પ્રસંગમાં આ નવી બાઈએ એકાએક વીલ ફાડી નાખવાનું કર્યું, એવો કોઈ બીજો પ્રસંગ આવી લાગ્યો, તો ય તેથી દિલને જીવલેણ આઘાત લગાડવાનું શું કામ છે ?

**આઘાતનું કારણ શું ? :-**

**પ્ર.**- પરંતુ આઘાત કાંઈ લગાડ્યો લાગે છે તે એને અટકાવી શકાય ?

**ઉ.**- વાત સાચી એમ દેખાય કે 'આઘાત કાંઈ લગાડ્યો નથી લાગતો પણ એકાએક લાગી જાય છે; કિન્તુ ખરેખર કયા કારણે આઘાત લાગે છે એ તપાસો. પછી જો એ કારણ રોકીએ તો આઘાત કેમ ન રોકાય ?

**પ્ર.**- તો બતાવો ત્યારે આઘાતનું શું કારણ છે ?

**ઉ.**- અહીં એમ સમજતા નહિ કે કોઈ અણધાર્યો વિષમ પ્રસંગ બની આવ્યો યા એવા કોઈ ભારે બોલ સાંભળવા મળ્યા માત્ર એથી આઘાત લાગે છે એવું નથી. નાગકેતુએ જનમતાં પૂર્વજન્મનું સ્મરણ થવાથી જાણ્યું કે પૂર્વ ભવની અઠ્ઠમની ભાવનાએ અહીં આવા સારા ઘરમાં જન્મ મળ્યો. એ જાણી અઠ્ઠમ કર્યો. પરંતુ એક દિવસમાં જ કરમાઈ મરવા જેવો બેભાન થઈ ગયો. માતાપિતાએ ઘણી હોંશ પછી આ મળેલાનું મરણ જોતાં આઘાત અનુભવ્યો અને એમનું મૃત્યુ થઈ ગયું. હવે જુઓ કે શું સંસારમાં બધે જ બહુ હોંશનો મેળવેલ દીકરો મરી જાય તો માબાપને આઘાત લાગી મૃત્યુ જ થાય છે ? ના, એવા તો કેટલાય માબાપ જીવતા રહે છે.

**પ્ર.**- પણ એ તો છાતી મજબૂત હોય તો કાંઈ ન થાય.

**ઉ.**- એ છાતી મજબૂત શાના પર ? મજબૂત છાતી એટલે શું હૃદય પત્થરનું ? ના, કશું જ નહિ. કિન્તુ કહો કે જે વિષય બગડવા પર આઘાત લાગવા જાય છે, એ વિષયનો વધારે પડતો યા તીવ્ર રાગ ન હોય એ જ મજબૂત છાતી; અને વધારે પડતો તીવ્ર રાગ હોય એ નબળી છાતી. અતિશય તીવ્ર રાગ હોય અને રાગની વસ્તુમાં એકાએક ભારે વાંધો-વચકો દેખાય તો સહેજે એ પેલા અતિ તીવ્ર રાગને લીધે અસહ્ય લાગવાથી આઘાતનો પ્રસંગ બની કદાચ મૃત્યુ પણ થઈ જાય. ત્યારે જો એટલો બધો રાગ ન ધર્યો હોય તો અઘટતું બનવા પર દિલને એવો ધક્કો નહિ લાગે.



માટે ક્યારે ય પણ આઘાત ન લાગવા દેવો હોય તો ડહાપણનું કામ આ, કે દુનિયાની કશી ય વાત-વસ્તુ પર અતિ તીવ્ર રાગ ન કરવો. નાગકેતુના માબાપને પોતાની જાત કરતાં ય પોતાના જીવન કરતાં ય બચ્ચા પર તીવ્ર રાગ હતો, તેથી એનું મૃત્યુ દેખાતાં જીવલેણ આઘાત લાગ્યો. ત્યારે જે માબાપને એવો રાગ નથી એને એવા પ્રસંગે એવો કાંઈ આઘાત નથી લાગતો.

**શ્રેષ્ઠિપુત્ર વિજયનું દૃષ્ટાંત**

શ્રી 'ધર્મરત્ન પ્રકરણ' નામના શાસ્ત્રમાં. દાખલો આવે છે, એક વિજય નામે શ્રેષ્ઠિપુત્ર બહારગામ લગ્ન થયા પછી સાસરે પત્નીને પહેલી વાર તેડવા જાય છે. સાસરે પહોંચ્યો, પણ પત્નીને બાપનું ઘર છોડીને જવું ગમતું નથી. છતાં ના કેમ બોલી શકે ? બાઈને પતિની સાથે જવું પડ્યું. પરંતુ મન નથી. ત્યારે સ્ત્રીજાતમાં એક દોષ અવિચારી સાહસનો ગણાય છે. એણે અહીં ભાવ ભજવ્યો. નગરની બહાર નીકળી આગળ ચાલતાં દૂરથી એક કૂવો દેખી બાઈ વિજયને કહે છે 'મને તરસ લાગી છે.' ભોળો વિજય આનું રહસ્ય ક્યાંથી જાણે ? એણે તો તરત કહ્યું 'ગભરા ના, અહીં જોઉં છું કોઈ કૂવો આવે તો.' એમ કરીને જોતાં કૂવો દેખ્યો. એટલે 'એમાં પાણી છે કે નહિ, છે તો કેટલું ઊંડું છે,' એ જોવા માટે એ ગયો કૂવા પાસે. બાઈ પણ સાથે જ છે જેવો વિજય કૂવામાં પાણી જોવા વાંકો વળ્યો કે સાહસ કરીને નિષ્ઠુર બની એને અંદર તરફ ધક્કો લગાવી દીધો. બસ, હવે નિશ્ચિન્ત બન્યાનો દમ ખેંચી બાઈ પાછી ચાલી ઘર તરફ. ઘેર શું કહેવું એ મનમાં એવું ગોઠવી દે છે, કે ઘેર બધાને એની વાત સહજ લાગે.

**નિરંકુશ દિલ ક્યાં ઊતરી પડે ? :-**

જીવની કેટલી બધી કંગાળ દશા છે ! જો દિલ નિરંકુશ બન્યું, દિલ પર કબજો ન રાખ્યો તો ક્યાંના ક્યાં ઊતરી પડ્યા ? બાઈ ઉત્તમ કુળમાં જન્મેલી, પણ એણે કુળની લાજ ન રાખી, ન વિચાર્યું કે આવા ઊંચા કુળમાં જન્મેલી મારાથી આવું ગોઝારું કૃત્ય કરાય ! શાસ્ત્રકારોએ કુળવાનને ય એક ગુણ કહ્યો છે. માટે હીન નીચ કુળવાળાને દીક્ષા નથી આપી શકાતી. તો કુળ એ પણ ગુણ છતાં દિલ પર કબ્જો જ ન રાખવો હોય અને અવિચારી સાહસ જ કરવું હોય એ અધમ કૃત્યથી કેવી રીતે બચી શકે ?

**માયાદિત્યનું શું થયું ? :-**

જુઓને પેલા માયાદિત્યે પણ પાંચ રત્ન પડાવી લેવાના લોભમાં મિત્ર સ્થાણુને કૂવામાં ધકેલી દીધો હતો ને ? છતાં એ શું પામ્યો ? લૂંટારાના બાણથી પગે ઘવાતાં પડ્યો અને પકડાયો. ભીલોએ દસ રત્નોની પોટલી પડાવી લીધી. હવે

આ તો જંગલી ભીલોની જાત, માણસ જેવા માણસને પણ મારી નાખતાં એમને શો સંકોચ ? છતાં માયાદિત્યનું ભાગ્ય એટલું બધું ખરાબ નહિ, તેથી સેનાપતિ પોતાના માણસોને કહે 'જુઓ આની પાસેથી માલ મળ્યો છે. તો હવે આને મારી નાખશો નહિ. એને બાંધીને વાંસની જાળીમાં મૂકી દો.' બસ સેનાપતિનો હુકમ એટલી જ વાર; ભીલોએ એ પ્રમાણે કર્યું, માયાદિત્યને બાંધીને વાંસની જાળમાં ફગાવી દીધો. પોતે મિત્રને કૂવામાં ધકેલેલો અને ભીલોએ એને જાળમાં ધકેલ્યો.

**પાપી કૃત્ય કરવા હોય તો ભીલ અને કુલીનમાં શો ફરક ?**

જીવ મન બગાડીને ખોટા વિકલ્પો ખોટા હિસાબ પાપી મનોરથો માંડીને અનુચિત કરવા જાય, પરંતુ કુદરત કર્મ એ જીવનું ક્યાં ચાલવા દે એમ છે ? પેલા સ્થાણુને બિચારાને કૂવામાં પટક્યો છે, એ પાપ જાણે અહીં જ લમણામાં લાગ્યું તે પોતે બંધાઈને વાંસની જાળમાં મૂકાઈ ગયો. મનની મનમાં રહી ગઈ. માણસ ગમે તેટલાં પાપી વિચાર કરે, પાપાચરણ કરે, પરંતુ કુદરત ક્યાં છોડે એમ છે ? કર્મ ક્યાં સીધું પતવા દે ? તો જીવની આ મૂર્ખાઈ નથી શું ?

**ચેતનને ચીમકી :-**

**જીવની મૂર્ખતા :-**

**જગતમાં અનેકાનેક દાખલા અણધારી કર્મ-સજાના જોવા મળે છે. છતાં એને અવગણી પાપી વિચારો અને પાપાચરણો કરવા, એ જીવની સરાસર મૂર્ખતા છે.**

એવું જોવા મળે ત્યાં તો ચેતને ચીમકી દેવી જોઈએ કે 'હું આ પાપી વિચાર કરું છું પાપકૃત્ય કરું છું, પરંતુ મારી પર પણ આમની માફક કર્મનો ફટકો ન જ લાગે એવું ક્યાં છે ? ફટકો લાગતાં હતો-ન-હતો થઈ જઈશ ત્યાં આ કરેલા પાપી વિચાર-ઉચ્ચાર-આચરણ તો માથે જ પડવાનાને ? અનાર્ય કુળમાં જનમ્યો હોત તો ત્યાં પાપની પિછાણ જ ક્યાં મળવાની હતી ? પછી પાપથી બચવાની વાતે ય ક્યાં ? એ તો અહીં સારા કુળમાં જનમવાથી પાપની દોષોની દુષ્કૃત્યોની ઓળખ મળી છે, અને વળી જગતમાં ઉઘાડેચોક દેખાય છે કે

**ગમે તેટલી ધાંધલ કરવા છતાં જીવનનો સરવાળે કરુણ અંત છે.**

પાપનો માલ અહીં રહેવાનો, અને પાપ સાથે લાગવાના. કેવી કરુણતા ! તો પછી શા સારુ એવા નાશવંત માલ ખાતર જીવની સાથે લાગે એવા, પાપી, વિચાર, ઉચ્ચાર કે આચરણ કરવા ?

શું થયું હતું પેલા નવ લાખ રૂપિયાની મિલકતવાળા શ્રીમંતને ? જીવનભર સારું સુકૃત કર્યું નહિ, લક્ષ્મીના મોહમાં અને વિષયસુખોની અંધતામાં મહાલ્યો, હવે કાંક સારું કરવા ગયો, સુકૃતનું વીલ લખાવવા ગયો, ત્યાં નવી ઉલ્લંઠ પત્નીએ



આવીને એ ફાડી નાખ્યું, ને એ જોવા પર આઘાત લાગતાં શ્રીમંતનું ત્યાં જ મૃત્યુ થયું. આઘાતનું કારણ આ પત્નીની ઉલ્લંઠાઈ નહિ, પણ પોતાની મોહદશા હતી. પત્ની નવી હતી, સારી સુખકારી માનેલી, તે હવે આટલી હદનું કરે ? એણે આઘાત લગાડ્યો. વળી પૈસા સારા માનેલા, તે હવે સુકૃતમાં કામે લગાડવાનું ધારેલું, ને એકાએક એ આમ જ પડ્યા રહે ? આ કલ્પનાએ આઘાત લગાડ્યો.

**આઘાત ઉપર વિજયનું દૃષ્ટાંત જોવાનું છે.**

જુઓ પેલી બાઈને પણ એવું જ બને છે. એ ધણીને કૂવામાં ધકેલી ઘરે આવી. ઘરવાળા ચોંક્યા, પૂછે છે 'કેમ એકલી પાછી આવી ?'

બાઈ મનમાં બરાબર ગોઠવીને આવી છે, તે કહે છે, અમે ગામ બહાર નીકળ્યા તો ખરા, પરંતુ સામે અપશુકન નડ્યા તેથી એમણે મને કહ્યું કે 'હમણાં પાછી જા, શુકન સારાં નથી, પછી હું ફરીથી આવીને તને લઈ જઈશ ! તેથી પાછી આવી.'

**વિજયનું શું થયું ? :-**

ઘરના માણસોને એની આ વાત સ્વાભાવિક લાગી, એટલે વાત ત્યાં જ પતી ગઈ. અહીં એનો પતિ વિજય ખાનદાન છે, ગુણવાન છે. એ સગી પત્નીથી કૂવામાં ફેંકાયો છતાં મનમાં વિચારે છે કે 'બિચારીને હમણાં નહિ આવવું હોય, મને ય ઘરવાળાએ પરાણે મોકલ્યો, ને એને ય કુટુંબીઓએ એમ વળાવી, તેથી એણે આ કર્યું લાગે છે. ખેર, જેવા ભાવીભાવ.'

બસ મનમાં ખોટા વિચારની અને કષાયની એણે માંડણી જ ન કરી. પછી એના પર બહુ ધમધમવાનું અને આર્ત તથા આગળ વધીને રૌદ્ર ધ્યાનમાં ચડવાનું શાનું બને ?

**મનનું ધ્યાન અને આચરણ બગડવાનું બને છે તે કષાય અને પાપવિચારની માંડણી માંડવા પર.**

**કષાયની અને પાપ વિચાર માંડવા ન માંડવામાં જીવ સ્વતંત્ર છે.**

માટે જ એવી માંડણી માંડતા પહેલાં જ વિચાર કરવા જેવો છે, થોભી જવા જેવું છે. વિચારવા જેવું છે કે 'મારો જીવ બહારના બનાવ અંગે તો પરવશ છે, કિન્તુ કષાય-ક્રોધ-માન-માયા કે લોભને વિકસાવવો કે ન વિકસાવવો, પાપી વિચાર ચાલુ કરવો કે ન કરવો, તે બાબતમાં સ્વતંત્ર છે. મારે એ ન કરવું હોય તો એ કરવા માટે કોઈનું દબાણ નથી.

**કોઈ હજી મારું શરીર બગાડી શકે છે, પરંતુ મન નહિ. મન બગાડવાનું તો જાતે જ થાય છે.**

દુષ્ટાત્માઓએ મહાત્માના શરીર ચૂંથી નાખ્યા કાપ્યા-કચર્યા-સળગાવ્યા, પરંતુ એમનાં સારાં મન ન કચરી-બગાડી શક્યા. કારણ એક જ કે એ મહાત્માઓને પોતાને જાતે મન બગાડવું નહોતું એમાં એ સ્વતંત્ર હતા. આપણે પણ આ બાબતમાં સ્વતંત્ર છીએ. તો આ સ્વાતંત્ર્યનો સદુપયોગ કરી લેવો જોઈએ. તો પછી કષાયની અને ખોટા વિચારની માંડણી જ ન મંડાવા દઈએ. માત્ર,

**સામાની દયા વિચારીએ તો કષાય અને ખોટા વિચારની માંડણી ન મંડાય.**

વિજયે જરાય ખોટો વિચાર કે પત્ની પર કષાય ન ભભૂકાવ્યો, પત્નીની દયા ખાઈ અને ભાવીભાવ કલ્પી મન શાંત રાખ્યું,

**પ્ર.**- પણ કૂવામાં પટકાયો તેનું શું ?

ઉ.- તે પટકાયા પછી કાંઈ હવે કષાય અને પાપી વિચાર કરવાથી થોડું જ બહાર નીકળાય એમ છે ? બહાર નીકળવાનું તો ભાગ્યને આધીન છે. તો ફોગટ કષાય-કુવિચારથી મન શા સારુ બગાડવું ? જીવની એ અધીરાઈ છે કે કાંઈ પ્રતિકૂળ બનતાં ધમધમી ઊઠે છે. એવી અધીરાઈમાં કાંઈ વળે નહિ.

**વિજયનો કૂવામાંથી ઉદ્ધાર :-**

વિજયે અધીરાઈ ન કરી, અને ભાગ્ય પાધરું હતું તો કૂવામાં પટકાતાં સીધો પડ્યો, અંદરના એક ઊંચા ભાગમાં ઊભા રહેવાનું મળ્યું, ને થોડા વખતમાં કોઈ પ્રવાસી પાણી માટે ત્યાં આવ્યા, એમને ખબર પડવાથી એમણે એને બહાર કાઢ્યો.

પેલા પૂછે છે 'અંદર ક્યાંથી ?'

આ કહે, 'કૂવામાં પાણી કેટલું છે તે જોવા જતાં અચાનક અંદર પડવાનું થયું,' પત્નીની કાંઈ જ વાત ન કરી. ગંભીરતા કેવી સુંદર રાખી ! આમાં પણ જીવનું સ્વાતંત્ર્ય છે. તો પછી શા માટે ગુણરક્ષા અને દોષનિગ્રહની સ્વતંત્રતાનો લાભ ન લેવો ? પત્ની આવી હરામખોર,..' એમ પેલાઓ આગળ ચડભડાટ કર્યો હોત તેથી એને શો લાભ થાત ? મનની એક ખણજ ઉતારવાની એટલું જ ને ? બાકી તો ફજેતો, અને સામાના દિલમાં ય કષાયની આગ લગાવવાની.

**ઊંચા કુળમાં આવ્યા, ઊંચો ધર્મ પામ્યા, તો બહુ સાવધાન બનવા જેવું છે. મનની ખોટી ખણજો અનુચિત વિચાર-વાણી-વર્તાવથી શાંત કરવા જેવી નથી. એને તો સદ્‌વિચારથી અંદર જ શાંત કરી દેવી જોઈએ. નહિતર એની પરંપરા ચાલે છે; અને બીજા જીવોમાં ય કષાયની આગ સળગાવવાનું થાય.**

**વિજયની ગંભીરતા :-**

વિજયે ગંભીરતા રાખી, તે માત્ર પ્રવાસીઓ આગળ જ નહિ, કિન્તુ ઘરે જઈને પણ ગંભીરતા રાખી. ઘેર કહ્યું 'શુકન સારાં ન મળવાથી એને ન લાવ્યો.'



પત્નીના દુષ્કૃત્યની વાત તો ગુપ્ત રહી; અને વિજયે મનમાં નક્કી રાખ્યું કે 'હવે એને ફરી તેડવા જવું નથી. શા માટે બિચારીને દુઃખી કરવી ?' પરંતુ કુટુંબીઓ શાના જપે ? એને થોડા વખત પછી તંગ કરે છે, 'જા ને તેડી આવ ને.' આ ગમે તે ગમે તે બહાને વાત ટાળે છે, પરંતુ અંતે બહુ તંગ થવાથી એને ફરીથી તેડવા જવું પડ્યું.

**વિજય ફરીથી પત્નીને તેડવા જાય છે.** તે પોતાના સાસરે પહોંચી જતાં એને જોઈ પત્ની ચોંકી. 'અરે ! આ જીવતા રહ્યા છે ?' પણ સાથે જોયું કે પોતે એને કૂવામાં ધકેલી દીધાનો કોઈ ખરાબ ભાવ એના મોં વાણી કે મન પર દેખાતો નથી, તેમજ ઘરવાળાને એની કશી જ વાત નથી કરતા, એથી એને પતિ ઉપર ભારે સદ્‌ભાવ પ્રગટ્યો, એને પોતાનાં દુષ્કૃત્યનો એને પારાવાર પસ્તાવો થયો. કહો,

**પતિ ઉપર કેમ સદ્‌ભાવ અને જાતનો પશ્ચાત્તાપ ખૂબ જ જાગી ગયો ?** પતિની ગંભીરતા ઉદારતાએ. આપણાં જીવનમાં આના પર ખૂબ ખૂબ વિચારવા જેવું છે. આપણને જીવનમાં બીજાઓ તરફથી કષ્ટ અગવડ અપમાન આવે છે; પરંતુ તે આ કૂવામાં ધકેલાઈ દેવાના જુલ્મ આગળ શી વિસાતમાં ? મામૂલી જ ને ? તો પછી એ સરાસર ગળી ખાવાની ઉદારતા ખરી ? એને કદી ય મુખ પર, વાણીમાં કે બીજા વર્તાવમાં ન લાગવાની ગંભીરતા ખરી ?

**સામાની ભૂલ ગળી જવાના લાભ :-**

ઉદારતા અને ગંભીરતા બે એવા સુંદર ગુણો છે કે એનો અભ્યાસ કરતાં પોતાનો અંતરાત્મા ખૂબ જ હળવો લાગે છે, મન ફોરું સ્વસ્થ અને સ્ફુર્તિમંત લાગે છે. નહિતર તો મન ભારે થઈ જાય છે. ઉદારતા નથી એટલે સામાની ભૂલ ગળી જવાની વાત નથી, તેથી એ ભૂલ મનને કોચ્યા કરે છે, 'હેં આણે આવી ભૂલ કરી ? શું સમજે છે એના મનમાં ? અંતરમાં અભિમાન, રોષ, સંતાપ અનુભવાય છે. આમાં પછી મન ભારે જ રહે ને ? ત્યારે જેને ઉદારતા છે, જેને સામાની ભૂલ ગળી ખાવી છે, સામાને એથી હલકો માનવો નથી, જેને સામા પર એ જ પૂર્વવત્ સ્નેહ ઊભો રાખવો છે એને પેલાની જેમ અભિમાન નથી, રોષ નથી, સંતાપ નથી. તેથી મન ફોરું સ્વસ્થ હસમુખું રહે છે. માતાને પોતાના બાળકની ભૂલ પર કચકચાટ રહે ? કે ઉદારતા રહે છે ? હજી કદાચ બાપ બચ્ચાની ભૂલ પર કચકચાટ કરશે, પરંતુ માતા જવલ્લે એવું કરતી દેખાશે, માટે કહેવાય છે ને કે

**'મા તે મા.'**

બચ્ચું કેટલીય વાર ગાદીમાં ને માના ખોળામાં પેશાબ કરી નાખે છતાં માતાને રોષ નહિ, સંતાપ નહિ, અભિમાન નહિ કે 'હેં આમ કપડું બગાડે છે ?'

એણે તો એક જ સૂત્ર રાખ્યું છે કે 'આ તો મારું વહાલું બાળક છે, અજ્ઞાન છે એટલે આમ કરી નાખે. એમાં કાંઈ એની મોટી ભૂલ ન કહેવાય.' બચ્ચા પર કોઈ જ રોષ નહિ, સ્નેહ એવો ને એવો જ. ઊલટું કદાચ વધુ વહાલ દેખાડી એને બાથમાં લેશે. વાંઝણી સ્ત્રી કરતાં માતા બનેલી સ્ત્રી પોતાના ખોળાને ખૂંદનારું, 'ખૂંદનારું' એટલે ? ખોળામાં લાતો મારનારું ને ? એવું ખોળાને ખૂંદનારું અને પોતાના કપડાં મળ-મૂત્રથી બગાડનારું બચ્ચું મળવા પર પોતાની જાતને ભાગ્યશાળી લેખે છે. એટલે તો વાંઝણી સ્ત્રીને કોડ થાય છે, 'અરેરે ! મારે ખોળાને ખૂંદનારો નહિ, મળ-મૂત્રથી મારા કપડાં બગાડનારો દીકરો નહિ ! કેવી હું કમનસીબ ? તાત્પર્ય, માતા આવું કરનાર દીકરા પર રોષાયમાન નહિ, સંતાપ કરનારી નહિ, પણ ઉદાર વિશાલ પ્રેમાળ મનવાળી બની રહે છે.

**જીવો પ્રત્યે માતા જેવા પ્રેમાળ બનો :-**

બસ, આ દૃષ્ટાંત નજર સામે રાખી જો આપણે જીવમાત્ર પર ઉદાર બનીએ, એની ભૂલની ગાંઠ ન વાળીએ, ભૂલને મહત્ત્વ જ ન આપીએ, તો એના પર પૂર્વવત્ હેત વરસાવવાનું અખંડ રહે; એના પર રોષ થાય નહિ, મનને સંતાપ ન રહે કે 'આવી ભૂલ કરે છે ? એ કેમ ચલાવી લેવાય ?' અહીં પ્રશ્ન થશે,

**નુકશાન કેમ સહી લેવાય ? :-**

**પ્ર.-** પરંતુ આપણને કે એને નુકશાન થતું હોય એ કેમ સહી લેવાય ?

ઉ.- આ ઉપલકિયો વિચાર છે. નુકશાનને રોકવું એ એક ચીજ છે, અને એ ન સહી લેતા ભડભડાટ ધમધમાટ કરવો એ બીજી વસ્તુ છે. ફરીથી તમારી જ માતાને યાદ કરો. તમે સમજણા થતા ગયા, ત્યારે પણ ભૂલ તો કરી નાખતા હશો કે નહિ ? એમાં માતા પોતાનું કે તમારુ નુકશાન થતું શું નહિ દેખતી હોય ? છતાં એણે કેવી રીતરસમ રાખેલી ? ભૂલ પર રોષ-સંતાપ કરવાની રીત નહિ, કિન્તુ પ્રેમથી કોમળ શબ્દોમાં શિખામણ આપવાની પદ્ધતિ કે 'બાબા ! આવું ન કરાય હો, જો આવાં તોફાન કરતો રહીશ, તો પછી એની કુટેવ પડી જશે, ને મોટો થઈશ ત્યારે પણ આવાં તોફાન કરવાનું થશે, અને એથી બીજાઓ કહેશે જુઓ આ છોકરો કેવો ગધેડા જેવો છે ? તો તારે ગધેડા થવું છે ? ના, માટે ડાહ્યો થા હોં, તોફાન ન કરીશ, લે આ પેંડો ખાઈ લે.' શું ? ભૂલ પર પેંડો ! આવી આવી રીતે હૂલાવી ફુલાવીને તમને તમારી વહાલસોયી માતાએ ઊછેર્યા, એમાં રોષ ન કર્યા, ભૂલ ગળીખાધી, અને તમારા હાથે નુકશાન કરાતાં અટકાવ્યાં.

**ભૂલ અટકાવવી એ જુદી વસ્તુ છે, ને ભૂલ સહન ન થવી રોષ ધમધમાટ-સંતાપ થવા એ એનાથી જુદી વસ્તુ છે.** ઉદાર થવાનું એટલે ભોઠ નથી થવાનું કે



સામાને નુકશાન થતું હોય એની ગતાગમ જ નહિ એવું નહિ. ગમ તો હોય પરંતુ એના પર રોષ નહિ, કષાય નહિ, કિંતુ હેત, એ ઉદારતા; અને એમાં અવસર પામીને મીઠા કોમળ અને હેતભર્યા શબ્દથી, પોતાના દિલના દર્દભર્યા બોલથી સમજાવવાનું હોય. કદાચ બહુ જણને રોષ દેખાડવો પડતો હોય તો ય તે ઉપરનો; હૈયામાં તો હેત જ હોય.

એટલે આ બે વસ્તુ જુદી પાડી નાખો; એક, નુકશાન અટકાવવું, તથા બીજું, રોષ કરવો, હૈયું સાંકડુ ક્ષુદ્ર અનુદાર કરવું; અને પછી આમાંથી બીજી વસ્તુને તિલાંજલિ આપી દો. મનમાં એક નિર્ધાર રાખો, 'ભલે નુકશાન અટકાવવા પ્રયત્ન કરીશ, પરંતુ સામા પર હેત જરાય ઓછું નહિ, કરું.

**સામા પર દ્વેષ કરીને મારું ને એનું હૈયું નહિ બગાડું.**

**ઉદારતાની મૈત્રીભાવની આ ચાવી,**

**(૧) બાહ્ય નુકશાન એ પુણ્યની ખામી છે. એ ખામીએ હેત ભૂલી મારા મનમાં નવી ખામી શા સારુ ઊભી કરું ?'**

**(૨) જીવ ભૂલ કરે છે તે બિચારા કર્મવશ કરે છે, કર્મનો માર ખાય છે; એને વધારામાં રોષનો માર હું શા સારુ મારું ? એવું શું કામ બોલું-ચાલું કે એને રોષ થાય ?**

**(૩) પ્રેમની કસોટી આપત્તિ-પ્રતિકૂળતા છે. એ વખતે જો પ્રેમ ટકાવી રાખ્યો તો પાસ થયા, નહિતર નપાસ. પરીક્ષામાં નપાસ એટલે બારે મહિના નપાસ-અંતરનો પ્રેમ ખત્મ.**

આમ (૧) પોતાના મનમાં ખામી ન આવવા દેવી, (૨) સામાને કર્મના માર પર પોતે રોષનો માર ન દેવો, (૩) પ્રતિકૂળતામાં પ્રેમ ખાસ ટકાવવો, આ ત્રણ મુદ્દા નજર સામે રહે તો મૈત્રીભાવ અખંડ ટકે. 'મૈત્રીભાવ' એટલે સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ. ભૂલશો નહિ, ધર્મ કરતી વખતે એની પાયામાં જરૂર છે. બીજા પર મૈત્રીને બદલે દ્વેષ ધમધમાટ રાખીને ધર્મ કરવા જવાય નહિ. દ્વેષ અટકાવવા દિલની ઉદારતા-વિશાળતા કેળવવી જોઈએ. એ માટે એ મૈત્રીભાવની ત્રણ ચાવીઓ ઉપયોગી છે.

આ રીતે ઉદારતા-વિશાળતા અને મોટું દિલ કેળવાય, તો પછી સામાની ભૂલ તો વિશાળ સાગરમાં પડેલા પથરાની જેમ વિશાળ દિલમાં ક્યાંય સમાઈ જાય.

**વાલીએ રાવણની ભૂલ ગળીખાધી :-**

મોટો રાજા રાવણ નાના વાલીરાજા પર આજ્ઞા મનાવવા તવાઈ લઈ આવ્યો, એને વાલીએ બોધપાઠ આપ્યા પછી જાણે રાવણે કશી ભૂલ નથી કરી એમ (૧) એને પોતાની આજ્ઞા પરવશ ન કરતાં સ્વતંત્ર કર્યો, પોતે વૈરાગ્યથી પોતાનું

ય રાજ્ય છોડી નાના ભાઈને રાજ્ય આપ્યું, વળી (૨) પોતાના નાના ભાઈને કહ્યું કે 'તારે રાજા રાવણની આજ્ઞામાં રહેવાનું,' અને (૩) રાવણને પોતાની બેન પરણાવી. વાલી રાવણની ભૂલ કેવી ગળી ગયા ?

**કાશીનરેશે વિશાલ દિલ રાખ્યું :-**

કોશલ દેશનો રાજા કાશીનરેશની પ્રશંસા સહન નહિ કરી શકવાથી લડાઈ કરવા ચડી આવ્યો. કાશીનરેશે જોયું કે લડાઈ લડવામાં પ્રજાને બિચારીને હેરાન થવું પડશે. તો ભલે કોશલનરેશ જ અહીં પણ રાજા થાય. એમ વિચારી પોતે જંગલમાં જતો રહી ત્યાં જંગલમાં જ મુકામ કર્યો. પેલાની ભૂલ કેવી ગળી ગયા ? આપણે કોઈ પ્રસંગમાં કદાચ આટલી હદની ઉદારતા ન કરી શકીએ, તો પણ ઓછામાં ઓછો પ્રતિકાર અને પ્રસંગ પત્યા પછી દિલ એના પર જરાય દ્વેષવાળું નહિ, કિન્તુ હેતવાળું તો રાખી શકીએ ને ? ક્યારે બને એ ? ભૂલ ગળી જવાય તો.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૧૭,તા.૧૭-૧-૧૯૭૦**

**સામાની ભૂલ ગળી જવી એ તો માનવભવે એક મહાન સિદ્ધિ છે.**

**'હાશ' નો અનુભવ શાના પર ? :- સજ્ઞાન-અજ્ઞાન દશા :-**

બીજું બધું પૈસા-ટકા, સારો પરિવાર, પ્રતિષ્ઠા, માન-પાન વગેરે સિદ્ધ કરીને શું ખુશી થવું હતું ? આવું કાંક સિદ્ધ કરતા ચાલો, તો અંતરમાં કાંક હાશ વળે કે 'ચાલો આટલું સિદ્ધ થયું તો માનવભવ કાંઈક સફળ થયો.' પૈસા-ટકા પરિવાર વગેરેમાંથી શાની સિદ્ધિ ઉપર આ હાશ કરી શકાય ?

**પશુ કરતાં નજરે દેખાતો ઊંચો આ જનમ પામી એને યોગ્ય કાંઈક ઠીક સિદ્ધિ કરવાની મળી એ શાના ઉપર માની શકાય ?**

પૈસા-પ્રતિષ્ઠા ઉપર નહિ, કેમકે કર્મના ઉદયે એ ખોવાઈ જતાં તો જીવને પારાવાર ક્લેશ થાય છે. માટે એ સિદ્ધિ થયા પર હાશનો અનુભવ કરવો એ તો અજ્ઞાન દશા છે. સજ્ઞાન દશા આ, કે કોઈ ક્ષમા, કોઈ નમ્રતા, અહંત્વત્યાગ, કોઈ તપનો અભ્યાસ, એમ સામાની ભૂલ ગળી ખાવાની કોઈ ઉદારતા સિદ્ધ કરી હોય અને એના પર જીવને હાશનો અનુભવ થાય કે 'ચાલો આટલી સિદ્ધિ થઈ, ઠીક થયું,'

ઉદારતાની જેમ ગંભીરતા પણ એક સિદ્ધિ છે. એ ય પ્રાપ્ત કરવા જેવી. સામાની ભૂલ આપણે ગળી તો ખાધી એના પર રોષ ન કર્યો, પરંતુ એ પાછી આપણા મોંઢેથી બહાર ન પડે, કોઈને કશા ખુલાસામાં ય ન કહેવાય એ રીતે એને પેટમાં ઊંડે ઉતારી દેવાય. વાવાઝોડા કે ભરતીના વાયુ સમુદ્રને હિલોળે ચડાવે,



છતાં એના પેટાળમાં ઊંડે તળિયે પડેલાં રત્ન બહાર નથી આવતાં; એમ બીજાની ભૂલની માહિતી, કોઈ ગમે તેટલું મથે છતાં, આપણા પેટમાંથી બહાર ન નીકળે.

**આ ગંભીરતાના બહુ લાભ.** ચાડિયા, નિંદાખોર, નિર્દય વગેરે બનવાનાં પાપ ગંભીરતાથી અટકી જાય. એ પાપો અટકે એના આ લોક અને પરલોકમાં ઓછા લાભ છે ? આ પાપો તો એવા છે કે બીજી લાખ રૂપિયાની સાધનાને પણ કૂચા કરી નાખે; અરે ! મોટા ચારિત્રને પણ સાફ કરી નાખે. એનું કારણ એ છે કે આ ચાડી-નિંદા-આક્ષેપ વગેરે પાપ જે સેવાય છે એ હોંશે હોંશે સેવાય છે; 'હું આ ખરાબ કામ કરી રહ્યો છું' એવું મનમાં નથી આવતું, ઊલટું વ્યાજબી કર્યાનું લાગે છે. તો પાપ વ્યાજબી લાગે બૂરું ન લાગે, એની પાછળ પસ્તાવો નહિ, એમાં તો સમ્યક્ત્વ પણ પલાયન થઈ જાય; મિથ્યાત્વ જીવતું જાગતું રહે. મિથ્યાત્વ શું છે ? આ જ કે 'ત્યાજ્ય પાપને-ત્યાજ્ય ન માનવું, કર્તવ્ય, વાજબી, ને વાંધા વિનાનું માનવું.'

ગંભીરતા ન રાખે તો આવાં ચાડીચુગલી, નિંદા અહંત્વ-આક્ષેપ-નિર્દયતા વગેરે પાપમાં હોંશપૂર્વક ફસી આત્માને મિથ્યાત્વમાં રગદોળવાનું થાય.

**પ્ર.- ગંભીરતા ન હોય તો અહંત્વ-આક્ષેપ-નિર્દયતા કેમ આવે ?**

ઉ.- આ રીતે આવે કે જો ગંભીરતા નથી, તો પછી (૧) બીજાની ઘસાતી વાત બહાર બોલવાનું કરાય છે, એમાં 'હું સારો છું, હું બરાબર કહું છું' એવો અહંત્વભાવ પોષાય છે. (૨) એ ટકાવવા માટે પછી જરૂર લાગી તો વાત વધારીને બોલતાં સામામાં ન હોય એવી પણ ભૂલ હલકાઈ બોલવાનું બની જાય છે. એમાં તો સામા પર આક્ષેપ આરોપ ચડાવવાનું જ થયું ને ? જાતની વડાઈ માની બોલવા બેસવાનું થાય એટલે સહેજે વધારે પડતું બોલવાનું આવી જવાને મોટો સંભવ રહે. પછી એમાં અછતા દોષ-ત્રુટિ બોલાઈ જવા સંભવિત છે.

(૩) **ત્યારે ગંભીરતા ગુમાવવામાં નિર્દયતા** એ રીતે આવે કે સામા માટે ઘસાતું બોલ્યા પછી એના સામા પર કેવા ખરાબ પ્રત્યાઘાત પડશે એ ન જોયું. એની ભૂલ-દોષ હલકાઈ જેને સંભળાવશે એના દિલમાં પેલાના માટે ખરાબ અભિપ્રાય ઊભો થવાથી એ પેલાની વિરુદ્ધમાં વર્તશે એમાં સહેજે પેલાને નુકશાન થાય. તેમજ એના જાણમાં આવે તો એનું હૈયું સહેજે ભેદાય. આ કોઈનું હલકું બોલતાં એના આ બધા સામાના દુઃખ-દર્દની પરવા ન રાખી એનું નામ નિર્દયતા નહિ તો બીજું શું ?

ઉદારતા-ગંભીરતા ન રાખવામાં આવા કેટલાય અનર્થ ઊભા થાય છે. આજે ઘર-ઘર રગડા, નાતિલા-જાતિલા પ્રત્યે વૈર-વિરોધ, સાધર્મિક અને કદાચ

સાધુ-સાધ્વી પ્રત્યે ય નફરત અરુચિ વગેરે ચાલી પડવામાં આ મોટો ભાગ ભજવે છે કે ઉદારતા-ગંભીરતા નથી રખાતી.

**શ્રેષ્ઠિપુત્ર વિજયના** ઉદાર-ગંભીર વ્યવહારે પત્ની પર આ કામણ કર્યું કે એક વાર એ પતિને કૂવામાં ધકેલનારી છતાં હવે એ મહાન આદરવાળી બની ગઈ. હવે સાસરે આવીને પતિને દેવની જેમ પૂજે છે. જુએ છે કે પતિના મન પર પોતાનાં પેલાં અધમાધમ કૃત્યની કોઈ જ ખરાબ અસર નથી; તેથી આકર્ષણ, આમન્યા અને સેવાભાવ વધતા જાય છે. એક ઉદારતા-ગંભીરતા કેટલાં સુખદ પરિણામ લાવે છે ! ત્યારે હવે એ જુઓ કે એકવાર પણ ગંભીરતા ગુમાવવામાં કેવી ભયંકર નિર્દયતા થાય છે, કેવું ભયંકર પરિણામ આવે છે.

વિજય પર પત્નીનો અનહદ રાગ આદર હોઈ એક વાર એ પતિને બહુ આગ્રહ મનામણાં કરીને જમાડી રહી છે, એમાં વિજયને પૂર્વ પ્રસંગ યાદ આવીને મનને એમ થાય છે કે "વાહ ! માનવ સ્વભાવની કેવી વિચિત્રતા કે એક વાર કૂવામાં ધકેલનાર આ બાઈ આજે 'ના, મારા સમ આટલો લાડવો લેવો જ પડશે,' એમ અતિ વહાલ કરીને જમાડે છે !" આ સ્વભાવની વિચિત્રતા વિચારવા પર વિજયને હસવું આવી ગયું.

સાથે બેઠેલો છોકરો પૂછે, 'બાપુ ! કેમ હસ્યા ?'

વિજય કહે 'ના, ના, કાંઈ નહિ, સહેજે.'

છોકરો એ વખતે તો વધુ કાંઈ ન બોલ્યો; પણ પછી જમીને અંદર ઓરડામાં જઈ બાપને આગ્રહ કરી હસવાનું કારણ પૂછે છે. ત્યાં વિજયથી બોલી જવાયું કે 'જો ભાઈ ! આ તારી માતાએ એને હું પરણીને પહેલો તેડવા ગયો ત્યારે એને અહીં આવવું નહોતું એટલે એના પિયરથી નીકળ્યા પછી રસ્તામાં મને કૂવામાં ધકેલી દીધેલો. આજે એ આટલા વહાલથી આગ્રહ કરીને જમાડે છે. મનુષ્ય-સ્વભાવ કેવા પલટા લે છે, એ વાત પર મને હસવું આવ્યું.

વિજયે એક તો હસવામાં જ ગંભીરતા ગુમાવી, અને બીજી આ પત્નીની પૂર્વની વાત છોકરાને કહી દેવામાં ગંભીરતા ગુમાવી. ત્યારે પ્રશ્ન થશે,

**પ્ર.- સ્વભાવની વિચિત્રતા પર હસવું આવે એમાં શું ગંભીરતા ગુમાવી ગણાય ?**

**ઉ.-** અલબત્ત ગુમાવી જ ગણાય; કેમકે જે કારણ સિદ્ધ હકીકત છે યા તેવા તેવા વસ્તુ સ્વભાવથી સિદ્ધ હકીકત છે એમાં નવાઈ પામવાનું ને હસવાનું શું ? જુઓ આપણાં શરીરનો કેવો વિચિત્ર સ્વભાવ છે ? પાણીનો પેશાબ અને મીષ્ટાન્નની વિષ્ટા કરે છે. તો શું એના પર હસવા બેસીએ છીએ ? અથવા શરીરને ખવરાવ્યું-



પીવરાવ્યું ત્યારે તો હોશિયાર, અને ભૂખ્યું-તરસ્યું થઈ ગયું ત્યાં મુડદાલ, કાંઈ હોંશ જ ન મળે; આ વિચિત્રતા પર કોણ હસવા બેસે છે ? તેવા તેવા સ્વભાવ યા કારણને લઈને બનતી હકીકત એટલે એ એમજ બને. વિજયની પત્નીને પહેલાં મોહનું આવરણ નડી ગયું એ કારણે એણે પતિને કૂવામાં ધકેલવાનું કર્યું, અને હવે એ આવરણ હટી જઈ પતિ પર અતિ સદ્‌ભાવ ઊભો થઈ ગયો તેથી એને આગ્રહપૂર્વક જમાડે છે. આ કારણ સિદ્ધ વિચિત્ર હકીકત પર હસવાનું શું ? હસવામાં તો એમ લાગે કે કારણની ગમ નથી, અજ્ઞાન દશા છે. કેવળજ્ઞાની જગતનું કેટ કેટલું વિચિત્ર જાણે ? છતાં કેમ હસતા નથી ? કહો, કારણ યા સ્વભાવથી સિદ્ધ હકીકત પર હસવાનું શું ?

**તો ન હસવાની આ ચાવી, કે ઝટ ત્યાં કારણ યા વસ્તુ-સ્વભાવનો વિચાર કરવો.**

વિજયે આ હસવામાં ગંભીરતા ગુમાવી એટલે પછી છોકરાને એનું રહસ્ય કહી દેવામાં ગંભીરતા ગુમાવવાનું બીજું પગથિયું સ્વાભાવિક રીતે મંડાઈ ગયું. આ કેટલું ખતરનાક નીવડે ? હવે પછી છોકરો જે માતાને બહુ લાયક પૂજ્ય માનતો હોય તે હવે કેવી માને ? અહીં તો આટલે પરિણામે અટકતું નથી. જુઓ,

વિજયે છોકરાને ખુલાસો તો કર્યો, પરંતુ એ ખુલાસો બહાર રહેલી છોકરાની માતાના સાંભળવામાં આવ્યો. એ સાંભળતાં જ એને હૃદય પર એવો આઘાત લાગ્યો કે ત્યાં જ હૃદય બેસી ગયું, એનું મૃત્યુ જ થઈ ગયું. કહો, વિજયે હસવામાં અને પછી છોકરાને એનો ખુલાસો કરવામાં ગંભીરતા ગુમાવી એનું કેવું ભયંકર પરિણામ આવ્યું ? ગંભીરતા ગુમાવવામાં આ એક જ અનર્થ નહિ, અનેક અનર્થ. જુઓ ગણો,

**ગંભીરતા ગુમાવવામાં કેટલાં નુકશાન ?**

(૧) બીજાની હલકાઈ જેની આગળ પ્રગટ કરી એના દિલમાં પેલાના માટેનો સદ્‌ભાવ ઘવાય, દુર્ભાવ ઊભો થાય. એટલે એ દ્વેષ કષાયમાં ચડે.

(૨) એ સદ્‌ભાવ-પૂજ્યભાવ ગુમાવવાથી હવે જે વર્તાવ બદલશે એમાં ઉદ્ધતાઈ અવિનય આદિ આવશે. આ તો હલકાઈ સાંભળનારની વાત થઈ.

(૩) જેની હલકાઈ કરી એનો કદાચ વિશ્વાસઘાત થાય.

(૪) જેની હલકાઈ કરી એને એ જાણવામાં આવતાં હૃદયને આઘાત લાગે, કદાચ અહીં બન્યું તેમ મૃત્યુ ય થઈ જાય.

(૫) એનું મૃત્યુ ન ય થાય તો પણ એને દુર્ભાવ થાય, તેથી એ કષાયમાં પડે, તેમજ પછી વર્તાવ પણ એવો કરે. આ તો બીજાની વાત; હવે

(૬) ગંભીરતા ચૂકનાર પોતે અહંત્વમાં પડે છે, કેમકે એના મનને જ્યારે

એમ થાય છે કે 'હું તો સારો, પણ આ અમુક જણ ભૂલભર્યો' ત્યારે એનું હલકું બોલવાનું કરે છે. આ પોતાના સારાપણાની કલ્પનામાં અહંત્વ છે. આમ ગોઝારા અહંત્વના કુસંસ્કાર દૃઢ થાય છે, જે જનમ જનમ પીડે છે.

(૭) એવા અહંત્વને અને બીજાની નિંદાને લીધે નીચ ગોત્રકર્મ બંધાઈ ભવાંતરે હલકા અવતાર મળે છે.

(૮) ગંભીરતા ગુમાવવામાં દિલમાં તુચ્છતા ક્ષુદ્રતા વગેરે પોષાય છે. એ ધર્મ માટેની અયોગ્યતા ઊભી કરે છે.

(૯) વળી પોતે એવું બોલે એટલે લોકોનો વિશ્વાસ આદર-સદ્ભાવ ગુમાવે છે. એથી વ્યવહારમાં ય કેટલાક નુકશાન ઊભા થાય છે.

(૧૦) ગંભીરતા ગુમાવી બીજાનું હલકું બોલવા વિચારવામાં પછી એની કુટેવ પડે છે, જે દારૂના વ્યસન કરતાં ય મહાભયંકર છે.

અસ્તુ, આપણી મૂળ વાત એ હતી કે જીવને કોઈ વાત જોવા-સાંભળવા પર આઘાત લાગે છે ને કદાચ મોત પણ થઈ જાય તે શું એ બહારના પ્રસંગના લીધે ? કે આભ્યન્તર જ કોઈ ખાસ કારણને લઈને ? પ્રસ્તુત કથાપ્રસંગમાં એમ દેખાય કે વિજયે ગંભીરતા ગુમાવી તેથી બાઈને બિચારીને આઘાત લાગ્યો અને ત્યાં જ મોત થઈ ગયું. અલબત્ત વિજયની દૃષ્ટિએ જોઈએ તો એની આ મહાન ભૂલ હતી અને એણે અનર્થ થવામાં એક નિમિત્ત આપ્યું; પરંતુ બાઈની દૃષ્ટિએ જોઈએ તો,

**મૃત્યુજનક આઘાત લાગવામાં મુખ્ય કારણ પોતાનો મોહ, અહંત્વ અને સારા દેખાવાની લાલસા હતી.**

એમ તો બીજા કેટલાયને આવું બને છે, છતાં મૃત્યુ નથી થતું, અરે આઘાત પણ નથી લાગતો, અરે ! પોતે કશો જ ગુનો ન કર્યો હોય છતાં ય પોતાની ઉપર આરોપ ચડે, તો ય હૃદય શાંત રહે છે. જુઓ,

**મહાસતી સીતાજીને** આરોપ ચડ્યો ને કે 'એ રાવણને ઘેર રહી હતી ત્યાં એ શાની પવિત્ર રહી હોય ?' પરંતુ આ આરોપ ચડવા છતાં અને વધારામાં રામ દ્વારા અને જંગલમાં હકાલપટ્ટી થવા છતાં એણે હૃદય શાંત રાખી રામનો દોષ ન જોતાં પોતાના કર્મનો દોષ જોયો અને રામને તો ઊલટું ધર્મસંદેશો પાઠવ્યો કે, 'લોકે કરેલી મારી નિંદાથી ભલે મને છોડી, એથી તમારો મોક્ષ નહિ અટકે; પરંતુ કાલે કદાચ લોક તમારા ધર્મની નિંદા કરે તો ધર્મને છોડતા નહિ; નહિતર તમારો મોક્ષ અટકી જશે.' આ સંદેશો ક્યારે કહેવરાવાય ? હૃદયમાં એવો આઘાત નહિ પણ સ્વસ્થતા હોય તો. સીતાજી તો આ કર્મનું કર્યું માને છે, પણ રામ આ કરે છે એવું માનતા નથી; અને **કર્મ તો આટલું જ શું, એથીય કાંઈ ગુણું ભયંકર સર્જી શકે છે**



**એવું માનતા હોવાથી કર્મના આ કરેલા ઉપર આઘાત શું કામ અનુભવે ?**

વાત આ છે કે અંતરમાં અહંત્વ હોય, સારા દેખાવાનો મોહ હોય અને આવી પોતાનાં કર્મ પર દૃષ્ટિ ન હોય, એટલે એવું કોક સાંભળતા-કરતાં એમ લાગે કે આમાં તો મારી ભયંકર હલકાઈ થઈ. પછી એ સ્વમાન ઘવાતાં સહન કરવાની તાકાત નહિ, તેથી આઘાત લાગે છે. પોતે કોઈના પર અતિવિશ્વાસ મૂકે તો પછી એ ઘવાતાં આઘાત લાગે છે. એમ બાઈએ વીલ ફાડી નાખવાથી શેઠને એમ જ બનેલું.

**સરસ્વતીને શું થયું :-**

પેલી સરસ્વતીને, થાય છે ને કે, પતિએ પરણ્યા બરાબર ત્યજી દેવા છતાં આઘાત નહોતો લાગ્યો કેમ ? પતિએ જુલ્મ તો ભારે કરેલ, પરંતુ આઘાતનું એ પ્રધાન કારણ નથી. આઘાતનનું પ્રધાન કારણ તો દિલમાં અહંત્વ-આસક્તિ-માનાકાંક્ષા વગેરે છે તે આણે દિલમાં એવા ધર્યા નહોતા. ત્યારે પૂછે

**પ્ર.-** એ નાની વયથી તો એ સિદ્ધાન્તવાળી હતી કે સ્ત્રીએ પતિને વશ બનાવવો જોઈએ, તો એમાં એનું અહંત્વ કેમ નહિ ?

**ઉ.-** એ બોલી ત્યારે અહંત્વ ખરું, પરંતુ એ તો કદાચ પત્ની ઉપર પંડિતની જહાંગીરશાહી જોઈને બોલી હશે; કિન્તુ અહીં વિવાહ-અવસરે માતાપિતાથી પસંદ કરનારા આ પતિને સ્વીકારી લે છે તે વિનયભાવ-નમ્રભાવ અને ભાગ્ય પરના વિશ્વાસને લઈને. અહંકારીને આ શાના હોય ? અસ્તુ.

**ધર્મી હૃદય કેવું હોય ? :-.**

સરસ્વતિના ધાર્મિક દિલમાં એવા અહંત્વ-આસક્તિ-માનાકાંક્ષા નહોતા, તેથી એને પતિએ પરણીને તરત ત્યજવા પર ધર્મી હૃદયને કશો આઘાત લગાડ્યો નહિ, ને ઉપરથી પોતાના માતાપિતાને આશ્વાસન આપે છે કે "તમે જરાય ચિંતા ન કરશો મારે તો સદ્ભાગ્યે માનવજીવનના સારભૂત નિર્મળ બ્રહ્મચર્યનું, સંયોગવશ, પાલન મળી ગયું, ચારિત્રપંથે જવાની અનુકૂળતા થઈ ગઈ. પરંતુ જો હમણાં ચારિત્રપંથે સંચરું તો લોક નિંદા કરે કે 'જોયું ? કંઈક અપલક્ષણ હશે તે પતિએ તરછોડી એટલે બાવી બની.' માટે હાલ તો કાળ પસાર કરું છું. બાકી આમાં તો મારે પૂર્વ કર્મના હિસાબ ચુકવાય છે તેથી આનંદ છે. તો આપ કશું દુઃખ કરતા નહિ."

**દ્રોહ કે વિકટ પ્રસંગ બનવા પર ભાગ્યને જુઓ :-**

કેવી સુંદર ધર્મપરિણતિ ? ધર્મ પામ્યા અને હૈયામાં એ પરિણત બન્યો શાને કહેવાય ? સામાના વિશ્વાસઘાત ઉપર અને અણધાર્યા વિકટ પ્રસંગ બનવા પર 'આ તો ભાગ્યના હિસાબ ચૂકવાય છે,' એવી ભાગ્ય પર દૃષ્ટિ ન જાય, એમાં ધરપત ન રહે. દ્વેષ ધમધમાટ થાય, તો અંતરમાં ધર્મ ક્યાં પરિણામ પામ્યો !

સ્વાર્થમાયા અને કષાયપરિણતિ જ કૂદતી ગણાય કે બીજું કાંઈ ? ભલે સામાના વાંકે પણ પોતાનો સ્વાર્થભંગ થયો એટલે વિહ્વળતા ? ધર્મ પચ્યો એનું નામ કે ભાગ્યને મુખ્ય ગણી પોતાનો દ્રોહ થવા પર કોઈ વિકટ પ્રસંગ બનવા પર ભાગ્ય સામે જુઓ. ભાગ્યને દોષ દે. એના બદલે જો સામા પર દ્વેષ કરવા જાય તો એનો અર્થ તો એ કે **દુષ્કર્મે કાયાને કનડી, હવે પોતે જ કષાયથી પોતાના જ આત્માને કનડવાનો-વિડંબવાનો ! આ મૂર્ખાઈ છે.**

**દેવદિન્ન ગુલામ : સરસ્વતી સાસુ સસરાને શું કહે છે. ? :-**

સરસ્વતીને આ ખપતું નહોતું એટલે એ સુંદર ચિત્તસમાધિ રાખી કાળ નિર્ગમ કરે છે. એમાં પતિ દેવદિન્ન પરદેશ જતાં દેવદિન્નના માતાપિતાએ સરસ્વતીને ઘરે બોલાવી લીધી. એ પણ દુઃખ કરતા હતા, પરંતુ એમને પણ આ પવિત્ર ધાર્મિક પુત્રવધુએ આશ્વાસન આપી દીધું. હવે એક દિવસ પરદેશથી સમાચાર આવ્યા, સમાચાર શું, દેવદિન્નનો જ પત્ર આવ્યો કે પોતે જોગણના પ્રપંચમાં આ આ રીતે ફસાઈને એનો ગુલામ બન્યો છે. માતાપિતા ચિંતાતુર બની ગયા કે હવે એવા 'પુરી એક અંધેરી ને ગંડુ રાજા' જેવાના રાજ્યમાં દીકરાને ગુલામીમાંથી કેવી રીતે છોડાવવો ?

સરસ્વતી પૂછે છે, 'કેમ ચિંતાતુર ?'

સાસુ-સસરા કહે 'આ જોને બેન ! દેવદિન્ન પરદેશ ગયો તે અંધેર રાજ્યમાં જોગણના પ્રપંચમાં આ રીતે ફસી ગુલામીમાં જકડાયો. આ તને દ્રોહ દેવામાં આ જનમમાં જ સજા મળી.'

સરસ્વતી કહે, 'બાપુ ! આવું ન બોલશો. આપણાં શાસ્ત્ર તો કહે છે કે

**જીવને અહીં જે સારું-નરસું મળે છે એ પોતાનાં પૂર્વ કર્મના હિસાબે;**

બાકી આ જનમનાં સુકૃત-દુષ્કૃતનાં ફળ તો ઊભા રહે છે. એટલે આપના સુપુત્રને આ જે બન્યું તે તો એમનાં પૂર્વ કર્મનું ફળ છે. તેથી અહીંના એમના વર્તાવ સાથે એ ફસામણને જોડશો નહિ.

બાકી અહીંના વર્તાવ પર જરાય દુઃખ ન કરશો કેમકે એમાં મારું કશું બગડ્યું નથી, ને એમણે મારું કાંઈ બગાડ્યું નથી. આ ય મારાં પૂર્વકર્મના ખેલ છે.'

સાસુ-સસરા એની આ તત્ત્વવાણી સાંભળી પ્રસન્ન થયા, પછી કહે છે, 'તારી વાત સાચી. પરંતુ હવે આ મહા આફતમાંથી એને કોણ છોડાવે ?'

બુદ્ધિશાળી પુત્રવધુ મનમાં વિચારી લઈ કહે છે, 'એની ય ચિંતા ન કરશો. હું એક પુરુષ વેપારીના વેશે ત્યાં જઈ એમને છોડાવી લાવીશ. આપ મને રજા આપો, અને સગવડ કરી આપો, એટલે હું જાઉં.



સાસુ-સસરો કહે 'અરે બાઈ આ એક પુત્ર તો ગુમાવ્યો અને વધારામાં પાછી તને ગુમાવીએ ?'

સરસ્વતી કહે 'ચિંતા ન કરો. સૌ સારા વાનાં થશે. અરિહંતદેવના પ્રભાવે હું ફસીસ નહિ, ને એમને છોડાવીને લઈ આવીશ.'

**સરસ્વતી પતિને છોડાવવા પરદેશે :-**

"પુત્રવધુની અત્યાર સુધી અનુભવેલી ઠરેલતા, ગંભીરતા અને તત્ત્વવાણીની કુશળતા પર વિશ્વાસ મૂકી સસરાએ વિશ્વાસુ માણસો-માલ-સામાન વગેરે તૈયાર કરી આપ્યું. સરસ્વતીએ પુરુષવેશ કરી શુભ શુકન જોઈ નમસ્કાર કરી મંગળપૂર્વક ત્યાંથી પ્રયાણ કર્યું. એણે એ રાજ્યમાં પહોંચી એક પરદેશી વેપારી તરીકે રાજાની ભેટ લીધી, એકબાજુ વેપાર શરૂ કર્યો, અને બીજી બાજુ રાજસભામાં હાજરી આપે છે.

હવે પેલી જોગણ જોગમાયા સખણી રહે ? દેવદિન્ન અને બીજા પરદેશીઓની જેમ જોયું કે આ નવો શિકાર આવ્યો છે. એટલે આને પણ એણે લપેટામાં લેવા એજ દાવ અજમાવવા માંડ્યા. એને બિચારીને ક્યાં ખબર છે કે

**બધે જ બીલમાં ઘો ન હોય, કોઈકમાં ફણિધર પણ હોય.**

માણસ પ્રપંચમાં લોભમાં કે અભિમાનમાં ૨-૪-૫ ઠેકાણે ફાવતાં, પછી એના ચડસમાં ચઢે છે; વ્યાપ્તિ માંડે છે કે 'જ્યાં આપણે દાવ નાખ્યો, રોફ બજાવ્યો, કે જાળ પાથરી, ત્યાં બધા ફાવ્યા જ છે' પણ આ ભ્રમણા છે. કેમકે શેરને માથે સવાશેર મળી જતાં, યા પાપનો ઘડો ફુટતાં, પોતાનાં કર્યા પોતાના જ લમણે એવા વાગે છે કે આજ સુધીની બધી વડાઈ તદ્દન ધૂળમાં મળી જાય. છતાં મોહની વિટંબણા એવી છે કે જીવને આ ધ્યાન પર જ ન આવવા દે. બોલો, આ જીવનમાં કેટલીય વાર જોર મારવા ગયા અને લપડાક પડી પસ્તાવાનું બન્યું છે ને ? છતાં હજીય પરિણામનો વિચાર કર્યા વિના આંધળિયા કરવાનું ચાલુ છે ને ? અરે ! મોટી વાત તો આ છે કે,

**અનંતા માનવ જીવનથી પાપમાં જોર મારતા આવ્યા, ને લપડાકો ય ખાધી, છતાં અહીં હવે પાપથી પાછા ફરવાનું છે ?**

ભૂલતા નહિ, કે તમે શેર છો, તો તમારા માથે કર્મ સવાશેર છે. એ લમણું ફોડ્યા વિના નહિ રહે."

**તમારા જ અનંતા ભવોમાં અને બીજા ય અનંતા જીવોના કર્મસત્તાએ લમણાં તોડી નાખ્યા છે. તો હવે પાપમાં જોર શા મારવા ?**

**સરસ્વતીની ચાલાકી :-**

"જોગણ સરસ્વતીની સામે માયાનું જોર લગાવવા જાય છે. પણ જુઓ કેવો

માર ખાય છે ! સરસ્વતીએ દેવદિન્નની જેમ જોગણને ત્યાં જમવા જઈ ડાહી ડાહી સંત પુરુષોની વાત કરવા સુધીની બધી વાત અપનાવી પરંતુ એક વિશેષ કામ એ કર્યું કે પોતાના આવાસની આસપાસ પોતાના વિશ્વાસુ માણસોને છૂપા ફરતા રાખી દીધેલા તે હવે જ્યાં જોગણનો ચાલાક માણસ અહીં સરસ્વતીના આવાસમાં સોનાની થાળી છૂપાવવા આવે છે ત્યારે પેલા માણસો છૂપી રીતે જોઈ લે છે કે એ ક્યાં થાળી છૂપાવે છે.

થાળી-છૂપી મૂકીને જોગણનો માણસ રવાના થયો, અને જઈને જોગણને કાનમાં કહી દીધું કે કામ પતી ગયું છે. જોગણ ખુશી ખુશી થઈ ગઈ કે 'બસ હાશ ! હવે આ ય પાસો પોબાર મહેમાન એના ઘરે જાય એટલીવાર. એને ય થાળીચોર બનાવી બધી માલ-મૂડી સાથે એને કબજે કરી લઉં છું.' કેવી હોંશમાં ચડે છે ? માને છે કે 'માયાથી એક પછી એક પંખેરા હાથમાં આવતા જાય છે, 'સારી સફળતા મળતી જાય છે' એને ક્યાં ખબર છે કે

**મનધાર્યું માયાથી નથી બની આવતું, પણ પુણ્ય પહોંચે છે માટે બની આવે છે.**

**માયા તો મફતની; મળવાનું પુણ્યના આધારે જ.**

જો પુણ્ય હવે ખત્મ, તો લાખ માયા કરેલી માથે પડે ને ધાર્યું કશું ન બને. ઊલટું ઊંધું થાય. જોગણને હવે એવું જ બને છે પુણ્ય પરવારી ગયું છે, તેથી એની એની એજ માયા હોવા છતાં જોજો એ ફાવે છે ખરી ?''

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૧૮,તા.૨૪-૧-૧૯૭૦**

**માયાદિત્યના હાલ :-**

પેલો માયાદિત્ય પણ માયામાં બહુ કૂદતો હતો, મિત્રને કૂવામાં ધકેલીને એણે હાશ કર્યું કે 'હાશ ! હવે રત્નો બધાં પચી ગયાં. 'પણ પચ્યા ? જંગલ નિર્જન માની દમ ખેંચ્યો કે હવે અહીં કોઈ જોતું નથી, મિત્રને કોઈ બહાર કાઢવાનું નથી. એટલે બંદા રત્નો લઈ હવે આ ઘર ભેગા થઈ ગયા સમજો ને ?' પરંતુ એની હોંશ લાંબી ટકી નહિ, કેમકે થોડે આગળ ગયો ત્યાં 'પકડો પકડો, મારો મારો' કરતું ભીલોનું ટોળું આવતું દેખ્યું. ગભરાયો, દોડ્યો, પરંતુ ભાગતા એને તીરથી ઘાયલ કરી હેઠો પાડી એની જડતી લેતાં એની પાસેથી રત્નોની પોટકી મળી તે પડાવી લીધી. લૂંટારાઓએ રત્નો પોતાના સેનાપતિને આપ્યાં. એટલે હવે એ સેનાપતિ, માયાદિત્યનું થોડું ભાગ્ય જાગતું, તે પોતાની ટોળીના માણસોને કહે છે કે 'આને મારી નાખશો નહિ, પરંતુ એને બાંધીને ક્યાંક વાસના જાળામાં નાખી દો.'



બસ, સેનાપતિનો હુકમ એટલી જ વાર, લૂંટારાઓએ માયાદિત્યને ઊભડક બેસાડી હાથે પગે બાંધી ગાંસડીની જેમ બિચારા એને ઊંચકીને કોઈક વાંસના જાળામાં ઊંધે માથે મૂકી દીધો. બોલો, હવે માયાદિત્ય ત્યાંથી શી રીતે નીકળી શકે ? હાથ બંધાયેલા છે કે એ જરાય ચસકી શકે નહિ, તો બંધન શી રીતે છોડી શકે ? ત્યારે એવા ઘોર જંગલમાં કોણ પ્રવાસી આવે કે જે એને જાળમાંથી કાઢી એનાં બંધન છોડે ?

**પરલોકનો વિચાર**

**સંસાર-અટવીમાં જીવ કર્મે બંધાયો મોહજાળમાં ઊંધે માથે છે.** જીવ કર્મના એવા બંધને બંધાયો છે, અને આર્ય માનવ સિવાયની ગતિઓના એવા અરણ્યમાં મોહની જાળમાં કર્મબંધને બંધાઈ મૂકાયો હોય છે કે કોઈ એના બંધન છોડી ન શકે. એમ માનવ તે પણ આર્ય માનવ ગતિમાં મોહની જાળમાંથી બહાર કાઢી કર્મબંધનો છોડીને મુક્ત કરનાર મળી શકે. પરંતુ ઘેલા જીવને એ જાળમાંથી છૂટવાનું અને કર્મબંધનથી રહિત થવાનું ગમતું નથી ! ઊંધે માથે જાળમાં પડ્યા રહેવું ગમે છે.

**'ઊંધે માથે' એટલે ?** બધું ઊંધું દેખે. હિતકરને અહિતકર દેખે અને અહિતકરને હિતકર દેખે, ત્યાજયને ગ્રાહ્ય સમજે અને ગ્રાહ્ય ધર્મને ત્યાજ્ય સમજે. બહુ વિચાર કરવા જેવો છે. મોટા રાજાઓ અને મોટા શ્રીમંતોએ આ ઊંધી સમજ મૂકી સીધી સમજ મન પર લીધી તો મોહની જાળમાંથી છૂટવા અને કર્મબંધનોથી મુક્ત થવા કમર કસી. જોયું કે બીજી ગતિઓમાં કે અનાર્ય મનુષ્ય ગતિમાં પણ મોહજાળમાંથી છોડાવનાર ક્યાં મળે ? માટે જો અહીં સારા ભવમાં છોડાવનાર મળ્યા છે તો છૂટવાનો લાભ કેમ ચૂકું ?' એટલે ઝટ ઊઠ્યા.

**છોડાવનાર જિનશાસન અને સદ્‌ગુરુ એકેન્દ્રિયાદિ ભવોમાં ન મળે.**

એમ પેલા માયાદિત્યને ય લાગ્યું કે 'હાય ! સ્થાણુને તો મેં કૂવામાં નાખ્યો એટલે એ તો ત્યાં જ પૂરો થઈ ગયો હશે. હવે અહીં આવા ઘોર જંગલમાં મને આ વંશજાળમાંથી કોણ છોડાવશે ? કોણ આ બંધનોથી મુક્ત કરશે ? તો શું આમ જ ભૂખ્યા તરસ્યા સુકાઈ સુકાઈને મરી જવાનું ? 'બાણનો ઘા અને અહીં વાંસના ખૂંટિયા પણ એવા લાગ્યા છે કે પીડાનો પાર નથી. અરેરે ! મારું શું થશે ?' ગાંસડીની જેમ બંધાઈ પડેલો રુએ છે. પણ અરણ્યરુદન કોણ સાંભળે ? લૂંટારું ભીલોને તો દયા હતી જ નહિ, નહિતર બાણ મારી આને હેઠો પાડે શાનાં ? એનાં રત્નો ઉપાડી લે શાના ? અને માલ લૂંટી લીધા પછીય આવો મુશ્કેટાટ બાંધી વાંસના જાળામાં નાખે શાના ? તે ય વળી નાખીને ચાલી ગયા છે આગળ. એટલે માયાદિત્યનું રુદન સાંભળી જ શકે શાના ?

**આર્યકુળમાં પણ**

જીવો પર જુલ્મ ગુજારનારને પાછું વળીને ક્યાં જોવું જ છે ? અનાર્ય જંગલી લૂંટારું ભીલ જ આવા હોય એવું સમજતા નહિ, આર્યકુળમાં જન્મેલા પણ જો પેલાની બાણ-ભાલા વગેરે શસ્ત્રસામગ્રીની જેમ પૈસાની છૂટ પામ્યા હોય છે, સત્તાની ખુરસી પામ્યા હોય છે, બુદ્ધિનો પેંતરો આવડતો હોય છે, અને જંગલી ભીલની જેમ પરલોકનો અને જીવોના દુઃખનો કોઈ વિચાર નથી હોતો, તો એ ય પૈસે અશક્તને કે સત્તાથી દબાયેલાને નિર્દયપણે એવા કચડ્યે રાખે છે, કનડ્યે રાખે છે માત્ર જાનથી મારી ન નાખે એટલા સારા એવા પરલોકના વિચાર વિનાના અને કઠોર હૈયાના માણસો શીમંત કે સત્તાધીશ પતિ હોય તો પત્નીને, ઓફિસર સાહેબ હોય તો વેપારીઓને, વેપારી હોય તો નોકરોને,...વગેરે વગેરે શ્રીમંત કે સત્તાધીશો મરે ત્યાં સુધી પીડતા-કચરતા જ રહે છે. આજે આના બહુ દાખલા જોવા મળે. જંગલી લૂંટારુ ભીલના બાણ ભાલા વગેરેમાં અને આ કનડનારા શહેરી માણસોની લક્ષ્મી-સત્તા આદિમાં તફાવત ખરો ? ત્યારે વિચાર થશે,

**શહેરી લૂંટારુગીરીનાં ૨ કારણ :-**

**પ્ર.**- આવા સારા આર્ય કુળમાં આવ્યા છતાં કેમ આવી લૂંટારુ જેવી નિર્દયતા ?

ઉ.- એનું એક કારણ, તો,

**લક્ષ્મી અને સત્તા ચીજ જ એવી છે કે અંતરની પાપવૃત્તિને સારી રીતે પોષે.**

જીવ ભલે આર્યકુળમાં આવી ગયો તેથી શું ? અનાદિની પાપી ચાલના છૂપા કુસંસ્કારો તો આત્મા પર પડેલા જ છે. એને જાગતા થવા માટે સાધનસામગ્રી મળે એટલી વાર; ચાલી પાપપ્રવૃત્તિ. એમાં લક્ષ્મી અને સત્તા એક સાધન બની જાય છે. તો બધા જ લક્ષ્મીવાન કે બધા જ સત્તાધીશને કેમ આવી પાપપ્રવૃત્તિ નહિ ? તો,

(૨) બીજું કારણ એ કે,

**એક તો પરલોકનો વિચાર જેને નથી હોતો તેમજ બીજા જીવની ઘવાતી લાગણી તરફ બેપરવાઈ હોય છે એને પાપસાધના મળતાં પાપપ્રવૃત્તિ ચાલુ થઈ જાય છે.**

**પરલોકનો વિચાર અને જીવોની દુભાતી લાગણીની પરવા માણસમાં માણસાઈ લાવે છે, આત્માને મહાત્મા બનાવે છે.**

જીવનમાં તપાસજો કે પરલોકનો વિચાર કેટલો કેટલો જાગતો રહે છે ? બહુ સારા પૈસા, પણ જૂઠ-અનીતિ-પ્રપંચથી મળે એવું લાગતું હોય, તો ત્યાં પરલોકનો વિચાર આવે છે ખરો ? કે આંધળિયા જ થાય ? મનમાન્યા સુખ-સગવડ પ્રતિષ્ઠા



એ રીતે મળતા હોય તો તે વખતે પરલોક નજર સામે આવે ખરો ? કે આંધળિયા જ થાય ? પરલોકની સામે જોવું હોય તો તો ઝટ મનને એમ થાય કે 'અરે ? આ પૈસા-સુખ સગવડ-પ્રતિષ્ઠા જૂઠ-અનીતિ-પ્રપંચથી લઈ તો લઉં, પણ એ પૈસા આદિ કેટલે લાંબે પહોંચવાના ? અને જૂઠ વગેરેથી ઊભા કરેલ કુસંસ્કારો તથા કર્મનાં કટુફળ કેટલે બધે લાંબે સુધી મારા આત્માને કનડવાના-વિડંબવાના ?

**આવા પાપથી પરલોકમાં નરક-તિર્યંચ વગેરે દુર્ગતિની પરંપરા મળી તો ત્યાંના અસીમ ત્રાસમાં અને બેહદ પાપવૃત્તિમાં બેલી કોણ ? બચાવનાર કોણ ?**

**(૧) પરલોકે દુઃખથી બચાવનાર નહિ :-**

બળદેવજી મોટા પાંચમાં વૈજ્ઞાનિક દેવલોકના દેવ છતાં ભાઈ કૃષ્ણજીને ત્રીજી નરકમાંથી બહાર કાઢવા ગયા તો શું બચાવી શક્યા ? મહાન શક્તિના ધણી અને પરમાધામીના પીર જેવા એ દેવ છે. પરંતુ ના; એમને ઉઠાવતાં **ઊલટું** કૃષ્ણજીના નારકીય શરીરમાંથી હાથમાં લીધેલ ઢીલા ગોળમાંથી રસી ટપકે એમ, શરીરનાં પુદ્ગલ ટપકવા માંડ્યા, અને એનો કૃષ્ણજીને એટલો ભયંકર ત્રાસ થવા માંડ્યો, એટલી દારુણ વેદના થવા માંડી, કે એમને કહેવું પડ્યું, 'ભાઈ ! રહેવા દે, મને અહીં જ રહેવા દે. વેદના તો અહીંની છેદન-ભેદની વેદનાના કરતાં ય જાલિમ વેદના છે; મારાથી સહન નથી થતી. માટે છોડી દે મને. મારાં પૂર્વના વિષયાંધતા અને કષાયાંધતાનાં પાપો જ એવા છે કે હવે એ મને આ નરકાગારની પીડામાંથી ન છૂટવા દે.' છોડી દેવા પડ્યા.

**(૨) પરલોકે પાપી વૃત્તિમાંથી છોડાવનાર નહિ :-**

ત્યારે પાપોની પાપીવૃત્તિ જીવ સાથે જે લાગુ થઈ જાય એમાંથી ય બચાવનાર કોણ મળે ? બ્રહ્મદત્તના જીવે, પૂર્વ ભવે સાધુપણામાં ચક્રવર્તીનાં સ્ત્રીરત્નના માથાની કેશવાળીનો સ્પર્શ થતાં, ચક્રવર્તીનાં સુખની લાલસા કરી, તો એ પાપના કુસંસ્કાર એવા પૂંઠે લાગ્યા કે બ્રહ્મદત્ત ચક્રવર્તી બન્યા પછી પૂર્વના ભાઈ મહારાજ અહીં પણ મુનિ બનીને આવી બ્રહ્મદત્તને શિખામણ આપે છે કે 'આ ઝેરી રાજાશાહી ભોગસુખને છોડ,' તેમજ બ્રહ્મદત્તને પૂર્વભવનું સ્મરણ પણ થયું છે; છતાં એની પાપપ્રવૃત્તિ-વિષયાંધતા છૂટતી નથી. અરે ! એ ખરાબ છે એટલું પણ મનને લાગતું નથી. ઉપરથી મુનિને કહે 'મને તમારી દયા આવે છે આમ શું દુઃખ વેઠો છો ? આવો અહીં, તમને મોટું રાજ્ય આપું, ખજાનો આપું, રાજકન્યાઓ પરણાવું પછી જુઓ તમને કેવો અનુપમ આનંદ મળે છે.'

**પાપવૃત્તિની આવૃત્તિ ભયંકર :-**

બોલો અહીં પરલોકનો વિચાર નહિ રાખીને વિષયાંધતા, કષાયાવેશ, જૂઠ-

અનીતિ-પ્રપંચ, હિંસા, વગેરે પાપો આચર્યા હોય, પછી પરલોકમાં એ પાપોની પાપીવૃત્તિની આવૃત્તિમાંથી કોણ છોડાવી શકે ? એક તો છોડાવનાર મળવા જ મુશ્કેલ, અતિ દુર્લભ, અને કદાચ છોડાવનાર મળે તો ય છૂટવાનું ગમે નહિ, એટલે પછી કેમ ? તો કે જાલિમ પાપાચરણ ચાલ્યા જ કરે. એમાંથી કોણ છોડાવે ? એમ અહીંના પાપાચરણથી ઊભા કરેલાં કર્મોની પીડામાંથી પણ કોણ છોડાવે ?

**પરલોક પ્રધાન જીવન અહીં કરી શકાશે :-**

**જે વિચાર કરવાનો છે તે અહીં જ કરી શકાશે.** અહીં જ પાપોને અટકાવી શકાશે, તો જ પરલોકમાં એની કારમી પીડા અને કારમી પાપવૃત્તિ નહિ ઊભી થાય. જીવનમાં પરલોકનો વિચાર પ્રધાન રહેવો જોઈએ. શાસ્ત્ર કહે છે ધર્મીનું જીવન આ લોકને પ્રધાન કરનારું નહિ, પણ પરલોકપ્રધાન હોય; 'અહીં જો જીવન પરલોકપ્રધાન નહિ કરું, તો પછી ક્યાં કરીશ ? અહીં જો પાપ કરું વિષયઘેલો થાઉં, ક્રોધી-અભિમાની-લોભી થાઉં, તો પરભવે એની પાપવૃત્તિ કેવી પાશવી-પિશાચી ચાલ્યા કરે ?' એનો એને ડર હોય; તેથી જ પાપી વૃત્તિની પરંપરાથી બચવા અહીં પાપોને કમ કરી નાખે ઘટાડી નાખે, અને જે ન છૂટકાનાં પાપ કરવા પડતાં હોય એમાં નિઃશૂકપણું નિર્ધ્વંસપણું ન રાખે, 'પાવં ન તિવ્વભાવા કુણઈ' અપુનર્બંધક જીવ પાપને તીવ્ર ભાવે ન કરે; 'જેણ ન નિદ્ધંધસં કુણઈ,' સમકિતી જીવ પાપને નિર્ધ્વંસપણે નથી કરતો તેથી એને અલ્પ કર્મબંધ લાગે છે એટલે વાત આ છે કે અહીં પાપ કરતાં જ વિચાર કરવાનો છે. આગળ એનાં ફળ ભોગવતી વખતે હાયવોયથી નહિ બચાય. **'બંધ સમય ચિત્ત ચેતીયે રે, ઉદયે શો સંતાપ ?'**

વાત એ હતી કે શ્રીમંત યા સત્તાધીશને જો પેલા લૂંટારું ભીલની જેમ પરલોકનો વિચાર ન હોય. જીવોની દયા ન હોય, તો એની લક્ષ્મી યા સત્તા જંગલી લૂંટારાના બાણ ભાલાની માફક શસ્ત્રરૂપ બને છે, કે જે જીવોને કનડવા-કચરવામાં વપરાય છે, કે એનું એક કારણ એ વિચાર્યું કે એમને પરલોકનો વિચાર નથી. હવે બીજું કારણ આ જીવોની ઘવાતી લાગણી તરફ એમને બેપરવાઈ કઠોર દિલ હોય છે. ત્યારે એ જુઓ કે,

**પોતાનાથી જીવોની દુભાતી લાગણી પર કઠોર દિલ એ કેવી અનાત્મજ્ઞતા છે.**

**અનાત્મજ્ઞતા : જીવો પ્રત્યે નિર્દયતા**

**'અનાત્મજ્ઞતા' સમજો છો ?** અનાત્મજ્ઞતા એટલે આત્મજ્ઞાતા નહિ આત્માને જાણવાપણું નહિ. એનો અર્થ એ કે

(૧) એક તો માત્ર પોતાની કાયા અને કાયાના સ્વાર્થનું જ લક્ષ, પણ પોતાના અંતરાત્મા અને એનાં હિત તરફ દૃષ્ટિ જ નહિ;



(૨) બીજું એ કે જેમ સ્વાત્માને જરા પણ દુઃખ-કષ્ટ પીડે છે, ઝટ હૃદયે ખટકે છે, દિલને પીડાકારી અણગમતું લાગે છે, એમ બીજા જીવોને પણ એ પીડાકારી અણગમતું જ લાગે છે, એવો ખ્યાલ જ નહિ; પોતાની પીડા-આપત્તિ-અપમાનમાં પોતાને ગદ્‌ગદતા, એવી બીજાની પીડા-આપત્તિ-અપમાનમાં કશી જ ગદ્‌ગદતા, એવી બીજાની પીડા-આપત્તિ-અપમાનમાં કશી જ ગદ્‌ગદતા નહિ. માત્ર, 'મને જરીકે દુઃખ ન આપો, મારું જરીકે અપમાન ન થાઓ, મને કશો ય કઠોર શબ્દ કોઈ ના કહે,' આ જ લક્ષ, આ જ લેશ્યા હોય; બાકી બીજાને હું દુઃખ દઉં, અપમાન કરું, કઠોર શબ્દ કહું એનો વાંધો નહિ;' આ મનોવૃત્તિ હોય, એ અનાત્મજ્ઞતા છે;

**અનાત્મજ્ઞાતામાં** પોતાની જાતને તો મૂલ્યવાળી ગણી એટલે પોતાને કશો બાધ ન આવવો જોઈએ એમ માન્યું. ત્યારે જગતના અનંતાનંત જીવોને મૂલ્યરહિત લેખ્યા તો એમને પોતે ગમે તે વાંધો લગાડી શકે, ગમે તે દુઃખ આપી શકે એમ માન્યું. એટલે કહે ને ભાઈ ! કે 'હું જ સુખે જીવવા લાયક છું, બીજા કોઈ નહિ ?' કેમ જાણે બીજા જીવો જીવ જ નથી, પોતે જ માત્ર જીવ છે ! તે પોતાને સહેજ પ્રતિકૂળ આવતાં દુઃખ થાય, બીજાને ગાડે ગાડા ભરીને વાંધા-અગવડ-કષ્ટ આવે એનું જાણે એમને કશું દુઃખ જ નહિ થતું હોય એમ લાગે છે. ત્યારે આજે દલીલ કરે છે,

**સ્વાર્થની ગમે તે રમત ન્યાયી છે ? :-**

**પ્ર.-** દુઃખ તો બીજાને ય થાય, પરંતુ દરેકને પોતાનો સ્વાર્થ હોય છે ને ? સ્વાર્થની રમત કોણ નથી કરતું ? **'જીવો જીવસ્ય જીવનમ્,'** એમ શાસ્ત્ર પણ કહે છે ને ?

ઉ.- તો તો પછી એમજ કહેવું છે ને કે 'જે કોઈ સ્વાર્થવશ ગમે તે કરે, જીવોને ગમે તેવા નીચોવીને એનાં લોહી પી જાય, એ ન્યાયી છે ? એનો વાંધો નહિ ?' આ રક્ષકનો સિદ્ધાંત ? કે ભક્ષકનો ? માણસનો કે વાઘનો ? જો આ જ સિદ્ધાંત હોય કે 'દરેકને સ્વાર્થવશ ગમે તે કરવાની છૂટ,' તો તો સુરાજ્યના કાયદા અને એ રક્ષક પોલીસ-વ્યવસ્થા બધી નકામી અને અન્યાયી જ ઠરે ! કેમકે જૂઠાબોલા, દગાખોર, વિશ્વાસઘાતી, બદમાશ, ચોર, ડાકૂ, ગૂંડા...બધાને દરેકને પોતપોતાનો સ્વાર્થ હોય છે, તેથી સ્વાર્થવશ જેમ ન્યાયી વેપારી ન્યાયનીતિથી પોતે પૈસો અને સુખ કમાઈ ખાય છે, એમ એ પણ સ્વાર્થવશ એ જૂઠાણાં-દગો-બદમાશી-ચોરી-ડાકૂગીરી વગેરે કરી માલ-મજા કમાઈ લે છે. તો પછી એની આડે આવનાર અને એવાને સજા કરનાર કાયદા અન્યાયી જ ઠર્યા ને ? એમ જંગલમાંથી વાઘ-વરુ

ગામમાં ઘૂસી જતા હોય, એ ય પોતાના સ્વાર્થવશ એમ કરે છે, માટે એને અટકાવવાની વ્યવસ્થા પણ અન્યાયી ઠરે !

બસ, જો એક જ સૂત્ર પકડાય કે 'જીવો જીવસ્ય જીવનમ્ અર્થાત્ એક જીવ એ બીજા જીવનું જીવન છે, બીજાના પ્રાણ ટકાવવાનો આધાર છે; માટે જેમ બિલાડીને ઉંદર ખાવાની છૂટ,' જો આ જ સૂત્ર પકડીને ચલાય તો તો કાયદો અને વ્યવસ્થા કશું જ ન જોઈએ, અરે પોતે તિજોરી-ઘર-દુકાન બંધ કરી સુરક્ષિત રાખવાનું કશું ન કરાય ! અને જો સ્વાર્થવશ એ કરી શકાય, તો સ્વાર્થવશ ચોર-ડાકૂ મારી-કૂટીને એમાંથી માલ ઉપાડી જવાનું કરી શકે ? એનો વાંધો જ ન લેવો જોઈએ.

ચલાવી લે ખરા આ જંગલીપણું ?

ના, ત્યાં તો વાંધો લેવાય છે. ચોર-ડાકૂને આકરામાં આકરી સજા સુધી પહોંચાડવાનું કરાય છે. પણ પેલો ડાકૂ કોરટમાં દલીલ કરે કે "મેં તો સાહેબ ! આપના **'જીવો જીવસ્ય જીવનમ્'**ના સિદ્ધાંત મુજબ કરેલું. 'સ્વાર્થ માટે ગમે તે કરવાની છૂટ એવા એમના સિદ્ધાંત મુજબ જ મેં આમ કર્યું છે.' એમ દલીલ કરે તો આ સિદ્ધાંતવાદી સામેથી શું કહે ? શું એમ કહે કે 'તો સાહેબ ! ભલે, હું કેસ પાછો ખેંચી લઉં છું. એ નિર્દોષ છે. એમને છોડી મૂકો' આમ શું કહે ? આવો આઘા, કોઈ આવું ન કહે.

**કાનજીપંથી કોરટે જાય ? :-**

આ કાનજીપંથીઓને ત્યાં ચોરી થાય તો ચોરીની તપાસ કરાવે ખરા ? કોરટે જાય ? એમ એમની સાથેના વ્યવહારમાં કોઈ વિશ્વાસઘાત છળ-પ્રપંચ કરી એમનું લૂંટી જાય, તો કેસ કરે ખરા ? શા સારું ? એમને તો ત્રિકાળી પર્યાય નક્કી થયા મુજબ બને છે, પછી ચોર સામે કેસ કેમ ? કોરટમાં લુચ્ચો ગુનેગાર એમ કહે કે

"સાહેબ ! મેં તો એમના સિદ્ધાંત મુજબ જ કર્યું છે. **એમનો સિદ્ધાંત છે કે 'આત્માના ત્રિકાલી પર્યાયો નક્કી થઈ ગયેલા છે,** એમાં કોઈ મીનમેખ ફેરફાર ન કરી શકે.' એટલે મારા આત્માનો આ પર્યાય નક્કી થઈ ગયો હતો, એમ એમનો પણ એ પ્રમાણનો પર્યાય નક્કી થઈ ગયેલો હતો; ને તે મુજબ જ થયું છે. તેમ નામદાર કોર્ટને પોતાને ખબર નથી કે પોતાનો ભાવી પર્યાય શો ? તેથી કાં તો અમને બંનેને છોડી મૂકે યા બંનેને સજા કરે. અથવા નામદાર કોરટની ફરજ છે કે આ ફરિયાદીને એના સિદ્ધાંતની રક્ષામાં સહાય કરવી."

શું ચોર-ડાકૂની આ દલીલ એ કાનજીપંથી ચલાવી લે ? શું કોરટને એમ કહે ખરા કે 'ભલે ત્યારે મારા સિદ્ધાંત મુજબ થયું છે તો કેસ પાછો ખેંચી લઉં છું ?

**પ્ર.**- પણ એ તો કહે ને કે 'હવે કોરટ દ્વારા એને સજા કરાવવાનો અને



એની પાસેથી માલ પાછો લેવાનો મારો પર્યાય પણ નક્કી થઈ ગયો છે તેથી નામદાર કોરટ એમ કરી આપે ?'

ઉ.- ના, ન કહી શકે. કેમકે ત્યાં તો પાછો સામો કહેશે કે "નામદાર કોરટ એની પણ નોંધ કરે કે **આમનો બીજો સિદ્ધાંત એ છે કે 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને કશું કરી શકતું નથી.'** એટલે કોરટ દ્રવ્ય દ્વારા મારી પાસેથી માલ લેવાનું અને મને સજા કરાવવાનું કરવું એ એમના સિદ્ધાન્તથી વિરુદ્ધ છે. કોરટ દ્રવ્ય જુદું છે, હું જુદું દ્રવ્ય છું એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કશું કરી શકે નહિ, એ એમનો સિદ્ધાન્ત છે. માટે નામદાર કોરટે આ કેસમાં કશું કરવું ન જોઈએ; અને એમને એમના સિદ્ધાન્તની રક્ષા થવા દેવામાં નામદાર કોરટ એમને સહાય કરે એવી મારી વિનંતી છે. એમના જ સિદ્ધાન્ત મુજબ એમનો કોરટની પાસે કશું કરાવવાનો દાવો તદ્દન વાહિયાત છે, ખોટો છે."

બોલો, આવા કેસ કોરટ છોડી દે તો કાનજીપંથી ચલાવી લે ? ઉપલી કોરટમાં ન જાય ? અરે, સુપ્રીમ સુધી જાય. ત્યારે કહો કે,

**વાહિયાત સિદ્ધાન્ત તો માત્ર સન્માર્ગને ઊખેડવા માટે જ છે, પણ પાળવા માટે નહિ.**

**આવા સિદ્ધાન્ત એ ડાકૂગીરી નથી ?**

**કાનજીપંથના સિદ્ધાન્ત ડાકૂગીરી શી રીતે ? :-**

જુઓ ડાકુ શું કરે છે ? માનો કે કોઈ ડાકૂનો માલ કે બાયડી બીજા ઉપાડી જાય તો શું એ સામાને ઠોકી ન પાડે ? યા એ એનું ચાલે તો કોરટે ન જાય ? કેમ વારું ? ત્યાં તો એ કહે છે 'આમ બીજાનો માલ કે બાયડી ઉઠાવી જવાની ડાકૂગીરી કેમ ચલાવી લેવાય ? એને તો પાકી સજા જ કરવી યા કરાવવી જોઈએ.' એટલે ? સિદ્ધાન્ત આ બાંધ્યો કે 'ડાકૂને સજા જ થવી જોઈએ.' હવે અવસરે એ ડાકૂગીરી કરતાં પકડાય તો સજા પસંદ કરે ? શું કોરટમાં એમ કહે ખરો કે ભલે પેલા ડાકૂને મેં સજા કરાવેલી, તો હું પણ સજાને પાત્ર છું ? ડાકૂને તો સજા જ થવી જોઈએ એવો મારો સિદ્ધાન્ત છે.' શું આમ કહે ? ના, આમ કહે પણ નહિ અને સજા પસંદ પણ ન કરે; ઊલટું પાછળથી સજા કરાવનાર પર વૈર વાળે. બસ એ બધું ડાકૂગીરી.

**ડાકૂગીરીના દૃષ્ટાન્તે કાનજીપંથ :-**

એવી રીતે જુઓ કે કાનજીપંથી શું કરે છે ? અરે, એ પંથ ચલાવનાર ખુદ શું કરે છે એ જુઓ. ભગવાન મહાવીર પ્રભુએ સ્થાપેલા મુનિઓના અને આનંદ-કામદેવાદિ શ્રાવકોના આચાર-ક્રિયા-તપ વગેરેને એ નકામા કહે છે, કાયકષ્ટ કહે છે. આત્મકલ્યાણ અને મોક્ષમાર્ગમાં તદ્દન નિરુપયોગી અનિમિત્ત કહે છે. ઉપરથી વળી

કહે છે કે 'એ પવિત્ર આચાર-ક્રિયા-તપને આત્મકલ્યાણનું સાધન માને, મોક્ષમાર્ગમાં જરૂરી માને એ મિથ્યાત્વી છે, અબૂઝ છે, વ્યવહારમૂઢ છે.' આ તો એમનો સિદ્ધાન્ત થયો. હવે એમનું આચરણ જુઓ કે એ પોતે શું કરે છે ? એ રોજ પ્રવચનનો આચાર પાળે છે, પ્રાર્થનાની ક્રિયા કરાવે છે. ગામે ગામ પ્રચારાર્થે પ્રવાસની અને મંદિરો અને સ્વાધ્યાયમંદિરો ઊભા કરાવવાની તપસ્યા કરે છે. એની પ્રતિષ્ઠાની ક્રિયા કરે-કરાવે છે. પાછા એ મંદિરોમાં પૂજા-પ્રાર્થના-સ્વાધ્યાયની ક્રિયા કરવાનો અનુરોધ કરે છે. પ્રચાર અર્થે છાપાં કાઢવા-કઢાવવા, ટેપ રેકાર્ડો પ્રચારવી, શિબિરસત્રો ગોઠવવા, વગેરે વગેરે અનેકાનેક ક્રિયાઓ-આચારો સેવવાનું એમને ધૂમ ચાલુ છે.

હવે જો કોઈ આની સામે કેસ કરે કોરટે જાય, અને કોરટને કહે કે ''સાહેબ ! આ બધું જે આ લોકો કરે છે તે એમના સિદ્ધાંતથી વિરુદ્ધ હોઈ બંધ કરાવવું જોઈએ. કેમકે **એમનો સિદ્ધાંત તો એ છે કે 'મોક્ષમાર્ગ માટે ક્રિયા-આચાર વગેરે** નકામા-નિરુપયોગી બિનજરૂરી છે, કારણ જ નથી કારણ માનવું એ મિથ્યાત્વ છે;'' અને ધારો કે કોરટ એ બંધ કરાવવાનો હુકમ કાઢે તો આ લોકો ચલાવી લે ખરા ? મંજૂર કરી લે ખરા ?

**પેલા ડાકૂ જો પોતાના બીજા સામેના સિદ્ધાંતે પોતાની ડાકૂગીરી બંધ કરવાનું સ્વીકારી લે તો એ જગતનું એક આશ્ચર્ય ગણાય; એમ આ પંથીઓ પોતાનું આચરણ બંધ કરવાનું કબૂલી લે તો એ આશ્ચર્ય ગણાય.**

પણ ના, એ તો જેમ પેલા ડાકૂને સામાની ડાકૂગીરી બંધ કરાવવી છે, પણ પોતાની ખુલ્લી રાખવી છે; પોતાની ડાકૂગીરી બંધ નથી કરાવવી; ક્રિયા-આચાર એમ આ કાનજીપંથીઓને સામાની વગેરે પ્રવૃત્તિ બંધ કરાવવી છે. પરંતુ પોતાની એ બંધ નથી કરવી કેમ એમ ? સમજે છે કે પોતાનું જો એ બધું બંધ થઈ જાય, પ્રવચન-છાપાં-મંદિરનિર્માણ-પ્રાર્થના-સ્વાધ્યાય વગેરે બધીય ક્રિયા જો બંધ થઈ જાય, તો તો પંથ ચાલે જ શી રીતે ?

**ક્રિયા તો વ્યવહારથી થાય ને ? :-**

ત્યારે જો કાનજીપંથી કોરટને એમ કહે કે 'અમારો સિદ્ધાંત બરાબર છે, અને અમે અમારી ય આ બધી બાહ્યક્રિયા-આચાર-પ્રવૃત્તિને મોક્ષમાર્ગ માનતા જ નથી,'

તો કોરટ પૂછે ને કે 'તો પછી શું કામ કરો છો ?'

ત્યારે એ કહેશે 'એ તો વ્યવહાર છે.'

તો કોરટ પૂછે, 'શાનો વ્યવહાર ? સંસારનો કે મોક્ષનો ?'

અહીં એ પકડાઈ જાય છે. કેમકે જો મોક્ષનો વ્યવહાર કહે તો તો 'મોક્ષનો વ્યવહાર' એટલે મોક્ષ માટે ઉપયોગી અર્થાત્ મોક્ષમાં કારણભૂત વ્યવહાર સાબિત



થાય; અને જો કહે કે 'સંસારનો વ્યવહાર, અર્થાત્ સંસાર-પરિભ્રમણ વધારનારો વ્યવહાર,

**શું પોતાના પ્રવચનાદિ વ્યવહારને સંસારવર્ધક કહે છે ? :-**

તો તો કોરટ તરત પૂછે, ''તો શું એ પ્રવચન, એ છાપાં એ મંદિરનિર્માણ વગેરે બધું કરતાં કરાવતાં તમારા ભક્તોને વારંવાર સાવધાન કરો છો ખરા કે 'જોજો હોં આ બધો વ્યવહાર સંસાર વધારનારો છે. આવા નિશ્ચયપંથના સમયસાર વગેરે ચોપડા વાંચવા-સાંભળવા-પ્રચારવા, એના પર પ્રવચન કરવા, છાપા કાઢવા, તથા, નિશ્ચયપંથના મંદિરો સ્થાપવા-પૂજવા વગેરેના વ્યવહાર તો અનંતા કરી કરીને સંસારમાં ભટક્યા, માટે આ કરવા જેવા નથી. આપણે કરીએ છીએ એ મૂઢ છીએ, એથી સંસાર વધે છે,' આવું ભક્તોને વારંવાર કહો છો ખરા ?''

તો શું જવાબ દે ? શું કહે ખરા કે 'હવેથી કહીશું ?' ના, જો એવું કહેવા માંડે તો એ કુપંથમાં એક ઊભો ન રહે.

**પણ મૂરખ ડૂબતો તણખલાનું ઓઠું લે,** એમ એ કહે છે, 'અમે કાંઈ આ વ્યવહાર જાણીને કરતા જ નથી. એ તો ત્રિકાળી નિયત પર્યાય મુજબ થઈ જાય છે.' આમ કહેવાનું કારણ એ છે કે સમજે છે કે જાણીને કરવાનું કહીએ તો એનો અર્થ એ થાય કે 'ભયંકર સંસારમાં ભટકાવનાર આ વ્યવહાર છે. એમ જાણીને આ કરીએ છીએ.' તો શું મોક્ષની વાત કરનારો આવું જાણી જોઈ ને કરે ? એટલે 'જાણીને કરીએ છીએ' એમ બોલાય નહિ, તેથી કહે છે 'થઈ જાય છે.'

**ડાકૂગીરીના શબ્દ : 'લૂંટ કરતો નથી, થઈ જાય છે'**

પરંતુ આ શાના જેવું છે ? કોરટ જેમ ડાકૂ ખૂનીને કહે 'જો તું તારી લૂંટ કે ખૂનનો પ્રયત્ન કરનારને સજાપાત્ર માને એમ તું બીજાની લૂંટ કરનારો યા ખૂનનો પ્રયત્ન કરનારો સજાને પાત્ર છે;' ત્યાં

એ ડાકૂ બચાવ કરે કે 'ના સાહેબ ! મેં જાણીને લૂંટ કે ખૂનનો પ્રયત્ન કર્યો જ નથી, એ તો એવું થઈ જાય છે;'

તો કોરટ કહેને કે 'લુચ્ચા ! આ તો તારી મોટી ડાકૂગીરી છે કે લૂંટવાનું કર્યું તો જાણીને, ને હવે કહે છે થઈ જાય છે. ત્યારે અહીં પણ કાનજીપંથીઓને કોરટ કહે ને કે 'લુચ્ચાઓ ! આ તો તમારી મોટી ડાકૂગીરી છે કે પોતાની માનેલી ક્રિયાઓ-આચાર વગેરે પ્રવૃત્તિ કરો છો જાણીને, ઊંઘમાં નહિ, અને કહો છો થઈ જાય છે.'

સારાંશે **વાત આ છે,** કે કાનજી-પંથીઓને અને પંથસ્થાપકને ખુદને માનેલા સિદ્ધાંત સ્વયં પાળવા નથી, સિદ્ધાંતથી વિરુદ્ધ ભરપૂર વર્તવું છે, અને એ સિદ્ધાંતોને

મોક્ષમાર્ગના સિદ્ધાંત કહી સન્માર્ગને ઊખેડવો છે, સન્માર્ગની આચાર ક્રિયા તપસ્યા વગેરે પ્રવૃત્તિને નિંદવી છે. એ પેલા ડાકૂ જેવું છે. ડાકૂને પોતાની લૂંટ વગેરે કરનારને 'લૂંટ ખોટી' એ સિદ્ધાંત આગળ કરી નિંદવા ઠોકવા છે, અને પોતે છે, લૂંટ આદિ ધૂમ એ આચરવું છે; અને ઉપરથી બચાવ કરવો છે કે 'હું કરતો નથી. એ તો થઈ જાય છે'

**તાત્પર્ય, કાનજીપંથીના વાહિયાત સિદ્ધાંત માત્ર સન્માર્ગને ઊખેડવા માટે છે, પણ પાળવા માટે નહિ.**

'ત્રિકાળી પર્યાય નિયત થઈ ગયેલા છે.' 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને યાને નિમિત્ત કશું કરી શકતું નથી.' 'બાહ્ય ક્રિયાઓ એ જડની ક્રિયાઓ હોઈ આત્માને મોક્ષમાર્ગ માટે ઉપયોગી નથી.'...આવા બધા કાનજીમતના સિદ્ધાંત શું એ સિદ્ધાંતવાદી પોતે પાળે છે ? ના,

**કાનજીપંથી સ્વસિદ્ધાંત વિરુદ્ધ જ વર્તે છે.**

(૧) પર્યાય પહેલેથી નિયત થઈ ગયા હોવાનું માનવા છતાં પુરુષાર્થ યાને અમુક જ પ્રકારની ઈચ્છા અને અમુક જ પ્રકારનો પ્રયત્ન કરી : **પોતાનો ધારેલો** પર્યાય નિપજાવવાનું આચરે છે. આમાં નિયત થઈ ગયેલ પર્યાયની શ્રદ્ધા ક્યાં રહી ? આ સ્વસિદ્ધાંત વિરુદ્ધ વર્તન થયું.

(૨) શ્રોતાઓને કહે છે 'તમે આ બે મહિના સ્થિરતાથી પ્રવચન સાંભળો એટલે સમજાશે.' શું આ ? આનો અર્થ એ કે 'તમારા આત્મદ્રવ્યને બોધ મારા ભાષણથી થશે.' આ એક દ્રવ્ય બીજાને કશું કરતું નથી' એવા સ્વકીય સિદ્ધાન્તથી વિરુદ્ધ વર્તન અને કથન થયું.

(૩) દિગંબર મૂર્તિ મંદિર સ્વાધ્યાય મંદિર એની પ્રતિષ્ઠાદિના જલસા, છાપા, રેકોર્ડ, પ્રાર્થના વગેરે ધૂમ ક્રિયાઓ આચરે છે, એ બાહ્ય જડની ક્રિયા મોક્ષમાર્ગ માટે તદ્દન નિરુપયોગી છે. એવા સ્વ સિદ્ધાન્તથી વિરુદ્ધ આચરણ થયું.

**માટે સાવધાન બનજો;** આજે સન્માર્ગની સામે, જેમ જડ વિજ્ઞાનવાદીઓ વિલાસવાદીઓ અને નાસ્તિકવાદીઓનો ભયંકર હલ્લો છે, બળવો છે, એમ આવા અધ્યાત્મચોર-સન્માર્ગ લૂંટારું-તત્વલૂંપકો વગેરેનો પણ ભારે હલ્લો-બળવો-આક્રમણ છે. જાતને સ્નેહીને, અને આશ્રિતોને એ બધાથી બચાવી લેવા જેવા છે. એની સુફિયાણી વાતોનાં વાંચન શ્રવણ તથા પરિચય વગેરેથી દૂર જ રહેવા જેવું છે.





વાત એ હતી કે 'જીવો જીવસ્ય જીવનમ્' એ સૂત્ર પકડીને બીજા જીવો પ્રત્યે હિંસાદિનો વ્યવહાર કરવાનું જે કરે છે, એ ખોટા છે; કેમકે એ પોતાનો માનેલો સિદ્ધાંત તો એમણે પોતાને બીજાની હિંસા કરવાની છૂટ માટે રાખેલો છે, પણ પોતાની બીજો કરે એવી છૂટ માટે નહિ. ખરી રીતે 'જીવો જીવસ્ય જીવનમ્' એ સૂત્રનો અર્થ તો એ છે, કે જીવનું જીવન જીવ છે, અર્થાત્.

**'જીવન' એટલે** કે મૃત્યુને પાર કરી ગયે ભાવ પ્રાણથી અજર-અમરપણે જીવવાનું; એનો આધાર એનું મૂળ કારણ જીવ છે, જડ નહિ; યાને કોઈ તીર્થંકરરૂપી જીવનો આધાર લેવાય તો જ જીવ એમના આધારે અમર જીવન મેળવી શકે અને જીવી શકે. બાકી જડ પદાર્થો તો જીવનું જીવન નહિ, મોત છે, મોત નિપજાવનારા છે. જડનાં જ કારણે જીવ આ સંસારમાં અનંતા મૃત્યુ પામ્યો છે હવે એ વારંવાર મૃત્યુની સ્થિતિ પાર કરી જવી હોય તો ઉપાય તીર્થંકર-સાધુ-કલ્યાણમિત્ર જીવો છે એમના આધારે સાચું કાયમી જીવન મળે.

**દ્રવ્યજીવન અને ભાવજીવન :-**

આમ, જીવ ધારે તો બીજા જીવો પ્રત્યે કાળજીવાળો થઈ એમના માટે જીવનરૂપી બની શકે, અને જીવો પ્રત્યે બેપરવા બને, નિર્દય બને, તો મોતરૂપ બનવાનું પરિણામ આવીને ઊભું રહે. જીવલેણ રોગમાં જતો જતો બચી જઈ હવે ડાક્ટરી સારવારના ટેકે જીવતો હોય તો કહે છે ને કે "હું તો ડાક્ટરના આધારે જીવું છું. મારે તો ડાક્ટર એ જીવન છે. આ ડાક્ટર ન મળ્યો હોત તો તો બંદા ઉપડ્યા' તા." બસ, આ તો દ્રવ્ય-જીવન છે, બાહ્યજીવન છે, નાશવંત જીવન છે. ડાક્ટર જીવાડી જીવાડીને જીવાડે તો કેટલું ? આયુષ્યની દોરી પહોંચે એટલું, એથી એક સેકંડ વધારે નહિ. ત્યારે ભાવ-જીવન એવું છે કે એનો અંત જ નહિ, જેમકે સિદ્ધ ભગવાનોનું જીવન. એ નાશવંત આયુષ્ય પર નિર્ભર નથી કે આયુષ્યના અંતે, અંત પામે. એ તો હવે શાશ્વતકાળ પ્રગટ અનંતજ્ઞાન-દર્શન પર સિદ્ધજીવન ચાલવાનું, માટે એ જીવન અમર અવિનાશી જીવન છે. મુખ્ય ભાવજીવન છે. આવા જીવનને લાવી આપનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધર્મ, ક્ષમાદિ દાનાદિ અને અહિંસાદિ ધર્મ અને એની પ્રાપ્તિ કરાવનાર દેવ-ગુરુ-તીર્થ-શાસ્ત્ર એ ગૌણ ભાવજીવન ગણાય. એટલે મોક્ષાર્થી જીવ કે જે દ્રવ્યજીવન કરતાં ભાવજીવનને વધુ અગત્ય આપતો હોય છે, એ આ સમ્યગ્દર્શનાદિને અને દેવ-ગુરુ વગેરેને પોતાનું જીવન ગણે છે. પેલો રોગી જેમ કહે કે મારે તો આ દવા અને ડાક્ટર એ જ

જીવન છે. એમ મોક્ષાર્થી કહે કે મારે તો આ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, શાસ્ત્રસ્વાધ્યાય અને દાનાદિ ક્ષમાદિ અહિંસા-સત્ય આદિ તથા દેવ-ગુરુ-તીર્થ-શાસ્ત્ર એ જીવન છે,

**મોક્ષાર્થીપણાનું માપ ભાવજીવનના ઝોક પર :-**

પેલા રોગીને ડાક્ટર-દવાની માફક આ ભાવજીવન પર આપણો કેટલો ઝોક છે, ને એ દેવ-ગુરુ-ધર્મને વારે વારે કેવા શરણરૂપ આધારરૂપ ગદ્ગદ દિલે મન પર લઈએ છીએ, તેમ વાણીમાં લાવીએ છીએ એના આધારે માપ નીકળે કે આપણને મુખ્ય અને ગૌણ ભાવજીવનનો કેટલો ખપ છે, કેટલી ગરજ છે. કેવું આપણું મોક્ષાર્થીપણું ને આસ્તિકપણું છે. ભાવજીવન પર ઝોક ઈતબાર ન હોય એની ચિંતા ન હોય, એમ એના અંગ દેવ-ગુરુ-ધર્મ-જ્ઞાન-શાસ્ત્ર વગેરે પર અંતર ઝુકેલું ન હોય. અંતર એને રટતું ન હોય, અને ડાક્ટરને દવા, કે દુકાનને પૈસા, યા બૈરીને પ્રતિષ્ઠા-શાખ,...વગેરેની જ રટણા હોય, 'એ જ મારું જીવન, એ જ મારું જીવન,' એમ લાગ્યા કરતું હોય, એવું રટ્યા કરતું હોય, તો મોક્ષાર્થીપણું ક્યાં રહ્યું ? આસ્તિક્તા ક્યાં રહી ? આત્માની લગન ક્યાં રહી ? બસ,

**જીવને રોજ વારંવાર પૂછો-તને ઈતબાર કોના પર છે ? ડાક્ટર-દવા-પૈસા આદિ પર ? કે દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્ર આદિ પર ? કોની લગન કોની રટણા સારી રીતે ચાલે છે ?**

આ પૂછ્યા કરવાથી પણ જાગૃતિ આવે છે, સાચી સક્રિય આસ્તિક્તા અને મોક્ષાર્થીપણું પ્રગટ કરી શકાય છે, ભાવજીવનની લગની ઊભી કરી શકાય છે.

**ભાવથી મોતરૂપ કોણ કોણ ? :-**

**'જીવો જીવસ્ય જીવનમ્'નો અર્થ, (૧) જીવનું જીવન જડ નહિ, પણ જીવ છે; એમ (૨) જીવ ધારે તો બીજાને માટે મોતરૂપ નહિ પણ જીવનરૂપ બની શકે છે.**

**ભાવથી જીવનરૂપ વિચારતાં,** જો બીજાને એકાંતે જડરસિક અર્થ-કામરસિક કરે અને એમાં દેવ-ગુરુ-ધર્મ ભૂલાવી દે, તો એ સામાને ભાવથી જીવનરૂપ નહિ પણ ભાવથી મોતરૂપ બન્યો એટલે જ, (૧) જે ગુરુના વેશમાં સાધુસંતો ભક્તોને જડમુખા બનાવે છે, ધર્મના ઓઠા હેઠળ અર્થ-કામ રસિક બનાવે છે, યા (૨) નિશ્ચય-ધરમની વાતો કરી પવિત્ર ધર્મક્રિયા-આચાર-મૂર્તિ વગેરે પ્રત્યે ઘૃણા ઊભી કરે છે; એમ (૩) જે માબાપ સંતાનોને 'નિશાળ નિશાળ, ભણ ભણ, નોકરી નોકરી...' વગેરેની જ લગન લગાડી દેવ-ગુરુધર્મને ભૂલાવે છે, એ બધા એમના માટે ભાવથી જીવનરૂપ નહિ પણ મોતરૂપ બને છે. આત્માર્થીએ આવા મોતરૂપ ન બનાય એની સાવધાની રાખવાની છે.

**દ્રવ્યથી જીવનરૂપ વિચારતાં,** જે જીવો પ્રત્યે નિર્દય વર્તે છે, એનાં ધન-માલ-



પ્રાણ હરે છે. એ એના માટે જીવનરૂપ નહિ, પણ મોતરૂપ બને છે. પછી એ પોતાની પ્રવૃત્તિનાં સમર્થન માટે 'જીવો જીવસ્ય જીવનમ્' નું સૂત્ર લગાડે, એમાં તો એની સરાસર અજ્ઞાનદશા જ છે, લુચ્ચાઈ છે, ધિટ્ઠાઈ છે. એને કહીએ કે 'અરે ! જીવો જીવસ્ય જીવનમ્ સાચું, પરંતુ તું તો જીવસ્ય મૃત્યુઃ બને છે.' આવા જીવો અનાત્મજ્ઞ છે, સામા આત્માની દુભામણની પરવા વિનાના છે. એને તો પોતાની સહેજ પણ દુભામણ પર ખેદ નારાજી બધું થશે, પરંતુ પોતાની અનુચિત પ્રવૃત્તિને અનુચિત બોલચાલથી સામાને ભારે દુભામણી થાય કે એનું હૃદય ઘવાય, એના પર કશી લાગણી જ નહિ, પરવા નહિ.

**લૂંટારાના બાણ-ભાલાની જેમ શ્રીમંતની લક્ષ્મી એ શસ્ત્રસામગ્રી છે :-**

વાત એ ચાલતી હતી કે પેલા માયાદિત્યને બિચારાને જંગલી ભીલોએ બાણથી ઘાયલ કરી હેઠો પાડી એનાં રત્નો પડાવી લઈ બાંધીને ગાંસડીની જેમ વાંસના જાળામાં ઊંધો નાખ્યો, એમાં શસ્ત્રસામગ્રી ઉપયોગી થઈ, એમ જેને પરલોકનો વિચાર નથી અને જીવો પ્રત્યે કઠોર દિલવાળા છે એવાને મળેલી લક્ષ્મી સત્તા વગેરે સામગ્રી પણ જીવોને કચડવા-કનડવા માટે શસ્ત્રસામગ્રીરૂપ બને છે. જીવોને કચડી-કનડી ભીલોને બાણ-ભાલા અનેક ભવો સરજી આપે, એમ લક્ષ્મીવાન કે સત્તાધીશોને એની લક્ષ્મી કે સત્તા એવાં કામ કરાવી ભવોનાં ભ્રમણ ઊભા કરી દે છે. અસ્તુ.

માયાદિત્યને વાંસના જાળામાં નાખી ભીલો આગળ ચાલ્યા. એમાં સેનાપતિને તરસ લાગવાથી કહે 'અલ્યા ! અહીં પાણી મળે ?' સેનાપતિના બોલ પર તરત બે ભીલ આજુબાજુ તપાસ કરવા દોડ્યા. ત્યાં આગળ જતાં પેલો કૂવો દેખ્યો કે જેમાં સ્થાણુ પડ્યો છે; આઘેથી જોતાં જ તરત પાછા આવી કહે છે; કે 'આગળ કૂવો છે.' થોડે આગળ જઈ સેનાપતિએ એક ઝાડ નીચે વિસામો કર્યો અને સુભટોને કહ્યું 'જાઓ પાણી લઈ આવો.'

**ભીલો કૂવા પાસે :-**

સેનાપતિના હુકમથી ભીલોએ તરત પેલા કૂવામાંથી પાણી કાઢવા માટે પાંદડાઓનો એક મોટો પડો સીવી નાખ્યો, અને વેલડીની લતાઓ લઈ એનું દોરડું બનાવ્યું. એ દોરડાથી હવે જ્યાં પાણી કાઢવા પડો કૂવામાં નાખે છે ત્યાં અંદર રહેલો સ્થાણુ અવાજ કરે છે, 'ભાઈઓ ! આ હું કૂવામાં પડી ગયો છું તો મને બહાર કાઢજો.'

અવાજ સાંભળીને ભીલો ચોંક્યા ! જઈને સેનાપતિને વાત કરે છે, ત્યારે સેનાપતિને દયા આવી ગઈ; કહે છે, અરે ! બિચારો કોઈ કૂવામાં પડી ગયેલો છે શું ? તો રહેવા દો, પાણીની વાત પછી, પહેલાં એને બિચારાને બહાર કાઢો' અહીં સવાલ થાય,

**પ્ર.- એવા નિર્દય લૂંટારું ભીલને દયા ?**

ઉ.- હા, માનવ બનવાનું પુણ્ય લઈને આવ્યો છે, એટલે સંભવ છે ઉંડાણમાં ક્યાંક દયાદિ ગુણ પડેલા હોય એમાં નવાઈ નથી. એકેન્દ્રિય વિકલેન્દ્રિય અને તિર્યંચ પશુ-પક્ષી કરતાં ઘણું ઊંચું પુણ્ય લઈને આવે ત્યારે કંઈક સારાપણું લઈ આવવા સંભવ છે, બહુ ભારે કર્મીમાં એ ન પણ હોય. છતાં આર્ય દેશના કસાઈ કૂતરાને રોટલો નાખતા, અને વેશ્યાઓ સતીને મહાન માનતી, એ ય સાંભળવા મળે છે ને ? અતિ અલ્પાંશે સારાપણું આવ્યા વિના આટલી ય દયા કે ગુણાનુરાગ ક્યાંથી આવે ?

**ખરાબ કાળમાં બચવા શું કરવું ? :-**

કહે છે ને કે ઈન્સાનમાં યાને અંતરાત્મામાં સારાપણું બેઠું છે ? આપણી જાતમાં જોઈએ તો દેખાય કે ખરાબ કામ કરતાં એ અંતરમાં ક્યાંક ઊંડે ખૂંચે છે. પરંતુ પછી આપણે એ અંતરની કચવામણને બીજા ત્રીજા લોભ કે મદવશ રુંધી નાખીએ એ જુદી વાત. ખરી રીતે તો,

**જો ઊંચે ચડવું હોય તો, દુષ્કૃત સામેના અંતરના કચવાટને વિકસવા દેવો જોઈએ. જેથી એ વિકસિત થતાં એવું બળ આપે કે ફરીથી દુષ્કૃત ન આચરવામાં દૃઢ રહેવાય.**

આજે કાળ ખરાબ આવ્યો છે. વાતાવરણ એટલું બધું ભૌતિક અને અનાત્મજ્ઞ બની ગયું છે કે પૂર્વ ભવેથી કંઈક સારાપણું લઈ આવ્યા હોય તો ય તેને ભૂલાવી દે. એવી સ્થિતિમાં આ આવશ્યક છે કે દુષ્કૃતને દુષ્કૃતરૂપે મંજૂર રાખીએ અને એના તરફની કચવામણને વિશેષ ગર્હા-નિંદા-સંતાપ રૂપ બનાવીએ. 'આ પાપ બહુ ખરાબ ક્યાં હું આ આચરી રહ્યો છું ?' એવો પાપઘૃણા અને સંતાપનો ભાવ જોરદાર બનાવીએ પછી એનો પ્રભાવ એવો પડે કે જીવનમાંથી પાપો-દોષો-દુર્ગુણો ઓછા થતા આવે; ઓછા કરતા આવવાનો પુરુષાર્થ થાય, ને સારાપણું વિકસતું આવે.

**લુંટારુએ સ્થાણુને બહાર કાઢ્યો :-**

પેલા લૂંટારાઓએ સેનાપતિના આદેશથી જઈને સ્થાણુને કૂવાની બહાર કાઢ્યો, લઈ આવ્યા સેનાપતિ પાસે.

સેનાપતિ પૂછે છે, 'કોણ છે ભાઈ તું ? આમાં ક્યાંથી પડ્યો ?'

સ્થાણુ ભલો ભોળો છે, તેથી આમને લૂંટારુ તરીકે ન સમજતાં કહે છે 'અમે બે મિત્ર,' ધન કમાવવા દક્ષિણાપથ ગયેલા, તે દરેક જણ પાંચ પાંચ રત્ન કમાઈ હવે દેશ તરફ પાછા ફરતા હતા. તેમાં રસ્તો ભૂલ્યા, અને આ જંગલમાં આવી ચડ્યા. તાપ બહુ તેથી તરસ્યા થયા. એમાં આ કૂવો જોવામાં આવ્યો. કૂવામાં પાણી કેટલું ઊંડું છે એ હું જોવા આવ્યો, ત્યાં કોઈ ન માલુમ પ્રેતે કે પિશાચે



મને અંદર ધક્કો દીધો; તેથી હું કૂવામાં પડી ગયો.'

**સ્થાણુનું ભલું દિલ :-**

સેનાપતિ પૂછે છે 'તો પછી તારો મિત્ર તો તારી સાથે જ હતો તે ક્યાં ગયો ? એણે તારી ભાળ ન કરી ?'

સ્થાણુ કહે 'એ મને ખબર નથી. એ ય બિચારો મારા વિના દુઃખી થતો હશે'!

'અરે ભોળા ! તમે બે સાથે જ હતા અને તું કૂવામાં પડી ગયો, તો પછી એ તને બહાર કાઢવા કાંઈ ન કરે ? અહીં ઊભો ય ન રહે ? જરૂર એણે જ તને કૂવામાં ધકેલ્યો હશે. રત્નો એની પાસે હતા ને ? બસ એ પચાવી પાડવા તારું કાટલું કાઢી નાખ્યું.'

સ્થાણુ કહે 'અરે ! શાંત પાપં. આવું ન બોલો. હું તો એને કેટલો બધો વહાલો, તે શું મને એ કૂવામાં નાંખે ? બને નહિ એવું.'

એ સાંભળીને ચોરોને હસવું આવ્યું, લાગ્યું કે આ બિચારો બ્રાહ્મણ ભલા દિલનો સરળ સજ્જન છે, તેથી પેલો દુષ્ટનો દુષ્ટ ભાવ જાણતો નથી, એટલે આમ માની રહ્યો છે.

પૂછે છે, 'એ કેવો હતો ?'

'કંઈક પીળી આંખવાળો...' એમ સ્થાણુ ઓળખ આપે છે.

સેનાપતિ કહે 'ભલા માણસ ! તો અમને રસ્તામાં મળેલો એ તારો મિત્ર હશે. પણ એણે અમને તારા પડી જવાનો એક અક્ષરે ય કહ્યો નહિ. આવો મિત્ર જેવો મિત્ર કૂવામાં પડી જાય તો પોતે પોક મૂકતો કોઈને કૂવામાંથી મિત્રને કાઢવા બોલાવે નહિ ? મળે તો કહે નહિ ? ખેર, પણ તું તારા રત્ન ઓળખે છે ?'

સ્થાણુ કહે 'હા'

સેનાપતિએ દશ રત્ન એને બતાવ્યાં, પૂછ્યું, બોલ આમાં તારા રત્નો છે ?'

સ્થાણુએ પોતાના પાંચ રત્ન જુદા પાડી કહ્યું 'આ પાંચ મારાં રત્ન છે, અને આ પાંચ મારા મિત્રના છે.'

સ્થાણુએ ખુલાસો તો કર્યો પણ પોતાના મિત્ર પરની શ્રદ્ધા હજી એને એમ નથી લાગવા દેતી કે કહેવાતા મિત્રે જ એને કૂવામાં પાડી દીધો હશે. એટલે એના પર લાગણી ઊભરાતાં એને શંકા પડી કે કદાચ આમણે મિત્રને કશું કરીને આ રત્નો પડાવી ન લીધા હોય. તેથી પૂછે છે, 'આ રત્નો તમારી પાસે ક્યાંથી ?'

**સ્થાણુને એનાં રત્નો પાછા મળે છે :-**

સેનાપતિ કહે, 'અમે એ લુચ્ચા પાસેથી આ રત્નો પડાવી લીધા, અને એને એક વંશજાળમાં નાખ્યો. પરંતુ લે હવે તારા પોતાના પાંચ રત્નો. તું સજ્જન

માણસ છે એટલે તને તારા રત્ન પાછા આપીએ છીએ. પરંતુ એ લુચ્ચાના રત્નો તો પાછા નહિ આપીએ' એમ કહી સ્થાણુને એનાં પાંચ રત્નો આપ્યાં, અને કહ્યું 'જો આ જંગલમાંથી બહાર નીકળવાનો આ પેલો માર્ગ, એમ કહી માર્ગ તરફ આંગળી ચીંધી.

ત્યાં એક જણ બોલ્યો, 'દુનિયામાં તો જૈસેકું તૈસા મિલા હોય છે. પરંતુ પેલા લુચ્ચાને આવો સજ્જન મિત્ર મળ્યો છે ? ખેર ! જો ભાઈ ઉગ્ર ઝેરવાળા ફણિધર જેવા આવા માણસોથી તો આઘો જ રહેજે.'

સેનાપતિ કહે 'લે જા હવે આ માર્ગે. જોજે હવે એવા લુચ્ચાની સંગતિ કરીશ નહિ.' એમ કહી સ્થાણુને રજા આપી.

સ્થાણુને હરખ કે દુઃખ ? :-

સ્થાણુને બે મોટા લાભ થયા, એક તો કૂવામાંથી બહાર નીકળી જીવવાનું મળ્યું, અને બીજું, પોતાના પાંચ હજાર સોનૈયાનાં રત્નો પાછા મળ્યાં. છતાં એને એનો જેવો હરખ નથી, એવું એને મિત્રને ક્યાંક વંશજાળમાં નખાયાનું અને મિત્રનાં રત્નો ગયાનું દુઃખ છે. તમને શંકા પડતી હશે કે ?

**પ્ર.-** શું માણસ આટલી હદ સુધીના સારા ભાવ રાખી શકે ?

**સજ્જનતાની હદ હોય ? :-**

ઉ.- અગર દુષ્ટ માણસ હદ બહારની દુષ્ટતાના લાવ કરી શકે, તો પછી સજ્જન માણસ પણ હદ બહારની સજ્જનતાના ભાવ કેમ ન રાખી શકે ? દુનિયામાં જુઓ પરસ્પર વિરોધી ખાસિયતવાળી બે જાતની ચીજો હોય છે. અગ્નિની ખાસિયત બાળવાની, અને પાણીની ખાસિયત ઠારવાની. અગ્નિમાં લોઢું તપાતા કાળું જ પડતું જાય, ને સોનું ચળકતું જ જાય. એળિયો કડવાશ જ આપે, સાકર મીઠાશ આપે. દુષ્ટો પ્રભુ મહાવીરદેવને કનડતા જ ગયા, ત્યારે પ્રભુ એવા જીવો પર દયા જ વિકસાવતા ગયા; તે છ-છ મહિના સુધી ત્રાસ આપનાર સંગમ દેવતા પ્રત્યે દયાનાં આંસુ સાર્યાં. એટલે,

**દુષ્ટ દુષ્ટતા બેહદ કરે, તો બેહદ સજ્જનતા દાખવનાર સજ્જન પણ દુનિયામાં હોઈ શકે.** લુચ્ચાને લુચ્ચાઈ, એમ સજ્જનને સજ્જનતા સહજ. આ પરથી આપણે ઘડો એ લેવાનો છે કે

**આપણે કયા ક્લાસમાં નંબર રાખવો છે ?**

**સજ્જનતા ઊંચી વિકસાવવા આવો બીજો ભવ નહિ.** આપણે એટલી જ શ્રદ્ધા કરવાની કે 'જેમ દુષ્ટને દુષ્ટતા કરવામાં કશો વાંધો દેખાતો નથી, એમ આપણે જો સજ્જનતા રાખીએ તો કશો વાંધો નથી આવવાનો.'





**તક ઓળખો : તક ન ચૂકો.**

આપણને ભાગ્ય પર શ્રદ્ધા જોઈએ. ભાગ્યમાં હશે એ કોઈ લૂંટી જવાનું નથી, કોઈ મિથ્યા કરવાનું નથી, અને ભાગ્યમાં નહિ હોય એ કોઈ પમાડવાનું નથી. તેથી સજ્જનતા કમાવાની તક શા માટે ગુમાવવી ? **અને ખરેખરી સજ્જનતા કમાવવાનું તો એવા દુષ્ટતાના વાતાવરણમાં જ થાય છે.** ભલાની સામે ભલા બની રહીએ એમાં શી વિશેષતા ? કોઈ આપણું વાંકું કરતો આવે. આપણને પ્રતિકૂળ વર્તે, આપણું નુકશાન કરે ત્યાં સજ્જનતા રાખવાને તક મળી ગણાય. ત્યારે તક પર વેપારમાં વાણિયો ન ચૂકે, તો આપણે **તક પર સજ્જનતા કેળવવાની કેમ ચૂકીએ ? તક ઉપર ચૂકે એ તો ભોટ્ટુ ગણાય.**

**મહાવીર પ્રભુના જીવ** સોળમા ભવે વિશ્વભૂતિ રાજપુત્રે, ને કાકા રાજા તરફથી પોતાની પ્રત્યે માયા રમાઈ દેખી વૈરાગ્યની તક પરખી; તો સંસાર તજી મહાતપસ્વી મુનિ બન્યા. એ વિશ્વભૂતિ મુનિને પિતરિયાએ કરેલ અપમાન વખતે ક્ષમા રાખવાની ખરી તક હતી. પણ એ ચૂક્યા તો ગબડ્યા સંસારમાં. નહિતર એ તો પહેલી તકથી ચડી મહાત્યાગી-વિરાગી અને મહાતપસ્વી બનેલા, તે પછી અસંખ્ય કાળ સંસારમાં શાના ભટકે ? ત્યારે એવા મહાત્માના પણ તક ચૂકતાં બેહાલ, તો બીજાના કેવા હાલ થાય ? જાતમાં તપાસો, જીવનમાં ઊંચે ચડવાની ને ગુણ કેળવવાની કેટલી તક ચૂકો છો ?

ભૂલા ન પડતા, મનુષ્યજીવનમાં સરખું ખાવા-પીવા-રહેવા મળ્યું, સરખી કમાઈ-પરિવાર મળ્યો, એ વખતે એમાં ન લોભાતાં ધર્મ કરવાની તક મળી ગણાય. શાસન મળ્યું છે, સમજ મળી છે, ને એ વખતે પેલાં પ્રલોભનો સામે છે. પણ

**પ્રલોભનને વશ નહિ પડાય તો જ તક સધાશે.**

માટે ત્યાં ઇંદ્રિયસંયમ, વિષયવૈરાગ્ય, ત્યાગ તપ, પરમાત્મભક્તિ અને સાધુસેવા તથા ઉદારતા-પરોપકારાદિ ગુણકમાઈ કરવાની યાવત્ સર્વ પાપ છોડી ચારિત્રજીવન અપનાવવાની તક મળી ગણાય. તક ઉપર ચૂકે એ ભોટ્ટુ ગણાય, ચૂકનારો હેઠો ઊતરી જવાનો.

**મૈત્રી આદિ ભાવની તક ક્યાં ? :-**

(૧) સામેથી વૈરી-વિરોધી ઊભા થાય ત્યાં મૈત્રીભાવ રાખવાની તક મળી ગણાય. (૨) સામે દુઃખી યા ભૂલભાલ કરનાર મળે ત્યાં શુષ્ક દિલ કે દ્વેષ ન કરતાં દયા કરવાની તક મળી ગણાય. (૩) સામે આપણાથી વધુ સુખી વધુ સારા, વધુ

સુકૃતકારી જોવા કે સાંભળવા મળ્યા ત્યાં જરાય ઈર્ષ્યા મનમાં ય ન આવવા દેતાં દિલ અને વાણીમાં ગુણાનુરાગ પ્રમોદભાવ વહેતો રાખવાની તક મળી ગણાય.

(૪) બીજાના એક પણ દોષ તરફ દૃષ્ટિ જાય ત્યાં દોષની ઉપેક્ષા મધ્યસ્થભાવ રાખવાની તક સાંપડી ગણાય.

હવે જુઓ કે સામે જો વૈરીવિરોધી નથી, મિત્ર છે, તો ત્યાં મૈત્રી કેળવવાની તક શી ગણાય ? એમ સુખી મળે ત્યાં દયા કેળવવાની તક શી ગણાય ? એમ સુખ-સન્માન-ગુણ-સુકૃતવાળો ન મળે ત્યાં પ્રમોદ-ગુણાનુરાગ શો કેળવવો પડે ? એવી રીતે સામે દોષ જોવામાં ન આવે ત્યાં ઉપેક્ષા શી કરવાની ?

**તક ચૂક્યા તે સારા છતાં ગબડ્યા.**

**તક સમજો, કેવા અવસરે કયો ગુણ, કયો ધર્મ અને કયો સારો ભાવ સાધવાની ખાસ તક છે એને ઓળખી લો; અને એને સારી બજાવવાનું કરી લો; તો મોક્ષ કાંઈ જ દૂર નથી.**

તક ન ઓળખી ન બજાવી, તો આમ બીજું ઘણું સારું સાધતા હોવા છતાં, એક વાર તો ગબડી જવાનું થશે. તક ચૂક્યા તે ગબડ્યા. જોયું ને વિશ્વભૂતિ મુનિને પિતરિયાએ મશ્કરી કરી એ વખતે અભિમાન ન કરવાની તક હતી. આમ સારાસારીમાં તો અભિમાન શું કરવાનું હોય ? આવા મશ્કરી-અવગણના જેવા પ્રસંગે અભિમાન કરવાની ચળ ઊપડે; બસ એ જ વખતે અભિમાનને દાબવાની તક ગણાય. એ તક મુનિ ચૂક્યા. ને અભિમાન ન દબાવ્યું, તો નિયાણું કરી ગબડ્યા. ગબડેલા જીવોના પ્રસંગ તપાસો કે એ સારા છતાં સારું કરનારા છતાં જો તક ચૂક્યા તો કેવા ગબડ્યા ?

**''શિવભૂતિ સરિખો સત્યવાદી. સત્યઘોષ કહેવાય; રત્નદેખી તેનું મન ચળિયું, મરીને દુર્ગતિ જાય, માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજાણ.''**

**શિવભૂતિ રાજમાન્ય પુરુષ,** સત્યવાદી તરીકે એની ખ્યાતિ, સંસારવિરક્ત બની સાધુ થયો. રાજાએ એને રત્નકંબળ વહોરાવ્યું. હવે એના પર મૂર્ચ્છા ન કરવાની તક ઊભી થઈ. પરંતુ એ ભૂલ્યો, મૂર્ચ્છિત બન્યો, તો ગુરુએ એ કંબલના ટૂકડા કરાવી નાખ્યા. ત્યાં ગુરુની પ્રેરણાથી મૂર્ચ્છા મૂકી દેવાની તક મળી, પરંતુ એ તક ચૂક્યો, તો નગ્ન બની દિગંબર મત કાઢનારો બન્યો. મહાન ત્યાગી પણ કસોટીએ તક ચૂકે તો પડે. એમ તમને ઘણું ઘણું અનુકૂળ મળ્યું છે, એ કસોટી-અવસર છે, તક છે; એ તક ચૂકી ધર્મસાધના-ગુણ-સાધના ભૂલ્યા તો સોના સાઠ થશે.

**આર્દ્રકુમાર એ મહામુનિ ખરા ને ?** અનાર્ય દેશમાં જનમવા છતાં અભયકુમારની જિનમૂર્તિની ભેટ પર જાતિસ્મરણ જ્ઞાન પાપી વિરક્ત બન્યા, અને



ત્યાંથી આર્ય દેશમાં ભાગી આવી ચારિત્ર લીધું. તો એ મહામુનિ નહિ ? ખરા જ. પરંતુ એક વાર એક નગરની બહાર ઉદ્યાનમાં ધ્યાનમાં ઊભા છે, ત્યાં છોકરીઓ રમત રમવા આવી. એમાં રમતમાં બીજી બીજી છોકરીઓએ તો એકેક ઝાડ પકડી 'આ મારો વર.' 'આ મારો વર' એમ કર્યું, પરંતુ છોકરીને ઝાડ ન મળવાથી આ મુનિને ધરી કહે છે 'આ મારો વર' અહીં મુનિને રાગમાં ન તણાવાની તક ઊભી થઈ. પછી બીજા અવસરે મુનિ એ નગરમાં આવ્યા, ને ગોચરી ગયા તે જોગાજોગ એના જ ઘરે ગયા, ત્યાં છોકરી પગે વળગી કહે છે 'તમે જ મારા પતિ. મારા પર દયા કરો.' ત્યાં વળી વિરક્ત રહેવાની વિશેષ તક ઊભી થઈ, તકમાં તો વિશેષ બળ વાપરવું જોઈએ. પરંતુ મુનિએ ત્યાં વૈરાગ્ય વિશેષ વિકસાવ્યો નહિ, તો પડ્યા રાગમાં. અને ગબડ્યા એ કન્યા સાથેના સંસારમાં. તક ચૂકે તે પડે.

**ખોટા આત્મવિશ્વાસે મરવાનું :-**

વિચારીએ તો દેખાય કે આપણને કેટકેટલી તક મળે છે, છતાં ભોઠની જેમ તકો ચૂકીએ છીએ, અને તેથી અનાદિના કષાયસંસ્કારો, આહારાદિ સંજ્ઞાના સંસ્કારો, ક્ષુદ્રતાદિ દોષોના સંસ્કાર દૂબળા પાડવાને બદલે સારા દૃઢ કરીએ છીએ. ત્યાં પછી બીજું સારું હોવા છતાં ગબડી જવાશે એવો ડર ખરો ? ના, ખોટો આત્મવિશ્વાસ છે કે 'હું દેવદર્શન-પૂજા કરું છું, આટલું દાન કરું છું, આટલી ધરમખાતે સેવા આપું છું, પછી મારે શો વાંધો આવવાનો છે ?' આવા ખોટા વિશ્વાસમાં પછી બને છે કેવું, કે હવે રોફ મારવાનો, રોષ કરવાનો, કઠોરવાણી બોલવાનો જાણે હક મેળવી લીધો ! તે એમાં કશો વાંધો નથી આવવાનો એમ માની લઈ એ આચરાય છે. એ રોષ-રોફ-કઠોરતા દબાવવાની તક મળે છે ત્યાં તક ચૂકાય છે, ને દબાવવાને બદલે એને સારા આચરાય છે. પરિણામ કેવું ? ભવોભવ મરવાનું જ ને ?

**તક ચૂકે તે પડે. તક સાધે તે તરે.**

મહાપુરુષોને એવી તક આવી ત્યાં એ તકને સાધી લેનારા બન્યા તો ઝટ ઊંચે ચડતા ગયા. રાજા ભર્તુહરિને પત્નીનું દુશ્ચરિત્ર દેખાતાં વૈરાગ્યની તક મળી, તો એ સંસાર છોડી સંન્યાસી બન્યા.

**રાજા પ્રદેશીને** ધર્મ પામ્યા પછી પત્ની તરફથી દ્રોહ મળ્યો ઝેર મળ્યું, તો એ એના પ્રત્યે દ્વેષ કર્યા વિના સમતા સમાધિ રાખવાની તક મળી માની સમાધિમાં રહી મૃત્યુ પામ્યા, તો મહાન જિનભક્ત સૂર્યાભ દેવ થયા. તક ચૂકી રાણી પર દ્વેષમાં ચડ્યા હોત તો મરણ તો ન અટકત, અને દુર્ગતિના પલ્લે પડી જાત.

રાજા સુરેન્દ્રદત્ત દીક્ષાર્થી છતાં એવા જ પત્નીના ઝેરપ્રયોગના પ્રસંગમાં સમાધિની તક ચૂક્યા તો ગબડ્યા.

**મદનરેખાના પતિ** યુગબાહુને ભાઈએ દ્રોહ કરી તલવારનો ઘા મારતાં મરવાનું આવ્યું તો ગુસ્સો ચડ્યો. પરંતુ ધર્મપત્નીએ તક સુઝાડી કે 'આ તો ક્ષમા કમાઈ લેવાનો અને દુર્ગતિ અટકાવી સદ્ગતિ સાધી લેવાનો અપૂર્વ અવસર મળ્યો છે. આવી તક કાં ચૂકો ? તક ચૂક્યે વળશે કાંઈ નહિ, ને રોષ-રૌદ્રધ્યાનમાં નરકગતિમાં પટકાવું પડશે. યુગબાહુએ તરત તક પરખી ક્ષમા અપનાવી, ભાઈની દયા ચિંતવી ભલું ચિંતવ્યું, પરમેષ્ઠિમંત્ર યાદ કર્યો અને નરક-સન્મુખતા મૂકી મરીને પાંચમા દેવલોકે ચડી ગયા તક સમજવી જોઈએ.

**રોજના જીવનમાં તકો :-**

જીવન જીવતાં રોજના એવા કેટલાય પ્રસંગો તકરૂપ આવે છે જેમાં પ્રતિકૂળ બોલનાર પર મૈત્રીભાવ, ભૂલ કરનાર પર દ્વેષ નહિ દયાભાવ, બીજાની પ્રશંસા સાંભળવા પર ઈર્ષ્યા નહિ પણ પ્રમોદભાવ, કોઈની ખામી-દોષ દેખાવા પર પિંજણ નહિ, ઉપેક્ષાભાવ કેળવવાની ભરપૂર તકો મળે છે. શા માટે એને ચૂકો ?

**જગતની દુર્ઘટનાઓ વૈરાગ્યની તક :-**

એમ આજના જગતમાં તો રોજ ને રોજ કાંઈ ને કાંઈ દુર્ઘટના બનતી સંભળાય છે, જોવા મળે છે; ત્યાં વૈરાગ્યભાવ કેળવવાની તક છે. એના બદલે રાગ ને દ્વેષ, પરપંચાત, ખોટાં આર્તધ્યાન, ને વધીને રૌદ્રધ્યાન કેળવવાનું શું કામ છે ? તેવા તેવા પ્રસંગ જાણતાં મનને ઝટ થાય કે 'અહો ! આ સંસાર જ એવો છે કે જેમાં આવું અનુચિત બન્યા જ કરે. આ પૈસા-ટકા, સત્તા-ખુરશી, માન-પાન, ચીજ જ એવી છે કે અજુગતું કરાવે. કેવી એ ચીજો અસાર ! કેવી નિર્ગુણ ! કેવી માનવભવની બરબાદી કરાવનારી ખરે જ સંસાર જ એવો છે.' આમ વૈરાગ્ય કેળવવા-વધારવાની તક છે.

**નવો દિવસ ધર્મની તક :-**

એમ સવારે ઊઠ્યા ત્યાં જ દેખાય કે 'અહો ! ભાગ્યશાળી હું કે માનવ તરીકે આ નવો દિવસ જોવા મળ્યો તે અરિહંત પરમાત્માની પંચપરમેષ્ઠીની ભક્તિ કરવા માટેની અને પાપો ધોવાની સુંદર તક મળી;' એમ કરી હોંશથી પરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ થાય, ભક્તિસ્તોત્રો યાદ કરાય, પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા થાય. તક સમજવી જોઈએ.

**પૈસા પ્રભુભક્તિની તક :-**

એમ પૈસા તો જાત અને કુટુંબની સુખસગવડ સાચવવામાં ઢગલો ખરચાય છે, પણ ત્યાં દેવાધિદેવની ભક્તિમાં ખરચવાની માનવજીવનમાં તક દેખાય. એમ તો દેવલોકમાં ઘણો ય વૈભવ મળે, પણ દેવને માણસની જેમ પ્રભુભક્તિમાં



ખરચવાની કે અનાર્ય માણસને યા આર્ય જૈનેતરને ક્યાં અરિહંતદેવની ભક્તિમાં ખરચવાની તક છે ? એવી અણમોલ તક અહીં મળ્યા પછી પ્રભુભક્તિમાં ખરચવાના અખાડા કરાય ? શું જાતનો, ઘરવાળીનો દીકરા-દીકરીનો બધાનો તમારા પૈસા પર હક છે ? હક નથી માત્ર અરિહંત પરમાત્માનો ? જાતનું અને વહાલા-વહાલેસરીનું સંભાળવાની સુખ-સગવડ દેવાની તક લાગે છે. નથી લાગતી તક જિનભક્તિમાં લહાવા લેવાની ! કેવી મૂઢતા ? તક સમજો, તકને ઓળખો, તો વધુ ને વધુ દેવ-ગુરુ-ધર્મ-તીર્થ-શાસ્ત્ર વગેરેમાં જ તન-મન-ધન લગાવી દેવાની તક દેખાય.

**ચૌદ નિયમ શા માટે :-**

તક નથી ઓળખાતી એટલે કેટલીય વસ્તુ ખાનપાનમાં અને મોજમજાહમાં નહિ મળવા છતાં એનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ નથી રખાતો; એની અવિરતિનું મહાપાપ છોડવાનું નથી કરાતું. નહિતર કદાચ જીવનભર કે વર્ષો માટે નહિ, તો ય રાજના રોજ પૂરતા પણ નિયમ કરી લેવાય કે મારે આજના માટે આટલા આટલા સિવાયનું ત્યાગ.

**રોજીંદા ચૌદ નિયમ ધારવાનું એ શું છે ? માનવભમાં મળેલી મોંઘેરી વિરતિને તકને સફળ કરવાનો સહેલામાં સહેલો છતાં મહાન લાભો દેનારો ઈલાજ છે.**

**સહેલા ૧૪ નિયમ ધારવામાં તમને ખટપટ દેખાય છે, ત્યારે દુનિયાના અનેક કચરા ને ભૂંસા મગજમાં ઘાલવામાં ખટપટ નથી દેખાતી !**

કેવું આશ્ચર્ય છે ? આ ૧૪ નિયમ તો એવા છે કે ચાલુ રોજીંદી વસ્તુના એટલે સહેજ યાદ કરી લેવાય અને યાદ આવી જાય. રોજ સચિત્ત-સજીવ શાક વનસ્પતિ કાચી કેટલી ખવાય છે ? ફળ કેટલા ખવાય ? જગતમાં એનું પ્રમાણ કેટલું બધું ? વ્રત નથી તો બધાની અવિરતિનાં અઢળક પાપ માથે ! ત્યારે સવારે જ નક્કી કરી દીધું કે આજે ૨-૪-૫ સચિત્તથી વધુ ન ખપે;' તો જગતની કરોડો વનસ્પતિની છૂટ યાને અવિરતિના પાપથી બચી ગયા. એમ ધારી લીધું કે 'આજે ૧૫, ૨૦ યા ૨૫ ચીજ-દ્રવ્યથી અધિક દ્રવ્ય ન ખાવાં.' તો દુનિયાની ક્રોડો ચીજોના ત્યાગમાં આવી જવાય. બસ, તક ઓળખો, માત્ર અહીં જીવતાં સુધી આ તક ચૂક્યા તો પડ્યા હેઠે સમજો.

**તક જેમ દાનાદિ ધર્મની, જેમ અનેક પ્રકારના વ્રત-નિયમોની, એક એક મહાન તક દિલની ગાંઠો છોડવાની છે.** અહીં છોડી તો વાહ-વાહ, અને જો આ તક ચૂક્યા તો ગાંઠો આત્મામાં ગંઠાઈ રહેવાની અને પરલોકમાં તેલ પીધેલી રેશમદોરીની ગાંઠની જેમ સાથે લાગવાની. પછી ત્યાં તો અહીંના કરેલા વૈર-વિરોધ-અભિમાન યા ખાનપાનનાં ટેસ-મોજમજાહ વગેરેનાં પાપ યાદે ય શેના આવે ? એટલે એની ગાંઠો છોડવાનું શે બને ? એ જ જુઓને કે અહીં જ પાંચે

ઇન્દ્રિયોના વિષયોનાં આકર્ષણ હજી ઊભા જ છે ને ? કેમ વારું ? એની વાસનાની ગાંઠો ચાલી આવી છે માટે સ્તો.

**દિલની ગાંઠો કેટલાય પ્રકારની હોય છે, જે છોડવાની અહીં તક છે જો છોડવી હોય તો.**

**અનેક પ્રકારની ગાંઠો :-**

સંસાર ઉપાદેય લાગે, સંસારમાં વાંધો ન લાગે, 'મનને એમ થાય કે બધા થોડા જ સાધુ થાય ? એ તો ધરમે ખરો, ને સંસાર પણ ખરો. સંસારનાં કર્તવ્ય પહેલાં બજાવવા જોઈએ. એમ કાંઈ સંસાર છોડી બાવા ન બની જવાય.' શું છે આમાં ? સંસારમાં તદ્દન નિર્ભયતા પૂર્ણ આસ્થા. આ સંસારરાગની મિથ્યાત્વની ગાંઠ છે.

એમ ઇન્દ્રિયવિષયોના રાગની ય ગાંઠ હોય. એ એવું મનાવે કે 'પુણ્યે મળ્યું ભોગવવામાં શો વાંધો ? વળી દુરાચાર થોડો જ કરીએ છીએ ? વ્યવહારનીતિથી પરણ્યા છીએ, પછી સુખના લહાવા લેવામાં થોડું જ પાપ લાગે છે ? પાપથી પૈસા કમાયા, એ પૈસા થોડા જ પાપરૂપ કહેવાય ? એ રાખવા-ભોગવવામાં શાનું પાપ ? એમ જરૂરી હિંસા-જૂઠ વગેરેમાં શાનું પાપ ? બધે પાપ પાપ કરીને લોકોને કાયર બનાવી દીધા...' આ શું છે ? અર્થ-કામના રાગની જબરી ગાંઠ.

એમ કોઈની સાથે ઝગડો થયો, ત્યાં પછી વૈર-વિરોધ પકડી રખાય એ એની ગાંઠ.

અથવા પોતે ક્યાંક અહંત્વથી કાંઈક બોલી નાખ્યું, વર્તી નાખ્યું, પછી એ ખોટું હોય છતાં ખોટું કબૂલ ન થાય, ઊલટું શાણા દેખાવા બીજા બચાવ કરાય, ત્યાં અહંત્વની ગાંઠ પડી કહેવાય.

એવી બીજી ઈર્ષ્યાની, માયાની, મમતાની, તૃષ્ણાની, રાગની વગેરે કેટલીય જાતની પકડ રહે એ એની ગાંઠ જ કહેવાય. ક્યાંય પશ્ચાત્તાપ જ નહિ, ખોટું માનવાનું જ નહિ, એ એની ગાંઠના લીધે બને છે.

એમ નિંદા, ચાડી, આરોપ-આક્ષેપ, વિકથા-કૂથલી, પાપની પાપસાધનોની અનુમોદના, વગેરે વગેરેની લત એ પણ ગાંઠ જ છે.

**પરભવે ગાંઠો કેમ ન છૂટે ? :-**

આ બધી ગાંઠોને છોડવાની તક મનુષ્ય ભવમાં છે. વર્તમાન જીવનમાં એ જો પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્તથી ન છોડી, તો પછી એ ગાંઠો સાથે લાગવાની, તે ભવાંતરમાં સારી રીતે વિકસવાની;

**મનુષ્યજીવન ગાંઠો છોડવા માટે છે, એ ભૂલશો નહિ.** અહીંથી ગાંઠો સાથે લઈ ગયા પછી નવા અવતારે અહીંના પ્રસંગ કશા યાદ નહિ આવે, તેથી એના



પર બાંધેલી ગાંઠોનો ખ્યાલ જ નહિ આવવાનો. તો પછી એની ત્યાં નિંદા-ગર્હા અને ગુરુ આગળ આલોચના પ્રાયશ્ચિત્ત વગેરે કરી એને છોડવાનું શે બને ? માટે કહેવાય છે કે અહીં એ બધી ગાંઠો છોડવાની તક છે; આ તક ચૂક્યો તે મર્યો.

મરીચિ કુળમદ અને ઉત્સૂત્રભાષણની વાળેલી ગાંઠ છોડવાની તક જીવતાં સુધી ચૂક્યો, પ્રાયશ્ચિત્ત કરવાની તક ન સાધી. તો એની પાછળ કેવું મરવાનું થયું ? જૈનધર્મ વિનાના કેવા ભવો અને કેવા વિપાક આવ્યે ગયા ? માટે તક ઓળખી લઈ એને સાધી લેવાની વાત છે.

**સરસ્વતી તક સાધે છે :-**

"પેલી સરસ્વતીએ જોયું કે 'પતિએ ગમે તે કર્યું પણ હવે એમને ગુલામીમાંથી છોડાવવાની તક આવી છે' એણે તક ઓળખી, ઝટ વેપારીની અદાથી પહોંચી પતિ જ્યાં ગુલામીમાં છે તે નગરમાં; અને એ જ માયાવી જોગણના નાખેલા પાસા સામે સાવધાની રાખી. જોગણ પોતાની સોનાની થાળી પોતાના ખાનગી માણસ પાસે સરસ્વતીના આવાસમાં છૂપાવરાવી; એ આના ખાનગી માણસોએ જોઈ લીધી.

**જોગણના દાવની સામે :-**

હવે પેલો માણસ તો જોગણને જઈને કાનમાં કહે છે 'કામ પતી ગયું છે; અને જોગણ ખુશી ખુશી થઈ જઈ ચિંતવી રહી છે કે 'બસ હવે આ શિકાર પણ હાથમાં આવ્યો સમજો. બસ હવે આ જમવા આવેલો મહેમાન ક્યારે એના મુકામે જાય, ને હું ઝટ થાળીની ઉઘરાણી કરાવું.'

પરંતુ હવે એનું પાપ ભરાઈ આવ્યું હતું; તે એનો માણસ જેવો થાળી ઉઠાવી લઈને જોગણના ઘરમાં જઈ ગુપ્ત સ્થળે છુપાવી દીધી. પછી એણે સરસ્વતીને ખાનગીમાં કામ પતાવી દીધાનો ઇસારો કરી દીધો. એટલે સરસ્વતી જોગણને કહે છે, 'હવે અમે જઈએ. સમય બહુ થઈ ગયો.'

લુચ્ચી જોગણ સવાસલો કરે છે, 'હાય ? બેસોને તમારી વાતોમાં બહુ રસ પડે છે, ને મહાત્માઓના સુંદર જીવન-પરાક્રમ જાણવા મળે છે; તો હજી સંભળાવો.'

સરસ્વતી કહે, 'ના, વળી કોઈ બીજા અવસરે મળવાનું રાખીશું, ત્યારે વાતો કરીશું. હમણાં તો મોડું થયું છે તેથી જઈએ. પણ તમે એમ કરો ને, તમે અમારે ત્યાં જમવાનું રાખો, ત્યારે વાતો સારી થશે.'

જોગણ મનમાં એમ સમજે છે કે 'આ હવે ઘરે જાય એટલી વાર છે. પછી મારા સકંજામાં આવનાર છે, માટે ખોટું ખોટું માનવા દે ને, શું જાય છે ?' એમ મનમાં વિચારી લઈ નિમંત્રણ સ્વીકારી લે છે.

**સરસ્વતીને ત્યાં ઊઘરાણી :-**

બસ, સરસ્વતી પોતાના આવાસે પહોંચી, અને થોડી વારમાં જ જોગણનો માણસ આવી કહે છે, 'અમારી એક સોનાની થાળી ખૂટે છે તો અહીં તમારા માણસને પૂછો એ કોઈ લાવ્યા હોય તો.

સરસ્વતી કહે 'આ શું બોલો છો ? અમારા માણસ પ્રામાણિક છે. એ આવું કામ કરે નહિ. શું જમવા આવ્યા તે ચોરી કરવા આવ્યા હતા ?'

પેલો કહે, 'ના એમ તો નહિ, કિન્તુ અમારે ત્યાં આજે બીજું કાંઈ આવ્યું નથી, અને તમો સૌને જમાડવા થાળીઓ કાઢેલી, સાથે સોનાની પણ થાળી કાઢેલી, તે હવે મળતી નથી.'

'તે અમારા માણસ ચોરી ગયા ?'

'એ અમારાથી ન બોલાય, બાકી થાળી હોય તો અપાવી દો, નહિતર અમારા બાઈ સાહેબને આવવું પડશે.'

સરસ્વતી કહે 'અહીં કાંઈ તમારી થાળી છે નહિ. ભલે તારા બાઈ સાહેબને આવવું હોય તો આવે,'

માણસ ગયો, જોગણ આવી. એણે ય એ રીતે થાળીની ઉઘરાણી કરતાં જ્યાં એ વાત પર જોર માર્યું કે 'અમારે ત્યાં બીજું કોઈ આવ્યું નથી, એટલે થાળી હોય તો અહીં જ આવી હોય,

ત્યારે સરસ્વતી કહે, 'અને અહીં ન હોય તો ?'

**જોગણની શરત ? :-**

જોગણને અતિ વિશ્વાસ છે કે પૂર્વના અનેક શ્રેષ્ઠિપુત્રોના પ્રસંગની જેમ થાળી અહીં જ છે,' તેથી એ કહે છે, 'જો થાળી અહીં ન હોય તો હું મારી મિલકત આપી દેવા અને તમારી ગુલામ થવા તૈયાર છું. પણ અહીંથી થાળી નીકળે તો ?,

'તો શું ? તો હું પણ એમ તૈયાર છું.'

**રાજાને વચમાં રાખે છે :-**

બસ, વિવાદ અને શરત રાજાની પાસે લઈ જવામાં આવ્યા, વાત કરતાં રાજાને સરસ્વતીએ કહ્યું,

'જુઓ નામદાર ! અમે પરદેશી છીએ. ખૂબ આગ્રહથી મહાત્માઓની વાતો સાંભળવા અમને જમવાનું આમંત્રણ આપી આમણે અમને એમના ઘરે બોલાવ્યા. અમે ગયા, જમ્યા, વાતો કરી, પછી પાછા આવ્યા હવે અમારા પર આરોપ ચડાવે છે કે તમે થાળી લઈ ગયા ને તે અહીં જ છે. આપના રાજ્યમાં પરદેશી પર આ રીતે અને આવા ચોરીના આરોપ ? હવે એ અમારો આવાસ



ફેંદવા માગી અમારી આબરું વિશેષ લૂંટવા માગે છે. ખેર, એમાં અમારી તૈયારી છે, પણ એ કહે છે એ શરતે તો આપ ન્યાય તોળશો.'

**સરસ્વતીના મુકામની ઝડતી :-**

રાજા પહેલાં પણ સરસ્વતીની દરબારમાં ડહાપણભરી વાત પર આકર્ષાયેલો-અંજાયેલો હતો, તે અહીં આ સાંભળી વિશેષ આકર્ષાયો, અને શરતનું પાલન બરાબર કરાવવા મંજૂર કર્યું, પછી પોતે બંનેની સાથે આવે છે.

**જે જ્યાં નહિ તે ત્યાં ન મળે :-**

પહેલાં સરસ્વતીના આવાસની ઝડતી લેવાઈ, જોગણે બહુ બહુ ફેંદાવ્યું, પણ થાળી મળી નહિ. ક્યાંથી મળે ? જે વસ્તુ જ્યાં ન હોય તે ત્યાં ક્યાંથી મળે ? સાપના મોંમાંથી અમૃત મળે ? ચંદ્રમામાંથી અગ્નિ વરસે ? એવું જ જ્ઞાનીઓ કહે છે કે

**સંસારના પદાર્થોમાં સુખ નથી; છતાં અનંતા મૂઢ જીવો એમાં એ શોધી રહ્યા છે; તો ક્યાંથી મળે ? ઉપરથી દુઃખ મળે છે ! અનંત અનંત વાર સુખ ફેંદયું, પણ દુઃખ જડ્યું. તો ય જીવોની લત એની એ જ;**

**આ લત શાથી ?**

**સુખની કલ્પના પોતાની રાગદશા અને કષાયના આવેશને લીધે થયા કરે છે.**

એટલે એ રાગદશા અને કષાયના આવેશ જ્યાંસુધી સલામત, ત્યાંસુધી સુખ માનવા-ખોજવાની મિથ્યા લત સલામત જ રહે ને ? સુખની ભ્રમણા અને લત છોડવી હોય તો ગોઝારી રાગદશા અને કષાયના આવેશ છોડવા જોઈએ.

**સુખની ભ્રમણામાં માણસ ધર્મ કરતાં ય ભૂલે છે,**

તે ત્યાંય કોઈ માન-સન્માનને સુખ સગવડની અપેક્ષા રાખે છે. પછી એમાં જરા વાંધો જણાતાં ધર્મ ભૂલે છે. મંદિરે પૂજા કરવા ગયા ને ત્યાં અપમાન થયું, તો મંદિર બંધ, યા પૂજા બંધ કરે છે ! નવકાર જાપથી ગમતું સિદ્ધ થવાનું ધાર્યું, ને જો તે ન થયું તો પછી એ ય બંધ ! ઉપરથી નવકારની અશ્રદ્ધા ! ઉપાશ્રયમાં ગુસ્સો કર્યો ને સફળતા મળી, તો પછી જ્યારે જ્યારે ઉપાશ્રયે હોય ત્યારે ત્યારે રોફથી રહે છે. આ બધું શું છે ? ધર્મ કરતી વખથે ય દુન્યવી ચીજોમાં સુખ માનીને દોડવું છે. ત્યારે ધર્મસ્થાનમાં ય જો એવા સુખની ભ્રમણા ન છૂટે તો બહાર તો છૂટે જ શાની ?

**કેવી દુર્દશા છે કે વીતરાગ ભગવાનની આગળ પણ કષાયથી સુખ મળવાની ભ્રમણાનું નાટક ચાલે છે.**

'મને માન મળે તો સારું. બધું તૈયાર Ready made મળે તો સારું. મારે અહીં પૈસો ખરચવો ન પડે, કે અહીં કશો ટાઈમ બગાડવો ન પડે તો સારું,'

મંદિરમાં ય આવા ભાવ રહે છે ! આ સુખની ભ્રમણાથી જ ને ? 'પૈસા બચ્યા તો સુખી, મંદિરમાં માન મળ્યું તો સારું. સમય ઓછો ગયો, મહેનત ઓછી પડી ને પૂજારીએ બધું તૈયાર રાખ્યું તો સારું,' આ બધી દુન્યવી વસ્તુમાં સુખ-સગવડની ભ્રમણા છે. **આ ભ્રમણા રાખીને પછી ધર્મ પણ કરે, તો ય ત્યાં શુદ્ધ આરાધના ક્યાંથી થાય ?**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　વર્ષ-૧૮,અંક-૨૧,તા.૧૪-૨-૧૯૭૦**

**જોગણની ઝડતી :-**

"જોગણે થાળી સરસ્વતીના મુકામમાં જ હોવાની ભ્રમણામાં આખું મુકામ ફેંદાવ્યું, પણ થાળી ન મળી, જે જ્યાં નહિ, તે ત્યાં ન મળે. હવે એના મુકામની ઝડતીનો વારો આવ્યો. સરસ્વતી પોતાના માણસોને લઈને ગઈ જોગણના મુકામે રાજા પણ સાથે છે. માણસો તપાસ કરે છે, અહીં જુએ છે. તહીં જુએ છે. ડોળ કરે ને ? એમ તપાસતાં તપાસતાં ધારેલા સ્થળેથી સોનાની થાળી બહાર ખેંચી કાઢી બતાવે છે, 'જુઓ આ રહી થાળી."

**માયામાં જોગણનો સર્વનાશ : સરસ્વતીની ગુલામ :-**

સોનાની થાળી પોતાના જ મુકામમાંથી નીકળતાં જોગણના હાંજા ગગડી ગયા, મોઢું કાળું શાહી જેવું થઈ ગયું. સરસ્વતી કહે છે, 'કેમ ? ચોરીનો આરોપ ચડાવતા હતા ને અમારા પર ? જુઓ આ થાળી પોતાના ઘરમાં છુપાવી રાખી બીજા પર આક્ષેપ કરવાના ધંધા ?

રાજાને કહે છે, 'કહો નામદાર ! હવે હું આનો કબ્જો લઈ શકું ને ?'

રાજા કહે 'ખુશીથી.'

બસ, સરસ્વતીએ જોગણનો અને એના મુકામનો માલ-સામાનનો તથા માણસોનો કબજો લઈ લીધો. પોતાના માણસોને અધિકાર પર ગોઠવી દીધા, અને જોગણને હાથે પગે બેડી પહેરાવી કોટડીમાં પૂરી રાખી. જોગણ માયા કરવા ગઈ, કે શું પામી ? અત્યારસુધીની માયાનું પડાવેલું બધું ઉપરાંત સર્વસ્વ ગુમાવ્યું ને જાતે ગુલામીમાં પડી. માયામાં સર્વનાશ નીપજ્યો.

**સ્થાણુનો ઉદ્ધાર**

પેલો માયાદિત્ય પણ માયામાં કેવો કૂટાયો ? મિત્ર સ્થાણુને કપટથી કૂવામાં ધકેલી રત્નો ચાંઉ કરવા ગયો, તો પછી લૂંટારાઓથી બાણે વિંધાયો, માલ લૂંટાયો, અને બંધાઈને ગાંસડીની જેમ વાંસના જાળામાં ઊંધે માથે પટકાવું પડ્યું.



ત્યારે માયારહિત શુદ્ધ દિલવાળા સ્થાણુને લૂંટારાઓ પાણી લેવા ગયેલા તે સ્થાણુને કૂવામાં જોતાં એને બહાર કાઢ્યો, સેનાપતિ પાસે લઈ ગયા. સેનાપતિએ પૂછગાછ કરતાં સ્થાણુએ માયા વિના જે હતું તે કહી બતાવ્યું. તો સેનાપતિ પણ આ સરળભાવ પર ખુશી થયો, અને એને એનાં પાંચ રત્ન પાછા આપ્યાં; ને જંગલમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો.

માયા અને સરળતામાં કેવા પરિણામ આવ્યાં ? લૂંટાનારા હાથે માયાદિત્યે બધું ગુમાવ્યું, પ્રાણ પણ ગુમાવે એવી સ્થિતિમાં મૂકાયો છે. ત્યારે એ જ લૂંટારાથી સ્થાણુ કૂવામાંથી ય બહાર કઢાયો, રત્નો ય મેળવ્યાં, ને એને માર્ગ પણ મળ્યો. આ તફાવત જોઈને શું તમે માયા રમવી મૂકી દઈ સરળતાને અપનાવશો ? કે 'ના ભાઈ ! એ તો ગમે તે બને, પણ અવસરે માયા તો કરવી પડે,' એવું માનતા રહેશો ? ને માયાને જ પકડી રાખશો ?

**આલંબનનો ઉપયોગ કરો :-**

જ્યારે પૂર્વ પુરુષોના દૃષ્ટાંત મળે છે, આલંબન મળે છે, ત્યારે પણ એનો આધાર લઈ ઊંચે નહિ ચડાય, તો પછી આલંબન વિના ક્યારે ચડાશે ? ઉત્તમ આલંબન મળ્યા છે તો એનો ઉપયોગ કરી લો. અનાર્ય દેશમાં આ ક્યાં મળત ? માયા-મદ-ઈર્ષ્યા, હોંસાતોસી, નિંદા, વગેરે ખતરનાક દોષોને પારખી લઈ પૂર્વ પુરુષોએ એને તિલાંજલિ આપી છે તો એ સુખી થયા, ઊંચે ચડ્યા. મહાપુરુષ બન્યા શું આપણે આવા આલંબને ય સારા ન થઈએ ?

ત્યારે શું મદ-માયા-ઈર્ષ્યા નિંદા કરી કરીને સુખી રહીએ છીએ ? બને નહિ, અહીંય સુખશાંતિ નહિ પણ હૈયાહોળી, ને આગળ તો પૂછવાનું જ શું ? ભૂલશો નહિ, **જે માલમિલકત ખાનપાન કાયા-સન્માનની ખાતર મદ-માયાદિ થયા છે એ બધા એક દિ' ઊડી જવાના છે, અને એ મદ-માયાદિના ઘેરા કુસંસ્કાર આત્મામાં સીલપેક થઈ સાથે લાગવાના.**

માટે અહીંના નાશવંત પદાર્થનો અને ક્ષણિક આનંદનો લોભ જતો કરવા જેવો છે, જેથી એની ખાતર એ ગોઝારા મદ-માયા-ઈર્ષ્યા ન થાય, અને અહીં પણ અશાંતિમાં ન પડવું પડે.

માયાદિત્યને એ ન આવડ્યું તો માયામાં દોડતાં એને ચોરોના હાથે વાંસના જાળામાં ગાંસડીની જેમ બંધાઈને ઊંધે માથે મૂકાવું પડ્યું. ત્યારે સ્થાણુને ચોરોના સેનાપતિએ જ એનાં પાંચ રત્નો આપી રસ્તો બતાવતાં કહ્યું, 'જો ભલા માણસ ! જેવો એ દ્રોહી મિત્ર તને મળ્યો હતો એવો વળી બીજો કોઈ મળે તો એને ઉગ્ર ઝેરવાળા સાપ જેવો સમજી દૂરથી જ છોડી દેજે.'

**સજ્જનતા હદ બહારની હોય ?**

**સ્થાણુની ભવ્ય ઉદારતા-સજ્જનતા :-**

લૂંટારાની આ સલાહનો અર્થ શો ? એ જ ને કે 'દ્રોહી-માયાવી-વિશ્વાસઘાતી બીજા પણ માણસનો હવેથી સંગ ન કરવો, એટલે આ માયાદિત્યનો તો સંપર્ક હવે ભૂલે ચૂકે પણ નહિ કરવો.' છતાં જુઓ કે સ્થાણુનું ઉદાર દયાળુ સજ્જન દિલ ક્યાં જાય છે ? એ ત્યાંથી આગળ વધીને હવે જંગલમાં વાંસની ઘટાઘુમ ઝાડી છે, વાંસના જૂથનાં જાળેજાળાં છે, એમાં મિત્રને શોધતો ફરે છે કે 'એ કયા જાળામાં છે ? જેથી એને બિચારાને બહાર કાઢીને એના બંધનો છોડી સાથે લઈ ચાલુ અને નજીકના ગામમાં પહોંચી એને લાગેલા ઘા વગેરેનું વૈદું કરાવું.' કેવી ભવ્ય ઉદારતા દયા અને સજ્જનતા !

**સ્વાર્થના લીધે સજ્જનતા મર્યાદિત :-**

તમને લાગશે કે 'તો શું એને ફરી પાછા એવા દુષ્ટ મિત્રના યોગમાં આવવું છે ? સાપ કદી ઝેરી મટી અમૃતવાળા થતા હશે ? એમ એ માયાવી મિત્ર માયાવી-દ્રોહી મટી સજ્જન થવાનો છે ? તો શું ફરીથી પાછું એવાની સંગતમાં કૂટાવું ?' આમ તમને લાગતું હશે. પરંતુ આમાં જોશો તો દેખાશે કે આવું લાગવા પાછળ સ્વાર્થનો પહેલો વિચાર છે અને મર્યાદિત સજ્જનતા છે.

**'મર્યાદિત' સજ્જનતા** એટલા માટે કે 'જે સામો સજ્જન હોય એના પર તો દયા-સહાનુભૂતિ કરવી, પરંતુ જેનાથી આપણને નુકશાન થયું હોય, એવાના પર દયા-બયા નકામી. એવાની પ્રત્યે સજ્જનતાનો કોઈ અર્થ નહિ. આનું નામ 'મર્યાદિત સજ્જનતા' એમ 'આપણું નુકશાન ન થાય એ પહેલું જોવું' આનું નામ **'સ્વાર્થ'** આના લીધે પછી 'એવા દુષ્ટજનની ભલે એ ક્યાંય મરવા પડ્યો હોય તો ય એની દયાનો લહેલાટ નહિ કરવો, 'સારાનું કરી છૂટીએ ખરાબનું કોણ કરે ?' આ સ્વાર્થ સાથે મર્યાદિત સજ્જનતા છે. એટલે ખરાબ માણસની દયાનો વિચાર દબાઈ જાય છે. **સ્વાર્થ અને મર્યાદિત સજ્જનતા અવસરોચિત દયાને ભૂલાવે છે.**

ત્યારે સ્થાણુનું દિલ એવું નથી. એને સ્વાર્થ બહુ ઓછો છે, અને સજ્જનતા અમર્યાદિત છે, એટલે આગળ દેખાશે તે એ માયાદિત્ય પ્રત્યે કેટલી બધી સજ્જનતા દાખવે છે. પહેલાં તો એ વાંસના જાળામાં શોધતો ફરે છે, અને એમાં એક જાળામાં એણે માયાદિત્યને જોયો. કેવી અવસ્થામાં એ હતો ? પોટલાની જેમ હાથે પગે શરીરે બંધાયેલો અને ઊંધે માથે મૂકાયેલો

**સ્થાણુની માયાદિત્ય પ્રત્યે સેવા :-**

જોતાં જ સ્થાણુ રોઈ પડ્યો. આંખમાં દડદડ આંસુ અને હાહાકાર સાથે કહે



છે, 'હા હા રે મિત્ર ! તારી આ દશા ?' એણે એના બંધન છોડી નાખ્યા, અને બહાર લીધો અને એનું શરીર જકડાઈ ગયેલું, તેથી શરીરચંપી કરીને એને સ્વસ્થ કર્યો. પછી બનેલી વિગત કરી કહે છે, 'દોસ્ત ! જો, બન્યું તે બન્યું ફિકર ન કરીશ, આ મારી પાસે મારાં પાંચ રત્ન તો પાછા આવ્યાં છે. તો એમાંથી અઢી રતન તારાં અને અઢી મારાં. એમ એને આશ્વાસન આપી ટેકો દઈને ધીરે ધીરે ચલાવે છે; અને નજીકના ગામમાં પહોંચી ત્યાં રહીને એને મલમપટ્ટા કરાવી સાજો કરે છે.

**બધું સારું બનાવાય છે, દિલ સારું ?**

**બોલો** સજ્જનતાની હદ હોય ? દિલનો સવાલ છે હોં. બહારની વાતવસ્તુમાં તો આપણે બડા સાવધાન અને હોશિયાર છીએ. ત્યાં તો એને સારામાં સારું બતાવવા ભારે કાળજી રાખીએ અને જોરદાર મથીએ; પણ દિલ માટે એવી કોઈ ચિંતા નથી કે મહેનત નથી. બહારમાં દિલથી એટલા બધા ગુંથાઈ ગયા છીએ, એની સાથે એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છીએ કે એમાં તરતમતા જોવાય છે, ને સારું, વધુ સારું, ખૂબ સારું, વગેરે જોતાં-વિચારતાં આવડે છે. 'આમાં આપણો સ્વાર્થ કેટલો સરે ? કેટલો ઘવાય ? આટલો બધો સ્વાર્થભંગ કે નુકશાન ન પાલવે,' વગેરે જોવામાં ચકોર; પણ માત્ર ચકોર નહિ અંદરના દિલ માટે ! કેવી દુર્દશા ?

કપડું ઘાંચીના ઘર જેવું ચીકણું મેલુંદાટ થયું હોય તો એને ખારમાં ઉકાળી સાબુ દઈ દઈ ધોકા મારી મારીને ઊજળું કરવાની ચોકસાઈ ખરી, ધોતાં ધોતાં 'હજી આટલું ઊજળું ન ચાલે, વધુ ઊજળું કરવું જોઈએ.' એમ મનને આવ્યા કરે છે પરંતુ દિલ માટે 'હજી આટલું સજ્જન આટલું દયાળુ દિલ ન ચાલે,' એવું નથી થતું, એટલે પછી વધુ દયા અને સજ્જનતા કેળવવા માટે તો વિચાર જ શાને હોય ? ને વિચાર પણ જો નહિ, તો પ્રયત્નની તો વાતે ય શી ? દયા-સજ્જનતા દિલમાં વધારી લેવી હોય તો એ આટલી જ કરાય એવું માપ બાંધવું રહેવા દો.

**સંસાર ઉદ્ધારને રોકનારાં ધોરણ :-**

મેલાદાટ કપડાને ઉકાળણ-ખાર ધોકાથી રગડી રગડીને વધુ વધુ મેલ કાઢી ઊજળું કરવાનું ખરું, એમ મેલા શરીરને ય રગડી રગડીને ધોઈ સાફ બનાવવાનું ખરું; પણ મેલા દિલને એવું કાંઈ કરવાનું ખરું ? એનો કોઈ વિચાર જ નથી ને ? વિચાર છે બહારની વસ્તુને સારી ઠીકઠાક રાખવાનો-કરવાનો; એટલે મનને એવાં ધોરણ રહે છે કે 'આપણે તે કેટલી દયા સજ્જનતા કરીએ ? એની હદ હોય, કાંઈ ગાંઠનું વેચી ગોપીચંદન થાય ? ઘર બાળીને તીરથ થાય ?' **આવા સંસાર-ઉદ્ધારને રોકનારા મુફલીસ ધોરણ રખાય, ત્યાં ઉદ્ધાર શે થાય ?**

**દિલના સારોપણામાં મર્યાદા બંધાય એ દુર્દશા છે :-**

બસ, બાહ્ય સ્વાર્થનો વિચાર મુખ્ય, તે એમાં હદ નહિ કે 'એ કેટલો વધુમાં વધુ સારો સ્વાર્થ સાધવાનો.' એમાં મર્યાદા નહિ; મર્યાદા બાંધવાની દિલના સારાપણામાં, દિલની દયા-ઉદારતા કેળવવામાં, આ છે આપણી દુર્દશા.

માનવજીવનમાં દિલની મુખ્યતા છે, બાહ્ય સ્વાર્થ સધાયાની નહિ, માનસશાસ્ત્રીઓ પણ કહે છે કે **'A human beinq is not a body or a belly, but a brain'** માનવ પ્રાણી એ કોઈ પશુની માફક એક શરીર યા પેટ નથી, પણ દિમાગ છે; દિલ છે.

**મહત્ત્વ દિલનું છે, પેટનું નહિ, પૈસાનું નહિ,** પેટ ગમે તેવા ઊંચા પકવાન્નથી ભરાતું હોય, પૈસા ગમે તેટલા લખલૂટ મળ્યા હોય, પરંતુ દિલ જો અભિમાનથી પીડાતું હોય, ઈર્ષ્યાથી બળતું હોય, ક્ષુદ્રતા-દીનતાથી દુઃખિત હોય, તો જીવન એક નિરાભિમાની સંતોષી ગરીબ કરતાં બદતર છે.

સવાલ મહત્ત્વ આપવાનો છે કે આ

**ઊંચા અવતારે મહત્ત્વ કોને આપવું ? કાયા અને કાયાની સગવડોને ? કે મન અને મનની સંપત્તિને ? આના પર આસ્તિક-નાસ્તિકપણાનું માપ :-**

હદ બહાર પણ ક્યાં જવાનું ખપે, કાયાના ને કાયાની સુખસગવડના વિકાસમાં ? એના પર અનાર્ય કે આર્યપણાનું માપ નીકળે, નાસ્તિક કે આસ્તિકપણાનો વિશ્વાસ લઈ શકાય. જાત માટે વિચાર આવે છે ખરો કે 'હું આસ્તિક છું કે નાસ્તિક ? આર્ય છું કે અનાર્ય ? દીર્ઘભવી કે અલ્પભવી ?' તેમ કલંક અને ખટકો લાગે છે ખરો કે 'હું શું નાસ્તિક ? અનાર્ય ? દીર્ઘભવી ? કુળવાન માણસને પોતાની હલકાઈ થવા પર કલંક લાગતું, ખટકો લાગતો, તે એવો કે કોક કેટલાકને ક્યારેક જીવવું ભારે પડતું. જુઓ એક દૃષ્ટાંત.

**કુળવાનને કલંકના ખટકા પર દૃષ્ટાંત :-**

એક રાજાને મન કુળવાનની વિશેષતા નહોતી. દિવાને એ સમજાવવા ત્રણ જાતના માણસોને એમના શિરે બનાવટી ગુનો ઊભો કરવા દ્વારા, પકડી મંગાવ્યા; રાજાની આગળ ગુનેગાર તરીકે એમને રાજસભામાં ઊભા કરવામાં આવ્યા એમાં પહેલો એક વણિક્ શેઠનો પુત્ર હતો. દિવાને ત્રણેને શું કરવું એ રાજાને પહેલેથી જણાવી દીધું હતું તે મુજબ,

(૧) રાજાએ શ્રેષ્ઠિપુત્રને એટલું જ કહ્યું, 'ભાગ્યવાન ! તારે કરવું આ યોગ્ય છે ?' એમ કહી એને છોડી મૂક્યો.

(૨) બીજો બ્રાહ્મણપુત્ર હતો એને જરા તતડાવીને કહ્યું, ''નાદાન ! આ ધંધો કરે છે ? ખબરદાર છે જો ફરીથી આવું કર્યું તો ?' એમ કહી એને છૂટો કર્યો.



(૩) ત્રીજો ચમારનો છોકરો હતો. એને રાજા ભારે ગુસ્સો દેખાડી પહેલાં તો તતડાવે છે, 'હરામખોર ! આ નાલાયકી કરે છે ? આવી દુષ્ટતા ? લુચ્ચાઈ ? સિપાઈ ! આને ફટકા લગાઓ.' ત્યાં સિપાઈએ આવી એના બરડામાં ચાબૂકના પાંચ ફટકા લગાવ્યા. પછી રાજા કહે 'બસ, જો હવે ફરી આવું કર્યું છે તો જેલમાં ખોસી ઘાલીશ. જા ટળ અહીંથી,' એમ કહી એને છૂટો કર્યો.

રાજાએ ત્રણેની પાછળ પોતાના ગુપ્તચર માણસો મોકલેલા. તે પેલા શું કરે છે એ જોઈને ખાનગીમાં રાજા અને દિવાન પાસે આવ્યા, અને અહેવાલ આપે છે. એમાં ચમાર પુત્ર અંગે કહે છે કે 'એ તો નામદાર ! અહીંથી બહાર નીકળી ચાલ્યો એટલે એના મિત્ર એને કહે 'અલ્યા ! આજ તો તને ભારે સજા થઈ ?'

ચમાર કહે 'સજા-બજા શાની ? આ તો બરડો જરા અકડાઈ ગયો હતો તે એને ફોરા થવાનું મળ્યું. રાજા સત્તાધીશ છે તે દમ મારે; બાકી બંદા કોણ એને ગણે છે ?'

બીજાની ખબર લઈને ગુપ્તચર આવીને કહે, મહારાજા ! બ્રાહ્મણપુત્રને એના મિત્ર મળ્યા, એની આગળ એણે પસ્તાવો જાહેર કર્યો કે 'આ ધ્યાન ન રાખ્યું તો ગુનામાં આવી આટલું સાંભળવું પડ્યું. જેવા કર્મના ખેલ એવું બને છે. હવેથી સાવધાન રહેવાનું શીખવા મળ્યું.'

ત્રીજો ગુપ્તચર તો શ્રેષ્ઠિપુત્રને લાવીને હાજર કરી કહે છે, 'મહારાજા ! આ તો અહીંથી સીધો નીકળી નગર બહાર ગયો, અને એક ઝાડ પર ચડી ફાંસો ખાઈ મરવા જતો હતો, તે હું તરત ફાંસો છોડી એને આપનો હુકમ કહી અહીં લઈ આવ્યો.'

રાજા કહે 'અરે મહાનુભાવ ! આટલું બધું સાહસ કરવાનું હોય ?'

શ્રેષ્ઠિપુત્ર કહે, 'મહારાજાધિરાજ ! મારે તો સભાની વચ્ચે આટલું સાંભળવું પડે એ કરતાં તો મરવું સારું. આટલું થવામાં તો મારા કુળને ભારે કલંક લાગ્યું. તો એવું કુલને કલંકિત કર્યા પછી જીવવું નકામું. માટે મને ફોગટ શું કામ છોડાવ્યો ? જવા દો મને, મારે તો હવે જગતને અને કુટુંબને મોઢું નહિ બતાવી શકાય. હું તો મરીશ.'

રાજા અને આશ્વાસન આપે છે, કહે છે 'અરે ભાગ્યવાન ! એમ મરાય ?

**મરીશ તો પછી આ ઉત્તમ મનુષ્ય જીવનમાંજ થઈ શકે એવાં ઊંચા સુકૃત ક્યાં કરવા પામીશ ?**

**મરવાથી તો એ સુકૃતોની તક ગઈ.** આટલી સજા થઈ એ તો પૂર્વ ભવના માત્ર એક કર્મનું ફળ પરંતુ બીજા કર્મોનો સમૂહ તો હજી ઊભો જ રહે છે. એટલે એક નહિ તો બીજી રીતે માર તો ખાવા જ પડે. સુકૃતથી એ કર્મજૂથ નાશ પામે, પછી ચિંતા નહિ પરંતુ જીવતા રહેવાય તો એ સુકૃતો ભરપૂર આદરી શકે ને ?

મર્યેથી એ ક્યાંથી થાય ? માટે મરવાનો વિચાર કાઢી નાખ અને હું તારું કલંક ઉતારી નાખું છું. 'દિવાનજી ! આને હાથીના હોદ્દે બેસાડી બેન્ડવાજાં સાથે એના ઘેર મોકલવાની વ્યવસ્થા કરો.' રાજાના હુકમ પર 'જેવી આપશ્રીની આજ્ઞા' એમ કહી દિવાને એ પ્રમાણે સન્માન સાથે ઘરે પહોંચતો કર્યો.

હવે અહીં દિવાન રાજાને કહે છે, 'કેમ નામદાર ! કહો કુળવાન અને કુળહીનમાં ફરક ખરો ને ?

'રાજા કહે' ફરક મોટો પરંતુ મને આટલી કલ્પના નહિ, કે આ વણિકપુત્ર આવું કરશે.'

દિવાન કહે, 'જુઓ સાહેબ ! કલંકનો ખટકો કુળવાનને કેટલો ભારે હોય છે એની આપણે કલ્પના નથી કરી શકતા. **બાકી ઊંચા કુળ, અપવાદ બાદ કરીને, એવા ઊંચા દિલ આપે છે કે એને એક તો અજુગતું કરવું અસહ્ય; અને કદાચ ખટકો એટલો ભારે કે થઈ ગયું તો એને જીવવું જ અસહ્ય લાગે'...**

**શ્રેષ્ઠિપુત્ર કુળવાન, તે બેહદ સજ્જનતા :-**

રાજા ને દિવાન આમ વાતો કરી રહ્યા છે એટલામાં તો પેલો શ્રેષ્ઠિપુત્ર આવ્યો ત્યાં અને રાજાના પગમાં પડી કહે છે આપનો ભારે ઉપકાર. હવે આશીર્વાદ આપો.'

'શાનો ઉપકાર ? ને શાના આશીર્વાદ ભાઈ ?'

''ઉપકાર તો સાહેબ ? એ કે આપે મારી જે આંખ ખોલી નાખી કે સુકૃતો કરવાનું અને કર્મબંધનો તોડવાનું માનવભવ સિવાય બીજે ક્યાં થઈ શકે ? એથી એ અતિ અમૂલ્ય સલાહ પર વિચાર કરતાં હવે સર્વ પાપ ટાળીને એકલું સુકૃતમય જીવન જીવવાનું નક્કી કર્યું છે. આ આપનો ઉપકાર છે; અને એ માટે આપના આશીર્વાદ લેવા આવ્યો છું; ઘરે માતાપિતાને સમજાવી દીધા કે આવી રીતે આપઘાતનો પ્રયત્ન કર્યો હતો, તે મરી ગયો હોત તો એક પણ સુકૃત કરવાનું રહેત નહિ, તો સુકૃતોથી ભરચક ભર્યું જીવન તો ક્યાં જ લેવાનું મળત ? માટે મને હવે નિષ્પાપ જીવનની રજા દઈ દો.' બસ એમણે ખુશીથી સંમતિ આપી દીધી. હવે આપના આશીર્વાદ પ્રાર્થું છું.''

દિવાન રાજાને કહે છે, 'જુઓ મહારાજ ! કુળની ખાનદાની શું કામ કરે છે ? કેટલી હદ સુધી માણસને ચડાવે છે ? સજ્જનતાની હદ હોય ? આજ વાત છે. પેલો સ્થાણુ પોતાને કૂવામાં ધકેલી દેનાર માયાદિત્યને અટવીમાંથી બહાર કાઢી ગામમાં લઈ જઈ પાટાપિંડી કરાવી સાજો થયો ત્યાં સુધી સેવા કરે છે, અને માયાદિત્ય હવે શોક ન કરે કે 'હાય ! મારાં રત્ન ગયાં ?' માટે એને આશ્વાસન આપે છે કે જો ગભરાઈશ નહિ. આ મારાં પાંચ રત્ન છે એમાંથી અઢી તારા અને



અઢી મારા. ચાલ હવે ઘરે જઈએ.' કહો સજ્જનતાની હદ છે ?

કોણ છે માયાદિત્ય ? સ્થાણુનાં રત્ન પણ પડાવી લેવા ખાતર એને કૂવામાં ધકેલી દેનારો. એવાને આ શોધવા નીકળ્યો કે 'ક્યાં વાંસજાળામાં ભીલ લૂંટારાઓએ એને નાખ્યો છે ? અને શોધી કાઢી બહાર કાઢી ત્યાંથી ઘવાયેલા એને સહારો આપી ગામમાં લાવી સાજો થવા સુધી સેવા કરી અને પોતાનાં અઢી રત્ન આપવાનું જણાવે છે. બોલો સજ્જનતાની હદ છે ? શાની હોય ? **દુર્જનને જો દુર્જનતાની કોઈ હદ ન હોય તો સજ્જનને સજ્જનતાની હદ શું કામ હોય ?**

## • થોડાં પણ સુકૃતનું મહત્ત્વ •

શું તમે કોઈ દિવસ સજ્જનતાનો આવો પ્રયોગ કર્યો છે ખરો ? નથી કરવા લાયક ? શું મનને એમ નથી થતું કે' આવું રુડું માનવજીવન અને એમાં વળી અતિ રુડું જિનશાસન પામ્યો છું, તો લાવ, પૂર્વ જીવનોમાં હદ બહાર કરેલી દુર્જનતાઓનાં પાપ ભૂંસવા માટે એકાદ પણ બેહદ સજ્જનતાના પ્રયોગ કરવા દે ? એથી અંતકાળે આશ્વાસન રહે કે 'ઠીક છે, આટલું તો સજ્જનતા કેળવવાનું કમાયો છું. આટલો પણ પ્રયત્ન એ પાયારૂપ બનશે, એનાં પર આગળ મોટી ઈમારત ચણવાને જગા થઈ. પાયો જ નહિ' તો આગળ ઈમારત શી ? આવો વિચાર કદી કર્યો છે ?

**અહીંની થોડી પણ સજ્જનતા, ને થોડા પણ સુકૃતનું શું મહત્ત્વ છે ?**

**મહત્ત્વ આ, કે એ પરભવ માટે બીજરૂપ બને છે ને પરભવમાં એના પર સજ્જનતા-સુકૃતનાં ઝાડ સર્જાય છે.** કેટલાય મહાપુરુષોનાં ભવો જુઓ તો દેખાશે કે એમણે પહેલા ભવમાં સામાન્ય શરૂઆત જ કરેલી. પરંતુ એ થોડા પણ સુકૃત-સદ્ગુણ-સજ્જનતા પર પરભવે મોટા ઝાડ તૈયાર થતા ગયા.

**નયસારે** જંગલમાં મુનિ શોધીને એમને દાન દીધેલું. એના પર ત્રીજા મરીચિના ભવે ચક્રવર્તીના દીકરા છતાં માત્ર ઋષભદેવ ભગવાનની સમોસરણની સમૃદ્ધિ જોઈ વૈરાગ્ય પામી ગયા; ને ચારિત્રી લીધું ! જો પ્રથમ ભવે ઉપેક્ષા કરી હોત કે 'આવા જંગલમાં તે વળી અતિથિ શાના મળે ? અતિથિ ક્યાં શોધતો ફરું ? અને એટલા નાનકડા ધર્મમાંથી શું બહુ કમાવાનું હતું ?' એમ માંડવાળ કરી હોત તો શું મરીચિભવ દેખત ? એમાં ચારિત્ર સુધી પહોંચી શકત ?

**શાલીભદ્ર ધનાજી વગેરેએ** પણ પૂર્વે થોડી શરૂઆત કરેલી. પરંતુ એના પર પછીના ભવે કેવો મોટો પાક તૈયાર થયો ?

**ચંડપિંગલ ચોરે** પોતાની ખાતર ચોરીનો આરોપ વહોરી જેલમાં પડેલી વેશ્યા-શ્રાવિકાને, રાજા આગળ પોતાનો ગુનો કબૂલ કરી, છોડાવવાનું સત્કૃત્ય શરૂ કર્યું, ને શૂળીએ વિંધાઈ મરતાં એ જ વેશ્યાએ આપેલા નવકારને યાદ કરવાનું કર્યું, તો પછીના ભવે એ જ રાજાનો પુત્ર થઈ મહાન ધાર્મિક બન્યો.

વાત આ છે કે નાનો પણ સદ્ગુણ-કેળવવાનું મળે, થોડી પણ સજ્જનતા દાખવવાની મળે, કે નાનું પણ સુકૃત કરવાનું મળે, તો એને વધાવી લો. એની ઉપેક્ષા ન કરો, એ તક જતી ન કરો કે 'હવે આટલામાં શું આપણું ભલું થવાનું હતું ? સમજી રાખો કે આટલા પણ સારા પર તો સારાનું મોટું વૃક્ષ તૈયાર થશે.

સ્થાણુને કોઈ પૂર્વ ભવની નાની પણ સજ્જનતાની શરૂઆત થઈ હશે, તે અહીં એનું ઝાડ ઊગ્યું છે, તે બેહદ સજ્જનતા દાખવે છે. હવે જુઓ એનું પરિણામ કેટલું બધું સુંદર આવ્યું !

માયાદિત્યને સ્થાણુની આટલી બધી સજ્જનતા પર વિચાર આવ્યો કે, એર !

**हिमसियचंदविमलो पए पए खंडिओ तहा सुयणो ।**
**कोमल-मुणाल-सरिसो सिणेहतंतू ण डक्खुडइ ॥**

બરફ સાકર અને ચંદ્ર જેવો નિર્મળ સુજન કોમળ પુષ્પની દાંડી સમાન હોય છે, તે પગલે પગલે ખંડાવા છતાં સ્નેહના તાર ઊખેડી નાખતો નથી. દાંડીને અહીંથી તોડે, તહીંથી તોડે, છતાં એમાંથી સુંવાળા સ્નિગ્ધ રેસા નીકળે જ છે, એમ સજ્જનને કોઈ માણસ એક પ્રસંગે બીજા પ્રસંગે વિકટ સંજોગમાં મૂકે છતાં એના દિલમાંથી સ્નેહના જ તાર સ્નેહનો વ્યવહાર બહાર પડે છે; કેમકે એ દિલ હિમ જેવું ઉજ્જવળ હોય છે, સાકર જેવું સફેદ અને ચંદ્ર જેવું નિર્મળ હોય છે, અહીં પ્રશ્ન થશે કે

**ચિત્તની નિર્મળતા સાથે સ્નેહ કેમ સંકળાયેલો ?**

**પ્ર.**- દિલ નિર્મળ હોય તેથી સ્નેહના તાર કેમ રહ્યા જ કરે ? સામો બહુ દુષ્ટતા કરે તો તાર કેમ તૂટી ન જાય ? સ્નેહ કેમ સુકાઈ ન જાય ?

ઉ.- નિર્મળતા ચીજ એવી છે કે સ્નેહ ન સુકાય, સ્નેહના તાર ન તૂટે. કારણ એ છે કે

**નિર્મળ દિલમાં મદ-માયાદિના મેલ નથી હોતા, તેથી વસ્તુસ્થિતિને અહંત્વથી કે વાંકી રીતે જોવાનું હોતું નથી;** અને નિરભિમાન સરળ યા વિવેકી રીતે જુએ એટલે એમ લાગે કે



**નિર્મળ દિલની દૃષ્ટિ :-**

**(૧) મારી પ્રત્યે સામેથી જે કાંઈ વર્તાવ આવતો દેખાય છે એ તો મારા ભાગ્યના હિસાબે જ છે.** એમાં સામાને દોષિત ગણવાની અને એના પ્રત્યે મન બગાડવાની જરૂરી નથી. દોષ કર્મનો, અને એ કર્મ મારી પૂર્વની ભૂલે જ ઊભા થયેલાં; તો દોષ દઉં તો ભૂલભરી મારી જાતને દઉં; બીજા કોઈને શા માટે ?' આમ જુએ પછી સામા પ્રત્યે સ્નેહ સુકાવવાનું શું કામ ? નિર્મળ દૃષ્ટિની આ ચાવી.

**(૧) આપત્તિમાં પોતાના દુર્ભાગ્યને જ દોષ દેવો.**

**(૨) અંદરની સફાઈ પર દૃષ્ટિ રાખી સ્નેહ-ભંગનો કચરો ન ઘાલવો :-**

વળી નિર્મળ દિલ મૂળમાં જ કચરા-ભૂંસા ઘાલવા તૈયાર નથી હોતું. સ્નેહ તોડીને વૈમનસ્ય દિલમાં ઘાલવું એને એ કચરો સમજે છે, અને કચરો એને ખપતો નથી. પછી શું કામ એ મનમાં ઘાલે ? બહારની ચોક્ખાઈના આગ્રહવાળા માણસને ઘરમાં દુકાનમાં સહેજ પણ કચરો દેખવો ખમાતો નથી, તેથી એ એક મિનિટ પણ ન રહેવા દેવા બાબતમાં જાતે કે નોકર યા કુટુંબી પાસે સફાઈ રાખવા-રખાવવામાં તત્પર હોય છે. એમ આ અંદરની સફાઈના આગ્રહવાળાને અંદરમાં વૈર-વૈમનસ્ય-વિરોધ વગેરે કચરો ખમાતો નથી, તેથી એ શાનો રહેવા દે ? કે શાનો નવો ઘાલે ? અંદરની સફાઈની દૃષ્ટિ જ ન હોય, અંદરના કચરાની ગમ જ ન હોય, યા કચરાને જ સફાઈ સમજતો હોય, યા ગમ છતાં એ કચરા રાખવાનું ખૂંચતું જ ન હોય, એ શું કામ અંદરના કચરા કાઢે ? યા કચરો પેસવા જ ન દેવા શું કામ મથે ? બાકી આ કચરાથી જે ગભરાય એ તો સામાને દોષ દેવા તૈયાર નથી, તેથી એની ઉપરના સ્નેહને ન તોડે એ સ્વાભાવિક છે.

**(૩) સામાની ચિત્તનિર્મળતાનો વિચાર રાખવો.**

(૩) નિર્મળ દૃષ્ટિમાં આ પણ એક વિશેષતા છે કે એ પોતાની ચિત્તનિર્મળતાની જેમ બીજાની પણ ચિત્તની નિર્મળતા ચાહે છે. એટલે એ જુએ છે કે જો હું સામા પ્રત્યે સ્નેહ તોડી નાખી દિલમાં અભાવ-દુર્ભાવ વૈર-વિરોધ ઊભા કરું તો સહેજે એ મારા ચહેરા પર, મારી આંખમાં અને મારા વર્તાવ કે બોલમાં ઊતરી આવશે, ને એ જોઈ-સાંભળીને સામાના દિલમાં ખરાબ ભાવ જાગશે કે વધશે. તો એ બિચારો ચિત્તનિર્મળતાથી બહુ દૂર પડી જશે. માટે **મારે સ્નેહ ઊભો રાખવો, જેથી મારું ય ચિત્ત નિર્મળ રહે અને સામાનું પણ ચિત્ત નિર્મળતાથી વધુ દૂર કરવાનું ન થાય.** સંભવ છે સામાને નિર્મળ ચિત્ત કરવાની તક મળે. પાર્શ્વપ્રભુના અખંડ સ્નેહ પર, ઉપસર્ગ કરનારા કમઠજીવ મેઘમાળીદેવનો હૃદયપલ્ટો થયો અને એનામાં સ્નેહ જાગ્રત થયો.

આવા નિર્મળ ચિત્તના મહાન લાભને સમજનાર સજ્જન શું કામ સ્નેહના તાર તોડી ચિત્ત બગાડે ? એટલે કવિ કહે છે 'કમળદાંડીને તોડ તોડ કરાય છતાં એમાંથી સ્નિગ્ધ યાને સુંવાળા તાર નીકળ્યા જ કરે, એવી રીતે સજ્જનના દિલને દુર્જન તોડ તોડ કરે છતાં સજ્જનના દિલમાંથી સ્નેહના તાર નીકળ્યા જ કરતા હોય છે, સ્નેહ તંતુ તૂટી જતાં નથી, સ્નેહ સુકાઈ જતો નથી. સ્થાણુની આ સ્થિતિ છે. એના પર માયાદિત્યે કરવામાં બાકી રાખી હતી ? ના, એણે તો એને ઠેઠ કૂવામાં ફેંકી દઈ જીવતો ખત્મ કરવાનો પ્રયાસ કરેલો. ત્યારે એની બધી કમાઈ ચાંઉ કરવાની માયાવી લૂંટારાગીરી કરેલી એનું તો લેખું જ ક્યાં રહ્યું ? આમ છતાં સ્થાણુ પોતે ભીલોથી બહાર કઢાયો, અને એની થયેલી કરુણ સ્થિતિ પર દયા લાવી એને એનાં પાંચ રત્ન પાછા આપ્યાં.

**માયાને દંડ, સજ્જનતાને સહાય :-**

ખૂબી કેવી થઈ ? કે લૂંટારાની જાત તો કોઈનું પડાવી લે ? કે કોઈને સ્વેચ્છાએ રાજીખુશીથી માલ પાછો આપે ? અહીં માયાદિત્યનું તો પડાવી લીધું, ને સ્થાણુને પોતાનું પાછું મળ્યું. શું માયાદિત્યનું માયાવી કૃત્ય કમાણી કરી આપનારું બન્યું ? કે સ્થાણુની સરળ સજ્જનતા લાભકારી બની ? કેમ જાણે કુદરતે લૂંટારાની દરમિયાનગીરી કરાવી માયાદિત્યની માયાને દંડી અને સ્થાણુની સજ્જનતાને સહાય આપી. એ તો સમજી જ રાખવાનું કે

**કુદરત નજીકમાં યા દૂર જઈને માયાવીને દંડે છે :-**

કુદરત કહો કે ધર્મ કહો, એ કોઈને આઘે જઈને તો કોઈને નજીકમાં એની માયાને એના દ્રોહને એના વિશ્વાસઘાતને દંડી નાખ્યા વિના રહે નહિ. એકલી માયા જ શું ? એવા બીજા પણ દોષ-દુર્ગુણો મદ, ઈર્ષ્યા, નિંદા, ગુણીની અવજ્ઞા વગેરે કરનારા ય દંડાય છે, પછી ચાહ્ય તરતમાં કે જરા આઘે જઈને મહાવીર પ્રભુને ત્રીજા મરીચિ-ભવમાં રહેલા મદે દંડાવું પડ્યું ને ? એમના ય જો લેખા નહિ તો બીજાના શા ભાર કે દંડાવામાંથી બચી શકે ? માટે જ ખૂબ સાવધાન બની જવા જેવું છે અને આ **ઉચ્ચકક્ષાના જીવન હોદ્દા પર બેસી મદ માયા ઈર્ષ્યા નિંદા અવજ્ઞા વગેરે અધમતાને સહેજ પણ સેવવા જેવા નથી.**

**દેવદિન્નને અભિમાનનો દંડ :-**

જુઓ પેલા દેવદિન્ને પત્ની સરસ્વતીને પરણ્યા બરાબર અભિમાનથી દ્રોહ કરીને એને ઘરે તેડી જ નહિ, અને એને બતાવી આપવા ધાર્યું કે 'હું જોઉં તો ખરો કે તું મને કેવી રીતે ગુલામ બનાવે છે ?' તો દેવદિન્નને કેવું દંડાવું પડ્યું ? અભિમાનના દંડમાં એક તો પેલી માયાવી જોગણની ગુલામીમાં સર્વસ્વ ગુમાવવા સાથે સપડાવું



પડ્યું, અને પછીથી ત્યાંથી છૂટી એ જ પત્નીની દાસગીરીમાં જવું પડ્યું.

એટલું ધ્યાન રાખજો કે માણસને અહીં બહુ પુણ્યનો ઉદય હોય તો એને કદાચ મદ-માયાદિના દંડ અહીં ને અહીં ન મળે, પરંતુ પરભવે તો મળ્યા વિના રહે નહિ.

**આ જગત ઉપર કર્મસત્તાનું જબરદસ્ત શાસન ચાલે છે.**

**રાજા ધર્મ : ન્યાયાધીશ કર્મસત્તા**

આ કર્મસત્તા ન્યાયાધીશ એવી કે ગુનેગારને યાને ધર્મરાજાની આણ ભાંગનારને દંડી બેહાલ કરી નાખે, એટલું જ નહિ પણ ધર્મરાજાની આણ પાળનારને ન્યાલ પણ કરી દે છે; ઠેઠ ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામવા માટે જે શુકલધ્યાનનું મનોબળ અને કાયિક વજ્રઋષભનારાયણ સંઘયણનું બળ જોઈએ તે પણ કર્મસત્તા આપે છે.

**કર્મસત્તાનો જીવને જાણે સવાલ આ, કે 'તું ધર્મરાજાની આણ માને છે કે ભાંગે છે ?'**

'મોહ-મદ-માયા વગેરે નહિ આચરવા જોઈએ અને નિસ્પૃહતા નમ્રતા સરળતા રાખવી-વધારવી જોઈએ,' એવી ધર્મરાજાની આણ છે એ આણા પાળનાર-ભાંગનારને દંડ-ઈનામ દેવાનું કામ કર્મસત્તા કરે છે. વિશ્વના ગમે તે ખૂણામાં જઈને આણા ભાંગી તો ય કર્મસત્તાનો દંડ ઊભો થઈ ગયો. હવે એટલી ખૂબી કે જેમ ન્યાયાધીશે દેહાંત દંડની સજા કરી હોય પણ મહારાજાની મહેરબાની થાય તો એ સજાને ઘટાડી શકે, એવી રીતે અહીં જીવ જો ધર્મરાજાને સાચો શરણે જાય, તો ધર્મરાજા સજા ઓછી તો શું પરંતુ માફ પણ કરી આપે. તપધર્મનું શરણું લેવાથી જનમ-જનમનાં કર્મ નાશ પામે છે ને ? શું એ ? સજા રદ બાતલ થઈ. આમ કર્મના દંઢ ભોગવીને ડૂચો નીકળી જાત, તે તપધર્મે કર્મનો જ ડૂચો કાઢી નાખ્યો.

**'बुद्धेः फलं तत्त्वविचारणा च'**

માનવબુદ્ધિનું ફળ આ છે કે તત્ત્વની વિચારણા કરો, ધર્મરાજા અને કર્મન્યાયાધીશનાં તત્ત્વને સમજો વિચારો અને સમજી-વિચારીને જાત બરબાદ નહિ પણ આબાદ થાય એવાં જ પગલાં ભરવાનું મન કરો. તો જ માનવબુદ્ધિની સફળતા. જગત્કર્તા ઈશ્વર માનનારને પણ કર્મની બળવત્તા તો માનવી જ પડે છે. કહે છે ને કે ઈશ્વર પણ જીવને એનાં કર્મ મુજબ ફળ આપે, એટલે એ પણ કર્મને આધીન. તો એનો અર્થ જ એ કે તમારાં કર્મ દૂબળાં હોય તો ઈશ્વર પણ બચાવી શકે નહિ. માટે દૂબળાં કર્મ ઊભા કરતાં પહેલાં વિચાર કરો. વિચાર આ, કે ઈશ્વર વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનની આજ્ઞા ભાંગવી નહિ, આજ્ઞાને શિરસાવંદ્ય

કરવી. જો આજ્ઞા ભાંગી તો કર્મસત્તા દંડી નાખશે.

**ઈશ્વર કર્તા નહિ :-**

આ દંડવાનું ઈશ્વરીય આજ્ઞાના ભંગને લીધે બને છે, એટલે અજ્ઞાનીઓએ માની લીધું કે ઈશ્વર દંડે છે. ખરી રીતે ઈશ્વર કાંઈ નવરો નથી કે જીવોને કચરવા પીડવાનો ધંધો લઈ બેસે. એ તો વીતરાગ છે, મહાદયાળુ છે, અનંત શક્તિવાળા છે. એ દયાળુ અને અનંતશક્તિમાન જીવને પહેલાં ગુનો કરવા દઈ, પછી દંડવાની ક્રૂરતા શું કામ કરે ? દયાથી અને શક્તિથી ગુનો કરતા જ ન અટકાવે ? પણ એ તો પાછા સર્વજ્ઞ છે એટલે જીવદળની યોગ્યતા-અયોગ્યતા જુએ છે; જીવને જો ગુનાથી બચવું જ નથી, અટકવું જ નથી, તો જીવની એ અયોગ્યતા છે. અયોગ્ય દળ ઉપર સારામાં સારો કારીગર પણ મહેનત જ કરે. નદીની લુખ્ખી રેતીનો ઘડો બનાવવાનું કામ કયો કુંભાર કરે છે ? રેતીને પીલીને તેલ કાઢવાનું કાર્ય કુંભાર કરે છે ? રેતીને પીલીને તેલ કાઢવાનું કાર્ય કોણ જાણકાર તેલી કરે છે ? અબૂઝ એ કરે, જાણકાર નહિ. એમ ઈશ્વર સર્વજ્ઞ વીતરાગ, તે અયોગ્યને બચાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરે નહિ. ત્યારે પરમદયાળુ હોવાથી પછી કનડવા-પીડવાનું ય શાના કરે ? જે કરે તે કર્મસત્તા કરે. સર્વજ્ઞ ભગવાન તો માત્ર એની ઓળખ કરાવે. કે 'આ આ રીતે કર્મસત્તાના દંડ ઊભા થાય; અને એથી બચવા માટે આ આ માર્ગ છે પછી યોગ્ય જીવ એ પ્રમાણે પુરુષાર્થ કરે તો છે' પછી યોગ્ય જીવ એ પ્રમાણે પુરુષાર્થ કરે તો કર્મસત્તાનું ઈનામ પણ પામે, અને આગળ વધીને કર્મની જંજીરોને સાફ પણ કરી નાખે.

**પરમાત્માનો ત્રણ રીતે ઉપકાર :-**

અલબત્ત યોગ્ય જીવ આમાં ઉપકાર પોતાના પુરુષાર્થનો નહિ, બહાદુરી-વિશેષતા પોતાની જાતની નહિ, પણ પરમાત્માનો ઉપકાર અને પરમાત્માની વિશેષતા માને છે; કેમકે એ સમજે છે કે (૧) પુરુષાર્થ પણ પરમાત્માએ માર્ગ બતાવવા ઉપર થાય છે, તેમજ

(૨) પરમાત્માએ પહેલું માર્ગદાન કર્યું અને એ માર્ગદાન ઝીલનારાની પરંપરામાં માર્ગદાન થતું આવ્યું તેથી પોતાને માર્ગદાન મળ્યું એટલે પુરુષાર્થ થાય છે; ઉપરાંત

(૩) પુરુષાર્થમાં પરમાત્માનાં જ દર્શન-પૂજન-સ્તુતિ-જાપ-ધ્યાન-આજ્ઞાપાલન વગેરે થાય છે તે પરમાત્માનાં આલંબને જ બનતા હોઈ પુરુષાર્થમાં ય પરમાત્માનો જ ઉપકાર છે.

**માટે વિશેષતા-વડાઈ-બહાદુરી પરમાત્માની જ છે, જાતની નહિ.** આ જો



મનાય તો પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા રહે, અને જાતનું અહંત્વ તૂટે, ને એથી જ આગળ વધાય. કૃતઘ્ન બનનાર અને અહંત્વને અખંડ રાખનાર તો ડૂબે.

**આજે શું સોનગઢપંથી આ કૃતઘ્નતા, ને અહંત્વ-પોષણ નથી કરી રહ્યા ?** એમને પરમાત્માનો ઉપકાર માનવો નથી, ને બધું જાતે બને છે એવું માનવું છે, એટલે પરમાત્મા પ્રત્યે કૃતઘ્નતા જ થઈ કે બીજું કાંઈ ? અહંત્વ અખંડ રાખ્યું કે તોડ્યું ? પાછું સાંસારિક લાભમાં ડગલે ને પગલે તુચ્છ માણસોનો ય ઉપકાર માને છે. અરે ! ભક્તો એમના ગુરુનો ઉપકાર માને છે. માત્ર ભગવાનનો ઉપકાર નથી માનવો ! કેવી કૃતઘ્નતા ? જો માતાપિતાનો ઉપકાર ન માને કૃતજ્ઞતા ન બજાવે તો ય નાલાયક્તા ગણાય; તો પછી પ્રભુનો ઉપકાર ન માને એ કેવો ગણાય ?

**કૃતજ્ઞતા તો પાયાનો ગુણ છે; એ ભૂલે એ ડૂબે કે તરે ?**

ભૂલા પડતા નહિ, પ્રભુ પાસે રોજ માગજો કે 'પ્રભુ ! કદી હું ઉપકારીનો ઉપકાર ન ભૂલું. ઉપકારીના ઉપકારને યાદ રાખી કૃતજ્ઞ બનીને આગળ વધવાની સ્થિતિમાં છું ત્યાંસુધી કદી મને પરભવે પણ આવા બનાવટી પોકળ નિશ્ચયપંથનો સ્પર્શ ન થજો.'

વાત આ ચાલતી હતી કે કર્મસત્તા મદ માયાદિ ગુનો કરનારને વહેલા કે મોડા દંડ્યા વિના રહેતી નથી. દેવદિન્ન પત્ની સરસ્વતી સામે અભિમાન રાખી એને પરણીને વિશ્વાસઘાત કરી પરદેશ ઉપડ્યો તો સર્વસ્વ ગુમાવી માયાવી જોગણનો ગુલામ બન્યો. જાણે અહીં જ ગુનાની સજા મળી !

**દેવદિન્ન પત્નીની દાસગીરી હોંશથી કરે છે :-**

એ તો સારું થયું કે એની ચિઠ્ઠી ઘરે જવા પર સરસ્વતી પુરુષ-વેપારીવેશે આવીને યુક્તિથી જોગણનો દાવ નિષ્ફળ કરી, એણે એના સર્વસ્વ સાથે એને કબ્જે લીધી, એમાં બીજા ગુલામોની સાથે દેવદિન્ન પણ હવે એના તાબામાં આવ્યો. બીજા વેપારીઓને તો એમની મિલકત આપી છૂટા કર્યા, પરંતુ દેવદિન્નને કહે છે, 'હું તમને તમારી બધી માલમિલકત ઉપરાંત મારો ય માલે આપી તમને ઠેઠ તમારા દેશ સુધી પહોંચાડીશ. કેમકે મારે પણ હવે એ જ બાજુ જવું છે; તો સાથે જઈશું. ત્યાંસુધી તમે અહીંનું બધું કામકાજ સંભાળજો.'

બસ, દેવદિન્નને ગંધ ન આવી કે 'બીજા ગુલામ શ્રેષ્ઠિપુત્રોને રજા આપી, ને મને કેમ રજા નહિ ?' એ તો ઊલટું ખુશી ખુશી થઈ ગયો કે 'વાહ ! મને મારો માલ ઉપરાંત બીજો પણ માલ આપવાનું કહે છે, ને ઠેઠ દેશ સુધી ક્ષેમકુશળ પહોંચાડવાનું આશ્વાસન આપે છે ! અહો ! હું કેવો ભાગ્યશાળી કે જોગણની જીવનભરની ગુલામીમાંથી ય મને આમણે છોડાવ્યો અને ઉપરથી મને આ ભરચક

માલ આપવાનું કહે છે ! વાહ, ત્યારે બળાત્કારે લુચ્ચી જોગણની સેવા બજાવવી પડી તો આમની તો હું હોંશભેર કેટલીય સેવા ઉઠાવું !'

આ ભાવ મનમાં આવ્યા પછી એ હવે છૂપી સરસ્વતી પણ પ્રગટ પુરુષવેપારીની દાસગીરી બજાવવામાં શી કમીના રાખે ? એ તો મંડ્યો રાત ને દિવસ એની ચાપલુસી કરવામાં અને માગી માગીને બધી સેવા ઉઠાવવામાં !

**માણસ સ્વાર્થ સધે ત્યાં કેવો સેવામાં ઘેલો ઘેલો થઈ જાય છે ? કહે છે ને કે ગરજે ગધેડાને પણ બાપ કહે !**

**વિચાર માત્ર આ નથી કે, 'પ્રભુની કૃપાથી કેટલો ય સ્વાર્થ સધ્યો છે ને સીધી રહ્યો છે, તો ત્યાં સેવામાં ઘેલો ઘેલો બનું.'**

**સરસ્વતી પ્રગટ થાય છે :-**

"સરસ્વતીને કોઈ કોડ નથી કે પતિને જીવનભર ગુલામ કરીને રાખું. આ તો માત્ર થોડું એને સમજાવવું છે કે 'અભિમાન અને દ્રોહ કરવામાં શું ફળ આવે ? અને પતિ અવસરે પત્નીનો ય કેવો દાસ થઈને રહે ?' એટલે એવા કોઈ કોડ તો હતા જ નહિ, તેથી થોડો વખત એમ જ ચલાવી, પછી દેશ તરફ જતાં વચમાં જ એક વાર દેવદિન્નને બહાર બેસાડી પોતે ઓરડીમાં જઈ વેશ બદલી મૂળ વેશ પહેરી લે છે, અને દેવદિન્નને અંદર બોલાવે છે. અંદર જતાં જ દેવદિન્ન એક વેપારીને બદલે પોતાની પત્ની સરસ્વતીને જોતાં ચોંક્યો કે 'આ શું ? વેપારી સિવાય તો આ ઓરડીમાં કોઈ ગયું નથી, તો વેપારી ક્યાં ? અને આ પત્ની અહીં ક્યાંથી ?'

એ આભો બની પૂછે છે, 'આ શું ? તમે અહીં ? ત્યારે વેપારી ક્યાં ?'

સરસ્વતી કહે 'વેપારી હું પોતે જ. માત્ર કપડાં જ બદલ્યાં હતાં. જુઓ આ વેપારીવેશનાં કપડાં. તમે મને ઓળખી ન શક્યા ?'

'ક્યાંથી ઓળખાય ? એટલા દૂર દેશમાં અને તે એકલા તમારા આવવાની કલ્પના જ શાની હોય ? પણ તમો આવ્યા શી રીતે ?'

"એ તો હું કહું છું. પરંતુ મને 'તમે' શાના કહો છો ? 'તું' જ કહો."

દેવદિન્ન કહે, 'આ તો નરકાગારની જેમ જોગણની કેદમાં જીવનભર માટે પૂરાયેલો, એમાંથી તારનાર-ઉગારનારને 'આપ' કહીને સંબોધ્યા હોય ત્યાં પછી તરતમાં કમમાં કમ 'તમે'નું સંબોધન તો આવે જ ને ? ખેર ! હવે હું 'તું' કહીશ. પણ આ કેમ બન્યું ?'

સરસ્વતી કહે છે, 'આ તો કાંઈ વિશેષ નથી કર્યું. આ તો તમે ધાર્યું હશે કે આના બાળપણના નાદાન વચન પર જરાક હું પત્નીને ગુલામ બનાવી રાખું.



ત્યારે મને બાળપણનું એ નાદાન વચન કે પત્નીએ તો પતિને ગુલામ બનાવી રાખવો જોઈએ, તે અમલી થવાનો કુદરતે પ્રસંગ બની આવ્યો. ક્ષમા કરજો મારા અવિનયને.'

**સરસ્વતીનો અવિનય શાનો ? :-**

દેવદિન્ન કહે 'ક્ષમા શાની માગે ? તેં તો મને જાણે સંસારરૂપી કૂવામાંથી બહાર કાઢ્યો. ત્યાં અવિનય શાનો એને ક્ષમા ય શી માગવાની ? તેં તો ભારે ઉપકાર કર્યો, એટલે હું તો તારો આભાર માનું છું. પરંતુ તું અહીં શી રીતે આવી ? તને તારા પિતાના ઘરે ખબર શી રીતે પડી ?'

**સરસ્વતીનો અહેવાલ :-**

સરસ્વતી કહે 'ગભરાતા નહિ. તમારા જવા પર તમારા માતા પિતાને કેટલું બધું દુઃખ હતું તે એમણે તમારા ગયા પછી તરત જ મને ઘરે તેડાવી લીધી. આ પછી તમારો પત્ર આવ્યો ત્યાં એમને દુઃખનો પાર નહિઃ ત્યારે મેં એમને આશ્વાસન આપી આ અહીં વેપારી તરીકે આવી તમને છોડાવવાનો ઘાટ ઘડ્યો. એ તો મને કહે કે 'એક તો છોકરો ગુમાવ્યો, હવે પાછી એવા અનાડી રાજ્યમાં તને ક્યાં ગુમાવીએ ?' એમ કહી મને આવવા દેતા નહોતા. એમનું દિલ તો તમારા માટે ઘણું દાઝતું હતું, પરંતુ સાથે કાયર બની ગયેલું તે હું ય તમારી જેમ ક્યાંક ફસાઈ જઈશ એવી ધારણા કરતા હતા. પણ મેં એમને વિશ્વાસ આપ્યો કે મુંઝાશો નહિ, કશી શંકા રાખશો નહિ. અરિહંત પ્રભુના પ્રતાપે હું એમને છોડાવી લાવીશ. એમને વિશ્વાસ પડ્યો અને મને અહીં મોકલી. પછી તો જેમ તમારે બન્યું હશે એમ મારે બન્યું ! માત્ર, જોગણે મારા આવાસે છુપાવરાવે એની સોનાની થાળી આપણા માણસે ગુપ્ત રીતે લઈને એના જ આવાસમાં જઈ છૂપાવી દીધી બસ, પછી તો તમે જાણો છો કે શું બન્યું.'

દેવદિન્ન કહે 'વાહ ! કેટલી બધી તારી હિંમત, ને કેવી ગજબ અક્કલ ?'

**ઉપકાર તો પ્રભુનો :-**

સરસ્વતી કહે છે, 'આમાં મારી હિંમત અને અક્કલ કશી નથી. આ તો બધો અરિહંતપ્રભુનો ઉપકાર છે. દેવ-ગુરુની કૃપા વિના આવાં કપરાં કામ કેમ સીઝે ? માણસનું મિથ્યાભિમાન છે કે બધાં પરાક્રમ હું જ કરું છું. આ તો પૂર્વ જન્મમાં પ્રભુને કાંક સેવ્યા હશે, તે એમના પ્રભાવે આ માનવજન્મથી માંડીને આટલી અક્કલ સુધીની બધી પુણ્યાઈ મળી. આ બધું પ્રભુના ઘરનું છે, આપણી હોશિયારીનું નહિ.

દેવદિન્ન કહે 'એ તો બરાબર છે. પરંતુ પ્રભુની પછી ય મારે તારો તો

મહાન ઉપકાર માનવો જ જોઈએ ને ? ઉપકાર તો એટલો બધો મોટો છે કે એનો હું બદલો શી રીતે વાળીશ ?'

**ઉપકારના બદલા કરતાં વધારે :-**

સરસ્વતી અહીં બરાબર મોકો જોઈ કહે છે, 'જુઓ બદલો ઉપકારથી ય વધારે વાળવાનું બને એવું છે,'

'કહે કહે જલ્દી કહે, શી રીતે બદલો વળે ? તારા જેવી દેવીની તો હું જીવનભર ગુલામી ઉઠાવવા તૈયાર છું.'

'મારે તમારી ગુલામી નથી જોઈતી. ગુલામી તો દેવ-ગુરુની ઉઠાવો. બદલો તો એ રીતે કે તમે મને દીક્ષા લેવાની રજા આપો.'

દેવદિન્ન કહે 'અરે ? આ તું શું માગે ? હજી તો તું મારા છેહ દેવા પર રોતી હોઈશ, તે હવે તો તારે સુખશાંતિનો અવસર આવ્યો. ત્યાં તું ચારિત્રના મહાકષ્ટમય માર્ગે જવાની વાત કરે છે ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૨૩,તા.૭-૩-૧૯૭૦**

"દેવદિન્નને ક્યાં ખબર હતી કે આ સરસ્વતી કોઈ સામાન્ય સ્ત્રી જેવી નહિ કે પતિના છેદ દેવા પર રોતી બેસી રહે ? ખરેખર,

**મહાન આત્માની મહાનતા કલ્પનામાં આવવી પણ સહેલી નથી, તો જીવનમાં ઊતરવાની તો વાતે ય શી ?**

**સરસ્વતીનું ઊંડું તત્ત્વ-દર્શન**

દેવદિન્નને કલ્પના નથી, એટલે સરસ્વતી કહે છે,

'જુઓ, તમે છેહ દીધો એવું હું માનતી નથી. તમે તો મારા પર મહાન ઉપકાર કર્યો કે અનાદિની ચાલી આવતી મોહની ઘોર નિદ્રામાંથી મને જગાડી. મેં જોયું કે પતિ મને ન બોલાવે એમાં દુઃખ શાનું થાય ? દુઃખનું કારણ એ નથી.

**દુઃખનું કારણ તો મારા અંતરમાં રહેલી કામવાસના જ છે.** એ જો ન હોત તો તો પરણત જ શા માટે ? અને પરણ્યા પછી ય વાસના જ ન હોત તો પતિ ન બોલાવે એમાં રાજી થાત કે ચાલો વાસનાની પશુરમતથી બચવાનું મળ્યું. એટલે દુઃખ જ વાસનાનું છે. એણે જ જીવને જનમ જનમ ભટકાવ્યો; અને અનંત વાર નરકની કારમી અગ્નિધીખતી ભઠ્ઠીઓમાં શેકાવ્યો છે."

**અહીં પણ વાસનાના જ પાપે રૂડા પરમાત્માને બાજુએ મૂકી વાસના પૂરનારના શરણે જવાય છે, ને એની દિનરાત ગુલામી-સેવા ચાકરી કરાય છે. આટલા ઊંચા**



**આર્ય માનવ અવતારે શરણું પરમાત્માનું ને સાધુ-મહાત્માનું લેવાનું ? કે મોહમૂઢ કૂતરા-કૂતરી પરસ્પરનું શરણું લે એવું શરણું લેવાનું ?**

બસ ! જુઓ ભાગ્યશાળી ! તમે તો મારા પર એવો સરસ ઉપકાર કર્યો કે વાસનાના પાપે ગરીબડી બનેલી મને ચૂંટી ખણીને ઊભી કરી કે

'ઊઠ ઊઠ રાંકડી શાની થા ? વાસનાનો આ શિયાળિયો આંચળો ફગાવી દે પછી જો તારામાં કેવું પરાક્રમી સિંહણપણું છે ?' બસ, આ પ્રેરણાથી હું સજાગ બની. મેં આનંદ માન્યો કે હવે તો મારે સોભાગી પતિ મળવાથી નિર્મળ બ્રહ્મચર્ય પાળવાની તક મળી છે, તેથી હવે એ જ ખપે, અને હવે સંસારમાં ય રહીને શું કરવું છે ? માટે ચારિત્રમાર્ગે સિદ્ધ સિધાવાનો મેં નિર્ણય કર્યો. માત્ર લોકો નિંદા ન કરે કે 'જોયું ? આનામાં કાંક અપલક્ષણ હશે તે પતિએ તરછોડી એટલે હવે બાવી બનવા નીકળી,' આમ નિંદા ન કરે તેથી ઉચિત અવસરની રાહ જોતી બેઠી હતી, તે હવે અવસર આવી મળ્યો છે. માટે મને ખુશી થઈને રજા આપો એટલે હું સંયમજીવન અપનાવી ભવ સફળ કરું. તમારે ઉપકારનો બદલો વાળવો છે ને ? તો આટલો ઉપકાર તમે કરો.'

**બે આશ્ચર્ય :-**

દેવદિન્ન આ સાંભળીને તાજુબ થઈ ગયો. એને બે આશ્ચર્ય લાગ્યા કે 'ઓહો ! આ બાઈ આટલી બધી ઊંચી ભાવનામાં ચડી ગઈ છે ? (૧) દુનિયામાં જ્યાં પતિ-પત્ની સાથે રહેતા હોય ત્યાં ય જો એકાદ દિવસ એકાદનું અબોલું થાય તો હોળી સળગે છે, ત્યાં આ બાઈ જાણે જીવનભરને માટે તરછોડાયેલી એના દિલમાં કોઈ આગ નહિ, બહાર કોઈ ભવાડો નહિ, ને ઊંચી તત્ત્વબુદ્ધિમાં ઝીલતી થઈ ગઈ ! એમાં વળી

(૨) હવે જ્યારે હું એને એક દેવી માનું છું; અને મારી જાતને એના દાસ તરીકે સમજું છું ત્યારે તો આને કેવી ય સુખ-સાહ્યબીમાં મહાલવાનો અવસર મળ્યો ગણાય ? ત્યાં આ કઠોર કષ્ટમય સંયમમાર્ગે જવાનું કહે છે ? આટલો બધો એને આ સંયોગમાં સંસાર અકારો લાગે છે ?'

**જાતને તપાસો :-**

દેવદિન્નની અક્કલ કામ કરતી નથી. ક્યાંથી કરે ? ગંભીર તત્ત્વ પરિણતિ-વાળાને સ્વર્ગના સંસાર પણ કૂચા લાગે એની મોહાંધને ગમ ન પડે. તમને શું લાગે છે ? તમે દેવ અને પત્ની દાસી જેવી થઈને રહેવા તૈયાર હોય, અને રંગરાગની ભરપૂર સગવડ-સામગ્રી હોય તો સંસાર અકારો લાગે ? અગર આ ધર્મી શ્રાવિકાઓને શું લાગે ? પતિ દાસ જેવો બની આમને દેવી જેવી માની વર્તવા તૈયાર હોય, ને

વૈભવસામગ્રી પૂરી હોય, તો આમને સંસાર અકારો લાગે ?

**પ્ર.**- દેવ-દેવી જેવા બનવાનું હોય અને સામા દાસ-દાસીની જેમ વર્તતા હોય, ને એમાં વળી વૈભવ-સામગ્રી ભરપૂર હોય એ કોને ન ગમે ? ત્યાં સંસાર શી રીતે અકારો ઝેર જેવો લાગે ?

ઉ.- બસ આ વાત છે કે સમ્યગ્દષ્ટિ આત્મા કેવો હોય ? તો કે **'સુરનર-સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક,'** એવો હોય. કેમ એમ ? તો કહ્યું, **'નારક-ચારક-સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; ચાહે નીકળવું,'** એવો સમકિતી જીવ હોય.

શું સમજ્યા ?

જીવને સંસારસુખનો રાગ વિષયરાગ, છૂટવો એટલો બધો કઠિન છે, કે એ સુખ અને એ મનગમતા વિષય મળવા પર એમાં ઓતપ્રોત આસક્ત બની જાય છે; ત્યાં એને એ અકારા ઝેર જેવા ક્યાંથી લાગે ? માટે જ સમજી રાખો કે

**આપણાં જીવનમાં તપાસો તો દેખાશે કે આપણને સમ્યગ્દર્શનને આવતું મિથ્યાત્વ જેટલું નથી અટકાવતું એટલું વિષયરાગ અટકાવે છે.**

આત્માના સમ્યગ્દર્શન ગુણને બાધ કરનારાં બે તત્ત્વ છે, (૧) મિથ્યાત્વ-મોહનીય કર્મનો ઉદય, અને (૨) અનંતાનુબંધી કષાય મોહનીય કર્મનો ઉદય.

**મિથ્યાત્વમોહ જીવને સાચાને સાચું માનવા દેતો નથી;** એટલે એ મોહના ઉદયને લીધે સાચું એ ખોટું લાગે છે, ખોટું એ સાચું લાગે છે. હેય (ત્યાજ્ય) એ ઉપાદેય (ગ્રાહ્ય) લાગે છે, અને ઉપાદેય એ હેય લાગે છે, અતત્ત્વ એ તત્ત્વરૂપ ભાસે છે, ત્યારે તત્ત્વ અતત્ત્વરૂપ લાગે છે. સર્વજ્ઞ ભગવાનનું દર્શન ન મળ્યું હોય એટલે સર્વજ્ઞના દેખેલા વાસ્તવિક તત્ત્વનો બોધ ન મળેઃ એટલે એની શ્રદ્ધા ન થાય; અને અસર્વજ્ઞના કહેલા કલ્પિત તત્ત્વ કે જે ખરેખર અતત્ત્વરૂપ છે, એનો બોધ મળવાથી એની શ્રદ્ધા થાય છે, અને એ જ સાચાં તત્ત્વ ભાસે છે. આ બધું મિથ્યાત્વમોહનીય કર્મના લીધે.

**બીજા ધર્મ ક્યાંથી ? :-**

હવે અહીં હકીકત એ છે કે આ અવસર્પિણીમાં અહીં ધર્મરહિત યુગલિક કાળ પછી પહેલવહેલો ધર્મ સર્વજ્ઞ વીતરાગ શ્રી ઋષભદેવપ્રભુએ બતાવ્યો. માટે જ બીજા ધર્મો પણ આદિ દેવને મૂળ પુરુષ માને છે. પછી એમના ધર્મમાંથી અનેક ફાંટાઓ નીકળ્યા તે જુદા જુદા સ્વરૂપે ઓળખાયા. સાથે એમાં મૂળ ધર્મના ઝરણારૂપે આત્મા, પરલોક, મોક્ષ, વૈરાગ્ય, વગેરે તત્ત્વ અપનાવવામાં આવ્યા; પરંતુ તે પોતાની મતિ મુજબનાં સ્વરૂપ કલ્પીને. તેમ બીજા અનેક તત્ત્વ સ્વબુદ્ધિએ કલ્પવામાં



આવ્યા. એટલે એવા ધર્મની શ્રદ્ધાવાળાને વૈરાગ્ય પણ મળવો સુલભ થયો, એટલે જ સાંભળવા મળે છે કે ભર્તુહરિ પતંજલિ, તામલિ તાપસ, પૂરણ તાપસ વગેરે વૈરાગ્યવાસિત બની ઘરવાસ ત્યજી વનવાસ સેવનારા બનેલા. સર્વજ્ઞદર્શન નહિ મળેલું; તેથી સમ્યક્ તત્ત્વ નહિ મળવાથી સમ્યગ્દર્શન નહિ પામેલા. પરંતુ વિષયરાગ એટલો બધો દબાવેલો કે એમને સ્વર્ગનાં સુખની પણ કામના નહિ. માટે તો,

**તામલિ-પૂરણ તાપસને સમ્યક્ત્વ કેમ નહિ ? :-**

તામલિ તાપસને ભવનપતિની ઈંદ્રાણીઓએ પોતાના પતિ ઈંદ્ર થવાનું નિયાણું કરવા ઘણી ઘણી વિનંતિ કાલાવાલા કર્યા, છતાં તામલિ તાપસે એકમાત્ર મોક્ષની કામના રાખી એને વશ ન થયો.

ત્યારે અહીં તામલિ તાપસને મિથ્યાત્વને લીધે સમ્યગ્દર્શનની રુકાવટ હતી, પરંતુ તે એવી નહિ કે જેવી વિષયરાગીને હોય. તેથી જ તામલિ એ જન્મ પૂરો થયે ઈશાન દેવલોકનો ઈંદ્ર થયો તો ત્યાં ઝટ સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયું. એમ વૈરાગી પૂરણ તાપસને પણ મરીને ચમરેન્દ્ર થતાં સમ્યગ્દર્શન ઝટ પ્રાપ્ત થયું. વિષયરાગને દબાવી વિષય-વૈરાગ્ય સતેજ થયો હતો તો બીજા જ ભવે મિથ્યાત્વ પીગળી જઈ સમ્યક્ત્વ આવતાં વાર ન લાગી.

ત્યારે મિથ્યાત્વને દબાવાનો જ્યાં અવસર છે ત્યાં વિષયરાગનું જો જોર હોય છે તો સમ્યક્ત્વ આવવું કઠિન બને છે.

**ઈંદ્રભૂતિ ગૌતમ વગેરે** ૧૧ બ્રાહ્મણ વિદ્વાનોને અને એમના ૪૪૦૦ વિદ્યાર્થીઓને એવો વિષયરાગ નહિ પીડતો હોય તેથી સર્વજ્ઞ શ્રી મહાવીરપ્રભુનો સમાગમ મળતાં મિથ્યાત્વનો ત્યાગ થઈ એમને સમ્યગ્દર્શન અને ઠેઠ ચારિત્ર સુધી આવતાં વાર ન લાગી. પરંતુ એ જ મહાવીરપ્રભુનો સમાગમ છતાં કેટલાય વિષયાંધ જીવોને સમ્યક્ત્વ પણ સુલભ ન બન્યું. તીવ્ર વિષયરાગ સમ્યક્ત્વને અટકાવે છે.

**સમ્યક્ત્વનું પારખું :-**

આજે આપણી જ દશા જુઓને. શું પ્રભુ અને પ્રભુનું ધર્મશાસન નથી મળ્યાં ? છતાં સમ્યગ્દર્શન આપણે પામી ગયા અને હવે એ બરાબર ટકી રહ્યાનો દાવો રાખી શકીએ છીએ ? સ્વાત્માને છેતરવાનું ન થાય એ જોજો. 'મને સુદેવ-સુગુરુ-સુધર્મની શ્રદ્ધા છે માટે સમ્યક્ત્વ છે, 'એમ માની લેવાની ઉતાવળ ન કરશો એ તપાસજો કે અનંતાનુબંધીના કષાય યાને તીવ્રરાગાદિ શમ્યા છે ? આત્મામાં પ્રવર્તતા રાગ-દ્વેષ, ક્રોધ-અભિમાન, માયા-લોભ વગેરે અકારા લાગે છે ? કોઈ વિષયરાગ કોઈ કુટુંબી જન પર રાગ, કોઈ અહંત્વ, કોઈક અણગમતી વ્યક્તિ યા વિષય પ્રત્યે દ્વેષ. કોઈ પ્રપંચ-દાવપેચ-પોલિસી વગેરે કરાય છે એ તો બરાબર છે, કરવા જ

જોઈએ, એમાં કશું ખોટું નથી' એવું મનને લાગ્યા કરે છે ખરું ? 'સરકાર આવા ઈન્કમટેક્ષ સેલ્સટેક્ષ વગેરે નાખે એટલે શું એને બધો વેપાર-નફો-ચોપડા સીધેસીધા બતાવી દઈએ ? એ તો મોટાટેક્ષમાં ન ફસાવા બધું વ્યવસ્થિત યોજના બદ્ધ કરવું જ પડે, એમાં કશું ખોટું નથી,' આવું શું નથી લાગતું ? જો લાગે છે તો એ માયા, એ ધનરાગ, અકારા ક્યાં લાગ્યા ? શાસન નથી મળ્યું ? મળ્યું છે છતાં વિષયરાગ અકારો લાગવો કઠિન બન્યો છે. પછી સમ્યક્ત્વ સહેલું ક્યાંથી થાય ?

પુણ્યના ઉદયે પૈસા-સુખ-સગવડ મનધાર્યા મળ્યા હોય, પત્ની બહુ જ પ્રેમાળ અને સેવાભાવી તથા આજ્ઞાંકિત મળી હોય, ત્યાં એના પર થતો રાગ-આસક્તિ મમતા અકારા લાગે છે ? કે શું એના બદલે એવું થાય છે કે 'આવી પ્રેમાળ પત્ની પર તો રાગ રાખવો જ જોઈએ ને ?' એવું લાગે છે ?

બસ, વાત આ છે કે મિથ્યાત્વ કરતાં વિષયરાગ સમ્યક્ત્વને અટકાવવામાં વધુ ભાગ ભજવે છે.

**સરસ્વતીએ** એ વિષય-રાગને પહેલેથી દબાવ્યો છે. એટલે હવે તો પતિ દાસ જેવો બની આવ્યો છતાં એ વૈરાગ્યથી ચારિત્રની રજા માગે છે.

તમને લાગશે કે 'આટલી બધી અનુકૂળ સુખ-સગવડમાં વૈરાગ્ય કેમ થાય ?' પરંતુ બે વાત જો બરાબર લક્ષ પર લો તો વૈરાગ્ય આવવો કઠિન નથી,

**(૧) 'વિષયો પર રાગ કરવામાં ખોટી ખણજો અને મનના વિકાર પોષાય છે ને એમ ખણજોનો અંત નહિ આવે; તો મારે વિષયરાગ પાછળ આ ખણજો ક્યાં સુધી પોષવી ? ને મન ક્યાંસુધી બગાડતા રહેવું ?' આ વિચાર વારંવાર રહેવો જોઈએ.**

**(૨) વિષયરાગ અને એની પાછળના બીજા ધનમમત્વ-આરંભ-પરિગ્રહ વગેરે પાપ કરાય એથી કર્મસત્તા વહેલા કે મોડા મને દંડી નાખવાની છે. તો એવા દંડ શા સારુ ઊભા કરું ?'** આ વિચાર જોઈએ.

અનંતા મોટા ચક્રવર્તીઓ ય દંડાઈ ગયા, અને અનંતા ભિખારીઓ પણ કારમા વિષયરાગમાં મરી સાતમી નરક સુધી પહોંચી ગયા. અરે ! મોટા ચૌદપૂર્વી મુનિઓ પણ વિષયરાગમાં જો ફસાયા, તો નિગોદમાં ચાલી ગયા.

**કર્મસત્તાના દંડ કેવા ?**

જુઓ પેલો માયાદિત્ય ધનરાગમાં માયા રમવા ગયો, પણ કર્મસત્તાએ એને કેવો દંડી નાખ્યો ? કર્મસત્તા મદ-વિષયરાગ-ધનરાગ-માયા વગેરે કરનારને વહેલા કે મોડા દંડ્યા વિના રહે નહિ. માયાદિત્યને માયાથી દંડાવું પડ્યું. પણ સ્થાણુએ સજ્જનતાથી એનો ઉદ્ધાર કર્યો. સ્થાણુ પોતે એનાથી જીવલેણ સ્થિતિમાં મૂકાયેલો, છતાં એ એવાય દુર્જનને હવે વાંસના જાળામાંથી બહાર કાઢે છે, અટવી લાંઘી



ગામમાં લઈ જાય છે, પાટાપિંડી વગેરે સારવાર કરી સાજો કરે છે, અને પોતાના પાંચ રત્નોમાંથી અડધા એને આપવાનું કહે છે.

છે ઉપકારને હદ ? સજ્જનતાને હદ ? ના,

**અનંતાનંત કાળની ચાલી આવેલી બેહદ ખરાબીઓને જેણે કાઢવી હોય એને મર્યાદિત સજ્જનતાથી કેમ ચાલે ? એણે બેહદ સજ્જનતા અપનાવવી જ પડે.**

ત્યારે આ સ્થાણુની બેહદ સજ્જનતાનો પ્રભાવ જુઓ, કે એથી માયાદિત્યની બહારની વ્યાધિ તો ગઈ; પણ હવે અંદરની આત્માની વ્યાધિ પણ જાય છે. એના મનને થયું કે,

**માયાદિત્યને પસ્તાવો :-**

'અરે ! આ શું ? હું આ સ્થાણુની પ્રત્યે કપટ રમી રમી એને કષ્ટમાં નાખું છું, યાવત્ મેં એને ઠેઠ કૂવામાં ધકેલી દેવાનું કર્યું, અને આ મને આટલો બધો બચાવી લે છે ! ઉપરથી પોતાની કમાઈનો અડધો ભાગ મને આપવા તૈયાર છે ! ખરેખર ચંદ્રમામાંથી ક્યારે ય અંગારવૃષ્ટિ ન થાય. એમ આ સ્થાણુમાંથી ક્યારે ય દુર્જનતાનો વ્યવહાર જોવામાં નથી આવ્યો. એણે સજ્જનતા હદપાર કર્યે રાખી, ત્યારે મેં દુર્જનતાની કરણી હદપાર કર્યે રાખી. તો મારું શું થશે ? હું હવે જીવવાને લાયક નથી. માટે અગ્નિસ્નાન જ કરું.'

માયાદિત્યનો હવે હૃદયપલટો થઈ ગયો. સ્થાણુની સતત સજ્જનતાએ એના હૃદય પર ભારે અસર કરી. સજ્જનતા, ઉદારતા, ગંભીરતા સહિષ્ણુતા વગેરે ગુણ સાચવવામાં ધીરજ જોઈએ. કેટલીય વાર વિઘ્ન તકલીફ કે સામેથી દુર્જન વ્યવહાર આવતો દેખાય, પરંતુ આપણે ધીરજ રાખીને એ સજ્જનતાના ગુણ નહિ છોડવાના. તો પૂછો,

**પ્ર.**- તેથી શું સામામાં હૃદયપલટો થાય જ ?

ઉ.- નિયમ નહિ; ન પણ થાય. છતાં આપણે તો લાભમાં જ છીએ. જોજો ટૂંકા હિસાબમાં તણાશો નહિ કે 'એમ તો આપણે પૈસા ગુમાવવાનું થાય; કે વ્યવહારમાં દબાવાનું થાય;' આ ટૂંકો હિસાબ છે. લાંબો હિસાબ એ, કે એમ

**(૧) ગુમાવવાનું કદાચ જો થશે, તો તે સજ્જનતાને આભારી નહિ, પણ ખરી રીતે તો આપણાં પૂર્વકર્મને આભારી છે.** શ્રીપાળે એવા કર્મના ઉદય વખતે ગુમાવ્યું; પણ કર્મનો ઉદય સુધરતાં એથી ય વધુ પ્રાપ્ત કર્યું, એ તો કર્મના હિસાબ ચાલ્યા કરે, પણ આપણે સજ્જનતાદિ ગુણ નહિ ગુમાવવાના; એમાં ધીરજ નહિ ખોવાની. બીજી વાત એ છે કે,

**(૨) પૈસા કે સન્માન સગવડ ગુમાવીને પણ જો સજ્જનતા-ઉદારતા-સહિષ્ણુતા**

**વગેરે ગુણ કમાવાનાં મળે છે તો એના જેવી ધન્ય ઘડી બીજી કઈ ?**

આ સૂત્ર બહુ યાદ રાખવા જેવું છે;

(૧) નાશવંત સંપત્તિ ખોઈને અવિનાશી સંપત્તિ મળતી હોય,

(૨) માટીની માયા જવા દઈને આત્માની સમૃદ્ધિ આવતી હોય,

(૩) પરના માલ વેચાઈ જઈને સ્વના મહામાલ ઊભા થતા હોય,

તો એ અવશ્ય વધાવી લેવા જેવું છે.

**શાંતિનાથ પ્રભુના જીવ** મેઘરથ યા વજ્રયુધ, રાજાએ શરણે આવેલા પારેવાની બાજ પક્ષીથી રક્ષા કરી, એ દેવતાઈ પરીક્ષા હતી એટલે એમાં બાજ પક્ષી કહે, 'મારે તો જીવતામાંથી કાપેલું તાજું માંસ જોઈએ' તો રાજાએ ત્રાજવું મંગાવી પારેવાના વજન જેટલું માંસ પોતાના શરીરમાંથી કાપી આપી દેવાનું કર્યું. આમ તો પારેવાનું વજન કેટલું ? પરંતુ આ તો દેવમાયા છે ને ? એટલે રાજા પોતાના શરીરમાંથી માંસના લચકે લચકા પારેવાના પલ્લાની સામે પલ્લામાં મૂક્યે જાય છે, છતાં પારેવાનું પલ્લું નીચું ને નીચું જ રહે છે. ત્યારે છેવટે પોતે સમગ્ર પોતાનું શરીર પલ્લામાં મૂકી દઈ કહે છે 'લે આ આખા શરીરથી તારું પેટ ભર. પણ પારેવાને હણીશ નહિ.'

અહીં એ જોવાનું છે કે પોતાના શરીરમાંથી ઉપરાપર માંસના લચકા કઈ જીગર પર કાપી કાપીને મૂકતા ગયા ? કેવી વિચારણા ઉપર હોંશથી એ ઘોર પીડા પોતાના જ હાથે ઊભી કરી સહર્ષ સહતા ગયા ? જુઓ સામે તો બાજપક્ષી એટલે એક પંખીમાત્ર છે ને ? તો એને ધુત્કારી ન કાઢે કે 'ચાલ, ચાલ, તું બીજા નિર્દોષ જીવની હિંસા કરવાવાળું પંખી, તને અહીં શું હું મારી પાસે આવેલા પારેવાની હિંસા કરવા દઉં ? હટ અહીંથી' આમ કેમ ન ધૂત્કાર્યું અને ?

કદાચ કહો કે "પંખી છતાં મનુષ્યની ભાષામાં બોલે છે એટલે લાગ્યું હોય કે 'ખરેખર આ પક્ષી નહિ, પણ કોઈ દેવમાયા યા યોગિમાયા હોય,' તેથી ન ધુત્કારે"

તો ભલે ધુત્કારે નહિ, પરંતુ માત્ર સાફ ઇન્કાર તો કરી શકે ને કે 'અહીં શરણે આવેલું પારેવું નહિ મળે. થોડો જ આ તારો માલ છે ?' ત્યારે એ જોવા જેવું છે કે એકલો ઈન્કાર જ ન કરતાં બાજપક્ષીને પોતાના દેહના માંસથી સંતોષવાનું કર્યું એમાં પોતાના દિલની કેટલી મોટી ઉદારતા ? કેવી ન્યાયપ્રિયતા ?

**પારેવાની દયા માટે આત્મભોગ દેવા પાછળ કઈ વિચારણા ? (૧) 'અસારને ગુમાવીને સાર કમાવાનો મળે છે.** જો નાશવંત પારકા અને અસાર દેહથી અવિનાશી સ્વકીય અને મહાસારભૂત દયાસ્વરૂપ આત્મસંપત્તિ કમાઈ શકાતી હોય તો એના જેવી બીજી ધન્ય ઘડી કઈ ? માટે એ તો કમાઈ જ લેવા દે, ભલે એ માટે શરીર



જતું કરવું પડે. શરીર જઈને દયાની આત્મસંપત્તિ આવે છે ને ? તો એ તો કોલસા ગુમાવીને હીરા કમાવા જેવું છે. શરીર તો નાશવંત છે, એક દિવસ અવશ્ય જવાનું છે, ચેહમાં સળગી જઈ રાખ થવાનું છે. ત્યારે જીવની કરેલી દયાનો સંસ્કાર ચિરંજીવી બની સાથે આવવાનો. એ તો બીજરૂપ બની અનંત દયામાં પરિણમવાનો, એટલે અવિનાશી સમૃદ્ધિ કરવાની છે.'

(૨) **'એમ, દેહ એ તો પર વસ્તુ છે.** આત્માની પોતાની ચીજ નહિ. કેમકે એ જડ પુદ્‌ગલ છે. ત્યારે આત્મા તો અરૂપી ચેતન વસ્તુ છે. જડ એ ચેતનની વસ્તુ ચેતનનો માલ ન બની શકે. જડ અને ચેતનના માલ-માલિકી ભાવ ક્યાંથી હોય ? માટે તો ચેતન આત્માને પાપથી પિંડ મોટા કર્યા પછી પણ એ પિંડ ગુમાવવા પડે છે, અને નવાની પાછી વેઠ કરવી પડે છે. પોતાની માલિકીના માલ હોય તો શું કામ ગુમાવવાનું બને ? માટે પિંડ-દેહ-ક્લેવર એ આત્માની ચીજ નથી; એ તો પર માટી છે. દયા માટે પર માટીને જતી કરીને પોતાનો માલ દયાગુણ ઊભો થતો હોય તો શું કામ ન વધાવી લેવો ?

**દયા એ તો એવો પોતાનો ગુણ છે કે જે આત્મા સાથે જડબેસલાક લાગી જઈને આવડત અને પુરુષાર્થ હોય તો અનંત દયાસુધી વિકસે છે.**

(૩) **'એમ, દેહ એ અસાર છે;** વર્તમાનમાં ય અસાર; કેમકે મલિન પદાર્થોના સંચયમાત્ર છે; તેમજ અંતે પણ અસાર; કેમકે બળીને રાખ થવાનો છે. જનાવરના શરીરમાંથી તો એ મરી ગયા પછી ચામડું કામ લાગે, પણ મનુષ્યની કાયાનું કશું ઉપયોગી નહિ ! આવી અસાર કાયાનો શો મોહ કરવો ? એ મોહમાં જ આત્મા ભૂલાય છે, આત્માનું નિકંદન કઢાય છે. માટે અસાર કાયાથી દયા સામા જીવને સમાધિ આપી દુર્ગતિના પાપથી બચાવે, અને પોતાના જીવને આગળ મહાઅહિંસા આદિ સારભૂત સંપત્તિ કમાવી આપે.'

રાજાએ આ વિચાર્યું એટલે નાશવંત પર અને અસાર દેહને જતો કરી અવિનાશી સ્વકીય અને સારભૂત દયા કમાઈ લેવાનું હોંશથી કર્યું; આપણે પણ નાશવંત શું શરીર કે શું લક્ષ્મી, યા શું સંસારસુખ-સગવડો, એ ખોઈને પણ અવિનાશી સુકૃતો સદ્‌ગુણો કમાઈ લેવાના મળતા હોય તો એ સોનેરી તક ગુમાવવી નહિ જોઈએ. ત્યાં મનને શા માટે ઓછું લગાડવું કે 'અરેરે આ મારું સુખ કે માન જાય તો શું થાય ?'

**ક્ષમા માટે વિચારણા :-**

દા.ત. કોઈક પ્રસંગમાં ક્ષમા કરવા જઈએ ક્રોધ ન કરીએ તો સામો આપણને દબાવી જતો હોય, યા બીજાઓ આપણને કાયર-બાયલા કહેતા હોય, તો ત્યાં આ

જ વિચાર જોઈએ કે 'આ સામાથી દબાઈ જવાનું અને બીજાઓની દૃષ્ટિમાં કાયર-બાયલા દેખાવાનું એ તો એક નાશવંત વસ્તુ છે. આપણું પુણ્ય જાગતું હોય તો કાંઈ કાયમનું દબાવાનું રહેવાનું નથી. કદાચ એમ પુણ્ય જાગતું ન હોય તો ક્રોધ કરવા છતાં ય દબાવાનું તો રહેવાનું જ છે. પછી ક્ષમા ગુમાવી ક્રોધ કર્યો એથી શું વળ્યું ? ખરી રીતે જોઈએ તો દેખાય કે,

**આપણે કર્મથી કેટલા બધા દબાયેલા છીએ ? તેમ આપણી જાતે જ એ આંતરિક દુશ્મનો ક્રોધ-અભિમાન વગેરેથી કેટલું બધું દબાવાનું કરીએ છીએ ?**

**સામાની દબામણી બહુમાં બહુ તો આ એક જનમ સુધી; ત્યારે કર્મો અને કષાયોની દબામણી જન્મો જન્મની.**

**તો શું કામચલાઉ દબામણી ન ગમે ? અને કાયમી અનંત કાળ ચાલે એવી કર્મ અને કષાયોની દબામણી ખપે ?** કઈ અક્કલે આ ધંધા ચાલે છે ? દબામણી તો કર્મોની અને કુટિલ કષાયોરૂપી આંતર દુશ્મનોની ખટકવી જોઈએ. આવા રુડા માનવ દેહને પામી એ વિચાર જોઈએ કે 'અહીં આ સમજવા વિચારવાનો અવસર મળ્યો છે; અને આ જ દેહે કર્મો અને કષાયોની દબામણી હટાવવાનો ભવ્ય પુરુષાર્થ થઈ શકે છે. તો પછી એ કામ કરવાનું મૂકી ઊલટું એની દબામણી વધે એવો સામાને દબાવવાનો ધંધો શા માટે કરું ?'

**સહવાનું વર્તમાન દૃષ્ટાંત : સુંદર ભાવના :-**

પૂ. ગુરુદેવ શ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને ઓળખો છો ને ? એઓશ્રીએ જીવનમાં સહવાનો મુદ્રાલેખ રાખેલો. શું સમજીને કર્યું ? એ જ કે સહવાથી આભ્યન્તરમાં સારું કમાવાનું મળે છે. દર્દ સહ્યાં, કષ્ટ સહ્યાં, અગવડો સહી. ઘણું સહ્યું, ક્યારેક કોઈ નાદાન જીવ આવેશમાં આવી જઈ નાદાનિયતથી એઓશ્રી ઉપર ગુસ્સો કરી નાખે અને એઓશ્રીને દબાવા જેવું થાય, તો ય તે એમણે શાંતિથી બરદાસ્ત કરી લીધું છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૨૪,તા.૧૪-૩-૧૯૭૦**

**સહી લેવાનું કઈ સમજ પર ? સમજ આ; કે**

મારે માથે કર્મોની અને કષાયોની દબામણી ઘણી છે, ને તે પાછી અનંતા-કાળથી ચાલી આવી છે; તો હવે એને વધારવાનું શા સારુ કરવું ? એને જ દબાવવાનું કરું. સાથે સામો જીવ બિચારો કર્મવશ છે. **'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત'** એની દયા વિચારવા દે. પ્રભુનું શાસન મળ્યાથી સુંદર સમજ



અને અવસર મળ્યો છે તો ક્ષમા, સાધુ-વાત્સલ્ય, અને સર્વજીવ-સ્નેહીરૂપી મૈત્રીભાવ અને કરુણા રાખી એ કર્મો અને કષાયોનું જોર કાપવા દે; જેથી ક્રમે કરીને એની દબામણીનો કાયમી અંત આવે

આ પદ્ધતિ એઓશ્રીએ રાખેલી એટલે જ એ આવેશવાળા જીવને પાછળથી પસ્તાવો થતો, અને જઈને માફી માગતો; ત્યારે એઓશ્રી એટલું જ કહેતા, 'ભાઈ ! કષાય ન કરીએ. કષાયથી આત્માનું બગડે.' ૩૦૦ સાધુઓ એઓશ્રી ઉપર ખૂબ સદ્‌ભાવ રાખતા, અને એઓશ્રીના જવા પર આંસુ સારતા થયા; ને આજે પણ એમના વિરહને યાદ કરતાં દુઃખ અનુભવે છે કે 'તારણહાર ગયા, મહાન આલંબન ગુમાવ્યું.'

આપણી ટૂંકી બુદ્ધિએ આપણે સામાની આપણા પરની દબામણી સહી લેવા તૈયાર નથી હોતા, પરંતુ આજના કાળના આવી મહાન વિભૂતિઓનાં આલંબન લેવા જેવા છે. પૂર્વના મહાપુરુષોનાં દૃષ્ટાંત આવે ત્યારે તો ઝટ કહીએ કે 'એ તો ચોથા આરાની વાતો. આજે તો હળાહળ કળિયુગ છે. એમાં એમ દબાયા ન ચાલે.' પરંતુ આવાં દૃષ્ટાંત આ હળાહળ કળિયુગમાંનાં જ મળે છે; તો એનું આલંબન કેમ ન લઈએ ?

ધ્યાન રાખજો કે આપણને દબાવનારા, જો આપણે શાંતિ રાખી, તો આપણા ગુણથી દબાઈ જવાના અને એની બિરુદાવલિ ગાવાના અને માનોને કે આપણે તો એ રીતે ક્ષમા-સહિષ્ણુતા-વાત્સલ્યથી વર્તીએ અને કદાચ સામાઓ આપણી બિરુદાવલી ન ય ગાય, એમાં આપણે શું ગુમાવવાનું છે ? **આપણે તો એ નાશવંત સત્તા-વડાઈ-વર્ચસ્વ ગુમાવીને પણ અવિનાશી ક્ષમાદિ ગુણો અને કર્મક્ષયની કેવી મજેની કમાણી થાય ?**

જો આપણે સ્વર્ગસ્થ મોટા સાહેબના પ્રશંસક છીએ તો એઓશ્રીના જીવનમાંથી આ મહાન બોધપાઠ ગ્રહણ કરવાનો છે કે 'બહારનાને દબાવ્યાથી શું ? અંદરના કર્મ અને રાગ-દ્વેષાદિ આંતર શત્રુઓને દબાવવાનું કરો અને નાશવંત, જતું કરીને અવિનાશી આત્મસંપત્તિ સર કરો, ઋષભદેવ પ્રભુએ ૯૮ પુત્રોને આ શીખવ્યું. તો એ ભરતની સામે લડવાનું મૂકી આંતર શત્રુની સામે લડ્યા, ચારિત્ર લઈ કેવળ-જ્ઞાન પામ્યા.

**પરમાંથી સ્વ :- 'પરને જતું કરી સ્વ ને હાંસલ કરો'** આ ઉપદેશ છે. પૈસા ટકી માલમિલકત બધું 'પર' છે. એ જતું કરી દાન શીલ તપ કમાઈ લેવાના થાય એ 'સ્વ' છે, સ્વકીય સંપત્તિ છે. ધર્મના ખરચાની સામે 'આપણે તે કેટલું ખરચીએ' એવો બાલિશ વિચાર આવે ત્યાં આ વિચારવાનું કે 'મૂરખ ! આ પૈસા ટકા ગમે તેટલા સાચવ, પરંતુ અંતે એ પારકી વસ્તુ છે. પુણ્યના ઘરની ચીજ એટલે પણ

તારી નહિ, પરાધીન ચીજ છે. તો એ જતી કરીને શાશ્વતી સુકૃતકમાઈ શું કામ ગુમાવે ? સુકૃત તો તારી પોતાની ચીજ બને છે.'

**અસારમાંથી સાર :-**

એમ સન્માન-શાબાશી સત્તા-પ્રતિષ્ઠા, મજેનાં ખાનપાન- વિષયોપભોગ વગેરે તો અસાર છે. એથી આત્માને કશું સારભૂત નથી મળતું. ઊલટું એટલું પુણ્યનું વેતરણ થાય છે, અને એમાં મહેક્યા-મહાલ્યા તેથી દેવ-ગુરુ-ધર્મની સેવા ગુમાવવાનું થાય છે, આત્મ-સાધના ખોવાનું થાય છે. માટે એવા અસાર ખાનપાન સન્માન-શાબાશી વગેરેને જતા કરી સારભૂત ત્યાગ, તપસ્યા, ધર્મ-નિષ્ઠતા, દેવગુરુ સેવા વગેરે કમાઈ લે. બીજી ગતિના શરીરો મળ્યાથી આવું કમાવાનું ક્યાં મળશે ?

આવા વિચારમાં રાજા પારેવાની દયા ખાતર પોતાના શરીરમાંથી માંસના લચકા કાપી કાપીને ત્રાજવામાં મૂકતો ગયો. વાત આ છે કે :-

**નાશવંતમાંથી સ્થાયી, પરમાંથી સ્વકીય, અને અસારમાંથી સારભૂત કમાઈ લેવાનો ઉત્તમ અવસર આ આર્ય મનુષ્યજનમમાં છે.**

એવા ઉત્તમ અવસરને એ કમાઈ વિના એળે કેમ જવા દેવાય ? એમ, માટીની માયા ખોઈને ચેતન આત્માને હીરા જેવા ચકચકતા બનવાનું મળે એ કેમ ચૂકાય ?

વિમળશાહ, વસ્તુપાળ, ધરણશાહ વગેરેએ જિન મંદિરો બનાવવા પાછળ ક્રોડો રૂપિયાનું ધન શી રીતે જતું કર્યું હશે ? આ જ સમજીને કે આ માટીની માયા ભલે જાઓ, પણ એ આવા જિનભક્તિના ઉત્તમ કાર્યમાં જવાથી સ્વાત્માને હીરા જેવો ચકચકતો બનવાનું મળે છે. એ જ સમજ ઉપર મહાત્માઓએ ભયંકર ઉપસર્ગ સહીને કાયામાટી જતી કરી.

**આત્માની ખાતર ક્રોડોની ધનમાટી અને આખીય કાયામાટી જતી કરાય.**

**તુચ્છ ગણતરી :-**

જીવને અંતરમાં પૂછો 'ઉત્તમ ધાર્મિક કાર્યો, સેવા પરોપકાર આદિ સુકૃતો અને ક્ષમા ઉદારતાદિ સદ્‌ગુણો કમાવવાના મળે ત્યારે મનને એમ થાય છે ખરું ને કે મારે પૈસા ખરચાઈ જશે ?' મારું શરીર થાકી જશે ? મારો સમય બગડશે ?' જો આવી તુચ્છ ગણતરી મનમાં આવતી હોય તો ત્યાં માટીની માયા જ સાચવી રાખવાની રહી ને ? પોતાના આત્માને હીરા જેવો ચકચકતો કરવાની કોઈ પરવા ગરજ ખરી ? જનમ આખો આમ જ ગુમાવાય પછી સ્વાત્માને ઊજળો ક્યારે કરવાનો ? અને કર્મબંધનોની ગુલામીમાંથી ક્યારે છોડાવવાનો ?

**શું માટીની માયાની આટલી બધી કિંમત** છે કે એની ખાતર અનહદ રાગગૃદ્ધિ અને તૃષ્ણા કરાય તેમજ પછી એની પાછળ મહા આરંભ-સમારંભો આદરાય ?



જૂઠ પણ બોલાય ? અનીતિ ય આચરાય ? આગળ વધીને વિશ્વાસઘાત, કપટ, વેરઝેર ઈર્ષ્યા વગેરે જાલિમ પાપો સેવાય ? જરાક શું માન મળે એવું છે, શાબાશી-સારાપણું મળે એવું છે, માટે કરીને નિંદા કરાય ? ચાડી ખવાય ? બીજાનાં છિદ્ર ખુલ્લાં કરાય ? જૂઠ પણ ઠોકાય ? આરોપ પણ ચડાવાય ? તુચ્છ માટીની માયા પાછળ આ બધું ચલાવવાનું ?

'જીવન તપાસો કેવું ચાલી રહ્યું છે ? અજ્ઞાન મૂઢ લોકોના માન મેળવવા, શાબાશી લેવા જે એવું બધું કરાય છે, એ માટીની માયા પાછળ જ ને ? શું એ જશ, માન, શાબાશી-સારાપણું મળે એ અનંતકાળની સ્થાયી આત્માની મૂડી છે ? કે માત્ર અહીંના કામચલાઉ ક્લેવરની ટૂંક સમયની શાબાશી-જશ-માન અને સારાપણું છે ? એની ખાતર શું જન્મીને મરતાં સુધી બીજાની નિંદા, ચાડી, જૂઠડફાણ, બોલ્યે રાખવાનાં ? માયા પ્રપંચ પોલિસી કર્યે રાખવાની ? વૈર વિરોધ ઈર્ષ્યા હૈયામાં સળગતી જ રાખવાની ? **વરસમાં કોઈ એક દિવસ પણ એ અધમપાપ ન કરવાનાં પચ્ચકખાણ ખરાં ?** ઉપવાસ તો છેવટ સંવત્સરીનો ય ખરો, પણ આ નિંદાદિ પાપોનો ત્યાગ એક સંવત્સરી દિવસ માટે પણ નહિ ? પછી જિંદગીના પાછલા ભાગમાં યા છેવટના ભાગમાંય આ પાપોનો ત્યાગ ક્યાં ?

માટીની માયા પાછળ આત્માની કેવી કેવી દુર્દશા ચાલી રહી છે ? તે ય જીવનના અંત સુધી ?

**દિવાનની દુર્દશાનું દૃષ્ટાંત :-**

એક દિવાન તો; એક વાર રાજસભામાં બેઠો છે. ત્યાં એક શ્રીમંત માણસને સિપાઈઓ ગુનેગાર તરીકે પકડી લાવ્યા. રાજાની આગળ એના ગુનાની ફરિયાદ કરી. રાજા શેઠની હાજરી લે છે. શેઠ ગભરાય છે, આજુબાજુ નજર નાખે છે, દિવાન સહેજ તિરછી આંખે અને ઈસારો કરે છે કે 'ગભરાઈશ નહિ; હું તને બચાવીશ પણ રાજા એની આ તિરછી નજર જોઈ લે છે, અને દિવાનના ધ્યાનમાં પણ એ આવી જાય છે કે રાજાએ જોઈ લીધું. હવે શું થાય ?

દિવાન ગભરાયો કે મેં તો માત્ર આ એક સારો માણસ જાણી એને આશ્વાસન આપ્યું પણ રાજા મને હવે લાંચિયો માનશે. માટે શું કરવું ? કાંઈ નહિ. હવે મારી આંખ જ તિરછી રાખું, જેથી રાજાને એમ લાગે કે આને આંખનો આ દોષ જ થયો છે' બસ એમ કરી ત્યાર પછી જ્યારે જ્યારે એના પર રાજાની નજર હોય ત્યારે ત્યારે એ દિવાન પોતાની એક નજર જરા તિરછી રાખે છે.

**માટીની માયા ખાતર આત્મામાં ખરાબી :-**

દિવાનને આ એક લપ બેઠી. પણ શું કરે ? જાતે જ લપ ઊભી કરી હતી;

કેમ કે રાજાની આગળ શાહ દેખાવું હતું. તે મનને એક ભય રહ્યા કર્યો કે રખેને આંખ એવી તિરછી ન રાખતાં રાજા કદાચ પૂછે કે તમે તે દિવસે પેલા શેઠને ઈસારો કેમ કરેલો ? બસ આ ભયની કલ્પનામાં રાજા આગળ તિરછી આંખ રાખવાની લપ ઘાલી. રાજાની આગળ શાહપણું એ શું છે ? માટીની માયા. એની ખાતર માયાવી ચેષ્ટા ચાલુ રાખી; એ આત્મામાં એક ખરાબી ઘાલી. માટીની માયા જતી કરીને આત્માને ખરાબીથી બચાવી લેવાની સદ્‌બુદ્ધિ આવી નહિ.

**આત્મામાં ખરાબી ઘાલવા છતાં શાબાશી નથી મળતી :-** તો તેથી શું ધારેલી શાબાશી યાને માટીની માયા એને ખરેખર મળી ? ના; કેમકે રાજાના તો ધ્યાનમાં આવી જ ગયું હતું કે 'આ દિવાન આંખ કેમ તિરછી રાખે છે.' પણ ઉદારતાથી ગળી ખાધેલું તે એક વાર જ્યારે મંત્રી મૃત્યુશય્યામાં પડ્યો અને રાજા એની ખબર કાઢવા આવ્યો ત્યારે પણ મંત્રીએ આંખ તિરછી રાખી.

**મંત્રીના અંત સમયે રાજાની દયા : શાબાશી પરમાત્માની લો :**

ત્યાં રાજાથી ન રહેવાયું. રાજાને દયા આવી ગઈ કે 'આ બિચારો હવે પરલોક જવાના અવસરે પણ પરમાત્મામાં ધ્યાન રાખી પરમાત્માની શાબાશી લેવાને બદલે તુચ્છ ઐહિક શાબાશીમાં ધ્યાન રાખી રહ્યો છે; તો એને બચાવી લઉં'. તેથી મંત્રીને એ કહે છે, 'મંત્રીશ્વર ! તે દિવસની રાજસભાના શેઠના પ્રસંગમાં આંખ તિરછી કર્યા પછી મારી નજરમાં આંખ કેમ તિરછી રાખી રહ્યા છો તે હું જાણું છું. પણ હવે તો બહુ થયું. હવે તો અહીંથી ખપી જઈ પરલોક સિધાવાનો અવસર આવી લાગ્યો તો હવે મારી નજરમાં શાબાશી લેવાના પ્રયત્ન રાખવા કરતાં પરમાત્માની નજરમાં શાબાશી લેવાનું ધ્યાન રાખો. મારા તરફની શાબાશી તો તમને ધાર્યા પ્રમાણે મળી નથી; અને કદાચ મળી હોત તો ય તે અહીં જ પડી રહેવાની. પરલોકમાં એ કશું તમારું ભલું ન કરે; ઊલટું આત્મામાં માન ને માયા કષાય પોષી પરલોક બગાડે. ત્યારે **પરમાત્મા તરફથી શાબાશી મળે તો પરલોકમાં તમને ન્યાલ કરી દે. પણ એ શાબાશી ત્યારે મળે કે અહીંની બધી મોહમાયા પડતી મૂકી ચિત્તમાં એકમાત્ર પરમાત્માનું ધ્યાન રાખો.'**

મંત્રી સમજી ગયો કે 'ત્યારે આ મારો ખોટો પ્રયત્ન હતો. રાજા મારી તિરછી આંખને સહજ બિમારી રૂપ નહિ પણ દોષ ઢાંકવાની કૃત્રિમ ચેષ્ટારૂપ જાણે છે. એટલે તરત હાથ જોડી રાજાને કહે છે,

'મહારાજા ! ધન્ય છે આપની ગંભીરતાને કે આટઆટલા વખતથી આપ મારી માયા જાણતા છતાં કદી મને આપે ઉઘાડો ન પાડ્યો. આપની કેટલી બધી ઉદારતા કે મારી માયાને સહી લીધી ! વિશેષમાં મહાઉપકારતો એ, કે અત્યારે મારી



અંતિમ ઘડીએ મને આત્મભાન સુઝાડ્યું હું આપની ક્ષમા માગું છું. બસ, મોટાની મોટાઈ અજબ હોય છે. ધન્ય છે આપની મોટાઈનો ! લ્યો હવે હું પરમાત્માના ધ્યાનમાં મન રાખીને જાઉં છું. મારા માથે હાથ મૂકી મને આશીર્વાદ આપો,

એટલું બોલીને રાજાનો હાથ મસ્તકે લઈ મન પર પરમાત્માને લાવી પોતાના જનમભરનાં દુષ્કૃતની માફી માગે છે, અને પ્રભુનું શરણું સ્વીકારે છે, 'અરિહંતા મે સરણં !' વીતરાગ સર્વજ્ઞ અરિહંત પ્રભુ ! હું અબૂઝ છું. મારા હિતને હું જાણતો-સમજતો નથી. મારે આપનું શરણ હો.' એમ કહી પ્રભુના ધ્યાનમાં મંત્રીએ અંતિમ શ્વાસ લીધો. અને સદ્‌ગતિ પામ્યો.

રાજા કેવો ગંભીર ? ઉપરાંત કેવો કરુણાશીલ કે મંત્રીની અંતિમ ઘડી સુધારી દીધી ? જો રાજાએ અંતે મંત્રીને એ ન સુઝાડ્યું હોત તો કોને ખબર મંત્રી બિચારો એ માયામાં ચિત્ત રાખી મરતાં કેવી દુર્ગતિમાં જઈ પટકાત ? અને પછી ત્યાં પાપમય જીવનથી આગળ આગળ કેવી ય દુર્ગતિના ભવોની પરંપરા પામત ? પરંતુ રાજાએ બચાવી લીધો.

**મોટાની મોટાઈ અજબ હોય છે. મોટાઈ, મહાનતા ઉદારતા-ગંભીરતા-કરુણાભાવથી આવે છે :-**

મહાન પુરુષોની ઉદારતા અને ગંભીરતા બીજાના દોષોને પચાવી પણ જાય છે; અને અવસરે એને એ દોષોથી બચાવીય લે છે. મહાન થવું છે ? આ ગંભીરતા ઉદારતા અને કરુણાભાવ પહેલો અપનાવવો પડશે. બીજાના દોષ દેખી દિલમાં એના પર દ્વેષ, તિરસ્કાર, અને વાણીમાં પણ નિંદા કચકચાટ કરવી એ તો ક્ષુદ્રતા છે, મહાનતા નહિ. એમાં દિલ સંકુચિત અને દ્વેષિલું બને છે, અને અધમાધમ પરચિંતામાં સ્વાત્માને સાવ ભૂલાય છે. સ્વાત્માને ભૂલાવે એમાં મહાનપણું હોય ? સ્વાત્માને સંભાળવો હોય સ્વાત્માની ચિંતા કાંઈ હોય, તો પર ચિંતા-પરતપ્તિ-પરસંતાપવૃત્તિ પડતી મૂકવી જોઈએ 'પરતપ્તિ' એટલે પરને અંગે તપવું, 'આણે આમ કેમ કર્યું ? આ આમ કેમ બોલ્યો ? આ કેવો છે ?' વગેરે. આ તપારો પડતો મૂકી દયા ચિંતવવી.

રાજાએ આ જ કરેલું. જ્યારે જ્યારે મંત્રી મળેલો અને એની આંખ તિરછી દેખેલી ત્યારે ત્યારે માત્ર એની દયા ચિંતવેલી કે 'આ બિચારો ફોગટ આમ કરી માયાને પોષી રહ્યો છે ! ત્યારે સવાલ થાય,

**રાજાએ મંત્રીને કેમ ન ચેતવ્યો ?**

**પ્ર.-** તો પછી રાજાએ તરતમાં મંત્રીના એવા બે ચાર પ્રસંગ જોઈ કેમ એને સાવધાન ન કર્યો ?

ઉ.- એનું કારણ એ હોઈ શકે કે

(૧) રાજાને એમ લાગ્યું હોય કે 'ખેર, જવા દે મંત્રીના દોષનો સંતાપ કરવાનું. મને મારા જ અઢળક દોષોનો સંતાપ કરી એને સુધારવાનું વિચારવા દે.' આમ પરસંતાપ-પરતપ્તિ (તપારો) ને બદલે સ્વાત્મચિંતા કરવાનું રાખ્યું હોય. અથવા,

(૨) રાજાને એમ લાગ્યું હોય કે જો હું મંત્રીની આગળ એનો દોષ ખુલ્લો કરું, તો સંભવ છે કે મંત્રીને એથી પોતાની હલકાઈ થયેલી લાગે અને તેથી મારા પર દ્વેષ અરુચિ થાય, તેમજ પછી મારા તરફથી શાબાશી મેળવવા વળી બીજી કોઈ માયા-રમતમાં પડે. તો શા માટે એને એવા દ્વેષ અને નવી માયા-રમતમાં પડે. તો શા માટે એને એવા દ્વેષ અને નવી માયા-રમતમાં પાડવો ? એમ નવા દોષથી મંત્રીને બચાવવા રાજાએ ગંભીરતા રાખી તરતમાં મંત્રીને સાવધાન ન કર્યો હોય.

**મહાન આત્માની આ વિશેષતા, કે**

**(૧) પોતાની આત્મચિંતા ન ભૂલે; ને**

**(૨) બીજાને નવા દોષનું પોતે નિમિત્ત ન બને.**

એટલે હવે સમજાશે કે રાજાએ મંત્રીને એના અંતકાળે કેમ સાવધાન કર્યો ? એટલા જ માટે કે હવે મંત્રીને નવી માયા રમવાનો સમય નથી, અને અંતઘડી હોઈ સહેજે દિલ ગદ્ગદ હોય, તેથી એને દ્વેષ થવાનો પણ સંભવ નથી. માત્ર અહીંથી જતાં જતાં આત્મચિંતા ને પરમાત્મ ધ્યાન ન ચૂકે એવી દયાથી રાજાએ એને ત્યારે સાવધાન કર્યો. એટલે,

**(૩) મહાનની આ પણ વિશેષતા, કે જીવો પર અવસરે દયા કરવાનું ન ચૂકે.**

**માટીની માયા પાછળ હીરા જેવો સ્વાત્મા ભૂલાય ? :-**

આપણી વાત આ હતી કે માણસ માટીની માયા પાછળ કેવું જીવનભર પોતાના હીરા જેવા આત્માને ભૂલે છે ! વિચારજો પેલા મંત્રીની જેમ આપણે પણ બીજાની નજરમાં સારા લાગવા ખાતર, લોકમાં શાબાશી લેવા ખાતર અને માન-મર્તબો-જશ મેળવવા ખાતર કેટલું ચોક્કસ ધ્યાન રાખી સ્વાત્મહિત સરાસર ભૂલીએ છીએ ? ધાર્મિક પણ સત્કાર્ય કરતાં કે કરીને માન મેળવવાની લાલસા રહે છે ? કે એને કોઈ ન જાણે એમ ગુપ્ત કરી લેવાની ને ગુપ્ત રાખવાની ખાસ ચોકસાઈ રહે છે ? ત્યારે દુન્યવી જીવન જીવતાં માન-શાબાશી લેવા અને હુંપદ મદ સત્તા અજમાવવામાં શું બાકી રહે ?

**માટીની માયા ભૂંડી.** એ સ્વાત્મભાન ન જાગવા દે. 'માટીની માયા જતી કરીને મારા આત્માનું સુધારી દઉં,' એવી તમન્ના કોકમાં આવે છે. પરંતુ આપણે એવા કોઈકમાં આવવાનું છે, એ ન ભૂલશો. સમજી રાખો કે



**માટીની માયા જ હૈયે રમતી રાખવામાં તો પરના ગુણને પરની ચોક્ખાઈમાં રમતાં રહી પોતાના જ આત્માના ગુણને અને આત્માની નિર્મળતા કેળવવાનું ગુમાવાય છે. એમાં જીવનની સફળતા નથી થતી.**

જીવન સફળ તો જ બને કે પરની ધાંધલ જતી કરી, સ્વાત્મા નિર્મળ થતો આવે અને એની ગુણ-સમૃદ્ધિ વધતી ચાલે એવું કરવામાં છે. મનને આ જ આનંદ હોય કે ચાલો.

(૧) ધનરક્ષા-ધનવૃદ્ધિ એ તિજોરીનો ગુણ જતો કરીને ધનને દાનમાં ખર્ચ્યું એથી આત્માનો ત્યાગગુણ ઉદારતાગુણ કેળવાયો.' એમ

(૨) ઇંદ્રિયોના વિષયો અને એને ગમતા પદાર્થો સેવાય એ જડને બોલબાલા છે. એને જતા કરીને વ્રત-નિયમ-સંયમ કેળવાય એમાં આત્માની બોલબાલા કેળવાય છે, આત્માની નિર્મળતા અને સંયમાદિગુણ કમાવાનું થાય છે.

(૩) મજેના રસ, મજેના ખાનપાન આચરાય એમાં કાયાને ઘીકેળાં; આત્માને; આત્માની નિર્મળતા અને આત્મગુણ વધતા આવે.

(૪) બહુ નિદ્રા, આરામી, સુખશીલતા એમાં કાયાક્લેવરને લીલાલહેર; એ જતા કરીને પરમાત્મભક્તિ-સામાયિક-પ્રતિક્રમણ-પોષધાદિ કરાય, શાસ્ત્રસ્વાધ્યાય અને અનિત્યાદિ ભાવના તથા તત્ત્વચિંતન-મહાપુરુષ-જીવન સ્મરણ કરતા રહેવાય એમાં આત્માને લીલા લહેર થાય, આત્માની નિર્મળતા અને ગુણો વધતા આવે.

સારાંશ, **જડ કાયા-માયાનું ભલું તો અનંતા કાળ કર્યું; સ્વાત્માનું ભલું કરવાનો આ મહાદુર્લભ શાસનસંપન્ન માનવભવ મળ્યો છે એને એ કરીને સફળ કરીએ.**

**માયાદિત્યનો પસ્તાવો :-**

પેલા માયાદિત્યને સ્થાણુની ઉત્તરોત્તર અખંડિત સજ્જનતા જોઈ પોતાની માયાદિ ખરાબીઓ પ્રત્યે તિરસ્કાર છૂટ્યો, પોતાની જાત મહા નીચ લાગી.

માયાદિત્યને ભારે પશ્ચાત્તાપ થયો કે 'મેં આ શું કર્યું ? આવા મહા સજ્જન મિત્ર સ્થાણુની સામે આટલી બધી ભયંકર માયા અને નિર્દયતા ? મેં એને કૂવામાં ધકેલી દઈ જીવતો મારી નાખવાનું અધમાધમ કૃત્યુ કર્યું છતાં એ મને લૂંટારાના જીવલેણ બંધનોથી છોડાવે છે ? ઉપરથી મને એના પોતાના અઢી હજાર સોનૈયાનાં રત્ન આપી દેવાનું કહે છે ? જીવન તો અમને બંનેને સરખું મનુષ્યપણાનું મળ્યું છે, છતાં એની આટલી બધી ઊંચી સજ્જનતાને મારી ઘોર અધમાધમતા ! ખરેખર, મેં પાપો કરવામાં બાકી રાખી નથી. તો હવે એનાં રત્ન લેવાની વાત તો શી ? પરંતુ હું તો હવે જીવવા પણ લાયક નથી.'

સ્થાણુને એ કહે છે, 'ભાઈ ! મારે કોઈ રત્નો જરૂર નથી. કેમકે મેં તારી પ્રત્યે એટલા બધા ઘોર અપરાધ કર્યા છે કે હવે હું જીવવા લાયક રહ્યો નથી. મારે પાપ બહુ ભરાઈ ગયા છે. પૃથ્વી મારા જેવા મહાપાપીથી ભારે થઈ રહી છે. તેથી હવે તો હું આપઘાત કરીશ' એમ કહીને સ્થાણુને એ પહેલેથી પોતાના પ્રપંચ વિશ્વાસઘાત અને નિર્દયતાની કરુણ કહાણી કહી સંભળાવે છે.

**સ્થાણુના સ્વચ્છ દિલમાં પાપી પ્રત્યે સૂગ નહિ :-**

ત્યારે, સજ્જનની ખૂબી જુઓ. સ્થાણુને હવે માયાદિત્યના મોંઢેથી જ એની બધી પ્રપંચભરી અને ક્રૂર રમતની ખબર પડી, છતાં સ્ફટિક જેવા એના સ્વચ્છ દિલમાં એવા ઘાતક મિત્ર પ્રત્યે સહેજ પણ સૂગ-અભાવ-અરુચિની કાલિમા ઊઠતી નથી. દિલમાં જેણે નિર્ધાર જ રાખ્યા હોય કે

**'કર્મવશ ગમે તેટલા બહારના ઝંઝાવાતો આવે પણ એની સાથે મારા દિલને શું લાગે વળગે, કે એણે બગડવું જોઈએ ?**

મારે દિલને બગાડવું નથી. સ્ફટિક જેવું સ્વચ્છ દિલ કરવા રાખવા માટે આ સોનેરી ભવ મહામુશીબતે મળ્યો છે; તો હવે આ ભવને એ સર્વોત્તમ કાર્ય કર્યા વિના એળે કેમ જતો કરાય ? દિલ નિર્મળ નહિ રાખું તો એમાં ખરાબીઓ વધી જવાની, પછી જેનો નિકાલ કરતાં યુગો કે ભવો લાગશે. તો શા સારુ એવી મૂર્ખાઈ કરું ? શા સારુ નિર્મળ દિલની સોનેરી તક જતી કરું ?'

આવો નિર્ધાર રાખ્યો હોય એ શું કામ દિલ બગાડે ? માયાદિત્યને બધો પ્રપંચ અને કરપીણ કાર્યવાહી જાણવા મળવા છતાં મિત્ર પર સૂગ-અભાવ નહિ, પરંતુ એની આત્મહત્યા કરવાની વિચારણા જાણી એના પર દયા ઊભરાય છે કે 'અરેરે બિચારો સુકૃતોપયોગી જીવનનો આમ ફોગટ કાં અંત લાવે ?' સાથે પૂર્વની એની બધી અધમાધમતા જોવાનું બાજુએ મૂકી એને થયેલા આવા પાપપશ્ચાત્તાપમાં એની ઉત્તમતા દેખે છે. એ આમ આપઘાત કરી ન મરે એટલા માટે કહે છે.

**સ્થાણુની સલાહ :-**

જો ભાઈ માયાદિત્ય ! આ તારી ઉત્તમતા છે કે તને પાપનો પશ્ચાત્તાપ થાય છે. આવા તારા જેવા ઉત્તમ માણસે એમ જ મરી જવાનું શા માટે ? જો, જાગ્યા ત્યારથી સવાર. **હજી જો જીવન હાથમાં છે, તો સુકૃતો સાધવાની મહાન તક હાથમાં છે. જીવન ખોઈ નાખવાથી તો એ તકના ભુક્કા થઈ ગયા સમજ.** માટે ભલા ! મરવાની વાત રહેવા દે, અને જીવન જીવી એને મહાન સુકૃતોથી સુશોભિત કરી લે.'

માયાદિત્ય કહે, 'ભાઈ રે ? પાપથી પથરા જેવા મારામાં સુકૃતોની લાયકાત જ શી ?'



**એમજ મરી ગયે પછી સારો જનમ મળે ? :-**

'અરે પણ તું એટલું તો જો, કે અહીં એમજ મરી ગયા પછી શું ફરી જનમ નહિ લેવો પડે ? ને એ જનમ શું કશું સારું કરવા જેવો ઊંચો મળશે ? એ તો સુકૃતો કરવા માટે શ્રેષ્ઠ જન્મ મનુષ્ય-જન્મ છે, અને એ ફરી ફરી મળવો અતિ દુર્લભ છે. જો અહીં એ મળી ગયો છે, તો એનો અકાળે નાશ ન કરી નાખતાં આવા જ જનમમાં થઈ શકે એવા સુકૃતો થાય એટલા કરી લે,'

**પાપી શું સુકૃતો માટે લાયક ? :-**

ત્યારે માયાદિત્ય કહે છે, ''પરંતુ અતિ ભયંકર પાપોથી ભરેલા મારી લાયકાત જ ક્યાં કે સુકૃતો કરી શકું ? **'સો ચુઆ મારકે બિલ્લી હજ કરનેકો ગઈ'** જેવો મારો ઘાટ થાય.''

માયાદિત્યની સમજ છે કે 'સુકૃત કરવા માટે અમુક જાતની લાયકાત જોઈએ. મહાપાપી જીવ તો નાલાયક બનેલો હોય, એના શા સુકૃત લેખામાં ગણાય ? બિલાડી સો ઉંદર મારીને યાત્રા કરવા ગઈ તે શું ખરેખર યાત્રિક બની ? એમ પાપ કરવામાં પાછું વળીને જોયું નહિ, હવે સુકૃત કરવા નીકળે એનું મહત્ત્વ શું ?'

પણ સ્થાણુ કહે છે, 'જો ભાઈ માયાદિત્ય તો પછી પહેલાં પાપ ધોવાનું કર. ધ્યાન રાખજે કે

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૨૫,તા.૨૧-૩-૧૯૭૦

**પાપો ધોવા માટે પણ માનવ અવતાર જ શ્રેષ્ઠ છે.** માટે અકાળે જીવનનો અંત લાવવા કરતાં જીવન સીધું ચાલે છે ત્યાંસુધીમાં પાપોનો અંત લાવવાનું કરવા લાગ.'

માયાદિત્ય ત્યારે પૂછે છે કે 'તો પણ પાપ આવાં ભયંકર, તે શી રીતે ધોવાતાં હશે એની શી ખબર પડે ?'

સ્થાણુ કહે 'એમાં શી મોટી વાત છે ? લાવ, આપણે ગામના ડાહ્યા માણસોને કે સંતસાધુ મળે તો એમને પૂછીએ કે આવાં આવાં પાપ ધોવા શું કરવું જોઈએ ?'

માયાદિત્યને વાત ગળે ઊતરી એણે જોયું કે સ્થાણુની વાત તો બંને સાચી છે. પાપનો નાશ કરવા માટે અને ઊંચાં સુકૃત કરી લેવા માટે ઉત્તમ ભવ તો મનુષ્યનો છે. ત્યાં એ કર્યા વિના જીવનનો અંત લાવવાનો કોઈ અર્થ નથી. જ્યારે અહીં પાપની ભયંકરતા સમજાઈ, એના પર તિરસ્કાર થયો, અને પાપથી પાછા હટવાનું બન્યું તો હવે પૂર્વનાં પાપ રદ કરવા પુરુષાર્થ જ કરવો જોઈએ. **પૂર્વનાં પાપ રદ કર્યા વિના જીવનને રદ કરવામાં મૂર્ખાઈ છે,** ખરેખરી પાપનાશની તક

ગુમાવવાનું થાય છે. આવી તકને શા સારુ એળે જવા દેવી ? આપઘાત કરવામાં તો સુંદર તકનો નાશ થાય.

**આપઘાતમાં બને જાતની તક હાથમાંથી જાય, પાપનો નિકાલ કરવાની અને સુંદર સુકૃતો સાધી લેવાની.**

**આપણને જીવનની શી કિંમત છે ? :-**

પરંતુ આ વસ્તુ જીવનમાં કોઈ ભયંકર પાપ થઈ ગયું હોય એવાને મન પર આવે છે, એવી આપણને આવે છે ? શું મનને જીવનની કિંમત અંગે એમ થાય છે કે 'આ ઉત્તમ જીવન અસંખ્ય જનમનાં પાપોના નિકાલ માટે છે ? ને ઉત્તમોત્તમ સુકૃતો કરી લેવા સારુ છે ?' જો આવું લાગે તો એનો પુરુષાર્થ કેવો ભરચક ચાલે ? અને નવાં પાપ કેટલાં અટકી જાય ? પળે પળે આ નજર સામે રહેવું જોઈએ કે 'હું જીવી રહ્યો છું તે પાપક્ષય અને સુકૃતોની તક ચાલી રહી છે.' જીવનમાં બહાર દેખાતું કોઈ એવું ભયંકર પાપ નથી થયું એ કેમ જાણે એક ખામી રહી ગઈ તે આ ખ્યાલ જ નજર સામે નથી આવવા દેતી કે 'પાપોના નિકાલ માટે અને સુકૃતોના સંચય સારું જ આ ભવ છે. માટે એ જ સાધું !'

**જીવનમાં પાપ કેટલાં ? :-**

તો શું ભયંકર પાપ નથી થયું એ ખામી રહી છે ? પાપો ગણો, કેટલાં છે ? જીવનમાં ડગલેપગલે રાગ-દ્વેષનાં પાપ અને એની પાછળ બીજાં પાપો ઓછાં થયાં છે ? પાપોમાં ધનની લાલસા અને મમતાનાં પાપ, ધંધાની ધાંધલનાં પાપ, કૂડ ને કપટ, વિષયોની લગન, પત્ની-પુત્રમાં અંધાપો, ષટ્કાય જીવોના સંહારમય આરંભ-સમારંભ, નામનાની ભૂખ, માનની ભૂખ, સારા દેખાવાની તાલાવેલી, એ બધા પાછળ માયા-જૂઠ, નિંદા વગેરે વગેરે પાપો સેવવામાં ક્યાં બાકી રાખી છે ? હજી પણ ક્યાં એમાંથી પાછા હટવાનું કર્યું છે ? છતાં એમ લાગે છે ખરું કે જીવતો છું તો પાપોનો નિકાલ કરી લઉં ? હજી તો વહેલું લાગે છે, કેમ ખરું ? 'હજી તો ઘણું જીવવાનું બાકી છે, તે પાપોથી જીવી લઈએ, અને પછી અંતે બધાં પાપનો નિકાલ કરી લઈશું,' આ જ ગણતરી રાખી છે ને ? પરંતુ ભૂલા પડ્યા છો.

**પાપનાશ અને સુકૃતને વાયદે રાખનારા બે વસ્તુ ભૂલે છે. (૧) એક તો આયુષ્યનો ભરોસો નથી, અને (૨) બીજું, પાપોનું પ્રમાણ તથા કુસંસ્કારોનું પ્રમાણ એટલું બધું જંગી છે કે એના નિકાલ માટે તથા સુકૃતોના ભારી સંચય માટે દીર્ઘ કાળની સાધના જોઈએ.**

આજસુધી કરેલાં ક્રોધનાં પાપ, અભિમાનનાં પાપ, માયાના, લોભના,



ઈર્ષ્યાના, નિંદાનાં પાપો કેટલાં બધાં લાગેલા છે ? શું એ પલકમાં ધોઈ નાખશો ? તેમ આરંભ-સમારંભના, ખાનપાનના, વિષયોના, લક્ષ્મી-લાડી-લહેલાટનાં પાપ કેટલાં ? એ શું ક્ષણમાં ધોઈ શકશો ? કે એ ધોવા માટે દીર્ઘ કાળની સાધના જોઈએ ? લાંબો કાળ કાયા ઇન્દ્રિયો અને મનને કસવા પડે ?

ત્યારે એ ક્રોધાદિના જામતા અને થર થતા ગયેલા કુસંસ્કારોના ગંજ જિંદગીના છેડે અલ્પકાળમાં ભૂંસી શકાશે ? શું માત્ર અહીં જ સેવેલા એ ક્રોધાદિના કુસંસ્કાર પડેલા છે ? કે અનંત અનંત કાળના પણ કુસંસ્કારોનો ચાલી આવે છે ? તો એને ભૂંસવા માટે કેટલી બધી લાંબી સંયમ-ક્ષમાદિ ગુણોની સાધના જોઈએ ?

**આપણું કયું સુકૃત જોરદાર ? :-**

ત્યારે આપણું કોઈ એક પણ સુકૃત કયું એવું જોરદાર કરવાની ત્રેવડ છે કે છેવટે અંત સમયે થોડાં સુકૃત કરી ભારે પુણ્ય કમાઈ શકવાના ? થોડાં પણ એવાં સદ્ધર સુકૃતો કરવાની પહોંચ જ ક્યાં છે કે થોડા પર સદ્ધર પુણ્ય ઊભાં થાય ને પરભવે નક્કર જવાબ મળે ? એ તો આપણી પહોંચ પ્રમાણેનાં સુકૃતો દીર્ઘ કાળના ભેગા થાય એના પર જ પરભવે સારી ઓથ મળવાની આશા રાખી શકાય.

'આમ, પાપનાશ, કુસંસ્કારનાશ, અને પુણ્યસંચય માટે દીર્ઘકાળની સાધના જોઈએ. તે કરવાની તક અહીં જીવતાં સુધી છે, માટે લાવ એ સાધી લઉં.' ભયંકર પાપ થઈ જવાથી આપઘાત કરવા જનારને જો આવું હિતૈષીની સલાહથી લાગે તો આપણને ન લાગે ?

**પ્રભુથી કરોડો જન કેમ ધર્મમાં લાગી પડ્યા ? :-**

ભગવાન મહાવીર પરમાત્માએ શાસન સ્થાપ્યું અને પૃથ્વીતલ ઉપર વિચરી ઉપદેશ કર્યા, તો કરોડો માણસો આ કરવામાં લાગી ગયા, તે બધા જ કાંઈ જીવનમાં એવું ભયંકર પાપ કરનારા નહિ, છતાં કેમ એ કરવામાં લાગી ગયા ? આ સમજીને કે 'મરતાં પહેલાં અત્યારથી જ પાપોને મારવાનું કરતા ચાલીએ અને અત્યારથી જ સુકૃતોનો સંચય કર્યે જઈએ, એ જીવન હાથમાંનું ફળ છે. અહીં જીવતા છીએ ત્યાંસુધી આ તક છે. માનવજીવન આ માટે જ છે કે પાપોનો નિકાલ અને સુકૃતોનો સંચય કરતા રહેવાય. તો એજ કરીને તક સાધી લઈએ, અને જીવન સફળ કરી લઈએ; આમ મન પર લીધું તો કરોડો જન એ કરવામાં લાગી ગયા.

વાત આટલી છે કે જેમ કોઈ ભયંકર પાપ થઈ ગયા પછી આત્મહત્યાના વિચારમાં આવી જનારને કાંઈ શાણા માણસે સુઝાડવાથી જીવનની કિંમત સમજાય,

**'મૃત્યુ એટલે સર્વ સારી તકોનો અંત, અને જીવંત રહેવું એટલે એ તકોને**

**સાધી લેવાની અનુકૂળતા;'**

એ ધ્યાન પર આવે, એમ આપણને ધ્યાન પર આવે છે ? જો એ આવે તો તો જીવતા છીએ ત્યાંસુધી પાપોના નિકાલના અને સુકૃતસાધનાના ઉદ્યમમાં લાગી જવાય.

**માયાદિત્ય ગામમુખ્યોની સલાહ લે છે :-**

સ્થાણુએ એ સૂઝ આપી એટલે માયાદિત્ય ગામના આગેવાનોને ભેગા કરે છે. એમની આગળ કહે છે, 'જુઓ મેં મિત્રનો આ આ રીતે ભયંકર દ્રોહ કર્યો છે તેથી હું તો સળગતી ચિતામાં બળી મરવા ધારું છું. પણ આ મારો ચંદ્ર જેવા ઉજ્જવળ દિલનો મિત્ર મને રોકે છે. મારે કેમ કરવું ?'

**મનનો દોષ :-**

ત્યારે એક આગેવાન એમ કહે છે કે 'આ બધું તેં કર્યું એ બગડેલા મનનું કાર્ય છે. તારો દોષ નથી, અને હવે તને પસ્તાવો છે એટલે મન શુદ્ધ થયેલું છે તેથી મનનો પણ દોષ નીકળી ગયો છે.'

**ભાગ્યનો દોષ :-**

એટલે બીજો કહે છે, 'અરે ભાઈ ! મન પણ એમ બગડવાનું ક્યારે કરે ? ભાગ્ય રુઠ્યું હોય ત્યારે તેથી દોષ દુર્ભાગ્યનો છે. એનાં જ એ કામ છે. માટે તારો દોષ નહિ. તો તું શું કામ બળી મરે ? ને હવે દ્રોહબુદ્ધિ ગઈ એ સૂચવે છે કે સદ્ ભાગ્ય જાગ્યું છે. તેથી દુર્ભાગ્ય ગયું.'

**જીવનો દોષ :-**

ત્યારે ગામનો વિશેષ વૃદ્ધ આગેવાન કહે છે, 'જુઓ એમ મન કે દુર્ભાગ્યનો જ દોષ હોય તો તો કોઈ જીવ પાપી ન કહેવાય, પછી ભલે એ ગમે તેટલાં પાપ કરે. અને એમ તો પછી ગમે તેને ફાવે એવાં પાપો આચરવાની છૂટ જ થઈ જાય. માટે ખરી રીતે જીવ જ પાપી બને છે, ને એનો દોષ છે. તેથી એણે પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ, તો જ એનાં પાપ ધોવાય. માયાદિત્યે મિત્રદોહનું, તે એને મારી નાખવાના પ્રયત્ન સુધીનું ઘોર પાપ કર્યું છે તો હવે એણે સર્વસ્વ ત્યજીને કપાલી (સંન્યાસી)ના વેશે ભિક્ષા પર નિર્વાહ રાખી તીર્થોમાં ભટકવું જોઈએ; અને અંતે ગંગાજી પહોંચી ત્યાં જીવનભરનું અનશન કરી દેવું જોઈએ. સુવર્ણ ધખધખતી અગ્નિમાં શુદ્ધ થાય, એમ પાપી જીવ પણ આવા અગ્નિ જેવા કઠોર વ્રતથી નિર્મળ બને.'

**માયાદિત્ય કાપાલિક બને છે :-**

બધાને આ વાત મનમાં બરાબર બેસી ગઈ, બધાએ એજ માર્ગ નક્કી કર્યો, એટલે માયાદિત્યે એમ કરવાનો નિર્ધાર કર્યો. સ્થાણુની રજા માગી. સદાના સજ્જન



દિલવાળા સ્થાણુને બહુ દુઃખ થયું. પણ મિત્રનું ભલું થતું હોય એમાં આડે ન આવવું તેથી રોતાં રોતાં એણે એને વિદાય કર્યો. એ પછી કાપાલિકનો ભિક્ષુક સંન્યાસીનો વેશ લઈ ત્યાંથી નીકળી પડ્યો, તે ભમતો ભમતો અહીં આવી ચડ્યો, તે આ બેઠો છે.''

**અજ્ઞાનદશા, ભયંકર છે :-**

ધર્મનંદન આચાર્ય મહારાજ પુરંદરરાજાને માયા સાથે અજ્ઞાનદશા એ કેવું સંસારભ્રમણનું કારણ છે તે બતાવતાં આ જીવતું જાગતું માયાદિત્યનું દૃષ્ટાંત કહી કહે છે 'જુઓ, અજ્ઞાન દશા કેવું કામ કરે છે કે માયાને ભયંકર પાપ સમજ્યા પછી પણ હવે પાપોમાંથી આત્માનો કેમ ઉદ્ધાર કરવો એની ગમ નથી, તેથી અજ્ઞાનીઓના ચિંધેલા ભળતા ઉપાયમાં અમૂલ્ય જીવન નષ્ટ કરાય છે, અને પાપો ઊભાં રહે છે

**આચાર્ય મહારાજની સમજુતી :-**

'હે રાજન્ ! શું મનનો દોષ એટલે જીવનો દોષ નહિ ? મન જીવે જ કરેલું છે કે બીજા કોઈએ ? ખરાબ મન પોતે જ બનાવે, અને જીવનો દોષ નહિ ? આ કેવું અજ્ઞાન ?

**ભાગ્ય જ બધું કરે તો તો ઉદ્યમનો અધિકાર જ ન રહે :-**

'ત્યારે હે નરોત્તમ ? જો ભાગ્ય ખરાબ કરાવવા આવતું હોય માટે ભાગ્યનો દોષ, તો જીવને ક્યારે ય સારા બનવાની સ્વતંત્રતા જ ન રહે ! એનો કશો એ માટે ઉદ્યમ કરવાનો અધિકાર જ ન રહે ! બધું જ ભાગ્યાધીન પછી જીવને કશું કરવાનું જ શું રહે ? પછી જીવે સારું કરવા માટેનો જ્ઞાનીઓનો ઉપદેશ અને માર્ગદર્શન પણ નકામા નિરુપયોગી ઠરે ! ખરી રીતે ભાગ્ય તો માત્ર સંયોગ ઊભા કરી આપે, પરંતુ પછી અજ્ઞાનદશાથી બુદ્ધિ બગાડી અસત્ પુરુષાર્થ કરવો, કે જ્ઞાનીનાં વચન મુજબ સત્ પુરુષાર્થ કરવો, એમાં જીવ સ્વતંત્ર છે, અને એ કરવા પર અવનતિ કે ઉન્નતિ સરજાય છે. ત્યાં ભાગ્યને જ દોષ દીધા કરવો એ અજ્ઞાનદશા છે.

'તો હે નરપતિ ! જ્ઞાનીઓનાં વચનની વિશેષતા છે. ઉદ્ધારનો ઉન્નતિનો માર્ગ એ જ બતાવે છે. તેથી નાનાં પણ જીવહિંસાદિ પાપ ઊભાં રાખીને એમજ સ્વમતિએ ભિક્ષા પર ભટકવું, તીર્થસ્નાન કરવાં અને અંતે ભૂખ્યા મરી જવું એ પણ અજ્ઞાનદશા છે.'

**ત્યાં માયાદિત્ય ઊભો થઈ આચાર્યદેવના ચરણે પડી કહે છે,** 'પ્રભુ ! આપના સિવાય મારું જીવન કોણ આમ અંતરના ભાવો સહિત જાણી શકે ? તો દયા કરી પ્રભુ ! હવે મને પ્રાયશ્ચિત્ત આપો.'

આચાર્યદેવ કહે છે, 'હે ભાગ્યવાન ! પાપથી ઉદ્ધારનો ખરેખર ઉપાય સર્વજ્ઞ ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં છે; આજ્ઞાનું પાલન કરવાથી જ ઉદ્ધાર થાય. સર્વજ્ઞ એ સંપૂર્ણ જ્ઞાની છે, તેથી ઉદ્ધારના સાચા ઉપાય એ જાણે છે અને કહે છે. માટે,

**સર્વ આપત્તિમાં જિનાજ્ઞા એ જ શરણ :-**

**जे पिययम्-गुरु-विरह-जलण-पज्जलिय-ताव-तवियंगा ।**
**कत्तो ताणं ताणं मोत्तुं आणं जिणिंदाणं ॥**
**जे जम्म-जरा मरणोह-दुक्खसय-भीसणे जण दीवा ।**
**कत्तो ताणं ताणं मोत्तुं आणं जिणिंदाणं ॥**
**संसारम्मि असारे दुहसय-संवाह-वाहिया जे य ।**
**मोत्तुं ताणं ताणं कत्तो वयणं जिणिंदाणं ॥**

અર્થાત્

(૧) અત્યંત પ્રિયજનના મોટા વિયોગ-અગ્નિના સળગતા તાપથી જે તપેલા અંગવાળા હોય, એમને જિનેશ્વરદેવની આજ્ઞાને છોડીને બીજું રક્ષણ-શરણ ક્યાંથી હોય ?

(૨) જે અત્યંત ભારે ગરીબાઈથી પીડાતા હોય કેમકે એમનું બધું ધન અને વૈભવ નષ્ટ થઈ ગયો હોય, એવાને જિનાજ્ઞા સિવાય ક્યાં રક્ષણ-શરણ મળે ?

(૩) દુર્દશા કીચડની શંકાવાળા તથા કોઈ કલંકમળ યા પાપથી દુઃખિત-દુભાતા જીવોને...

(૪) સર્વ જનથી નિંદાયેલા અને સગાવહાલાના તિરસ્કાર-દુઃખથી તપેલા જીવોને....

(૫) અનેકાનેકશઃ જન્મ-જર-મૃત્યુના સેંકડો દુઃખોથી ભયંકર જગતમાં જે જીવો પીડિત છે એમને...

(૬) દહન-ડામ-તાડણ-જોતરણના મહાદુઃખસમુદ્રમાં જે પડ્યા છે એવાને...

(૭) અસાર સંસારમાં સેંકડો દુઃખ-દુષ્કૃત્યની પીડાથી જે દુઃખિત છે એમને ભગવાન જિનેશ્વરદેવનાં વચન સિવાય બીજે ક્યાં રક્ષણ-શરણ મળે એમ છે ?

માટે તું આ વચન આરાધીને જ્યાં જરા નથી, કોઈ પણ જાતનાં દુઃખ નથી, એવા શાશ્વત શિવસુખની આત્મસ્વસ્થતાવાળા મોક્ષને શીઘ્રતાથી પ્રાપ્ત કરી શકીશ.''

**જિન-વચન કષ્ટ ટાળે ? :-**



આચાર્ય મહારાજે જિનવચનનું જે મહામ્ત્ય બતાવ્યું કે પ્રિયવિયોગ ગરીબી, કલંક, તિરસ્કાર, તાડન વગેરેના દુઃખોથી પીડાતાને બીજું કાંઈ શરણ નથી અને જિનવચન શરણ છે, એની પાછળ શું રહસ્ય છે ?

'શું જિનવચનને સ્વીકારે એટલે એ બધી પીડાઓ તરત મટી જાય ? ગરીબી મટીને તવંગરતા આવી જાય ? કલંક ફીટીને પ્રતિષ્ઠા પ્રસરે ? મારપીટ વગેરે અટકી જાય ? જો એવું હોય તો નરકમાં રહેલા સમકિતી જીવોને કેમ મારપીટ ચાલુ રહે છે ? સીતાને કલંક કેમ એકદમ ન મટ્યું ? પુણિયા શ્રાવકને કેમ ગરીબાઈ રહી ? મહાત્માઓ કેમ ઉપસર્ગ-ઉપદ્રવમાં ખપી ગયા ? ત્યારે જો એ દુઃખો ઊભા રહેતા હોય તો જિનવચને શરણ-રક્ષણ શું આવ્યું ? આવા બધા પ્રશ્ન ઊઠવા સંભવ છે. આનું સમાધાન એ છે કે,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૨૬,તા.૨૮-૩-૧૯૭૦**

**જિનવચન બે રીતે શરણ-રક્ષણ આપે છે, (૧) ભાવી દીર્ઘ કષ્ટ પરંપરાનો અંત લાવીને, અને (૨) વર્તમાનમાં કષ્ટનો ખ્યાલ મિટાવીને.**

**(૧) જિનવચનથી ભાવી કષ્ટપરંપરાનો અંત શી રીતે ?**

જુઓ જેની પાસે જિનવચનનું આલંબન નથી, એ વર્તમાનમાં કષ્ટ અનુભવતી વખતે આકુળવ્યાકુળ હોય છે, આર્તધ્યાનમાં સબડે છે, ક્રોધાદિ કષાયમાં ચડે છે, અસત્ કલ્પના અસત્ માન્યતામાં મિથ્યાત્વથી પણ પીડાય છે; આવા બધાં કારણે એ સાનુબંધ પાપકર્મ ઉપાર્જે છે. 'સાનુબંધ' એટલે એવાં કે જેની પાછી આગળ અશુભ પરંપરા ચાલે. અહીં બાંધેલા પાપકર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે પણ આ જ આર્તધ્યાન વગેરેની લોથ ઊભી; ને તેથી નવાં પાપકર્મ બંધાય. એમ આગળ પણ નવાં નવાં પાપોપાર્જન ચાલુ એટલે પરિણામ શું ? પાપપરંપરાથી કષ્ટપરંપરા. અહીં તો સહવાનું થોડું, પરંતુ આગળ સહવાનું ઘણું અને લાંબું ઊભું થાય. અહીં કષ્ટ ભોગવીને એટલાં કર્મ તો ખપાવશે, પણ ભવિષ્ય માટે લાંબું વેતરણ ઊભું કરશે ! એટલે 'બે છોડીને બાર બાંધે' જેવું બનવાનું. બકરું કાઢી ઊંટ પેસાડવા-જેવું થાય.

**કષ્ટમાં જિનવચનની સલાહ :-**

ત્યારે જો જિનવચનનું આલંબન છે, તો એ તો શીખવે છે કે 'જોજે હોં, (૧) આ કષ્ટ ભોગવે છે એ તારાં જ પૂર્વ કર્મને લીધે છે, ને એમાં તો આટલાં પાપકર્મ ભોગવાઈને ખત્મ નષ્ટભ્રષ્ટ થઈ રહ્યા છે, એ સારું છે. માટે મન ન બગાડીશ. (૨) વળી કષ્ટ દેનાર તારાં કર્મ જ છે, બહારના બીજા કોઈ નહિ. માટે

બીજા પર કષાય ન કરીશ. (૩) વળી કષ્ટ લાગે છે તે શરીર પરના રાગને લીધે, અહંત્વ પરના રાગને લીધે. જો એ રાગ-મમત્વ નથી, તો કોઈ દુઃખ નથી માટે એ રાગને જ દુઃખદાતા સમજી એને તોડવાના પ્રયત્નમાં રહે.'

જિનવચનની આ શિખામણ જો મનમાં ઊતરી જાય, તો પછી આર્તધ્યાન અને કષાયો વગેરે કરવાનું રહે નહિ. તેથી અહીં કષ્ટ ભોગવતી વખતે ચિત્ત સ્વસ્થ રહે, સમાધિ રહે, અને તેથી નવાં પાપકર્મ બંધાય નહિ; તેથી ભાવી કષ્ટપરંપરા ચાલે નહિ.

**(૧-૨) આમ, જિનવચન તત્ત્વસમજૂતી ઉપરાંત એવા મહાપુરુષોનાં ચરિત્ર બતાવે છે** કે જેમણે, આપણે તો શા કષ્ટ ભોગવીએ છીએ, એના કરતાં જાલિમ ભયંકર કષ્ટ ભોગવ્યા છે. એ જો નજર સામે રાખીએ, તો આપણાં વર્તમાન કષ્ટ નહિવત્ લાગે. અને તેથી પણ મન બગાડવાનું ને આર્તધ્યાનાદિ કરવાનું અટકે.

(૩) **વળી જિનવચન નરક અને તિર્યંચગતિના જીવોના અતિ ભયંકર કષ્ટ બતાવે છે.** એ વિચારતાં તો આપણને સહેજે લાગે કે 'મારે કષ્ટ જ શું છે ? ક્યાં અત્યારે પણ સતત ચાલી રહેલા એ નરકના જીવો પર જાલિમ તાડન-છેદન-ભેદન-દહન વગેરે ? અને ક્યાં મારું કષ્ટ ? તો આમાં મન શું બગાડું ?' આમ એક પ્રકારનું આશ્વાસન મળવાથી ચિત્ત બગડતું અટકે છે, હાયવોય અટકે છે.

જિનવચન એ બતાવે છે કે હાયવોય આર્તધ્યાન વગેરેમાં તિર્યંચગતિનાં પાપ બંધાય છે; અને એના પર પાર્શ્વનાથ ભગવાનનો જીવ મરુભૂતિ શ્રાવક વગેરેનાં દૃષ્ટાંત બતાવે છે. એમ કષાયથી નરકગતિ સુધીનાં પણ પાપ ઊભા થવા સંભવે છે. એના પર મહાવીરપ્રભુના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ વગેરેનાં દૃષ્ટાંત દે છે. આ બધું જિનવચન નિષ્પક્ષપાતપણે બતાવે છે, તેથી એ ધ્યાન પર લેતાં મનને બગડતું અટકાવાય, આર્તધ્યાન અને કષાયો કરતાં વિચાર પડે.

**જુઓ. મેતારજ મુનિએ ઘોર કષ્ટમાં ય મન કેમ ન બગાડ્યું ?** માસખમણ વગેરે ઘોર તપસ્યાથી એમણે કાયા ઘસી કાઢેલી. એવી કાયાએ પણ માસખમણ (૩૦ ઉપવાસ) કરી સોનીના ઘરે પારણાની ભિક્ષા લેવા આવેલા. ત્યાં સોનીએ પહેલાં તો આવકાર દઈ હરખે હરખે લાડુ વહોરાવ્યા; પણ પછી શંકા પડી કે મુનિએ એરણ પરથી સોનાના જવલા ઊઠાવ્યા. તેથી જવલા કઢાવવા મુનિને તડકે ધૂમતાપમાં ઊભા રાખ્યા, અને મસ્તક પર ચામડાની વાધર કચકચાઈને બાંધી. અત્યંત કૃશ થઈ ગયેલા અને માસખમણની તપસ્યાથી આળા જેવા બનેલા શરીર પર આ ઘોર કષ્ટ કેમ સહન થાય ? કારમી પીડા ઊભી થઈ. **'ફટ્ ફટ્ ફૂટે હાડકાં તડ્ તડ્ તૂટે રે ચામ;'** નસો તંગ થઈ તૂટવા માંડી અને અતુલ વેદના ઊભી થઈ,



મેતારજમુનિએ આ કષ્ટ શી રીતે બરદાસ્ત કર્યું ? મન કેમ ન બગાડ્યું ? કષ્ટ કેવી રીતે વધાવી લીધું ?

મન આ રીતે ન બગાડ્યું કે એમણે જિનશાસનમાં કહેલા પૂર્વ મહાપુરુષોની ઉપરના ઘોર ઉપસર્ગ, અને એમાં એમણે રાખેલી સમતા-સમાધિ, તથા એથી પ્રાપ્ત કરેલ મોક્ષ યાદ કર્યા, અને એ આલંબને મેતારજ મુનિએ ભારે સમાધિબળ પ્રાપ્ત કરી મન ન બગડવા દીધું, ઊલટું ભાવોલ્લાસ વધારી પોતે પણ કર્મક્ષય અને મોક્ષ પ્રાપ્ત કરનાર બન્યા. કોને કોને એમણે યાદ કર્યા ?

"**ગજસુકુમાળ** સંતાપિયાજી, બાંધી માટીની પાળ;<br>
ખેર અંગારા શિરે ભર્યાજી, મુગતે ગયા તતકાળ.<br>
મેતારજ મુનિવર ! ધન ધન તુમ અવતાર.<br>
'વાઘણે શરીર વલુરિયુંજી, સાધુ **સુકોશલ સાર;**<br>
કેવળ લઈ મુગતે ગયાજી, ઈમ **અરણિક** અણગાર...મેતા૦<br>
'પાલક પાપીએ પીલિયાજી, **ખંધકસૂરિના શિષ્ય;**<br>
અંતગડ ચેલા પાંચસેજી, નમો નમો તે નિશદિશ...મેતા.૦<br>
એવા મુનિ સંભારતાંજી, મેતારજ ઋષિરાય;<br>
કર્મ ખપાવી શિવપુર ગયાજી, નમો નમો તે મુનિરાય. મેતા૦"

મેતારજ મુનિને ધૂમ તાપમાં ઊભા હાડકાં ફટ્ ફટ્ ફૂટી રહ્યા છે, અને ચામડી તથા નસો તડતડ તૂટી રહી છે, એ વખતે એમણે શું કર્યું ? જિનશાસને-જિનવચને બતાવેલા પૂર્વ ઋષિઓના ઉપસર્ગ યાદ કર્યા. જોયું કે જિનવચન જે નરકાદિ દુઃખોનું વર્ણન કરે છે, એ તો આના કરતાં અતિ અતિ ભયંકર; અને એ તો જીવે વેઠ્યાની નવાઈ નથી; અનંતીવાર નરકાદિમાં જઈને વેઠ્યા. પરંતુ પૂર્વના મહાપુરુષોએ જે ભયંકર ઉપસર્ગ વેઠ્યા એમાં એમણે જરાય મન ન બગાડ્યું, કષાય ન કર્યો, કાયા પર માયા ન રાખી, સહર્ષ ઉપસર્ગ વેઠી કર્મ એકલાં ખપાવવાનો જ હિસાબ રાખ્યો, સાથે બાંધવાનો નહિ. મન બગાડે તો બંધાય ને ?

**એ જ હિસાબ કે 'કર્મમારાં કરેલાં છે, ને મારે ભોગવી જ લેવાં છે, કચરો કાઢવો છે.'**

આ જ હિસાબ હોય, બીજા કોઈને ય દોષ દેવાનો ન હોય, રોષ કરવાનો ન હોય, પછી નવાં કર્મ શાનાં બંધાય ? 'પૂર્વ મહર્ષિઓએ જો આ હિસાબ રાખ્યો, તો મારે પણ એ જ માત્ર કર્મક્ષયનો હિસાબ રાખવાનો હોય. આ અશુભ કર્મ ઊભું કરનાર દુષ્કૃતકારી મારો આત્મા જ દોષિત છે, તો એને મૂકી બિચારા સોની પર શો રોષ કરું ?' આમ **'આતમ નિંદે આપણોજી, સોનીનો શો દોષ ?** પૂર્વ મુનિઓના

ઉપસર્ગ સહવા તરફ દૃષ્ટિ રાખી મેતારજ મુનિએ આત્મનિંદા કરતાં કરતાં સમસ્ત રાગ-આસક્તિ વગેરે દોષો વોસિરાવ્યા.

**(૨) જિનવચન વર્તમાન કષ્ટને દુઃખ નથી લાગવા દેતું :-**

**આ બધું જિનવચનના આલંબને કર્યું,**

**(૧) નરકાદિનાં દુઃખ પણ એના આધારે વિચાર્યા, ને**

**(૩) જિનવચનના આધારે જ ઉપસર્ગને કર્મગૂમડાનું નસ્તર ગણ્યું;**

ગૂમડું સાફ થતું હોય ત્યાં નસ્તરની પીડા એ દુઃખ નથી મનાતી; એમ અહીં કર્મ સાફ થતા હોય ત્યાં ઉપસર્ગની પીડા એ દુઃખ ન ગણાય. એટલે જિનવચનનાં આલંબને મેતારજ મુનિને ઘોર પીડામાં ને મરણાંત કષ્ટમાં દુઃખ ન લાગ્યું. અને એથી જ એ ત્યાંજ કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા.

**આમ, જિનવચન મહાદુઃખમાં ય શરણ આપે છે. વર્તમાન કષ્ટમાંથી દુઃખનો ખ્યાલ કઢાવી નાખે છે.**

ભયંકર છેદન-ભેદન કે ગરીબી તિરસ્કાર યા અતિ પ્રિયનો વિયોગ વગેરેને દુઃખરૂપ જ નથી લાગવા દેતાં, દિવાળીરૂપ મનાવે છે, એવાં જિનવચનથી કેટલું બધું ભવ્ય શરણ-રક્ષણ મળ્યું ગણાય ?

ત્યારે જો જિનવચનનું આલંબન ન લેવાય, તો કર્મે આપ્યાં સંસારનાં નાનાં પણ દુઃખ, કર્મ છે ત્યાંસુધી મિટવાનાં નથી, ને મનને ક્લેશ ઊભો જ રહેવાનો.

**મોટા સમૃદ્ધ રાજાને પણ શરણ ન મળે કેમ ?**

દા.ત. મોટો રાજા હોય, પણ એને કર્મવશ કોઈ નિમિત્તે લોકમાં અપજશ અને હલકાઈનું દુઃખ આવ્યું તો ત્યાં એ નિવારવા એનું કુટુંબ કે મોટું લશ્કર પણ શું કરી શકે ? ગલી ગલી કે ઘર-ઘરમાં લોકને ક્યાં રોકવા જાય ? એટલે મોટા રાજાને પણ એનું દુઃખ લાગવાનું. દુઃખમાં દુનિયાના જડ-ચેતન કોઈનું શરણ નહિ. હા, જિનવચનનું શરણું લે, તો મેતારજ વગેરે મહર્ષિઓએ જે હિસાબ માંડ્યો, એ હિસાબ પર દુઃખની કલ્પના મટી કર્મકચરો સાફ થવાનો સોનેરી અવસર જુએ, અને આનંદ માને.

**નાસ્તિકને ય અશરણતા માનવી પડે છે :-**

માટે કહેવાય છે કે સંસારના સમસ્ત દુઃખ-વિટંબણા-ક્લેશમાં જિનવચન સિવાય બીજું કોઈ જ શરણ નથી; અને જિનવચન મહાશરણભૂત છે, ઠેઠ અંતકાળે તો એ જ શરણ આપે છે એ દેખાય છે ને ? બડા નાસ્તિકને પણ માનવું પડે છે કે 'મૃત્યુ વખતે જીવ ગમે તેટલી હાયવોય કરે, બૂમરાડ ધમપછાડા કરે, પરંતુ એનાં દુઃખને કોઈ જ મિટાવી શકતું નથી. ભલેને વિશાળ કુટુંબ પરિવાર સામે ઊભો હોય,



ક્રોડો રૂપિયા હાજર હોય, દુનિયામાં મોટો માન-મર્તબો મોજુદ હોય, મહા પ્રોફેસરપણું કે ધન્વંતરી વૈદ યા F.R.C.S.M.D. ડોક્ટરપણું હોય,...પણ બધું વ્યર્થ. એમાંનું કોઈ એનું દુઃખ ન મિટાવી શકે.' નાસ્તિકને ય આ માનવું પડે છે. એટલે જ હકીકત આ છે, કે ત્યાં જિનવચનનું આલંબન ન હોય તો ઝૂરી ઝૂરીને મરવાનું થાય. દેખાય કે સબ સલામત, પણ પોતે જ સલામત નહિ, ત્યાં ચિત્તમાં ક્લેશનો પાર નહિ.

**કેમ સારું મરાય ? :-**

એવા અવસરે જો જિનવચનનું આલંબન ધર્યું હોય, તો એ સમજાવે છે કે 'જોજે હોં, આ બધા કંચન-કુટુંબ-કીર્તિ તો પહેલેથી તારા હતા જ નહિ; તારા હોત તો અત્યારે તારાથી છૂટા પડતા શાના દેખાય ? તારા હોય તો તને રક્ષણ કેમ ન આપે ? માટે તેં એને તારા ખોટા માની લીધા; તેથી જ એ જતાં કે એ તારું દુઃખ ન મિટાવતાં, તને દુઃખ થાય છે. એટલે હવે ભૂલ્યા ત્યાંથી ફરી ગણ. ફરી સાચો હિસાબ માંડ, સમજી લે કે 'આ કશું મારું નથી. એટલે મારી સાથે ન આવે કે મને રક્ષણ ન આપે એ સ્વાભાવિક છે. મારું મારાં કર્મ છે, મારાં સુકૃત છે. જનમ્યા એટલે જવાનું તો હતું જ તે હવે આવી લાગ્યું છે, પરંતુ આ વખતે જો ચિત્તમાં મૈત્રીભાવ, વૈરાગ્ય અને પંચપરમેષ્ઠીનું સ્મરણ રાખું તો અહીં મરતાં મહાશાંતિ, અને બાદ સુંદર સદ્‌ગતિ છે. તો મરવામાં ફિકર શી ?' આ સમજથી મૃત્યુ વખતે શાંતિ રહે છે.

જિનવચન આ આલંબન આપે છે, ને એને સ્વીકારનારો મરણને પણ દુઃખ માનતો નથી. તેથી કહેવાય કે 'આ સંસારમાં જીવને જિનવચન સિવાય કોઈ શરણભૂત નથી; માત્ર જિનવચન જ શરણભૂત છે;' આ પરથી સમજાશે કે 'વર્તમાનમાં નાનું મોટું કોઈ પણ કષ્ટ ટળે ન ટળે એની બહુ કિંમત નથી, કેમકે કર્મજનિત એનું મિટવાનું આપણા હાથમાં નથી; પરંતુ એમાં દિલને દુઃખ ન લાગે, પીડા ન લાગે, એ બહુ મહત્ત્વનું છે, **કષ્ટ કર્મના હાથમાં છેઃ દુઃખ ન લગાડવું એ આપણા હાથની વાત છે;** અને એ જિનવચનના સહારે બની શકે છે.

**જિનવચન શી શી રીતે દુઃખ ન લાગવા દે ? :-**

જિનવચને આપેલ (૧) આત્મતત્ત્વ અને કર્મતત્ત્વની સમજ, (૨) મહાપુરુષોનાં દૃષ્ટાંતો, (૩) નરકાદિની પીડાઓનો ખ્યાલ, (૪) હાયવોય-દુર્ધ્યાનનાં પરલોકમાં ભયંકર આવતા પરિણામનો વિચાર,...ઇત્યાદિ બધું જે જિનવચન આપે છે, એના આધાર પર ચિંતવતાં વર્તમાન ભયંકર પણ દુઃખ વિસાતમાં નથી લાગતું.

**ગમાર સંગમને જિનવચને શરણ કેમ ? :-**

ત્યારે જિનવચનનું આલંબન રાખી ચિત્તને સ્વસ્થ રાખતાં સમાધિ જાળવતાં,

પછી મોક્ષ યા સુંદર સદ્ગતિનો અવર્ણનીય લાભ મળે છે. શાલિભદ્રના જીવને પૂર્વ ભવમાં ભરવાડણના છોકરા સંગમ તરીકે પેટમાં શૂળથી મરવાનું આવ્યું ત્યાં એણે એનું દુઃખ ન માન્યું, અને જિનવચને શરણભૂત કહેલા મુનિ અને દાનધર્મની અનુમોદનાનું આલંબન રાખ્યું, તો એને મર્યા પછી સુંદર મનુષ્યભવ મળ્યો, મહાઋદ્ધિ મળી, અને વિશેષમાં એનો ત્યાગ તથા મહાચારિત્ર મળ્યું ! એટલું જ નહિ પણ **'ફૂલની શય્યા જેહને ખૂંચતી, એણે સંથારો શિલા કરિયાં,'** ઘોર તપસ્યા અને અંતિમ અનશન મળ્યાં. ગમાર ગોવાલણપુત્રને જિનવચન જે આ શરણ-રક્ષણ આપે એવું બીજું કોણ આપી શકે ?

**જેની ખાતર ફાંફા મરાય છે એ અંતે શું આવશે ? :-**

જીવન જીવતાં શા ફાંફા મારી રહ્યા છો ? શામાં હોંશિયારી અને સંતોષ માની રહ્યા છો ? જિનવચન સિવાય બીજા બધા ફાંફા નકામા છે, બીજી બધી હોંશિયારી અને સંતોષ માથે પડવાના છે. જેની પાછળ ફાંફા મારો છો જેની ખાતર હોંશિયારી લડાવો છો, અને જેમાં સંતોષ આનંદ માની રહ્યા છો, **એ બધું ધન માલ પરિવાર પ્રતિષ્ઠા અંતે વાદળની જેમ વિખરાઈ જવાનું છે; અને જિનવચનને અવગણી કરેલા રાગ-દ્વેષ, મદ-માયા, હિંસા-જૂઠ-અનીતિ...વગેરે વગેરેના ભયંકર નતીજા ભોગવવા પડશે.** નજર સામે પ્રાણીસૃષ્ટિ એ ભોગવતી દેખાય છે, એ જીવો જાણે કહી રહ્યા છે કે 'પાપો શાને કરો ? અમારા સામે જુઓ. અમે પણ એકવાર તમારા જેવા માનવ હતા. અને તમારી જેમ ઉધમાત કરેલા, તેથી હવે એનું આ દુઃખદ ફળ ભોગવી રહ્યા છીએ.' આ ગુપ્ત અવાજ સાંભળવા કાન છે ?

જીવનમાં જિનવચનનું આલંબન એ જ સાર છે; એ જ શરણ-રક્ષણદાતા છે, એ આ સમજાવીને કાયામાયા પરથી મમત્વ ઉઠાવી લેવરાવે છે પછી તો કાયા-માયા પરની કોઈ આપત્તિ દુઃખરૂપ લાગતી જ નથી. દુનિયામાં કોઈ ખૂણે આગ લાગે તેથી માણસને દુઃખ નથી થતું; કેમકે એ પોતાની ચીજ પર આગ નથી. એમ કાયા-માયા ચીજ જ પોતાની ન માની, પછી એના પર આગ-આપત્તિમાં શું કામ દુઃખ લાગે ?

**જિનવચન માની કાયા-માયા પરથી મમત્વ ઊઠાવી લો, તો એના પર આપત્તિથી દુઃખ નહિ લાગે.**

ધર્મનંદન આચાર્ય મહારાજે માયાદિત્યને આ સમજાવ્યું કે સમસ્ત દુઃખ-આપત્તિમાં શરણ-રક્ષણ એક માત્ર જિનવચનથી છે. એમ ઘોર પાપ-દુષ્કૃત્યોમાં પણ એથી જ શરણ-રક્ષણ મળે છે.

ત્યાં માયાદિત્ય કહે છે 'પ્રભુ ! તો હું તો મહાપાપો આચરનારો છું. તો



મને એમ થાય છે કે જિનવચન મારા જેવા ઘોર પાપીને શી રીતે શરણ આપે ? શી રીતે બચાવે ?'

આચાર્ય મહારાજ કહે, છે, 'જો, ઘાંચીના ઘરનું તેલિયું મેલુંદાટ કપડું પણ ખાર-પાણી ધોકાથી સાફ થાય છે ને ? એમ જિનવચન પ્રખર પણ પાપમેલ ધોવાના જલદ ઉપાય બતાવે છે. જે પાપીવૃત્તિ-પ્રવૃત્તિઓથી જીવ મેલોદાટ બન્યો, એનાથી વિપરીત ધર્મવૃત્તિ-પ્રવૃત્તિઓથી મેલ કપાઈને એ ઊજળો કેમ ન થાય ? જંગી ઘાસની ગંજી એક આગની ચિનગારીથી બળીને સાફ થઈ જાય છે, એમ જંગી પાપના થોક જિનવચનના કહેલા ઉપાયથી બળીને સાફ થઈ જાય છે'

માયાદિત્ય કહે 'તો ભગવંત ! એ ઉપાય બતાવો અને હું જો એ માટે યોગ્ય હોઉં તો મને એ આપીને કૃતાર્થ કરો, એવી મારી આપશ્રીને પગે પડીને વિનંતિ છે.' એમ કહી ઊઠીને એ આચાર્યના ચરણે પડે છે.

આચાર્ય મહારાજે ત્યાં ઉપાય તરીકે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને ક્ષમાદિ ધર્મો બતાવ્યા. અને જોયું કે 'માયાદિત્યના કષાય શાંત પડ્યા છે, હવે એ ઉપશમભાવમાં આવેલો છે,' તેથી એને ત્યાં સાધુદીક્ષા આપી.

માયા પર **માયાદિત્યનો** અધિકાર પૂર્ણ થાય છે.

## 'લોભ' પર લોભદેવનું કથાનક

ચરિત્રનાયક કુવલયાનંદ રાજકુમાર જંગલમાં મૂકાયેલો ત્યાં મહર્ષિ પાસે 'પોતે અશ્વથી આકાશમાં કેમ લઈ જવાયો, એ અશ્વ કોણ ?'....વગેરેનો ખુલાસો જે સાંભળે છે, એમાં એ વાત આવી કે રાજા પુરંદરદત્તને વાસવમંત્રી જૈનધર્મ પમાડવા માટે યુક્તિપૂર્વક ઉદ્યાનમાં ધર્મનંદન આચાર્ય મહારાજ પાસે લઈ ગયો છે, અને વાસવમંત્રીના પ્રશ્ન પર આચાર્ય મહારાજ સંસારનાં પાંચ કારણ તરીકે ક્રોધાદિ ચાર કષાય તથા મોહને જણાવતાં ક્રોધ પર ચંડરુદ્ર, માન પર માનભટ્ટ, અને માયા પર માયાદિત્યનાં જીવંત દૃષ્ટાંત બતાવી ગયા. હવે લોભનો અધિકાર બતાવતાં આચાર્ય મહારાજ કહે છે કે,

**લોભ એ સંસારનું એટલું બધું જબરદસ્ત કારણ છે કે** (૧) જ્યાં સગાં-સ્નેહીમાં કોઈમાં લોભ પેઠો, ત્યાં એ લોભ બીજા સ્નેહીઓ સાથેના સ્નેહનો ભેદ કરાવે છે, ભંગ કરાવે છે. (૨) વળી લોભ પ્રિય મિત્ર પ્રત્યેની મિત્રતા તોડાવે છે.

(૩) એમ લોભના લીધે કાર્યનો નાશ થાય છે. (૪) તેમજ લોભ સર્વનાશ કરે છે.

આચાર્ય મહારાજે લોભની કરાવેલ ઓળખાણ કે **'લોભથી સ્વજનસ્નેહ, મિત્રતા, કાર્ય અને સર્વસ્વનો નાશ થાય છે'** એ જગતમાં સારી રીતે દેખાય છે.

**(૧) લોભથી સગાસ્નેહનો ભંગ :-**

બાપ દીકરો સાથે રહેતા હોય અને દીકરો સ્વતંત્ર વેપાર-ધંધો કરતાં, જો એને લોભ જાગે છે, તો પછી એના મનને એમ થાય છે કે 'મારું કમાયેલામાંથી ઘરખર્ચમાં આપી બાકીનું જુદું જમા કરું. નહિતર એમાંથી ભાઈઓના ભાગમાં જશે.' એમાં પછી જો બાપ કોઈ વધુ ખર્ચ કાઢે તો ગમતું નથી, બાપની ઉપર પ્રેમ ઘટે છે. અથવા, બાપને ખબર પડવાથી જુદી જમાવટ ન કરવા બે અક્ષર કહે, તો પણ તે ન ગમવાથી પ્રેમમાં ઘટાડો થાય છે. એવું પતિ-પત્નીમાં જો એકને લોભ લાગે તો ખાનગી જમાવટ કરવા જતાં પ્રેમ તૂટવાનો પ્રસંગ આવે છે, પછી ચાહ્ય પત્ની કપડાં વગેરેમાં ખર્ચ વધારે કરી નાખતી હોય, યા ખર્ચના નાણાં લઈ એમાંથી બચાવ કરવા જરૂરિયાતોમાં કસર કરતી હોય, કે પતિ નવા નવા મહેમાન લાવતો હોય, યા બીજા ઉડાઉ ખર્ચ કરતો હોય. જો પત્નીને લોભ છે તો ભલેને પતિ સારું કમાતો હોય છતાં પતિના આ ખર્ચ એને લોભવશ ખૂંચવાના; તેથી પતિ પર સહેજે પ્રેમમાં હ્રાસ થવાનો. એમ, ભાઈઓ ભેગા રહેતા હોય અને એમાં જો એકને લોભ જાગ્યો તો એના બીજા ભાઈ પર પ્રેમભંગ થવાનું બનવાનું. આ બધાનું કારણ એ કે લોભ એટલે પૈસા વગેરે પર પ્રેમ વધુ; તેથી પછી સગા પરનો પ્રેમ ઘટે એમાં નવાઈ નથી. **પૈસાનો વધુ પ્રેમ બીજા પ્રેમ તોડે છે.**

**(૨) લોભ મિત્રતામાં પણ હાનિ પહોંચાડે છે માટે કહેવાય છે કે 'જો મિત્રતા જાળવવી હોય તો વચમાં પૈસાનો વ્યવહાર ન લાવવો;'** પણ મિત્રતા વસ્તુ એવી છે કે એથી એક બીજા પર શરમ પડે છે, અને ક્યારેક પ્રસંગ આવતાં પૈસા મંગાય છે, ને શરમથી અપાય છે. પછી એને ભરપાઈ કરવામાં વિલંબ થતાં દેનારના મનમાં ઈતરાજી-નાખુશી ઊભી થાય છે. જો દેનારે લોભ ન રાખ્યો હોય અને ભેટ કર્યા માની લીધું હોય તો તો હજી વાંધો ન આવે. પરંતુ લોભ કોને છૂટે છે ? કદાચ ઉપર-ઉપરની મિત્રાચારી હોય, પરંતુ પહેલાના જેવા સંબંધ હવે નહિ રહેવાના એમ, ભાગીદારોમાં પણ દેખાય છે કે જ્યાં એકમાં લોભ વધ્યો કે એને બીજા ભાગીદાર સાથે દિલના સંબંધ તૂટે છે;

લોભમાં સ્નેહ-મિત્રતા તૂટવાના દાખલા દુનિયામાં ઠેર ઠેર જોવા મળશે. પૂર્વનાં દૃષ્ટાંત જોઈએ તો દા.ત. જોવા મળે છે કે કોણિકને રાજ્યનો લોભ જાગતાં પિતા શ્રેણિક પર પ્રેમ તૂટ્યો, અને એણે પ્રપંચથી એને જેલમાં ઘાલ્યા.



**રાજા કનકકેતુને** જીવનભર પોતે જ રાજા બન્યો રહે અને પુત્રને પોતે જીવતાં રાજ્ય ન દેવું પડે એ માટે જનમતા પુત્રનું કોઈ અંગોપાંગ છેદાવતો, જેથી એ રાજા બનવા લાયક ન રહે. આમાં પુત્ર પર પ્રેમ ક્યાં રહ્યો ?

**ચુલણી** વિષયસુખના લોભમાં પડી તો એણે પેટનો દીકરો બ્રહ્મદત્ત જીવતો સળગી મરે એવો પેંતરો કર્યો.

**અરે ! રામચંદ્રજી જેવાને** પણ સારા લોકપ્રિય રાજા તરીકે કહેવરાવવાનો લોભ જાગ્યો તો મૂર્ખ લોકની સીતા માટેની નિંદા અને રામે એને ન રાખવાની વાત પર સીતાને મહાસતી જાણવા છતાં ગર્ભિણી અવસ્થામાં રામે એકલી અટુલી વનમાં ત્યજાવી. ત્યાં સીતા પર પ્રેમ ક્યાં રહ્યો ? સીતાને સતી તો માને જ છે, પરંતુ લોક જો કહે છે કે 'આવા મોટા રાજાએ રાવણને ત્યાં રહી આવેલી પત્નીને ઘરમાં ન રખાય,' તો એવા મૂર્ખ લોકમાં મોટા રાજા તરીકેની ખ્યાતિ-જાળવવાના લોભમાં સીતાને તરછોડી.

લોભ ભૂંડો છે. માટે તો આજે વિષયસુખો વગેરેના લોભમાં બાપ-દીકરાના ય જુવારા થાય છે; ભાઈ-ભાઈમાં રગડા જામે છે; એક ભાગીદાર કબાડી હોય તો પોતાની હોશિયારી પર કમાઈ દેખી લોભવશ બીજા ભાગીદારને છેહ દે છે; છૂટો કરે છે. લોભમાં શિષ્ય સાધુ પણ ગુરુ પ્રત્યે અભાવવાળો બને છે, લોભને લીધે જુદો વિચરે છે. લોભ ભક્તોમાં પક્ષપાત કરાવે છે. લોભથી પોતાનું કામ કરી અપાવનારા સાધુ ગમે છે, અને ત્યાગી સાધુ એવા નથી ગમતા. આમ લોભ પ્રેમનો નાશક છે.

**(૩) લોભથી કાર્ય પણ બગડે છે.** ધંધો સરખો ચાલતો હોય, પરંતુ જો લોભ વધ્યો તો એ ધંધામાં એવું અઘટિત સાહસ કરાવે છે કે પછી લાભને બદલે ઊલટું નુકશાન થાય છે, ધંધો તૂટે છે, બજારમાં શાખ ઓછી થાય છે. પછી દેખાવ સારો રાખવા બીજું બગાડવું પડે છે. ત્યારે જીવનની બીજી બાબતમાં પણ જો લોભ ઉછાળો મારે છે તો લોભના અંધાપામાં એવું કરી બેસે છે કે ઓડનું ચોડ વેતરાય.

**રાવણને વાલી રાજા પર** હકુમત જમાવવાનો લોભ જાગ્યો, ત્યાં વાલીએ મિત્રતા રાખવાનું મંજૂર કર્યું, છતાં વર્ચસ્વ જમાવવાના લોભના અંધાપામાં રાવણ વાલી સાથે લડવા ઉતર્યો. એમાં એને હાર ખાવી પડી. પોતાના વિશાળ લહાવ-લશ્કર અને કેઈ સામંત રાજાઓની નજરમાં રાવણને વાલીની કાખમાં દબાવું પડ્યું.

**એમ, ભરત ચક્રવર્તીને** પણ પોતાના વિશાળ લશ્કરના દેખતાં ભાઈ બાહુબળના હાથે હાર ખાવી પડી. આ શું ? પોતાના સુખે સમાધિએ ચાલતા સમ્રાટપણાના કાર્યને બટ્ટો લાગ્યો.

લોભ કાર્યનો નાશક એમ બને છે કે લાભમાં માણસનું હૃદય ગમતી વસ્તુ

મેળવવા-સાચવવા માટે એવું ઉતાવળિયું અને વિહ્વળ બની જાય છે કે એને બીજું ભાન નથી રહેતું. તેથી ઉતાવળમાં અનુચિત સાહસ કરવા જતાં કાર્યને બગાડી નાખે છે. દેખાય છે કે માન મેળવવાના લોભમાં દોડતો માણસ એવું કરી નાખે છે કે ઊલટું હલકાઈ પામે છે. પૈસાના લોભમાં વેપાર ધંધામાં એવું ઊંધું મારે છે કે કમાવાને બદલે ગુમાવે છે.

**(૪) ત્યારે લોભ આગળ વધીને સર્વસ્વનો નાશ કરે છે, સર્વ ગુણોનો નાશક બને છે.** શાસ્ત્ર કહે છે કે (૧) ક્રોધથી પ્રીતીનો નાશ થાય (૨) અભિમાનથી વિનયનો નાશ, અને (૩) માયાથી બીજાના વિશ્વાસનો નાશ થાય છે. પરંતુ (૪) 'સર્વ ગુણ વિનાશકો લોભઃ' કેમકે લોભવશ ધારેલી વસ્તુ મેળવવા-સાચવવા દિલ એવું આંધળું બને છે કે પછી ત્યાં પ્રેમ, વિનય, વિશ્વાસ વગેરે કોઈ ગુણ સાચવવાની પરવા નથી રહેતી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૨૭,તા.૪-૪-૧૯૭૦**

**સંભૂતિમુનિના લોભ પર ભાઈમુનિનો ઉપદેશ :-**

સંભૂતિમુનિ મહાતપસ્વી અને સંયમી, છતાં સનતકુમાર ચક્રવર્તી પટ્ટરાણી સાથે એમના વંદન અર્થે આવેલો, અને વંદન કરતાં પટ્ટરાણીના કોમળ કેશની લટ નીચી પડવાથી મુનિના પગે અડી ગઈ; એમાં મુનિને એવા ચક્રવર્તીના સુખનો લોભ જાગ્યો, અને એ મેળવવાનું નિયાણું કર્યું કે 'મારા આજ સુધીના તપ-સંયમનું ફળ હોય તો આ મળજો.' ચક્રવર્તીના ગયા પછી સાથેના ભાઈમુનિ ચિત્રને એની ખબર પડતાં એમણે ઘણું સમજાવ્યું કે 'તપ-સંયમનું તો અતિશય ઊંચું મોક્ષ ફળ મળે એમ છે, તો આવા તુચ્છ નાશવંત અને ભવમાં ચિરકાળ ભટકાવનારા ફળની આકાંક્ષા મૂકી દો. શાસ્ત્રની મનાઈ છે. વળી તમે ચારિત્ર લીધું છે તે ભવજાળથી છૂટવાના ઈરાદે; ને આમાં તો એ ભાવનાનો ને મનના સંકલ્પનો ભંગ થાય છે... 'ઈત્યાદિ કેટલુંય સમજાવ્યું, પરંતુ લોભમાં તણાયેલા સંભૂતિ મુનિએ એ કશું ધ્યાનમાં ન લીધું. ત્યાં પ્રતિજ્ઞાભંગ, ભાઈનું દાક્ષિણ્ય, જિનનો વિનય, મોક્ષનું મૂલ્યાંકન, જડ વિષયોનો વૈરાગ્ય, સંયમની લગની વગેરે વગેરે ઘણા ગુણોની બેપરવાઈ કરી પછી આગળ ભવે એ બ્રહ્મદત્ત ચક્રવર્તી બનતાં તો માગ્યું મળ્યા પર કારમો લોભ યાને મમતા-આસક્તિ એવા જાગ્યા કે એમાં ભાઈસાધુએ ઘણો પ્રતિબોધ કરવા છતાં, વિષયવૈરાગ્ય, દયા, સંયમ, વગેરે કોઈ ગુણની પરવા ન રાખી, ને અંતે સાતમી નરકમાં પ્રયાણ કર્યું.

જીવનમાં તપાસજો કે જ્યારે એવો કોઈ ચિકણો લોભ-રાગ-મમતા ઊઠે છે



ત્યારે પછી એની લગનમાં ગુણની પરવા કેટલી રહે છે ? સમસ્ત પાપોની જડ રાગ છે. રાગ એટલે લોભકષાય એ ઊઠ્યો પછી પાપ પેસતાં વાર નહિ, ગુણને પલાયન થતાં વિલંબ નહિ, શું ?

**સમસ્ત પાપોની જડ રાગ. તો**

**રાગ પર અંકુશ મૂકે એ પાપથી-દોષોથી બચે; બાકી તો રાગની નિરંકુશતામાં સર્વનાશને આમંત્રણ છે.**

તત્કાલ સામે જોતા નહિ કે 'રાગ-લોભ કર્યો ને પુણ્ય પહોંચતું હતું તેથી ધાર્યું બની આવ્યું.' પછી શું ? રાગની વસ્તુ કેટલો કાળ ટકવાની ? અંતે તો ખુવારી જ છે. લોભની પરવશતામાં ન કરવાનાં કરાય છે, ન બોલવાના બોલાય છે ન ચિતવવાના ચિંતવાય છે. એ પછી પીડ્યા વિના રહેશે ? ચક્રવર્તીની પટ્ટરાણી વિષય રાગમાં મરીને સર્વનાશ પામે છે, છઠ્ઠી નરકે ઊતરી જાય છે. તીર્થંકરનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ સાતમીમાં જઈ પડ્યો. કેમ ? સત્તા-બળ-વિષયોના કારમા રાગમાં સબડ્યો હતો.

**રાગ લોભના કેવા અનર્થ ? :-**

રાગ લોભ ભૂંડો છે. એ જિનવચનને ભુલાવે છે, ગુરુની શરમ ચૂકાવે છે; શ્રાવકપણું સાધુપણું ભૂલાવે છે. સ્નેહીઓના સ્નેહ અને વિશ્વાસુઓના વિશ્વાસનો ભંગ એ કરાવે છે. આ જગતમાં ચાલી પડેલ પાપો અને દોષોનું સામ્રાજ્ય શાથી ? મૂળમાં રાગના લીધે, લોભના હિસાબે. લોભમાં પડેલો બાપ બાપપણું ભૂલે છે, ભાઈ ભાઈપણું ગુમાવે છે, ગુરુ ગુરુતા ચૂકે અને પુત્ર કે શિષ્ય પુત્રપણું-શિષ્યપણું વિસરે છે.

ધર્મનંદન આચાર્ય મહારાજ રાજાને કહે છે, 'હે નરેન્દ્ર ! લોભ એ એક મહા ગ્રહ છે, નબળા શનિ વગેરે ગ્રહની પીડા ભારે, એમ આ લોભની પીડા ભારે. જેમ આંધળો માણસ ચાલતાં જમીન ઊંચી છે કે નીચી, એ ન જોઈ શકે, એમ લોભિયો જ્યાં ચાલવા ઇચ્છે છે, જે વર્તવા ઇચ્છે છે, એ સમ છે કે વિષમ, એમાં સરખું ચલાશે-વર્તાશે કે કૂટાવાનું થશે, એ નથી સમજી શકતો. લોભ એ અંધાપો છે.

**લોભની વ્યાપક ભયંકરતા માટે ઉપમાઓ :-**

અહીં લોભની ચારે તરફની ભયંકરતા સમજાવવા સુંદર ઉપમાઓ આપી છે.

**(૧) અંધની જેમ લોભગ્રસ્ત** માણસ સમ-વિષમ કાળ કે સ્થાન-સંયોગો નહિ જોઈ શકે; અને એમ,

**(૨) બહેરાની જેમ લોભિયો** હિત-અહિત સાંભળવા અશક્ત. બહેરાને ઘણું ય સંભળાવો કે 'જો આમાં તારું હિત છે, ને આમ કરવા જઈશ તો મહા

અહિત થશે,' પરંતુ એ સાંભળે ખરો ? ના, બહેરો છે, શું સાંભળે ? બસ, લોભમાં પડેલાને હિત અહિતની વાત ગમે તેટલી સંભળાવો ને, પણ એ સાંભળે નહિ. ચિત્તમુનિનો હિતોપદેશ સંભૂતિમુનિએ કાન પર ધર્યો જ નહિ. આજે ઘણા દીકરાઓ જમાનાની વાત-વસ્તુના લોભમાં તણાયા મા-બાપનું સાંભળતા નથી. એમ બાહ્યના લોભમાં પડેલ શિષ્ય પણ ગુરુનું શાસ્ત્રનું સાંભળવા તૈયાર નથી.

**રોહગુપ્ત મુનિને** રાજસભામાં વાદમાં વિજય મળ્યો, માન મળ્યું, એ માનના રાગમાં એ તણાયો; તો પછી ગુરુએ ઘણું ય કહ્યું કે 'જો, મિથ્યાત્વીને હરાવ્યો અને જિનશાસનની વાહવાહ કરાવી એ તો સારું કર્યું, પરંતુ એમાં જીવ-અજીવ-નોજીવ એમ ત્રણ રાશિ સ્થાપી એ તો સિદ્ધાન્તવિરુદ્ધ થયું, ઉત્સૂત્રભાષણ થયું; માટે જા, રાજસભામાં એ જાહેર કરી દે કે 'રાશિ તો બે જ, જીવ અને અજીવ; પણ નો જીવ નામની કોઈ ત્રીજી ચીજ જગતમાં નથી.' ગુરુની આ હિતવાણી રોહગુપ્તે ન સાંભળી કેમ ? માન મળ્યાની મમતા જામી છે, એટલે એ મમતા-રાગ-લાભ બહેરાની જેમ એ હિત સાંભળવા ન દે.

**રાગ બાજુએ મૂકાય તો જ જિનવાણી અસર કરે :-**

વ્યાખ્યાન સાંભળો છો ને ? પરંતુ જો એ વખતે ક્યારેક કોઈ લોભમાં રાગમાં આસક્તિમાં તણાયા તો ઉપદેશની વસ્તુ નહિ સંભળાય, ગળે નહિ ઊતરે, શું શાસ્ત્ર નથી કહેતું કે 'પૈસા-પરિવાર વગેરે બધું અસાર છે ?' પરંતુ એ સાંભળતી વખતે જેના દિલમાં પૈસા-પરિવારાદિ પર ભારે મમતા છે, એ કહે છે 'એટલે શું પૈસા પરિવાર ફેંકી દેવાના ?' આ શું કર્યું ? રાગથી પકડાયા અસારતાની હિતવાણી સાંભળી શકાઈ નહિ. માટે અનંત કલ્યાણસાધક જિનવાણીને સાંભળણી હોય, સાંભળેલી હૈયે ઠરવા દેવી હોય તો લોભને રાગને બાજુએ રાખો, વચમાં આડે ન આવવા દો.

**ઋષભદેવ ભગવાનની વાણી અઢાણું પુત્રોના ગળે કેમ ઊતરી ગઈ ?** એમ તો એ મોટા ભાઈ ભરતની સામે ફરિયાદ લઈ આવ્યા હતા. પરંતુ પ્રભુએ સાચા આંતર શત્રુની ઓળખનો ઉપદેશ આપ્યો. એ વખતે અઢાણુંએ પોતાના રાજ્યપાટ-પરિવાર વગેરેના અંધ રાગને બાજુએ રાખ્યો. એટલે પછી જિનવાણી એવી સંભળાણી અને એટલી બધી ઊંડી અસર કરી ગઈ કે ભરત સામે માત્ર દુશ્મનાવટ જ શું, સમસ્ત સંસારને પડતો મૂક્યો, ને ત્યાં જ દીક્ષિત સાધુ બની ગયા. લોભ રાગ એ બહેરાશ છે, હિત-અહિત સાંભળી ન શકે.

આચાર્ય મહારાજ કહે છે,

**(૨) લોભ એ ઉન્માદ ઉન્મત્તતા છે.** જેમ ઉન્મત્ત માણસ ગમે તેમ પ્રલાપ



કરે, એમ લોભી પણ ગમે તેવા બોલ બોલે છે. એને લોભવશ શરમ કે વિચાર નથી રહેતો. માણસ ધંધો કરતાં બે પૈસા કમાતો થાય, પછી જો લોભ વધે છે, તો એવા મનોરથ કરવા લાગે છે અને ઘરવાળા આગળ કે બીજા આગળ એવું બોલવા લાગે છે કે 'પૈસા કમાવવા એમાં શી મોટી વાત છે ? બસ, હવે આ દાવ લગાવવો છે, આટલા કમાઈ લેવા છે. પછી તો જુઓને એક કારખાનું નાખવાનું, એટલે જિંદગીની નિરાંત...' ભાગ્ય હોય નહિ, આમાંનું કશું વળવાનું હોય નહિ, ને આમ બોલે, એ લવારો જ છે ને ? એમ લોભ બોલાવે છે.

**ગાંડાની જેમ લોભિયાના બોલવાનાં ઠેકાણાં નહિ.**

**રાવણ સીતાને** ઊપાડી ગયો હતો; પણ સીતા એને વશ થતી નહોતી; તેથી શું કરવું એ વિચારણા રાવણે સભામાં મૂકી. વિચારણામાં જેને જે લાગે તે કહેવાનું હતું; તેથી વિભીષણે કહ્યું 'તો પછી સીતા રામને સોંપી દેવી જોઈએ, આમે ય પરસ્ત્રી-ગમન એ પાપ છે, અને સારા કુળને લાંછન લગાડનારું છે. એટલે જો એ માનતી નથી તો પાપથી બચ્યા માની એનો ઉપકાર માનવો જોઈએ, ને એને ધણીને પાછી સોંપી દેવી જોઈએ, એ આ લોક અને પરલોક માટે હિતકારી છે."

પરંતુ રાવણ આ માને ? એને સુંદર સીતાનો લોભ લાગ્યો હતો, ઉપરાંત હવે લોભ સ્વમાનનો જાગ્યો, પાછી સોંપવામાં સ્વમાન જતું લાગ્યું, અને એનો લોભ મૂકવો નથી. તેથી વિભીષણની વાત પર વિચાર કરવાને બદલે ઉન્મત્તની જેમ એવા લવારા કાઢ્યા, ને વિભીષણનું એવું અપમાન કર્યું કે વિભીષણને કહેવું પડ્યું કે,

"આપણા ઊંચા યશસ્વી કુળના ઈતિહાસમાં આવું કોઈએ કર્યું નથી, ને આથી તો કુળને કલંક લાગે છે; તેમ ભાવી ભૂંડું લાગે છે. એટલે મારી વિનંતિ છે કે કુળને કલંક ન લાગવા દો અને ભાવી અનર્થને ન વહોરો.'

પરંતુ રાવણે આ માન્યું નહિ, ઊલટું એવા ઉદ્ગાર કાઢ્યા કે વિભીષણને એનો ત્યાગ કરીને રામચંદ્રજીના પક્ષમાં જવું પડ્યું. સ્વમાનનો લોભ પણ ખતરનાક છે. એ લોભે રાવણ પાસે ઉન્મત્ત પ્રલાપ કરાવી સારા ભાઈને ગુમાવરાવ્યો. માટે જો એવા ગાંડાના જેવા બોલ ન બોલવા હોય અને લોકમાં હલકા ન પડવું હોય તો એવા કોઈપણ પ્રકારના લોભમાં તણાવું ન જોઈએ. લોભ પર અંકુશ મૂકી દેવો વાજબી છે.

**(૪) લોભીને પૂછો કાંઈ, ને ઉત્તર બીજો જ દેશે :-**

આચાર્ય મહારાજ કહે છે, 'લોભ તો નાના બાળકની જેમ એવા નાદાન બનાવે છે કે એને પૂછો કાંઈ, ને એ ઉત્તર બીજો જ દેશે. બાળક આવું કરે, એમાં એને તો હજી બુદ્ધિ અક્કલ ખીલી નથી એટલે એવું ભાનવિનાનું બોલે, પરંતુ લોભ

તો મોટા પીઢ માણસને ય ભાન વિનાના બનાવે છે, તે પૂછાય કાંઈ, ને જવાબ બીજો જ દે.

લોભની ધૂન છે ને ? એ ધૂનમાં શું પૂછાય છે એનો ખ્યાલ જ નથી રહેતો એટલે પછી ભળતો જ ઉત્તર કરાય છે. વેપારી દુકાન પર બેઠો લોભના તરંગમાં હોય, કોઈ પરદેશી પૂછે કે 'આ રસ્તો ક્યા જાય છે ?' ત્યારે એ કહેશે કે 'આ કાપડનો ભાવ સસ્તો છે, લઈ જાઓ !' દરદી ડાક્ટરને પૂછતો હશે કે 'મારે અમુક ચીજ ખાઈ શકાય ?' ત્યારે ડાક્ટર દવાના પૈસાના લોભમાં ચડેલો કહેશે 'તમે જલ્દી દવાના પૈસા મોકલી આપજો !' મા છોકરાને કહેશે 'માશીને ત્યાં જઈ આવ્યો ?' ત્યારે છોકરો ભણવાના લોભમાં પડેલો કહેશે, 'માસ્તર લેસન બહુ આપે છે, પણ હું બરાબર કરું છું.'

**(૫) લોભ અનેક ધર્મ ગુમાવરાવે છે :-**

**લોભ એકેન્દ્રિય બનાવે છે. માત્ર એક જ વિષયની લેશ્યા, એનું જ ભાન.** આવા માણસો જો દુન્યવી વસ્તુમાં ય ભાન વિનાના બને, તો પછી આત્મહિતની વસ્તુ તો એના ધ્યાનમાં આવે જ ક્યાંથી ? શરીરના લોભિયાને સવારે બે કલાક ફરવા જવાનું સૂઝે છે, પણ બે ઘડી સામાયિક-પ્રતિક્રમણ નથી સૂઝતું. આરામીના લોભિયાને વધારે ઊંઘવા કે પડી રહેવાનું ગમે છે, પણ સારું ધાર્મિક વાંચન કે સત્સંગ કરવાનું નથી ગમતું. વાતોનો રસિયો રાતે આઠ વાગ્યાનો બેઠો, અગિયાર વાગ્યા સુધી ત્રણ કલાક વાતો કરશે, પરંતુ એક કલાક નવકાર મહામંત્રનો જાપ નહિ કરે. દુનિયામાં અનેકની સાથે સંબંધ રાખવાના લોભમાં પડેલો સાંસારિક કામ બગાડીને પણ યા એમાંથી પરવારીને, આને મળવા જશે તેને મળવા જશે, બજારમાં આંટા મારશે, પરંતુ ઘરના છોકરાને ૦ા-૦ા કલાક લઈ બેસી ધર્મની આત્મહિતની વાતો કરવાનું નહિ કરે. પછી એ સંતાન બહારમાં તણાઈ જાય એમાં શી નવાઈ ? લોભ ઘણા ધર્મ સાધવા હાથવેંતમાં છતાં ગુમાવરાવે છે.

**(૬) લોભ તો માણસને માછલાની જેમ દરિયામાં ફેરવે છે.** એટલે ? લોભ સમુદ્રના પ્રવાસ વારંવાર ખેડાવે છે. આજ જુઓ છો ને કે પહોંચતા માણસ વાત ભેગા પરદેશ દોડે છે. લોભ ચીજ એવી છે. એ પછી સાંભળે કે 'ફલાણા પ્લેનનો અકસ્માત્ થયો, ને આટલા માણસ નીચે પટકાઈ ક્યાં પડ્યા એનો પત્તો નથી;' તો ય એ તો માનશે કે 'તેથી શું ? એમ થોડું જ બધા પ્લેન તૂટી પડે છે ?' લ્યો છે ભય ? છે કોઈ માનવજન્મની કિંમત ? અનેકાનેક ભવ્ય સુકૃત-સત્ક્રિયા કરી લેવા માટેના સમર્થ માનવ અવતારને લોભની કરણીમાં ખત્મ કરી નાખે છે.

**(૭) લોભ ભૂંડો છે. મહા કર્માદાનના મહાપાપના ધંધા કરાવે છે, જીવો પ્રત્યે નિર્દય બનાવે છે.** આજે હિંસક ધંધા કેટલા વધી ગયા ? શ્રાવક એવા હિંસક ધંધા કરે ? પરંતુ લોભ શ્રાવકપણું ભૂલાવે છે.



**પેથડશાએ લોભને પરખી સુવર્ણસિદ્ધિ ફગાવી :-**

પેથડશાહને ક્યાંકથી સુવર્ણરસ સિદ્ધ કરવાનો નુસખો કિમિયો મળ્યો એટલે પછી લોભ જાગ્યો, પેથડ આબૂ ઉપર ગયો. ત્યાં વનસ્પતિઓ ભાતભાતની ઊગે, તેથી આબૂના જંગલોમાં ફરી ફરીને કેટલાય પ્રકારની વનસ્પતિઓ તોડી તોડીને એના રસ કાઢ્યા રસ કાઢી એના સંયોજન કરી કરીને સુવર્ણરસ બનાવવા પ્રયત્ન આરંભી દીધો.

પરંતુ સુવર્ણરસ એમ બને છે ? વનસ્પતિઓ રસશાસ્ત્રનાં કહેલાં લક્ષણવાળી બરાબર જ મળે એવો નિયમ નહિ. અંદાજે ધાર્યું હોય કે આ એવાંજ લક્ષણવાળી છે, પરંતુ એ બરાબર ન હોય, એવું બને. પૂર્વનો અનુભવ હોય નહિ, લખેલા અક્ષર પરથી મેળવવાનું હોય, અને કુદરતના સર્જનમાં સમાન એવી વનસ્પતિઓ મળતી હોય, તેથી અંદાજ લગાવી અખતરા જ કરવાનું બને એ હિસાબે કેટલીય લીલી વનસ્પતિઓનો કચ્ચરઘાણ નીકળે.

પેથડશાને સુવર્ણરસ સિદ્ધ કરવા માટે આમ ઢગલાબંધ વનસ્પતિઓનો કચ્ચરઘાણ કરવો પડ્યો. એમાં કેટલીય ભળતી વનસ્પતિના અખતરા નકામા ગયા, ત્યારે કેટલાય સંયોજન નકામા ગયા. એમ કરતાં કરતાં અંતે સુવર્ણરસ સિદ્ધ થયો. પુણ્યશાળી છે ને ? એટલે આવી મહાન સિદ્ધિ થઈ. ક્રોડો રૂપિયાનું ધન સહજ રીતે બનાવી લેવાનો ઉપાય હાથમાં આવ્યો. હવે આનંદ કેટલો થાય ? હૈયું કેવા આનંદના હિલોળે ચડે ?

પરંતુ એ પછી પેથડશા આબૂના જિનમંદિરમાં જાય છે. વીતરાગ પ્રભુનાં દર્શન કરે છે ત્યાં પેથડશાનું દિલ દ્રવી ઊઠે છે, મનને એ વનસ્પતિકાય જીવોનો કચ્ચરઘાણ કાઢવા બદલ ભારે કલ્પાંત થાય છે. પ્રભુની આગળ રોતાં રોતાં પાપનો પશ્ચાત્તાપ કરે છે,

**પેથડશાનો સુવર્ણસિદ્ધ થવા છતાં પશ્ચાત્તાપ :-**

'પ્રભુ ! આ મેં લોભમાં શું કર્યું ? પોતપોતાના સ્થાને ઊગી કલ્લોલ કરી રહેલા એ વનસ્પતિકાય જીવો, એ બિચારા પારાવાર જીવોનો મેં કચ્ચરઘાણ કાઢ્યો ? એને કાઢ્યા, છૂંદ્યા, લસોટ્યા ? ક્યાં રહી આમાં મારી દયાની પરિણતિ ? ક્યાં રહ્યો મારો શ્રાવકધર્મ ? પેટ ભરવાનો તો સવાલ જ નહોતો. પટારા ભરવાની કેવળ મનની ભૂખ ભાંગવા આટલો બધો જીવતા જીવોનો સંહાર ? આમાં મારું શ્રાવકપણાને જરૂરી દયાળુ દિલ ક્યાં રહ્યું ? અને મનની ભૂખ

ક્યારે પૂરી થાય છે ? હાય ! આ નિર્દોષ જીવોનો કચ્ચરઘાણ કાઢી કેટલા બધા પાપ બાંધ્યા ? એમાં પરભવે મારી ગતિ કઈ ? હવે જો આના ઉપર ધન પ્રાપ્ત કરી કરી રાચું તો એ જીવસંહારની વારંવાર અનુમોદના થવાથી દયાનો લેશ પણ ક્યાંથી રહે ? અને એ ચાલુ અનુમોદનાથી નવાં નવાં પાપકર્મોના થોક પણ કેવા બંધાતા જાય ? તેમ ધનની મમતા પણ કેવી પારાવાર વધે ? ધિક્કાર છે મારા લોભને ! ધિક્કાર છે મારા લોભી જીવને ! પ્રભુ ! આટલો ઊંચો મનુષ્યભવ, જૈન ધર્મ અને શ્રાવકપણું પામીને આ મેં શું કર્યું ? આટલા ઊંચા સંયોગે હૈયું નિર્દય અને ધિઠ્ઠુ બનાવ્યા પછી એવા હૈયા પર કેવા પાપી ભવોની પરંપરા ? એ ભવોમાં ધર્મ તો હૈયે વસે જ શાનો ? પછી કેવા ક્રૂર પાપોભર્યા જીવન જીવવાનાં ? નાથ ! તું અને તારું શાસન પામવા છતાં આ લોભ આ નિર્દયતા કરવામાં મેં તારી અને તારા શાસનની કેવી અવગણના કરી ? તારો કેટલો બધો અપરાધ કર્યો ?

પેથડશાહને પાપનો જબરદસ્ત પસ્તાવો થાય છે. પ્રભુની આગળ ચોધાર આંસુએ રડે છે. એ પશ્ચાત્તાપ અંતરના ઉંડાણમાંથી હતો એટલે હવે એ પાપ, એ લોભ અને એ નિર્દયતાને બંધ કરી દેવા નિર્ધાર કરે છે, પ્રતિજ્ઞા કરે છે કે 'મારે આ સુવર્ણરસ ન ખપે' કહો,

**પેથડશાહે પાપ પશ્ચાત્તાપમાં શું શું જોયું ?**

(૧) પુણ્ય હશે તો ધન તો બીજા સદ્ ઉપાયે પણ મળી રહેશે.

(૨) આવા અનિચ્છનીય ઉપાયમાં તો ધનના લોભની હદ નહિ રહે, તેથી મનની ભૂખ વધતી જશે.

(૩) અતિ લોભ એ સર્વ ગુણનો નાશ કરશે.

(૪) લોભથી બીજા સેંકડો પાપકૃત્ય ઊભાં થશે.

(૫) અઢળક વનસ્પતિ સંહારમાં એ જીવો પ્રત્યે નિર્દયતા પોષી.

(૬) એવી નિર્દયતામાં શ્રાવકપણાનું દયાળુ દિલ નષ્ટ કર્યું.

(૭) એના ધનલાભમાં જ્યારે જ્યારે રાજીપો તથા સાહ્યબીની રક્ષા અને ભોગવટો, ત્યારે ત્યારે એ જીવસંહારની અનુમોદનાએ નવાં નવાં પાપકર્મોનો બંધ, અને નિર્દયતાના કુસંસ્કારની વૃદ્ધિ.

(૮) એવા અસદ્ ઉપાયે પૈસા મળે ત્યાં પાપાનુબંધી પુણ્યનો-ભોગવટો. એથી નકરું પુણ્ય વેચી નકરાં પાપની ખરીદી. આવા કેટલાય અનર્થ પેથડશાહે જોયા એ સઘળા અનર્થોનું મૂળ 'લોભ.' એવા લોભસહિત અનર્થોને હટાવવા પેથડશાહે એક જ ઉપાય જોયો અને તે પ્રતિજ્ઞા કે આવો સુવર્ણરસ ન ખપે.

**લોભ મહા ભયંકર : લોભથી અગ્નિ પ્રવેશ :-**



**કુમારનંદી સોની અને નાગિલ શ્રાવક**

ધર્મનંદન આચાર્ય મહારાજ કહે છે, 'લોભવશ જીવ પતંગિયાની જેમ અગ્નિમાં ય પ્રવેશ કરે છે, અને માછલાની માફક સમુદ્રમાં પણ પ્રવેશ કરે છે.

પર્યુષણામાં પેલા કુમારનંદી સોનીનું દૃષ્ટાંત સાંભળ્યું છે ને ? હાસા-પ્રહાસા બે દેવીઓને પ્રાપ્ત કરવાના લોભમાં ચિતા સળગાવી એમાં જીવતો બળી જવા તૈયાર થયો. એના મિત્ર નાગિલ શ્રાવકે એને એમ કરતો અટકાવવા કહ્યું,

**લોભ દબાવવા અમૂલ્ય સલાહ :-**

"અરે મહાનુભાવ ! આટઆટલી શ્રીમંતાઈ અને ૫૦૦ સ્ત્રીઓ મળી છતાં આ દેવીઓનો લોભ કરે છે, તો એ દેવીઓ મળવા છતાં ય પછી શું એ લોભ અટકાવાનો છે ? ત્યાં વળી બીજી દેવીઓનો લોભ નહિ જાગે ? માટે **લોભના અગાધ પાતાળકૂવાને ઓળખી લે એ કદી નહિ સુકાય,** એની સેર ચાલુ જ રહેશે. તેથી અહીં અટક, અહીં સંતોષ વાળ.

"વળી આવો ઊંચો માનવ અવતાર પામી એનો આ રીતે કરુણ અંત લાવવાનો ? કે આવા જનમથી તો મહા ચારિત્રમાર્ગની અને એ ન બની શકે તો બીજાં અનેકાનેક સુકૃતોની સાધના કરી લેવાની ? **જીવનનો આપઘાતથી નાશ કરવો એ તો અનેક સુકૃતો તથા ચારિત્રસાધનાની અમૂલ્ય તકનો સરાસર નાશ કરવા જેવું છે.** ત્યારે ચારિત્રથી શું નથી મળતું ? તું ધારે છે એના કરતાં ય અતિ ઊંચી સુંદર રૂપવતી દેવીઓ-ઈંદ્રાણીઓ ઉપરાંત ઈંદ્રની ઠકરાઈ મળે છે. પરંતુ એ ય નાશવંત લાભ છે. ખરો લાભ તો શાશ્વત અનંત સુખના ધામભૂત મોક્ષ મળવાનો થાય છે. તો એ માટે આ ઉચ્ચ ભવનો ઉપયોગ કરી લે"

**'અનંતા મનુષ્ય જન્મોને પૂર્વે અર્થ-કામના લોભમાં બરબાદ કર્યો, છતાં એ લોભનો ખાડો પૂરાયો નહિ, તો આ મનુષ્યભવ હવે એમ જ લોભનો ખાડો પૂરવામાં બરબાદ ન થાય, પણ લોભનો નાશ કરવામાં વપરાઈ સાર્થક થાય,'**

એ માટે નાગિલ શ્રાવકે સુંદર સમજાવ્યું બહુ બહુ કહ્યું; છતાં કુમારનંદી સોનીએ એ માન્યું નહિ, અને લોભની જીદમાં ચિતામાં બળી મૂઓ. લોભથી જીવ પતંગિયાની જેમ અગ્નિમાં પ્રવેશ કરે છે. નાગિલ શ્રાવકને લોભની આ દારુણ દશા જોઈ વૈરાગ્ય વધી ગયો અને એણે સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધું.

કહો, કેટલા પર વૈરાગ્યવૃદ્ધિ ? તમને આજે એવા વિચિત્ર બનાવ બનતા જાણવા મળે છે ને ? તો વૈરાગ્ય વધે છે ? કદી એમ થાય છે 'આ સંસાર ભૂંડો ?' થાય તો તો એવા સંસાર પાછળ અપાર પાપો ન આચરાય. ચારિત્રની ઝંખના થાય.

નાગિલ શ્રાવકે ચારિત્ર લઈ સુંદર તપ-સંયમ પાળીને એ વૈમાનિક દેવલોકના ૧૨મા સ્વર્ગે દેવ થયો. ત્યારે, કુમારનંદી જીવતો બળી મરવાનું ભયંકર કષ્ટ સહીને પણ સૌથી નીચેના વ્યંતર દેવલોકમાં હાસા-પ્રહાસાનો ધણી વિદ્યુન્માળી નામે દેવ થયો.

લોભથી અગ્નિમાં પ્રવેશીને પણ સોનીએ બહુ શું મેળવ્યું ? જ્યારે એક વાર દેવોની નંદીશ્વર દ્વીપે સવારી નીકળી અને વિદ્યુન્માળીને એની આગળ તરગારાની જેમ ઢોલ બજાવતા ચાલવું પડ્યું, ત્યારે પેલા બારમા સ્વર્ગના નાગિલદેવે એની પાસે આવી કહ્યું

'કેમ ? મને ઓળખે છે ?'

આ કહે 'તમે તો ભાઈ સાહેબ ! બહુ ઊંચા વૈભવી તેજસ્વી દેવ છો.'

'અરે ના, એ ઓળખ નહિ. જો તું પૂર્વ ભવે પેલો કુમારનંદી સોની, અને હું તારો મિત્ર નાગિલ શ્રાવક. તેં આ આગળ નાચતી હાસા-પ્રહાસા મેળવવા ખાતર અગ્નિસ્નાન કર્યું, મેં ઘણો વાર્યો, પણ તું ન અટક્યો, તે મરીને આ તરગારાની જેમ ઢોલ બજાવનાર હલકો વ્યંતર દેવ થયો, અને મેં તને ઉપદેશેલ ચારિત્રમાર્ગ અપનાવ્યો, તેથી હું આ બારમા સ્વર્ગનો દેવ થયો. બોલ, લોભમાં તેં શો સાર કાઢ્યો ?'

નાગિલદેવના ભવ્ય તેજ આગળ વિદ્યુન્માળી દીન બની ગયો. પોતાનો પૂર્વ ભવ જોયો, અને કરેલી મૂર્ખતા સમજાઈ. હવે અહીં દેવભવ છે એટલે ચારિત્ર તો લેવાય નહિ; તેથી નાગિલદેવને દીનપણે પૂછે છે, 'તો હવે હું શું કરું ?'

**સોનીનો ઉદ્ધાર પ્રભુની મૂર્તિના નિર્માણથી :-**

ત્યાં નાગિલદેવે આ વખતે ઘરવાસમાં ભાઈના આગ્રહે બે વરસ રહેલા મહાવીર પ્રભુની પ્રતિમા ભરાવવાની સલાહ આપી. વિદ્યુન્માળીએ એનો બહુ ઉપકાર માન્યો, અને પછી હિમવંત પર્વત પરથી ગોશીર્ષ ચંદન લાવી એની એવી મૂર્તિ બનાવી કે જેના પર ચડેલી ફૂલની માળા દિવસો સુધી એની અતિ શીતળતાના યોગે કરમાય નહિ, પછી એ મૂર્તિની કેવળજ્ઞાની પાસે પ્રતિષ્ઠા કરાવી. એ પ્રતિમા એક વેપારીને દીધી, જેના પ્રભાવે છ મહિનાથી ઠેબે ચડેલાં વેપારીનાં વહાણ ઠેકાણે આવ્યાં અને અંતે એ પ્રતિમા ઉદાયન રાજાની રાણી પ્રભાવતીને પૂજવા માટે મળી.





વાત આ છે કે લોભ અગ્નિપ્રવેશ પણ કરાવે છે, ને સમુદ્રપ્રવેશ પણ કરાવે છે. લોભિયા માણસો જહાજ લઈને દૂર દૂર સમુદ્રમાં પ્રવાસ કરે છે. લોભવશ કેટલાય મરજીવા સમુદ્ર-તળિયેથી રત્નો લઈ આવવા સમુદ્રમાં ડૂબકી મારે છે. લોભ કેટલુંય અઘટિત આચરાવે છે. તેથી મુનિઓ લોભથી બચવા ચારિત્ર લઈ એવા એકાંતે અનર્થકારી લોભના લેશને પણ મનમાં પેસવા દેતા નથી. ચારિત્ર પાળવું છે ને ? ચારિત્ર એટલે સર્વત્યાગ; એ બરાબર પાળવો સાચવવો હોય તો લેશ પણ લોભ-રાગ-મમતાને શી રીતે રખાય ? શી રીતે મનમાં પેસાડાય ?

ધર્મનંદન આચાર્ય મહારાજ રાજાને કહે છે, 'લોભ તો દ્રવ્યનો ય નાશ કરાવે છે, અને મિત્રનો ય ઘાત કરાવે છે, ને પારાવાર દુઃખમાં સબડાવે છે. એનું જો આ અહીં જ બેઠેલ જીવતું જાગતું દૃષ્ટાંત.'

રાજા પૂછે છે 'પ્રભુ ! કોણ એ મનુષ્ય ?'

આચાર્ય મહારાજે કહ્યું 'આ તારી પાછળ અને વાસવમંત્રીની ડાબી બાજુ બેઠો છે તે, અતિ દુર્બળ કાયાવાળો બનેલો લોભદેવ.'

## • લોભદેવનું દૃષ્ટાંત •

રાજાએ એનો વૃત્તાન્ત પૂછતાં આચાર્ય મહારાજ કહે છે,

આ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં વચ્ચે વૈતાઢ્ય પર્વત છે. એના દક્ષિણ ભાગમાં મધ્યખંડમાં ઉત્તરાપથ દેશ છે. એમાં તક્ષશિલા નામની નગરી છે. ઋષભદેવ ભગવાનના સમવસરણથી પવિત્ર થયેલી આ નગરીમાં કોઈ કાયર બહુ તૃષ્ણાલુ, ખળ, મૂર્ખ, ઈર્ષ્યાળુ વગેરે દેખાતા નથી. નગરી ગંભીર અને બહારથી કોઈને અંદરમાં ઊતરી આવવા માટે કઠિન હોઈ, સજ્જન જેવી છે. સજ્જનના દિલ ગંભીર હોય છે, અને બીજાનાં રહસ્ય એના પેટમાં એવા ઊતરી ગયેલા હોય કે કોઈ એમાં ઊતરીને એ પામી શકે નહિ. એવી આ નગરી છે. આ નગરીના નૈઋત્ય ખૂણે ઉચ્ચસ્થલ નામનું ગામ છે. એમાં આ ધનદેવ એક સાર્થવાહના પુત્ર તરીકે જન્મેલો. મોટો થતાં એ ભારે લોભી, તેથી માયાવી, જૂઠપ્રિય, ને પરદ્રવ્યને ચોરનારો બન્યો છે. એટલે એના નિસ્સીમ લોભને જોઈને ગામના જુવાનિયાઓએ એનું નામ લોભદેવ પાડ્યું.

જુઓ મોટા શેઠનો દીકરો છે, બાપ સારા છે, છતાં દીકરો આવો લોભિયો અને લોભની પાછળ માયા-જૂઠ-ચોરીનાં પાપ કરનારો ! પૂછો

**પ્ર.-** આંબામાંથી આંબા અને બાવળમાંથી કાંટા પાકે; તો અહીં સારા

બાપમાંથી ખરાબ છોકરો કેમ પાક્યો ?

ઉ.- એજ આંબામાંથી ફિક્કા પાંદડા અને એજ બાવળમાંથી સારો ગુંદર તથા દાંત સાફ કરનાર સારાં દાતણ પણ પાકે છે ને ? જે તળાવમાંથી કમળ જન્મે એજ તળાવમાંથી કીડા પણ જન્મે છે ને ? તો સારામાંથી સારું જ થાય એવો નિયમ ક્યાં રહ્યો ?

**અસમાનતા શાના ઘરની ? :-**

બાકી ખરી રીતે એ જુઓ કે આંબામાંથી આંબા તો એક જાતનું સમાન શરીર છે. એમ અહીં પણ બાપના માનવ શરીરમાંથી દીકરો માનવ શરીરરૂપે સમાન જન્મેલો જ છે; એટલે આંબાની જેમ મનુષ્ય તરીકે સમાન ઉત્પત્તિ તો થઈ જ છે. હવે જે વિષમતા છે, અસમાનતા છે, તે તો ગુણોની છે; અને એ ગુણો શરીરના નહિ, પણ આત્માના ઘરના છે. ત્યારે પુત્રનો આત્મા અને આત્માના એ ગુણો કાંઈ બાપના આત્મા કે શરીરમાંથી નથી ઉત્પન્ન થતા, કે જેથી સમાન જ ઉત્પન્ન થવાની આપત્તિ આવે.

**ગુણોની વિષમતાથી આત્માની સાબિતિ :-**

સમાન શરીરવાળા બાપ અને દીકરાના બંનેના આત્મા સ્વતંત્ર છે, એ એ બંનેમાં આ સંતોષ અને લોભ, સરળતા અને માયા, સત્યપ્રિયતા અને જૂઠપ્રિયતા વગેરે ગુણોની વિષમતાથી સાબિત થાય છે. પુત્રનું શરીર બાપના શરીરથી જન્મેલું અને માનવીયતા ગૌરતા સૌંદર્ય વગેરે ગુણોએ સમાન છતાં દીકરામાં આ લોભ-માયા-જૂઠ વગેરે તદ્દન અસમાન ગુણો દેખાય છે, એ સાબિત કરે છે કે એ ગુણો શરીરના નહિ, તેમ બાપના વારસાના ય નહિ, પણ પુત્રના સ્વતંત્ર આત્માના ઘરના છે. બાપના આત્માથી તદ્દન જુદો પુત્રનો આત્મા છે, અને એ આત્મા પૂર્વ જન્મમાંથી ચાલી આવી આ ખરાબ ગુણોની મૂડી લઈ આવેલો છે, માટે અહીં એ પ્રગટ દેખાય છે.

**આત્મા સામે આંખ ન મીંચાય :-**

આમ જ્યારે જનમ-જનમ પ્રવાસ કરનારો આત્મા પૂરવાર થાય છે તો પછી આપણા માટે કોની સંભાળ ઉચિત છે ? અહીંથી વળી જન્માન્તરમાં જનાર આપણા આત્માની ખાસ સંભાળ કરવાનું ઉચિત છે ? કે અહીં અંતે મડદું બનનારા શરીરની બહુ સંભાળ ઉચિત છે ? શું યોગ્ય છે ? આત્માની સામે આંખ મીંચી દેવાથી રક્ષણ નહિ મળે, બનનારી ભાવી હકીકતને અન્યથા ફોગ નહિ કરી શકાય. બિલાડીની તરાપ સામે પારેવું આંખ મીંચી દે છે, કસાઈખાનામાં કસાઈના છરા સામે ઘેટું આંખ બંધ કરી દે, તેથી શું એને બચાવ મળે છે ? પારેવું ફેંદાઈ જવાની ને ઘેટું કપાઈ જવાની હકીકત ફોગ થાય છે ?



જ્ઞાનીઓની આ જ વાત છે કે

**અલ્પજીવી દેહ કરતાં ચિરંજીવી આત્માની વિશેષ સંભાળ કરો, એના હિતની ખાસ કાળજી કરો.**

તિથિના એક દિવસે ઉપવાસ કરીને ખાવાનું નહિ ખાઓ, તો શરીર ખત્મ નથી થઈ જવાનું; પરંતુ એવા ઉપવાસ આદિ વિના મહિનાના ત્રીસે દિવસ, ખાઉં ખાઉં' ની સંજ્ઞાથી અને રસની ઉજાણીથી આત્માનું નિકંદન નીકળી જશે. એમ થોડા પૈસાથી દાન-સુકૃત-પરમાર્થ કરી લેવાથી શરીરને વાંધો નહિ આવે; પરંતુ જો એ ન કર્યું તો ઊભી રાખેલી તૃષ્ણા-મમતા-કૃપણતાથી આત્માને મોટો વાંધો આવવાનો. અહીં ન દીધું તો પરભવે મળવાના વાંધા. પૂર્વે નહિ દીધેલું તેથી આજે અહીં જેને નથી મળતું, એની દુર્દશા દેખો છો ને ? વાત આ છે કે કામચલાઉ કાયા કરતાં સ્થાયી સ્વાત્માની ખૂબ સંભાળ લો.

**લોભ ડાકૂએ ચરમશરીરને ભૂલાવ્યા :-**

લોભદેવ બિચારો પૂર્વ જન્મથી એવી મૂડી લઈ આવ્યો છે કે, બાપ સારો સદ્ગુણી છતાં આ પોતે લોભી માયાવી જૂઠાબોલો અને ચોરી કરનારો બન્યો છે. લોભ મહાડાકૂ છે. એક લોભ બીજા કેટલા બધા ને કેવા પાપોને પોષે છે ? મોટા ભાઈ ભરતને છ ખંડની હકુમત પૂરી કરવાનો લોભ લાગ્યો તો પહેલાં ૯૮ ભાઈઓ સાથે લડવાની તૈયારી રાખી; ને પછી બાહુબલ સાથે જંગી યુદ્ધ ખેલ્યાં. ભરત ચરમ-શરીરી તદ્ભવ મુક્તિગામી જીવ છે, આરિસા ભવનમાં કેવળજ્ઞાન પામે એવો ઊંચી કોટિનો જીવ છે. આમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનો પુત્ર છે, અને નવાણું ભાઈઓનો વડિલ ભાઈ છે. છતાં લોભે આમાંના કશાની શરમ ન રાખી કે 'છટ્ હું આવા જીવમાં અનર્થ મચાવું ?' ના, એ કશાની શરમ લોભ પર ન પડી. આવા લોભને જીવનમાં કેટલું પગઠામ આપવા જેવું છે ?

**દિલમાં લોભને ઘાલ્યો એટલે સમજી રાખો કે કેટલાય અધમ પાપો ચિંતાઓ અને અનર્થો-આપત્તિઓને આમંત્રણ આપ્યું.**

**કોણિકને રાજ્યનો લોભ** જાગ્યો તો બાપ શ્રેણિક સામે પ્રપંચ ખેલી બાપને કેદમાં પૂર્યા. પછી એને હલ્લ-વિહલ્લ પાસેના કુંડલ તથા સેચનક હાથીનો લોભ જાગ્યો, ને હલ્લવિહલ્લ એ ન આપતાં ચેડા મહારાજના શરણે ગયા; ત્યારે કોણિકે ચેડા મહારાજની સાથે ખૂનખાર જંગ ખેલ્યા; કોણ છે ચેડરાજા ? કોણિકના દાદા, માતાના પિતા-કોણિકની સગી માતા ચેલણાના એ પિતા છે. એમની સાથે ઘોર હિંસામય યુદ્ધ ખેલ્યું. લોભ શું અધમ ન કરાવે ?

મેતારજને પૂર્વે દેવભવના એણે કરેલા સંકેત મુજબ મિત્રદેવે આવી બોધ આપ્યો

અને પરણવાનું માંડી વાળી દીક્ષા લેવા કહ્યું. પણ મેતારજે એ ન માન્યું, પરણવા વરઘોડે ચડ્યો. બજાર વચ્ચે મેતારણ-ભંગણીએ આવી ફજેત કર્યો કે 'મારા પેટના ! ઘોડેથી હેઠો ઊતર. વાણિયાની દીકરીઓને અભડાવવા ચાલ્યો છે ?' વરઘોડો વિખરાઈ ગયો, લોકમાં હુરિયો થઈ, આઠ કન્યાઓના બાપ કન્યાઓ લઈ ઘરે બેસી ગયા. આટલું બન્યું છતાં મેતારજને પરણવાનો લોભ ન મટ્યો. લોભ મહાજીદ્દી છે, અનર્થ મચાવે જીવને મહાઆપત્તિમાં મૂકે, છતાં જીવનો પલ્લો ન છોડે. એ શું ન છોડે ? જીવ જ લોભવશ કેટલો ય માર ખાવા છતાં એને છોડવા તૈયાર નથી.

**ધનદેવ લોભથી ડર્યો :-**

જીવ લોભથી હઠી બને છે. માટે તો પૂર્વકાળે શાણા ધર્મી જીવો પહેલેથી જ એ લોભચંડાળનો સ્પર્શ પણ નહિ લેતા. પૂજામાં આવે છે ને,

**'ધનદેવ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરિહરી રે,'**

એ ધનદેવ શ્રાવકના ઘરના ચોકમાં પંખીએ આકાશમાંથી ચિત્રાવેલિ વનસ્પતિ નાખી. આ ચિત્રાવેલિનો એવો પ્રભાવ હોય છે કે એની ઇંઢોણી પર ઘીનો ગાડવો રાખી એમાંથી ઘી ખાલી કરવામાં આવે, તો ઘીના હોજ ભરાય પરંતુ માંહીથી ઘી ખૂટે નહિ. ધનદેવ એને ઓળખે છે, પણ એ લોભથી ગભરાયો કે 'રખેને એનો લોભ દિલમાં ઘુસાડતાં જીવનમાં પાપો વધી જાય તો ? પહેલું તો પરિગ્રહ પરિમાણનું વ્રત જ ભાંગે, અને પછી બીજા પાપો અને અનર્થોની ફોજ ઊતરી પડે તો ?' એથી એણે ચિત્રાવેલિના ટૂકડા કરી નાખી ખત્મ કરી. રખે બહાર જઈને બીજામાં અનર્થ ઘાલે તો ? માટે એનું દાન પણ નહિ. એવી ભારે વસ્તુ પચાવનાર ક્યાંથી લાવવા ?

આ પૂર્વે એ જ ધનદેવ એક વાર નદીના કાંઠા પાસેથી જતો હતો ત્યાં એક ભેખડ તૂટી પડી ને ત્યાં બખોલમાં રત્નનો ચરુ દટાયેલો દેખ્યો. ધનદેવ લોભથી ગભરાયો, 'કદાચ અહીં ઊભો રહું ને લોભ જાગે તો ?' તે ઝટપટ ત્યાંથી ચાલી નાખ્યું. ઘરે આવી મોડી સાંજે શ્રાવિકાને વાત કરે છે કે મેં તો આ રીતે રત્નનો ચરું દેખ્યો. પરંતુ જો એ લાવું તો પરિગ્રહપરિમાણ વ્રત તો ભાંગે, વધારામાં એના લોભની પાછળ કેટલાંય પાપો, સંતાપો અને અનર્થ મચે ! તેથી એમજ મૂકીને ઝટપટ આવી ગયો, ત્યારે શ્રાવિકા પણ લોભથી ને પાછળના પાપો વગેરેથી ગભરાનારી કેવી કે એણે પતિની ત્યાગની વાતને સમર્થન આપ્યું, 'બહુ સારું કર્યું તમે, એ ન લાવ્યા તે.' શ્રાવક-શ્રાવિકા લોભથી નહિ ડરે તો બીજું કોણ ડરશે ?

**માનવભવમાંથી ભવોનાં સર્જન ન કરવા હોય તો લોભથી ભારે ગભરાતા રહેવું પડે.**

**માનવભવમાં જિનની આજ્ઞાને પોતાનું મુખ્ય ધન અને મુખ્ય શિરછત્ર બનાવવી હોય તો બાહ્યના લોભથી ડરતા રહેવું પડે.**



જો ધનનો માનનો પાનનો લોભ ઘુસાડ્યો તો પછી જિનાજ્ઞા પોતાને મન સર્વસ્વ નહિ રહે, અને એવાં આચરણ થશે કે જેથી ભવ પરંપરા વધી જાય. અંદર પેઠેલો લોભ બોલાવશે કે મનાવશે 'પ્રભુની આજ્ઞા-બાજ્ઞા ખરી, પરંતુ અહીં લોકની વચમાં જીવવું છે કે મરી જવું ? સારું માન મળે, પૈસા મળે, ખાવાનું મળે તો જીવ્યા પ્રમાણ. નહિતર તો જીવતા છતાં મૂઆ જેવા' બસ, લોભના આ હિસાબમાં પછી ન્યાય-નીતિ, સાચું-સારું, ભક્ષ્ય-પેય કશાનો વિચાર નહિ રાખે. જિનાજ્ઞાની કશી પરવા કે ભારબોજ રાખ્યા વિના જૂઠ-અનીતિ, માયા-વિશ્વાસઘાત, અભક્ષ્યભક્ષણ-અગમ્યગમન વગેરે હોંશે હોંશે આચરશે. જીવનમાં લોભ મુખ્ય થયો એટલે પછી જિનાજ્ઞા મુખ્ય ન થઈ શકે. જેને પૈસા પ્રાણ, માનપાન પ્રાણ, એને જિનાજ્ઞા પ્રાણ માનવાનું શાનું હોય ? ભાન નથી કે

**'ધન-સન્માન-ખાનપાન-રંગરાગને તો અનંતી વાર પ્રાણ કર્યા; જિનાજ્ઞાને પ્રાણ બનાવવાનો આ અતિ દુર્લભ અવસર અહીં મળ્યો છે. એ અહીંથી ગુમાવીને મર્યે, પછી ક્યાં કરવાનો હતો ?'**

**જિનાજ્ઞાને પ્રાણ માન્યા વિના સમ્યક્ત્વ નહિ પામી શકાય;** પછી ઉપરના ધર્મની તો વાતે ય શી ? એ જિનાજ્ઞાને જીવનસર્વસ્વ માનવી હોય તો લોભડાકૂને હૈયામાં ઘાલશો નહિ; નહિતર લોભ બધું ભૂલાવશે, ભાનભૂલા કરશે.

જુઓ, લોભદેવ લોભથી કેવો ભાનભૂલો બને છે, અને કેવા ભયંકર પાપાચરણ અને અનર્થમાં ઊતરે છે. એકવાર એને વિચાર આવ્યો કે હું સારા ઘોડા લઈ પરદેશ જાઉં, ત્યાં એને ઊંચા ભાવે વેચી ભારે નફો કરું, વળી ત્યાંથી એવો કોઈ સારો સસ્તો માલ લઈ એને અહીં લાવી ઊંચા ભાવે વેચું, તેથી જબરદસ્ત કમાણી થાય. પછી થોડું દાન કરું એથી નામના થાય.

**લોભદેવની પરદેશ જવા તૈયારી :-**

એમ વિચાર કરી બાપને પોતાનો વિચાર જણાવે છે. ત્યારે બાપ કહે છે, 'ભાઈ ! તું અહીં આપણો વેપાર ચાલુ છે, એજ સંભાળ, અને મનમાન્યું દાન દે. શું કામ પરદેશના સાહસ ખેડે ?'

લોભદેવ કહે છે, 'જુઓ બાપુજી ! આપકમાઈ વિના માણસની કિંમત નથી તેમજ દાન પણ આપકમાઈમાંથી કર્યું હોય, તો એ મહાલાભને કરનારું બને. પિતાના ધનમાંથી દાન કર્યું એની કિંમત શી ? વળી માણસને શીખવાનું ત્યારે મળે છે કે જ્યારે એ પરદેશમાં એકલો વિચરે. ત્યારે પરાક્રમ ખેડ્યા વિના તો સત્ત્વ પણ ક્યાંથી ખીલે ? ને મહાન સિદ્ધિઓ પણ ક્યાંથી થાય ? માટે મને કૃપા કરી પરદેશ

જવાની સગવડ કરી આપો એવી મારી વિનંતિ છે.'

બાપે જોયું કે દીકરો પરાક્રમ ખેડવા માગે છે તો એ સારું છે. એથી એ ઘણો આગળ વધશે;' એટલે બાપે એમાં સંમતિ આપી, અને ઊંચી જાતના ઘોડા ખરીદી આપ્યા, તેમજ સાથે નોકરો સરસામાન વગેરે સગવડ કરી દીધી.

દુનિયાની દૃષ્ટિએ પણ પરાક્રમ ખેડવા તૈયાર થનાર દીકરાને સંમત થનારા માબાપ બધા નથી હોતા. કાયરને ગભરામણ થાય છે, 'હાય બાપ ! દીકરાને એમ કરતાં કાંઈ થઈ જાય તો ?' કેમ જાણે પરાક્રમ વિના એમ જ બેસી રહેવાથી કોઈ આપત્તિ નહિ જ આવે ! કશો અકસ્માત્ નહિ જ નડે ! આ માન્યતા બેઠી છે. અલબત લોભ અને અધિક પાપોથી બચાવવા દીકરાને એવા પરાક્રમથી અટકાવે એ તો શાણા માબાપ છે. પરંતુ ગભરામણથી જો એવા માબાપ ઓછા કે જે ભાગ્ય પર ભરોસો રાખી દીકરાને દુન્યવી પરાક્રમ ખેડવાની તક આપે, **ત્યારે, દીકરાને ધર્મ-પરાક્રમની તક આપનારા માબાપ તો બહુ ઓછા,** 'હાય ! ઉપવાસ કરીને છોકરો ઢીલો પડે તો ? તપ કરીને દૂબળો થાય તો ? સત્સંગ કરવા જતાં સાધુ થઈ જાય તો ? સેવા-પરોપકાર કરવા જતાં પછી એનો નાદ લાગી જાય તો ?...' બસ, બધે ભય, ભય, ને ભય, આવા માબાપ દીકરા-દીકરીને ધર્મ પરાક્રમમાં ક્યાંથી જોડે ? ત્યારે એવા પરાક્રમના અભ્યાસ વિનાની નવી પ્રજામાં ધર્મનું નૂર ક્યાંથી આવે ? જીવનમાં ધર્મની દૃષ્ટિએ એ બિચારા માયકાંગલા જ રહે. પછી માબાપ મર્યે કદાચ એનું ભાગ્ય હોય અને સદ્ગુરુ-સંયોગ મળ્યે ધર્મપરાક્રમ ફોરવે તો જુદી વાત. પણ એવા થોડા. કેમકે જીવનના સંસ્કરણયોગ્ય પૂર્વ ભાગમાં જ ધર્મની બાબતમાં માયકાંગલાગીરીમાં ટેવાયેલાને પછીથી એ જ આદત રહેવાનો સંભવ છે.

**આજે નવી પ્રજામાં ધર્મ અંગે માયકાંગલાપણું હોવાનું એક કારણ આ છે કે માબાપે એમને બચપણથી ધર્મપરાક્રમમાં જોડ્યા નથી.**

પરાક્રમ વિના સિદ્ધિ થાય નહિ, સત્ત્વ ખીલે નહિ, નૂર વધે નહિ. જીવનમાં કંઈક નક્કર સારું સાધી જવું હોય, તો દાન-શીલ-તપ-ભાવ, જિનભક્તિ જીવદયા વગેરેમાં પરાક્રમ ફોરવતા રહો પરાક્રમથી ઉજળામણ આવશે; હૃદય ઓજસ્વી બનશે. પ્રારંભે જરા કઠિનાઈ લાગે, પરંતુ મન મજબૂત કરીને આગળ વધતાં સહેલું બની જશે, અને મહાલાભ દેખાશે.

લોભદેવના પિતાએ જોયું કે દીકરાનો પરદેશ જઈ વેપારનો જાતે પરાક્રમ ખેડવાનો ઉત્સાહ છે, તો એનો એ ઉત્સાહનો ભંગ નહિ કરવો. એ પરાક્રમથી એના જીવનમાં નવા અનુભવ મળશે, અને નવું તેજ આવશે. તેથી એણે પુત્રને સંમતિ આપી. ઘોડા, માણસો, વાહનો સરસામાન વગેરે સામગ્રી તૈયાર કરાવી આપી. સારા



મુહૂર્તે જ્યારે હવે ઊપડવાનો અવસર આવ્યો ત્યારે લોભદેવ સ્વજનો પાસે વિદાય માગી, વડિલોને નમસ્કાર કર્યો, અને પિતાના ચરણે પડી આશીષ માગે છે.

**પરદેશ જતાં પુત્રને બાપની શિખામણ :-**

ત્યારે પિતા લોભદેવને આશીષ આપતાં કહે છે, 'જો વત્સ ! પરદેશનો પંથ વિષમ હોય છે; એમાં અહીં જેવી બધી સરખાઈ ન મળે. અજાણ્યો લોક જોવા મળે; અને લોકને દયાળુ સમજીશ નહિ. એ નિષ્ઠુર હોય છે. દુનિયામાં સજ્જન બહુ થોડા, દુર્જન ઘણા. એટલે પછી એવા લોકો સાથેના વ્યવહારમાં એકાંતમાર્ગ નહિ રાખવાનો, એકાંતે આપણે હોશિયાર, સજ્જન દયાળુ, લાજશરમવાળા, દાનવીર, નમ્ર વગેરે નહિ બનવાનું. એથી તો વિચિત્ર લોક એનો ગેરઉપયોગ કરે, ને આપણે નુકશાનમાં આપત્તિમાં ફસામણમાં ઊતરવું પડે.

**માટે ભાતભાતના લોક સાથેના વ્યવહારમાં અનેકાંતે રાહ પકડવો.** જેમકે, ક્યારેક પંડિતાઈ સમજદારી દેખાડવાની, અને એવા અવસરે મૂર્ખતા અજ્ઞાનિતા દેખાડવાની. ક્યાંક તો સજ્જનતા બતાવવાની, ને ક્યાંક તો દુર્જનતા. ક્યાંક તો દયા દાખવવાની, ત્યારે ક્યાંક નિષ્ઠુરતા. કેટલાક પ્રત્યે દાનિતા, ઉદારતા, તો કેટલાક પ્રત્યે કૃપણતા રાખવી. વળી ક્યાંક તો માનીપણું બતાવવું, ને એવા અવસરે કાયરપણું બતાવવું. ક્યાંક હોશિયારી દર્શાવવી, તો ક્યાંક જડતા અબુઝપણું દર્શાવવું. સારાંશ, સજ્જન-દુર્જનના મિશ્રિત આચરણ રાખી કામ કરવું. સામે કેવા સંયોગ છે, કેવા માણસ છે, એ પરખવાનું, ને પછી એને યોગ્ય વર્તાવ રાખવાનો.

## ધનાજી અબૂઝ અને હોશિયાર

લોભદેવના બાપની આ શિખામણ અનુભવી માણસો આચરી જ રહ્યા છે. એ ક્યારેક પંડિતાઈ બતાવે છે, તો એવા કોઈ અવસરે મૂર્ખતા અબૂઝતા પણ દર્શાવે છે.

**ધનાજીની અબૂઝતા :-.**

જુઓ ધનાજી કેવું અવસરોચિત અબૂઝપણું દેખાડી ક્રોડો રૂપિયા કરી આપે એવો માલ કમાઈ લાવે છે ?

ધનાજીના ભાઈઓ ધનાજી પર ઈર્ષ્યા કરતા હતા, ધનાજીના પુણ્યથી બળતા હતા; એ એની વિશિષ્ટ પુણ્યાઈ ને હોશિયારી માનવા તૈયાર નહિ. તેથી બાપે એક વાર ચારે પુત્રોને થોડી થોડી રકમ આપી બજારમાં વેપાર મોકલ્યા, કહ્યું 'જાઓ તમારી હોશિયારી અને પુણ્યાઈ અજમાવો.' ત્રણ મોટા દીકરા તો બિચારા જડ ભરત જેવા, તે કોઈ બાજરાનો, ને કોઈ કોલસાનો, ને એવા વેપાર કરી ૨-૫ રૂપિયાનો નફો કરી આવ્યા.

ધનાજી હોશિયાર છે, પુણ્યવાન છે, તે જુએ છે 'ઘરમાંથી નીકળતાં શુકન સારું કઈ દિશામાં મળે છે,' એમાં ભંગાર-બજાર તરફનું સારું શુકન જોઈ એ તરફ ઊપડ્યા. એમને શ્રદ્ધા છે કે શુકનના ભાવ જબરા ભજવાય છે. તો આજે ભંગાર-બજારમાં જ સારો લાભ થવો દેખાય છે.' એમ કરી ચાલ્યા એ તરફ.

**ધનાજી બકરો ખરીદે છે :-**

રસ્તામાં જતાં એક માણસ પાસે ઊંચો પઠ્ઠા જેવો બકરો જોયો. એનો થનમનાટ, તોફાન-મસ્તી, તથા કૂતરાઓ સામે વરુના જેવો રોફ જોઈ એ બકરો ખરીદી લીધો. આગળ ચાલતાં એક રાજકુમારને પોતાનો મોટો બકરો ખેલાવતો જોયો. ત્યાં હવે ધનાજી અબૂઝ જેવા બની રાજકુમારને કહે છે 'ભાઈ તમારો બકરો તો બહુ જબરો લાગે છે.'

રાજકુમારને પાણી ચડ્યું, તે કહે છે,' શું જબરો કહો છો ? આ તો મોટા વાઘ જેવો છે. લાવો જોવું હોય તો તમારા બકરા સાથે લડાવીએ.'

ધનાજી અબૂઝતા દેખાડતાં કહે, 'ના ભાઈ ! એમાં મારા બકરાનું કેટલું ગજું ? તમે તો મોટા રાજકુમાર, તે તમે તો એને સારા સારા માલમશાલા ખવરાવી તૈયાર કર્યો હોય. અમારી ક્યાં એ પહોંચ ?'

રાજકુમાર કહે 'બસ ? ગભરાઈ ગયા ?'

ધનાજી કહે, 'તો લાવો ત્યારે અખતરો કરીએ. જુઓ બકરા તો લડાવીએ, પણ જેનો બકરો હારે એણે બીજાને રૂપિયા એક હજાર આપવાના.'

ધનાજીએ આવી મોટી શરત કેમ મૂકી ? એ જુએ છે કે રાજકુમારનો બકરો સારું સારું ખાનારો ખરો, તેથી મોટો પુલ્લા જેવો તો થયો છે, પરંતુ રાજકુમાર એને બહુ લાડ લડાવ્યા કરે છે, તેથી એનામાં એવો દમ હોય નહિ.' ત્યારે રાજકુમાર એમ સમજે છે કે આ માણસ અબૂઝ લાગે છે, એટલે લાવ ને, હમણાં મારા તગડા બકરાને લડાવી જીતાડી એની પાસેથી રૂપિયા હજાર પડાવી લઉં છું.

બસ, બકરા સામસામે લડવા મૂક્યા. ધનાજીના બકરાએ વાઘની જેમ હલ્લો કરી બીજા બકરાને જમીન પર એવો સુવાડી દીધો કે બિચારો ડઘાઈને ઊભો જ ન થયો. ધનાજીએ જીતના રૂપિયા હજાર લઈ લીધા.

રાજકુમારને લાલચ લાગી, કહે 'આ તમારો બકરો વેચવો છે ?'

ધનાજી કહે, 'ભાઈ ! અમારે સામાન્ય માણસને તો આ એકનો એક બકરો કેમ વેચાય ?' ત્યારે પેલો સમજે છે કે આ તો આવી કેટલીય લડાઈ જીતી આપે અને હજારો રૂપિયા કમાઈ આપે,' તેથી વેચવા, આગ્રહ કરે છે. ત્યારે ધનાજી કહે 'જોઈએ તો લો રૂપિયા પાંચ હજારમાં લઈ જાઓ'

ભોળા રાજકુમારે એ રકમ આપી બકરો ખરીદી લીધો.





અહીં જોવાનું આ છે કે ધનાજીએ શું દેખાડ્યું ? અબૂઝતા; અને રાજકુમારે દેખાડી હોશિયારી, એમાં ધનાજી પાંચ રૂપિયાના બકરા પર રૂપિયા છ હજાર લઈ ચાલતા થયા.

આગળ બીજો પણ એવો અબૂઝતા પર કમાઈનો બીજો પણ પ્રસંગ બને છે તે એ રીતે, કે ધનાજી બંદર પર જાય છે ત્યાં એક માલ ભરેલું વહાણ આવ્યું છે, જેનો માલિક મરી ગયો હોવાથી રાજાના માણસો એનો કબજો કરી માલ વેચી નાખે છે. ધનાજીના પહોંચતાં પહેલાં બીજા વેપારીઓ ત્યાં પહોંચી ગયેલા અને બધો માલ ખરીદી લીધેલો. હવે એ વેપારીઓ ધનાજીને જોઈ હસીને કહે છે, 'જુઓ આ મોટા વેપારી આવ્યા છે, તો એમને આ નીચેની ગુણીઓનો માલ આપો.'

અબૂઝપણે તેજંતૂરીની ખરીદી :-

વહાણ દરિયાની મુસાફરીમાં ડોલંડોલ ન થાય એ માટે એમાં છેક નીચે રેતીની ગુણીઓ નાખવામાં આવેલી. એનું ધનાજીને વેચાણ કરવા વેપારીઓએ મશ્કરી કરી. ધનાજીએ એ ગુણી જોઈ તો એમાં સામાન્ય રેતીને બદલે તેજંતૂરી માટી જોઈ, વેપારીઓને આ શી ચીજ છે એની ગમ નથી, ને ધનાજી પરખી ગયા કે આનાથી તો લોઢું સોનું બનાવી શકાય. વહાણના ખલાસી વગેરેને પણ આની ગમ નહોતી એ રીતે મરનાર માલિક એનો ભેદ ગુપ્ત રાખી અહીં લઈ આવવા નીકળેલો.

ધનાજી એનો ભેદ પામી ગયા, પરંતુ જો અહીં જાણકારી બહાર પ્રગટ કરે તો તો પછી એનો ભાવ આસમાને ચડે. તેથી એ અહીં વેપારીઓની મશ્કરી સામે અબૂઝ જેવા બની કહે છે, 'હા ભાઈ ! હા, આપણા નસીબમાં જે હોય તે ચાલશે.' એમ કહી નહિ જેવી કિંમતે એ ગુણીઓ ખરીદી ઘરે લઈ ગયા, અને એમાંથી સેંકડો મણ સોનું બનાવ્યું.

શું આ ? લોભદેવનો બાપ કહે છે એ, કે ક્યારેક અબૂઝ જેવા દેખાવું પડે જેવો અવસર અવસરે હોશિયારી પંડિતાઈ પણ બતાવવી પડે. એજ ધનાજી ભાઈઓ તરફથી બાપને ક્લેશ જોઈ એક વાર વહેલી પરોઢે ઘરેથી એકલા પરદેશ ચાલી નીકળે છે. તે માર્ગમાં જઈ પહોંચે છે. ત્યાં રાજાએ ભંડારમાંથી એક જૂનો હીરો કઢાવી ઝવેરીઓ સામે તપાસ માટે મૂક્યો છે.

**ધનાજી હોશિયારી ય બતાવે છે :-**

ધનાજી ત્યાં જુએ છે કે ઝવેરીઓ એ હીરાની ખરી પારખ નથી કરી શકતા; અને તેથી રાજાને અસંતોષ છે; એને હીરાના રહસ્યની જિજ્ઞાસા છે. અહીં ધનાજીએ પોતાની

હોશિયારી બતાવવાનો અવસર જોયો, તેથી રાજાને નમસ્કાર કરી કહે છે 'આપની અનુજ્ઞા હોય તો હું રહસ્ય બતાવું.' ધનાજી ઝવેરાતના ગુણદોષના જાણકાર છે.

રાજાએ હા પાડતાં એ કહે છે, 'મહારાજા ? આ હીરો જ્યારથી આપના પૂર્વજો પાસે છે ત્યારથી આ રાજ્યસંપત્તિ એમની માલિકીમાં અખંડ ચાલી આવી છે. અત્યારે પણ આ હીરો આપની આ રાજ્યસંપત્તિને સુરક્ષિત રાખી રહ્યો છે.'

રાજા કહે 'એનું પ્રમાણ શું ? સાબિત શી ?'

**હીરો રક્ષક હોવાનું પ્રમાણ :-**

ધનાજી કહે "જુઓ સાહેબ ! મારાથી એમ તો ન કહેવાય કે 'આપ આ હીરાને વેચી દઈને પછી અનુભવ કરો કે રાજ્ય ક્ષેમકુશળ રહે છે કે કેમ ?' આવું તો મારાથી ન કહેવાય, પરંતુ હું બીજું પ્રમાણ હમણાં જ બતાવું છું. આપ એક ચોખાનો થાળ મંગાવો.'

ચોખાનો થાળ મંગાવવામાં આવ્યો, અને ધનાજીએ એની વચમાં હીરો મૂકાવી એ થાળ ખુલ્લા મેદાનમાં મૂકાવરાવ્યો. પંખેરા ચોખા દેખી આકાશમાંથી ઊતરી તો આવ્યા, પરંતુ થાળની પાસે જઈ શકતા નથી, તેથી આકાશમાં આજુબાજુ આંટા મારી રહ્યા છે.

ધનાજી કહે છે, 'જુઓ મહારાજા ! આ હીરાનો પ્રભાવ કે પક્ષીઓ ચોખાની વચ્ચે રહેલા હીરાના પ્રભાવે ચોખાને અડી ય શકતા નથી. પછી ખાઈ જવાની તો વાતે ય ક્યાં ? હવે એ હીરો ઉપડાવી લો, અને પછી જુઓ ચોખાના હાલ.'

રાજાએ હીરો મંગાવી લીધો. પછી જુએ છે તો પક્ષીઓ ચોખા પર તૂટી પડ્યા છે. થોડી વારમાં તો થાળના ચોખા ચડીચોટ સાફ કરી નાખ્યા.

ધનાજી કહે છે, 'જોયું સાહેબ ! બસ આ રીતે આપની રાજ્યસંપત્તિની વચ્ચે રહેલો આ હીરો દુશ્મનોને આ રાજ્યની સામે નજર પણ નથી નાખવા દેતો, પછી પડાવી લેવાની તો વાતે ય શી ?'

રાજાએ ધનાજીની આ હોશિયારી જોઈ એમને પોતાના મુખ્ય મંત્રી તરીકે રાખી લીધા. અહીં ધનાજીએ શું કર્યું ? અબૂઝતા નહિ, પરંતુ હોશિયારી પંડિતાઈ દાખવી.

**ક્યાંક શરમ, ક્યાંક નહિ :-**

લોભદેવનો બાપ એને પરદેશ જતાં શિખામણ આપી રહ્યો છે કે લોક અને સંયોગો વિચિત્ર હોય છે તેથી અવસર પ્રમાણે ક્યાંક તો પંડિતાઈ બતાવજે, ને ક્યાંક મૂર્ખતા અબૂઝતા બતાવજે. એમ ક્યાંક શરમ દાક્ષિણ્ય દાખવજે તો ક્યાંક શરમ રાખીશ નહિ; દાક્ષિણ્યમાં તણાઈશ મા.

બાપની આ પણ શિખામણ વ્યવહારકુશળતાની છે. પૈસાની લેવડદેવડમાં જો



શરમ રાખવા જાય તો પૈસા ગુમાવવાનો અવસર આવે. એમ જમવા બેઠો ને શરમમાં બોલે નહિ, તો ભૂખ્યો રહે; માટે કહે છે ને કે

**'आहारे व्यवहारे च, त्यक्तलज्जः सुखी भवेत् ।'**

સગા-સ્નેહીની શરમમાં એને પૈસા ઉધાર દીધ્યે રાખે તો સંભવ છે કે પૈસા ય ગુમાવે અને સગાઈ-મિત્રતા ય તૂટે. એનાં કરતાં પહેલેથી જ જો શરમ રાખ્યા વિના કહી દે કે 'જુઓ આપણે સ્નેહસંબંધ જાળવી રાખવો હોય તો પૈસાના વ્યવહારમાં ન ઊતરવું ઠીક છે.' હાં, પોતાની શક્તિ પહોંચતી હોય અને દાનની ને સહાયની ભાવના ટકતી હોય ત્યાંસુધી મદદ કરવી ઠીક છે, કર્તવ્ય છે. બાકી સ્નેહીને પૈસા ઉછીના આપી એ પેસા વાળવાની આશામાં રહેવું એમાં તો પૈસા પાછા ન વળતાં દિલને દુર્ધ્યાન ચાલવાનું, ને સ્નેહને બદલે દુશ્મનાવટ ઊભી થવાની, તો એના કરતાં પહેલેથી જ શરમ મૂકી ચોક્ખું કહેવું શું ખોટું ?

**શરમ રાખતાં શીલ પર આપત્તિ :-**

શીલની બાબતમાં પણ આવું છે. અવસરે શરમમાં ન પડે તો શીલ રક્ષાય નહિતર એવા દાખલા બને છે કે બાઈ કે ભાઈ જો શરમમાં પડીને સામાની સહેજ પણ અનુચિત છૂટને મચક આપી રહ્યા તો પછી એ આગળ વધતાં શીલભંગ યા કામની ચેષ્ટા સુધી લઈ જાય છે.

આજ તો શહેર બહાર બંગલાનો રિવાજ થઈ ગયો ને ? તે એક બંગલામાં કોણ ક્યારે આવે છે જાય છે એની બીજા બંગલાવાળાને અંદરમાં બેઠા હોય તે ખબરે ય ન પડે. એવી એક બંગલાવાળી બાઈ શીલની ખપી છતાં પતિનો ખાસ મિત્ર એના રૂપને જોઈનો લોભાયો. તે પછી તો પતિની ગેરહાજરીમાં આવીને ઠેઠ રસોડા સુધી પહોંચી જઈ બાઈની આગળ ટાયલાં કરવા લાગ્યો. બાઈ બિચારી શરમમાં બોલી શકી નહિ, તેથી ધીરે ધીરે આગળ વધવા લાગ્યો, સ્પર્શ કરવા લાગ્યો. બાઈને પારાવાર પસ્તાવો થયો, અને પછી તો શરમ મૂકીને એણે પેલાને સાફ કહી દીધું કે 'તમે અહીં આવતા જ નહિ.' શું થયું ? શરમ રાખવી ખોટી.

**શીલરક્ષાર્થે કામીનો તિરસ્કાર જરૂરી :-**

છતાં આ ધ્યાનમાં રાખવા જેવું છે કે એવા માણસો એમ ખાનગીમાં એને એકલાને ના પાડ્યા છતાં અટકે એવા નહિ. ત્યાં તો ચારની વચમાં જો એને ધમકાવી કાઢ્યા હોય તો વળી અટકે. એવા પણ દાખલા સાંભળવા મળે છે ને કે રસ્તે જતી મોટી છોકરી કે યુવતી પર જો કોઈ લબાડ અટકચાળું કરવા ગયો તો ત્યાં જ પેલીએ લોકનાં દેખતાં પગમાંથી ચંપલ કાઢીને એ જોરથી એના મોંઢા પર ઠોકી દેતાં રાડ પાડી કહ્યું 'લબાડ ! શરમ નથી આવતી અટકચાળું કરતાં ?'

**પ્ર.-** અહીં બાઈ માણસને સામાની બીક ન લાગે ?

ઉ.- અહીં સમજી રાખો કે સામાને કામપરવશતા કાયર બનાવે છે. એટલે ચેષ્ટા કરનાર પેલા માણસને આની સામે બોલવાની હિંમત રહેતી નથી, તે શરમાઈને ચાલતી પકડે છે. એટલે આજની લજ્જા-મર્યાદાહીન બનતી સમાજ-વ્યવસ્થામાં ક્યાંક દિયેર જેઠ વગેરે અડપલું કરવા પ્રેરાય કે અઘટિત છૂટ લેવા જાય, તો બાઈઓએ ગભરાવાની જરૂર નહિ કે 'રાડ પાડીને એને તિરસ્કારવામાં આવે તો એ શું કરી નાખે ?' ના, કશું ન કરી શકે; **કામીના ટાંટિયા ઢીલા.** એક વાર જોરથી અવાજ કરી એવાને બીજા જાણે એમ ધૂત્કાર્યો એટલે ફરી વાર એની અણછાજતી છૂટ બંધ. ત્યારે જો બાઈ દાક્ષિણ્યમાં પડી મૂંગી રહીને ચલાવી લીધું, તો આગળ જતાં એનું ય મન નિમિત્તવશ ઢીલું પડવાનું. અથવા ઢીલું ન પડ્યું પણ શરમની મારી પેલાને ધુત્કારી શકી નહિ, યા વાત ઠેઠ શીલભંગ સુધીની માગણીની દેખાતાં એ ઈન્કાર કરવા ગઈ તો એને મારી નાખવાનો ય પેંતરો રચાશે. સારાંશ, શરમ રાખીને આ બાબતમાં સામાનું અનાડીપણું ન રોકવામાં ખતરો મોટો

**શરમ રાખતાં મરવાનું આવે :-**

એક નગરમાં એક સુખી માણસના છોકરાની વહુ ગોરી રૂપાળી, ને આજના પહેરવેશમાં રહેનારી, તે સસરો એના પર મોહિત થયો. રૂપનાં પ્રદર્શન ખોટાં. સસરો પૈસે ભરપૂર, તે એનો છોકરો બાપની છાયામાં અંજાઈ ગયેલો. સસરાએ પુત્રવધુ પર છૂટ લેવા માંડી. બાઈ શરમમાં એવી કોઈ રાડ પાડીને એને ધૂત્કારી શકી નહિ. પતિને કહેતી કે 'આ તમારા બાપને શરમ નથી આવતી ? કેમ આવી છૂટ લે છે ?' પણ છોકરો બાપની છાયામાં, તે કશું કરે નહિ. સસરાએ આગળ વધતાં શીલભંગની માગણી મૂકી. બાઈ ઊઠીને પિયેર ચાલી ગઈ. પરંતુ પિયેરમાં કેટલું રહે ? અને પિયરિયા રાખે કેટલું ? અંતે પાછું સાસરે આવવું પડ્યું. ત્યાં પેલો લબાડ સસરો જપે ? પાછી એ જ અધમ માગણી; પણ બાઈએ ઘસીને ના પાડી દીધી. ત્યારે સસરાને ગુસ્સો ચડ્યો હશે કે કદાચ ભય લાગ્યો હશે કે આ બાઈ મને હવે ફજેત કરશે, તે બાઈને ફસાવીને જીવતી બાળી મૂકી.

**સીતાએ રાવણની શરમ ન રાખી :-**

શરમમાં રહ્યે કેવા અનર્થ થાય છે ! માટે શીલ પરના સહેજ પણ અડપલાના અવસરે એવી શરમ રાખવી એ દોષરૂપ છે, આત્માની નબળાઈ છે, અને એ અનર્થકારી નીવડે છે. ત્યાં તો જેમ સીતાએ પહેલેથી જ રાવણને સાફ કહી દીધું 'સાડાત્રણ હાથ દૂર રહેજે,' શરમ ન રાખી, એમ શરમ નહિ રાખવી. ત્યારે યોગ્ય પ્રસંગે શરમ-દાક્ષિણ્ય લજ્જા રાખવી એ ગુણરૂપ છે; અને એથી લાભ થાય છે.



**ક્ષુલ્લક મુનિનું દાક્ષિણ્ય :-**

દાક્ષિણ્ય પર ક્ષુલ્લક મુનિનું દૃષ્ટાંત ખબર છે ને ? ન ખબર હોય તો જુઓ,

**રાણીની ભવ્ય વિચારણા :-.**

એક રાજા પર ભાઈ દ્વારા દ્રોહ કરાયો, અને એનું મોત નિપજાવવામાં આવ્યું, તેથી એની ગર્ભિણી રાણી ત્યાંથી જીવ લઈને ભાગી. બહુ દૂર નીકળી ગયા પછી એ વિચારે છે કે 'હવે શું કરું ? યુવાવસ્થા અને સુંદરરૂપ છે, ગમે તેનો આશ્રય લેવા જાઉં, ત્યાં મારા શીલ પર આક્રમણનો ભય છે. તેમજ મારા તેવા કર્મસંયોગે જો આ ભયાનક પ્રસંગ બની અકાળે મહાદુઃખ આવ્યું તો હવે બીજે ક્યાં સુખની આશા રાખું ? ઘરમાં જ જો આમ દ્રોહ થયો તો બહારના પર શા ભરોસા કરવા ? જ્ઞાનીઓ કહે છે તે બરાબર છે કે આ વિચિત્ર સંસાર જ આવો છે. એમાં ક્યાંય વિશ્વાસ-જંપ-શાંતિ રાખીને બેસાય એવું નથી. માટે **હું તો સંસારત્યાગ કરી ચારિત્ર લઉં, જેથી એમાં પહેલો તો શીલ પર કોઈ ભય નહિ, અને કોઈ દ્રોહ, આપત્તિ કે બીજા પાપ પણ નહિ.**'

આમ વિચારી એણે સારા સાધ્વીજીનો આશ્રય લીધો, એમને પોતાની વાત જણાવી પોતાની ભાવના બતાવી, અને ચારિત્ર આપવા વિનંતિ કરી. માત્ર પોતાની ગર્ભિણી અવસ્થાની વાત ન કરી, તે એટલા માટે કે 'રખેને તો પછી ચારિત્ર ન આપે તો ?' ગર્ભની બેએક મહિના જેવી સ્થિતિ હશે, તેથી સાધ્વીજીને એની કશી ગંધ આવી નહિ, એટલે એમણે યોગ્ય જાણી આ બાઈને દીક્ષા આપી. દીક્ષા લઈને સુંદર સંયમ પાળવા માંડ્યું, પણ હવે સમય જતાં પેટ વધવા માંડ્યું. એ કાંઈ થોડું જ છૂપું રહે ?

**કુદરતના કાનુન આગળ માણસ અસમર્થ છે.** સંસારી જીવને આવા કાનુન કેઈ નડે. માટે જ સંસાર ત્યાજ્ય છે. મોક્ષ પામેલાને કશી નડતર નહિ. સંસારીને તો જનમ્યો એટલે મરણ આવે જ; શરીર ધર્યું એટલે આપત્તિઓ આવેજ. એવું આ, કે બાઈઓને ગર્ભ રહ્યો એટલે એ મોટો થયા કરે. આ હિસાબે આ સાધ્વીજીને બન્યું. એ જોઈ ગુરુણી એકાંતમાં પૂછે છે કે 'આ શું ?'

**સાધ્વી પ્રસૂતિની પર ગંભીર શ્રાવક-શ્રાવિકા :-**

આ નવા સાધ્વીએ વાત કરી કે 'દીક્ષા લેતાં પહેલાં જ ગર્ભ હતો, પરંતુ ક્ષમા કરજો આપ મને ચારિત્ર ન આપો એ ભયથી મેં આપને એ કહેલું નહિ.'

હવે શું થાય ? ગુરુણીએ વિચાર્યું કે બનનારું બની ગયું. હવે શાસનની હીલના ન થાય એવો રસ્તો કાઢવો. તેથી એમણે એક મહાગંભીર શ્રાવિક-શ્રાવિકાને બોલાવી આ વાત કરી; અને ગુપ્ત રીતે છૂટાછેડા થવા સુધી એ સાધ્વીની ગુપ્ત

રક્ષા કરવાની સૂચના કરી.

ગંભીર-શ્રાવક-શ્રાવિકાએ એ વાત સહર્ષ સ્વીકારી લીધી; શ્રાવિકાએ કહ્યું 'જરાય મુંઝાશો નહિ અમારા ઘરમાં ગુપ્ત ઓરડામાં એમને રાખી હું જાતે જ બધું ગુપ્તતાથી સંભાળી લઈશ.' એમ કહી સાધ્વીજીને પોતાને ત્યાં લઈ જઈ ગુપ્ત રીતે સાચવ્યા. પ્રસૂતિ થઈ ગઈ. ૪-૬ માસ બાળકને સાચવ્યું. પછી સાધ્વીજી ગુરુણીના ભેગા થઈ ગયા; ને આલોચના-પ્રાયશ્ચિત્તવિધિ કરી લીધી.

**શ્રાવક-શ્રાવિકા કેવા ગંભીર હોય ?** સાધુ-સાધ્વીને પોતાના તારણહાર સમજી એમના દોષ દેખનારા કે દોષ ગાનારા નહિ; તેમ એવા અવસર આવી લાગ્યે એમની સાધુતાના એમના ચારિત્રના રક્ષણ-પાલન માટે એવી ગુપ્ત અને નક્કર સહાય કરનારા હોય કે ન તો બહારમાં ફજેતી-હીલના થાય, યા ન સાધુ-સાધ્વીના પરિણામ પડી જાય. ઊલટું એમને સંયમપાલનમાં ઉત્સાહ વધી જાય. આજે પણ એવા ગંભીર શ્રાવક-શ્રાવિકા જોવા મળે છે. ત્યારે એવા ય હોય છે કે જે સાધુ-સાધ્વીનું પાનિયું જ લઈને બેસે છે, એમની હલકાઈ જ ગાયા કરે છે. આગળ વધીને છાપાનાં પાનાં ય કાળાં કરે છે, શું એ એમને સુધારી શકે છે ? ના, અયોગ્ય રીતથી સુધારો ન થઈ શકે. એવી રીતમાં તો પોતાનો આત્મા મુનિનિંદાના તથા સંઘશાસનની હીલનાના ઘોર પાપથી ભારે થાય છે. પણ આ હવસ દ્વેષ અને અભિમાન મૂકાતો નથી. પછી એમાં અછતા ય દોષ ગાવામાં સંકોચ નથી રહેતો. શાસન ખરેખરું હૈયે ન વસ્યું હોય એ જ એની હીલનાની પરવા છોડી આવી ક્ષુદ્રતા ભરી પ્રવૃત્તિ કરે; બાકી હૈયે સાચો શાસનરાગ હોય તો શાસનની શોભા જરાય ટકરાય ખંડિત થાય એવું ન આચરે, ગંભીરતા ગુણ આથી બચાવી શકે.

પેલા ગંભીર શ્રાવક-શ્રાવિકાએ સાધ્વીજીની સંભાળ કરી. જન્મેલ બાળકને સાચવતાં બાળક મોટું થાય છે. શ્રાવક-શ્રાવિકા પણ એવા ધર્માત્મા છે કે એને ઊંચા સંસ્કાર આપે છે, સાધ્વીજી પાસે પણ લઈ જાય છે, અને એમ કરતાં બાળક આઠેક વરસનો થતાં એને ચારિત્રની ભાવનાવાળો કરી દે છે.

**જીવના પોતાના પૂર્વ સંસ્કાર ઉપરાંત અહીંના ઘડતરનું બહુ મોટું મૂલ્ય છે.**

એમ ન માની લેશો કે 'છોકરો જેવા સંસ્કાર લઈને આવ્યો હશે તેવો બનશે, અહીંની આપણી એને ઘડવાની મહેનત કાંઈ કામ નહિ લાગે' આવું ન માનતા. કેમકે જીવને એમ તો અનાદિના સંસ્કાર તો વિષય-કષાયના ખરાબ જ છે; એટલે પછી એમાં ઘડતરથી કશો ફેરફાર જ ન થાય. પરંતુ એવું નથી, જીવમાં સારા માબાપ, સારા ભાઈ-મિત્ર, સારા શિક્ષક, સારા ધર્મગુરુ, વગેરેના યોગે ખરાબ સંસ્કાર સુધરતા આવે છે, અને સારા સંસ્કાર નખાતા આવે છે. જૂનામાં



સુધારો શક્ય જ ન હોય તો તો પ્રભુનું શાસન શું કામનું રહે ? **પ્રભુએ ધર્મ-શાસન સ્થાપ્યું છે એ પૂર્વ પાપ-સંસ્કારોમાં સુધારો કરી નવા નવા ધર્મ-સંસ્કારોનું આરોપણ કરતા રહેવા માટે જ સ્થાપ્યું છે.**

**માબાપ વગેરેની ફરજ :-**

માટે, માબાપની પુત્ર-પુત્રી પ્રત્યે, શિક્ષકની વિદ્યાર્થી પ્રત્યે અને ગુરુની શિષ્ય પ્રત્યે આ મોટી ફરજ છે કે એને પ્રારંભથી જ સારા સંસ્કારનું ઘડતર આપવું. કારણ એ છે કે જો એને એ નહિ આપો, તો બહારના પ્રલોભક સંયોગો એવા છે કે એને કુસંસ્કારોની પુષ્ટિ કરી આપશે. ત્યારે પ્રારંભમાં તો આ પુત્ર, વિદ્યાર્થી કે શિષ્ય એ માબાપ-શિક્ષક કે ગુરુથી પ્રભાવિત હોય છે, આશ્રિતભાવથી એમની અસર નીચે હોય છે, તેથી એનામાં સારા સંસ્કારનું ઘડતર શક્ય સરળ સહેલું હોય છે. ઘડતરને એ ઝીલે છે. બાકી પ્રારંભથી આ ચીવટ ન રાખી તો ખોટી આદતો પડ્યા પછી મોટા થયે કાંઈ કહેવા જાઓ તો એ સાંભળે જ નહિ ને ? આજે ઘણા ય માબાપ આ અનુભવે છે કે દીકરા-દીકરીને પહેલાં તો લાડ લડાવ્યા, એના અનાદિરૂઢ દોષો ચલાવી લીધા, પછી હવે મોટા થયે સુધારા માટે એને કાંઈ કહેવા કરવા જાય છે તો એ દીકરા-દીકરી સાંભળવા-માનવા તૈયાર નથી. એવું ગુરુઓને શિષ્યો માટે બને છે. ઝાડ પાકટ થઈ ગયા પછી વાળવા જાઓ તો ન વળે. તેથી સારા સંસ્કારોનું ઘડતર તો પ્રારંભથી જ જરૂરી છે.

**સંસ્કારોનું ઘડતર એ જીવનમાં બહુ મોટી ચીજ છે,** ઘણી અગત્યની ફરજ છે. દીકરા-દીકરીને સારું સારું ખવરાવી દીધું પહેરાવી-મહલાવી દીધું કે નિશાળે ભણાવી લીધું એટલેથી કાંઈ ન વળે. એમાં તો એના અનાદિના રોષ-રીસ, મદ અહંત્વ ઈર્ષ્યા-અસૂયા, માયા-પ્રપંચ વગેરે દોષો પગભર બનવાના. એમ, શિક્ષકો વિદ્યાર્થીને માત્ર વિદ્યાના પાઠ ભણાવી દે, કે ગુરુઓ શિષ્યોને માત્ર શાસ્ત્ર ભણાવીને વિદ્વાન બનાવી દે એટલેથી એના અનાદિરૂઢ દોષો સુધરી ન જાય. એ તો, એનામાં સારા સંસ્કારોનું ઘડતર કરવાની પહેલેથી જ કાળજી રાખે, મહેનત લે, તો જ બને.

**ઉછેર અને ભણતર કરતાં વધુ અગત્યનું સંસ્કાર-ઘડતર છે.**

**આર્યરક્ષિતનું સંસ્કાર-ઘડતર :-**

સમજુ માબાપ શિક્ષક કે ગુરુઓ એ કરે છે તો પાક સારો નિપજાવે છે એ દેખાય છે. આર્ય રક્ષિત હતા બ્રાહ્મણપુત્ર; પણ શ્રાવિકા માતાએ એનું ઘડતર કેવું સુંદર કર્યું હશે કે જ્યારે એ પિતાના આદેશથી બહારથી ભણીને પંડિત બની આવે છે, ત્યારે માતાને એવી પેટવિદ્યાની પંડિતાઈ ન ગમતી જોઈ પૂછે છે 'તો શું ભણું તો તને ગમે ?'

મા કહે છે, 'પેટની વિદ્યા એટલે તો પાપની વિદ્યા. તું આત્માની વિદ્યા ભણે, દૃષ્ટિવાદ ભણે, તો મને આનંદ થાય.'

'કોણ ભણાવે એ ?'

મા કહે, 'તારા મામા તને એ ભણાવશે.'

બસ, માતાને રાજી કરવા બીજી સવારે વહેલી પ્રભાતે જ એ મામા પાસે ઊપડ્યા; અને મામા તો મુનિ છે, એ તો કહે છે કે 'તું સાધુ થા, તો જ એ ક્રમશઃ ભણાવાય;' તો આર્યરક્ષિતે ત્યાં જ ચારિત્ર પણ લઈ લીધું અને ભણવા લાગી ગયા. કેમ વારું ? માતાને રાજી કરવા. માતા મારા અહિતનું કશું કરે નહિ; માટે માતાએ જે દૃષ્ટિવાદ ભણવા કહ્યું છે તે સમજીને જ કહ્યું હશે કે એમાં ચારિત્ર પણ લેવું પડે. તો આ બધું કરવું એ મારા હિતમાં જ છે, ને એથી વળી જન્મદાતા, માતા ખુશી થાય છે; તો આ જ કરવાનું.

**માતાનું ગર્ભ પર સંસ્કરણ :-**

આ શ્રાવિકા માતાએ દીકરો પેટમાં આવ્યો ત્યારથી એના હિત માટે કેવી કેવી સારી વિચાર શુદ્ધિ રાખી હશે, અને સંયમ સાચવ્યા હશે, તેમજ જન્મ આપ્યા પછી કેવાં કેવાં સારા ઘડતર  કર્યાં હશે, કે મોટો પંડિત બનીને આવેલા દીકરા આર્યરક્ષિતમાં મહાવિદ્વત્તા અને રાજા તરફથી સ્વાગત મળેલું; છતાં માતા પ્રત્યે આ વિનય, આ વિશ્વાસ, આ સદ્‌ભાવ અને આ બહુમાન છે ?

**મરણની ધાડ પર જીવ ધર્મબંડલ લઈ જૈનકુળે :-**

તમે ય માતાપિતા શ્રાવક-શ્રાવિકા છો ને ? કે લોકવણ છો ? તમારા આશરે આવેલ દીકરા દીકરી માટે તો સમજો કે 'એમને પૂર્વ ભવમાં ચલાવેલ ધર્મની દુકાન પર મૃત્યુની ધાડ આવી તે ત્યાંથી ધર્મનું બંડલ બગલમાં મારી તમારે ત્યાં ભરોસે આવી ગયા છે.' શો ભરોસો ? આ જ, કે હવે 'અહીં તમે પાછો એ ધર્મવેપાર શરૂ કરાવશો.' તો બોલ, એ એના ભરોસાનો ભંગ તો નથી કરતા ને ? વિશ્વાસઘાત તો નથી કરતા ને ? પહેલા નંબરમાં એના ધર્મવેપારની જ કાળજી રાખો છો ને ? જો ના, તો જે ઢેડભંગી જેવા માબાપ કે અનાર્ય દેશના માબાપ કરે, એથી વિશેષ કાંઈ કર્યું ? શ્રાવક-શ્રાવિકા તરીકે શી ફરજ બજાવી ? આશ્રિતમાં ધર્મસંસ્કારનું ઘડતર એ સૌથી મોટી અને સૌથી પહેલી ફરજ છે, શ્રાવક-શ્રાવિકા એટલે તો એને ત્યાંના નોકર પણ ધર્મસંસ્કાર પામી જાય.





**સાધ્વીના પુત્રનું શું થયું ? :-**

પેલા સાધ્વીજીના બાળકને શ્રાવક-શ્રાવિકાએ ઉછેરતાં એવા ધર્મસંસ્કાર પાયા, કે એ આઠ-બાર વરસનો થતાં ચારિત્રની ભાવનાવાળો બની ગયો. એટલે પછી એની દીક્ષા અપાવી. આપણી વાત દાક્ષિણ્ય પર ચાલે છે, અવસરે દાક્ષિણ્ય કેવું સુંદર કામ કરે છે એ આ 'ક્ષુલ્લક' એટલે કે બાળ મુનિમાં જોવા મળે છે.

**ક્ષુલ્લક મુનિને વાસના :-**

ક્ષુલ્લક મુનિ હવે ઉંમરે વધવા લાગ્યા. ગુરુઓ અહીં સુસંસ્કાર અને જ્ઞાનાભ્યાસ આપી રહ્યા છે. એમ કરતાં બાર વરસ વીતવા આવ્યા. પરંતુ પૂર્વ જનમની વાસનાએ હવે જોર કરવા માંડ્યું. મનને એ ઘણું સમજાવે છે, મન વાળવા ઘણો પ્રયત્ન પણ કરે છે. પરંતુ વાસના શમતી નથી. એટલે હવે આ દિલનું દરદ કોને કહેવું ? તે માતા સાધ્વીને કહે છે કે 'મારી આ સ્થિતિ છે, હવે મારાથી ચારિત્ર પળાય એમ નથી. માટે હું તો ચારિત્રને મૂકી દઈશ.'

**સાધ્વીજી એને સમજાવે છે,** કહે છે 'અરે ! ભાગ્યવાન ! તમે તો અનંતા ભવે પણ દુર્લભ એવો મહાન ચારિત્રમાર્ગ પામ્યા છો. તે કાં ગુમાવી નાખો ? સંસારમાં શું સુખ છે ? મળમૂત્ર ભરેલી સ્ત્રીની કાયા તો ગટર જેવી છે, એના મોહમાં આ મહા ચારિત્ર-રત્નને કાં ફેંકી દો ? આત્માને ઉદ્ધરવાનો ખરેખરો શ્રેષ્ઠ ભવ આ મનુષ્ય ભવ જ છે. એ પામીને ડૂબવાનું કર્યું તો પછી ઉદ્ધાર ક્યાં ?...' વગેરે વગેરે મા સાધ્વીએ ઘણું ઘણું સમજાવ્યું.

પરંતુ ક્ષુલ્લક મુનિ કહે છે. 'તમે કહો છો એ તદ્દન સાચું છે. મને પણ જચે છે, કિન્તુ મારું મન જ જોર માર્યા કરે છે ત્યાં શું થાય ? મારાથી હવે ચારિત્ર પળે એવું લાગતું જ નથી.'

**બચાવવા ઉપાય :-**

ત્યારે સાધ્વીજી જુએ છે કે 'આ હવે સમજુતીથી નહિ અટકે. પણ દુઃખનું ઓસડ દહાડા. એટલે હવે જો આ શરમથી પણ અમુક સમય આમ ને આમ પસાર કરે, તો વળી આગળ જતાં આ દરદ કદાચ શમે. ગુરુ તથા મુનિઓનો સત્સમાગમ તો ચાલુ જ છે, અને શાસ્ત્રચિંતન-પઠન વગેરે ચાલુ રહેશે, એમ કરતાં માર્ગમાં સ્થિર થવા સંભવ છે. માટે આને શરમથી પણ ચારિત્રમાં રાખવો.'

એમ વિચારી સાધ્વી માતા કહે છે, 'જુઓ ત્યારે હું વધારે નથી કહેતી, પણ મેં તમને પેટમાં રાખી મોટા કર્યા, જનમ આપ્યા, તો મારી ખાતર હજી બાર

વરસ ચારિત્રમાં રહી જાઓ. પછી યોગ્ય લાગે તેમ કરજો.

**પ્ર.- આવી સ્થિતિમાં નાની ઉંમરમાં ચારિત્ર ન આપવું યોગ્ય નથી ?**

**ઉ.- ઉતાવળા ન થશો. પડનાર કોઈક; પણ આવો કાયદો રાખશો તો બાળપણથી ચડી જનારા ઘણાને અન્યાય થશે.** કેમકે એ ભવ્યાત્માઓનાં કર્મ એવાં છે કે સારા સંયોગમાં જો એ મૂકાયા, તો મુનિપણાની ચર્યા, શાસ્ત્રબોધ વગેરેના પ્રભાવે એ કર્મો વિપાક દેખાડ્યા વિના ખતમ થાય છે; અને જો ઘરે રહી વિષયોના સંયોગ મળ્યા તો એ કર્મોના વિપાક જીવનભર સંસારમાં રાખે. બીજું, ચારિત્રના પરિણામ ઢીલા પડનારની દૃષ્ટિએ પણ જુઓ કે એવું થવાનું પહેલેથી ખબર તો હોય નહિ. ખબર હોય તો વ્રત ન દે. પણ એવું વિશિષ્ટ જ્ઞાન ક્યાંથી લાવવું ? ચકાસીને દીધા પછી જેટલો સમય સારી રીતે પાળે છે એટલી કમાઈ તો થયે જ જાય છે. પછી મન બગડતાં દ્રવ્યથી પાળે છે એમાં ય આચરણના પાપથી બચે છે; અને સંભવ છે એમાં પાછા ઠેકાણે આવી જાય તો વળી સારા ચડી જાય.

**જંબૂસ્વામીનો જીવ** પૂર્વભવે મુનિ બન્યા પછી પત્ની નાગિલામાં મોહિત થયેલ, છતાં ભાઈની શરમે દ્રવ્યથી પણ ટકી રહ્યા, તો અવસરે એજ નાગિલાના ઉપદેશથી ઠેકાણે આવી સંયમભાવમાં ચડી ગયા, અને ઠેઠ જંબૂસ્વામી બનવા સુધી પહોંચી ગયા. 'ના, તાજા પરણેલા છે માટે દીક્ષા ન દેવાય,' એમ કરી ભાઈએ ઊંચક્યા ન હોત તો એ કઈ દશામાં મૂકાત ? અહીં ક્ષુલ્લક મુનિમાં પણ બાળપણથી ચારિત્ર હતું તો મન બગડવા છતાં આગળ કેવા ચડી જાય છે એ જોજો. બાળપણથી ચારિત્ર ન હોત તો તો એટલી વાસનાના જોરમાં કઈ દશામાં પડ્યા હોત ?

ક્ષુલ્લક મુનિને માતાએ કેળવીને દીક્ષા અપાવી છે. પણ હવે એ ઢીલા પડતાં એમના પોતાની ઉપરના દાક્ષિણ્યનો ઉપયોગ કરી કહે છે, ચારિત્રમાં હજી બાર વરસ રહી જાઓ. પછી તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો !

**વાસના પર દાક્ષિણ્યનો પ્રભાવ :-**

અહીં ક્ષુલ્લક મુનિ વિચારમાં પડ્યા કે હવે શું કરવું ? એક બાજુ વાસના જોર કરે છે, તો બીજી બાજુ આ જનેતા બાર વરસ ટકી જવા કહે છે. જનેતા પાછી સાધ્વી છે; તો એની આટલી માગણી કેમ અવગણાય ?' મુનિ દાક્ષિણ્યથી માતાનું વચન કબૂલ કરી લે છે; માતાનો અપાર ઉપકાર યાદ હોય તો એની શરમ પડે. શું દાક્ષિણ્યમાં આટલી બધી તાકાત છે ? ન શમાવી શકાય એવી વાસનાને પણ સફળ ન થવા દે ? હા, જુઓ.

**રાવણ દાક્ષિણ્યથી બચે છે :-**

રાવણને પ્રતિજ્ઞા હતી કે પરસ્ત્રી ન ઇચ્છે એના પર બળાત્કાર નહિ કરવો.



તો સીતાને ઉપાડી લાવ્યા પછી એના રૂપ-સૌંદર્ય જોઈ ભારે વિહ્વળ થયો છે, વાસના જોર કરી રહી છે. પરંતુ સીતા માનતી નથી. તો રાવણ મોટી લાલચો આપે છે, ભય દેખાડે છે, પટ્ટરાણી મંદોદરી વગેરે ૧૦૦૦ રાણીઓ પાસે મનાવવા મથે છે. રાણીઓ કહે છે 'તું સ્વામીનું માન.' આટઆટલું કરે-કરાવે એ રાવણનો કામોન્માદ કેવો ? છતાં વ્રતનું દાક્ષિણ્ય એને એવું રહ્યું કે 'ગમે તે હો, સીતા ભોગવવા ન મળો, પણ આવું વ્રત કેમ અવગણાય ?' વ્રતના દાક્ષિણ્યથી વાસનાને સફળ થવાનું ન મળ્યું.

**તો પછી રાવણનો કેમ નાશ થયો ?** એટલા જ માટે કે એને અભિમાન નડ્યું. એ જો ન નડ્યું હોત તો તો સીતાને પાછી આપી દેવાથી આખો બચી ગયો હોત. પરંતુ 'સીતાને એમ શાની પાછી સોંપું ? તો તો એમ થાય કે ડરીને પાછી સોંપે છે. એ તો રામ-લક્ષ્મણ સાથે લડી એમને હરાવી બાંધી પકડીને લાવું, ને પછી ભિખારીને દયાદાન કરવાની જેમ એમને ધુતકારીને સીતાનું દાન કરું. કહું કે લો વનના રખડતાઓ ! લઈ જાઓ આ તમને સીતાનું દાન કરું છું.' રાવણને આવો અભિમાનભર્યો કોડ રહ્યો, તેથી સીતા પાછી ન સોંપી અને લડાઈ લડવા જતાં ખુવાર થઈ ગયો. વ્રતની શરમે દુરાચારથી બચ્યો, પરંતુ હવે અનર્થની બચવા સીતાને છોડી દેવાનું કહેનાર ભાઈ વિભીષણનું દાક્ષિણ્ય ન જાળવ્યું; એટલે અભિમાનથી ન બચ્યો, અને સર્વનાશ નોંતર્યો.

**ક્ષુલ્લક મુનિને માતાનું દાક્ષિણ્ય :-**

**દાક્ષિણ્યનું મહાન બળ છે.** પોતાના ઊંચા કુળની શરમ પડે, માબાપની, કોઈ ધર્માત્માની, ગુરુની શરમ પડે, તો માણસ ઘણા ઘણા પાપથી બચી જાય. મન પર આવો શરમનો ભાર રાખવો એ પાપોથી બચવા બળ આપે છે. બેશરમમાં એ બળ નહિ-ક્ષુલ્લક મુનિ શરમથી ચારિત્રથી પડતા બચી ગયા, મા સાધ્વીના દાક્ષિણ્યે એમને બીજા બાર વરસ મુનિવેશમાં ટકાવ્યા.

**કર્મસંયોગ વિચિત્ર કેમ ? :-**

પરંતુ વાસના દબી નહિ. કર્મસંયોગ વિચિત્ર છે. પૂર્વ જીવનમાં કોઈ અનુચિત મોહવશ એવું કર્મ બાંધ્યું હોય તો વ્રત લીધા પછી આવી નડતર ઊભી થાય. આર્દ્રકુમાર મુનિ એમ પડ્યા હતા. અથવા કોઈ નિકાચિત ભોગાવલિકર્મ ઉપાર્જ્યું હોય તો ય તે વ્રતજીવનમાં વાસના જગાવે. નંદિષેણ મુનિ એમ પડ્યા હતા.

ક્ષુલ્લક મુનિને વાસના છતાં માતાના દાક્ષિણ્યે ૧૨ વરસ ટકાવી રાખ્યા. પરંતુ હવે મુદ્દત પૂરી થયે વાસના નથી શમી તેથી પાછા આવ્યા સાધ્વી માતા પાસે, ને ચારિત્ર મૂકી દેવાની પોતાની ઇચ્છા જણાવે છે. ત્યારે સાધ્વીજી સમજુતી

આપ્યા પછી જુએ છે કે હવે આ ટકે એમ નથી, એટલે કહે છે,' તો હવે મારે કશું કહેવાનું નથી. તમે ગુરુણી મહારાજને કહીને જાઓ.'

**ગુરુણીનું દાક્ષિણ્ય :-**

મુનિ ગુરુણીને કહેવા ગયા. એ કહે છે, ત્યારે એ કહે છે, 'અમે તો તમારી માતાને આશ્રય આપનારા, અને તમારી માતા અમારું બધું માનનારી. તમે એમના કહેવાથી ચારિત્રમાં બાર વરસ ટકી ગયા, તો પછી અમને બાર વરસનો લાભ ન આપો ? અમારી ખાતર એટલું ન ટકી જાઓ ?'

અહીં મુનિને દાક્ષિણ્ય ઊભરાયું. મનને થયું 'અહો ! આવા મારી માતાના મહાન ઉપકારક ગુરુણી, એમનું વચન કેમ ઠેલાય ? ભલે વાસના અંદર સડતી.' કબૂલ કર્યું. વળી બાર વરસ ટકી ગયા.

**આચાર્ય મહારાજ પરનું દાક્ષિણ્ય :-**

છતાં ય વાસના શમી નહિ ત્યારે વિચારો, જીવને વાસના સામે કેટલું લડવાનું છે ? એમ માનતા નહિ કે વાસનાને પોષ્યા કરવાથી એ શમી જાય, એ તો મન મારીને બને એટલી એને નિષ્ફળ કરતા રહેવું પડે. રૂપ, રસ, શબ્દ વગેરે બધાની વાસના માટે આ પ્રયત્ન જોઈએ. તો ક્રમશઃ ચડી શકાય. ક્ષુલ્લક મુનિ ટક્યા એ ચડી જ રહ્યા છે. એનું કાર્ય આગળ દેખાશે.

ગુરુણીના બાર વરસ પૂરા કર્યા પછી વાસના ન શમતાં હવે એમની રજા લેવા માટે કહેવા આવ્યા, ત્યારે એમણે કહ્યું 'હવે અમારે કશું કહેવાનું નથી. તમે આચાર્ય મહારાજને કહીને જાઓ ! મુનિ હવે આચાર્ય મહારાજને કહે છે. એમણે પણ જોયું કે આ જીવનો દાક્ષિણ્યગુણ ભારે જબરો છે તો લાવો, હજી પણ ટકે એટલું ટકાવવા દો એમાં વળી જો વાસના શમી જશે, તો વાહ વાહ.'

તેથી આચાર્ય મહારાજ સમજાવ્યા પછી કહે છે, 'તમે એ બંનેને ૧૨-૧૨ વરસનો ટકી જવાનો લાભ આપ્યો, તો અમને પણ એવો લાભ નહિ આપો ?'

ક્ષુલ્લક મુનિ હવે શું કહે ? જુએ છે આચાર્ય મહારાજ તો માતા, એમના ગુરુણી અને મારા પણ ઉપકારી છે; વળી મહાન પુરુષ છે. તો એમના આટલા વચનને કેમ અવગણાય ?' વાસનાની આડે દાક્ષિણ્ય ઊભું થયું. વાસનાને ફાવવા ન દીધી, અને બાર વરસ ટકી જવા કબૂલ કર્યું. વળી એટલી મુદત મુનિપણે રહી ગયા.

દાક્ષિણ્યે ચારિત્રજીવનમાં કેટલું બધું ટકાવ્યા ? **લોભદેવને** બાપ કહી રહ્યો છે, કે જો વત્સ ! પરદેશ જાય છે, તો અવસરે દાક્ષિણ્ય-લજ્જા-શરમ દાખવજે. ને એવા એવા અવસરે શરમમાં તણાતો નહિ. ક્ષુલ્લક મુનિ દાક્ષિણ્ય રાખી રહ્યા છે તે અવસરનું છે. એમાં ૩૬ વરસ સુધી વાસનાને દબાવી રાખી. હવે ઉંમર



લગભગ ૬૦ની થઈ. પરંતુ વાસના અડીખમ રહી, શાંત ન પડી. એટલે હવે આચાર્ય મહારાજને કહે, 'ભગવન્ ! બાર વરસ પૂરા થયા. કમનસીબ છું કે મારી વાસના હજી પણ શમી નહિ તેથી હવે હું સંસારમાં જઈશ.' આચાર્ય મહારાજે હવે કશું દબાણ કર્યું નહિ, માતાને કહીને જવાનું કહ્યું.

ત્યાંથી ક્ષુલ્લક મુનિ સાધ્વી માતાને કહેવા ગયા. સાધ્વીજીએ પણ જોયું કે હવે આ ટકે એમ નથી, ને એમ ને એમ ગમે ત્યાં રખડી જીવન સાવ મર્યાદા-બહારનું ન બનાવે, એ માટે એમને પૂર્વની બધી હકીકત કહી, અને શ્રાવકને બોલાવી પૂર્વે મૂકેલી મુનિના સંસારી બાપના નામની વીંટી અપાવી કહ્યું, 'જુઓ, સંસારમાં જવું જ છે તો ગમે ત્યાં અથડાશો નહિ. આ વીંટી લઈને તમારા કાકા રાજા પાસે જાઓ, એમને વાત કરજો, એ તમને સારું સ્થાન આશ્રય આપશે.' અહીં પૂછો,

**પ્રવર્તક અંશનું મહત્ત્વ :-**

**પ્ર.-** સાધ્વીજીથી આવું અપાવાય ? સ્થાન-આશ્રય એટલે તો સ્ત્રી-સંપત્તિ વગેરે, એ અપાવવામાં એમને ત્યાગીને દોષ ન લાગે ?

ઉ.- અહીં જરા વિવેક કરવાની જરૂર છે. વિવેક આ, કે તપાસો 'સાધ્વીજી આ પ્રવૃત્તિ કરે એમાં ભોગસંપત્તિના પાપમાં પ્રવર્તન તથા દુરાચારાદિ પાપથી નિવર્તન, એમ બે અંશમાંથી પ્રવર્તક અંશ કયો છે ? શું ક્ષુલ્લક મુનિને સારા સારા ભોગ-વૈભવ મળે એ આશય સાધ્વીજીને એવી પ્રવૃત્તિ કરાવે છે ? કે એ મુનિ અનુચિત આચાર-પ્રવૃત્તિ આદિમાં ન પડી જાય માટે એમાંથી બચાવી લેવાનો આશય પ્રવૃત્તિ કરાવે છે ?' આ તપાસો. કહેવું જ પડે કે અધિક પાપથી બચાવી લેવાનો આશય જ આ પ્રવૃત્તિ કરાવે છે. પ્રવર્તક અંશ અધિક પાપથી બચાવવાનો છે. દુરાચાર, ચોરી અસદ્ ધંધા વગેરેમાં ક્ષુલ્લક મુનિ ચારિત્ર મૂકીને ન પડે, એ આશય છે. એવા પાપોથી નિવૃત્તિ એ તો સારો અંશ છે, એમ બચાવવાનો આશય તો શુભ ગણાય. માટે સાધ્વીજી એમ કરે એથી દોષપાત્ર નહિ.

**પુત્રને પરણાવવામાં પ્રવર્તક અંશ કયો ? :-**

સારા પ્રવર્તક અંશના હિસાબે તો સમકિતી બાપ સંતાનમાં વૈરાગ્યના સંસ્કાર નાખ્યા પછી જો જુએ કે આ ચારિત્ર લેવા માટે વીર્યવાન નથી, કે ઘેર બેઠે બ્રહ્મચર્ય પાળવા શક્તિમાન નથી, એટલે એને પરણાવે છે. એમાં બાપ મહાપાપી નથી ઠરતો, કેમકે પરણાવવામાં પ્રવર્તક અંશ સંતાનને ભોગ વિલાસમાં મગ્ન કરવાનો નથી, પરંતુ અનાચારથી બચાવી લેવાનો છે. પુત્રને પરણાવે નહિ તો એ પુત્ર અનાચારમાં પડવા સંભવ. આ હિસાબે માબાપોએ સંતાન માટે શું ઈચ્છવાનું એ

સમજવા જેવું છે.

**પ્રવર્તનમાં બે અંશ :-**

**૫ બીડી પીવાની બાધા :-**

પ્રવર્તન એક જ દેખાય, પરંતુ એમાં એક તો પાપમાં પ્રેરવાનો અંશ હોય; એ ખરાબ; અને બીજો અધિક પાપથી બચાવવાનો અંશ હોય; એ સારો. માણસ સાધુ પાસે બાધા માગે કે 'હું હિસાબ વિનાની બીડી પીઉં છું પણ હવે આપના ઉપદેશથી એ ખોટું લાગ્યું છે, છતાં હું સર્વથા ત્યાગ નથી કરી શકતો, મને રોજની માત્ર પાંચ જ બીડી પીવાની બાધા આપો.' હવે અહીં સાધુ બાધા આપે, તે શું એટલી બીડી પીવામાં પ્રેરનારી બાધા છે ? શું પાપમાં પ્રેરનારી બાધા છે ? ના, પાંચથી અધિક બીડી ન પીવાની બાધા છે, અધિક પાપથી પાછો વાળનારી, અધિક પાપથી બચાવી લેવાની બાધા છે. માટે પ્રવર્તક અંશ પાપમાં પ્રવર્તન નહિ, પણ અધિક પાપથી નિવર્તન છે. પાંચ બીડી પીએ એમાં ખુશી સંમતિ નથી, પરંતુ પાંચથી વધુ ન પીએ એમાં ખુશી સંમતિ છે. અધિક પાપથી નિવૃત્તિ કરાવવી એ પ્રવર્તક અંશ છે. તેથી સાધુ બાધા આપતાં દોષપાત્ર નથી. નહિતર તો પછી શ્રાવકના બાર વ્રત પણ નહિ અપાય.

**દ્રવ્યપૂજાનો ઉપદેશ શા માટે ? :-**

માટે તો મુનિ અરિહંત પ્રભુની દ્રવ્ય પૂજા કરવાનો ગૃહસ્થને ઉપદેશ આપે છે એમાં એમના ચારિત્રને દોષ નથી લાગતો; કેમકે એમાં પાણી-ફૂલ વગેરેની હિંસા કરાવવાનો આશય નથી, કિન્તુ ગૃહસ્થ એ દ્રવ્યપૂજામાં પ્રવર્તે ત્યાં એ એટલો સમય (૧) વિષયસંગ અને સાંસારિક મોહાધીન આરંભ-સમારંભની પાપ પ્રવૃત્તિથી બચે, (૨) દ્રવ્યપૂજામાં ધન વ્યય કરે એટલી ધનમૂર્ચ્છાથી બચે, તથા (૩) વીતરાગની પૂજા-ભક્તિમાં પરોવાય એટલો સમય મોહાંધ કુટુંબ મોહમાયા, રાગભર્યા પત્ની દર્શન, પુત્ર દર્શન વગેરે, તથા વિષયોમાં લપટાવું વગેરે મોહપ્રવૃત્તિના પાપથી બચે, એ આશય છે. સાથે (૪) પરમ ઉપકારી પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતા ચૂકવાના પાપથી પણ બચે, અને (૫) પરમપાત્રમાં સ્વદ્રવ્યનો સદ્ વિનિયોગ યાને પરમ પાત્ર દાનનો લાભ પામે, એ પણ શુભ આશય છે. પ્રવર્તક અંશ એવા મહા પાપોથી બચાવવાનો અને પરમાત્મભક્તિનાં મહા કર્તવ્યમાં પ્રેરવાનો છે. માટે મુનિ આ કરાવવામાં જરાય દોષપાત્ર નથી.

નહિતર તો વિચારો કે ગૃહસ્થને આ બધાં ધન-મૂર્ચ્છાદિ પાપથી બચાવ અને પરમ પાત્રની ભક્તિનો લાભ દ્રવ્યપૂજા-દ્રવ્યસ્તવ સિવાય બીજી કાંઈ પ્રવૃત્તિમાં છે ? તીર્થયાત્રા કરે, સંઘ કાઢે, સાધર્મિક વાત્સલ્ય કરે, તપસ્વીઓ-વ્રતધારીઓ વગેરેને



જમાડે, એમાં હિંસા તો થવાની. પરંતુ એમાં પૂર્વે કહેલા મહાન પાપ બચાવ અને મહાન ભક્તિ લાભ જે મળે છે, તે એવી પ્રવૃત્તિ સિવાય બીજે ક્યાં મળે ?

એટલે જે લોકો એમ કહે છે કે 'મુનિને તો ત્રિવિધ ત્રિવિધે હિંસાદિ-ત્યાગની પ્રતિજ્ઞા છે, તેથી એમનાથી હિંસાયુક્ત આવી દ્રવ્યપૂજા, મંદિરનિર્માણ, યાત્રાસંઘ, સાધર્મિકવાત્સલ્ય, વગેરેના ઉપદેશ ન દેવાય; તેમજ ગૃહસ્થોને પણ એ હિંસાયુક્ત મૂર્તિપૂજા વગેરેમાં ધર્મ ન મનાય, ધર્મરૂપે એવી પ્રવૃત્તિ ન થાય,' આવું જે કહે છે એ વિવેક સમજ્યા નથી. માટે તો એ બિચારા બીજે બંધાઈ જાય છે.

**મૂર્તિપૂજા ઉડાવનારને આપત્તિઓ :-**

એમના હિસાબે તો (૧) સાધુથી વિહારમાં નદી ન ઊતરાય; (૨) સાધુથી પાણીમાં ડૂબતી સાધ્વીને, કે ગૃહસ્થથી બીજાને ય ન બચાવાય; (૩) વરસતા વરસાદમાં ગૃહસ્થથી સાધુવંદના કરવા કે એમનું વ્યાખ્યાન સાંભળવા ન જવાય; (૪) ધર્મસ્થાનક ન બંધાવાય; (૫) તરસ્યે મરતાને પાણી ન પવાય; (૬) ભૂખે મરતા ઢોરને ઘાસ ન નખાય; (૭) ગુરુનું સામૈયું ન થાય;... પરંતુ આવું આવું તો કેટલુંય એ ધર્મ માનીને કરે છે, પણ એમાં હિંસા તો બેઠી જ છે, તો એમના હિસાબે એ ધર્મ શી રીતે ? ને એ કેમ જરાય ભોળાને એ સમજાવે છે 'ફૂલપાંખડી જ્યાં દુભાય, તિહાં નહિ જિનવરની આણ,' એને કહી, અલ્યા પણ એ સાધુને નદી ઊતરવા વગેરેમાં હિંસા થાય છે તેનું શું ? ત્યાં જિનવરની આણા નહિ માને ? સારાંશ, અજ્ઞાનદશા છે.

**પ્રવૃત્તિમાં પ્રવર્તક અંશ જોતાં નથી આવડતું, એટલે મૂર્તિપૂજા ઉડાવે છે.**

સ્થૂલભદ્ર મુનિથી કોશા વેશ્યા બૂઝી, અને એણે શ્રાવિકા બની વ્રત માગ્યા. એમાં ચોથા વ્રતમાં રાજા કોઈ પુરુષને મોકલે, માત્ર એની છૂટ રાખી. મુનિએ વ્રત આપ્યાં, તો શું એમણે આ રાજાએ મોકલેલા પરપુરુષના સેવનમાં સંમતિ આપી ? ના, મુનિનો આશય એ પાપમાં પ્રવૃત્તિ કરાવવાનો નથી, પરંતુ એ સિવાયના સમસ્ત પુરુષના સેવનના પાપનો ત્યાગ કરાવવાનો છે.

**મૂર્તિપૂજા અટકાવવામાં મહામિથ્યાત્વ શાથી ? :-**

આ વિવેક ન સમજે; અને 'મૂર્તિ ન પૂજાય, નહિ પૂજવાની પ્રતિજ્ઞા કરો, મંદિર ન બંધાવાય, યાત્રાએ ન જવાય સંઘ ન કઢાય,' વગેરે જે ચલાવે છે એ મહા અજ્ઞાન મહા મિથ્યાત્વમાં રૂલે છે. ખૂબી તો જુઓ કે એમને પરસ્ત્રી દર્શનનો ત્યાગ કરાવવાનું નથી આવડતું, વીતરાગની મૂર્તિનું દર્શન બંધ કરાવવાનું આવડે છે. મોહથી ખર્ચભર્યા પાર્ટી-જલસા-લગ્નમંડપ વગેરેનો ત્યાગ નહિ, સંઘ યાત્રા, સાધર્મિક વાત્સલ્યનો ત્યાગ કરાવવાનું આવડે છે ! આ મહા મિથ્યાત્વ નહિ તો બીજું શું છે ?

**સાધ્વીનો શુભ આશય દુર્લભબોધિ થતો અટકાવવાનો પણ છે :-**

વિવેક જોઈએ. પ્રવર્તક અંશ જોવો જોઈએ. સાધ્વી માતાએ ક્ષુલ્લક મુનિને હવે સંસારમાં જવું જ છે, તો બાપની વીંટી અપાવી કાકા રાજા પાસે જવાનું કહ્યું જેથી સ્થાન-આશ્રય મળે. પ્રવર્તનમાં ક્ષુલ્લકને ભોગ-વૈભવમાં પ્રેરવાનો અંશ નથી, પરંતુ સંભવિત દુરાચાર-ચોરી વગેરેના મહા પાપાથી બચાવી લેવાનો અંશ છે. તેથી સાધ્વીજી નિર્દોષ છે. વળી એથી મુનિને એમ પણ ન લાગે કે 'લ્યો મારી અજ્ઞાન દશામાં સાધુપણું લેવરાવ્યું તો મારે હવે રખડતી સ્થિતિમાં મૂકાવું પડ્યું.' એમ જો લાગે તો એ ધર્મ અને સાધુ પ્રત્યે અભાવવાળો બની દુર્લભ બોધિ થઈ જાય; ને એથી તો અનેક જન્મો સુધી ધર્મ ન પામે, પાપરક્ત બને, અને દુર્ગતિઓમાં ભટકે. આવા મહાઅનર્થથી બચાવી લેવા સાધ્વીજીએ જે કર્યું તે અનુચિત નહિ, પણ ઉચિત જ છે.

**૩૬ વરસ ટકીને ય ન બચ્યા છતાં લાભ :-**

ક્ષુલ્લક મુનિ વેશમાં જ રહીને વીંટી લઈને પહોંચ્યા કાકાના રાજ્યની રાજધાનીમાં હવે અહીં સવાલ થાય કે મુનિએ દાક્ષિણ્ય તો બહુ જાળવ્યું, તો અંતે બચ્યા કેમ નહિ ? વાસના જોર કરતી હોય ત્યાં ૩૬-૩૬ વરસ કાઢવા એ સહેલું કામ છે ? છતાં દાક્ષિણ્યના જોરે એટલો બધો સમય પસાર તો કર્યો, તો હવે કેમ પતનના માર્ગે ? પરંતુ જરા ધીરજ રાખો. એ કશું નિષ્ફળ નથી ગયું. એટલું ટકી ગયા છે તો હવે જુઓ કે એક જરાક શું નિમિત્ત એમને પાપથી પાછા વળવા કેવો ભારે ધક્કો લગાવે છે ? કેવો જબરદસ્ત વળાંક આવે છે ?

**મુનિ રાજધાનીમાં શું જુએ છે ? :-**

બન્યું છે એવું કે જ્યારે એ કાકાની રાજધાનીમાં પહોંચી જાય છે, ત્યારે ત્યાં બરાબર એ વખતે એક નટ ઈલાચીપુત્રની જેમ ઊંચે બાંધેલા દોરડા પર નૃત્ય કરવાનો ખેલ ખેલે છે. એ જોવા માટે નગરજનો ઉપરાંત રાજા પણ આવી ગયો છે. આ ક્ષુલ્લક મુનિ પણ ત્યાં જોવા ઊભા રહી જાય છે.

**રાજાની નટડી પર બદ દાનત :-**

અહીં બરાબર ઈલાચીપુત્ર જેવું બને છે. નટ ખેલ ખેલી નીચે ઊતરીને પહેલું રાજા પાસે દાન લેવા જાય છે; પરંતુ રાજા ત્યાં ગાતી બજાવતી રૂપસુંદરી નટડીના મોહમાં પડી દાન ન આપતાં કહે છે, 'મારું ધ્યાન રહ્યું નહિ, ખેલ જોયો નહિ. તેથી ફરીથી ખેલ બતાવ.' એના મનમાં એમ છે કે 'એમ કરતાં જો નટ ભૂલમાં નીચે પટકાઈ મરે તો નટડી હાથ કરી લઉં.' બિચારો નટ ! પૈસાના લોભમાં ફરી ઊંચે ગગનમાંના દોરડા પર ચડી નાચી બતાવે છે. પાછો રાજા પાસે



દાન લેવા જાય છે. વળી રાજા બહાનું કાઢી ફરી નાચવા કહે છે.

આમ નટ દાનનો ઈચ્છુક હોવાથી ત્રણવાર તો દોરડે ચડી ખેલ કરે છ, પરંતુ પછી જ્યાં રાજા પાસે દાન લેવા જાય છે. ત્યાં રાજા શાનો દાન આપે ? એની દાનત ખોરી છે. એટલે વળી નવું બહાનું કાઢી ફરી એકવાર ખેલ બતાવવા કહે છે. ત્યાં હવે નટ થાક્યો છે એટલે ખેલ કરવા ઉત્સાહિત નથી. ત્યાં એનો માલિક જુએ છે કે હવે તો રાત પણ પૂરી થવા આવી છે તેથી હવે કાંઈ રાજા ફરી ફરી નાચવા કહે એમ નથી તો હવે એક વાર આણે ખેલ કરી લેવો જોઈએ. એટલે એ નટને કાનમાં સમજાવે છે કે જો હવે રાત થોડી છે, રાજાના ઈનામ વિના જઈએ તો ઈજ્જત જાય, કલંક લાગે; પછી મોટેથી કહે છે,

**'બહોત ગઈ થોડી રહી, હે માડીના લાલ ! શીદને કલંક લાવે ?'**

અર્થાત્ રાત્રિ બહુ તો વીતી ગઈ, હવે થોડી બાકી છે. એટલા માટે હારી થાકીને ખેલ ન કરી શા સારુ કલંક લાવે છે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૩૧,તા.૨-૫-૧૯૭૦**

નટ ઉત્સાહિત થઈ ચોથી વાર દોરડે ચડ્યો, એમાં બરાબર ખેલ જમાવે એટલા માટે નટડી પણ એ જ ગાય છે **'બહોત ગઈ થોડી રહી, હે માડીના લાલ ! શીદને કલંક લાવે ?'**

નીરવ શાંત રાત્રિ, અને નટડીનો દિલથી ગવાતો અવાજ, એણે રાજાનું દિલ ભેદી નાખ્યું. તરત એણે હીરાનો હાર ફેંક્યો, એ જ વખતે દિવાને પણ કિંમતી ચીજ ફેંકી, નગરની એક શેઠાણીએ પણ એવું કિંમતી ઈનામ ફેંક્યું, ત્યાં આ ક્ષુલ્લક મુનિએ પણ વીંટી ફેંકી. નટ નીચે ઊતર્યો.

રાજા આશ્ચર્ય પામે છે કે આ બધાએ પણ આવા કિંમતી ઈનામ કેમ આપ્યા ? એટલે એ બધાને એ પૂછે છે કે 'તમે કેમ આવા કિંમતી ઈનામ દીધા ?' ત્યાં હવે જુઓ કે શા ખુલાસા થાય છે.

દિવાન કહે છે 'મહારાજા ! મારી કાળી કથની હું કહું છું, પરંતુ મને જરા કૌતુક છે કે આપે ત્રણ વાર કશું દીધું નહિ, ને આમ હમણાં એકાએક કિંમતી હાર કેમ દઈ દીધો ? ખાસ હરકત ન હોય તો જણાવવા મહેરબાની કરશો.'

**(૧) રાજાની સન્મતિનો ખુલાસો :-**

રાજા કહે, "જુઓ દિવાનજી ! આ હું નટડીમાં મોહી પડેલો, તે મને એમ થતું કે આ નટ વાર વાર નાચવા ચડે એમાં જો ક્યાંક અરબડિયું ખાઈને પડે ને મરે, તો નટડી

હાથ કરી લઉં. તેથી ઈનામ નહોતો આપતો. પરંતુ હવે જ્યાં આ સાંભળ્યું કે **બહોત ગઈ થોડી રહી, શીદને કલંક લાવે ?** ત્યાં મને થયું કે 'અરે ! આ નટને શું કહે ? આ તો મને જ કહે છે કે તારી ઉંમર અને નિષ્કલંક જીવન બહુ વહી ગયું હવે થોડું જીવવાનું બાકી છે, એમાં આ હલકી જાતની નટડી ઉપાડી જીવનને કલંક શું કામ લાવે ?' બસ આ વિચારે હું બચી ગયો, તેથી બચાવનારને તો આથી ય મહા ઇનામ દેવું જોઈએ, પણ મેં આટલું જ ઇનામ દીધું. હવે તમે બતાવો તમે આ ઇનામ કેમ આપ્યું ?"

**(૨) દિવાનની સન્મતિનો ખુલાસો :-**

દિવાન કહે છે, "જુઓ સાહેબ ! મારી દાનત બગડેલી, મને આપને પદભ્રષ્ટ કરી રાજ્ય લઈ લેવાનો મોહ જાગેલો; એ માટે મનમાં યોજના પણ વિચારીને ગોઠવી રાખેલી, પરંતુ નટ પ્રત્યે બોલાયેલા 'એ બહોત ગઈ...'વાળા શબ્દોએ મને ઊભો રાખ્યો; મારા મનને થયું કે 'અરે ! હવે તારે કેટલું જીવવું છે ? બહોત ઉમર ગઈ, હવે થોડી જ બાકી છે;' તો પછી થોડા માટે અત્યારસુધી જાળવેલી વફાદાર દિવાનગીરીના માથે કલંક શા સારું લાવવું ?' બસ એથી મન પાછું ફરી ગયું અને એ પ્રેરનારના મહાન ઉપકારના બદલામાં આ ઇનામ દીધું."

ત્યારે હવે શેઠાણીને પૂછતાં એ ખુલાસો કરે છે કે

**(૩) શેઠાણીને શી સન્મતિ થઈ ? :-**

"મહારાજા ! મારે પતિ પરદેશમાં ગયા છે એને આજે વરસો થવા આવ્યા, એમના કોઈ સમાચાર નથી. એટલે મારી ધીરજ ખૂટી. મને થયું કે 'શું એ પરદેશમાં જ કોઈ બીજી સ્ત્રીના મોહમાં બેસી ગયા ? અને એમ હોય તો હવે એ પાછા શાના આવે ? ત્યારે મારી યુવાની એળે જવાની ? કેટલા વખત સુધી હવે મારે બળ્યા કરવાનું ?' એટલે મેં વિચાર કર્યો કે હવે તો કોઈ યુવાનને પકડી લઉં. એનો નિર્ણય જ કરી લીધો એમાં આ અહીં સાંભળવા મળ્યું કે 'બહોત ગઈ, થોડી રહી; શીદને કલંક લાવે ?' ત્યાં મારા મનને ચોંટ લાગી કે 'નાદાન જીવ ! યુવાની ઘણી તો વીતી ગઈ. હવે થોડા માટે શું કામ તારી ખાનદાની, તારા ચારિત્ર્ય અને તારા ધર્મ ઉપર અનાચાર સેવી કલંક લાવે ? બસ મારું મન પાછું પડી ગયું, દુર્બુદ્ધિ શાંત થઈ ગઈ. શીલપાલનનો નિર્ણય કરી લીધો; અને આની પ્રેરણા કરનાર આ નટ-નટડીને મેં ઇનામ ફેક્યું.'

**(૪) ક્ષુલ્લક મુનિનો ખુલાસો :-**

ત્યારે ક્ષુલ્લક મુનિ ખુલાસો કરે છે કે "રાજન ! હું આપનો ભત્રીજો થાઉં. પિતાના મૃત્યુ પછી ભાગી છૂટેલી મારી માતાએ સાધ્વી-દીક્ષા અંગીકાર કરી, પેટમાં ગર્ભ હતો એથી, કદાચ દીક્ષા ન આપે તો, એ ભયથી ગુરુણીને વાત ન



કરી. પરંતુ પછી એ ક્યાં છાનું રહે ? અંતે સારા શ્રાવક-શ્રાવિકાએ ગુપ્ત રીતે માતા-સાધ્વીને સાચવ્યા, મારો જન્મ થયો. સાધ્વીજી તો ગુરુણી ભેગા થઈ ગયા પરંતુ મને સંસ્કાર સારા મળતા ગયા, મોટો થતાં મેં વૈરાગ્યથી દીક્ષા લીધી પણ યુવાની આવતાં મનમાં વાસનાએ જોર કરવા માંડ્યું. એ દબાવી દબી જ નહિ. તેથી મેં સાધ્વીમાતાને વાત કરી કે 'હું તો મુનિપણું છોડી સંસારી થઈશ.' એમણે પણ અંતે બાર વરસ રહી જવા કહ્યું, એમના દાક્ષિણ્યથી એટલો સમય પસાર કર્યો; પણ વાસના ન શમી કિન્તુ એ જ રીતે એમના **આવા અસત્ નિમિત્તોથી બચવા અનેરું સાધન કાયોત્સર્ગ છે,** એમાં કાયાને તો વોસિરાવી દીધી એટલે હવે જરાય હલાવવા-ચલાવવાની નથી. એક હાથ શું, આંગળી પણ સહેજે ય હલાવવાની નથી. પછી એ ખરાબ નિમિત્ત સેવવા ક્યાં જાય ? હજી આંખ જઈ શકે, કિન્તુ આંખ હલાવવાની તો નથી કિન્તુ વગર હાલ્યે એનાથી બહાર પર કાંઈ દૃષ્ટિ ન જાય એટલા માટે દૃષ્ટિને નાસિકાના અગ્ર ભાગ પર સ્થાપિત કરી દેવાની હોય છે. તેથી એ હવે ક્યાં અસત્ નિમિત્ત સેવવા જઈ શકે ? ત્યારે વાણી પણ, મૌનની પ્રતિજ્ઞા હોવાથી, જરાય પ્રવર્તી શકે એમ નથી. એમ કાન વગેરેથી ય કશું સાંભળવા આદિમાં મન ન ખેંચાય એટલા માટે મનને એક ચોક્કસ વિષયમાં કેન્દ્રિત રાખવાનું છે, અર્થાત્ એ વિષયનું જ ધ્યાન ધરવાનું છે. પછી મન બીજા-ત્રીજા સારા ય વિચારમાં નહિ જઈ શકે. તો અસત્ નિમિત્તમાં તો મન જાય જ ક્યાંથી ?

**કાયોત્સર્ગ એ અદ્‌ભુત સાધના છે.** મન વચન કાયાને એમાં ઠરવાનું સ્થિર મળે છે. અલબત ધ્યાનમાં ય મન એકાગ્ર સ્થિર થાય છે. પરંતુ એમાં કાયાની સ્થિરતાની પ્રતિજ્ઞા નથી, તેથી એને ચંચળ બનવાનું સંભવે છે. ત્યારે કાયોત્સર્ગમાં તો 'કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં...'ની પ્રતિજ્ઞા છે. તેથી કાયાની સ્થિરતા કરવી જ પડે છે. એમ મૌનની પણ પ્રતિજ્ઞા હોઈ એમાં વાણી ય તદ્દન સ્થિર સ્થગિત બની જાય છે તો

**કાયોત્સર્ગમાં આ ત્રિવિધ સ્થિરતાનું પરિણામ શું ?**

પરિણામ આ, કે

(૧) જો ૧૪મે ગુણઠાણે સર્વસંવર સર્વયોગ નિરોધ આવી જવાથી કર્મબંધ લાગવાનું તદ્દન અટકી જાય છે, અને પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા કાળમાં બાકી રહેલ ચારે ય અઘાતી કર્મોના સમસ્ત અનંત અણુ આત્મા પરથી ઊખડી જાય છે, તો પછી વર્તમાન કાયોત્સર્ગમાં મન-વચન-કાયાના સ્થિર થવાથી એમાં થતી યોગોની સ્થિરતાના પ્રમાણમાં કર્મબંધ અટકી જાય અને વિપુલ કર્મક્ષય થાય એ સહજ છે. આ ઉપરાંત.

(૨) અનંત અનંત કાળથી મન-વચન-દેહને જ્યાં ને જ્યાં રખડતા હાલતાચાલતા-ચંચળ કર્યે રાખ્યા છે, તે હવે કાયોત્સર્ગથી કાંઈક કાંઈક સ્થિર બનવાનો લાભ થાય છે. આ સ્થિરતામાં ક્ષપકશ્રેણિની સ્થિરતાનો પાયો પડે છે. તેમજ,

(૩) શુભ યોગોમાં સ્થિર થવા માટેનું મહાન બળ મળે છે, એ તો નક્કી જ છે કે રખડતા ચિત્તે અને ગમે તેમ હાલ્યા કરતા હાથ-પગ-મોં-ચક્ષુએ કરાતી દેવદર્શનાદિ શુભક્રિયા તેવો વિશિષ્ટ લાભ આપી શકે નહિ. આને યોગની ચંચળતા કહે છે. ધર્મક્રિયા કરતી વખતે દા.ત. હાથ-કપડું સરખું કર્યા કરે કે જમીન ખોતર્યા કરે, યા પગનો ઢીંચણ ઊંચો નીચો થયા કરે, અથવા મોઢું આમતેમ ફર્યા કરે, કે આંખનો ડોળો આડોઅવળો ચાલ્યા કરે, એ બધી કાયયોગની ચંચળતા છે. એમ સૂત્ર બોલતાં કે ક્રિયા કરતાં વચમાં બીજા ત્રીજા આદેશ કરાય, જવાબ દેવાય, હુંકાર કરાય, વગેરે વચનયોગની ચંચળતા છે. એમ મનમાં પ્રસ્તુતને છોડી બીજીત્રીજી વસ્તુના વિચાર કરાય એ મનોયોગની ચંચળતા છે. આ યોગચાંચલ્ય ચાલ્યા કરે ત્યાં શુભ ક્રિયાયોગના સારા સંસ્કાર ન પડી શકે. એ સંસ્કાર વિના ગુણસ્થાનકમાં ચઢવાનું શી રીતે ? કાયોત્સર્ગમાં પ્રતિજ્ઞા છે એટલે એમાં સહેજે એમાં કાયા તદ્દન સ્થિર થાય છે, અને તદ્દન મૌન હોવાથી જે તે કશું બોલવાનું હોતું નથી; ત્યારે મનને પણ એક ચોક્કસ વિષયના ચિંતનમાં સ્થિર કરવું પડે છે. આવા સુંદર કાયોત્સર્ગથી યોગસ્થિરતા અને ગુણસ્થાનક પર ચઢવાનું કેમ ન મળે ?

(૪) વળી એક મહાન લાભ એ છે કે જો સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ ને ૧ નવકારના કાયોત્સર્ગથી બાર માસના લાગેલા પાપો પ્રતિક્રમણ પછી આત્મામાં ખૂણેખાંચરે ભરાઈ રહેલ હોય તેનો નાશ થાય છે, એ પાપોમાં જ્ઞાનાવરણ કર્મ, અંતરાય કર્મ, વગેરે કેઈ પાપકર્મ નાશ પામે છે; તો પછી કાયોત્સર્ગમાં આ પાપનાશનું અંતરાયનાશનું મહાન બળ સાબિત થાય છે; એટલે એવા કાયોત્સર્ગતપથી જબરદસ્ત કર્મક્ષય કેમ ન થાય ?

(૫) વળી આ પણ મહાલાભ છે કે અસત્ નિમિત્તોથી બચવા કાયોત્સર્ગ એ એક મહાન સાધન છે. એમાં બહાર ફરવાનું તો અટકે જ છે, પણ મકાનમાં ય કોઈ વાત-વસ્તુ પર આંખ-કાન લઈ જવાના નથી, તેથી અસત્ નિમિત્તથી બચાય છે. અસત્ નિમિત્તથી બચાય એટલે રાગદ્વેષથી બચવાનો મહાન લાભ મળે. ગુરુણી અને પછી આચાર્ય મહારાજે ૧૨-૧૨ વરસ રોકાઈ જવા માગણી કરી. એમના દાક્ષિણ્યથી બીજા ૧૨-૧૨ વરસ પણ પસાર કર્યો એ બધાનો ઉદ્દેશ તો સુંદર હતો કે એમાં મારી વાસના શાંત પડી જાય, પરંતુ એ ન શમતાં, છેવટે મા-સાધ્વીજીએ મને આ વીંટી આપી, મને આપની પાસે જવા કહ્યું કે જેથી ઓળખાણ



આપી આપની તરફથી આશ્રય મળે અને આડે અવળે ભટકવાનું ન થાય. બસ, અહીં હું આવ્યો અને આ બહોત ગઈ થોડી રહી, શીદને કલંક લાવે સાંભળ્યું. એથી મનને ચોંટ લાગી કે 'અરે ! આ હું શું કરવા નીકળ્યો છું ? ઘણી ઉંમર તો વહી ગઈ, હવે થોડા માટે વ્રત ભાંગી મારી માતા સાધ્વીને, ગુરુને, અને જૈનશાસનને કલંક શા સારું લગાડું ? બસ મેં હવે જીવનભર સાધુપણું અખંડ રાખવા અને અહીંથી ગુરુ પાસે પહોંચી જવા તથા માતાને પણ શાંતિ આપવા નિર્ધાર કર્યો છે; અને આ પ્રેરનાર આને વીંટી ઇનામમાં આપી દીધી.

**રાજાનો વૈરાગ્ય :-**

રાજાએ વીંટી જોઈ પરખી લીધી વીંટી ભાઈની છે. ખાતરી થઈ. એટલે હવે તો એકબાજુ વૈરાગ્ય વધી ગયો, ને બીજી બાજુ મુનિ પર ભાવ વધી ગયો. તેથી ક્ષુલ્લક મુનિને રાજા કહે, 'હવે તો મારે મારાં ઘોર પાપનાં પ્રાયશ્ચિત્ત કરવા ચારિત્ર લેવું છે. તો તમે અહીં આવ્યા છો તો ભલે આવ્યા, આ રાજ્ય ગ્રહણ કરો.'

પરંતુ મુનિ કહે છે 'મહારાજા ! હવે તો વાસના ગઈ. આંખ ખૂલી ગઈ એટલે **ચારિત્ર રૂપી મહાસામ્રાજ્યને મૂકી હવે સંસારમાં ભટકાવનાર આ તુચ્છ રાજ્ય શા સારું લઉં ? હવે એથી સર્યું.'**

રાજાએ પછી રાજ્યની બીજી વ્યવસ્થા કરી ચારિત્ર લેવાનો નિર્ધાર કર્યો. એટલે દિવાન અને પેલી શેઠાણી તથા નટે પણ ચારિત્રમાર્ગે જવાનું નક્કી કર્યું.

આમાં ક્ષુલ્લક મુનિનું પરાક્રમ જોવા જેવું છે. અત્યારસુધી વાસના હતી, એમાં સમય પણ બહુ ખેંચ્યે રાખ્યો હતો, એટલા ધખવા પછી હવે શું મળે છે ? એક સામાન્ય પત્ની ને થોડા પૈસા નહિ, કિન્તુ મોટું રાજ્ય ! ને એ મળે એટલે રાણીઓ કેટલી કરી શકાય ? ખજાનો કેવો મળે ? સત્તા-સન્માન-પરિવાર પણ કેવા ? એમાં ભોગવિલાસ કેવા થાય ? આ બધું ય પાછું રાજાના ઘણા હેતથી મળે છે. પરંતુ આ બધાની લાલચને મુનિએ ઠોકરે મારી. કેટલું સત્ત્વ ? કેટલી નિસ્પૃહા ? કેટલો વૈરાગ્ય ?

પૂર્વભવમાં ધર્મસાધના કરતાં કરતાં ક્યાંક મોહ કર્યો હશે તે અહીં આટલે સુધી નડ્યો, પરંતુ એ સાધના સમર્થ હશે તે એના સંસ્કારે હવે આવા મહાન ત્યાગનું પરાક્રમ ફોરવે છે એ સૂચવે છે કે

**(૧) ધર્મ કરો, સાથે મોહ ન સેવો; જેથી આગળ મોહ નડે નહિ, એમ**

**(૨) ધર્મ પાવરવાળો આચરો; જેથી ભવાંતરે ઝટ એ ઉદયમાં આવે.**

**દાક્ષિણ્યની કડી લાંબે જોડો :-**

ક્ષુલ્લક મુનિ દાક્ષિણ્યથી આટલું રોકાયા, તો અહીં નાટકિયાનો પ્રસંગ મળતાં

ઠેકાણે આવી ગયા. દાક્ષિણ્ય પડતું મૂકી વહેલા જ સંસારમાં પડ્યા હોત તો આ શી રીતે બનત ? દાક્ષિણ્યની સાંકળ ઠેઠ પરિણામ સાથે જોડો, તો એનો પ્રભાવ અને એના લાભ સમજાય. ટૂંકું જોવામાં આ નહિ સમજાય, દાક્ષિણ્યથી આટલું ટકી જવા પર 'બહોત ગઈ...' વચને આંખ ખોલી નાખી. ચારિત્ર બહુ પાળ્યું હોય તો જ આ વિચાર આવે ને કે 'હવે તો ઘણો ચારિત્ર-પર્યાય વીત્યો, થોડા માટે શું બગાડે ?' એ પળાવ્યું દાક્ષિણ્યે. માટે દાક્ષિણ્ય મહા ઉપકારક નીવડ્યું.

**એક જ બોલ પર સંયોગોવશ ભિન્ન ભિન્ન સમજ :-**

દાક્ષિણ્યની જેમ જુઓ **'બહોત ગઈ થોડી રહી, શીદને કલંક લાવે ?'** એ વચને કેવા ચમત્કાર સર્જ્યા ? વચન એક જ, પણ જુદા જુદા સંયોગવાળા માણસોએ ભિન્ન ભિન્ન ભાવ તારવ્યા ને ? ત્યારે ભગવાન તીર્થકરદેવની દેશનામાં એવું બને છે. એમના એક વચન પર અનેકોના જુદા જુદા સંશય ફેડાય છે, સંશયોનાં સમાધાન થઈ જાય છે.

'એક જ બોલ અનેક સંશયો કેમ ફેડે ?' આવો પ્રશ્ન કરનારને આ 'બહોત ગઈ...' વચનનું પૂછવું જોઈએ કે તો પછી આમાં કેમ અનેક માણસને જુદી જુદી સમજ આપે છે ? જુદા જુદા સંયોગ એ લાવે છે. ભગવાનના અને મહર્ષિઓના મહિમાવંતા અતિશયોની વાતોમાં ઠેર ઠેર શંકા કરવા જોઈએ છે, એ આજનો જમાનો છે, પણ એમને આવાં દૃષ્ટાંત સામે આવતાં ચૂપ થવું પડે છે. એટલે

**અતિશયો પરથી મહત્ત્વ સમજી બહુમાન ધરવું :-**

ખરી રીતે તો મહાજ્ઞાની મહાયોગીઓની અદ્‌ભુત વાતોમાં યાને અતિશયોમાં શંકા લાવ્યા વિના એ એ વાતો પરથી મહાન વિભૂતિઓનું મહત્ત્વ સમજવું જોઈએ, અને સમજીને એમના પર અત્યંત પ્રીતિ-બહુમાન-શ્રદ્ધા કેળવવી જરૂરી, તેમજ એમણે અપનાવેલ મોક્ષમાર્ગની સાધનામાં સવિશેષ લાગ્યા રહેવું જોઈએ. મનને એમ થાય કે 'અહો ! આવા મહાન અતિશયને ધરનાર મહાન પુરુષોએ પણ જો આ ત્યાગ-તપ-સહિષ્ણુતા અને સંયમ-સમતા-તત્ત્વધ્યાનની જ સાધના અપનાવી, તો પછી મારા જેવા પામરે તો એ જ અપનાવવાનું હોય' ભગવાનના અતિશયોમાં શંકા કર્યા કરવાથી શું વળે ? શું કમાય ? અરે ! ક્ષણભર માનો કે અતિશય કલ્પિત હોય; છતાં જો એથી મહાપુરુષ પર બહુમાન વધીને એમનાં જીવન અને વચન પરથી ધર્મપ્રેરણા મળે છે, તો ખોટું શું છે ? બાકી અહીં તો કલ્પિત છે નહિ. 'બહોત ગઈ થોડી રહી; આ એક જ વચન પર રાજા-દિવાન-શેઠાણી-ક્ષુલ્લક-મુનિ ચારે ય શી રીતે બુઝ્યા ? દરેકના સંયોગ તો જુદા હતા ?' આવી શંકા કરવાથી શું વળે ? બુઝ્યા એ હકીકત છે, તો હવે અક્કલથી તપાસો કે એ



શી શી રીતે બન્યું અને જે બન્યું એમાં એ એ આત્માની વિશેષતા કેવી ? ત્યાં જે બન્યું એમાં અશક્યતા કશી જ નથી.

## જીવનમાં એક ધક્કાની જરૂર

**માણસને હૈયે એક જોરદાર ધક્કો લાગતાં હૈયાના ભાવ તરત ફરી જાય છે;**

**રાજા નઘુષને હૈયે બે જાતના ધક્કા :-.**

રામની પૂર્વ વંશાવલિમાં નઘુષ રાજા બહારગામ ગયેલ, તેથી દુશ્મન રાજાએ અવસર જાણી હલ્લો કર્યો. રાણી સિંહિકાએ આગેવાની લઈ લશ્કર સાથે સામનો કર્યો, અને દુશ્મનને ભગાડ્યો. હવે અહીં નઘુષ બહારથી પાછો આવ્યો ત્યારે એને ખબર પડી કે આ રીતે દુશ્મન આવેલો, અને રાણીએ એને ભગાડેલો. ખરી રીતે અહીં પોતાના રાજ્યની રક્ષા કરવા પર રાણી પર પ્રેમ-માન વધી જવું જોઈતું હતું, પરંતુ આ રાણી યુદ્ધ લડી એ વસ્તુએ હૈયાને જુદી રીતે ધક્કો લગાડી દીધો, અને હૈયામાં પ્રેમના ભાવને નષ્ટ કરી દીધો.

**માણસના મનનું શું કહેવાય ? સારા પ્રસંગમાંથી ય નરસો ભાવ લે, ત્યારે મન પર કેટલો જાપ્તો જોઈએ ?**

નઘુષના મનને થયું કે આવી સુકોમળ અને બહુ લજ્જા-સંકોચવાળી બાઈ જો આમ બહારમાં પુરુષની જેમ લશ્કરની આગેવાની લઈ લડવા જાય, તો એ એની કેવી ધિટ્ઠાઈ ? એમાં પછી એના શીલનો ય શો ભરોશો ?' બસ, અત્યંત પ્રિય આ પટ્ટરાણી પરથી દિલ ઊઠી ગયું. માત્ર એક કલ્પના પર હૈયાને ધક્કો અને પ્રેમનો ભુક્કો. ધક્કાનો પ્રભાવ ગજબ ! ગુરુની વાણી પર કેટલાયને હૈયે આવા ધક્કા લાગ્યા અને સંસાર પરથી ચિરકાળના રાગ ક્ષણમાં ઊઠી ગયા; રાગના ભુક્કા થયા.

**શીલના પ્રભાવે તાવ પલાયન :-**

આ જ સિંહિકા રાણી બિચારી પતિ રાજાના દિલનો અભાવ જોઈ ખિન્ન રહેતી હતી; દિવાન આશ્વાસન આપી ધીરજ ધરવા કહેતો. એમાં એક વાર રાજાને તાવ આવેલો, દવાથી કેમે ય શાંત ન થયો, તો દિવાને રાણીને બોલાવી; રાણીએ 'મારું શીલ-સતીત્વ અખંડ હોય તો આ પાણીથી સ્વામીનો તાવ ઊતરી જાવ એ ભાવનાથી ભાવિત રાજાને એ પાણી પીવરાવાયું અને ખરેખર તાવ ભાગી ગયો ! એ જોતાં રાજાને હૈયે ફરી ધક્કો લાગ્યો. એના મનને થયું 'અરે ! હું કેવો મૂર્ખ કે એક તો આણે મારું રાજ્ય બચાવ્યું, અને મેં એને આ બદલો આપ્યો ? વળી આ મહાસતી, ને મેં એના શીલમાં શંકા કરી ?' બસ, હૈયે ધક્કો લાગતાં રાણી પર પૂર્વ કરતાં પ્રેમ આદર વધી ગયા. હૈયાને ધક્કો લાગતાં અવનવું સર્જાય છે. માટે.

**શાસ્ત્રની વાણી પરથી કે સંસારની કોઈ વિચિત્ર ઘટના પરથી એક વાર હૈયે ધક્કો લગાડવાની જરૂર છે.**

એ ધક્કો લાગ્યા પછી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અનેરો ઝોક ઊભો થશે. ફરિયાદ તો કરો છો કે 'આટઆટલું સાંભળીએ છીએ છતાં કેમ કોઈ ધર્મરસ વધતો નથી ? દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે કેમ ઓવારી જવાતું નથી ?' પરંતુ આનું કારણ આ લાગે છે કે ઘણું ય સાંભળ્યું ખરું, પરંતુ હૈયાને ધક્કો લાગ્યો નથી.

**પ્ર.- હૈયાને ધક્કો શી રીતે લાગે ?**

ઉ.- ધક્કો કોઈનો લગાડ્યો નથી લાગતો. એ તો વ્યાખ્યાનમાં કાંક એવું સાંભળવા પર, પુસ્તકમાં વાંચવા પર, યા સંસારમાં એવું કાંક જોવા-સાંભળવા પર, **અંતરનો ઉઘાડ કરનારો ચમકારો થાય કે 'હેં ? આવું બને છે ? તો પછી ધિક્કાર છે અમારા મોહને, અમારા રાગને અમારા અહંત્વને !'** આવા કાંક ચમકારો અને અંતરનો ઉઘાડ થાય તો હૈયે ધક્કો લાગે.

**એ ચમકારો કોણ કરાવે ?**

**(૧) ગુરુવચન પર શ્રદ્ધા.** ગુરુ તો સારું સંભળાવે એટલું જ, ચમકારો તો જાતે જ લગાડવો પડે. ગુરુવચન પર અનન્ય શ્રદ્ધા હોય, કહેલ પ્રસંગ પર વિશ્વાસ હોય, અને એ પ્રસંગ અચિંત્ય જેવો હોય તો એ સાંભળીને ચમકારો કેમ ન થાય ? એ એવો થાય કે અંતરમાં ઉઘાડ થાય, એટલે હૈયે સહેજે ધક્કો લાગે; અલબત લગાડવો હોય તો હોં. એટલે પહેલી જરૂર શ્રદ્ધાની.

**(૨) વચન પોતાના પર ઉતારાય એ બીજી જરૂર.**

રાજા-દિવાન-શેઠાણી-મુનિએ 'બહોત ગઈ થોડી રહી, શીદને કલંક લાવે ?' એ વચન પર હૈયે જાતે જ ધક્કો લગાડ્યો. વચનને પોતાના ઉપર ઉતારી ચમકારો અનુભવ્યો. 'નટના માલિકે નટને કીધું, એ તો એને લાગુ પડે, અને એણે વિચારવાનું. આપણે તો એ માત્ર જોવા-સાંભળવાનું અને પછી શું બને છે એ જોવાનું;' જો આટલી જ ગણતરી હોય તો એ સાંભળવા પર કશો ચમકારો, અંતરમાં ઉઘાડ, ને હૈયે ધક્કો ન લાગે. એ તો વચનને પોતાના ઉપર ઉતારે તો એ અનુભવાય ક્ષુલ્લકમુનિ, રાજા વગેરેએ એ કર્યું.





વ્યાખ્યાનમાં સાંભળીએ કે ક્યાંક વાંચીએ, પણ એ જો પોતાને લાગુ ન કરાય પોતાની ઉપર ન ઉતારાય, તો હૈયે ધક્કો ન લાગે. પોતાની ઉપર ઉતારવું ખૂબ જરૂરી છે. નજર સામે દુનિયામાં કેટલી ય ઘટનાઓ બનતી હોય છે; પણ એને જાત પર લાગુ નથી કરાતી; પોતે તો જાણે ખાલી દૃષ્ટા-શ્રોતા ! તેથી ચમકારો નથી થતો; હૈયે ધક્કો નથી લાગતો.

**બીજાના પ્રસંગને ય જાતમાં ઉતારો તો અંતરમાં ઉઘાડ થાય;**

**રાવણની હાર પર વાલીને ચમકારો :-**

વાલી સાથે યુદ્ધમાં રાવણ હાર્યો અને વિશેષ વૈરાગ્યનો ચમકારો વાલીને લાગ્યો ! હારે એને પસ્તાવો થાય ? કે જીતે એને પસ્તાવો થાય ? અહીં જીત વાલીની થઈ છે ને હાર રાવણની; છતાં વાલીના હૈયાને ધક્કો લાગે છે. કેમ એમ ? એટલા માટે કે જે કારણે રાવણ પાછો પડ્યો એ કારણને વાલીએ પોતાની ઉપર ઘટાવ્યું, પોતાનામાં ઉતાર્યું, પોતાને લાગુ કર્યું, એથી પોતાને ચમકારો થતાં હૈયાને ધક્કો લાગ્યો.

**રાવણની હારનું કારણ વાલીએ પોતાનામાં કેવી રીતે ઘટાવ્યું ?**

બન્યું એવું કે રાવણને વાલી પર હકૂમત બજાવવા જોઈતી હતી, અને વાલીએ એનો ઈન્કાર કરતાં કહ્યું કે તારે પૂર્વજોથી ચાલ્યા આવતો મિત્રતાનો સંબંધ જોઈતો હોય તો મારી તૈયારી છે. અભિમાની રાવણને આ મંજૂર નહિ, તે લડવા આવ્યો;

વાલી કહે છે, 'જો તું શ્રાવક અને હું ય શ્રાવક; વિરોધ આપણા બે વચ્ચે છે; તો નાહક લશ્કરને લડાવી જીવોનો બિનજરૂરી સંહાર શા માટે થવા દેવો ? આપણે બંને લડી લઈએ.'

જુઓ શ્રાવકપણું કેવું દિલ રખાવે છે ? 'શક્ય એટલા હિંસાદિ પાપોનું નિવારણ-પરિહાર કરવા જ જોઈએ' એ શ્રાવકદિલ. અનંતા માનવ અવતાર પણ વેડફી નાખ્યા પછી સાચું શ્રાવકપણું મળે છે. એ મેળવીને આવું પાપમાં સંકોચનું દિલ ન બનાવાય તો બચવાનું શી રીતે ? જીવન શી રીતે ન વેડફાય ?

**જો પાપમાં સંકોચ નહિ તો, એની અફસોસી પણ નહિ રોકે.**

**પછી જ્યાં પાપની અફસોસી જ નહિ, ત્યાં એ નિષ્ઠુરપણે સેવાતા પાપના સંસ્કાર તિર્યંચ જીવનને યોગ્ય જ પડે.**

તેથી આ જીવન પૂરું થતાં તિર્યંચના જીવનોની હારમાળા ચાલે એ સ્વાભાવિક છે. શ્રાવકનો અવતાર પામીને આ કમાવાનું ? આપણી જીવવાની રીતભાત પરથી

માપી શકીએ કે આપણે આપણામાં કેવું સંસ્કરણ કરી રહ્યા છીએ. જો જીવહિંસામય આરંભ-સમારંભનાં પાપમાં સંકોચ નથી, શક્ય ઓછા કરવાનું નથી, તો હિંસાના સંસ્કાર ગાઢ પડવાના. એવું સંસ્કરણ ભવિષ્યમાં કેવો અવતાર આપે ? એમ જૂઠ, અનીતિ, ઈન્દ્રિયોનાં રૂપ-સ્પર્શાદિ વિષયોનાં સેવન, તથા મદ, ઈર્ષ્યા, સાધર્મિક પર અભાવ, તિરસ્કાર વગેરે પાપોમાં કોઈ સંકોચ ને સંતાપ નથી, તો એનું સંસ્કરણ પણ ભયંકર થવાનું. ત્યાં શ્રાવકપણાનો વિચાર ક્યાં રહ્યો ? ત્યાં શાસન મળ્યું છતાં એની કેવી અવગણના ?

**રાવણ પણ શ્રાવક :-**

વાલીમાં સાચું શ્રાવકપણું છે, પ્રભુનું શાસન મળ્યાની કદર છે, તેથી પાપની અફસોસી છે. એટલે એ બિનજરૂરી પાપને તો પહેલાં જ ત્યાજ્ય સમજે છે. તેથી રાવણને કહે છે, 'જો તું ય શ્રાવક અને હું ય શ્રાવક; વિવાદ આપણા બે વચ્ચે છે તો આપણે જ લડીએ, લશ્કર અને બીજા રાજાઓનો કચ્ચરઘાણ શા માટે થવા દેવો ?'

તો રાવણ પણ શી રીતે આમાં ના પાડી શકે ? એ એવો શ્રાવક નહિ કે જે કહે 'અહીં દુન્યવી વાતમાં શ્રાવકપણાની વાત શી ? ધર્મ કેવો ? ધર્મ તો મંદિર-ઉપાશ્રયમાં 'રાવણ આવું માનનારો નહિ. એ સમકિતી શ્રાવક છે. માત્ર લોભ અને અભિમાનના કારણે લડવા આવ્યો છે, પરંતુ તેથી તત્ત્વનો ઈન્કાર કરનારો નથી. વાલીની યુદ્ધભૂમિ પર પણ શક્ય જીવસંહાર ટાળવાની ધર્મની વાત એને મંજૂર છે.

**સમકિતની દુન્યવી પ્રસંગમાં પરીક્ષા થાય છે.** વેપાર કે બીજી દુનિયાદારીની બાબતમાં સામો એમ કહે કે 'ભાઈ ! ધર્મને માથે રાખીને વાત કરજો' તો સમકિતી એમ ન કહે કે 'બેસો બેસો ધરમ તો દેરા-ઉપાશ્રયમાં. અહીં વહેવારમાં ધર્મ શો ?' સમકિતીને મન ધર્મ એ જ સાચું ધન છે, સાચા પ્રાણ છે. લોભવશ પ્રમાદવશ આચરી શકે ઓછું એ બને; પણ ધર્મની આસ્થા જબરદસ્ત; માટે ધર્મને સર્વવ્યાપી માને. સમકિતી શ્રાવિકા ચૂલો ફૂકતાં ય જીવોની જતનાનો ધર્મ જરૂરી માનીને આચરે છે. આજે મંદિરમાં જતનાના ફાંફા થયા છે !!

**રાવણની હાર :-**

રાવણ વાલી સાથે એકલો લડવા માંડયો. એમાં વાલીએ એનાં બધાં શસ્ત્ર પરાસ્ત કર્યાં, નિષ્ફળ કર્યાં, હવે પોતાની પાસે ચંદ્રહાસ ખડ્ગ છે. વાલી પાસે એવું શસ્ત્ર નથી. એટલે રાવણે ધાર્યું કે આનાથી જરૂર મારી જીત થશે' તે એ ખડ્ગ ઉપાડી રાવણ વાલીની સામે દોડ્યો. પરંતુ વાલીએ એ નજીક આવતાં જ એક હાથે એનો તલવારવાળો હાથ પકડી લઈ બીજા હાથે એને આખો ઉપાડી



બગલમાં લઈ લીધો. પોતે વિદ્યાવાળો છે એટલે રાવણને એમ જ ઉપાડી એણે જંબૂદ્વીપને રોન મારી પાછો યુદ્ધભૂમિ પર લાવી એને ખડો કરી દીધો.

રાવણની હવે મજાલ છે કે માથું ઊંચુ કરી શકે ? વાલીની એ માફી માગે છે. ત્યાં વાલીને વૈરાગ્યનો ભારે ચમકારો થાય છે. રાવણને તો એટલું જ થાય છે કે 'હેં ? વાલીનું આટલું બધું બળ ? તો મેં એ સમજ્યા વિના લડવા આવવાની ભારે મૂર્ખાઈ કરી' પરંતુ આ કોઈ અંતરના ઉઘાડાનો ચમકારો નથી. અંતરમાં પ્રકાશનો ચમકારો નહિ, એટલે માત્ર ક્ષમા માગીને ઊભો રહી જાય છે.

**વાલીની અંતરના ઉઘાડની ભવ્ય વિચારણા :-**

ત્યારે વાલીને અંતરના ઉઘાડનો ચમકારો થાય છે. એટલે એ રાવણને કહે છે, 'જો રાવણ તું આ કેઈ શસ્ત્રો, બળ અને ચંદ્રહાસ ખડગના અનન્ય પુણ્ય પર વિશ્વાસે તણાયો કે હું વાલીને એથી જીતી લઈશ. પરંતુ એ પુણ્યે તને દગો દીધો, તારો વિશ્વાસ ભાંગ્યો, તારો વિશ્વાસઘાત કર્યો. માટે એવા ઠગારા પુણ્યના ભરોસે ચાલવા કરતાં ન્યાયના માર્ગે રહેવું સારું છે. પરંતુ હું તને શું શિખામણ આપું ? તારા આ પ્રસંગથી મને લાગી ગયું કે 'હેં ? પુણ્ય શું આવો દગો કરે છે કે પોતાના માલિક જીવને વિશ્વાસમાં તાણી પછાડ ખવરાવે ? તો હું પોતે જ કેમ આ બળ; સંપત્તિ અને આયુષ્યના પુણ્યના વિશ્વાસે તણાઈ રહ્યો છું ? એ બળ આદિ અમર થોડા જ છે ? તો ક્યારેક એ મને દગો દઈ મારું ઉમદા જીવન ખતમ કરશે ત્યારે પછી આત્મહિતની સાધના ક્યાં થવાની ? માટે બસ, હવે એના ભરોસે ન બેસી રહેતાં મારે મારા આત્માનું હિત સાધી લેવું.' એમ લાગી ગયું છે. એટલે હવે હું સંસાર ત્યજી સંયમ-દીક્ષા લઈશ, અને અહીં આ મારો ભાઈ સુગ્રીવ તારો આજ્ઞાંકિત રાજા થઈને રહેશે. તું પરાક્રમી છે, ને શ્રાવક છે, એટલે મારી બેન તને પરણાવું છું. એને સ્વીકારી લે.'

એમ કહી ભાઈ સુગ્રીવને વાલી રાજ્ય સોંપતાં કહે છે, 'જો તારું મારા જેટલું પુણ્ય નહિ, માટે તારે રાવણની આજ્ઞામાં રહેવાનું. તો તારું રક્ષણ રહેશે.' બેન રાવણને દીધી.

**લશ્કરને ચમકારો ખરો પણ અંતરના ઉઘાડનો નહિ :-**

રાવણ અને એના કેટલાય સામંત રાજાઓ તથા બંનેના લશ્કર આ જોઈ ચકિત થઈ જાય છે. 'અરે ? આ બળવાળો વાલી તો રાવણને જીવનભર કેદમાં રાખી શકે, યા એને અને એના સમસ્ત આજ્ઞાંકિત રાજાઓને આજ્ઞામાં રાખી શકે; અને મહા સમ્રાટપણાનો વૈભવ ભોગવી શકે. એના બદલે હાથ છતી આ ઠકરાઈને તિલાંજલી આપે છે ? વધારામાં પોતાના રાજ્ય-પરિવારનોય સંતોષ રાખી બેસી

ન રહેતાં રાવણની પછાડનો દાખલો લઈ પોતે સંસાર છોડી દે છે ! વાહ ભાઈ ! કમાલ કરી ! જુઓ ખૂબી. આ બધાને આશ્ચર્ય થયું, ચમકારો લાગ્યો, પણ અંતરના ઉઘાડનો ચમકારો નહિ કેમકે કોઈને એ પોતાની જાત પર ઉતારવાનું મન ન થયું. વાલીએ એ કર્યું.

**રાવણની હાર અને એના પુણ્યે કરેલો એનો વિશ્વાસઘાત વાલીએ પોતાની જાત પર ઉતારી ચમકારો અનુભવ્યો કે 'હેં એનું પુણ્ય એને દગો દે છે ? તો પછી મારું મને દગો નહિ દે ?'** તો અંતરમાં ઉઘાડ થયો. એ ખરો ચમકારો થયો, અને એણે હૈયાને ધક્કો લગાડ્યો મનને થયું કે 'ઊઠ જીવ ! ઊભો થા. શરીરબળ અને આયુષ્યનો ભરોસો ન રાખ કે એ કેટલું ટકે ? એટલે એ એકાએક તૂટી જાય, એ પહેલાં તારા આત્મહિતની સાધના કરી લે.'

**દુનિયા પ્રસંગોનું પ્રદર્શન છે :-**

હારનો પ્રસંગ રાવણનો, ને ચમકારો વાલીને ! તે ય અંતર ઉઘાડી નાખે એવો ! તમને દુનિયામાં એવા પ્રસંગ જોવા-સાંભળવા મળે છે ને ? અને ચમકારો-આશ્ચર્ય પણ થાય છે ને ? છતાં અંતરમાં કાંઈ ઉઘાડ થાય ? 'હેં ? ફલાણાને એકદમ લાખો રૂપિયાનું નુકશાન થયું ?' ચમકારો તો લાગ્યો, પરંતુ 'તો પછી મારે મારી સંપત્તિનો શો ભરોસો રાખવો ? તો લાવ, ધર્મમાં ઉદારતાથી ભરપૂર ખરચવા માંડું' આ ઉઘાડ ક્યાં છે ? 'હેં ? પેલાને કેન્સર લાગુ પડ્યું ? હતા તો નીરોગી,' એમ ચમકારા પછી 'તો મારે ય તબીયતનો શો ભરોસો ? લાવ, એ દગો દે એ પહેલાં ત્યાગ-તપસ્યા-વ્રતનિયમ કરવા લાગું;' એવો અંતરનો ઉઘાડ કરવાનું ખરું ? દુનિયા તો ચમકારો કરાવે એવા પ્રસંગોનું ભારે પ્રદર્શન છે. એમાં તરેહ તરેહના પ્રસંગો જોવા મળે. હૈયું કૂણું હોય ને ધર્મપરિણત હોય, તો એ અંતરને ખોલી નાખે, અને વિવિધ ધર્મસાધના, ગુણસાધના અને સુકૃતસાધનાને જગાવી દે. કોઈ દોષ-દુષ્કૃત્યો અને પાપોના નિકાલ માટે જાગતા અને સત્ત્વશીલ કરી દે. આઘે ક્યાં જવું પડે એમ છે ? **ઉદ્ધાર હાથવેંતમાં છે. દુનિયાના એવા પ્રસંગના ચમકારાએ અંતર ઉઘાડી નાખો, ને હૈયાને ધક્કો લગાડો.**

વાલી યુદ્ધભૂમિ પર જ એકદમ ચારિત્ર લેવાની તૈયારી કરે છે તે ય રાવણ પર જબરદસ્ત જીત મેળવ્યા પછી, ત્યારે એને અંતર ઉઘાડનારો કેવો ચમકારો અને કેવો ધક્કો લાગ્યો હશે ? તમને એમ લાગતું હશે કે 'હજી અમારે તો શરીર શક્તિ રહેવાની છે અને આયુષ્ય પણ પહોંચે છે. તેથી શું કામ ધર્મની ઉતાવળ કરીએ ?' પરંતુ જેમ મોજ કરવાનું એ પહોંચવા પર જ થાય તેમ, એ સાથે સમજી રાખો કે આત્મહિતની સાધના પણ શરીર શક્તિ અને આયુષ્ય પહોંચવા પર જ



થાય છે. એ શક્તિ અને આયુષ્યને સંસારમાં વેડફી નાખ્યા પછી એ ખૂટી ગયે આત્માનું હિત ક્યાંથી સધાશે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૩૩,તા.૨૩-૫-૧૯૭૦**

માનવ ભવના બળ અને આયુષ્યનો સદુપયોગ ચારિત્રસાધનામાં જ છે, એ ન બને તો એની નીચેની પણ આત્મહિતની સાધનામાં જ છે છતાં એ માટે જાગ્રત નથી થવાતું એનું કારણ હૈયાને એક ધક્કો નથી લાગ્યો. એનું કારણ અંતરમાં ઉઘાડનો ચમકારો નથી થતો.

જો આ અંતરમાં ઉઘાડનો ચમકારો લગાડવો હોય તો આજની દુનિયામાં દાખલા ઓછા બને છે ? વિચિત્ર પ્રસંગો-ઘટનાઓ કેટકેટલી થાય છે ? **પરંતુ નિષ્ઠુર-નઘરોળ હૃદય બીજાની ઘટનાને એને ત્યાં જ રહેવા દે છે. પોતાની જાત પર નથી ઉતારતું એટલે એને ચમકારો થઈ અંતરમાં ઉઘાડ નથી થતો.**

**રાજા દશરથને હૈયે ધક્કો કેમ લાગ્યો ? :-**

જાત પર ઉતારે તો ઝટ ઉઘાડ થાય. રાજા દશરથે કૌશલ્યા અને બીજી રાણીઓને શાંતિસ્નાત્રનું ન્હવણજળ મોકલ્યું. બીજી રાણીઓને એ વહેલું પહોંચ્યું. કૌશલ્યાને સાથે સાથે ન પહોંચવાથી એને રીસ ચડી કે 'હું જૂની રાણી એટલે હિસાબમાં નહિ !'

રાજા ખુલાસો કરે છે કે 'મેં તમને પણ મોકલ્યું છે.' એટલામાં માણસ સ્નાત્રજળ લઈને આવે છે.

રાજા એને પૂછે છે, 'કેમ લાવતાં મોડું થયું ?'

માણસ કહે, 'મહારાજા સાહેબ ! હું હવે વૃદ્ધ થયો છું, તેથી બીજી જુવાન દાસ-દાસીઓ જેવી મારી ઝટપટ ચાલવાની શક્તિ નહિ, તેથી લઈને આવતાં મોડું થયું.'

કૌશલ્યાના મનને તો સંતોષ થયો કે 'મને પણ સાથે જ જળ મોકલેલું;' કિન્તુ દશરથ રાજાને ચમકારો અને અંતરમાં ઉઘાડ થઈ ધક્કો લાગ્યો કે 'હેં ! વૃદ્ધ થવાથી શરીર અશક્ત થયે કામ બરાબર નથી થતું ? તો હું કેમ એવી વૃદ્ધતા આવવા પહેલાં ચેતતો નથી ? ચારિત્ર-તપ-સંયમની સાધના શરીર અશક્ત બનતાં શી રીતે થઈ શકશે ? માટે હવે તો હમણાં જ ચારિત્ર લઉં.'

શું કર્યું દશરથ રાજાએ ? નોકર માણસની વૃદ્ધતા અને શક્તિહ્રાસના પ્રસંગને પોતાનામાં ઘટાવ્યો, જાત પર ઉતાર્યો. એ વૃદ્ધ થયો તો એને હવે એવી શક્તિ

ન રહી, તો હું વૃદ્ધ થયેથી મારે પણ એવી શક્તિ ક્યાંથી રહેવાની ? અને તે વખતે આત્મહિતની આરાધના શી થવાની ? આમ ચમકારો ને અંતરમાં ઉઘાડ કર્યો, અને એથી હૈયે ધક્કો એવો લાગ્યો કે પછી તરત ચારિત્રની તૈયારી કરી. શાના પર ? ઘરડા નોકરના ઘડપણને લીધે કામ બજાવવામાં ઢીલાશ છે એવા ખુલાસાને પોતાની ઉપર ઉતાર્યો એથી

**શાસ્ત્ર સાંભળીને કે જગતનું જોઈને શું કરવાનું ? :-**

બસ, વાત આ છે કે શાસ્ત્રના ઉપદેશની વાતો બીજાના જીવન પ્રસંગો, જગતની ઘટનાઓ કે કોઈના કોઈની તરફના બોલ આપણી જાત ઉપર ઉતારો, તો અંતરમાં ઉઘાડનો ચમકારો થાય, અને હૈયાને ધક્કો લાગે, એટલે મોહની નિદ્રા હટાવીને સત્પુરુષાર્થનું જોમ વિકસે. નટને ઉદ્દેશીને એના માલિકે ‘રાત બહુ વીતી હવે થોડી જ બાકી છે, તો એક ખેલ ખેલી લે,’ એ સમજાવતાં ‘બહોત ગઈ થોડી રહી, શીદને કલંક લાવે ?’ એ કહ્યું, એના પર રાજા, દિવાન-શેઠાણી અને ક્ષુલ્લક મુનિએ એ કથનને પોતાની જાત પર ઉતાર્યું તો એ બધાને ચમકારો થયો, અંતરમાં ઉઘાડ થયો કે ‘અરે ! હું આ શું કરી રહ્યો છું ? શું વિચારી રહ્યો છું ?’ હૈયે ધક્કો એવો જોરદાર લાગ્યો કે પતનની વિચારણા પડતી મૂકી, અને અત્યાર સુધી કરેલી એ વિચારણાનું પાપ ધોવા ચારિત્રની તૈયારી કરી. ક્ષુલ્લકમુનિ પણ ગુરુ પાસે પહોંચી જવા તૈયાર થઈ ગયા.

ક્ષુલ્લક મુનિએ દાક્ષિણ્ય જાળવી મન ચારિત્રથી પડી ગયેલાને પણ ત્રણ વાર ૧૨-૧૨ વરસ ચારિત્રમાં ટકાવી રાખ્યું, તો અત્યારે આ વિચાર કરવાને અવસર આવ્યો કે ‘હવે બહોત ગઈ, થોડી રહી, શીદને કલંક લાવે ?’ અને એના વિચાર પર ચારિત્રમાર્ગમાં સ્થિર થઈ ગયા.

**પ્ર.-** પણ નાની ઉંમરમાં વગર સમજણે ચારિત્ર આપી દીધું તેથી પછી મન તો વિહ્વળ થયું ને ?

**ઉ.-** ભાગ્યવાન ! અહીં પરિણામ વિચારો. એટલું ય ચારિત્ર લીધું હતું અને દાક્ષિણ્યથી ટક્યા હતા, તો અંતે ઊંચા આવી ગયા. બાકી આજ જુઓ નાની વયથી સંસારમાં બેઠા રાચ્યા-માચ્યા, એ કેટલા જણ ચારિત્ર લે છે ? તમારું જ મન તપાસો ને. હવે તો તમે ખૂબ સમજણવાળા બની ગયા છો ને ? સંસાર ઘણો જોઈ પણ લીધો ને ? તો ઊઠો, હવે કેમ ચારિત્ર નથી લેતા ? ઉમર થઈ ગઈ માટે ? તો જુવાનીમાં કેમ ન લીધું ? ત્યાં એમ લાગતું હતું કે ‘હજી તો મેં શો સંસાર ભોગવ્યો છે ?’ ત્યારે ચારિત્ર ક્યારે ? ચારિત્રની શ્રેષ્ઠ વય બાલ્યવય છે. જુઓ બાલ્યવયમાં ક્ષુલ્લક મુનિ ચારિત્ર પામ્યા હતા, તો હવે એ ચારિત્રમાં સ્થિર થાય છે.



**અનુચિત દાક્ષિણ્યમાં નંદીષેણ પડ્યા :-**

ભલે વાસના જાગી હતી છતાં ઉચિત દાક્ષિણ્યમાં ક્ષુલ્લક મુનિ ટકી ગયા હતા, તો ચારિત્રથી પડતા બચી ગયા. ત્યારે નંદીષેણ મુનિ અનુચિત દાક્ષિણ્યમાં ચારિત્રથી પડ્યા. વેશ્યાને ત્યાં અજાણમાં ગોચરી ભિક્ષાર્થે પેઠા. પેસતાં ધર્મલાભ કહ્યો ત્યાં વેશ્યા ટોણો મારે છે, કહે છે, મહારાજ ! અહીં તો અર્થલાભનું કામ છે, ધર્મલાભને શું કરે ?’

નંદીષેણ કહે ‘બાઈ ! શું તું એમ સમજે છે કે સાધુ અર્થલાભ નથી કરાવી શકતા માટે ધર્મલાભ ! ધર્મલાભ ! કહે છે ? અર્થલાભ તો ઘણોય કરાવી શકે પણ એથી આમે ય અર્થ-કામની આગમાં સળગી રહેલા પર તેલ રેડવાનું થાય, સામાનું નિકંદન નીકળે, તેથી એ નથી કહેતા-કરાવતા.’

વેશ્યા કહે ‘ત્યારે લ્યો જોઉં કરાવો જો અર્થલાભ, કેવો કરાવી શકો છો ?’

મુનિ અહીં વેશ્યાની શરમમાં પડ્યા, ને નિરાશંસભાવની કરેલી ઘોર તપસ્યાથી ઊભી થયેલી લબ્ધિના જોરે આંખના મેલને અડાડી તણખલું ફેક્યું કે ૧૨ાા ક્રોડ સોનૈયા ત્યાં વરસી પડ્યા !

આવો પછીથી મહાપાપારંભ કરાવનારો જંગી સુવર્ણ વરસાદ કરવાનું મુનિને શું કામ હતું ? છતાં ય એ પછી મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા હોત, તો પોતાનું ચારિત્ર બચી જાત. પણ વેશ્યા હવે શું બોલે છે તે સાંભળવા મુનિ ઊભા રહ્યા.

ત્યારે વેશ્યા ચકોર સમજી ગઈ કે ‘આવો માણસ તો બહુ ઉપયોગી, માટે હવે આમને અહીં જ મારા સ્વામી તરીકે બેસાડી દઉં, પણ એમ કાંઈ મુનિ બેસી જાય ? માટે યુક્તિ કરું.’ એમ વિચારી મુનિને કહે ‘વાત તો સાચી, તમે અર્થલાભ કરાવી શકો છો. મારી કલ્પના ખોટી, પરંતુ હવે આ પૈસા લઈ જાઓ અહીંથી. મારે એમ ને એમ ન ખપે. અમે વેશ્યા છીએ ખરી, પરંતુ આર્ય દેશની વેશ્યા, એટલે અનીતિથી પૈસા ન લઈએ. અમે તો માલ આપીને પછી નાણાં લેનારી.’

અહીં મુનિ પાછા વેશ્યાની શરમમાં પડ્યા કે ‘હવે આને અમે સાધુ છીએ એ સમજાવવું જોઈએ. એમ ને એમ ઉત્તર દીધા વિના ચાલી નીકળીએ તો આને ખોટું લાગે.’

સામાને ખોટું ન લગાડવું એ શરમ છે-દાક્ષિણ્ય છે. અયોગ્યનું દાક્ષિણ્ય રાખવું અનર્થ કરે. ખોટું ન લાગે માટે એવાને ખુલાસો કરવો કે બીજું કશું કરવું એ દાક્ષિણ્યમાં તણાયા ગણાય. યોગ્ય સ્થાને ને યોગ્ય અવસરે તો એ ગુણ છે, પરંતુ અયોગ્ય સ્થાને અયોગ્ય અવસરે એ દોષરૂપ છે.

મુનિ અયોગ્ય દાક્ષિણ્યમાં તણાયા, ખુલાસો કરવા ગયા, ત્યાં વેશ્યાએ હાસ્ય,

આંખના કટાક્ષ અને હાવભાવ-અંગમરોડ વગેરે કરતાં સામે પ્રશ્ન કર્યા. મુનિનું હવે ગજું છે બચવાનું ? શરમમાં તણાયા, ઢીલા પડતા ગયા, ને વેશ્યાએ અવસર ઓળખી નીચે પડી મુનિના પગ પકડ્યા, રોતી વિનવે છે, 'હવે સ્વામિનાથ ! મને કકળાવીને ક્યાં જશો ? બેસો અહીં, હું તમારી જીવન ભરની દાસી છું. તમારા વિના મારું મોત થશે.'

વેશ્યાની શરમે મુનિ પડ્યા. સાધુપણું મૂકી દઈ વેશ્યા સાથે બાર વરસ રહ્યા.

માટે લોભદેવને પરદેશ જતાં બાપ કહે છે, 'જોજે ક્યાંક તો શરમ રાખજે, ને ક્યાંક શરમમાં જરાય તણાતો નહિ.'

'એમ, લોક અનેક ભાતના હોય છે, તો અવસર ઓળખીને ક્યાંક તો સારો દયાળુ, દાની, પરોપકારી બનજે, ને ક્યાંક નિષ્ઠુર-કૃપણ-સ્વાર્થતત્પર રહેજે.'

બાપની આ શિખામણ પણ દીકરાને વ્યવહારમાં કુશળ રાખવા માટેની છે.

**જીવનમાં સ્યાદ્વાદ :-**

**પ્ર.- શું નિષ્ઠુરતા-કૃપણતા-સ્વાર્થતત્પરતા સારી ?**

ઉ.- હા, સાપેક્ષવાદ છે. સમયને માન છે, સંયોગને માન છે. અલબત અંતરમાં મૈત્રી કરુણા જીવંત રાખવી પડે; પણ એવા સમય પર, કે એવા સંયોગોમાં નિષ્ઠુરતાદિ બતાવવા પડે છે. દુન્યવી જીવનમાં એવા શઠ માણસના સંયોગમાં આવવું પડ્યું અને પેલો શઠતાથી આપણને નિચોવી લેવા માટે દેખાવમાં કરગરીને પૈસા વગેરેની માગણી કરતો હોય, તો ત્યાં દયા નથી કરાતી; કરે તો ગુમાવીને અસમાધિમાં પડવું પડે. ત્યાં તો નિષ્ઠુરતા જ દેખાડાય છે. સતી પર લુચ્ચો ખોટી દાનત કરી એની આગળ દયા માગતો હોય, એમ પણ કહેતો હોય કે 'તું નહિ માને તો મારું મોત થશે. માટે દયા કર' તો ત્યાં સતી શું કરે ? સમજાવે, પણ સમજતો જ ન હોય તો દયા ન દાખવે, નિષ્ઠુર જ થાય. રાવણે મહાસતી સીતા આગળ ઘણા ય કાલાવાલા કર્યા, એની મંદોદરી વગેરે રાણીઓ પણ કરગરી, છતાં સીતાજીએ નિષ્ઠુર શબ્દોમાં એમને ધૂત્કારી કાઢ્યા, તો શીલની રક્ષા થઈ.

એમ, સંયોગ જોઈને કૃપણતા પણ રાખવી પડે છે. કોઈ પ્રસંગ પર સામેથી ચડાવનારા આવીને સારી રીતે પૈસા દાનમાં દેવા કહે, પરંતુ પોતાના સંયોગ પરિસ્થિતિ ન હોય તો દેવામાં કૃપણતા પણ રાખવી પડે છે. નહિતર તો દેવું કરી માથે ખોટા ભારમાં ઉતરવું પડે. એમ માનો કે ધનના સંયોગ તો હોય છતાં ઉડાઉ માણસો ખોટા ખર્ચમાં તાણી જવા માગતા હોય, તો પણ ભાવીની દૃષ્ટિએ કૃપણતા દેખાડવી પડે. નહિતર તો જમ પેંધ્યા જેવું થાય. જીવનમાં આમ ઘણો સ્યાદ્વાદ-સાપેક્ષવાદ જીવાય છે.



સ્વાર્થપરતામાં પણ એવું જ છે. વેપારના સમયે દુકાન પર ગપ્પીદાસ આવીને જે તે વાતો કરતો હોય ત્યાં એને સારું લગાડવા એની વાતોમાં રસ ન રખાય, પણ પોતાના આજીવિકાના સ્વાર્થનું જ લક્ષ રાખવું પડે.

જીવનમાં જોશો તો દેખાશે કે એવા એવા પ્રસંગે જેમ દયા, કરુણા રખાય છે, તેમ બીજા પ્રસંગે નિષ્ઠુરતા પણ રાખવામાં આવે છે; એવી રીતે ઉદારતાના પ્રસંગમાં ઉદારતા રખાય છે, અને ખોટી ઉદારતાને ટાળી કૃપણતા ય રખાય છે. એવી રીતે પરાર્થપરાયણ રહેવા છતાં પ્રસંગ વિશેષમાં સ્વાર્થ સામે જોવાય છે. આમ અનેકાંતભર્યું જીવન જીવાય છે, એકાંત દૃષ્ટિનું નહિ. સંયોગ-સમય-પરિસ્થિતિ-સ્થાન અને સામો પુરુષ કેવા કેવા છે એ બધું જોવું પડે છે.

આમ અનેકાંત દૃષ્ટિના જીવનનું કારણ એક જ છે કે એકાંત દયા-ઉદારતા-પરાર્થપરતા દાખવીને પછીથી ચિત્તને ખેદ-સંક્લેશ-અસમાધિ ન ઊભી થાય,

આર્તધ્યાનમાં ન પડવું પડે. અહીં પૂછો,

**પ્ર.- પણ ભાગ્ય પર ભરોસો રાખે તો શો વાંધો ?**

ઉ.- કિન્તુ એટલું સમજવા જેવું છે કે કેટલાંક ભાગ્ય એવાં હોય છે કે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવને અનુસરે છે. તેથી જો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુચિત સેવો તો સારાં ભાગ્ય દબાઈ જાય અને નરસાં ભાગ્ય ઉદયમાં આવે. દા.ત. દાદર સીધો ઊતરવાને બદલે મેડી પરથી ભૂસકો મૂકે તો ઠાઠાં ભાંગે. નબળા શરીરે અતિ શ્રમ લે, શરદીના સ્થાનમાં સૂવે, વિષયાંધ બને, ઈત્યાદિમાં નબળું ભાગ્ય ઉદયમાં આવી માંદો પડે. વેપાર સાચવીને સીધો સીધો કર્યે જાય તો તો ગાડું ચાલે, પણ એમાં આંધળિયા કરવા જાય તો નરસું ભાગ્ય જોર કરી જાય. કહે છે ને કે **'લાંબાની વાંસે ટૂંકો જાય તો મરે નહિ તો માંદો થાય.'** એટલા માટે તો શાસ્ત્રે દાનાદિ ધર્મ પણ યથાશક્તિ કરવાનું કહ્યું; 'યથાશક્તિ' એટલે શક્તિ ગોપવી-છૂપાવીને નહિ, કિન્તુ ગજા ઉપરાંત નહિ. શક્તિ-સત્ત્વ-વીર્યોલ્લાસ હોય નહિ, ને મોટું દાન શીલવ્રત કે તપની પ્રતિજ્ઞા લઈ લે તો પાછળથી ભંગ-દુર્ધ્યાન-અસમાધિ જેવા પ્રસંગ આવે.

લોભદેવને પરદેશ જતાં એના પિતાએ સારી રીતે શિખામણ આપી. એમાં મુખ્ય ધ્વનિ અનેકાંતમય વર્તાવ રાખવાનો છે.

**દ્રવ્ય અને ભાવ સ્યાદ્વાદ :-**

આ અનેકાંત પૈસા-ટકા, શરીર, મન વગેરે ઠીક ઠીક ચાલે એ દૃષ્ટિનો હોઈ દ્રવ્ય-અનેકાંત છે. ત્યારે ભાવ-અનેકાંત આત્માની દૃષ્ટિનો છે, આત્મા કેમ સ્વસ્થ રહે, રાગ-દ્વેષ વગેરે વિષમતા અને હરખ-ખેદ વગેરે અસમાધિમાં ન પડે, શક્ય પાપસ્થાનકથી બચે, અનૌચિત્ય-ક્ષુદ્રતા-દીનતા-અસહિષ્ણુતા વગેરે દોષોને તથા

ઇંદ્રિયોને વશ ન થાય, તત્ત્વદૃષ્ટિ બરાબર સતત જાગતી રહે. એ દૃષ્ટિથી જીવનમાં અનેકાંત જીવાય, અનેકાંતભર્યા વાણી-વિચાર-વર્તાવ રખાય એ ભાવ-અનેકાંત છે. પછી ત્યાં દા.ત. કોઈ ઉપદ્રવ કરવા આવ્યો, તો એના પ્રત્યે ક્ષમા અને પોતાનામાં ઊઠવા જતા ગુસ્સા પ્રત્યે ગુસ્સો રાખવો પડે...વગેરે વગેરે. આના પર ઘણો વિચાર થઈ શકે. અસ્તુ.

**લોભદેવ પરદેશ જાય છે :-**

લોભદેવ બાપની હિતશિક્ષા સાંભળી લઈ માથે ચડાવે છે, પગે પડીને નમસ્કાર કરી કહે છે, 'આપે બહુ અમૂલ્ય શિખામણ આપી મારા પર ઘણો ઉપકાર કર્યો. હું એ બરાબર ધ્યાનમાં રાખીશ' પછી એ ઘોડાઓ વગેરે લઈ પરદેશ ઊપડ્યો.

પ્રવાસ કરતાં કરતાં એ સોપારક નગરે પહોંચ્યો ત્યાં તપાસ કરી કે 'કોણ પ્રામાણિક જૂનો શેઠ છે, કે જેથી એને ત્યાં ઠગાવાનું ન થાય.' શેઠ વળી નવો બનેલો હોય તો સંભવ છે લોભમાં પડી કાંઈક ધોખામાં ઉતારે, ત્યારે જૂનો શેઠ છતાં પ્રામાણિક ન હોય તો ય દગો થવા સંભવ રહે. એટલે જૂના પ્રામાણિક શેઠની તપાસ કરી, તો એક ભદ્ર નામનો શેઠ તેવો મળ્યો.

લોભદેવ ભદ્ર શેઠને ત્યાં ગયો. પોતાનો પરિચય આપ્યો અને કહ્યું 'હું અહીં વેપાર કરીશ એમાં તમને દલાલી આપીશ. મારે અહીં તમારે ત્યાં થોડો વખત રોકાવું છે.'

ભદ્રશેઠે એક સમૃદ્ધ સારો વેપારી જાણી લોભદેવને આવકાર્યો, અને પોતાને ત્યાં ઉતાર્યો. પછી ત્યાં રહી લોભદેવે ઊંચા ભાવે ઘોડા વેચ્યા, કમાણી સારી થઈ. હવે 'કયો માલ અહીંથી લઈને પાછા દેશમાં જવું જેથી ત્યાં આના પર સારો નફો થાય' એ વિચારમાં છે ત્યાં એક પ્રસંગ બન્યો, એ પ્રસંગમાં લોભથી એની વિચારણા ફરી, અને અજાણ્યે પતનના માર્ગે દોરાયો.

**આ સંસારમાં એવા ભાતભાતના પ્રસંગ બને છે કે માણસ એથી લોભ આદિને પરવશ બની પતનના માર્ગે ઘસડાય છે. માટે જ પ્રસંગે સાવધાન બનવું પડે.**

પ્રસંગમાં સાવધાન ન બન્યો એ ડૂબ્યો સમજો. આત્મામાં કામ-ક્રોધ-લોભ વગેરે અનાદિ કાળથી ઘર ઘાલીને બેઠા છે. જીવને એનો અનંત અનંત કાળનો અભ્યાસ છે; તેથી જ્યાં નિમિત્ત મળ્યું, પ્રસંગ મળ્યો કે એ હૃદયમાં ખળભળી ઊઠે છે. પછી ત્યાં કોણ બચે ? (૧) કાંતો એવા પ્રસંગમાં ન જ આવે, અગર (૨) આવવું પડ્યું હોય તો તરત સાવધાન થઈ જાય અને કામ-ક્રોધ-લોભ વગેરેને ઊઠતાં જ અટકાવે, એ ભાગ્યવાન બચે.

**ખોટી ખણજો એ મોટી નબળાઈ છે :-**



ત્યારે પહેલું તો સંસારમાં રહેવું અને એવા પ્રસંગોમાં ન આવવું એ મુશ્કેલ છે; કેમકે જીવને ખોટી ખણજો ઘણી, ખોટી જિજ્ઞાસા-આતુરતા યા ગમતું જોવા-સાંભળવાની લાલચ ઘણી, તેથી લાવોને જરા જઈએ-જોઈએ 'શું છે ?' એમ કરી માણસ બિનજરૂરી પ્રસંગોમાં દોડે છે. પછી શે બચાય ? માટે ખોટી ખણજો ભૂંડી. એ તો આત્માની એક નબળાઈ છે. એ નબળાઈમાં જ તણાઈને પતનના માર્ગે ઘસડાય છે.

ઘરખર્ચમાં નાણાં ન પહોંચતા હોય છતાં 'લાવો જરા દિવાળી જોઈ આવીએ' એમ કરી દોડનારા ત્યાં સારું સારું જોઈ લલચાય છે અને ૨૫-૫૦ રૂપિયાનો ખોટો ખરચ કરી આવે છે. જો ન ગયો હોત તો બચી જાત.

એમ, ક્યાંક ઝગડો ચાલતો હોય તો 'લાવો જોઈએ શું ચાલે છે ?' એમ કરી ત્યાં જોવા ઊભા રહેતાં, જો કે પોતાને કશું લાગતું વળગતું નથી છતાં એકના પક્ષમાં તણાઈ બીજા ઉપર દ્વેષ વરસાવે છે. આ દ્વેષ નકામો જ નોતર્યો ને ? ત્યારે તમને લાગશે,

**પ્ર.**- પણ સાચાનો રાગ અને ખોટાનો દ્વેષ તો હોય જ ને ?

**ઉ.**- અહીં સમજવા જેવું છે કે આપણને પોતાને જ્યાં લાગેવળગે છે ત્યાં પણ સાચા-ખોટાના રાગદ્વેષને બદલે વ્યક્તિ પર રાગદ્વેષ થઈ આવે છે; ને એ અનુચિત છે. એવા વ્યક્તિના રાગ-દ્વેષમાં જ મરી રહ્યા છીએ, ભવમાં ભટકી રહ્યા છીએ. વ્યક્તિ પર કેવળ નીતરતી કરુણા અને વાત્સલ્ય ઊભરાય એવા કોક વિરલ મહાત્મા. બાકી તો કોઈના દોષ પરના દ્વેષને બદલે એ વ્યક્તિ પર દ્વેષમાં ઊતરી જવાય છે. પછી પોતાનો સંબંધી શું, કે સંબંધ ન હોય ત્યાં શું વ્યક્તિ પ્રત્યે દ્વેષ ધમધમે છે; માટે જ પોતાને લાગતું વળગતું ન હોય એવા પ્રસંગમાં ઊભા રહેવાની અને નાહક વ્યક્તિદ્વેષ વહોરવાની જરૂર શી ? નહિતર તો

**બહારની વ્યક્તિઓ ઉપર એ અન્યાયી છે માટે દ્વેષ-નિંદા-તિરસ્કાર કરતા રહેવામાં પોતાનો આત્મા સરાસર ભૂલાઈ જશે' ને આખી જિંદગીએ દ્વેષ ભરી ચિંતામાં જશે.**

**દુનિયામાં બધે ન્યાય-અન્યાયમાં માથું મારવામાં આ મોટું નુકશાન છે કે આત્મચિંતા અને પરમાત્મ-ધ્યાન ભૂલાય. તથા રાગદ્વેષના કુસંસ્કાર અતિ દૃઢ બની જાય.**

લ્યો, આવું જીવન જીવીને શો સાર કાઢ્યો ? માટે જ શાસ્ત્રકારો કહે છે 'પરમાં ન પડો, પરના સંગ બને તેટલા છોડો, જેથી સ્વાત્માની ચિંતા કરવાને અવસર મળે, એના તરફ ધ્યાન જાય, અને ચિંતા કરાય; તેમજ પરમાત્મા સાંભરે, એમનું સ્મરણ થાય, ધ્યાન થાય, સ્તવન-ગુણગાન થાય, નહિતર તો પર-પંચાતમાં

સ્વાત્મચિંતા અને પરમાત્મસ્મરણને અવસર જ નહિ મળે, ફુરસદ જ નહિ હોય. પછી એના તરફ ધ્યાન જવાની કે એ કરવાની વાતે ય શી ?

**પરપંચાત કેવી ? :-**

અનુભવો છો ને કે સવારે ઊઠ્યા ત્યાં જ 'રાતે ઠંડી બહુ પડી, ગરમી ઘણી લાગી, માંકડ બહુ કરડ્યા,...ઊઠવાનું મોડું થયું;...જલ્દી દૂધ લેવા જવું છે,...ન્હાઈને બજારે જવું છે,...આ છોકરાએ આમ કેમ કર્યું ?...બૈરી આમ કેમ બોલી ?...' વગેરે વગેરે પરપંચાતમાં પોતાનો આત્મા ક્યાં યાદ આવે છે ? અરે ! નવકારવાળી ગણતાં કે દેવદર્શન-પૂજન-ચૈત્યવંદન કરતાં આડાઅવળા વિચારો આવવાની બૂમ મારો છો ને ? શાથી મન એમાં સ્થિર નહિ ? પરપંચાત હૈયામાં ઘણી ભરી પડી છે, તે શાની જપવા દે ? શાની મનને પ્રભુમાં જરા ય સ્થિર થવા દે ?

પરપંચાત એટલે દુનિયાનું કાજીપણું. કાજીકો સારે શહરકી ફિકર, જડ વસ્તુમાત્ર યાવત્ પોતાની ગણાતી કાયા પણ 'પર' છે. એની પ્રીતિ ખોટી. બોલો છો ને

**'જીવ ! વારું છું મોરા વાલમા,પરનારીશું પ્રીત મ જોડ;'**

ત્યાં 'નારી' એટલે વસ્તુમાત્ર. એને આ રીતે સમજો.

**'જીવ ! વારું છું મોરા વાલમા, પર વસ્તુ શી પ્રીત મ જોડ,**
**પર વસ્તુની સંગત નહિ ભલી; તારા ભાવીમાં લાગશે ખોડ...'**

બસ, પરપંચાત પરસંગત પરપ્રીતથી બચવા માટે એવા પ્રસંગો જોવા-જાણવા-સાંભળવાની ને વિચારવા સુદ્ધાંની ખણજ-આતુરતા ય પડતી મૂકો. વિચારવાનું; 'ઘણું જોયું-જાણ્યું આખા વિશ્વમાં ભટકતાં. હવે શી એની ખણજ ?' એમ સંતોષ વાળવો. બચવાનો આ પહેલો માર્ગ.

**પરની અસર ન લો :-**

હવે જો સહેજે સહેજે પ્રસંગમાં મૂકાયા તો તરત સાવધાન બની જાઓ કે એ પ્રસંગ દિલમાં કામ-ક્રોધ-લોભાદિ સૂતેલા સાપને જગાડે નહિ એ માટે પહેલેથી નક્કી કરી રાખો કે મારે આવા પ્રસંગની કોઈ અસર લેવી નથી. વીતરાગ-કેવળજ્ઞાન જેવી રીતે એ માત્ર જાણી મૂકે, પણ કશી અસર ન લે, એમ મારે રાખવું છે. મારે સંસારના પ્રસંગો સાથે શી નિસ્બત કે એથી હું રાગ-દ્વેષ કરી દૂબળો થાઉં ? મારે મારી ગણાતી વસ્તુમાં ય રાગ-દ્વેષ શા સારુ કરી દુબળા પડવું ? પૈસા વધ્યા કે ઘટ્યા તો તિજોરીના વધ્યા-ઘટ્યા; દીકરો જનમ્યો તો મ્યુનિસિપાલિટીના દફ્તરમાં વધ્યું. મારા આત્માને શું વધ્યું ?' આમ પ્રસંગમાં અસર લેવાનું માંડી વળાય, તો બચાય; તો રાગદ્વેષની દૂબળાશ ન વહોરાય.



**દુનિયાના પ્રસંગમાં રાગદ્વેષથી દૂબળા પડવાનું આજે કેટલું ચાલ્યું છે ?** છાપા વાંચીને કે રેડિયો સાંભળીને શું કરાય છે ? જેમાં જાતને લેવાદેવા નથી, પોતાનું જીવન સુખરૂપ નભાવવામાં જે કશું ઉપયોગી થતું નથી, એવામાં ફોગટ માથું ઘલાય છે. ખબર નથી કે એમાં માથું ફૂટી જશે; કેઈ કષાયો, પાપવિકલ્પો, દુર્ધ્યાન, અને કારમા રાગદ્વેષ તથા પાપલેશ્યાઓ ઊભી થશે; એ પુણ્યનું માથું ફોડી નાખશે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૩૪,તા.૩૦-૫-૧૯૭૦**

છાપા-રેડિયો અને પિક્ચરોના પ્રસંગોથી આજે નવી-જૂની પ્રજા એક યા બીજા અનાચારના પ્રકારમાં તણાઈ રહી છે, કાળી લેશ્યા અને રૌદ્રધ્યાનમાં ચડે છે. શું છાપા-રેડિયો-પિક્ચર સંત બનાવે છે ? સુશીલ બનાવે છે ? એના નાદે ચડેલા છોકરા શેતાન બન્યા છે, અને છોકરીઓ બજારું માલ બની છે. આજની હોટેલો Cosmopolitan સર્વભોગ્ય બની છે ને ? હિંદુ-મુસ્લિમ-ઢેડ-વાઘરી બધા ય એમાં ખાય-પીએ; એક બીજાના એંઠા કરેલા કપ-રકાબી-ચમચા વાપરે, એવી સ્થિતિ છે ને ? એમ આજની છોકરીઓના અંગોપાંગ ચક્ષુથી સૌ કોઈને ભોગ્ય બન્યા છે. એટલે ? બજારું માલને ગમે તે ઉપાડી શકે.

પ્રસંગોથી બચ્યા તે ભાગ્યશાળી; નહિતર વગર મોતે મહા મોત. આ જીવનમાં ય ખલાસ, ને પરભવે તો મહા દુર્દશા; અનેક દુઃખદ જન્મ-મરણની પરંપરા ! માટે પ્રસંગમાં આવવું નહિ; આવી પડ્યા તો એની અસર ન લેવાનો મક્કમ નિર્ધાર; જેથી કામ-ક્રોધ-લોભને ઊઠવા મચક ન મળે.

**બચવા ઉપાય :-**

રસ્તે ચાલતાં અજાણ્યે એવી છોકરી કે બાઈ અચાનક દેખાઈ પડી, તો તરત આંખ ખસેડી લેવાય. મન ચિંતવે કે **'શું બળ્યું છે એ કાયામાં ? જાણે રેશમી બોસ્કીના અસ્તરે મઢેલી વિષ્ટાની કોથળી ? મનને શાણામાંથી પાગલ બનાવનાર જાણે દારૂ ! દારૂ તો સારો કે પીધાથી પાગલ કરે; ત્યારે આ તો દર્શન શ્રવણ કે ચિંતનમાત્રથી મહાપાગલ બનાવે ! એ ક્રૂર કતલખાનું છે. ત્યાં વિચારથી પણ બંધાયા એની કારમી કતલેઆમ થાય છે.'** આમ વિચારી એની અસર ન લેવાય, એના આકર્ષણનો વિચાર જ મનમાં ન ઘલાય.

એમ કોઈકની એમ્બેસેડર કાર (મોટર) દેખાઈ પડી, ત્યાં મનને થાય કે **'શું માલ છે આમાં ? આ તો મહા મદ અને મોહની ઘોર નિદ્રામાં ઉંઘાડનારી ચીજ છે બહારથી ભપકો-રુઆબ દેખાડીને અંદરમાં આત્માનો આજસુધી થયેલ વિકાસ**

**ઉતારી નાખી અધમ ભાવો ભરનારી આ સંપત્તિ છે.**' આમ વિચારી એની અસર ન લેવાય.

એમ સંસારના પદાર્થો પ્રસંગો બને ત્યાંસુધી જોવા-સાંભળવા નહિ, એની આતુરતા-ખણજ-ઝંખના જ નહિ, અને સહેજ જોવા-સાંભળવામાં આવી ગયા, તો એના આકર્ષણનો વિચાર જ ન કરાય, એની અસર જ નહિ લેવાની. તો જ આત્માને અધમ-અશુભ ભાવોથી બચાવી શકાય.

**નગરનો એક રિવાજ :-**

પેલો લોભદેવ બિચારો અહીંથી હવે ઘરભેગો થવાની તૈયારીમાં હતો એમાં એક એવા પ્રસંગમાં મૂકાયો કે જેણે અંદર આત્મામાં લોભનો ઉશ્કેરાટ કર્યો. એ જોજો કે એને કેટલા કારમા દુઃખમાં ઉતારે છે. બન્યું એવું કે એ નગરમાં એક એવો રિવાજ છે કે જે કોઈ વેપારી બહાર જઈને મોટો વેપાર કરી કમાઈ કરી આવે, અગર માલ બહારથી લાવીને અહીં સારું કમાય, એ બધા ભેગા થઈને સભામાં પોતાના અનુભવ કહે, કયા માલમાં વેપારમાં કેવી કમાણી થઈ એ કહે, જેથી બીજાને તે તે દિશામાંના કડવા-મીઠા અનુભવની ખબર પડે.' આવા રિવાજના હિસાબે ત્યાં એક સભા ભરાયેલી, અને ભદ્રશેઠની સાથે આ લોભદેવ ગયેલો.

આ સભામાં અનેક વેપારીઓ પોતપોતાના અનુભવ કહેવા લાગ્યા. એમાં એક જણ કહે 'જુઓ ભાઈઓ ! હું નાના ઘોડા લઈ કોશલ દેશમાં ગયેલો, એ ત્યાં વેચીને મોટા ઘોડા અને વછેરા લઈને અહીં આવ્યો અને એ અહીં વેચ્યા, તેથી મને લાભ સારો થયો.' ત્યારે બીજાએ અહીંથી સોપારી લઈ ઉત્તરાપથમાં જઈ વેચ્યાનો અને ત્યાંથી ઘોડો લાવી અહીં વેચી લાભ કમાયાનો અનુભવ કહ્યો.

એક જણ વળી કહે, 'હું અહીંથી મોતી લઈ પૂર્વદેશમાં ગયો. ત્યાં એને સારા ભાવે વેચી ત્યાંથી ચામર લાવી અહીં વેચીને સારું કમાયો.' તો બીજાએ દ્વારિકા જઈ ત્યાંથી શંખ લાવી સારું કમાયાની વાત કરી, તો એક જણ વળી કહે કે 'મેં બબ્બર દ્વીપમાં અહીંથી કાપડ લઈ જઈ વેચી ત્યાંથી મોતી લાવી અહીં સારો લાભ કમાયાનું કહ્યું. ત્યારે એકે સુવર્ણદ્વીપમાં અહીંથી પલાશપુષ્પો લઈ જઈ ત્યાંથી સોનું લાવી વેપાર કર્યાનું, તો બીજાએ પાડા લઈ જઈ મહા ચીન દેશથી વસ્ત્રો લાવી વેપારમાં સારું કમાયાનું કહ્યું.

તો કોઈ વળી કહે છે કે હું સ્ત્રિયા રાજ્યમાં અહીંથી પુરુષો લઈ જઈ એ સોંપી બદલામાં એની બરાબર સોનું તોલી લાવ્યો. તો એક જણ કહે, 'અરે ! વેપાર એ શું ? એમાં તો અહીંથી પુરુષોને લેતાં કેટલું બધું નાણું ખરચવું પડ્યું હશે ? હું તો અહીંથી લીમડાનાં પાન લઈને રત્નદ્વીપ ગયો; અને ત્યાંથી, એના



બરાબર રત્નો જ જોખી લાવી ભારે કમાયો.'

**રત્નદ્વીપે કમાઈ મોટી, પણ જવું કઠિન :-**

આ સાંભળી બીજા બોલ્યા 'ભાઈ ! આ ખરેખરો સુંદર વેપાર કર્યો કહેવાય કે લિંબડાના પાનથી રત્નો મળે. આવો વેપાર મળે પછી બીજા વેપારનું કામ શું ? ત્યારે એ બોલ્યો કે 'વેપાર સુંદર તો તેને લાગે કે જેને જીવ વહાલો ન હોય; કેમકે સમુદ્ર લંઘવો મુશ્કેલ છે. દૂર રત્નદ્વીપે જવા મહાસાગરના મોટા મોટા મગરમચ્છ-તિમિંગલ-સુંસુમાર વગેરે જળચર રાક્ષસ જેવા પ્રાણીઓનો ભય, તેમજ ખડકો, પ્રચંડ વાવાઝોડા વગેરેનો પણ ભારે ભય; એની વચ્ચેથી ઠેઠ રત્નદ્વીપે જવું, અને પાછું એ જ ભયોની વચ્ચેથી સહીસલામત અહીં પાછા આવવું એ તો જીવના જોખમે થાય.'

આ સાંભળી બધા બોલ્યા, 'ભાઈ ! તો તો રત્નદ્વીપે જવું ભારે કઠણ ! પરંતુ દુઃખ વિના સુખ ક્યાં છે ?'

**ધર્મ માટે કષ્ટ વેઠવાનાં ? :-**

જુઓ સિદ્ધાંત આ કેવો ઘડી રાખ્યો છે ? પરંતુ તે ક્યાં લાગુ કરવાનો ? પૈસા કમાવવામાં, ધર્મ કમાવવા માટે આ લાગુ નહિ કરવાનો ? કેવી અજ્ઞાનદશા છે ? ધર્મ તો કષ્ટ વિનાનો હોય તે કરવો છે, યા બહુ મામૂલી કષ્ટનો કરવો છે, અને પુણ્યલાભ મોટો જોઈએ છે ! દુઃખ વિના સુખ મળશે ? ભૂખનું દુઃખ ઊભું થાય તો જ ખાવામાં સુખ લાગે છે. માટે તો માણસ જરૂર પડ્યે એ માટે દવા-કસરત વગેરે સેવીને ખાવાની રુચિ ઊભી કરે છે. એ રુચિ એટલે ભૂખ. ભૂખનું દુઃખ ઊભું કરવાનું ? પાછું એ ઊભું કર્યા પછી ખાવાનું સુખ એમ ને એમ મળે છે ? રોટી કમાઈ લાવવામાં ય કેટલાં કષ્ટ-કેટલું દુઃખ વેઠવું પડે છે ?

**સમ્યગ્દર્શન માટે કેટલાં કષ્ટ ?**

ખાનપાન-મોજમજાહના સુખ માટે બધાં ય કષ્ટ હોંશથી સહાય છે, તો ધર્મ માટે કશું નહિ વેઠવાનું ? શાસ્ત્રકારો તો કહે છે કે ધર્મની ભૂખ-રુચિ ઊભી કરવા માટે ય ઘણું કરવું પડે, અને ધર્મની સાધના અર્થે પણ ઘણું ઘણું મથવું જોઈએ. એક સમ્યગ્દર્શન યાને સાચી તત્ત્વરુચિ ઊભી કરવા માટે સાધુસેવા, જિનવાણી શ્રવણ, જિન ભક્તિ, તીર્થયાત્રા, દાન-વ્રત-નિયમ યાવત્ જરૂર પડ્યે ચારિત્રપાલન સુધીનાં કષ્ટ પણ ઊઠાવવાં પડે. આ કરે ત્યારે આત્મા એમાં પલોટાયો તત્ત્વનો મહિમાને સમજે, અને એને તત્ત્વરુચિ હૃદયથી થાય. આ રુચિ-સમ્યગ્દર્શનનો આનંદ અવર્ણનીય છે.

**મનને કષ્ટ આપવું :-**

કષ્ટ વિના સુખ નહિ. સમ્યગ્દર્શનનું સુખ લેવા માટે એ બધાં કષ્ટ ઉઠાવવાં

જોઈએ; અને પછી આગળના ધર્મની સાધના માટે એથી વિશેષ કષ્ટ વધાવવાં જોઈએ, જો આ નક્કી રખાય તો ધર્મ કરતી વખતે સુખ-સગવડની આશંસા ન રહે.

ધર્મ સાધવામાં દુન્યવી સુખની કશી આશંસા નહિ રાખવાની, એની નિસ્પૃહા ઝળકતી રાખવાની. સમ્યગ્દર્શન માટે એ સુખોને તુચ્છ લેખવાનાં. આ પણ એક માનસિક કષ્ટ જેવું છે. મન દુન્યવી સુખોમાં લલચાઈ જાય છે; કેમકે એને અનાદિના એના કુઅભ્યાસ અને કુસંસ્કાર છે. ત્યારે એવા લોભિયા-લાલચુ મનને સુધારી દબાવી એ સુખોને તુચ્છ-અસાર અને નુકશાનકારક લેખતું મનને કરવું અને એની સ્પૃહા વિનાનું બનાવવું, એ પણ કષ્ટમય સાધના છે. કષ્ટ વિના સુખ નહિ.

**લોભદેવની મિત્રને રત્નદ્વીપની પ્રેરણા :-**

લોભદેવ આ ધ્યાન પર લઈ લે છે કે 'કષ્ટ વિના સુખ નહિ, ને જો રત્નદ્વીપનું કષ્ટ ઉઠાવાય તો લાભનો પાર નહિ.' બસ વેપારીસભા બરખાસ્ત થઈ. લોભદેવ ઘરે આવી ભદ્રશેઠને કહે છે,

'મિત્ર ! રત્નદ્વીપના લાભનું સાંભળ્યું ને ? તો પછી રત્નદ્વીપે જવાનો ઉદ્યમ કેમ ન કરવો ?'

ભદ્રશેઠ વિચારક આત્મા છે. એ લોભદેવને કહે છે, 'ભાઈ ! અર્થ અને કામ ચીજ એવી છે કે એના તો જેટલા મનોરથ કરાય એટલા સંકલ્પ-વિકલ્પો પ્રસરે છે. શા સારુ એવા મનોરથો કરવા ? જો તું અહીં આવી સારું કમાયો છું. તો હવે દેશમાં જઈને સારુ દાન દે, સ્નેહીવર્ગને સંતોષ. શું કામ આટલું બધું કમાયા પછી હવે લોભ કરે ?'

લોભદેવ કહે 'ભાઈજી ! એદી બેસી રહ્યો તો ઘણી પણ લક્ષ્મી ઓછી થઈ જાય; અંતે તિજોરીનાં તળિયાં જ દેખાય. એ તો ઉદ્યમ અને સાહસ કરતા રહીએ તો લક્ષ્મી વળગી રહે. જુઓ સંભળાય છે કે લક્ષ્મી વિષ્ણુને વળગીને રહેનારી છતાં જો વિષ્ણુ એદી બને તો લક્ષ્મી એમને પણ છોડી દે. જેમ સ્ત્રી ડરપોક અને નિરુદ્યમી પતિ પર નાખુશ થાય છે, એમ લક્ષ્મી પણ એવા ઉપર પ્રસન્ન ન રહે. માટે આપણે રત્નદ્વીપે ઉપડીએ.'

માણસને ખૂબ ધનસંચયની તાલાવેલી જાગ્યા પછી એકતરફી જ વિચાર કરે છે કે સાહસ અને ઉદ્યમ કરવો, પરંતુ અહીં ભદ્રશેઠ બીજી દિશાનો વિચાર આપે છે. એ કહે છે,

'બંધુ ! ગમે તેટલા સાહસ અને ઉદ્યમ કરો, અને પાતાળમાં ઊતરી જાઓ પરંતુ પોતાના ભાગ્યમાં હોય એનાથી કશું વધારે નથી મળતું. જો હું સાત વાર સમુદ્રમાં ઊતર્યો, એ પ્રવાસ ખેડ્યા પરંતુ ભાગ્ય કરતાં કશું વધારે ન મળ્યું. માટે



હવે લોભ છોડી દે;'

લોભદેવને લોભ એવો જાગ્યો છે કે આટલું સમજાવવા છતાં અંતરનો સળવળાટ મટતો નથી. એને તો એક જણ રત્નદ્વીપને જઈ કમાઈ લાવ્યો એના તરફ જ દૃષ્ટિ છે, અને રત્નદ્વીપ તરફ દોડવું છે. બિચારાને ખબર નથી કે **'લાંબાની વાંસે દોડે એ મરે નહિ તો માંદો થાય.'** એને તો ખોટો નાદ લાગ્યો છે કે આપણે પણ એમ કેમ ન કમાઈ શકીએ ? એટલે ભદ્રશેઠને કહે છે, 'તમારી વાત સાચી કે સાત વાર સમુદ્રપ્રવાસ ખેડી આવ્યા છતાં વધુ ન મળ્યું, પરંતુ કોને ખબર ભાગ્ય આઠમી વારમાં લાભ દેખાડવાનું હોય તો ? માટે ભાગ્યને ખીલવવા ઉદ્યમ જોઈએ. ગભરાશો ના, હવે તો મારું પણ ભાગ્ય ભેગું ભળે છે ને ? તો જઈએ રત્નદ્વીપ.'

લોભદેવે ભદ્રશેઠને લાલચ લગાવી તૈયાર કરી દીધો. ભદ્રશેઠ કહે, 'તો પછી ભલે તેમ હો. પણ મારું ભાગ્ય ઓછું લાગે છે. તેથી વહાણમાં માલિક તું જ.' લોભદેવે મંજૂર કર્યું કે 'ભલે તેમ હો.' વહાણ તૈયાર કર્યું; એમાં માલ-સામાન ભર્યા, સારાં નિમિત્તો જોયાં, ઈષ્ટદેવની પૂજાભક્તિ કરી, બ્રાહ્મણો જમાડ્યા, કાષ્ઠ લીધાં પાણીનાં ભાજન ભરી લીધાં, વહાણ ચલાવાયું, એ વખતે વાજિંત્રો વાગ્યાં શંખ ફૂંકાયા, મંગળ કરાયાં, 'જય હો, જય હો' એવા આશીર્વાદ અપાયા. સઢમાં પવન ભરાયો, અને વહાણ ઊપડ્યું. ચાલ્યું મહાસાગરની વચ્ચે થઈને.

કેટલા જોખમે કામ ચાલી રહ્યું છે ? ધન કમાવાની લાલચ છે, તો જીવ ક્યાં ભય, ક્યાં દુઃખ, ક્યાં કષ્ટની પરવા કરે એમ છે ? માનવ-જીવનને હોડમાં મૂકે છે, 'આમ કરવા છતાં કદાચ મર્યા તો ચિંતા નહિ. પણ સહીસલામત પાર ઊતરી ગયા, તો ધનના ઢગલા તો મળશે;' આ લેશ્યા છે, મોટી આશા છે.

પૂછો એને 'અલ્યા ! પણ ધન લાવ્યા પછી ય અમરપણું ક્યાં છે ? આગળ જઈને મરવું નહિ પડે ?'

તો એ કહેશે 'બસ ત્યારે, મરવાનું તો પછી ય છે જ. તો ભલે વહેલા મરવાનું જોખમ કરીને ય જો ધનના ઢગલા કમાઈ લાવીએ તો પછી દુનિયામાં નામ રહી જાય અને આનંદથી જીવાય ને ?'

હવે આને શી રીતે સમજાવાય ? જ્યાં હિસાબ એક જ છે કે 'મરવાનું તો છે જ; તો મરતાં પહેલાં ધનના ઢગલાથી નામના સાથે વિષયવિલાસ કરીને જીવવું,' એને શું સમજાવાય ? જગતમાં આવા જીવો ઘણા છે. એમને બિચારાને 'મર્યા પછી શું ?' એનો વિચાર જ નથી તેમ એ પણ વિચાર નથી કે 'અહીં પણ ચિત્તની પરમ શાંતિ-સ્વસ્થતા-નિશ્ચિન્તતાથી શી રીતે જીવવું ?'

શું એમ માનો છો કે ધનની ઉત્કટ લાલસાથી ધૂમધામ ધંધા-વેપાર કરાય,

જરૂર લાગ્યે પરદેશ દોડાય, દિન-રાત મથાય, એમાં ચિત્તને શાંતિ રહે છે ? કે ભારે ચિંતા-વિહ્વળતા-વ્યાકુળતા રહે છે ? એ હોય પછી ન્યાય-નીતિ-અલ્પઆરંભ-સત્ય-દયા વગેરે શાનું જોવાય ? જો એ નહિ જોવાનું, કડકતાથી નહિ સાચવવાનું, તો ત્યાં ચિત્તના પરિણામ કેટલા બધા નિષ્ઠુર-નિશ્શૂક ? લેશ્યા કેવી કાળી ? હૈયું કેટલું મલિન ? જીવ્યાનો આ સાર ખેંચવાનો ? પછી પરલોકમાં દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી કેટલા અને કેવા ભયંકર ફળ ભોગવવાના ? પાપોનું ફળ ત્યાં દુઃખ; અને રાચીમાચીને સેવેલા એનાં ફળમાં એવા પાપોભર્યું જીવન જીવવાનું, પણ આ કોણ જુએ ? કોણ વિચારે ? જેને અહીં સાચી શાંતિ અને સુંદર જીવન જોઈતું હોય તેમ પરભવે ઉમદા ગતિ-સ્થિતિ જોઈતી હોય એ એ જોઈ શકે, વિચારી શકે.

**લોભદેવ રત્નદ્વીપે :-**

લોભદેવને લોભના અંધાપામાં આ કશું જોવું નથી એટલે મહાસાગરની વચ્ચે થઈને રત્નદ્વીપે જઈ રહ્યો છે. સાથે પેલા બિચારા ભદ્રશેઠને પણ લોભાવી ચાલ્યો છે. મહાસાગરમાં મોટામોટા મગરમચ્છ દેખાય છે, તિમિંગલ વગેરે જળજંતુઓ દેખા દે છે. પણ લોભદેવ લોભને વશ બનેલો એ જોઈ ગભરાતો નથી. પુણ્ય પાધરું છે તેથી એ રીતે પ્રવાસ ખેડતાં જહાજ રત્નદ્વીપે જઈ પહોંચે છે.

રત્નદ્વીપમાં ઊતરીને રાજાને મળ્યાં; માલ લઈ આવેલ તે વેચ્યો; કિંમતી કિંમતી રત્નો બહુ સસ્તામાં ખરીદ્યા; દાન પણ દીધું; અને હવે દેશમાં પાછા ફરવા જહાજમાં મુસાફરી શરૂ કરી દે છે. જહાજ ચાલ્યું ભરદરિયે. લોભદેવને આનંદનો પાર નથી. કેટલી જંગી કમાણી ? શાસ્ત્ર કહે છે,

**માનવભવ રત્નદ્વીપ જેવો છે. એમાં આવીને દેવની અપેક્ષાએ મામૂલી જેવા પુણ્યના માલથી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રનાં રત્નો ખરીદી લેવાના છે.**

**જાગૃતિની વિચારણા :-**

શું તમને આ ખબર છે ? ખબર છે, તો ક્યારે યાદ કરો છો ? રાત્રે ? સવારે ? બપોરે ? સાંજે ? કયા સમયે યાદ કરો છો ? ક્યારે મનને એમ થાય છે કે ‘અહો ! આ રત્નદ્વીપ જેવા અનન્ય માનવભવમાં આવીને હું સુકૃતરૂપી રત્નો કમાઈ રહ્યો છું ? કે અઢાર પાપસ્થાનકરૂપી ઝેરી કાચના ટૂકડા સંઘરી રહ્યો છું ? કદાચ કાયાથી કે વચનથી પાપસ્થાનકની પ્રવૃત્તિ કરવી પડતી હોય તો પણ વિચારથી શુભ ભાવરૂપી રત્ન કમાવામાં મને કોણ રોકે છે ? તો કમમાં કમ એ તો સાચવું ?’ આ જાગૃતિ કેટલી રહે છે ? દા.ત. રાગથી પૈસા લેવા ગયા કે સ્નેહીને બોલાવવા ગયા, એ વખતે મનમાં એમ થાય ખરું કે, ‘આ મારી કેવી વિટંબણા છે કે નકલી રાગનાં નાટક ભજવવાં પડે છે ? કેવી દુર્દશા કે દેવ-ગુરુ પરના



રાગની પ્રવૃત્તિ મૂકી આ ચલાવવું પડે ? આવું મનમાં જાગે ખરું ?

**વિચારમાં નરસાને બદલે સારું ગોઠવો :-**

પાપસ્થાનકની પ્રવૃત્તિ ઊઠવા જતી હોય અને શું મનને લાગે ખરું કે ‘આ કાંઈ એટલી બધી જરૂરી નથી, તો લાવ એના બદલે ધર્મસ્થાનકની પ્રવૃત્તિ કરવા દે ?’ દા.ત. કોઈના પર ક્રોધના વિચાર આવવા માંડ્યા કે તરત મનને થાય કે આ વિચારોથી કાંઈ વળવાનું નથી. માટે લાવ, એના બદલે ૫-૨૫ નવકાર ગણી લેવા દે. તો એથી સમ્યગ્દર્શન રત્નની કમાઈ તો થશે.

વાત આ છે કે રત્નોની કમાઈ માટે આ માનવ જન્મ છે એ વારંવાર યાદ આવ્યા કરતું હોય તો વર્તાવથી-વાણીથી કે છેવટે વિચારથી પણ કાંઈ ને કોઈ સારું ગોઠવી દેવાય. સાંસારિક આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરવા ગયા, ત્યાં મનને એમ થાય કે ‘આમાં જે એકેન્દ્રિયાદિ જીવોની વિરાધના થાય છે એ જીવો બિચારા નિર્દોષ છે; મારો કોઈ ગુનો એમણે કર્યો નથી. છતાં અમારા આ જીવતર કેવા કે એની હિંસા કરવી પડે ? ધન્ય છે ચારિત્રજીવનને કે એમાં આવા આરંભ-સમારંભ વિના જીવી શકાય છે !’ આ વિચારમાં હિંસા-દુષ્કૃત્યની ગર્હા અને ચારિત્રની અનુમોદના આવી.

આમ અહિંસાદિની, વૈરાગ્યની, ક્ષમાદિની, ચારિત્રની, દાનાદિ ધર્મની કે દેવ-ગુરુ-સંઘસેવાની વિચારણા આવ્યા કરતી હોય, તો જીવનમાંથી કેટલીય ફુજૂલ આરંભ-સમારંભની, રાગ-દ્વેષની, ઇંદ્રિયવિષયોની પ્રવૃત્તિ ઓછી થઈ જાય.

**સાચી ધરપત શાના પર ? :-**

‘માનવભવ એ રત્નદ્વીપ છે, અને એમાં રત્નસમાન સુકૃતો, સદ્વિચારો તથા દાનાદિ, અહિંસાદિ, ક્ષમાદિ અને સમ્યગ્ જ્ઞાનાદિની જેટલી બને એટલી વધુ ને વધુ કમાઈ કરતા રહેવાનું છે’ એ જો વારંવાર યાદ લાવ્યા કરાય, તો વિચાર-વાણી-વર્તાવ ઘણા સુધરી જાય. ત્યારે એ પણ સમજી રાખજો કે જીવનમાં સાચું આશ્વાસન-સાચી ધરપત આ કમાઈ પર રહે છે. ‘ચાલો આટલા પૈસા કમાયા, ઠીક થયું,’ એ તો નકલી ધરપત છે; કેમકે એ ખરચાવા માંડ્યા એટલે ચિંતા-દુઃખ-અજંપો ઊભા થાય છે. પરંતુ ‘ચાલો આટલી ક્ષમા કમાયા, આટલી દયા સચવાઈ, આટલું દાન-દર્શન-સેવા કમાયા, ઠીક થયું,’ આ સાચી ધરપત છે. ત્યારે જીવનના અંતે શાંતિ આ કમાયા પર આવી શકે. માનવભવના રત્નની કમાઈ પર આ બે મહાન લાભ; અને પછી તો પૂછવું જ શું ? **જેને જીવન જીવતાં આ કશું કમાવવું જ ન હોય, એવા કંગાળ જીવોને મરતાં શાંતિ શી ?**

ભરદરિયે જહાજ ચાલ્યું જાય છે. લોભદેવના લોભમૂઢ મનને વિચાર આવે છે કે 'લાભ તો અહો ! ધાર્યો થઈ ગયો ! પરંતુ આ ભદ્રશેઠ એમાં ભાગીદાર બની અડધો ભાગ પડાવશે. એ તો ઠીક નહિ. એટલું બધું લાખોનું નાણું એમ કેમ જતું કરાય ? અને અહીં આવા સાગર મધ્યે ખરો અવસર છે. જો એને ગમે તે રીતે સમુદ્રમાં પાડી દઉં તો પછી આ બધા ધનનો માલિક હું એકલો જ બની જઉં,' બોલો એની કેટલી બધી ગોઝારી વિચારણા ? કારણ ? લોભ.

**લોભની આજ્ઞામાં રહેલા પામર જીવો ખરાબ આચરવાનું તો ગણતરીનું કરતા હશે, પરંતુ ખરાબ વિચારવાનું ઢગલાબંધ કરે છે; ને એના પર ભારે પાપસંસ્કારોનો વારસો ઊભો થાય છે.**

આ ભૂલવા જેવું નથી,-જેટલા જેટલા લોભના પ્રેર્યા પાપવિચારો કરતા જવાય છે એટલા એટલા પાપકર્મો તો બંધાતા જાય છે જ, પરંતુ વધારામાં પાપસંસ્કારો વધતા જાય છે. એટલે ભવાંતરે પાપકર્મનું ફળ દુઃખ તો ખરું જ, પરંતુ પાપસંસ્કારોનો જે ત્યાં વારસો લઈ ગયા એના ફળમાં પાપી વાણી-વિચાર-વર્તાવ કેવા અને કેટલા ચાલવાના ?

સારા માણસનું સુકૃત સદ્‌ગુણોથી ભર્યું ભર્યું જીવન જોઈ કહો છો ને કે 'ભાઈ ! એ તો પૂર્વનો સંસ્કારી જીવ લાગે છે, માટે આવું સુંદર જીવન જીવે છે,' તો એ જ હિસાબે અહીં પાપ-દોષ-દુર્ગુણભરી જીવનચાલ ચાલતી હોય, એ પૂર્વના તેવા પાપસંસ્કારનું ફળ ખરું ને ? પણ હવે એ ન સુધારાય, તો પૂર્વના પાપસંસ્કારોમાં વધારો કેટલો થવાનો ? એથી પછી આગળના ભવ કેવા ? એમાં ય પછી ત્યાં સુધારો કરવાને જગા ખરી ?

**જો આવા સુંદર માનવભવે પાપસંસ્કારોમાં સુધારણા કરવી નથી, તો પછીના હલકા ભવે એની ક્યાં જગા ?**

**એક યા બીજા પ્રકારના લોભને દબાવ્યા વિના પાપસંસ્કારોનો વધારો અટકાવી નહિ શકાય. અને પાપસંસ્કારોના નાશ માટે મનુષ્ય જેવો ભવ નહિ મળે.**

લોભ પાપી વિચારણાની ધારા ચલાવે છે. એથી પાપસંસ્કારો વધતા જ જાય છે. માનવજીવનનો સાર સફલતા તો પાપસંસ્કારો ભૂંસતા જવામાં છે અને એ લોભને દબાવવાથી જ થાય. વિશ્વભૂતિ મુનિએ બળનો લોભ કરી નિયાણું કર્યું, પછી ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં બળ, સત્તા, અને વિષયસુખો પર ભારે રાગ કર્યો, તો એમાં પાપસંસ્કારો એટલા બધા વધી ગયા કે એને પછી અપરંપાર હલકા



ભવોમાં ભટકવું પડ્યું, તીર્થંકર મહાવીર વર્ધમાન પ્રભુનો એ જીવ ને ? વિશ્વભૂતિમુનિના જીવનમાં ઊંચું ચારિત્ર અને તપ સાધતાં કેટલાય જન્મોના પાપસંસ્કાર તોડવા માંડેલા, છતાં જો અંતે જરાક બળના લોભમાં પડ્યા, તો આખી બાજી ફરી ગઈ; તીર્થંકરના જીવ તરીકેની કશી શરમ આ કુદરતના સાયન્સને ન પડી, તો બીજાના શા ભાર ?

કુદરતનું સાયન્સ આ, કે 'લોભમાં તણાયા, પાપવિચારમાં પડ્યા, તો પાપસંસ્કારોનો નવો તાજો સ્ટોક લેતા જાઓ. પછી એની દુઃખદ પરંપરાની તૈયારી રાખવાની.' આનાથી બચવા માટે ઉપયોગી શું ? ભગવાન જિનેશ્વરદેવની વાણી.

**જિનાજ્ઞાનું આ મહત્ત્વ છે કે એનું આલંબન કરનાર, વારંવાર એને મન પર લેનાર એવા પાપવિચારો, પાપસંસ્કારો, અને દુઃખદ પરંપરાથી બચી જાય.**

મહા ભાગ્યશાળી છો કે અહીં તમને જિનવચન મળ્યાં છે. એ જેને ન મળ્યાં એ અભાગિયા; અને મળ્યાં છતાં એ ભૂલ્યા એ વળી મહાઅભાગિયા. તો પછી એને ભૂલવાનું, મહાઅભાગિયાપણું આવકારશો નહિ. જિનવચન પામ્યા છતાં એને જે ભૂલે છે, એની પરવા જ નથી કરતા, અને લોભમાં તણાયા જાય છે, તથા પાપવિચારો અને પાપપ્રવૃત્તિ આંખ મીંચી જે ધૂમ કર્યે રાખે છે, એ મહા અભાગિયા નહિ તો બીજું શું ? જિનવચન નથી પામ્યા એ તો બિચારા લોભમાં તણાય એ તો પહેલેથી જ ભાગ્યહીન છે; પરંતુ આ જિનવચન પામવાનું ભાગ્ય પામ્યા પછી પણ લોભમાં તણાય છે એ નવા અભાગિયા બને છે. તેથી એવા ન બનવા જિનવચનથી હંમેશા દેખતા બનવાની જરૂર છે.

**લોભદેવ મિત્રને ધોખામાં ઉતારે છે. :-**

લોભદેવ બિચારો જિનવચન પામ્યો નથી, ને લોભમાં તણાય છે; તે એટલા વિચાર સુધી પહોંચી ગયો કે મિત્ર ભદ્રશેઠને ભાગ ન દેવો પડે માટે એનું કાટલું કાઢી નાખવું; માત્ર આ વિચાર કરીને અટક્યો નહિ એ ઊઠ્યો, ગયો ભદ્રશેઠ પાસે, અને એને કહે છે,

'ભાઈ ! જુઓને આપણે વેપાર બહુ ખેડ્યો, તો હવે જરા ખાનગીમાં બેસીને હિસાબ જોઈ લઈએ કે કેટલી આવક-જાવક થઈ.'

ભદ્રશેઠ સરળ હૃદયનો છે, તે આમાં શું કામ ના પાડે ? કહે છે, 'જરૂર, લાવો જોઈ લઈએ ક્યાં બેસીશું ?'

લોભદેવ કહે 'જુઓને પેલો પગ પખાળવાનો ઝરૂખો છે, ત્યાં બેસીને જોઈ લઈએ.'

ભદ્રશેઠને આમાં લોભદેવના કુટિલ હૃદયની કશી ગંધ ન આવી; કેમકે

અત્યારસુધી લોભદેવને પૈસાનો લોભ હતો એમાં ભદ્રશેઠના સહકારની જરૂર હતી, તેથી એની સાથે સરળતાથી વ્યવહાર કરતો હતો. એ હિસાબે અહીં કપટની ગંધ શી આવે ? પરંતુ હવે લોભદેવને પૈસા મળી ગયા, ગરજ સરી ગઈ, એટલે હવે તો ભદ્રશેઠના ભાગના પૈસાનો લોભ જાગ્યો છે તેથી શું કામ સરળતા રાખે ? પોતાના ભાગમાં ય શું ઓછી કમાઈ થઈ છે ? છતાં મિત્રને ધોખામાં ઉતારે છે, ખરેખર ! લોભ ભયંકર છે.

**લોભ માણસને ગુંડો બનાવે છે : ભદ્રશેઠ દરિયામાં :-**

લોભદેવે પાથરેલી જાળમાં ભદ્રશેઠ ફસાયો. જ્યાં એ ઝરૂખા પર બેઠો, એ વિશ્વાસમાં બેઠો છે, એટલે કઠેડાને મજબૂત પકડીને નથી બેઠો; અને નજર સમુદ્ર તરફ છે; એટલામાં લોભદેવે પાછળથી એને સહજ કેડેથી ઊંચકી દરિયામાં ધકેલ્યો. જુઓ લોભદેવની ગુંડાગીરી ! એને કશી દયા ન આવી, કશો કૃતજ્ઞભાવ એણે રાખ્યો નહિ, અતિ નિર્દય અને કૃતઘ્ન બની મિત્રનો વિશ્વાસઘાત કરી એને સમુદ્રમાં પાડ્યો. કેમ આટલું બધું ? કહો, લોભના લીધે.

**લોભ નિર્દય બનાવે છે.**

**(૧) સારું ખાવાના લોભમાં** આજે અનંતજીવમય કંદમૂળ બટાટા-આદુ ખવાય છે ને ? ક્યાં રહી અનંતા જીવોની દયા ? હવે તો ઈંડા પણ ખવાવા માંડ્યા છે ને ? કહે છે ઈરાની હોટલોમાં હવે જૈનો જવા માંડ્યા છે. ક્યાં રહી પંચેન્દ્રિય જીવોની દયા ? જૈન તરીકે જન્મ્યાની શી શોભા કે સાર્થક્તા રહી ! એક જૈનધર્મ જ કંદમૂળમાં અનંત જીવ બતાવે છે. આવું જ્ઞાન મળ્યા પછી પણ અનંતની દયા નહિ ? કેમ ? ખાવાનો લોભ.

**(૨) ત્યારે પૈસાના લોભવશ** આજે કારખાનાના ધંધા-કર્માદાનના ધંધા કેવા ચાલી પડ્યા છે ? એમાં જીવો પ્રત્યે દયા ભાવ ક્યાં ? અરે ! આજે તો એવા ધંધાની પોતાની આર્થિક તાકાત ન હોય એવા ય લોકોને એના અભખરા થાય છે; અને પેલા કારખાનાવાળા કે એવા હિંસામય ધંધાવાળાને જોઈ એમ કહે છે કે 'આ કેવા પુણ્યશાળી !' ઉદ્યોગપતિ તરીકે પ્રશંસા કરે છે. એમાં નિર્દય, ધંધાની ફોગટ અનુમોદના જ ને ? એવા ધંધામાં લીન બનેલા શું પુણ્યશાળી ? કે પુણ્યના ભંડારને સફાચટ કરી પાપતિજોરી ભરનારા ? ભારોભાર જીવહિંસામય ધંધામાં લીન બનનાર પાપની ભરતી સિવાય બીજું શું પામે ? પુણ્ય પૂરું કરીને પાપની જ ખરીદી ને ? એવા ધંધા જોઈ ખુશી થવાય ને એમાં પુણ્યશાળીપણું મનાય, એ પણ પાપની જ ભરતી કરે ને ? ત્યાં જીવોની દયાનો વિચાર ક્યાં ? કોણ કરાવે છે આ ? પૈસાનો લોભ.

લોભ તો કેટલાય પ્રકારના હોય છે, અને એ એક યા બીજી રીતે નિર્દય



બનાવે છે. પછી ત્યાં સામા પર એક જીવ તરીકેની જો દયા ન રહે, તો ભાઈ, બાપ, કે મિત્ર તરીકેનો સ્નેહ તો રહે જ શાનો ? આજે ઘર-ઘર જુઓ, લોભવશ સ્નેહના ભુક્કા થયેલા દેખાશે.

**લોભથી કૃતઘ્નતા :-**

લોભ ખતરનાક છે, એ જરૂર લાગ્યે કૃતઘ્ન પણ બનાવે છે, વિશ્વાસઘાત કરાવે છે; ભદ્રશેઠે લોભદેવને આશ્રય અને સહકાર આપી કેટલો બધો ઉપકાર કર્યો હતો ? પરંતુ લોભદેવે એ ઉપકારને લોભવશ સાવ વિસાર્યો; ને ઉપરથી એનું ભૂંડું કરવામાં બાકી ન રાખી, ઘોર કૃતઘ્નતા કરી. આજના જે છોકરા માબાપથી જુઆરું કરે છે, અને એમના સામે જોતા નથી એ શું કરી રહ્યા છે ? માબાપના ઉપકારને ભૂલી રહ્યા છે કે બીજું કાંઈ ? જે ભાગીદારના સહકારથી જ દુકાન જામી, વેપાર જામ્યો, એને જ ગમે તે બહાનું કાઢી ભાગીદારીમાંથી દૂર કરવાનું થાય એમાં કૃતજ્ઞતા કેવી વિસારી ?

**જીવનમાં બે સાવધાની :-**

**ઉપકારીની કૃતજ્ઞતા અને ઉપકૃતની મૈત્રી-કરુણા :-**

ત્યારે લોભના આ તત્ત્વને સમજનાર કે 'લોભ કૃતજ્ઞતા ભૂલાવે, અને કદાચ કૃતઘ્નતા પણ આચરાવે,' આ સમજનાર પોતે બે રીતે સાવધાન રહે,

(૧) એક તો, પોતે પોતાના ઉપકારીઓના ઉપકારને ન ભૂલે; અને

(૨) બીજું, પોતાના ઉપકારને ભૂલનારા પ્રત્યે મૈત્રી અને કરુણા ચિંતવે. એના પરનો પોતાનો સ્નેહ ન સુકાય, તેમજ 'એને બિચારાને સદ્‌બુદ્ધિ મળો' એવી કરુણા ઊભરાય.

જગતના જીવનમાં આ સાવધાની ખૂબ જાળવવાની છે; કેમકે જગતની વચ્ચે રહેવું પડ્યું છે એટલે વિવિધ જીવોના સંપર્ક તો થવાના. માટે એમાં ઉપકારીઓને લોભવશ ન ભૂલાય, તેમજ આપણાથી જે ઉપકૃત હોય, એની બેપરવાઈ જોઈ દિલમાં અમૃતમય મૈત્રી અને કરુણાનો ઝરો ન સુકાય. આ સાવધાની રાખવાની છે.

**મૈત્રી અને કરુણા તો જીવનનું અમૃત છે. ત્યારે દ્વેષ-વૈર-વિરોધ અને નિર્દયતા એ જીવનનાં ઝેર છે.**

**શ્રાવકની નિત્ય ભાવના :-**

માટે શ્રાવક રોજ ભાવના કરે કે 'મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ;' તથા 'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત' અર્થાત્ 'મારે સર્વ જીવો ઉપર સ્નેહભાવ છે, પણ કોઈ પર દ્વેષ નથી, કોઈનીય સાથે મારે વૈરવિરોધ નથી. સર્વે જીવો બિચારા કર્મવશ ચૌદ રાજલોકમાં ભમે છે.' એટલે કર્મવશ કોઈ જીવ

કર્તવ્ય ભૂલે, ઉપકાર ભૂલે, એમાં એના પર અભાવ શો કરવો ? એ તો કર્મને પરાધીને હોઈ દયા પાત્ર છે. કેમ એ બિચારો કર્તવ્યને જાળવે, ઉપકારને સમજતો રહે.' આ મૈત્રી અને કરુણા રોજ વહેલી પ્રભાતે ઊઠીને રોજ ચિંતવતા રહો; એનો જીવન પર સુંદર પ્રભાવ પડશે.

મૈત્રી કરુણા અને કૃતજ્ઞભાવમાં મન ફોરું રહે છે, અને કેટલાય દુર્ધ્યાન આર્તધ્યાનથી બચી જવાય છે. એ જેને નેથી એને આર્તધ્યાનનો પાર નથી; કદાચ આગળ વધીને રૌદ્રધ્યાન પણ આવી જાય, દુશ્મન પર પણ મૈત્રી નથી રાખવી, સ્નેહ નથી રાખવો, એટલે મનમાં વૈરવિરોધ ઝળકયા કરશે. એમાં પછી મન બગડીને દુર્ધ્યાન કરવાનું; પાપ વિકલ્પો કરવાનું ત્યારે જો દિલમાં મૈત્રીભાવ રાખ્યો તો મન કહેશે 'ગમે તેમ તો ય એ જીવ છે, મારે મન બધું છે. એનું ભલું થાઓ એમાં હું રાજી છું.' માતાને ઉદ્ધત દીકરા ઉપર પણ જો સ્નેહ રહે છે, તો એનું એ ભલું જ ઇચ્છે છે; એના પર કશો વૈરવિરોધ નથી રાખતી, તો એમાં એનું મન ફોરું રહે છે.

જ્યાં મૈત્રીભાવ-સ્નેહભાવ છે, ત્યાં પછી વૈર વિરોધમાંથી ઊઠતા કોઈ અશુભ સંકલ્પ-વિકલ્પ એને સતાવતા નથી.

બસ, વહાલી માતાની માફક નાદાન પણ જીવો પર મૈત્રી સ્નેહ રાખવાનો છે; સાથે કરુણાથી એના દોષના નિરાકરણ માટે દયા ચિંતવવાની છે.

**મૈત્રી-કરુણા નહિ, તો આત્માની ચિંતા ભૂલાય :-**

જોજો, જેના જીવનમાં મૈત્રી-કરુણા નથી, પણ વિરોધ અને ઈર્ષ્યાની આગ સળગે છે, એ બિચારા (૧) પોતાના આત્માની ચિંતા ય ભૂલે છે. અને (૨) પરમાત્માનું ચિંતન તથા (૩) એમણે કહેલા તત્ત્વનું ચિંતન પણ ભૂલે છે. જે માનવજીવનમાં જ આ થઈ શકવાની સારી સગવડ ગણાય, એમાં જ એ આત્મચિંતા તથા પરમાત્મચિંતન અને તત્ત્વચિંતન ભૂલાય એ કેટલી મોટી નુકસાની ? શાથી ? મૈત્રી-કરુણાનાં અમૃતને બદલે વિરોધ-ઈર્ષ્યા-દ્વેષનાં ઝેર પીધાં માટે.

**આત્મચિંતા, પરમાત્મ-ચિંતન, અને તત્ત્વચિંતન એ તો નિર્મળ ચૈતન્ય છે.** એને નષ્ટ કરનારા વૈરવિરોધ-દ્વેષ અને કૃતઘ્નતા એ ઝેર નહિ તો બીજું શું ? ત્યારે મૈત્રી-કરુણા-કૃતઘ્નતા એ પેલી અનાદિ કાળથી નષ્ટ એવી આત્મચિંતાના નિર્મળ ચૈતન્યને સજીવન કરે છે, માટે એ અમૃત છે. ત્યારે પૂછો,-

**આત્મચિંતામાં શું વિચારવું ?**

**પ્ર.**- તો શું મૈત્રી-કરુણા-કૃતજ્ઞતા ન હોય એ આત્મચિંતા કે પરમાત્મચિંતન ન કરી શકે ?



ઉ.- આ સવાલ પર એટલું જ વિચારી જુઓ કે 'આત્મચિંતા' એટલે શું ? 'પરમાત્મચિંતન' એટલે શું ? 'આત્મચિંતા એટલે એ જ ને કે, (૧) 'મારા આત્માનું કેમ છે ? એ દોષકમાઈમાં છે કે ગુણકમાઈમાં ? (૨) પાપમાર્ગે છે કે ધર્મમાર્ગે ? (૩) પરલોકમાં એને સારું સ્થાન મળે એવી શી ભૂમિકા અહીં હું સરજી રહ્યો છું ?'... આવી જ બધી ચિંતા એ જ આત્મચિંતા ને ? તો એમાં પછી વૈર-વિરોધ-દ્વેષ દુષ્ટબુદ્ધિને સ્થાન મળે ખરું ? શું આને એ ગુણરૂપ સમજશે ? જો ના, તો એને હૈયામાં રાખવા ઇચ્છે ? બચાવ કરવાનું મન થાય ખરું કે આ વૈર-દ્વેષ-આદિ હોય એમાં શો વાંધો ? આ હોય તો ય મારી આત્મચિંતા કેમ સલામત નહિ ?' આવો બચાવ શાનો કરે ?

**ત્યારે 'પરમાત્મ ચિંતન' એટલે ?** પરમાત્માની વીતરાગતા, શુદ્ધ જ્ઞાન, અનુપમ ઉપકાર વગેરે ગુણો જ ચિંતવવાના ને ? એને જગાવનાર એમની પ્રખર વૈરાગ્ય, ત્યાગ, સર્વજીવ પ્રત્યે મૈત્રી અને કરુણા વગેરે સાધના વગેરેનું જ ચિંતન ને ? એ હોય, પછી વૈર-વિરોધ વગેરેને મઠારાય ખરા ? 'આ ય બરાબર, અને પરમાત્માએ કર્યું એ ય બરાબર' એમ કરાય ?

કહો, વૈરવિરોધ-દ્વેષ-ઈર્ષ્યા-કૃતઘ્નતા વગેરે દિલના મહામલિન ભાવો છે. એ ઊભા હોય એવા મનમાં એની જ્વાળા એવી સળગતી રહે છે કે ત્યાં સાચી આત્મચિંતા કે પરમાત્મચિંતન યા તત્ત્વચિંતન સ્થાન પામી શકતા નથી. માટે જો આનો ખપ હોય, તો પેલી આગો બૂઝવીને મૈત્રી-કરુણા-કૃતજ્ઞતાભાવનાં ઝાપટાં દિલમાં વરસવા દો.

લોભદેવ લોભમાં ભાનભૂલો બન્યો છે. એણે મિત્ર ભદ્રશેઠની કૃતજ્ઞતા તથા એના પ્રત્યેના મૈત્રીભાવને વિસાર્યો, એ નિર્દય અને કૃતઘ્ન બન્યો, અને એમાં એણે બિચારા ભદ્રશેઠને સમુદ્રમાં પાડી દીધો.

**લોભદેવનો ઢોંગ :-**

જહાજ જોરમાં જઈ રહ્યું છે. થોડીવારમાં તો એક જોજન જેવું આગળ નીકળી ગયું, પછી લોભદેવ હવે બૂમરાણ કરે છે, અરે ! દોડો દોડો ભદ્રશેઠ બિચારા પડી ગયા, ને નીચે મગરમચ્છે એમને મોંઢામાં લઈ લીધા છે, રે...દોડો દોડો.'

આ રાડારાડ સાંભળીને માણસો ઝટ આવીને જુએ છે કે ક્યાંથી પડી ગયા, શું થયું ? નીચે સમુદ્રમાં જોતાં દૂર મગરમચ્છ પણ દેખ્યો લોભદેવને પૂછે છે 'ક્યાંથી પડ્યા ?'

લોભદેવ રોતાં રોતાં કહે છે, આ પેલા ઝરૂખે ઊભા હતા, તે કોણ જાણે નીચે શું જોવા ગયા, તે ઊથલી પડ્યા. અરેરે ! આવો મારો સારો મિત્ર ગયો,

તો હવે મારે પણ શું કામ છે જીવીને ? હું ય પડું નીચે એમ કહી લોભદેવ વહાણના ઝરૂખા તરફ દોડવાનો ઢોંગ કરે છે.

ઢોંગીને શું નથી આવડતું ? સાચા કરતાં વધુ દેખાવ આવડે; એટલા જ માટે એવા નાટકિયા દેખાવ કરનારને જોઈ સાવધાન બનવું પડે; નહિ તો ઠગાવાનો પ્રસંગ આવે.

**વેપારીને બે બાઈઓ ઠગે છે :-**

મુંબઈ જેવા શહેરમાં એક કાપડના સ્ટોરમાં બે બાઈઓ કાપડ લેવા ગઈ. એમાં આધેડ બાઈએ હાથમાં કપડું ઢાંકી નાનો બાબો રાખેલો. બાઈ એને ખોળામાં લઈ નીચે બેઠી. દુકાનમાં જુદી જુદી તરેહનું કપડું જોયું; ભાવ પૂછ્યા. નાની બાઈ મોટીને કહે 'બા ! આ કાપડ સુંદર છે. તો આ જ લે !'

મોટી બાઈ કહે, 'પણ આજે રૂપિયા જ બસો લાવ્યા છીએ જો, આના તો રૂપિયા બે હજાર માગે છે. તારે પહેલાંથી કહેવું હતું ને ? તો રૂપિયા લઈને આવતે નહિ ?'

'પણ બા ! ફરીથી પાછા ક્યાં આવશું ?'

મોટી કહે છે, 'તો તું એમ કર, હું અહીં બેઠી છું. તું કપડું તારા બાપુજીને બતાવીને રૂપિયા લઈને ઝટ આવ.'

વેપારીને એ કહે, 'આ તમે જો રજા આપો તો ઘરે આ કાપડ બતાવી એના બાપુજી પાસેથી રૂપિયા લઈને આવે. હમણાં આ બસો રૂપિયા છે તે લઈ લો.'

વેપારી જાણે 'મા બેઠી છે ને ? શો વાંધો છે ?' તે કહે 'ભલે બેન ! લઈ જાય કાપડ અને રૂપિયા ઝટ લઈ આવે.'

પત્યું, છોકરી કપડું લઈને ગઈ. થોડી વાર થઈ, એ તો કાંઈ પાછી આવી નહિ. એટલે આ મોટી બાઈ દુકાનમાં જોઈ લે છે કે '૨-૩ નોકર છે અને તે ઘરાકીને લીધે બહુ કામમાં ગુંથાયેલા છે એટલે એ નોકર કાંઈ બહાર જઈ નહિ શકે.' તેથી વેપારીને એ કહે છે, 'જુઓને છોકરી ક્યાં અટકી પડી ? આ તમારો નોકર જરા જઈ આવે તો ?'

વેપારી કહે 'હમણાં નોકર બહાર નહિ જઈ શકે. જુઓ છો ને કેટલી ઘરાકી છે ?'

બાઈ કહે, 'તો હું આ બાબાને અહીં સુવાડું છું, અને જઈને જોઉં કેમ વાર લાગી ? ને તમારા રૂપિયા લઈ આવું. જરા બાબા પર ધ્યાન રાખજો.'

વેપારી સમજે છે કે 'બાબો અહીં છે. પછી શી ફિકર છે ? મા એને લેવા તો આવશે જ; એટલે કાં રૂપિયા કાં કાપડ આવી જશે.' વેપારીએ સંમતિ આપી,



એટલે બાઈ બાબાને નીચે સુવાડીને ગઈ. એ ગયાને પણ જ્યારે બહુ વાર થઈ અને પાછી ન વળી ત્યારે વેપારીને વહેમ પડ્યો કે 'એ સાચી કે ખોટી ? કેમ પાછી ન આવી ? અને આ એનો બાબો ક્યારનો ય ચૂંચા નથી કરતો તો જીવતો છે કે મરેલો ?' વેપારી જોવા ગયો, કપડું ઉઠાવી નીચે જુએ છે તો ખાસો કચકડાનો બાબો જોયો. વેપારીએ જોયું કે ઠગાયા.

ઢોંગી મા-દીકરીની વાતચીત એવી ફેન્સી હતી કે અસલ કરતાં દેખાવ ભારે. બે હજાર રૂપિયાનું કાપડ ઘરે લઈ જવા આ ઘાટ હોય ત્યાં વેપારીએ સાવધાન બનવું પડે. જગતમાં ઢોંગ બહુ જાતના ચાલે છે. કોઈની પાસેથી રૂપિયા ઉછીના લેવા હોય ત્યારે માણસ કેવો ગળગળો અને દીન બને છે ! શું એ સાચું ? ના, રૂપિયા કઢાવવા પૂરતું જ. પછી કોને પાછા દેવા છે ? આ રીત એ ઢોંગની રીત છે. આ તો દુનિયાદારીમાં પૈસા ઢોંગથી કઢાવવાની વાત થઈ. પરંતુ

**ધર્મની વાતમાં ય ઢોંગ કરનારા હોય છે.** મોટું દાન કરીને દેખાડાય છે કે હું ધર્મની સેવા કરી રહ્યો છું. પરંતુ અંદરખાને માનસન્માન-કીર્તિનામના કમાવવાની દાનત હોય છે. તપ કરીને ય એની યા સારાં પારણાં કરવાની દાનત હોય છે. એમ સેવા કરીને ય એવી એવી બદદાનત હોય છે. જોજો હોં, બધાની આ વાત નથી, ઢોંગીની વાત છે. સારા જીવો તો કેવળ આત્મકલ્યાણ અર્થે એ કરતા હોય છે. પરંતુ ઢોંગી એક યા બીજા લૌકિક સ્વાર્થ માટે એ કરે છે, અને દેખાવ ધર્મ કર્યાનો રાખે છે. એ કદી નહિ બોલે કે 'હું કાંઈ ધર્મ કરતો નથી, હું તો મારો આ સ્વાર્થ સાધવાની પ્રવૃત્તિ કરું છું' કોઈ કહેવા આવે કે 'આ તમે કીર્તિ અદિનો મોહ રાખો છો એ પાપ કરો છો, તો એ બચાવ કરશે 'તે શું આટલા પૈસા આપ્યા, તપ કર્યો, એ ધર્મ નથી કર્યો ?' સારાંશ, સોદાને ધર્મમાં ખપાવવો છે. શું આ ઢોંગ નથી ? માયા નથી ?

ત્યારે, માણસને દાન તપ, વ્રતનિયમ વગેરે કરવા મુશ્કેલ નથી, એમાં પૈસા-ખાનપાન થોડાં સુખ છોડવા કઠિન નથી, પણ માયા છોડવી મુશ્કેલ છે. માટે શાસ્ત્રકારો ધર્મ માટે દંભત્યાગ પહેલો જરૂરી બતાવે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૩૬,તા.૧૩-૬-૧૯૭૦**

**આત્મવિકાસ-અધ્યાત્મભાવ દંભત્યાગથી શરૂ થાય છે.** એટલા માટે 'અધ્યાત્મસાર' શાસ્ત્રમાં પહેલા દંભત્યાગનો ઉપદેશ આપ્યો અને પછી મિથ્યાત્વ-ત્યાગાદિ બતાવ્યા. સાચો અધ્યાત્મભાવ જગાવવા માટે દંભ-માયા-કપટ પડતા જ

મૂકવા પડે, કેમકે અધ્યાત્મભાવ માટે 'અધ્યાત્મ'ની વ્યાખ્યા કરતાં કહ્યું

**'गतमोहाधिकाराणा-मात्मानमधिकृत्य या ।**

**प्रवर्ते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥'**

અર્થાત્ પોતાની ઉપરના મોહના વર્ચસ્વને હટાવીને યાને મોહના ઉદ્દેશને દૂર કરીને આત્માના ઉદ્દેશથી જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે તેને જિનેશ્વરદેવો અધ્યાત્મ કહે છે.' આમાં ક્રિયાનો ઉદ્દેશ કોઈ દુન્યવી સુખ સન્માનાદિ લૂંટવાનો નહિ, કિન્તુ આત્મહિત સાધવાનો બતાવ્યો. એ જો રાખ્યો હોય તો ત્યાં દંભ-કપટ કેમ નભી શકે ? દંભ-કપટમાં તો દુન્યવી આશંસા છે, ત્યાં આત્મહિતનો ઉદ્દેશ ઊભો જ શી રીતે રહે ? માટે કહો, અધ્યાત્મ ભાવનો ખપ હોય, આત્મવિકાસ માંડવો હોય, તો દંભ છોડો.

**લોભદેવનો સમુદ્રમાં પડવાનો દંભ :-**

પેલા લોભદેવે દંભ કરી ભદ્રશેઠને દરિયામાં ધકેલ્યો, અને હવે દંભથી પોકાર કરે છે, 'હાય ! મારો મિત્ર ગયો ! હું પણ દરિયામાં પડી મરીશ.' કોણ જાણી શકે આ દંભને ? માણસો સાચું સમજ્યા કે 'આ મિત્રવિયોગના દુઃખથી જરૂર સમુદ્રમાં પડશે' તે એને દોડતો ઝાલી રાખ્યો, અને કહે છે, 'હવે એમ કરવાથી કાંઈ ભદ્રશેઠ પાછા આવશે ? માટે હવે તો તમે ધીરજ ધરો, હિંમત રાખો. તમે પાછા મરવાનું ન કરો. આ અમારે એક તો ભદ્રશેઠ ગયા, વળી પાછા તમને ય ક્યાં ખોઈએ ?' એમ કહી લોભદેવને માણસોએ પકડી રાખીને નીચે બેસાડી દીધો.

બસ, દંભી લોભદેવને એટલું જ જોઈતું હતું. કે પોતે શાહુકારમાં ખપે, અને લોકોને લાગે કે 'ભદ્રશેઠ એમ જ અચાનક પડી ગયો છે, તેમ જ આ મિત્રના આવા પતનથી બહુ દુઃખિત થઈ આ પણ પડવા જાય છે.' બીજાઓને આવો ભાસ થાય એટલું જ જોઈતું હતું, તે બની ગયું; એટલે લોભદેવ અંદરથી તો કલેજે હાશ કરી, અને બહારથી રોતો શોક કરતો બેસી ગયો. મનમાં ખૂબ જ આનંદ માને છે કે 'વાહ ! કામ સરસ પતી ગયું. ભદ્રશેઠ મર્યો, અને હવે આપણને એનો બધો માલ પચ્યો. માત્ર આટલું કરવામાં બેવડી કમાઈ થઈ ગઈ.'

**લોભદેવને કેટલાં પાપ ? :-**

આ વિચારણામાં લોભદેવ શું કરી રહ્યો છે ? ઘોર પાપની અનુમોદના, કાળી લેશ્યા, રૌદ્રધ્યાન, કારમો ધન-રાગ, મનમાં લેશમાત્ર દુષ્કૃત્યગર્હા નહિ,... એવા કેટલાય અનર્થ આવકારી રહ્યો છે. ગણતરી કરો કેટલાં પાપ એણે કર્યાં ? (૧) મિત્રનો ભયંકર દ્રોહ-વિશ્વાસઘાત; વળી (૨) મિત્ર જીવતો મરે એવો એને



સમુદ્રમાં ધક્કો; (૩) એ મરણ પણ મગરમચ્છના મોંમાં ચવાવાની ભયંકર વેદના ઉપજાવે એવું; (૪) વહાણના માણસો પ્રત્યે ઠગાઈ; (૫) આવાં ઘોર પાપ કરી મળેલ ધન પર અતિ રાગ; (૬) હવે આ બધા દ્રોહ વગેરે પાપોની ભારોભાર અનુમોદના; (૭) એનો અર્થ એ, કે પૂર્વે પાપો સેવીને તો ઘોર કર્મ બાંધી લીધા. પરંતુ હવે એની વારંવારની અનુમોદનાથી એવાં જ નવાં નવાં ઘોર કર્મની આવક કરી રહ્યો છે. કેટલા અનર્થ ઊભા કર્યા ?

**માયા અને લોભ ભયંકર છે.** (૧) માયાથી છાનું-છપનું ભૂંડું વિચારવા કરવાનું ઘણું થાય, અને (૨) લોભથી દ્રોહ, હિંસા, કાળી લેશ્યા, પાપની ખુશી,...વગેરે કેટલાંય દુષ્કૃત્યો થાય. ઉપરાંત હવે એ લોભની વસ્તુ મળી ગઈ એની વારંવાર ખુશી માનવામાં એ માટે સેવેલાં અધમ દુષ્કૃત્યોની વારંવાર અનુમોદના રહેવાની. ત્યારે જાણો છો ને **'કરણ, કરાવણ, ને અનુમોદન, સરિખાં ફળ** નિપજાયો ? એટલે પાપ પૂર્વે કર્યાનાં જેટલા કર્મ બંધાયા, એટલાં હવે અનુમોદના કરી કરીને ફરી ફરી બાંધ્યે જવાનાં, ઓછી ભયાનકતા છે ? માટે આ ધ્યાનમાં રાખવા જેવું છે કે

**અયોગ્ય ઉપાયથી કાંઈ લાભ કરી આવ્યા, હવે એ લાભની ખુશીમાં એ પાપ ઉપાયોની વળી વારંવાર અનુમોદના થાય છે. અને એથી એ નવાનવા અનુમોદના થાય છે. અને એથી એ નવાનવા પાપ બંધાવા સાથે એ અનુચિત દ્રોહ વગેરેના કુસંસ્કાર દૃઢ થાય છે.**

**બીજાનાં પાપની આપણને અનુમોદના :-**

આ માત્ર પોતે એવું કરી આચરેલા લાભ પર જ નહિ, કિન્તુ બીજાએ એવાં આચરણથી પ્રાપ્ત કરેલ લાભની આપણે જો અનુમોદના કરીએ તો ય પેલાના પાપ ઉપાયોની અનુમોદનાનાં કર્મ આપણે બાંધવાનું થાય. દા.ત. કોઈ જૂઠ-અનીતિ સેવીને અગર મોટા આરંભસમારંભમય કારખાનાં કરીને લાખો-ક્રોડો રૂપિયા કમાઈ ગયો, હજી પણ વરસે-દહાડે બે લાખ પાંચ લાખ રૂપિયાની આવક કરે છે, ત્યાં જો આપણને એમ થાય કે 'આ બડો ભાગ્યશાળી ! પૈસા સારા કમાયો, હજી પણ ખૂબ કમાય છે,' ને આપણે જાણીએ છીએ કે 'એ શી રીતે કમાઈ કરે છે,' તો આપણે કમાઈની અનુમોદના કરવા છતાં એની પાછળના જૂઠ-અનીતિ-હિંસાની ય છૂપી અનુમોદના કરી રહ્યા છીએ. એની કમાઈમાંથી આપણને થોડા રૂપિયા મળશે ? ના, ટીકો; ટકો ય ન મળે. છતાં હિંસાદિની અનુમોદનાનું પાપ આપણે માથે લઈ રહ્યા છીએ. એમ દા.ત. આપણા જોવામાં આવ્યું કે કોઈએ પોતાના ભાઈ યા બીજા સાથે ક્રોધ કરી ઝગડો કરીને જગા પડાવી એના પર બંગલો

બાંધ્યો, હવે જો એ જોઈ આપણને એમ થાય કે,

'વાહ કેવો ભાગ્યશાળી ! કેટલો સુંદર બંગલો બાંધ્યો છે !' તો ત્યાં આ લાભની અનુમોદનામાં ગર્ભિત રીતે પેલા ક્રોધ, કલહની અને બંગલો બાંધવાના મહા આરંભસમારંભની પણ અનુમોદના આપણા માથે ચડે. ત્યારે, 'પાપોની અનુમોદના એ સ્વયં પાપાચરણ જેવાં અશુભ કર્મ લાવી આપે,' એ હિસાબે વિચારો કે એક કોઈના બંગલાના લાભની અનુમોદના કરવા જતાં એની પાછળનાં પાપોની અનુમોદના અને કર્મબંધ આપણને કેટલા લાગે ? બંગલા સાથે આપણને લેવા દેવા છે ? માત્ર એક દિવસ પણ એ બંગલો આપણને એ રહેવા આપે ? ના, છતાં કેટલાં અનર્થ માથે વહોરવાના ? મૂર્ખાઈની કોઈ હદ ?

**'બીજાને થયેલ લાભની અનુમોદના કરવા જતાં એ લાભની પાછળ કરાયેલ અઢળક પાપોની અનુમોદના ગર્ભિત યાને છૂપી રીતે થઈ જાય છે, અને એ કરણ જેવા કર્મબંધ કરાવે છે.'**

આ ખ્યાલ જો બરાબર જાગતો રખાય, તો એવા લાભની અનુમોદના કરાવાનું માંડી વળાય. એવી અનુમોદનામાં સરાસર એ મૂર્ખાઈ દેખાય કે 'એ લાભમાંથી મને કશું મળવાનું નહિ, ને હું એની અનુમોદના કરી એની પાછળનાં અઢળક પાપ માથે લઉં ?'

એવી પોતાની એવી કમાઈ પર આ પણ મૂર્ખાઈ દેખાય કે 'એક વાર તો પાપો સેવીને આ લાભ કમાઈ લાવ્યા, પરંતુ હવે પાછું એની અનુમોદના-રાજીપો કરી કરીને, જેમ ફરી ફરી પાપ સેવનથી નવાં નવાં પાપો ચડે એમ વારંવારં નવાં પાપો માથે ચડાવું ?'

બસ, વાત આ છે કે પાપાચરણ પર પોતાને યા બીજાને કોઈ ધન વગેરેનો લાભ થયો દેખાયો, તો પછી એ લાભની ઉપર વારે વારે રાજીપો કરવા જેવો નથી; કેમકે એવા લાભનો રાજીપો એટલે એના અસત્ ઉપાય પર રાજીપો; અને એથી સમયે સમયે અઢળક કર્મબંધ ! જીવ અસંખ્ય વરસોનાં નરકાદિ જેવાં પાપકર્મ કેમ ઉપાર્જે છે ? એમાં આ પણ એક જબરદસ્ત કારણ છે કે આ ટૂંકાશા જીવનમાં પણ સ્વ કે પરના ધનલાભ ઉપર વારે વારે ખુશી થાય છે, અને એમાં પાપઉપાયોની છૂપી અનુમોદના કરી કરી સમયે સમયે જંગી કર્મબંધ કરે છે. ત્યારે વિચારો કે આ દુન્યવી ધનલાભ વગેરે એ કેવા મોટા રાક્ષસ, કે જે જીવને લોભાવે કે 'તું આ જા ફસા જા, મારા પર મનથી આવ ને,' પછી જીવની પુણ્યાઈ નિચોવાઈ અઢળક કર્મબંધની પીડા ઊભી થાય ?

**પ્ર.**- આવું તો અમારા જીવનમાં ડગલે ને પગલે ચાલે છે, તો એમાંથી શી



રીતે બચાય ?

**ઉ.- બચવાનો એક મહાન ઉપાય આ, કે સમ્યગ્ ધર્મશાસ્ત્રોનું વારંવાર શ્રવણ અધ્યયન અને રટણ-મનન કરવું.** એથી (૧) જીવમાં મૂળમાં એવા ધનલાભ તરફ જ નફરત વૈરાગ્ય જાગતો રહે, જેથી એની અનુમોદના ન થાય; તેમજ (૨) પાપ ઉપાયોની ભારે ગ્લાનિ રહ્યા કરે; તેથી એની ય અનુમોદનાનું નામ ન રહે. વળી (૩) ચિત્ત શાસ્ત્ર વાતોમાં પરોવાયેલું રહેવાથી એવી પાપઅનુમોદના વગેરેના ખોટા વિચાર કરવા માટે નવરું જ ન પડે. બસ, **વારંવાર ચાલતી પાપ અનુમોદનાથી બચવા ત્રણ ચીજ, ૧. વૈરાગ્ય, ૨. પાપઉપાયોની ભારે ગ્લાની, અને ૩. શાસ્ત્રરટણ.**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૩૭,તા.૨૦-૬-૧૯૭૦**

આ ઉપરથી સમજી શકાશે કે જો શાસ્ત્ર-વ્યવસાય હાથમાં નથી તો એ કેટલું મોટું જોખમ છે ? શ્રાવક જીવન પૈસાપ્રધાન યા સુખપ્રધાન બનાવવામાં, અને સાધુજીવન માનપાનપ્રધાન કે સગવડપ્રધાન બનાવવામાં ચિત્ત એમાં જ રોકાયેલું રહે છે; તેથી પાપાનુમોદના કેટલી ચાલે ? મહા પુણ્યે તીર્થંકરપ્રભુનાં શાસ્ત્ર મળ્યાં છે, તો જીવનમાં એનું શ્રવણ-અધ્યયન અને રટણ-મનન મુખ્ય કરી આત્માને પેલા પારાવાર પાપઅનુમોદનાના વિચારથી બચાવી લેવો જોઈએ. નહિતર નવરું મન જે ધનમાલ-ખાનપાન-સત્તાસન્માનાદિના રસવાળું છે, એના ઉપાયોની પાપી અનુમોદના કર્યા કરશે.

લોભદેવ બિચારો મિત્રદ્રોહ-મિત્રનાશનું ઘોર પાપ કરી હવે એના ભાગનાં રત્નો પોતાને મળશે એના પર રાજી થઈ થઈ અઢળક પાપકર્મોનો પ્રવાહ પોતાના આત્મામાં વહેતો કરી રહ્યો છે. પાસેવાળાને ચાલબાજીથી ઠસાવી દીધું કે 'મિત્ર અચાનક સમુદ્રમાં પડી ગયો અને મગરમચ્છ એને ગળી ગયો ! એટલે હવે એની તપાસ પણ કરવાની રહી નહિ.'

**ત્યારે શું જગત પર પાપીઓનું ચાલે છે ? ના, કુદરતમાં અંધેર નથી, કદાચ દેર (વિલંબ) હોય એમ બને.**

**દરિયામાં ધકેલાયેલ ભદ્રશેઠનું શું થયું ?**

પરંતુ અહીં તો દેર પણ ન થઈ. એ કેવી રીતે એ જુઓ. પેલો ભદ્રશેઠ લોભદેવના ધક્કે સમુદ્રમાં ઊંધે માથે પડ્યો. મહાસાગરમાં આમ પડે એટલે ? કેટલેય અંદર ડૂબ્યો, પાછો ઉપર આવ્યો, વળી ડૂબ્યો ને ઉપર આવ્યો, સાગરના મોજાંઓના ધક્કે ચડ્યો. એમાં એક મોટા મગરમચ્છના ચાટવામાં આવ્યો, તે મગરમચ્છે એને

સીધો મોંઢામાં જ લીધો. ઊંચે મોટા વહાણના ઝરૂખેથી અચાનક સમુદ્રમાં પટકવામાં શિથિલ બનેલા એને જોમ જ ક્યાં હતું કે મગરમચ્છનો સ્પર્શ થતાં તરીને દૂર ભાગે ? મગરમચ્છનાં મોંઢામાં મૂકાતાં બિચારો ભદ્રશેઠ મચ્છની દાઢો વચ્ચે દબાયો અને ચવાયો. એ વખતે એને પારાવાર અસહ્ય વેદના થઈ. ગાડીનું બારણું બંધ કરાતાં આંગળીનું એક ટેરવું પણ જો વચ્ચે આવી જાય છે તો કેટલી જોરદાર વેદના થાય છે ? તો આખું ને આખું શરીર મોઢું-માથુંને મર્મસ્થાનો મગરમચ્છની દાઢો વચ્ચે જામફળની જેમ ચવાય એની પીડા-વેદના કેટલી ભયંકર ઊઠે ?

આમ મગરમચ્છની દાઢો વચ્ચે આખા ને આખા ચવાવાની ઘોર પીડા તો મૃત્યુ ન આવે ત્યાં સુધી બે-ચાર મિનિટ; પરંતુ એ સાંભળતાં ય આપણને કમકમી ઊપજે છે. ત્યારે વિચારો કે નરકગતિમાં અસંખ્ય વરસો સુધી સતત આવાં ચર્વણ-છેદન-દહન વગેરે વેઠતાં જીવને કેટલી ભયંકર વેદનાઓ ઊઠતી હશે ? **એવી નરકની વેદનાઓમાં આપણો જીવ ભૂલેચૂકે ન મૂકાઈ જાય એની ઈચ્છા તો છે, પણ કાળજી રહે છે ખરી ? એવી પાપ કરણી અને વિચારણાનો ત્યાગ ખરો ?**

**નરકગતિનાં કારણો :-**

ભૂલશો નહિ, નરકમાં જવાની ઇચ્છા ન હોવા માત્રથી સરતું નથી, પરંતુ ત્યાં ન જવાય એવી કાળજી પણ જોઈએ; અને એ કાળજી એ, કે નરકમાં લઈ જનારા આશ્રવોથી ભારે ચીવટપૂર્વક આઘા રહેવાય. એ આશ્રવો આ, કે મહા આરંભની બુદ્ધિ, મહા-પરિગ્રહની બુદ્ધિ, હિંસા-જૂઠ-ચોરી-સંરક્ષણનું રૌદ્રધ્યાન, તીવ્ર કૃષ્ણલેશ્યા, અનંતાનુબંધીના ક્રોધાદિ કષાય, અનંત જીવો હોવાનું જાણવા છતાં હોંશપૂર્વક અનંતકાયનાં ભક્ષણ, માંસાહાર, ઘોર વિષયાંધતા...વગેરે નરકના દ્વાર છે. એના દ્વારા નરકગતિમાં વેઠવા પડે એવાં પાપ ઊભાં થાય.

**બસ, નરકમાં ન જવાની કાળજી એટલે આ આશ્રવો ન સેવવાની તકેદારી.**

**એકેક આશ્રવે નરકના દાખલા**

રાખો છો ને આ તકેદારી ? ધ્યાનમાં રહે આ આશ્રવ ભેગા થઈને જ નહિ, કિન્તુ એમાંના એકની પણ હયાતી નરકનાં કર્મ બંધાવવા સમર્થ છે. (૧) મમ્મણશેઠ મહાપરિગ્રહબુદ્ધિથી સાતમી નરકે ગયો. ત્યારે (૨) રાજગૃહીનો ભિખારી હિંસાના રૌદ્રધ્યાનથી ત્યાં જ ગયો. (૩) તો ચક્રવર્તીનું સ્ત્રીરત્ન ઘોર વિષયાંધતાથી છઠ્ઠી નરકે જાય છે. (૪) તંદુલિયો મચ્છ મહાઆરંભનું સેવન નહિ, પરંતુ ખાલી એની બુદ્ધિ કરવાથી નરકનાં ભાતાં ભેગાં કરે છે. (૫) સુભૂમ ચક્રી અનંતાનુબંધી લોભકષાયમાં સાતમીમાં જઈ પડ્યો. (૬) બ્રહ્મદત્ત ચક્રવર્તી આંધળો બનેલો ગૂંદાના ચીકણાં બીજને બ્રાહ્મણોની આંખો સમજી એને બે હાથે ચોળવાની તીવ્ર કૃષ્ણલેશ્યામાં



પડ્યો, બીજી બાજુ આંધળો બનેલો એ પટ્ટરાણી કુરુમતીના તીવ્ર રાગમાં ફસ્યો 'હે કુરુમતી ! હે કુરુમતી !' કરે છે. એમાં નરકનાં ભાતાં ભેગા કર્યા. (૭) વસુરાજા જાણીને જૂઠ બોલતાં દેવતાથી પટકાયો, ને મરીને નરકમાં પહોંચ્યો. (૮) નાગદત્ત શેઠનો બાપ બોકડો થઈ એને પોતાની દુકાન-દીકરો જોઈ જાતિસ્મરણ જ્ઞાન થયું છે પરંતુ ધર્મની સૂઝ નથી આવતી. તે દીકરાનાં હાથે ન બચાવાતાં તે કસાઈના હાથે મરાતાં રૌદ્રધ્યાનમાં ચડી પહેલી નરકમાં મૂકાયો.

**નરકના આશ્રવ આજે કયાં કયાં :-**

કેટલા દાખલા જોઈએ છે ? ઘરકામમાં, વેપારમાં પરિવારસંગમાં મોજશોખમાં, બહારના વ્યવહારમાં કે જગતના પ્રસંગોમાં કોઈ રૌદ્રધ્યાન, કોઈ કાળી લેશ્યા, કોઈ મહાઆરંભની અનુમોદના બુદ્ધિ, મહાપરિગ્રહની અનુમોદનાબુદ્ધિ, કોઈ ક્રોધાદિ અનંતાનુબંધી કષાય, તીવ્ર કામરાગ વગેરે જાગવાનો સંભવ ઊભો થાય છે. ત્યાં એમાં બીલકુલ ન ફસવાની કાળજી કેટલી રહે છે ?

**આજના સિનેમાઓ અને છાપાં નરકના આશ્રવ સેવવાની ભરચક સામગ્રી પૂરી પાડે છે.**

ઝીણવટથી અને માનસિક લાગણીનાં વિશ્લેષણથી તપાસો તો ખ્યાલ આવશે. નરકમાં જવાની ઇચ્છા નથી, તો આ આશ્રવસ્થાનોથી બચવાની કાળજી કેટલી છે ? કાળજી નહિ હોય તો નરકની ઘોર વેદનાથી કેમ બચાશે ? કર્મને શરમ નથી.

ભદ્રશેઠ બિચારો આખોને આખો મોટા મગરમચ્છના ગુફા જેવા મોંઢામાં દાઢો વચ્ચે ચવાય છે. ઘોર વેદનાનો પાર નથી. પણ કર્મે દીધી પીડામાંથી કોણ બચાવે ? દુર્જન મિત્રના સંગે દાક્ષિણ્ય અને લોભમાં પડ્યો, પુણ્ય ખૂટી ગયું, ઘોર પાપ ઉદયમાં આવ્યું, તે મિત્રથી સમુદ્રમાં પટકાતાં મગરમચ્છની દાઢો વચ્ચે ચવાઈ ચવાઈને મર્યો.

**ભદ્રશેઠ મરીને ક્યાં ? :-**

છતાં ભદ્રશેઠ એટલો ભાગ્યશાળી કે આ વખતે એને રૌદ્રધ્યાન ન થયું, તીવ્ર કાળી લેશ્યા ન થઈ, નહિતર અહીં ભયંકર વેદના સહવા છતાં મરીને પેલા બોકડાની જેમ નરકમાં પટકાત. તેમ એવી કોઈ ઊંચી શુભ લેશ્યા નથી, પોતાના દુષ્કૃત્યની-કર્મની ગર્હા ઉચ્ચ ક્ષમાભાવ અને અંતિમ આરાધના નથી કે જેથી ઊંચા વૈમાનિક દેવલોક જેવામાં જાય. છતાં પણ ભદ્રક ભાવે અકામનિર્જરા બહુ કરી, તેથી મરીને એ વ્યંતરનિકાયમાં અલ્પ ઋદ્ધિવાળા રાક્ષસ તરીકે જન્મ્યો.

**'અકામનિર્જરા' એટલે** સહવાનું આવે ત્યાં સ્વેચ્છાએ નિર્જરા યાને કર્મક્ષય કરવાની કામના નહિ, પણ સહવાનું આવ્યું એ તીવ્ર દુર્ધ્યાન વિના પરાધીનપણે

સહી લે. એવી અકામનિર્જરાનો પણ કેવો મહિમા છે ? પરંતુ ત્યાં જો તીવ્ર હાયવોયનું આર્તધ્યાન કે સામાને મારવાનું રૌદ્રધ્યાન આવ્યું તો તો તિર્યંચ-નરકગતિ ભેટવા તૈયાર છે. પછી અહીં કોઈ વેદના-અપમાન-અપયશ વગેરે સહવાનું ભલે બહુ મોટું ન હોય, કિન્તુ મન જો એ હાયવોય-હિંસાદિના દુર્ધ્યાનમાં પડે તો કર્મને શરમ નહિ, તિર્યંચગતિ-નરકગતિનાં કર્મ ચોંટ્યા જ સમજો; ને કર્મ ત્યાં તાણી જાય, એમાં અહીંના મોટા ચમરબંધીનું ચાલે નહિ.

**જીવન જીવતાં ક્ષણે ક્ષણે આ હાયવોય અને હિંસા વગેરેનાં ચિંતન-દુર્ધ્યાનથી બચવા સાવધાન રહેવાનું છે.**

ભદ્રશેઠ તીવ્ર વેદનામાં પણ એવા દુર્ધ્યાનથી બચ્યો, અને મરીને રાક્ષસ થયો. રાક્ષસ એટલે દેવતા. એને અવધિજ્ઞાન યા વિભંગજ્ઞાન જનમથી હોય. એ જ્ઞાનથી એણે જોયું કે 'હું ક્યાંથી આવ્યો ?' એમાં દેખાયું કે 'લોભદેવે દ્રોહ-કપટ કરી પોતાને સમુદ્રમાં ધકેલ્યો, અને પોતે મગરમચ્છના જડબા વચ્ચે ક્રૂરપણે ચવાઈ ઘોર વેદના ભોગવી મરીને અહીં આવ્યો.' આ દેખાતાં એને લોભદેવ પ્રત્યે પારાવાર ગુસ્સો ચડ્યો. એના મનને થયું 'અરે ! દુરાત્માએ મને સમુદ્રમાં ફેંક્યો ? કેટલું એનું સાહસ ? એણે મારો એના પર અત્યંત સ્નેહ ન ગણકાર્યો ? મારો ઉપકાર હિસાબમાં ન લેખ્યો, ને મારી સજ્જનતા તરફ પણ ન જોયું ? ખરેખર ! **સજ્જન દુર્જનને ભારોભાર ઉપકાર જોખી આપે, છતાં દુર્જનનો સ્નેહ સહેજ તાપથી હળદરના રંગની જેમ ઊડી જતાં વાર નથી લાગતી.** આ દુષ્ટ માણસે કેટલી ભયંકર ક્રૂરતા અને દ્રોહ કર્યો ?'

આમ વિચારતાં રાક્ષસને ક્રોધાગ્નિ ભભૂક્યો. વિચારે છે કે 'અરે ! આ પાપીએ ધાર્યું કે હું આને સમુદ્રમાં પાડીને એકલો જ બધી મૂડી અને કમાઈ લઈ લઉં. પરંતુ હવે હું એવું કરું કે આ અનાર્યને આમાંનું કશું ન રહે.'

**ગુનેગારનો પણ દોષ વિચારતાં મન દ્વેષમાં ગુસ્સામાં અને દુષ્કૃત્ય કરવાના ચિંતનમાં ચડે છે.**

તો એવા ચિંતનથી થતા પાપકર્મોનો બંધ હવે કોને ભોગવવાનો ? ગુનેગારને નહિ; એ તો ભલે પોતે બિન ગુનેગાર છતાં પણ એવું ચિંતન, દ્વેષ અને દુષ્કૃત્ય સેવનારને જ ભોગવવો પડે. એનો અર્થ એ કે બીજાના ગુના પર સજા પોતે વહોરે છે. બનનાર બની ગયું, હવે એ ન બનવાનું થવાનું છે ? ના, તો નાહક મન બગાડવાની અને હિંસાદિ પાપકાર્ય આચરવાની શી જરૂર ? પરંતુ જીવને કષાય આંધળો બનાવે છે, તે આ કશું દેખવા ન દે. માટે એવા ક્રોધ અભિમાન વગેરે કષાયથી ચેતવા જેવું છે.



**બીજાના ગુના પર પોતાની માલિકીના મનને બગાડવાની મૂર્ખાઈ કરવા જેવી નથી. મન આપણી માલિકીનું છે, ને એને બીજાના ગુના પર આપણે બગાડીએ ?**

**લોભદેવના દારુણ હાલ :-**

ભદ્રશેઠ રાક્ષસ બની ક્રોધમાં ભૂલો પડે છે. એણે દિવ્યશક્તિથી એકદમ એવો જોરદાર વાવંટોળ ઊભો કર્યો કે એથી સમુદ્રને ઊછળતો કર્યો, એમાં પહાડ જેવા મોટાં મોજાં ઊંચા ચડે છે, ને નીચે પટકાય છે. ઉપર વાદળના ધમધમાટ મચાવ્યા. પવનના ઝપાટા મોટા મત્સ્ય, મગર, અને વહાણને ઉછાળે છે. બસ વહાણ હિંડોળે ચઢ્યું. સઢ ફાટી ગયો, થાંભલા તૂટ્યા, પાછું ઉપરથી પત્થરો ઝીકાય છે, વીજળી ઝબૂકે છે, ઘોર ગર્જારવ થાય છે, આકાશ જાણે ફાટી પડે છે ! ભારે તોફાને ચડેલા મહાસાગરે પ્રલયકાળનું વિકરાળ રૂપ ધારણ કર્યું. બસ, એમાં વહાણ બહુ ઊંચે ઊછળીને ઠેઠ નીચે પટકાય છે.

બિચારો વહાણમાં બેઠેલ લોભદેવ અને માણસોના હૈયે ભય-ફડફડાટ અને ગભરામણ કેવી ! વીજના ચમકારા, વાદળોના મોટી શીલાઓ તૂટવા જેવા ગડગડાટ, સમુદ્રનાં મોજાનું ડુંગર જેટલા ઊંચા ઊછળી નીચે પછડાવું, એની સાથે વહાણનું પણ એટલે ઊંચે ચડી ધબ નીચે પછડાવું, જાણે પ્રલયકાળ આવ્યો,...આમાં તો પ્રાણ ઊડી ગયા જેવું લાગે.

**રક્ષણની પ્રાર્થના :-**

હવે અહીં કોઈ માનવી શક્તિ તો બચાવી શકે એવું દેખાતું નથી, એટલે શું કરે ? એ વખતે સાર્થવાહ લોભદેવ ખિન્ન બની ગયો. લોક તો અશરણ-અનાથ-નિરાધાર જેવા થઈ ગયા, તેથી એ નારાયણનો સ્તવપાઠ ભણે છે; ચંડિકાની સ્તુતિ કરે છે, એની પૂજા-યાત્રા માને છે, શંકરની યાત્રા માને છે. 'ઉપદ્રવ ટળે તો આટલા બ્રાહ્મણોને જમાડીશું' એમ માન્યતા કરે છે. આકાશ સામે જોઈને ડાકિની-શાકિની વગેરે માતાઓ સૂર્યો, યક્ષ, વગેરેને ઉદ્દેશીને દીનતાથી હાથ જોડી કરગરતા કહે છે, 'હે દેવો ! યા હે દાનવો ! અમારાથી શું પાપ થયું છે ? અથવા તમે કેમ કોપાયમાન થયા છો ? હવે તો તમારી મહેરબાની યાચીએ છીએ. તમારી મહેરબાનીની જ એક આશા છે. અમે અશરણ છીએ, નિરાધાર છીએ. તમે બચાવો, બચાવો, હે દેવતા ! બચાવો.'

પરંતુ જ્યાં કર્મ વિફર્યાં હોય ત્યાં દેવને પણ શાની દયા આવે ? દેવતા દયાળુ નથી એમ નહિ; કિન્તુ આ લોભદેવ અને એની સાથેના માણસોનાં અશુભ કર્મના ઉદય દેવને ય દયા આવવા દે એમ નથી. એટલે એ લોકો જ્યારે કરગરીને રોતાં રોતાં કરુણ સ્વરે અરજી ગુજારે છે, ત્યારે ત્યાં દેવતા ઉત્પાતને વળી વધારે છે.

**ઉત્પાત કેવા કેવા ભયંકર થાય છે !**

દેવશક્તિથી ત્યાં વેતાલો જાણે આ માનવશિકાર ખાવાના મળ્યા એમ એના હરખનો કિલકિલાટ મચાવે છે, અને જોગણીઓ નાચ કરે છે ! ત્યારે મોટી ડાકિનીઓ મોંની ગુફામાંથી અગ્નિની જ્વાળાઓ બહાર કાઢે છે, અને પહોળા મોંના મોટી કરવતી જેવા દાંતની પંક્તિઓ 'હમણાં ખાઉં એમ વિકરાળતા બતાવી રહી છે; સાથે એ ડાકિણિઓ ભૂખી માંસખાઉ શિયાળણીઓ જેવા ભયંકર અવાજ કરી રહી છે. તો બીજી બાજુ ગીધડાની ફોજ ઊતરી પડેલી મડદા મળવાના હરખમાં નાચતી હસતી દેખાઈ રહી છે ! આકાશ ચારે બાજુ અગ્નિની જ્વાળાઓથી વ્યાપ્ત થઈ ગયું છે, તે એવું કે જાણે એણે દુનિયાનો બીજો માર્ગ જ રુંધી લીધો છે !

ચારે બાજુના આ દશ્યથી ભયનો અને કંપ-ફડફડાટનો પાર નથી. 'શું થશે ?' એવી ભયંકર ગભરામણમાં પડેલા એ લોકોને પેલો દેવ આકાશમાં મહા રાક્ષસનું રૂપ બતાવી પ્રલયકાળના ભયંકર મેઘના ગડગડાટ સાથે કહે છે,

**રાક્ષસની ભયંકર વાણી :-**

'રે રે દુરાચારી ! પાપી ! ક્રૂરકર્મ કરનારા નિર્દય લોભદેવ ! તું પેલા બિચારા નિરપરાધી ભદ્રશેઠને દરિયામાં ફેંકી દઈ મારી નાખીને હવે નિરાંતે એની ને તારી બધી સંપત્તિ લઈ ખુશ થતો આગળ જઈ રહ્યો છે ? અરે ! હવે તો તારો કાળ આવી લાગ્યો છે, તું જીવતો શાનો જાય ? પાપાત્મા ! તને તો ભદ્રશેઠે પોતાને ત્યાં આશરો આપ્યો, વેપારમાં સહાય કરી, તેમ રત્નદ્વીપે એને આવવું નહોતું છતાં તારી શરમે એણે તને સાથ આપ્યો, અને તારા પર ભારોભાર વિશ્વાસ મૂકી તને બધી રીતે અનુકૂળ થયો. આવા સરળ ઉપકારી એક સજ્જનની સામે રે દુષ્ટ ! આટલો ભયંકર વિશ્વાસઘાત કર્યો કે લાવો હિસાબ મેળવીએ એવું બહાનું કાઢી એને બિચારાને ઝરૂખે ચડાવી ભયંકર દરિયામાં ધકેલ્યો ? ચંડાળ ! લે હવે તારા કર્મનું ફળ જો.'

**વહાણ સો જોજન ઊંચે ઊછળી નીચે :-**

એમ મહાકાય રાક્ષસે ગુસ્સામાં રાડ પાડી સંભળાવી ને પછી પોતાના ભારે મોટા હાથથી આખું વહાણ ઊંચક્યું, ઊંચકીને ગગનમાં ઊછાળ્યું, તે એટલા દૈવી જોરથી, કે આકાશમાં વહાણ સો જોજન ઊંચે ઊછળ્યું ! કેમ જાણે પાતાળમાંથી કોઈ અસુરનું વિમાન ઊંચે ઊપડ્યું ! પછી એને નીચે ધકેલ્યું તે જાણે સાગર પર કોઈ શીલાખંડ પડે એમ વહાણ સો યોજન ઊંચેથી નીચે સમુદ્ર પર પછડાયું વહાણના ફુરચા ઊડ્યા. ખલાસીઓ અને પરિવાર બધા ખતમ થયા. દૈવી પ્રકોપમાં શે બચે ?

ભદ્રશેઠ કંઈક કોમળ ભાવમાં મર્યો તે સ્વર્ગગતિ તો પામ્યો, પરંતુ ત્યાંના



દિવ્ય જ્ઞાને એને જે પૂર્વ ભવ દેખાડ્યો, લોભદેવનું કારસ્તાન દેખાડ્યું, એણે શો સાર કાઢ્યો ? કષાયની હોળી સળગાવી. લોભદેવના ગુના પર એનો વહાણ સહિત નાશ કરવામાં નિર્દોષ એવા ખલાસીઓ અને પરિવારની પણ દયા ન આવવા દીધી, અને એમનો નાશ સરજાવ્યો.

**કષાય આંધળો છે, નિર્દોષને ય ન જોવા દે,**

**જગતની સંપત્તિઓ કેમ અસાર ? :-**

ભદ્રશેઠને રૂડો દેવભવ મળ્યો, રૂડું દિવ્યજ્ઞાન મળ્યું, પરંતુ એણે આ ઘોર હત્યાકાંડ મચાવ્યો. દિવ્યજ્ઞાનથી જાણીને ગુસ્સો ચડ્યો અને દેવતાઈ શક્તિથી વહાણના ભયંકર રીતે ફુરચા ઉડાવ્યા ! ત્યારે વિચારવા જેવું છે કે જગતની મહાન પણ સંપત્તિ પ્રાપ્ત થાય એથી સદ્બુદ્ધિ અને કલ્યાણ માર્ગ જ સૂઝે એવું ક્યાં રહ્યું ? અહીં તો ઊલટું એના જ દ્વારા અત્યંત ગુસ્સો અને ભયંકર હિંસાનાં દુષ્કૃત્ય સેવાયાં. સંસારની સંપત્તિઓ, આટલા જ માટે જ્ઞાનીઓ કહે છે, અસાર છે; એ જીવના અંતરમાં દુષ્ટ બુદ્ધિ અને તન-મનથી દુષ્ટ કાર્યો જગાવે છે; જેથી પછી જીવને એ કરીને ઉપાર્જેલાં પાપાનુબંધી અશુભ કર્મોના લીધે દુર્ગતિના અનેક દુઃખદ ભવોમાં ભટકવું પડે તો પછી (૧) આ પરિણામ લાવનારી દુન્યવી સંપત્તિ-હોશિયારી-માનપાન વગેરેમાં શું રાચવાનું ? શું ખુશી થવાનું ? વળી (૨) શી એની ઝંખનાઓ કરવાની ? અને (૩) બીજાને એ સારી મળી પણ આપણને ન મળી તો એમાં મનને ઓછું શું લાવવાનું ?

કોઈની મોટર કોઈનો બંગલો અને કોઈનો ધીકતો ધંધો જોઈને દૂબળા પડો છો ને ? પેલાને ભાગ્યશાળી અને જાતને કમનસીબ માનો છો ને ? પોતાને ન મળ્યું એટલે મનને ઓછું આવે છે ને ? માટે તો પેલાની સંપત્તિ વર્ણવતાં તમને મોંમાં ફીણ આવી જાય છે, અને જાત માટે રાંકડાગીરી બતાવાય છે. શા સારુ આવા દૂબળા પડો છો ? **શા સારુ પાપસંપત્તિ કે જે એના માલિકને શ્રાપરૂપ બની રહી છે એના પર ઓવારી જઈ જાતે રાંકડા થાઓ છો ?**

**દુન્યવી સંપત્તિની ભયાનકતા :-**

દુન્યવી સંપત્તિઓ (૧) ઝેરના લાડુ જેવી છે, (૨) મ્લેચ્છના ઘરના બકરાને અપાતી લહેર જેવી છે. (૩) માખીને ચિટકાવનાર મીઠાં શ્લેષ્મ જેવી છે, (૪) ઊડતી જીવાતને લલચાવનાર મીઠામધુરા મધ જેવી છે. ઝેરના લાડુ ખાધો કે મર્યા ! મ્લેચ્છના સારા પોષેલા બકરાના એક વાર કપાઈને બેહાલ ! શ્લેષ્મમાં ફસેલી માખીનું ગૂંગળાઈને મોત ! મધમાં ચીપકેલી જીવાતનો સર્વનાશ ! એમ દુન્યવી સંપત્તિમાં ફસેલાને પુણ્યાઈ ખતમ, ક્ષમાદિનું દેવાળું, દુષ્કૃત્યોની હારમાળા,

અને અંતે દુઃખદ મોત. પછી કેમ ? ચોરાશી લાખના ચક્કરે ચડવાનું. આવી સંપત્તિના ન તો અભિમાન અને ન આસક્તિ કરવા જેવા; કે ન એના ઓરતા સેવવા જેવા, આપણને એ ન મળ્યાનું કશું દુઃખ કરવા જેવું નહિ; લેશ પણ દૂબળા પડવા જેવું નહિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૩૮,તા.૨૭-૬-૧૯૭૦**

**પ્ર.**- પણ સંપત્તિ હોય તો સારાં સુકૃતો થાય ને ?

**ઉ.**- સુકૃતો કેવાં અને કેટલાં થાય એની તો કોને ખબર છે ? બાકી એ સંપત્તિ પર અનાદિ સિદ્ધ રોફ-રોષ-આસક્તિ અને મહા આરંભસમારંભાદિ દોષ-દુષ્કૃત્યોની ફોજ ઊતરી પડશે. જુઓ ભદ્રશેઠ દેવ થયો અને દિવ્યજ્ઞાન અને દેવતાઈ શક્તિની સંપત્તિ મળી. એનાથી એણે શું કર્યું ? લોભદેવ પરના ગુસ્સામાં એનાં વહાણને ભયંકર રીતે તોડી બિનગુનેગાર એના પરિવાર અને ખલાસીઓને ભારે ભયવિહ્વળ કરી દરિયામાં ડૂબાડ્યા.

મૂળ લોભદેવના પાપે આશ્રિતોના કેવા બેહાલ ? પાપ કરતાં વિચાર જોઈએ કે 'પાપથી હું તો મરીશ, પણ એના છાંટા ઊડવાથી બીજા પણ બિચારા મરશે. માટે બીજાઓની રક્ષા ખાતર પણ પાપ ન સેવું.' પરંતુ મૂઢતા આ વિચાર નથી આવવા દેતી, કેઈ મૂઢ માબાપો પોતાના તીવ્ર સંસારરસના પાપમાં સંતાનોનું ય નિકંદન કાઢે છે.

લોભદેવનો પરિવાર મર્યો; ત્યારે લોભદેવને હજી અહીં ભયંકર વેઠવાનું બાકી છે ને તરવાનું બાકી છે તે સમુદ્રમાં પડતાં એના હાથમાં ગમે ત્યાંથી એક પાટિયું આવી ગયું. પાટિયાને એ વળગી પડ્યો તેથી ડૂબ્યો તો નહિ, પરંતુ એથી સમુદ્ર પાર શી રીતે કરે ?

હવે એને વિચાર આવે છે કે

**બચેલા લોભદેવની વિચારણા :-**

'અરે ! આ મને કેવો ભયંકર નતીજો મળ્યો ? મેં ભદ્રશેઠને દરિયામાં ફેંક્યો, તો આ મારો કેવો સર્વનાશ આવીને ઊભો ? ખરેખર;

**जं जं करेंति पावं पुरिसा पुरिसाण मोहमूढमणा ।**

**तं तं सहस्सगुणियं ताणं देव्वो पणामेइ ॥'**

(અર્થાત્) માણસો બીજાની પ્રત્યે જે જે પાપ કરે છે, તેનાથી હજારગુણું ફળ દૈવ એમને દેખાડે છે.



આનો અર્થ એ કે બીજાની પ્રત્યે દ્રોહ-વિશ્વાસઘાત-અપમાન-તિરસ્કાર-લૂંટ-પીડા વગેરે આચરવામાં સૂતેલા સાપને જગાડવા જેવું છે, સૂતેલા દૈવને આપણી પ્રત્યે જ દ્રોહ-અપમાન-પીડા વગેરે ઊભી કરવા જાગતું કરવા જેવું છે. તે પણ આપણે આચર્યા કરતાં કેઈ ગુણી પીડા. કુદરતનો કાનૂન છે કે એક ઘઉંનો દાણો વાવો, એટલે ૨૫-૫૦ દાણા મળે. એમ **વિષવૃક્ષના એક બીજમાંથી ઢગલો વિષફળ નીપજે.**

આ જો ધ્યાનમાં રહે તો બીજા પ્રત્યે અમૈત્રી વૈર-વિરોધ-કઠોરતા-દ્વેષ-ઈર્ષ્યા વગેરે સેવતાં વિચાર પડે કે 'આમ કરવાથી તો પછી કુદરત મારી જ સામે બીજા અનેકોના વૈર-વિરોધ ઈર્ષ્યા-કઠોરતા-દ્વેષ વગેરે લાવશે. માટે મને મૈત્રી-કરુણા-પ્રમોદ જ રાખવા દે; સાધર્મિક વાત્સલ્ય-સન્માન જ કરવા દે; કોઈનું ય અપમાન તિરસ્કાર કે બૂરું કરવાનું, તેમ એને ઉતારી પાડવાનું યા એની હલકાઈ ગાવાનું ન કરું આ વિચાર હોય તો મળેલી ઉત્તમ મનશક્તિ-બુદ્ધિશક્તિ-જ્ઞાનશક્તિથી એવા દ્વેષ-ઈર્ષ્યા-પર અનર્થ ચિંતન વગેરે વિષવૃક્ષનાં બીજ રોપવાનું ન થાય. અને મળેલી વચન-તન-ધનશક્તિથી બીજાનું બૂરું બોલવા-આચરવાનું ન થાય. અંતરમાં પૂછો કે 'તારે બીજાઓ તરફથી શું જોઈએ છે ? દ્વેષ કે સ્નેહ ? દ્રોહ કે સારી સહાનુભૂતિ ? ક્રૂરતા કે કોમળતા ?' સારું જોઈએ તો પહેલાં સારું દો, સારું કરો. ઉત્તમ મન-વચન-કાયશક્તિના હિસાબે પણ સારું જ કરવા જેવું છે.

ભદ્રશેઠ બિચારો રાક્ષસદેવ થયો, દિવ્યજ્ઞાનશક્તિ અને દેવતાઈ બળશક્તિ મળી, ઉત્તમ મળ્યું છે છતાં એને આ વિચાર નથી એટલે પૂર્વની સ્થિતિ જાણીને એણો લોભદેવ પર ભયંકર દ્વેષ અને ઘોર અનર્થ કરવાનું વિચાર્યું, અને દેવતાઈ શક્તિથી એના વહાણ આખાને ઊંચે ઉછાળી નીચે પટકવાનું કર્યું, એમાં એના નિર્દોષ પરિવારને પણ ખતમ કરી નાખ્યો. મળેલી દિવ્ય પુણ્યાઈથી એણે શું સારું ઉપાર્જ્યું ? આ જગતમાં મળેલી પુણ્યાઈથી સારું આચરવું બહુ કઠિન છે. એવી પુણ્યાઈ મળ્યા પછી તો નરસું ઘણું આચરાતું દેખાય છે. માટે સાવધ રહેવા જેવું છે; ડગલે ને પગલે જોવા જેવું છે કે મારી બુદ્ધિશક્તિથી દ્વેષ-અમૈત્રી-વૈરભાવ તથા હિંસાદિ પાપો વિચારવાનું તો નથી કરતો ને ? મારી પુણ્યાઈથી બીજાની હિંસા કે અસત્ય-અનીતિ તથા અર્થ-કામની બાબતો બોલવાનું અને આચરવાનું તો નથી કરતો ને ?

**રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ? :-**

લોભદેવ પણ દરિયામાં પટકાયો ખરો, પરંતુ હજી એને અહીં જ કારમા દુઃખ જોવાનાં છે, તે એમ ડૂબી ન મર્યો, પરંતુ એના હાથમાં એક પાટિયું આવી

ગયું તે એને જીવવાની આશાએ વળગી પડ્યો. હવે એને વિચાર આવે છે કે ‘અરે ! મેં આ ભદ્રશેઠનું બૂરું કર્યું તો મને અહીં એનો કેવો આ બદલો મળ્યો ? એની મિલકત ખાવાનું તો બાજુએ રહ્યું પરંતુ મારી પણ મહાસંપત્તિ નાશ પામી, વહાણ તૂટ્યું, અને મારા વાંકે બિચારા ખલાસીઓ અને પરિવાર પણ સમુદ્રમાં ડૂબી ગયા.’

**‘ખરેખર ! બીજાની પ્રત્યે કરેલ પાપનું હજારગુણું ફળ દૈવ જીવના માથે પટકે છે.’**

એને પારાવાર ખેદ થયો, પણ રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું કે ‘હાય ! મેં ધણીની સેવા સંભાળ બરાબર ન કરી, પૈસાના લોભમાં સારા વૈદ-ડાક્ટરની દવા કરાવી નહિ, એ કેટલું ખોટું કર્યું ?’ આ ડહાપણ સ્ત્રીને રાંડ્યા પછી આવે એથી ધણી મરી ચાલેલો હવે થોડો જ પાછો આવે ? માટે જ ખરાબ પરિણામ આવતા પહેલાં જ માણસે ડહાપણ વાપરવું જોઈએ. ‘પાણી પહેલાં બાંધો પાળ,’ કહે છે ને ?

**દરિયામાં કોણ બેલી ? :-**

લોભદેવ પાટિયાના આધારે દરિયામાં મોજાંથી અહીં તહીં અથડાઈ રહ્યો છે. એને મગરમચ્છોના પૂંછડા અથડાય છે, બીજા જળચર જંતુઓ એનો સ્વાદ લે છે, એને બચકાં ય ભરે છે; સમુદ્રના કચરાના તારથી વીંટાય છે, શંખ-કોડા-પ્રવાલ વગેરેના જૂથ અથડાવાથી મુંઝાય છે. એના પર જળચર સાપના ફુંફાડાના ઝેર પણ ઊડે છે, જળચર પ્રાણીઓના નખ એના શરીરે ઘસાય છે. એવી કેટલીય પીડાઓ પામી રહ્યો છે અહીં એનો કોણ બેલી ? સંસાર સમુદ્રમાં ય એવું જ છે. બિચારો અશરણ-બળહીન બની લોભદેવ ભારે મુંઝવણ અનુભવી રહ્યો છે. ‘મારું હવે શું થશે ? આ મોટા જળપાટમાંથી છૂટી મને કિનારો મળશે કે કેમ ?’ એવી ભાવીની ચિંતા એના દિલને કોચી રહી છે. અહીં શરીરનું શું બળ કામ કરે ? ગમે તેટલી બુદ્ધિ-આવડત પણ આવા ઘોર સાગરમાં શી કામ લાગે ? અહીં શો આધાર મળે ? અ-બળ અ-મન અ-શરણ સ્થિતિ બની ગઈ છે.

**સંસાહરસમુદ્રમાં પણ જીવની આવી નિરાધાર દશા છે.** જ્યારે કર્મ રૂઠે છે ત્યારે જીવતા જીવને કોઈને શરણ નહિ, એની કોઈ અક્કલ-હોશિયારી કામ કરે નહિ, કોઈ બળ લેખે લાગે નહિ; અને અંતે મૃત્યુ વખતે તો જીવમાત્રને આ દશા આવીને ઊભી જ રહે છે. બીજાઓને મરતાં આવી અ-શરણ અ-બળ અ-બુદ્ધિની સ્થિતિ બન્યાનું નજરે જોયું હોય છે, છતાં નાદાન જીવને પોતાની એ દશા બનવાનું ખ્યાલમાં જ નથી આવતું, ચોંકવાનું નથી બનતું, દેવ-ગુરુ-ધર્મનો પહેલેથી જ



સહારો લેવાનું સૂઝતું નથી, નહિતર જીવનમાં સારી રીતે એ સહારો લેનારને જીવતાં આપત્તિ વખતે કે મૃત્યુની આપત્તિ વખતે કોઈ ક્લેશ નથી, અશરણ સ્થિતિ બનતી નથી, કોઈ મૂંઝવણ થતી નથી, એવું ય નજરે દેખાય છે. પણ મૂઢને પાણી આવતા પહેલાં પાળ બાંધવાનું નથી સૂઝતું.

**સમુદ્રમાં ઝોકું ય ન ખવાય એમ જીવનમાં ધર્મ મળ્યે... :-**

લોભદેવ ભારે ક્લેશ-કષ્ટ-મૂંઝવણ સાથે પાટિયાને વળગીને રહ્યો છે, સમુદ્રનાં મોટાં મોજાંઓ ઊછળવા સાથે એ ય ઊછળીને અહીંથી તહીં પટકાઈ રહ્યો છે. એવા એને સાત સાત રાત્રિદિવસ વીત્યા. એમાં કિનારો ક્યાં દેખાવાનો છે ? વળી કિનારા તરફ કોઈ મોજું એને હડસેલતું દેખાય, ત્યાં તો બીજા મોજાં એને પાછો કિનારાથી દૂર સમુદ્રની અંદરના ભાગમાં ઘસડ્યો જ છે ! અહીં એને ખાવાપીવા કાંઈ મળે ? ઊંઘવાનું મળે ? અરે ! એક ઝોકું પણ શાનું લઈ શકે ? ઝોકું આવે તો તો હાથ ઢીલા પડતાં પકડેલું પાટિયું બાથમાંથી છૂટી જ જાય ને ?

**મૂર્ખને સ્વાત્માનું હિત સાધવાની વાત આવે ત્યાં ખાવાનું ને પીવાનું, સુખશીલતા ને આરામનું સૂઝે છે !** ‘મારાથી ભૂખ્યા ન રહેવાય. કંદમૂળ અભક્ષ્ય ન છોડાય. દસ તિથિ બ્રહ્મચર્ય ન પળે. સવારે વહેલા ઊઠીને સામાયિક પ્રતિક્રમણ ન થાય, બે પૈસા ધરમમાં ન ખર્ચાય;’ આવાં બહાનાં કાઢતાં આ વિચાર આવે ખરો કે આ લોભદેવ જેવી કોઈ આપત્તિમાં મૂકાયો તો ત્યાં તારા શા બહાનાં કામ લાગશે ?

લોભદેવ સાત રાત્રિદિવસ સમુદ્રમાં ભૂખ્યો તરસ્યો અને ઉજાગરા ઉપરાંત અનેક કષ્ટોમાં કૂટાતો અંતે કિનારો દેખવા પામ્યો. એક મોજાંએ એને કિનારે હડસેલ્યો. કિનારાની ઉપર પહેલાં તો અસ્વસ્થ થઈને પડ્યો. ઠંડા પવનની લહેરીથી સ્વસ્થતા આવી, ઊભો થયો, જુએ છે કે કોઈ આ અજાણ્યો દ્વીપ લાગે છે. મનને એમ થાય છે કે ‘હાશ ! દરિયામાં ડૂબતો તો બચી ગયો. તો હજી ભાગ્ય જાગતું છે. ચાલો ઠેકાણું પડશે.’

**આશાના દાસની દુર્દશા :-**

માણસ આશાના તંતુએ મોટા પહાડ ચડવા ઇચ્છે છે. પણ એને ક્યાં ખબર છે કે એ તંતુ તૂટતાં વાર નહિ લાગે. પૂર્વના જીવનોમાં કેઈ આશાના તાર તૂટી ગયા, અને આ જીવનમાં ય કેટલાય તાર તૂટ્યાના અનુભવ હશે, છતાં અજ્ઞાન જીવ હજી આશા છોડવા તૈયાર નથી. આશાની ગુલામીમાં એવું દોડવું છે કે જે એને પાછી મોટી પછાડ ખવરાવનારી હોય. પણ એ કાંઈ વિચારવું નથી એટલે આશાના માર્યા આની ને તેની ચાપલૂસી કરવી છે; આનંદઘનજી કહે છે,

**‘દ્વાર દ્વાર ભટકે લોકનકું કૂકર આશા ધારી,’**

**આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા**

કૂતરો રોટલાના ટૂકડાની આશા રાખી ઘર-ઘરના દરવાજે ભટકે છે, દીનતા કરે છે. આશા ધારી માણસની પણ એવી દશા...આશાને તો વિવેકીની દાસી બનવું પડે છે. વિવેકી માણસ આશાને ધાર્યા મુજબ ચલાવી શકે પરંતુ અવિવેકી માણસ એવી આશાદાસીના પણ ગુલામ પુત્ર બને છે. તેથી આશાને એ શું ચલાવે ? આશા એમને નચાવે છે. પરિણામ એ બિચારાને જગતના દાસ બનવું પડે છે. દાસીના છોકરાની કિંમત કેટલી ? આશાદાસીનો સંતાન બનેલો પોતાની કિંમત ગુમાવી દુનિયામાં જેની તેની ચાટુગીરી કરે છે, આશા છે કે ધાર્યું ચાટવા મળશે. આશા મોટા મહારથી માણસને પણ કેટલીક વાર અશક્ય જેવા સ્થાનમાં દોડાવે છે.

**લોભદેવ તારદ્વીપ પર :-**

લોભદેવ સમુદ્રમાં ડૂબી મરતો બચ્યો, તારદ્વીપે ઊતર્યો, હવે સારું થવાની આશામાં ઊભો છે ત્યાં નવી આપત્તિ, જુઓ, કેવી આવે છે ? કેટલાક જમના દૂત જેવા શ્યામ વર્ણના માણસો આવીને એને પકડે છે.

લોભદેવ કહે 'કેમ ભાઈ ? કેમ મને પકડો છો ?'

પેલા કહે છે, ધીરો પડ ભાઈ ! ચિંતા ન કર, આ તો અમારો રિવાજ છે કે તારા જેવા કોઈ કાપીને લે એમ એના શરીરમાંથી માંસના લચકા કાપતા જાય છે.

**નરકની અપાર વેદના :-**

ચામડીને સહેજ ઘસરકો લાગે તો લાય ઊઠે છે ત્યાં માંસનો લચકો કાપી લેવાય તો કેટલી વેદના ? તો ય શરીરના એક જ ભાગમાંથી નહિ, કિન્તુ અનેક સ્થાનોમાંથી ! વેદનાની કોઈ હદ ? છતાં અહીં તો એક વાર છેદન પછી તરત કાંઈ આવાં છેદન થઈ શકે નહિ. એટલે તરત જ એવી પીડા નહિ. ત્યારે નરકગતિમાં તો એવાં છેદન થયા પછી તરત પાછું શરીર અખંડ ! તેથી તરત જ પાછાં એવાં છેદનચાલુ ! વળી એ તરત અખંડ થઈ એમાંથી લચકા કપાવાનું થાય. ઘોર જુલ્મમાં એક ક્ષણ પણ આંતરું નહિ. તે ય અંગોમાંથી એકલા છેદન નહિ, ભાલાથી ભેદન પણ ખરાં, ફળની છાલની જેમ ચામડી આખી ઉઝરડાવાનું ય ખરું, યંત્રમાં પીલાવાનું ખરું, શીલા નીચે કચરાવાનું, પત્થરવર્ષાથી માથું અને અંગો તૂટવા-કૂટવાનું, ભઠ્ઠીમાં શેકાવા-બળવાનું, ઊકળતા ધાતુરસ કે તેલ જેવામાં તળાવાનું, વગેરે વગેરે ય ખરું. ત્યારે નરકના જીવને સતત એકધારી વેદનાઓ કેવી અને કેટકેટલી ભયંકર ?



**દેવતા પણ નરક વેદનામાંથી ન બચાવી શકે :-**

આ જો નજર સામે રહે તો મનને એમ થાય કે જો ભૂલેચૂકે કોઈ રૌદ્રધ્યાન-કૃષ્ણલેશ્યા-જાલિમ કષાય કે મમ્મણ શેઠ જેવી ભારી ધનમૂર્ચ્છામાં નરકનું આયુષ્ય બંધાઈ ત્યાં ઊપડ્યા, તો જીવની ત્યાં કઈ દશા ? ત્યાં કોણ બચાવનાર ? બળદેવજી દેવ થયેલા, તે કૃષ્ણજીને નરકમાંથી બચાવી બહાર લઈ આવવા ગયા, એમને ઊંચક્યા, પરંતુ એમના નારકીય શરીરમાંથી, નરમ ગોળ ઊંચકતા રસી ટપકે એમ, ટપકવા માંડ્યું, અને એની વેદના વળી પેલી બધી વેદનાઓને ટપી જાય એટલી ઘોર ઊઠી કે કૃષ્ણજીને કહેવું પડ્યું 'ભાઈ ! મને મૂકી દો, આ નથી સહાતું. અહીં જ રહેવા દો.' થયું, મૂકી દેવા પડ્યા. તાત્પર્ય,

**નરકની અતિ ઘોર વેદનાઓમાંથી કોઈ બચાવનાર નથી.**

**નરકની વેદનાથી બચવું હોય તો,**

**(૧) એવાં દુઃખોને લાવનારા હિંસાદિ પાપો તથા કષાયો અને દુર્ધ્યાન સેવતા અટકવું જોઈએ, તેમજ**

**(૨) એવાં દુઃખોની આગળ વર્તમાન દુઃખ કશી વિસાતમાં નથી એ સમજી ચિત્ત-સમાધિ રાખવી જોઈએ અને**

**(૩) ધર્મનાં કષ્ટ સહર્ષ ઉઠાવવાં જોઈએ.**

નરકાદિનાં દુઃખો બરાબર નજર સામે રાખી આ વિચાર ખાસ રાખવાનો છે; કે એ દુઃખોની આગળ આ જીવનનાં આપણાં દુઃખો શી વિસાતમાં છે કે એમાં ઊંચા-નીચા થવું ? અહીં બહુ ગરમી પડી, બહુ ઠંડી પડી, કોઈ રોગ આવ્યો, અકસ્માતની પીડા ઊભી થઈ, કે ગરીબી-અપમાન-હલકાઈ થઈ, એ ક્યાં ? અને પેલા લોભદેવ પર જે જુલ્મ વરસે છે એ ક્યાં ? યા એથી ય અનંતગુણા નરકના ઘોર ત્રાસ કેવા ? એની આગળ તો આપણાં વર્તમાન દુઃખ-કષ્ટ-આપત્તિ કશી વિસાતમાં નથી. માટે એ વખતે શા માટે મન બગાડવું ?

માણસની દુર્દશા કેવી છે કે કેટલીક વાર તો દુઃખ પસાર પણ થઈ ગયું છતાં પછીથી એને યાદ કરી કરીને રોદણાં રોવાય છે ! આ પણ શાસ્ત્ર કહે છે કે ભૂતકાળ સંબંધી આર્તધ્યાન છે, અને આર્તધ્યાન તિર્યંચગતિનાં કર્મ બંધાવે છે. તો એવી યાદ અને બળતરા કરવી એ મૂર્ખાઈ નથી ?

**લેવા-મૂકવાનું કશું નહિ અને ભૂતકાળના દુઃખનાં રોદણાંથી ફોગટ પાપોપાર્જન અને ચિત્તનું ખરાબ સંસ્કરણ કરવું એ દુર્દશા છે, માનવમનની વિટંબણા છે.**

**માનવમન એ તો એક મહાન મૂડી છે. એનાથી આપણી જ જાતે દુર્દશા ઊભી કરવાની ? કે ઊલટું દશાને સુધારવાની ?**

**મન ન બગડે એની સુંદર વિચારણા :-**

(૧) ગમે તેવાં દુઃખ પૂર્વે વેઠવા પડ્યાં, કે અત્યારે ચાલી પણ રહ્યા હોય, ત્યાં નરકનાં દુઃખ વિચારીને ધરપત ધરવાની હોય કે 'મારે તે શા એવાં દુઃખ છે ? બિચારા નરકના જીવોને કારમાં દુઃખોનો પાર નથી, અને મેં પણ પૂર્વ ભવોમાં એ વેઠ્યાં છે. એટલે અહીંનું દુઃખ તો મારે મામૂલી છે.

(૨) એ વળી મારાં જ કર્મોનું ફળ છે, મારાં પૂર્વ દુષ્કૃત્યોનો બદલો છે, તેથી મારે શાહજોગ વેઠી લેવું.

(૩) દુઃખમાં તો આનંદ માનવો કે આ વેઠીને મારા એટલાં પાપ ઓછાં થઈ રહ્યા છે.

(૪) દુઃખ તો કસોટી છે. એમાં જરાય કચવાટ વિના સારી રીતે સમતાભાવે પસાર થવાથી ઈનામમાં વિપુલ કર્મક્ષય અને આત્મસુવર્ણનું શુદ્ધિકરણ તથા સત્ત્વવિકાસનો લાભ મળે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૩૯,તા.૪-૭-૧૯૭૦**

તો શા સારું ઊંચાનીચા થવું ? શું કામ મન બગાડવું ? સંસાર આવાં દુઃખોથી ભરેલો હોઈ શા માટે સંસાર અને સંસારના વિષયો પર રાગ કરવો ? ભારે દુઃખમાં તો ભલભલા માણસનાં અભિમાન ઊતરી જાય છે. સુખમાં તો અભિમાન અને પાપારંભો વધે છે. તેમજ દુઃખમાં અભિમાન અને પાપારંભો ઓછા થાય છે, સુખમાં એ પાપલીલા ફાલેફૂલે છે. અભિમાનથી અને પાપલીલાથી સોના જેવો માનવભવ માટી-કૂચા-કથીરનો બને છે. તો દુઃખ સારું, કે સુખ સારું ?'' આ વિચારથી દુઃખમાં જરાય દુબળા નહિ પડવું.

વળી નરકાદિ દુઃખોમાંથી બચાવનાર કોઈ નહિ મળે; એ સમજીને એવાં દુઃખો લાવનારાં દોષ-દુષ્કૃત્યોને જ રોકવામાં ડહાપણ છે. ઊંધું વેતરાઈ ગયા પછી તો બાજી હાથમાંથી ગઈ. એના કરતાં એવું વેતરતા પહેલાં વિચાર કરવો..

**વર્તમાન વર્તન સુધારવું આપણા હાથમાં છે; ત્યારે અસદ્ વર્તનથી ભાવી દુર્દશા ખડી થાય, એ દુર્દશા ત્યાં નહિ સુધરી શકે.**

**ગુરુ સામે લવારા ભારે પડશે :-**

ખૂબી તો જુઓ કે નરકમાં ઘોર ત્રાસ વરસે ત્યારે જીવ ચીસાચીસ કરે છે, ત્યાં પરમાધામી એને પૂર્વનાં પાપ યાદ કરાવે છે કે દા.ત. 'હં, તો પછી પૂર્વે હિંસાઓ કરતાં, જૂઠાં બોલતાં, અનીતિ-માયા-દ્રોહ અને વિષયાંધતા કરતાં કેમ



વિચાર ન કર્યો ? ગુરુઓ કહેતા હતા કે 'ભાઈ ! આવાં પાપ ન કર;' ત્યારે કેમ એમને હસી કાઢતો કે 'ભલે નરકનાં દુઃખ આવે. નરક કોણે જોઈ છે ?' એવા લવારા કેમ કરતો ? હવે એ ભારે પડશે,' એમ કહેતાંક ઘણનો ઘા ઠોકે ને એવું બધું યાદ કરાવે ત્યારે નરકનો જીવ કહે છે, 'ભાઈસાબ ! હવે એવું નહિ કરું. મને છોડો. મારાથી આવાં દુઃખ નથી સહન થતાં.' પરંતુ ત્યાં પરમાધામીને ક્યાં દયા છે કે એને છોડે ? એ તો ઉપરથી વધુ જુલ્મ વરસાવી હસે છે કે 'લે, લે, પેલાં પાપ કરતાં આ મીઠું છે.' તાત્પર્ય, નરકમાં કશો બચાવ નથી, રક્ષણ નથી, છૂટકારો નથી.

**ત્યારે, અહીં બાજી હાથમાં છે.** એવાં નરકાદિ દુઃખ લાવનારા વિચાર-વાણી-વર્તાવને રોકી શકાય; એ આપણા હાથની વાત છે. એવાં દુષ્કૃત્ય આચરવા-વિચારવાનો આવેશ આવ્યો કે તરત નરકાદિનો ભય સામે રાખી, એ આવેશને દબાવવો એ બહુ સહેલું છે. બોલો, એવા મદ-અભિમાન-રોષ રોકવા, કે માયા-તૃષ્ણા દબાવવી, યા વિષયલાલસા-લંપટતાને મૂકી દેવી એ કઠિન છે ? કે પેલાં નરકાદિનાં દુઃખ વેઠવા પડે એ કઠિન છે ?

**નરક દુઃખ પર ધર્મ કષ્ટની પ્રેરણા :-**

શાસ્ત્રમાંથી નરકાદિનાં કારમાં દુઃખો સાંભળીને અને અહીં નજર સામે જીવો પર વરસતા ઘોર ત્રાસ જોઈને કરવા જેવું તો આ છે કે 'ધર્મનાં કષ્ટ ઉઠાવવા' એથી ધર્મની પ્રેરણા મળે એવી છે. મનને એમ થાય કે

**'આમ કર્મની પરવશતાથી એવાં પારાવાર દુઃખ-ત્રાસ-રિબામણ ઉઠાવવા પડે એના કરતાં ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાથી ત્યાગ-તપ-પરિસહ વગેરે ધર્મનાં કષ્ટ કેમ ન ઉઠાવું ?**

સારું દાન કર્યા કરું એમાં પૈસા ખરચાય એનું કયું મોટું દુઃખ વેઠવાનું છે ? પણ કૃપણતા-મૂર્ચ્છા રાખીને કે વિષય-આરંભોમાં ખરચીને નરકાદિનાં દુઃખ આવે એ કેટલા ભયાનક ?

બ્રહ્મચર્ય પાળી વિષયત્યાગ કરું એમાં શું મોટું વેઠવાનું હતું ? પણ વિષયાસક્તિથી ભાવી ઘોર ત્રાસ ઊભા થાય એ શી રીતે વેઠ્યું જશે ?

'ધર્મી જીવ તરફથી કદાચ અગવડ-અપમાન આવ્યા એ કયું ભારે દુઃખ ? ત્યારે સાધર્મિકની અવગણના-અપમાન નિંદા કરીને ઘોર દુઃખ ઊભાં થાય, એ કેવાં ભયાનક ?'

**બસ, નરકાદિનાં દુઃખની તુલનાથી અહીંના ધર્મનાં કષ્ટ કશી વિસાતમાં નહિ લાગે, અને એ સહર્ષ ઉઠાવવાનું મન થશે.**

**જગત મોટા ભાગે પાપનાં ફળ દુઃખોનું પ્રદર્શન છે.** એ જોઈ જોઈને આપણા દુઃખમાં મન બગાડવું નહિ, નવાં પાપ કરવાં નહિ, અને ધર્મનાં કષ્ટ સારી રીતે ઉઠાવવાં.

**માંસના લચકા કેમ કાપી લે છે ? :-**

અહીં ધર્મનંદન આચાર્ય મહારાજે જ્યારે કહ્યું લોભદેવના શરીરમાંથી તે દુષ્ટ માણસો માંસના ટૂકડા કાપી લે છે, અને લોહી વહેતું ભેગું કરી લે છે; ત્યારે પુરંદરદત્ત રાજાનો વાસવ મંત્રી પૂછે છે કે ભગવન્ ! એ લોકો શા માટે માંસ અને લોહી લઈ લેતા હશે ?'

આચાર્ય મહારાજ એને ખુલાસો કરતાં કહે છે, ત્યાં સમુદ્રના તટ પર એવો મહાવિકટ સાપ જોવા મળે છે કે જે સમુદ્રમાં ફરનારો હોય છે, અને લાલવર્ણનો હોય છે. એને આકર્ષવા માટે માણસ માથે મધ ભેળવેલું ધાન્ય અને ગંધનો રોપો લઈને ફરે એટલે એ મહાવિટ સાપ આકર્ષાઈને કિનારે આવી ગળવા માંડે છે ત્યાં એ દુષ્ટ પુરુષો એને પકડી લે છે. પછી એને પુષ્કળ માંસ લોહી અને ઝેર ધરે છે. એ સાપ એ ખાઈને તગડા થાય એટલે પછી પેલા લોકો એને મારીને એના શરીરના હજારમાં અંશથી ધાતુમાં ભેળવીને સોનું બનાવે છે. સોનું તો મોટા શહેરના બજારમાં જોઈએ તેટલું સહેલાઈથી વેચાય; એટલે આ દ્વીપવાસીઓનો આ રીતે સોનું બનાવવાનો ધંધો ચાલી પડ્યો હોય છે.

માણસને વિશિષ્ટ બુદ્ધિશક્તિ મળી છે, તો એ બુદ્ધિશક્તિનો ઉપયોગ ક્યાં ને કેટલે સુધી કરે છે ? બુદ્ધિનો ઉપયોગ કોઈ આત્માના ઉદ્ધાર માટે નથી કરવો, જીવોની વૈજ્ઞાનિક રીતે હિંસાઓ કરી કરીને ભૌતિક સુખ-સમૃદ્ધિ-સગવડો વધારવી છે. ગોઝારી જ બુદ્ધિશક્તિ ને ? અર્થ-કામની જ લાલસા હોય ત્યાં પછી જીવો પર દયા શાની આવે ? 'અલ્યા પછી તારે મરીને એવા સર્પ થવાનો અવસર આવ્યો તો તારી શી દશા થશે ?' એનો એને વિચાર જ નથી. તો પછી સામા જીવના દુઃખનો કે દયાનો તો વિચાર જ શાનો હોય ? આજની શોધોમાં શું ચાલી રહ્યું છે ?

લોભદેવ આવા દુષ્ટોના હાથમાં સપડાયો છે, જે એના માંસ-લોહી લઈ લે છે. માણસના માંસ-લોહી દરિયાઈ સાપને ખવરાવી-પીવરાવી પછી એ સાપ દ્વારા સોનું બનાવવાનો એ દુષ્ટ માણસો ધંધો કરે છે. તેથી કોઈ એવો ભૂલો પડેલો માણસ હાથમાં આવવો જોઈએ એની શોધમાં રહે છે. એ હાથમાં આવ્યો એટલી વાર, પછી ચાલ્યો એના પર અનેક વાર જુલ્મ. એને સંપૂર્ણ મારી નથી નાખતા; કેમકે દૂઝણી ગાય.

લોભદેવ આમાં ફસાયો છે. એક વારમાં એ મરે નહિ એટલી સાવધાની



રાખીને એવા એવા માંસના લચકા એના શરીરમાંથી કાપી લે છે, તેમજ એમાંથી વહેતું લોહી ભેગું કરી લે છે. પેલાને લાયનો પાર નથી. પછી એને એ લોકો મલમપટ્ટા અને દવાદારુ કરે છે, સારું સારું ખવરાવે છે. છ મહિને લોભદેવ પાછો સાજો થઈ જાય છે, તો હવે એ છૂટ્યો ?

**જીવતા શરીરે માંસ કપાવાનું કેટલી વાર ? :-**

છૂટે ક્યાંથી ? ફરીથી પાછી એ જ કતલ. પેલા દુષ્ટો લોભદેવને ફરીથી બાંધી જકડીને એના શરીરમાંથી માંસના લબરકા કાપી કાપીને લઈ લે છે અને લોહી નિચોવી નિચોવીને એકઠું કરી લે છે; વળી પાછો એને છ મહિના દવાદારૂ અને ખાનપાનથી ટટાર કરે છે. પાછી વળી એજ વિટંબણા, એજ કાપાકાપી, અને એજ લોહી નિચોવી લેવાનું કરવામાં આવે છે. આમ છ-છ મહિને અંગોમાંથી માંસ કપાવાનું અને લોહી નિચોવાવાનું ચાલુ છે. એમ કરતાં બાર વરસ વીત્યા ! શરીર તો હવે હાડપિંજર જેવું થઈ ગયું છતાં ત્યાંથી છૂટકારો ક્યાં છે ? એ તો એના પર વળી પાટાપીંડી-ખાનપાન ચાલુ છે.

દુઃખમાંથી છોડાવનાર ત્યાં એવા જુલ્મી પ્રદેશમાં કોઈ છે નહિ, અને આ લોકોને જરાય દયા નથી. પછી છૂટવાનું ક્યાં ?

**સમયનાં એંધાણ પરખવા જેવા છે.** આપણને આજે કયો સમય મળ્યો છે ? આજે પણ પશુજાત પર ક્રૂર કતલેઆમ ચાલુ છે. એ સૂચવે છે કે એવા કાળમાં પણ જો આપણને એવી કોઈ ભયંકર પીડા નથી, અને પાછું ભવ્ય ધર્મશાસન મળ્યું છે તો એની આરાધના સિવાય બીજું શું ગમે ? આત્મા પર શાસનનો રંગ ચડાવવા અને આરાધનામાં મગ્ન રહેવા માટે આજનો સમય ખરેખરો પ્રેરક છે, જો એને એ રીતે ઓળખવામાં આવે. એમ તો અબૂઝને આ સમય પોક મૂકવાનો લાગે છે. પણ પોક અને રોદણાં તો જિનશાસન ન પામેલાને હોય; આપણને હોય ? શાસન તો કહે છે કે 'સમયના એંધાણ પરખ. જો સમયની સારાસારીમાં આરાધના નહિ કરી લે, તો પછી ભયંકર ત્રાસ-દુઃખના ખરાબ સમયમાં શું કરી શકીશ ?'

લોભદેવ બિચારો અહીં બાર વરસ સુધી ૬-૬ મહિને છેદનની પીડા ભોગવતો આરાધના શું કરી શકે ? એને તો મરવું છે પણ મરવાનું મળતું નથી. લોભદેવને વિચાર થાય છે કે 'આના કરતાં તો મોત આવી જાય તો સારું કે જેથી આ વારંવાર કપામણ-છેદામણના અસહ્ય દુઃખથી તો છૂટાય !' દુઃખની હારમાળા વખતે માણસ મોત માગે છે, પરંતુ કર્મના સંજોગ એવા છે કે મોત પણ માગ્યું મળતું નથી. સદા બેડીએ જકડાયો મરવા ક્યાં જાય ?

**મરવાનું ય સહેલું નથી :-**

એમ માનશો નહિ કે આવા અવસરે મરવાનું ય સહેલું છે. કર્મયોગે એવી પરાધીન દશા હોય તો મરવાનું પણ ન કરી શકાય; નરકગતિના જીવને બેહદ ત્રાસમાંથી છૂટવા ઘણું ય મરવું હોય છે, પરંતુ એમ નથી કરી શકતા. ત્યાં આયુષ્ય કર્મની બળવત્તા છે. એ નિરુપક્રમ આયુષ્ય કર્મ હોવાથી એ કેવા ય ઉપક્રમ-આઘાતના પ્રસંગ આવે છતાં વચગાળે તૂટે જ નહિ. અહીં લોભદેવની ઉપર પેલાઓ એવી સાવધાનીથી ત્રાસ ગુજારે છે કે મોત નીપજે નહિ. તેમ એવો બંધનમાં જકડાયેલો રાખે છે કે ક્યાંય ભાગી જઈ શકે નહિ કે ફાંસો ખાવા જેવું ય કરી શકે નહિ. ત્યારે સંસારમાં કર્મની વિટંબણા વિચારવા જેવી છે.

**કર્મસત્તાનું પ્રમાણ :-**

માણસ કર્મ બાંધતા વિચાર કરતો નથી કે આ પાપો હોંશે હોંશે કરીને ઊભા કરેલા કર્મના ફળ ભોગવવા પડશે ત્યારે એ શી રીતે સહન થશે ? શું કર્મ બંધાવા જેવી ચીજ જ નથી ? તો પછી અહીં નજર સામે આ દુનિયા પર નાના મોટા જીવો પર અથાગ જુલ્મ-ત્રાસ-રિબામણ વરસી રહ્યા છે તે શાથી ? કેઈકને ધાર્યા પાર પડતાં નથી, અને ન ધાર્યા દુઃખ આવે છે, એ શાના લીધે ? બાંધી મૂકેલા કર્મોનું એ ફળ છે. માટે બાંધતા વિચાર કરો.

**બંધ સમય ચિત્ત ચેતીએ રે, ઉદયે શ્યો સંતાપ...સલૂણાં.'**

કર્મ ઉદયમાં આવ્યા એ તો વેઠ્યે જ છૂટકો થવાનો. ત્યાં હાયવોય કર્યે શું વળે ? ફોગટ નવાં કર્મ બંધાય. બાકી કર્મ બાંધતાં જ ચેતવા જેવું છે. બાંધ્યા પછી તો કર્મ તીર્થંકરના આત્માને ય છોડતા નથી અપાર જુલ્મ વરસાવે છે. લોભદેવ બાર વરસ સુધી ૯-૯ મહિને માંસ અંગો કપાવાની અને પછી ભારે બળતરાની વેદના ભોગવે છે, પણ મોત નથી; વિચારજો એનું દુઃખ; અને એના પર એની દયા ખાવા કરતાં જાતની દયા વિચારજો કે કોને ખબર મારે અહીં કે પરભવે કોઈ આવાં દુઃખ લાવનાર છૂપાં કર્મ હશે તો ? માટે મારે વર્તમાન સુખમાં નથી તો અભિમાન કરવા જેવું, કે નથી. સંતોષ વાળીને બેસી રહેવા જેવું. કેમ હું કર્મનાશક ઉપાયો યોજું ! જીવદયા, જિનભક્તિ, રસત્યાગ, સતત તપસ્યા વગેરે વગેરેનો કેમ હું પુરુષાર્થ ફોરવ્યા કરું.' બીજાનાં દુઃખ સાંભળવા પર આ કરવા જેવું છે; નહિતર તો 'અરેરે ! એ બિચારાને કેટલું બધું દુઃખ !' એમ વિચારમાત્ર કરીને ચાલ્યા, ત્યાં જાતને શી પ્રેરણા મળી ? પોતે કોરા ધાકોર રહ્યા. લોભદેવનું શરીર હાડપિંજર શું બની ગયું છે; એના મનને વિચાર આવે છે કે 'અરે ! આ વેદના સહી જતી નથી, અને અહીંથી છૂટકારો દેખાતો નથી. હવે તો મોત આવે અને આ ઘોર



પીડાનો અંત આવે તો સારું;' પરંતુ એમ મોત ક્યાં સસ્તું છે ?

**ભારંડ પક્ષી લોભદેવને ઉપાડે છે :-**

છતાં હવે એવું બને છે કે એક વાર એના શરીરમાંથી માંસના લચકા કાપી લઈ અને લોહી વહેતું લઈ લઈ પેલા આ ઘોર કૃત્ય કરનારા માણસો કંઈક ગડમથલમાં પડ્યા છે, એ વખતે લોભદેવ ઝૂંપડીની બહાર આવે છે. ત્યાં એ જ વખતે આકાશમાંથી એક ભારંડ પક્ષી આને જુએ છે. અંગોમાં કપાયેલો અને લોહીથી ખરડાયેલો જોઈ પક્ષીને લાલચ લાગી. ભારંડ પક્ષી એવું મોટું હોય છે કે એના પગે આખો માણસ લટકી જાય તો ય તે પક્ષી ઊંચકીને સહેલાઈથી આકાશમાં ઊડે, એટલે ભારંડ પક્ષીએ ઝપાટામાં નીચે ઊતરી લોભદેવને સારું ખાણું જાણી ઊઠાવ્યો, અને તરત જ આકાશમાં ઊડ્યું.

પેલા દુષ્ટો અંદરથી આ જોતાં જ બૂમાબૂમ કરતાં બહાર આવ્યા, જેથી લોભદેવને પકડી રાખે તો ભવિષ્ય માટે પણ માંસ-લોહી લેવાનું સાધન હાથમાંથી ચાલ્યું ન જાય. પરંતુ પક્ષી તો લોભદેવને લઈ ઊંચે ઊડ્યું, તેથી શું કરે ? ઘણો ય કોલાહલ મચાવ્યો, રાડો પાડતા ઊભા, પણ પક્ષી તો ચાલ્યું ગયું. આમ લોભદેવ આ ૯-૯ માસે કપાવા-નીચોવાવાની પીડામાંથી બાર વરસે છૂટ્યો. પરંતુ શું દુઃખનો અંત આવ્યો ? ના,

**કર્મ કાંઠાં હોય ત્યાં સુધી પીડાનો અંત નથી.** લોભદેવના અશુભ કઠિન કર્મનો ઉદય હજી ચાલુ છે, તેથી બિચારાને સંયોગ ફરવા છતાં પીડા ઊભી છે. પેલું ભારંડ પક્ષી એને પગેથી ઉપાડી આકાશમાં ઊડી રહ્યું છે, અને સાથે ચાંચથી એના કાપેલા ભાગમાં કોચી કોચીને માંસના બટાકા લે છે, તેમજ લોહી ઘૂંટ ઘૂંટ ચૂસે છે. શરીર પર નાનું ગુમડું ફૂટીને ચાંદુ થયેલા ભાગ પર ડાક્ટર સળીથી કપડાવડે જરા સાફસુફી કરે છે તો ય લાય ઊઠે છે, ત્યારે અહીં પક્ષી કપાયેલા ભાગોના મોટા ચાંદામાંથી તીક્ષ્ણ ચાંચ કોચી કોચીને માંહીથી લબરકા તોડી ખાય છે; તો એની વેદના કેટલી ? પેલા દુષ્ટો આગળ તો દયા યાચતો કહેતો હશે કે 'ભાઈસાબ ! હવે મને છોડો,' પણ અહીં પક્ષી આગળ શું કહે ?

**બે પક્ષી વચ્ચે ખેંચાતાણ :-**

પક્ષી એને કોચતું ઊડતાં ઊડતાં હવે સમુદ્ર પર છે, ત્યાં એક બીજા ભારંડ પક્ષીએ એને જોયું; એટલે એ પણ આ શિકાર પર લલચાયું. તેથી એ આની તરફ ઊડ્યું. ત્યાં આ પક્ષી જોરથી છટકવા જાય છે, પરંતુ પેલા પક્ષીએ ઝટ નજીક પહોંચી લોભદેવના શરીરને બીજી બાજુથી પકડ્યું, અને એ પણ હવે ચાંદામાં ચાંચો મારે છે, અને માંસના લબરકા તોડે છે. ત્યારે પેલું પક્ષી એમ શાનું સહન

કરે ? એટલે બંને પક્ષીની વચ્ચે લોભદેવના શરીર પર ખેંચાખેંચ ચાલી. બે ય પક્ષી ચાંચો મારે છે, અને પગેથી પકડીને ખેંચે છે.

**સુખ જોઈએ છે, એનો ઉપાય ધર્મ જોઈએ ? :-**

લોભદેવે બાર વરસ તો ઘોર પીડા વેઠી છે, એ કેમ જાણે ઓછી હતી તે હવે આ પક્ષીઓ એના પર ઝઝૂમે છે. પીડાનો પાર નથી, પણ કોણ બચાવે ? માણસ પાપના ઉધમાત કરતાં વિચાર-ચિંતા રાખતો નથી, અને પાપનાં ફળરૂપે દુઃખ ભોગવવાનું આવે ત્યારે ચિંતામાં સળગ્યા કરે છે. જગતના જીવોની આ વિચિત્ર સ્થિતિ પર લખ્યું છે કે,

**'धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**

**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥'**

અર્થાત્ **માણસો ધર્મનું ફળ (સુખ) ઈચ્છે છે, પરંતુ ધર્મ નથી ઈચ્છતા; પાપનું ફળ (દુઃખ) નથી ઈચ્છતા, અને પાપ આદર પૂર્વક કરે છે.** કેવી વિચિત્ર સ્થિતિ ? સુખ જોઈએ છે, સુખ લાવનાર ધર્મ નથી જોઈતો ! ત્યારે દુઃખ જોઈતું નથી, પણ દુઃખના કારણભૂત પાપ હોંશથી કરવા છે ! એમ સુખ મળે ? ને દુઃખ ટળે ? એવું જો બનતું હોય તો તો દુનિયામાં ધર્મ કરનારા અને પાપ છોડનારા બહુ ઓછા; લગભગ બધા ધર્મથી પરાઙ્મુખ અને પાપાચરણમાં મસ્ત હોય છે તો એ બધા સુખી અને દુઃખ વિનાના દેખાવા જોઈએ. પણ એવું દેખાતું નથી. લગભગ બધા દુઃખી છે, દુઃખની પોક મૂકે છે, સુખને ઝંખે છે, પરંતુ જિંદગીભર દુઃખમાં રિબાય છે. અને સુખ જોવા નથી મળતું. આ બતાવે છે કે **પાપથી દુઃખ અને ધર્મથી સુખ મળે.**

**સુખમાં ય ધર્મ કેમ સૂઝે ? :-**

સર્વ ધર્મશાસ્ત્રોની આ વ્યવસ્થા છે કે દુઃખ પાપથી આવે અને સુખ ધર્મથી મળે.

**અહીં તો પૂર્વના પાપ-સેવનથી દુઃખ લમણે લખાયું છે, પરંતુ ભવિષ્યમાં દુઃખ ન જોઈતું હોય તો પાપ છોડો. દુઃખ વખતે** મનને કહો કે 'અહીં દુઃખ વેઠી લઈશ, પણ નવાં પાપ નહિ કરું.' એમ અહીં પૂર્વના કોક ધર્મસેવનથી સુખ મળ્યું હોય ત્યારે પણ મનને શીખવો કે

**'આ સુખ તો ભોગવાઈને પૂરું થવા સાથે એની પાછળનું ધર્મબળ-પુણ્યબળ પણ સમાપ્ત થઈ જશે. હવે જો અહીં પાપ આચર્યા તો પછીથી દુઃખની લોથ શરૂ થશે. માટે પાપ ન ખપે, સુખમાં પણ ધર્મ સેવીશ.'**

જાગતાને તો શું દુઃખમાં કે શું સુખમાં. બંને સ્થિતિમાં પાપનો ત્યાગ અને ધર્મનું સેવન ખપે છે. ઊંઘતાને અજ્ઞાનને-મૂઢને-એકલું પાપ સેવન ખપે છે, આવી



ઊંઘ અજ્ઞાનતા-મૂઢતા ટાળવા માટે જગતના દુઃખમાં રિબાતા જીવો સામે જુઓ કે એને કેવી અસહ્ય પીડાઓ છે. એવી જો આપણા પર વરસી તો સહી નહિ જાય અને બાપ-રે-બાપ પોકારવા છતાં એમાંથી છૂટકારો નહિ થાય. પાપ શું બીજાને દુઃખ આપે તો આપણને નહિ આપે ? પાપ આપણને તો શું પણ મોટા ચમરબંધીને ય ન છોડે.

**લોભદેવ પર નવી આફત** જુઓ. પેલા દુષ્ટ માણસોની ચુંગાલમાંથી છૂટ્યો તો બે મોટા ભારંડ પક્ષીની વચ્ચે એની ખેંચાખેંચ અને ચાંચોથી તોડાતોડ ચાલી. લાયો ઊઠે છે, સહાતું નથી એટલી કારમી વેદના છે. સાંધા તૂટતા લાગે. પરંતુ શે છૂટે ? અંતે બે પક્ષીની ખેંચાખેંચમાંથી એનું શરીર છૂટી ગયું, તે લોભદેવ આકાશમાંથી પડ્યો નીચે સમુદ્રમાં.

**સમુદ્રમાં કેવી વેદના ? લોભદેવ જેવો સમુદ્રમાં** પડ્યો કે તરત એના તાજા કપાયેલા શરીરના ભાગો પર ખારાં પાણી અડે છે. એટલે હવે વળી લાય વધી ગઈ. અગ્નિની ઝાળ જેમ બાળે, એમ મોટાં મોટાં ચાંદા પર આ ખારાં પાણીના સંસર્ગ અગન ઉઠાડે છે. નાનકડી ચાંદી પર જરાક ખારું પાણી અડે તો કેવી લાય ઊઠે છે ? ત્યારે અહીં તો કપાયેલા મોટા ભાગો ભરપૂર ખારાં જળમાં ડૂબાડૂબ છે; તેથી નથી મરાતું અને નથી સહેવાતું. પાછું વળી ત્યાં જળચર જંતુઓ એને કરડી કરડી પીડામાં ઓર વધારો કરે છે.

ત્યારે કવિ કહે છે કે આમ તો એ સમુદ્રમાં ડૂબી જાય, પરંતુ કેમ જાણે સમુદ્ર આવા વિશ્વાસઘાતી ઘોર પાપી જીવને સંઘરવા તૈયાર નથી, તે એક મોજાના તરંગે એને ઊછાળીને કિનારે ફેંકી દીધો.

બિચારો લોભદેવ ! કેટકેટલી પીડાઓમાંથી પસાર થઈ રહ્યો છે ! બાર બાર વર્ષ તો શરીરમાંથી માંસના લચકા કપાયા, અને લોહી રેલાયાં. ત્યાંથી તાજાં ઘવાયેલા શરીરે ભારંડ પક્ષીની પકડમાં આવતાં કપાયેલ ભાગોમાં પક્ષીની તીક્ષ્ણ ચાંચે કોચાવાનું અને માંસની લચકીઓ ખેંચાઈ ખેંચાઈને તોડાવાનું થયું. વળી પછી બે પક્ષીઓની વચ્ચેની ખેંચાખેંચમાં વિશેષ છેદન-ભેદન થયાં; એમાંથી છૂટી સમુદ્રમાં પડતાં કપાયેલા ભાગો પર ખારાં પાણી અડતાં ભારે બળતરા થઈ. એમાં ય જળચર જંતુઓથી કોચાતા-તોડાતાં લાયો ઊઠી છતાં મોત નથી, અને વેદનાનો પાર નથી.

**દુઃખની સીમા છે ?** આ પૃથ્વી ઉપર પણ જો આવી પીડાઓ છે, તો પછી વિચારો કે નરકમાં એથી અનંતગુણ ત્રાસ-વેદનાઓની પીડા કેવી હોય ? અહીં તો મર્મસ્થાન પર એવો આઘાત આવતાં કદાચ મોત થાય તો અહીંની પીડાનો અંત

આવે, પરંતુ નરકમાં તો આયુષ્ય ખંધું છે તે એમ તૂટે જ નહિ, એટલે છૂંદાઈ પીસાઈ કે બળાઈ જવા છતાં મોત નહિ. ત્યાં પીડાનો પાર રહે ? એ અસહ્ય છતાં વેઠવી પડે ને ?

**દુઃખના કાયર બની મન બગાડો છો ને ?** પેલા લોભદેવ પર વરસી રહેલ દુઃખો કે નરકનાં દુઃખોની સામે તમારાં દુઃખ વિસાતમાં છે ? છતાં જરાક-જરાક શા દુઃખમાં મન બગાડાય છે ને ? હાયવોય થાય છે, આર્તધ્યાન થાય છે, ખોટાં સંકલ્પ-વિકલ્પો અને બીજાઓ પર ગુસ્સો વગેરે કેટલી કેટલી ખરાબીઓ મનમાં ઊભી કરાય છે ?

**જે મનુષ્યભવના મનથી પુણ્યશાળી આત્માઓએ ભારી દુઃખમાં ય સુંદર ક્ષમા, તત્ત્વચિંતન, અને મૈત્રી આદિ ભાવનાઓ તથા પરમાત્મધ્યાન વગેરે ઉત્તમ ભાવો જગાવ્યા એવા જ માનવભવના મનથી મામૂલી મામૂલી ય દુઃખ-અગવડમાં આપણે શું કરી રહ્યા છીએ ?** કેવી નપાવટ ખરાબીઓ ઊભી કરી રહ્યા છીએ ? આ ઊંચા ભવનું મન આ માટે મળ્યું છે ?

જો કોઈ તેવા પરાધીન સંયોગમાં કાયાથી ઢેડભંગી જેવાને નમવાનું આવે, ભીખ માગવાની આવે,.. ઈત્યાદિ કાયાને હલકી કરણીમાં જોડવાનું આવે તો બહુ ખરાબ-અજુગતું-અપ્રિય લાગે છે, દિલને ખૂંચે છે; તો પછી મનને ક્રોધાદિ ખરાબીઓમાં જોડવું પડે એ ખૂંચતું નથી ? મન બગાડીને પણ વળતું તો કાંઈ નથી. તો પછી ફોગટ આપણી જાતે જ આપણું મન બગાડવું ?

**મન ન બગાડવા ૩ ઉપાય,**

(૧) સંસારના જીવો પર વરસી રહેલા કારમા દુઃખ ધ્યાન પર લેવાય, તો આપણી સ્થિતિ તો એમના કરતાં ક્રોડો દરજ્જે સારી લાગે; પછી શું કામ મન બગાડીએ ?

(૨) વળી અહીં જે બીજી બાજુ 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,...વગેરે મહામંગળો મળ્યાં છે એ અમૂલ્ય નિધાન-પ્રાપ્તિ છે. જો એની ભારે હૂંફ રાખીએ તો પછી મન શું કામ બગાડવું ? વળી

(૩) અહીં જીવો પ્રત્યે મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય અને જડ પ્રત્યે વૈરાગ્ય વારંવાર ચિંતવી-ભાવીને મનને ભાવિત કરવાની સોનેરી તક મળી છે, એમાં અનાદિ કાળની દ્વેષ-દીનતા-ઈર્ષ્યા-નિર્દયતા વગેરે ખરાબીઓ ભૂંસવાનું મળે છે, તો મનથી શા સારુ એ મૈત્રી આદિનો જ ધંધો ન કરીએ ? **શા માટે અનાર્યની જેમ મન બગાડીએ ?**

**'મન ચંગા તો સબ ચંગા.'** 'મન સાફ તો સબ સાફ,' 'મન સલામત તો



સબ સલામત.' આપણે દુઃખી શાથી છીએ ? બહારના સંયોગોથી નહિ, પરંતુ એ સંયોગો પર મન જે ઉકળાટમાં પડે છે, તેથી દુઃખી છીએ. સંયોગો દેખીતા સારા હોય પણ મન ઉકળાટમાં પડે તો દુઃખ લાગે છે. લાખો રૂપિયા હોય, બંગલો મોટર બધું સારું હોય, પરંતુ બે વરસનો પરણેતર દીકરો ગાઢ બિમાર પડી જાય તો મા-બાપનું મન ચિંતામાં પડી દુઃખી થાય છે. કહેશો,

**પ્ર.-** પણ દીકરો માંદો પડ્યો એટલો સંયોગ બગડ્યો ને ? તો સંયોગથી જ દુઃખી થયો ને ?

ઉ.- વાત સાચી, પરંતુ એમાં બીજા તો સારા સંયોગ ઊભા છે ને ? તો એનું સુખ કેમ ન લાગે ? દીકરો મરી જાય તો માતાને બધું અકારું લાગે છે. બંગલો ખાવા ધાય છે; મોટર 'બળી મોટર !' લાગે છે; પક્વાન્ન ઝેર જેવા દેખે છે. કેમ એ બધા સંયોગમાં સુખ નથી ? સંયોગમાં સુખ હતું તો ક્યાં ગયું ? દુઃખ અકારાપણું-ઝેર ક્યાંથી આવ્યું ? કહો, **શ્રીમંતાઈમાં પણ જો મન ઉકળાટમાં તો દુઃખ; અને ગરીબીમાં પણ મન જો સ્વસ્થ તો સુખ.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૪૦,તા.૧૧-૭-૧૯૭૦**

'જ્ઞાતાઅધ્યયન' આગમમાં તેતલીપુત્ર મંત્રીની કથા આવે છે, એ ચાહીને એક શ્રીમંત સોનીની કન્યા પોટ્ટિલાને પરણ્યો છે, ને પોટ્ટિલા પણ આવો મહાન મંત્રી પતિ મળ્યાથી આનંદમાં છે. ને મંત્રી આકર્ષાઈને એને પરણ્યો હોવાથી એના પર પ્રેમ ઘણો છે, તેથી પોટ્ટિલા વળી વિશેષ ખુશ છે. એમાં વખત જતાં એક વાર પોટ્ટિલાના મનમાં જ એમ આવે છે કે પતિનો હવે પહેલા જેવો પ્રેમ નથી તેથી દુઃખી દુઃખી થઈ જાય છે, અને પતિના પ્રેમ માટે બાવી-જોગણ-માંત્રિક શોધે છે કે એ કોઈ એના પર મંત્રીનો પ્રેમ પૂર્વવત્ કરી આપે બોલો, એના સંયોગો તો પૂર્વવત્ સારા છે જ ને ? એના પર મંત્રીને કશો અભાવ નથી થયો, છતાં કેમ દુઃખી ? કહો, એના મનને વિહ્વળતા ઉકળાટ થયો છે તેથી દુઃખી થઈ રહી છે.

**બસ, કરવા જેવું આ છે, સૌથી પહેલું મનને સંભાળો.**

**શું ? મનને સૌથી પહેલું સંભાળવાનું છે. ત્યારે જીવનમાં તપાસી જુઓ કે સૌથી છેલ્લું પણ એને સંભાળવાનું થાય છે ખરું ?**

બધું સાચવી સંભાળી લીધું, વેપાર-ધંધો, પરિવાર, પ્રતિષ્ઠા, ખાનપાન, શરીર...બધું સાચવી કે સંભાળી લીધું, હવે મનની સંભાળ લેવાય છે ખરી કે

**'ભાઈ ! જોજે આ બધામાં મન (૧) ખોટા અભિમાનમાં, (૨) આંધળી**

**આસક્તિમાં અને (૩) આ બધાના ખોટા ભરોસામાં ન તણાય.' બધું સાચવ્યા પછી ય મનની આ સંભાળ ખરી ?**

**(૧) જો અભિમાન રહ્યું** તો બીજાને તુચ્છકારવાનું, જુના સ્નેહી ભૂલવાનું, જેની તેની સાથે રોફથી વાત કરવાનું, વગેરે કેટલાંય પાપો પેસશે.

**(૨) જો મમતા-આસક્તિ રહી,** તો પછી ભગવાનની-ગુરુ-મુનિઓની, દાનાદિ ધર્મની, સંઘસાધર્મિકની કોઈની એવી મમતા નહિ રહે, એવો પ્રેમ નહિ રહે. તો પછી એ પૈસા વગેરે મેળવીને મોક્ષની નજીક થયા ? કે આઘા પડ્યા ? ત્યારે

**(૩) જો ભરોસે રહ્યા,** તો એ પૈસા વગેરે તો વગર નોટિસે નાશવંત; એટલે એમાં જરા આઘુંપાછું થતાં ક્લેશ-સંક્લેશ આવ્યો જ સમજો. ચાલીસ હજાર કમાઈ એના ભરોસે બેઠા કે 'આટલી તો મૂડી થઈ; ચાલો હવે વાંધો નહિ,' તો પછી એમાંથી કર્મવશ દસ હજાર ઓછા થતાં ક્લેશ એવો રહેશે કે પછી બાકીના ત્રીસ હજાર પણ સુખશાંતિ નહિ આપે. ભરોસે રહ્યા આ દુઃખ.

**આમ બીજાના** તુચ્છકાર, દેવ-ગુરુ-ધર્મ-સંઘ પર લૂખ્ખું દિલ અને ક્લેશ-સંક્લેશ વગેરે શાથી ? અભિમાન-આસક્તિ અને ભરોસાથી. કેમ એ ? એટલા જ માટે કે બધું સંભાળ્યા પછી પણ છેલ્લે ય મનની સંભાળ લેવાની, મનને સાફ સલામત રાખવાની વાત નહિ રાખી. માનવજીવનમાં મોટું સૂત્ર તો આ કે મનને પહેલું સંભાળો. ત્યાં છેલ્લે ય સંભાળવું નથી તો

**બગડેલા મનથી પુણ્યના ઉદયે પણ સુખનો અનુભવ નહિ થઈ શકે, અને બગડેલા મનથી પાપના ઉદયમાં તો દુઃખના અનુભવ વધી જશે.**

જોયું ને પોટ્ટિલાનું મન વહેમી બન્યું ભ્રમણામાં પડ્યું કે આ પતિને મારા પર હવે પ્રેમ નથી, તો પુણ્યનો ઉદય તો એનો એજ ઊભો છે છતાં સુખ લાગવાનું ઊડ્યું. આજે ઘણાઓ હોંશથી પરણ્યા હોય છે, પરણીને પ્રારંભમાં અરસપરસને કેવાં આખાં હૈયાં આપી દીધાં હોય છે, પરંતુ ૬-૧૨ મહિના કે વરસ બે-વરસ પછી એમની દશા જુઓ કે એ પરણીને તરત કરેલાં સવાસલાં હવે ક્યાં ગયા ? કેમ આમ ? મન સાફ નહિ; વહેમ-અતિપરિચય-અહંત્વ-સ્વાર્થ વગેરે વગેરેથી કચરાળું મન, એ ક્યાંથી સુખ ને શાણપણ રહેવા દે ?

**વહેમ-અહંત્વ-સ્વાર્થથી કચરાળું બનેલું મન સુખ અને ધર્મ બંને ગુમાવે છે.**

જુઓ, એવા મનથી જ પતિ-પત્ની, પિતા-પુત્ર, મિત્ર-મિત્ર, વગેરે પરસ્પરની હુંફના સુખ ગુમાવે છે ! ત્યારે ધર્મથી કેમ પાછા પડાય છે ? દા.ત. મનને વહેમ રહે છે કે 'દાનમાં પૈસા દઉં, ને ઓછા થઈ જાય તો ? તિથિએ તપ કરું ને લોહી સુકાય તો ?' કેમ જાણે પૈસા-શરીર વગેરે ભાગ્યના હાથમાં નહિ, પણ પોતાના



હાથમાં છે ! ક્યારે ય એ કોઈના પોતાના હાથમાં રહ્યા છે ? પણ શંકા-ભય-સ્વાર્થ એ હાથવેંતમાં છતો ધર્મ ગુમાવરાવે છે. સ્વાર્થ એટલે તૃષ્ણા-આસક્તિ, એ પણ મનનો એવો કચરો છે કે એથી માણસ નકામો પડ્યો રહેશે પણ સામાયિક નહિ કરે, માળા નહિ ગણે, ધર્મવાચન વગેરે નહિ કરે. અવતાર તો એવો રૂડો મળ્યો કે અનુપમ દેવ-ગુરુનો યોગ મળ્યો તેથી વિવિધ ધર્મસાધના અને ગુણાભ્યાસની મહાન તક મળી છે, જોગવાઈ મળી છે, પરંતુ મનના કોઈ ને કોઈ કચરાના હિસાબે એ નહિ સૂઝે.

**આત્મા પર મનના કચરાના જેવો બીજા કોઈનો જુલ્મ નથી.**

ચૌદ પૂર્વી મુનિ જેવાને ય મનનો કચરો પતન કરાવી ઠેઠ એકેન્દ્રિય નિગોદમાં ઘસડી જાય છે. મનને કોઈ રસ, ઋદ્ધિ કે શાતાની લગની લાગી એટલે ધર્મ ઠેકાણે પડ્યો અને દુર્ગતિની તૈયારી ચાલી. આજે કોરટો કેસોથી ભરચક ભરેલી રહે છે. એક કોરટ કે એક ન્યાયાધીશને કેસ નહિ એવું નહિ. કેમ એમ ? પ્રજામાં મનના કચરા વધી ગયા માટે-મોટા રાજ્યો પરસ્પર લડે છે તે ય એથી જ. દીકરા બાપના નહિ, પતિ પત્નીના નહિ, પત્ની પતિની નહિ, મિત્ર મિત્રના નહિ, એ બધું મનના કચરા પર. મનના કચરાનો જગત પર કેટલો જુલ્મ ? સુખ લૂંટે, ધર્મ લૂંટે, ઉપકાર ભૂલાવે, કર્તવ્ય ચૂકાવે સુવર્ણ જેવા માનવભવની માટી કરે. માટે મનના એ કચરા દૂર રાખો તો સુખ રહેશે, શાંતિ રહેશે, અને ધર્મ પણ કરાઈ પરલોક સુધારવાનું કામ થશે.

દુઃખનો કાયર માણસ મન બગાડે છે. પૈસા ઓછા થઈ જાય તો ? શરીર ઘસાય તો ? આરામીમાં વાંધો પડે તો ? આવી આવી દુઃખની કાયરતા મન બગાડી જિનભક્તિ, દાન, તપ, શીલ-સામાયિક વગેરે ધર્મ ગુમાવરાવે છે. એવા અવસરે પેલા લોભદેવનાં દુઃખ નજર સામે લાવવા જેવાં છે. વિચારવા જેવું છે કે 'એણે જે જીવતા જીવે બાર બાર વરસ સુધી શરીરમાંથી માંસના લોચા કપાવાનાં કારમા દુઃખ વેઠ્યાં, એની આગળ મને એવું તે કયું દુઃખ જોવા મળે છે તે હું છતી ધર્મતક ગુમાવું ?'

**લોભદેવ કિનારે : કર્મનો મહિમા :-**

લોભદેવ દરિયામાં પડ્યો પણ નસીબ જોગે દરિયાનાં મોજાંએ એને કિનારે હડસેલી મૂક્યો. પણ આ કિનારો પેલા જંગલી માણસના વસવાટવાળો નહિ, એટલો એ નસીબદાર. કર્મ વિના કોણ આ બધું ગોઠવે છે ? માણસની હોશિયારી અને ઉદ્યમ અહીં શા કામ આવે ? દરિયાનું મોજું એને ગોઝારા કિનારે નહિ, ને બીજા કિનારે મૂકે એ કર્મનો મહિમા. કિનારે મૂકાયા પછી લોભદેવ ઊઠ્યો, ચાલ્યો

અંદર. ત્યાં ચંદનના ઝાડ મળ્યાં. એની કુંપળોનો રસ કાઢી પોતાના ઘા પર લગાવે છે, કંઈક ફળનો આહાર પણ કરે છે, અને આગળ જતાં એક મોટો વડ અને એની આગળ આકાશનો ભાગ જાણે રત્નની ફરસી જેવો જુએ છે.

**મહાદુઃખમાંથી** છૂટ્યો છે એટલે એને આ જોઈ વિચાર આવે છે કે 'અહો ! આ કેવું સુંદર સ્થાન ? ત્યારે આ દેવતાઓ કેમ ભૂલા પડી આવા સુંદર સ્થાનને મૂકી સ્વર્ગમાં જઈ વસ્યા હશે ? એમને સુંદર-અસુંદરની ગમ ઓછી ? અથવા સંભવ છે સ્વર્ગમાં તો આના કરતાં ય ઘણા ઊંચા સુંદર સ્થાન, સુંદર સામગ્રી, સુંદર સુખો હશે. ત્યારે, જરૂર જગતમાં ધર્મ અને પાપ જેવી વસ્તુ છે. નહિતર ધર્મ વિના એ દેવો ઊંચા સુખમાં શી રીતે મહાલે ? તેમ પાપ વિના અમારા જેવા દુખિયારા કરતાં ય નરકના જીવો ભયંકર દુઃખમાં કેમ સબડે ?

**લોભદેવને લાગે છે કે 'ખરેખર ! ધર્મ ચીજ પણ છે, અને પાપચીજ પણ છે;** તેથી જ સુખ-દુઃખ મળે છે. 'અરેરે ! તો પછી મેં તો પાપ કરવામાં પાછું વાળીને જોયું નથી, તે પેલા બિચારા ભદ્રશેઠને મેં નિર્દયપણે દરિયામાં ધકેલ્યો, અને ત્યાં એને મગરમચ્છના મોંઢામાં ગળાતો દેખી હું રાજી થયો. આ મારા પાપે નિર્દોષ પરિવારને પણ કારમા મોત દેખાડ્યા. ધિક્કાર છે મને આવા ઘોર પાપીને ! તો હવે મારે જીવીને શું કરવું છે ? જાઉં કોઈ તીર્થસ્થાનમાં અને ત્યાં આપઘાત કરું.'

લોભદેવ એકલો અટૂલો અહીં નિર્જન સ્થાનમાં ધર્મ અને પાપનું નક્કર અસ્તિત્વ વિચારી રહ્યો છે. એ એને, લીલી-સૂકી બહુ જોઈ આવ્યો છે એટલે, હાડોહાડ લાગી જાય છે, પોતાના પાપ ઉપર તિરસ્કાર છૂટે છે; પરંતુ અજ્ઞાન છે, તેથી એમ સમજે છે કે તીર્થસ્થાનમાં આપઘાત કરવાથી હલકા થવાય. તો હવે કયા તીર્થસ્થાને જવું ?

**પિશાચોનું આગમન :-**

ત્યાં બને છે એવું કે થાકેલો છે, એટલે ત્યાં રહેલ વિશાળ વડની નીચે સૂઈ જાય છે. એમાં એ વડ ઉપર પિશાચો એકઠા થઈ વાતો કરે છે. લોભદેવ અવાજથી જાગી જાય છે, એને વિચાર આવે છે કે આ કઈ ભાષામાં વાતો ચાલે છે ? સંસ્કૃત ભાષામાં તો નહિ, કેમકે સંસ્કૃત ભાષા તો અનેક પ્રકારની વિભક્તિ-લિંગ-પ્રત્યય વગેરેથી સમજવી કઠિન; ત્યારે આ તો સમજાય એવી ભાષા છે. ત્યારે પ્રાકૃત ભાષા હશે ? ના, ના, પ્રાકૃત ભાષા તો અમૃતના ઝરા જેવી મીઠી ભાષા; ત્યારે આ કાંઈ એવી નથી લાગતી. તો અપભ્રંશ ભાષા પણ નહિ; કેમકે આ તો સંસ્કૃત-પ્રાકૃત ઉભયરૂપ પણ આમાં તો શુદ્ધ-અશુદ્ધ પદો છે, મનોહર છે. બસ, બરાબર આ પૈશાચી ભાષા લાગે છે. ત્યારે અહીં પિશાચ, આવ્યા હોવા સંભવ



છે. તો સાંભળવા દે શું બોલે છે. એમ કરી જાગતો પડી રહી સાંભળે છે.

**પિશાચો માંહોમાંહે વાતો કરે છે,** એમાં એક જણ પૂછે છે 'બોલો, કયો પ્રદેશ રમણીય ?' ત્યારે એક જણ જવાબ દે છે કે 'જ્યાં આંબે નવી મહોર આવી હોય, ને પવન સુંદર વાતો હોય એ.'

ત્યારે બીજો બોલ્યો, 'એ શાનો સુંદર પ્રદેશ ? સુંદર તો જ્યાં દેવાંગનાઓ ફરતી હોય એવો મેરુપર્વત.'

તો ત્રીજો કહે, 'અરે ! એ નહિ; પણ જ્યાં મનોહર દેવીઓ હીંચકે હીંચતી ગાતી હોય એના મધુર સ્વરથી ગુંજતો નંદન વનનો પ્રદેશ સુંદર.'

ત્યારે ચોથો વળી કહે છે, 'અરે ! રમણીય અરમણીયનો તફાવત જ તને ખબર નથી. રમણીય તો હિમવંત પર્વત છે.'

ત્યાં વળી એક બોલ્યો, 'રાખ રાખ એ વાત. સમસ્ત રમણીય પ્રદેશોમાં શ્રેષ્ઠ રમણીય પ્રદેશ તો ગંગાનદી કહેવાય કે જ્યાં મિત્રવધથી લાગેલાં પાપ પણ ધોવાઈ જાય.'

આમ વાત થઈ, ને પિશાચો ત્યાંથી ઊપડી ગયા.

**સુંદરતા કાર્યના આધારે જોવાય :-**

જુઓ રમણીયતાનો અંતિમ નિષ્કર્ષ શાના પર કાઢ્યો ? ખાલી બહારની સુંદરતા પર નહિ, **કિન્તુ જેનું કાર્ય સુંદર હોય એમાં રમણીયતા માની.** રમણીયતાનો આ માપદંડ વિચારક માટે મનની વૃત્તિઓ પર અંકુશ મૂકવા ઉપયોગી થાય એવો છે. મન બાહ્ય સુંદરતા, બાહ્ય ફટાટોપ, અને બાહ્ય આકર્ષક્તા જોઈ એમાં લલચાઈ જાય છે. પરંતુ જો કાર્યની સુંદરતા પર હિસાબ રાખે તો મન બાહ્ય પ્રલોભનોમાં જતું અટકી જાય. કહે છે ને 'પીળું એટલું સોનું નહિ,' 'ઊજળું એટલું દૂધ નહિ,' ત્યારે ? જોવું પડે કે એ પીળું સોનાનું કાર્ય આપે છે ? એ ઊજળું દૂધનું કાર્ય આપે છે ?

**વિષયવૈરાગ્ય કેમ થાય ? :-**

ઇન્દ્રિયોના વિષયોને જો આ દૃષ્ટિએ જોવાય કે 'એનું કાર્ય કેવું છે ?' તો પછી એની કશી રમણીયતા ન લાગે. મન એમાં કશું આકર્ષાય નહિ. કેમકે વિષયોનું કાર્ય કેવું છે ? જીવને ગુલામ બનાવવાનું, મોહમૂઢ બનાવી જીવને જાતનું ભાન ભૂલાવવાનું, એમ દેવ-ગુરુ-ધર્મ વિસરાવવાનું અને જલદ કર્મબંધ કરાવી ભવોમાં ભટકાવવાનું,...આવાં બધાં કાર્ય આ ઇંદ્રિયવિષયોનાં છે. તો પછી જીવ માટે એ વિષયો કશા રમણીય કહેવાય ? કે ખતરનાક કહેવાય ?

**દેખાવમાં સુંદર છતાં શું શું સુંદર નહિ ? :-**

(૧) ગૂંડો દેખાવમાં બહુ રૂપાળો હોય પરંતુ હાથમાં છરો ઉગામી મારવા

આવતો હોય તો ક્ષણભર પણ મનને એમ થાય ખરું કે 'આ બહુ સારો રૂપાળો છે ?' (૨) દૂધપાક દેખાવમાં રૂડોરૂપાળો અને ખાવામાં બદામપિસ્તા વગેરેના સ્વાદવાળો હોય પરંતુ નજરે ચડતાં જ દેખાય કે ઉપરના ચંદરવામાં સાપ બફાઈ એનું ઝેર એમાં પડી રહ્યું છે, તો પછી એ સહેજ પણ સુંદર લાગે ? મોંમાંથી પાણી છૂટે ? (૩) હરણિયાના શિકાર માટે શિકારીઓ જંગલમાં લોભાવનારું સંગીત ગોઠવે છે, તો એ પાકા અનુભવી હરણને કે જે જાણે છે કે આ તો અમને પાસે ખેંચી મારી નાખવા માટે છે, એને એ સંગીત સુંદર લાગે ? શું એના મનને એમ થાય કે 'વાહ ! આ બહુ સુંદર સંગીત !' કે એનો રણકાર કાને આવતાં જ ભડકે કે 'હાય ! મર્યા આ તો સંગીત નહિ, તિક્ષ્ણ બાણ છે ?' **વિષયોમાં આ ભડક ઊભી થાય એનું નામ વૈરાગ્ય.**

**વાસના-ખણજો કેમ મટે ? :-**

વાત આ છે કે રમણીયતા જો કાર્ય પર જોવાય, ફળ પરથી મપાય, તો બ્રહ્મચર્ય પાળવું ય સહેલું બને. એમાં દેખાય કે આમાં શું સુંદર છે ? નિજની શરીરશક્તિ-વીર્યશક્તિ ય ગુમાવવાની, અને આત્મ-સ્વસ્થતા ય ગુમાવવાની ! ઉપરાંત એક જ સંયોગમાં બે થી નવ લાખ ગર્ભજ મનુષ્યો અને અસંખ્ય સંમૂર્છિમ જીવોનો સંહાર ! તેમ જીવને ખોટા સંસ્કાર-ચડસ-હરામચસ્કો પોષાય એ જુદું. આવા અનર્થ વહોર્યા કરું, ત્યારે આત્માની વાસનાથી મુક્ત એવી સ્વસ્થતા શીતલતા-નિશ્ચિન્તતા ક્યારે અનુભવવાની ?

**ખણજો પોષ્યે જવામાં સાચી શાંતિનો અનુભવ ન થાય; ઊલટી ખણજ વધે; તેથી જીવની કંગાળ દશાનો અંત ન આવે;** કેમકે જીવને બિચારાને સુખનો અનુભવ ક્યારે ? ઇંદ્રિયોને વિષયોથી ચેન પડે ત્યારે; એટલે એવા સુખના ભૂખ્યા એણે બિચારાએ ઇંદ્રિયોને ચેન આપ્યા કરવું પડે; કે જેને કાયમી ચેન જ નથી. હમણાં વિષયસંયોગથી ચેન, ન ઘડી પછી પાછી ખણજ. વળી ફરી વિષયસંયોગથી ચેન, ને થોડી વાર બાદ પાછી ખણજ. શા સારુ આવા એના ચેનની વેઠ પરના સુખની ભૂખ રાખવી ? શા સારુ એવી કંગાળ દશા ભોગવવી ? ઘેર ગયું એ સુખ, કે જેની ખાતર ઈંદ્રિયોને વારેવારે ચેન પમાડ્યા કરવું પડે, અને અનેક શક્તિનાશ, પુણ્યનાશ, સ્વસ્થતાનાશ વગેરે અનર્થો વહોરવા પડે ?...' પુણ્યનાશ, સ્વસ્થતાનાશ વગેરે અનર્થો વહોરવા પડે ?...' ઈત્યાદિ જો નજરમાં રહે તો વિષયોમાં કશી રમણીયતા ન લાગે, ઊલટું એના પર ઘૃણા થાય, ભડક થાય.

**લોભદેવ ને આચાર્ય મહારાજનો ભેટો :-**

લોભદેવ સૂતો છે ત્યાં પેલા પિશાચો વાતો કરતાં અંતે એકે રમણીયતા



ગંગામાં કહી કે જ્યાં પાતકની શુદ્ધિ થાય; કાર્ય સારા પર રમણીયતા માપી. પછી એ પિશાચો ઊડી ગયા. હવે લોભદેવ એ સાંભળી વિચાર કરે છે કે 'તો પછી હું ત્યારે એ ગંગા પાસે જઈ મારા આત્માની શુદ્ધિ કરું.' એમ વિચારી ત્યાંથી ઊઠ્યો અને ચાલ્યો ગંગા તરફ.

ધર્મનંદન આચાર્ય મહારાજ પુરંદરદત્ત રાજાને કહી રહ્યા છે કે 'લોભદેવને હવે શુદ્ધિની લગન લાગી, તે ક્યાંય દૂર સમુદ્રતટેથી ગંગાએ પહોંચવા નીકળ્યો. એ ફરતો ફરતો આ અહીં આવી ગયો છે.'

લોભદેવ પોતાનું જીવન આચાર્ય મહારાજના શ્રીમુખે કહેવાતું બરાબર સાંભળી રહ્યો છે, તે હવે કથન પૂરું થતાં ઊભો થયો. એના દિલમાં ભારે મંથન ચાલ્યું છે, એટલે હવે તો એ અત્યંત ગળગળો થઈ આંખમાં પાણી સાથે આચાર્ય ભગવંતના ચરણે પડી કહે છે,

**તીવ્ર પાપસંતાપમાં આપઘાતની તૈયારી :-**

'હે ઉત્તમ યશસ્વી ભગવંત ! જે આપે કહ્યું તે બધું જ તે જ પ્રમાણે બન્યું છે; એમાં તલ-તુષમાત્ર પણ અસત્ય નથી. તો પ્રભુ ! હવે મારે શું કરવું ? મારાં મહાપાપ ધોવા સળગતી ચિતામાં બળી મરું ? યા ગંગામાં ડૂબી જાઉં ? અથવા પર્વત પરથી ઝંપાપાત કરું ? શું કરું ?'

એને પાપનો સળગતો પશ્ચાત્તાપ અને શુદ્ધિની તીવ્ર લગની છે, એટલે હૃદય રડી રહ્યું છે અને કોઈ પણ ભયંકર દુઃખ સહી લેવા એ તૈયારી બતાવે છે. કર્મ અને કુસંસ્કારના ભારે મળ સાફ કરવા હોય તો આ જરૂરી છે કે

**પાપો-કુસંસ્કારોને નિર્મળ કરવા ૩ ઉપાય :-**

(૧) નાના-મોટા પાપોનો અંતરમાં ભારે પશ્ચાત્તાપ-બળતરા-સંતાપ સળગવો જોઈએ. એ પણ એવો કે જરાય ચેન ન પડવા દે; કિન્તુ નજર સામે એના કટુ વિપાકરૂપે દુર્ગતિનાં દુઃખભર્યા જનમ દેખાયા કરે, ને તેથી એનો ભય રહ્યા કરે; તેમજ એ પાપો અને પાપકારી પોતાના આત્મા પ્રત્યે ઘૃણા-જુગુપ્સા રહે.

(૨) બીજું જરૂરી આ કે પાપોથી લાગેલી અશુદ્ધિ મિટાવી શુદ્ધિ કરવાની લગની-તાલાવેલી-તમન્ના હોય. પછી ત્યાં પોતાના સ્વમાન વગેરે આડા ન આવે કે 'હું આવો જાણીતો, હોશિયાર, મોટી ઉંમરનો, તે ગુરુને કેમ કહું કે મેં આવા પ્રકારનું અધમ પાપ કરેલું ?' આવું આવું મનમાં કાંઈ ન આવવું જોઈએ. શુદ્ધિ કરવી હોય તો તો માન, માયા, મોટાઈ વગેરે બાજુએ મૂકી દેવી પડે. તો જ ગુરુ આગળ બાળભાવે યથાસ્થિત ઈકરાર થાય. મોહનીય કર્મની કેવી ખૂબી છે કે 'જીવને એ નથી દેખવા દેતું કે દિલમાં પાપનાં ખાનગી શલ્ય રાખી મૂક્યા અને

બહારમાં બડા થઈને ફર્યા, તો ભવાંતરે એ શલ્યના ઉદ્ધાર નહિ થાય, ઊલટું એ પાપવૃત્તિની પરંપરા ચાલશે. ત્યાં પછી કેટલી ભયાનક દુર્દશા ? એના કરતાં અહીં યોગ્ય ગુરુ આગળ પાપોની આલોચના કરી શલ્ય હટાવી દેવા શું ખોટા ?

**પાપ પર હૃદયરુદનનું મહત્ત્વ :-**

(૩) ત્રીજું જરૂરી આ, કે દિલ-હૃદય એ પાપો પર રડતું રહે. માત્ર પશ્ચાત્તાપમાં તો, મનને એવું થાય કે 'આ પાપ ખોટું કર્યું. ઠીક નહિ.' એટલે પશ્ચાત્તાપ થયો ગણાય. પરંતુ ત્યાં દિલ ક્યાં હચમચે છે ? એમ એક વાર એવો પસ્તાવો થવા માત્રથી પાપના અનુબંધ ન તૂટે. એ માટે તો અંતર્વેદના રહે, દિલ રડું રડું થાય, પારાવાર ખેદ થાય, વારંવાર હૃદય ગદ્ગદ થઈ પાપ અંગે જાત પર નફરત છૂટે, એ જરૂરી છે. ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાએ એવા ઉત્કૃષ્ટ હૃદયરુદન સાથે પાપઘૃણા જાતઘૃણા કરી, તો એમાં પાપાનુબંધ, પાપ અને દેહાસક્તિ-દેહાધ્યાસ આદિ એવા તૂટ્યાં કે એ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા. સમવસરણમાંથી મોડા આવવા અંગે મૃગાવતી સાધ્વીજીને, ગુરુણીના મળેલા સહેજ ઠપકા પર, એવા દ્રવિત દિલ, અંતર્વેદના અને હૃદયરુદન સાથે પાપઘૃણા અને આત્મઘૃણા થઈ કે એ ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા. એટલે, પાપપશ્ચાત્તાપ સાથે હૃદયનું રુદન જરૂરી છે. એમાંથી નવો સત્પુરુષાર્થ અદ્ભુત જાગે છે.

લોભદેવને એવો તીવ્ર અંતર્વેદના-હૃદયરુદન સાથે પાપપસ્તાવો જાગ્યો છે, એટલે આચાર્ય ભગવંત આગળ એ પાપોના નાશ માટે જરૂરી હોય તો અગ્નિમાં બળી મરવાની, ગંગામાં ડૂબી મરવાની, યા પર્વત પરથી ઝંપાપાત કરવાની તૈયારી બતાવે છે.

પરંતુ આચાર્ય ભગવંત કહે છે, 'મહાનુભાવ ! સળગતી ચિતામાં તો શરીર બળી જાય એટલે શરીરના કચરા બળે, પરંતુ આત્માના કર્મકચરા શી રીતે બળે ? પાણીમાં ડૂબતા શરીરના અંગો સાફ થાય, કિન્તુ આત્મા શી રીતે સાફ થાય ? પર્વત પરથી પડતાં હાડકાં ભાંગી જાય, પરંતુ આત્માનાં પાપ અને કર્મ શી રીતે ભાંગે ? માટે આ તો તારી ભ્રમણા છે કે 'આવું કાંક કરીને પાપની શુદ્ધિ કરું;'

આચાર્ય મહારાજના કહેવાનું તાત્પર્ય આ છે કે જે વસ્તુમાં શુદ્ધિ-નિર્મળતા કરવી હોય, શુદ્ધિનો પ્રયોગ એમાં લાગુ થવો જોઈએ. જમણો પગ મેલો હોય અને ડાબા પગ પર સાબુ લગાડ્યા કરે તેથી જમણો પગ થોડો જ સાફ થાય ? એમ મલિનતા આત્માની કાઢવી હોય અને એ માટે શુદ્ધિપ્રયોગ શરીર પર કરે તેથી કાંઈ આત્માની મલિનતા થોડી જ જાય ? અથવા આત્માનાં કર્મ તોડવાં હોય અને શરીરને ખીણમાં પટકે તેથી તો શરીરનાં હાડકાં તૂટે, પણ આત્માનાં કર્મ થોડાં જ તૂટે ?



લોભદેવ પૂછે છે, 'પ્રભુ ! તો પછી મારે પાપો તોડવા શું કરવું ?

**ઘોર કાળાં પણ પાપ તોડનારા ૧૦ ઉપાય :-**

આચાર્ય મહારાજ કહે છે, 'જો, દેવાનુપ્રિય ! આત્મા પર જે ગાઢ કાળાં પાપ કર્મ પહેલાં જમા કરેલાં છે, તે સમ્યક્ત્વ સહિત તપથી અવશ્ય તપીને સાફ થઈ જાય છે, આ તપમાં અનેક વસ્તુ આવે છે. માટે જો તારે એવાં પાપકર્મો તોડી નાખવા હોય તો (૧) લોભ મૂકી દે; અને (૨) ગુરુનો પરમ વિનય ધારણ કરી, (૩) સાધુસેવા વૈયાવચ્ચ તથા (૪) શાસ્ત્રસ્વાધ્યાયમાં લાગી જા. સાથે (૫) ક્ષમાને ધારણ કર, (૬) કાયોત્સર્ગ-ધ્યાન કર, (૭) દૂધ-દહીં-ઘી-સાકર વગેરે વિગઈઓનો ત્યાગ કર; (૮) ભોજનનાં દ્રવ્યોમાં સંકોચ કર, અને (૯) અહિંસાદિ મહાવ્રતોનું નિરતિચાર પાલન કરતો કરતો આત્માને એનાથી ભાવિત કરી દે. અંતે (૧૦) અનશનથી આ શરીરનો ત્યાગ કરી પંડિતમરણ સાધ. બસ, આમ કરતાં કેઈ ગાઢ કાળાં પાપકર્મોનો ય નાશ થશે.'

**કર્મ શાથી આવે, ને શાથી તૂટે ?**

આચાર્ય મહારાજે આ એવા ઉપાયો બતાવ્યા કે જે કર્મ બંધાવનારા કારણોથી તદ્દન વિરુદ્ધ છે. એટલે પછી સહજ છે કે આ ઉપાયોથી કર્મનો નિકાલ થઈ જાય.

(૧-૨-૩) લોભ, અભિમાન, ને સ્વાર્થમાયાથી કર્મ બંધાય, તો લોભત્યાગ, ગુરુવિનય, અને સેવાથી કર્મ તૂટે.

(૪) મોહની વાતોથી કર્મ બંધાય, તો શાસ્ત્ર-સ્વાધ્યાયથી કર્મ તૂટે.

(૫-૬-૭) એમ, બહુ વાર ખાનપાન, વિગઈરસ, અને મળી એટલી ચીજ ખાવાની છૂટના લીધે આત્મામાં કર્મનો પ્રવાહ આવતો રહે; તો એની જગાએ તપ, રસત્યાગ અને દ્રવ્યસંક્ષેપથી કર્મનો નિકાલ થતો આવે.

(૮) બહુ બોલ-ચાલથી કર્મ બંધાય, તો કાઉસ્સગ્ગ-ધ્યાનથી કર્મ તૂટે.

(૯-૧૦) હિંસાદિથી અને ક્રોધ ઉકળાટથી કર્મના લેપ લાગે, ત્યારે અહિંસાદિના ને ક્ષમા-ઉપશમના સંલીનતાતપથી કર્મનો લેપ ઉખેડાતો જાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૪૧,તા.૧૮-૭-૧૯૭૦**

આ હિસાબ બહુ ધ્યાનમાં રાખવા જેવો છે. આચાર્ય મહારાજે લોભદેવને કહ્યું એ તો હવે લોભદેવ સંપૂર્ણપણે સ્વીકારી લેવાનો છે, પરંતુ સંભવ છે કે તમારો તો ત્યાં બચાવ રહેવાનો કે 'અમારાથી તો કાંઈ એ બને નહિ, હમણાં ને હમણાં કાંઈ બધું ત્યાગ કરી ચારિત્ર લેવાનું ન થઈ શકે.' કિન્તુ અહીં બહુ સમજવા

જેવી વસ્તુ આ છે કે,

**એ કર્મ તોડનારા વિવિધ ઉપાય જેમ સર્વાંશે સ્વીકારવા-આદરવાથી કર્મબંધ અટકીને જંગી કર્મનાશ થતો રહે, તેમ એ ઉપાયોને અંશે અંશે પણ આદરતા રહેવાથી એટલા એટલા પ્રમાણમાં બંધથી બચી કર્મનાશનો લાભ મળતો રહે.**

એટલે જ મોક્ષથી ચાહના હોય તો સમજી રાખવું કે સર્વ કર્મનાશ કર્યા વિના છૂટકો નથી; તેથી સહજ છે કે સર્વ કર્મનાશની ચાહના જોઈએ જ. તો જેને સંસાર નથી ગમતો, ને સંસાર વર્ધક કર્મબંધ ખૂંચે છે માટે તો સર્વકર્મનાશ ઝંખે છે, એને શું અંશે અંશે કર્મબંધ અટકાવવાની અને થોડે થોડે પણ કર્મનાશ કરવાની તમન્ના ન હોય ? જાતની જાંચ કરતા શીખો. સમજી રાખજો કે,

**આ અંશે અંશે પણ કર્મનાશના ઉપાય લોભત્યાગ વગેરે આદરતા રહેવાથી મોક્ષની સાચી શ્રદ્ધા ઊભી થાય છે;** એની હૂંફ રહે છે. એટલે જ એ લોભત્યાગ વગેરે ઉપાયો અંશે અંશે પણ આદરતા રહેવું જોઈએ. જો એ કશું કરવું જ નથી, તો મોક્ષની તમન્ના ક્યાં ઊભી રહેશે ? 'ના, એ કશું નહિ કરીએ પણ સમકિત રાખશું અને એથી તરી જવાશે,' આવો વિશ્વાસ રાખીને બેસતા નહિ. ઉપાધ્યાયજી મહારાજનું આ વચન યાદ કરજો,

**શ્રેણિક સરખા રે અવિરતિ થોડલા, જેહને નિકાચિત કર્મ;**
**તાણી આણે રે સમકિત વિરતિને ; એહી જ પ્રવચન મર્મ...'**

અર્થાત્, શ્રેણિક રાજા જેવા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ થોડા, કે જેમને વિરતિ ન પામવા દેનાર નિકાચિત કર્મ હતા. બાકી એવા નિકાચિતકર્મ ન હોય એવા ઘણા. તેથી જો કર્મ અ-નિકાચિત હોય અને સમ્યકત્વનું દિલ બની જાય તો તો એના પ્રભાવે અંશે પણ લોભત્યાગ વગેરે વિરતિમાં આવી જ જાય.

**સમકિત વિરતિને તાણી આણે છે.** જીવનમાં એવી વિરતિ ન આવતી હોય, તો ત્યાં ખામી કર્મની લઘુતાની સમજશો નહિ, પરંતુ સમકિતની ખામી,-સમજજો. અલબત કર્મ બહુ નડતા હોય તેથી વિરતિ ન આવતી હોય, છતાં એ કર્મોને ઓછા કરી શકાય છે; અટકાવી શકાય છે. પણ ક્યારે ? અંતરમાં સમકિત ઝળહળે ત્યારે.' 'સમકિત' એટલે તત્ત્વશ્રદ્ધા-તત્ત્વરુચિ; એમાં મોક્ષરુચિ આવે, સર્વકર્મનાશની રુચિ આવે. એ જો ખરેખર જાગી હોય તો અંશે કર્મનાશની રુચિ કેમ ન હોય ? આ જો હોય તો જીવ ઝાલ્યો રહે ? સર્વાંશેની જેમ અંશે ય કર્મનાશ તો ઝંખતો જ રહે અને એ ઝંખે એટલે એના ઉપાય ઝંખે. સમકિત વિરતીને તાણી આણે છે. માટે અંધારામાં રહેતા નહિ કે 'શું કરીએ, અમારાં કર્મ એવાં છે. એટલે થોડો પણ ધર્મ નથી થઈ શકતો, થોડો થોડો પણ લોભત્યાગ ગુરુવિનય ગુરુસેવા સાધુસેવાદિ



નથી થઈ શકતા.' આવું માની બેસવું એ અજ્ઞાન દશા છે, અંધારામાં ટીચાવાનું છે. દોષ કર્મનો નથી, પરંતુ સમકિતના અભાવનો છે. દિલમાં સમકિત ઝળહળતું હોય, તો તો એ ઊભા કરે જ, સિવાય કે કર્મ નિકાચિત હોય. પણ એ તો શ્રેણિક કૃષ્ણ જેવા થોડાને; એટલે આપણી જાતમાં એવાં નિકાચિત કર્મ હોવાનું નહિ માની બેસવાનું. નહિતર છતાં ધર્મશાસને જિંદગી એળે ચાલી જશે.

**સમકિતનો વિશ્વાસ શાના પર ? :-**

**પ્ર.-** ત્યારે આપણામાં સમકિત હોવાનો વિશ્વાસ શી રીતે પડે ?

ઉ.- આ રીતે, કે આપણને કર્મબંધન ખટકતા હોય, કર્મનાશની તમન્ના હોય, અને તેથી જ અંશે અંશે પણ લોભત્યાગ વગેરે આચરતા હોઈએ. માટે તો કહ્યું કે આ લોભત્યાગ વગેરે અંશે અંશે પણ કરતા રહીએ તો એથી સમકિતનો કંઈક વિશ્વાસ રાખી શકાય. સમકિત તો અંતરાત્માની ચીજ છે, એ ચામડાની આંખે શી રીતે દેખી શકાય ? દેખી શકવાની ચીજ આ, કે 'લોભત્યાગ વગેરે કેવો ને કેટલો કેટલો કરી રહ્યા છીએ ?' જીવનમાં જો એ કરતા રહીએ તો સહેજે વિશ્વાસ રહે કે 'મને ખરેખર મોક્ષ યાને સર્વકર્મનાશની તમન્ના છે, તેથી જ અંશે પણ કર્મનાશ થાય એવી આ પ્રવૃત્તિ હું કરી રહ્યો છું.' આ વિશ્વાસ ઉપર સમકિતનો વિશ્વાસ રાખી શકાય. એવું કશું કરવાનું જ ન હોય તો સમકિતનો વિશ્વાસ શાના પર ધરવાનો ? 'તમન્ના મારા મનમાં છે, લોભ વગેરે મને ખોટા લાગે છે, તેથી સમકિત તો મારામાં છે,' આ એમજ કેમ માની લેવાય ? માની લેતાં ભૂલા પડવાનું થાય. જો એવી તમન્ના છે, લોભનો ખટકો છે, તો થોડે અંશે પણ એનો ત્યાગ કેમ નથી થતો ? લોભનો ખટકો હોય તો તો એ લોભ દિલને બાળ્યા કરે; ને દિલ બળતું હોય તો ય લોભને પૂરેપૂરો પકડી રખાય ? હોંશે હોંશે નિરંકુશ-નિર્મર્યાદ લોભની પ્રવૃત્તિ થયા કરે ? એવું હોય તો દિલની બળતરા શી ? માટે ભૂલા પડવા જેવું નથી.

અલબત્ 'આપણે પૂર્વ ભવોની જેમ અહીં પણ કેવળ ભવવૃદ્ધિના માર્ગે નથી,' એવી ખાતરી સમ્યક્ત્વ પર રાખી શકીએ, કિન્તુ સમકિતની ખાતરી શાના પર ? એ ખાતરી આ લોભત્યાગ આદિ અંશે અંશે પણ કરતા રહીએ એના પર રાખી શકાય. એ કરતા રહીએ તો મનને સહેજ ધરપત રહે કે 'હવે મારી દિશા કાંક પલટાણી છે, હવે મારે પૂર્વની જેમ ભવના ફેરા નહિ વધે.' આ દિશાનો પલટો લોભત્યાગ વગેરે અંશે અંશે કરતા રહેવા પર માની શકાય.

એટલે હવે અહીં આચાર્ય મહારાજે લોભદેવને કર્મનાશના જે ઉપાય બતાવ્યા તેને કર્મબંધના ઉપાયની સામે ગોઠવી રાખો, નજર સામે એ તરવરતા રાખો, જેથી

અંશે અંશે કર્મબંધના હેતુ અટકાવી કર્મનાશના ઉપાય આદરતા રહેવાય.

| **કર્મબંધ-કારણ** | **કર્મનાશ-કારણ** |
|---|---|
| લોભ | લોભત્યાગ |
| અભિમાન | ગુરુવિનય |
| સ્વાર્થમાયા | સાધુસેવા |
| મોહની વાતા | શાસ્ત્રસ્વાધ્યાય |
| યથેચ્છ ભોજન | વિવિધ તપ |
| રસની ઉજાણી | રસત્યાગ |
| મળે એટલું ખપે | દ્રવ્ય સંકોચ |
| યથેચ્છ બોલચાલ | કાઉસ્સગ્ગ-ધ્યાન |
| હિંસાદિ | અહિંસાદિ |
| ક્રોધાદિ ઉકળાટ | ઉપશમ |

બસ, આને વારંવાર વિચારતા રહેવાય, તો શું કરીએ છીએ અને શું કરવા યોગ્ય છે એ નજર સામે તરવરતું રહે.

આ ઉત્તમ મનુષ્યજન્મ શા માટે છે ? કર્મબંધનાં જ કારણો આચરી આચરી કર્મના ભાર વધારવા માટે છે ? કે કર્મનાશના ઉપાય આદરી આદરી કર્મના ભાર ઓછા કરવા માટે છે ? **'મારે મોક્ષ જોઈએ છે,' 'સેવક અરજ કરે છે રાજ !** શિવસુખ અમને આપો,' શું એમ રટવામાત્રથી સાબિત થશે કે ખરેખર મોક્ષની જરૂર લાગી છે ? મોક્ષ સર્વકર્મનાશરૂપ છે. **'કૃત્સ્ન-કર્મક્ષયો મોક્ષઃ'** તત્ત્વાર્થસૂત્ર કહે છે. સમસ્ત કર્મનો ક્ષય એ મોક્ષ; તો પછી એ અંશે અંશે કર્મક્ષય કર્યા વિના બની આવશે ? ચિદાનંદજી કહે છે **'દુઃખદાયી હો સહુ કર્મવિનાશ,'** સકલ કર્મનો નાશ કરવો એ તો કષ્ટભર્યું કામ છે; કેમકે એ કર્મ અનંતાનંત છે. માટે અંશે અંશે કર્મક્ષયનો અભ્યાસ રાખવો જોઈએ, અને એ ચિદાનંદજી કહે છે, 'અનુભવ અભ્યાસી કરે' પ્રભુનાં દર્શનના યોગે, સમ્યગ્દર્શનના પ્રભાવે દિલમાં અનુભવપ્રકાશ થયો, અને એથી અભ્યાસી બન્યો.' જુઓ આ એમની પંક્તિ,

**''પણ તુમ દરિસણ યોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;**
**અનુભવ અભ્યાસી કરે; (બાકી) દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ...**
**પરમાતમ પૂરણ કલા.''**

**દર્શનથી થતો આ અનુભવપ્રકાશ એટલે શું ?**

કવિએ ગોઠવણ કેવી સુંદર કરી છે ? આની પહેલાં કહ્યું **'સુખવેળા સાજન ઘણા, દુઃખવેળા હો વિરલા સંસાર.'** પ્રભુને કહે છે 'તમે સુખિયા મહાત્માઓના



દિલમાં વસો છો એટલે કે એમને તો મોક્ષે જતાં તમે સાજનમાં સાથે રહો છો, પરંતુ અમે કર્મના દુખિયારા, અમારી સાથે સાજનમાં તમે ક્યાંથી રહો ? સુખમાં તો ઘણા ય સાથે રહે, દુઃખમાં સાથે રહેનાર વિરલા.'

તો હવે શું નિરાશ થઈને બેસી રહેવાનું કે 'ચાલો ત્યારે, પ્રભુ તો દિલમાં સાથે રહેતા નથી, તો મોહમાંથી શુધબુધ લાવવાની માંડવાળ કરો ?' ના, એટલા માટે કહ્યું કે 'ખેર ! પ્રભુ નથી આવતા, પણ પ્રભુનાં સમ્યગ્દર્શનથી દિલમાં અનુભવ-પ્રકાશ થયો છે, અને એ અનુભવ કર્મક્ષયનો અભ્યાસી કરે છે, એટલે ક્રમશઃ એ કર્મક્ષયનો અભ્યાસ વધતાં વધતાં એક દિવસ સર્વકર્મનાશ થઈ મોક્ષ થશે, ને પ્રભુ સાથે જ્યોતિમાં જ્યોતિ ભળે એમ મેલાપ થશે. તો પ્રશ્ન થાય કે ત્યારે દર્શનના અનુભવપ્રકાશથી સર્વકર્મનાશ જ કરી લો ને ? ત્યાં કહ્યું સર્વકર્મનાશ એમ સહેલો નથી, **'દુઃખદાયી હો સહુ કર્મવિનાશ;'** એ ભારે કષ્ટભર્યો છે એ માટે તો પહેલાં થોડા થોડા કર્મનાશનો અભ્યાસ રાખવો જોઈએ. એ અભ્યાસમાં **'મોહમહામદ છાકથી, હું છકિયો હો નહિ શુદ્ધિ લગાર'** એમ જે પહેલાં શુધબુધનો અભાવ કહ્યો તે શુધબુધનો ય અભ્યાસ કરવાનું આવી જાય. જીવ મોહના છાકથી છકેલો છે, મોહના કેફથી નશામાં છે, એટલે એને કશી શુધબુધ નથી. એ શુધબુધ પ્રભુને દિલમાં લાવવાથી આવે, પણ એમ પ્રભુને દિલમાં લાવવાનું ક્યાં સહેલું પડ્યું છે ? પ્રભુ દિલમાં આવે એટલે તો પ્રભુના આદર્શ, પ્રભુનાં ધોરણ, પ્રભુની ગણતરીઓ, પ્રભુનાં ગણિત; એ બધું આપણું થઈ જાય; ને આપણાં પોતાનાં ઊભા કરેલા આદર્શ-ધોરણ-ગણતરી-ગણિત વગેરે પડતા મૂકાય. પણ આ ક્યાં સહેલું છે ? એટલે જ પ્રભુ દિલમાં આવવા સહેલા નથી.

**ત્યારે પ્રભુ દિલમાં ન આવે, તો પછી શુધબુધ શી રીતે આવવાની ?**

તેથી કવિ કહે છે 'દરિસણ જોગથી અનુભવ-પ્રકાશ થાય; અને અનુભવ અભ્યાસી કરે...' અર્થાત્ સમ્યગ્દર્શનથી દિલમાં મોહનાં તત્ત્વોની ખરાબી અને ત્યાજ્યતાનો અનુભવ થાય, સંવેદન થાય; હાડોહાડ લાગી જાય કે 'સમ્યગ્દર્શન કહે છે તે મુજબ આ મોહનાં તત્ત્વ મહા ખતરનાક. મારી અનંત સમૃદ્ધિ આ ચોરોએ જ દબાવી દીધી છે, તે ય અનંતાનંત કાળથી એટલે હવે એ મોહતત્ત્વો પર હૈયાનાં હેત શા ? વિશ્વાસ શા ?' આમ;

**મોહતત્ત્વોની ખરાબીનું અંતરમાં સંવેદન થાય, એ જ અનુભવ.** એ અનુભવ વાગોળતાં વાગોળતાં એનો અભ્યાસ થાય એટલે મોહમાં જે મગ્નતા હતી, નિદ્રિત જેવી દશા હતી, એમાં ફરક પડે, નિદ્રા ઊડે, મગ્નપણું મિટે, કંઈક શુધબુધ આવે. પેલો અનુભવ જેમ વધે એમ આનો અભ્યાસ વધતો જાય; શુધબુધનો અભ્યાસ

વધતો આવે. એથી, કર્મક્ષયનો અભ્યાસ પણ વધતો ચાલે.

સારાંશ, જેને સર્વકર્મક્ષયરૂપ મોક્ષની ખરેખર જરૂર લાગી છે, એ અંશે અંશે કર્મક્ષય શોધતો જ રહે કે ક્યાં એ થઈ શકે. એટલા જ માટે એના ઉપાય મળે કે વધાવી લે; મેળવવા માટે ખોજ કરતો રહે. વળી જેમ જેમ આ ઉપાયો આદરતો જાય એમ એમ હૈયે હૂંફ અનુભવે કે 'ચાલો આ આદરવાનું થાય છે તો મોક્ષની સાચી તમન્ના આવી લાગે છે, પ્રભુનાં વચન ગમે છે, સમકિતની સુલભતા બને છે.' આવી હૂંફ રહે. સમકિતની હૂંફ પર ભવવૃદ્ધિ ન થવાની હૂંફ રાખી શકાય; અને અંશે પેલા લોભત્યાગ વગેરે કરતાં રહીએ એના પર એ હૂંફ રહે. એ કશું કરીએ નહિ તો હૂંફ શાના પર ?

લોભદેવને આચાર્ય મહારાજ જે બતાવી રહ્યા છે કે 'ગાઢ કાળાં પણ પાપકર્મ તોડવા હોય, તો લોભ છોડ, ગુરુવિનયી થા, સાધુસેવા-વૈયાવચ્ચ અને સ્વાધ્યાયમાં લાગીજા...' વગેરે, એ થોડાં પણ પાપ ધોવાની તમન્નાવાળાને પ્રેરણારૂપ છે, કે 'આ ઊંચા જીવનમાં અંશે અંશે પણ એ લોભ આદિ છોડતો જા અને એ માટે આ ઉચ્ચ સુકૃત સાધતો રહે.'

**જેને આ લોભત્યાગાદિ કશું કરવું ન હોય એને આ જાણીને શું ? :-**

લોભદેવે પૂછ્યું અને આચાર્ય ભગવાને ઉપાય બતાવ્યા, એમાં એને શું લાગે વળગે ? થયું, સાંભળી મૂક્યું, જાણી લીધું કે 'લોભદેવ આવો આવો પાપી બન્યો હતો, ઘોર કાળાં પાપ ઉપાજર્યાં હતાં, અને આચાર્ય ભગવાને એને ઉપાય બતાવ્યા તે એણે સ્વીકારી લીધા.' આ જાણી લીધા પછી શું ? પોતાને શો લાભ થયો ? લાભ તો તો જ થાય કે મનને લાગી જાય કે 'અહો આવાં કાળાં કામ કરનારનો પણ આનાથી ઉદ્ધાર છે, તો અમે એવાં કાળાં કામ નહિ કરનારે તો આ જ અપનાવવું જોઈએ. અમારે પણ ઉદ્ધારનો બીજો માર્ગ શો હોય ? અને આટલું સાંભળ્યા-જાણ્યા પછી ય અમારું જીવન જો પૂર્વની જેમ નિરંકુશ લોભ વગેરેથી ચાલ્યા કરે, તો સારું જાણ્યું શું ?

**લોભદેવને દીક્ષા :-**

લોભદેવને તો આચાર્ય મહારાજે દર્શાવેલ ઉપાય હૈયે આરપાર ઊતરી ગયા, એ જાણવા પર દિલ નાચી ઊઠ્યું, હૈયે અપાર હૂંફ આવી કે 'હાશ ! મારા જાલિમ કાળાં પાપ પણ આ ઉપાયોથી નષ્ટ થશે !' બસ, આચાર્ય મહારાજ પાસે એ ઉપાયોની યાચના કરી, અને આચાર્ય ભગવંતે જોયું કે 'હવે એના કષાય શાંત થયા છે, તેથી એ ચારિત્રને યોગ્ય છે,' એટલે લોભદેવને ત્યાં ચારિત્ર-સાધુદીક્ષા આપી. રાજા પુરંદરદત્ત અને વાસવમંત્રી વગેરે તો જોઈને ચકિત જ થઈ રહ્યા છે કે



'અહો ! જાલિમ ક્રોધ-માન-માયા-લોભનાં આ જીવંત દૃષ્ટાંત એક જ દેશનામાં સંસાર ત્યજી સાધુ બની રહ્યા છે !'

પરમ ઉપકારી મહાકવિ આચાર્ય ભગવાન શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજે હ્રીદેવીના આદેશથી પ્રૌઢ પ્રાકૃત ભાષામાં શ્રી કુવલયમાળા ચરિત્ર રચ્યું એમાં સંસારના પાંચ કારણ પૈકી ક્રોધ-માન-માયા અને લોભ એ ચાર કારણ ઉપર જીવંત દૃષ્ટાંત સાથે સંસારની કઢંગી સ્થિતિ આબેહૂબ વર્ણવી. અનંતાનંત કાળથી જીવ સંસારમાં ભટકતો પારાવાર દુઃખ અને દુર્દશા અનુભવી રહ્યો છે. છતાં એવા સંસાર પર એને અભાવ નથી થતો; ગ્લાનિ નથી થતી. આચાર્ય મહારાજે આ દૃષ્ટાંતો દ્વારા સંસારના મલિન ભાવોનું જે વર્ણન કર્યું છે એ સહૃદય શ્રોતાને સંસાર અને એના કારણ ક્રોધાદિ ઉપર ખેદ ગ્લાનિ પેદા કરે એવું છે. વળી વર્ણન એટલું રોચક છે કે એ ફરી ફરી વાંચવાનું મન થાય એવું છે; અને એમ પુનઃ પુનઃ વાંચતાં અધિકાધિક સંવેગ-વૈરાગ્ય પ્રગટે એમ છે.

પરંતુ સંસારના ગાઢ રસિયાને મન એમ થાય છે કે,

**પ્ર.-** એવા સંવેગ-વૈરાગ્ય પ્રગટાવીને શો લાભ ? ઊલટું, રહેવું સંસારમાં, અને મન ઉદ્વેગમાં રહ્યા કરે. સંસારમાં રહીએ ત્યારે તો એકધારા આનંદમાં રહીએ ?

ઉ.- પણ આ ભ્રમણા છે, કે 'સંસારમાં અખંડ આનંદમાં રહીએ.' સંસારમાં આનંદ અખંડ રહી શકે એમ નથી. એનાં કારણ અનેક છે, દા.ત.

**સંસારમાં આનંદ અખંડ કેમ નહિ ? :-**

(૧) જીવનું પુણ્ય પરિમિત છે તેથી ધાર્યું અમુક પ્રમાણમાં જ બને એવું છે. જ્યારે જીવ ધારે છે ઘણું ઘણું બનવાનું; એ ક્યાંથી બની આવે ? ધાર્યું ન બની આવે એટલે સ્વાભાવિક છે કે આનંદ અખંડ નહિ ચાલવાનો. એવું પુણ્ય કોને કે જેનું ધાર્યું બધું જ બની આવે ? હા, વૈરાગી જીવને સાંસારિક સુખો અનુકૂળતાઓની ધારણા મર્યાદિત હોય, પરંતુ જેને જીવનમાં વૈરાગ્ય ઉપયોગી જ નથી લાગતો એ શું કામ અનેક નવનવી અનુકૂળતાઓની ચાહના નહિ કરે ? ચાહના કરશે પણ પુણ્ય એટલું પહોંચતું નથી એટલે એટલું પામશે નહિ. ત્યાં ઈચ્છાભંગ-ધારણાભંગ થતાં મનોભંગ અને તેથી દુઃખ લાગવાનું. પછી આનંદ અખંડ ક્યાં ચાલે ?

**વાનરવંશમાં શ્રીકંઠ રાજા** થઈ ગયો એ વિદ્યાધર હતો, એમાં એક વાર એણે દેવતાઓને વિમાનમાં નંદીશ્વર દ્વીપે જતા જોયા, તેથી પોતાનેય જવાની ભાવના થઈ. એટલે એણે વિદ્યાના બળે વિમાન વિકુર્વ્યું (બનાવ્યું) અને એ એમાં બેસી દેવોની પૂંઠે પૂંઠે ચાલ્યો. એનું વિમાન દેવોનાં વિમાનની પાછળ પાછળ ચાલ્યું તો

ખરું, પરંતુ અઢી દ્વીપની સીમા પરના માનુષોત્તર પર્વત ઉપર વિમાન અટકી પડ્યું, કેમે ય આગળ વધ્યું જ નહિ. મનધાર્યું બનવાનો અખંડ આનંદ તૂટી ગયો.

બોલો, અહીં નંદીશ્વર દ્વીપે પહોંચવાની ધારણા સફળ ન થઈ. તો હવે મનને શું લાગે ? દેવતાઓના વિમાન સડસડાટ જતા જુએ અને પોતાનું અટકી પડેલું દેખે એટલે મોં વિકાસીને ઊભા રહેવાનું જ થાય ને ? ત્યાં ધારણા ભંગ થતાં આનંદ અખંડ ચાલે ?

**સંસાર એટલે પુણ્ય મર્યાદિત, માટે સુખ અખંડ ન ચાલે.** કેમકે પુણ્ય એક નહિ તો બીજે ઠેકાણે અધુરું પડે એટલે ધાર્યું પૂરું ન થાય, જોઈએ એવું પાર ન પડે, બસ, ત્યાં પછી દુઃખ લાગે, અને આનંદ ઊડે.

પરંતુ શ્રીકંઠ તો વૈરાગી જીવ હતો, તેથી વિવેકી હતો. એણે તો ઝટ વિચાર્યું કે, 'આ મારી પુણ્યની ખામી, પુણ્ય અધુરું, એટલે કાર્ય અધુરું રહ્યું, પૂરું ન થયું પુણ્યની ખામીનું કારણ એ, કે પૂર્વે મેં જિનભક્તિમાં અને તપમાં ખામી રાખી. માટે હવે અહીં પૂર્ણ જિનભક્તિ કરું, બરાબર તપ કરું. બસ, આમ વિચારીને ઘરે આવી એણે સંસારત્યાગ કરી ચારિત્ર લીધું, અને સંયમ તથા તપની જબરદસ્ત આરાધના કરવા માંડી. અહીં સવાલ થાય,

**પ્ર.**- સંયમમાં જિનભક્તિ ક્યાં આવી ? જિનભક્તિ તો જિનેન્દ્ર ભગવાનના મોટા ભક્તિ ઉત્સવ-પૂજા તીર્થયાત્રા-મંદિરનિર્માણ-જીર્ણોદ્ધાર-જાપ, સ્તવન, સ્મરણ કરે એને કહેવાય ને ?

**જિનભક્તિના ૪ પ્રકાર :-**

**ઉ.**- કહેવાય; પણ એ બધી તો દ્રવ્ય-જિનભક્તિ છે. ભાવથી જિનભક્તિ જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન છે. જિનભક્તિના ૪ પ્રકાર, ૧. પુષ્પ ૨. આમિષ- ૩. સ્તોત્ર ૪. પ્રતિપત્તિ. **'પુષ્પ'**માં અભિષેક-ચંદન-પુષ્પપૂજા આવે. **'આમિષ'** માં નૈવેદ્ય-ફળ-ધૂપ-દીપપૂજા આવે. **'સ્તોત્ર'**માં સ્તવન-ગુણગાન-જાપ-સ્મરણ આવે. **'પ્રતિપત્તિ'** પૂજા એટલે આજ્ઞા સ્વીકાર અને આજ્ઞાપાલન, યાને સમ્યગ્દર્શન અને સમ્યકજ્ઞાનચારિત્ર આવે. આ ચોથી પ્રતિપત્તિ પૂજા એ ભાવભક્તિ છે. પૂર્વની ત્રણ પૂજા સાથે સમ્યગ્દર્શન હોય તો એ અંશે ભાવભક્તિરૂપ થાય. સંપૂર્ણ ભાવભક્તિ સંપૂર્ણ આજ્ઞાપાલન યાને સર્વવિરતિ ચારિત્રથી બને. એમાંય ક્ષીણમોહ વીતરાગભાવનું ચારિત્ર એ ભાવ-જિનભક્તિની પરાકાષ્ઠા. એનાથી કેવળજ્ઞાન અને મોક્ષ મળે. **ઈક્કો વિ નમુક્કારો તારે ઈ નરં વ નારિં વા'** એમાં વીરપ્રભુને એક પણ નમસ્કાર તે આ ઉત્કૃષ્ટ ભાવભક્તિરૂપ સમજવાનો. સંપૂર્ણ જિનાજ્ઞાપાલન એ ભાવનમસ્કાર, એ ભાવભક્તિ.



બાકી આજ્ઞાપાલન વિનાની દ્રવ્ય જિનભક્તિ જીવને કેટલે ઊંચે લઈ જાય ? દેવતાઓ પ્રભુના કલ્યાણક ઠાઠથી ઊજવે છે, મેરુશિખર પર જિન-જન્માભિષેક ભવ્ય ઊજવે છે, પરંતુ એમને વિરતિ નથી, સંપૂર્ણ આજ્ઞાપાલન નથી, તેથી માત્ર ચોથા ગુણસ્થાનક સુધી જ એમની પ્રગતિ. માટે આજ્ઞાપાલનરૂપ ભાવભક્તિ એ મોટી ચીજ છે.

**વિરાગ નહિ ત્યાં દુઃખ :-**

શ્રીકંઠ વિદ્યાધર રાજાએ એ ભાવ જિનભક્તિ કરવા સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધું અને સંયમ તપની જોરદાર આરાધના કરવા માંડી શું કર્યું એણે ? ધારી નંદીશ્વરયાત્રા ન થઈ એમાં પુણ્યની ખામી જોઈ અને એ ખામીમાં જિનભક્તિની ખામી જોઈ ને દુઃખ ન કરતાં સંપૂર્ણ જિનભક્તિને જ હવે જીવનકર્તવ્ય લેખ્યું, તે એ બજાવવા માંડ્યું, પરંતુ એ તો વૈરાગ્યવાળાની દશા વૈરાગ્ય નથી એને તો આવું કાંક ધાર્યું ન થવા પર મન ધમધમતું યા નિરાશ દીન દુઃખી થઈને બેસી રહેવાનું. એટલે અધૂરાં પુણ્ય ઉપર સંપૂર્ણ ધાર્યું પાર ન પડે, ત્યાં દુઃખ-સંતાપ થાય, પછી આનંદ અખંડ ક્યાંથી ચાલે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૪૨,તા.૨૫-૭-૧૯૭૦**

**(૧) સંસાર અધૂરાં પુણ્ય પર ચાલે છે માટે એમાં અખંડ આનંદ ન મળે.**

**(૨) સંસારમાં અખંડ આનંદ નહિ, એનું બીજું કારણ** આ છે, કે જીવ એ આનંદ ઈષ્ટ વિષય સંયોગ પર માને છે, અને વિષયોમાં સુખનો સ્વભાવ નથી. એ તો માત્ર અમુક પરિસ્થિતિ અને અમુક સંયોગ હોય ત્યાં સુધી વિષયો સુખનો આભાસ કરાવે એટલું જ, પરંતુ એ પરિસ્થિતિ કે સંયોગ ફરી જતાં એના એજ વિષય દુઃખ દેખાડે છે. ત્યારે સંસારમાં પરિસ્થિતિને કે સંયોગને ફરતાં વાર કેટલી ? પછી ત્યાં આનંદ ખતમ. દા.ત.

માણસ ધંધેથી ઘરે આવ્યો, ઘરના માણસે ભાવથી જમવા બેસાડી એકવાર પીરસ્યું પણ ખરું, ત્યાં સુધી સુખ લાગ્યું, પરંતુ પછીથી એ ઊભી થઈ જઈ કહે કે હવે જોઈએ તે આ તપેલીઓમાંથી લઈ લેજો અને કહીને એ સહિયર સાથે વાતોમાં ચાલી જાય તો આદમીને દુઃખ લાગે છે. ભોજન સારું પકવાન્ન વગેરેનું છે. છતાં પરિસ્થિતિ ફરી એટલે દુઃખ થયું, આનંદ ઊડ્યો. મનને એમ થાય છે કે 'આટલી અમે ધંધાની હાડમારી વેઠીને આવીએ છીએ ને આને એક ૦। કલાકનું સીધું જમાડવાનું નથી આવડતું ?'

આવી તો કેટલીય જાતની પરિસ્થિતિઓ ફરે છે. ઘરવાળી તો સીધી હોય, પૂરી સેવા કરતી હોય, પરંતુ ત્યાં છોકરો કાંક ઉદ્ધતાઈ બતાવે તો ય દુઃખ લાગે છે. નોકર કાંક ઊંધું મારે તો પણ સંતાપ થાય છે. જમતાં જમતાં કાંઈક એવા અશુભ સમાચાર આવે ત્યાં ય આનંદ ઊડી જાય છે. વેપારમાં ઊંધું વળ્યું છે તો પણ પકવાન્નનો આનંદ નહિ.

(૨) **સંસાર એટલે પરિસ્થિતિઓનાં પરિવર્તન ભરપૂર એમાં એકજ પરિસ્થિતિ પરના વિષયોથી જે આનંદ લૂંટવા છે એ અખંડ શાના ચાલે ?**

(૩) **એમ સંસારમાં અખંડ આનંદ નહિ એનું કારણ કે મનોદશા ફરવાથી પણ આનંદના ભૂક્કા બોલે છે.** પરિસ્થિતિ તો ન ફરી હોય, દા.ત. પૈસા સારા કમાઈ લાવ્યા, આનંદ ઊભરાય છે, પરંતુ એમાં જો મનમાં આવ્યું કે પેલો માણસ કબાડી, એ કેમ બહુ કમાઈ ગયો ?' એમ ઈર્ષ્યાની મનોદશા જો ઊભી થઈ, તો ચિત્તમાં સંતાપ પેઠો. બસ ત્યાંજ પેલો ઊભરાતો આનંદ અલોપ ! અથવા મનમાં આવ્યું કે આ પૈસા પર હવે ઘરવાળા ખરચા બહુ કરાવશે તો ય મનોદશા ફરી, અને સંતાપ ઊભો થયો અથવા મનને ઈન્કમટેક્ષની કે અસત્ કલ્પનાની બીજી કોઈ ચિંતાની મનોદશા ઊભી થઈ, તો સંતાપ આવ્યો જ છે. સંતાપ ત્યાં આનંદ અલોપ.

**માણસને કેવી કેવી સ્વદુઃખદાયી મનોદશા ?**

સામાન્ય રીતે માણસને વાતવાતમાં મનને ઓછું આવ્યા કરે છે. દા.ત. 'પૈસા મળ્યા, પણ આટલા ન મળ્યા; અથવા મળ્યા તે ક્યાં મૂકશું ? માગણિયા બહુ આવે છે. ટેક્ષના લફરાં છે...' આમ કાંઈ ને કાંઈ મનને ઓછું આવ્યા કરે છે. 'કાપડ તો સારું લઈ આવ્યા પણ દરજી ચોરી ન ખાય તો સારું...સિલાઈ બહુ માગે છે...મેલું જલ્દી થઈ જાય છે...' આવા આવા કેઈ સંતાપ ચાલે છે. આવી મનોદશામાં આનંદ અખંડ ક્યાંથી ચાલે ?

ત્યારે કેટલાયને બીજાનું હલકું, બીજાની ખામી, બીજાના દોષ જોવાની જ મનોદશા હોય છે. ઘરનું માણસ હશે તો ય એને 'જુઓ આ તમે આમ કર્યું એટલે બગડ્યું...તમે આમ બોલ્યા...હું તો આમ કરતો હતો પણ તમે ના પાડી...' આવી આવી એની ખામી જ બતાવ્યા કરશે. પોતાના મનમાં એવું જ સ્ફુરે એટલે એ ન બતાવે તો બીજું શું બતાવે ? મનોદશા જ બીજાના દોષ જોવાની હોય, તેથી એના પર જીવ બાળ્યા કરશે. એમાં અખંડ આનંદ ક્યાં રહે ?

**દોષદૃષ્ટિની મનોદશાથી સમ્યક્ત્વઘાત :-**

**આવી મનોદશાનું એક ભયંકર કાર્ય** તો એ બને છે કે દર્શનાચાર યાને સમ્યગ્ર્શનના આઠ આચાર પૈકીના ઉપબૃંહણા-સ્થિરીકરણ અને વાત્સલ્ય આચાર



ગુમાવવાનું થાય છે; માત્ર ગુમાવવાનું નહિ કિન્તુ કદાચ એથી વિપરીત જે અવગણના, અસ્થિરીકરણ અને દ્વેષરૂપ અનાચાર, એ સેવવાનું બને છે; એમાં ઓછા ખેદ નહિ ! અને એથી સમ્યગ્દર્શનનો નાશ આવીને ઊભો રહે, યા સમ્યગ્દર્શનથી દૂર પડવાનું થાય.

ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે કે સમ્યગ્દર્શન પામવા માટે યા પામેલાને ટકાવવા-નિર્મળ કરવા માટે નિઃશંક્તિતા-નિઃકાંક્ષા-નિર્વિચિકિત્સા-અમૂઢદૃષ્ટિ, અને સાધર્મિકની ઉપબૃંહણા-સ્થિરીકરણ-વાત્સલ્ય-પ્રભાવના, એ આઠ આચારનું પાલન કરો. હવે જો દોષદૃષ્ટિ છે, જો બીજાનું હલકું જોવાની જ મનોદશા છે, તો એ મનોદશા સાધર્મિકને પણ નહિ છોડે, એના ય છિદ્ર જોવરાવશે; ને ત્યારે છદ્મસ્થ માણસમાં કોઈ ને કોઈ દોષ ખામી તો હોય જ એટલે છદ્મસ્થ સાધર્મિકમાં કાંઈ ખામી તો મળે. બસ, દોષ જ જોવાની મનોદશાથી એ ખામી જ દેખવાનું થવાનું, કદાચ એને મોંઢે પણ એ જ કહેવાશે, પછી ત્યાં એના ગુણની ઉપબૃંહણા-પ્રશંસા સમર્થન કરવાનું ક્યાં રહે ? ઊલટું એનો કોઈ દોષ જ ધ્યાનમાં છે એટલે સંભવ છે એની અવગણના કરવાનું બને; બીજાની આગળ નિંદા કરવાનું ય થાય. એમ અવગણના નિંદાથી સંભવ છે એને કોઈ શ્રદ્ધા, ગુણ, સુકૃત વગેરેમાં અસ્થિર કરવાનું પણ નીપજે; અને આ સ્થિતિમાં અર્થાત્ દોષદર્શનની મનોદશામાં સામા પર પ્રેમ-વાત્સલ્ય ક્યાં રહે ? ઊલટું મનમાં દ્વેષ થાય,

આમ દોષ-ખામી, જોવાની મનોદશાથી શું આવ્યું ? અનુપબૃંહણા-અવગણના, અસ્થિરીકરણ અને અ-વાત્સલ્ય, દ્વેષ એટલે સમ્યગ્ દર્શનના આચાર પાળવાના બાજુએ રહ્યા, ઊલટું દર્શનના ભંગ કરનારા અનાચાર સેવવાનું થયું.

**મંદિરમાર્ગી મૂર્તિવિરોધી થયાનું દૃષ્ટાંત :-**

એક ગામમાં શ્રાવકના બહુ થોડા ઘર હતા, દેરાસર નહોતું, એમાં એમાંના એક શ્રાવકભાઈને ભાવ વધ્યા તે એમણે પોતાના મકાનમાં એક મેડા ઉપર ઘરદેરાસર કર્યું. મેડામાં આખામાં કપચી ચોડાવી, વગેરે સારો દેખાવ કર્યો. બીજા શ્રાવકોને દર્શન-પૂજા માટે સારી સગવડ થઈ. એ ભાઈ જીવંત હતા ત્યાંસુધી તો ઠીક ચાલ્યું; પણ પછી એમના મર્યા બાદ છોકરાના હાથમાં તંત્ર આવ્યું, ત્યારે આજની દોષ જોવાની મનોદશામાં બને છે એમ બીજાઓ આ દેરાસરના કારભાર અંગે કાંઈ ને કાંઈ કચકચ કરતા થયા; મંદિર માલિકને ડામતા રહ્યા, એના દોષ ગાતા રહ્યા. એનું પરિણામ એ આવ્યું કે આ છોકરા અને એનું આખું કુટુંબ મંદિરમાર્ગી મટી સ્થાનકવાસી બની ગયા. ઘરમાંથી દેરાસર કાઢી તો ન નાખ્યું, પરંતુ એને ભજવા-સંભાળવાનું બંધ કર્યું. અત્યારે એની પૂજા વગેરે બીજા ભાઈ સંભાળે છે. ખણખોજ કરવામાં, ખામી જ જોતા

રહેવામાં, અને ખોદણી કરવામાં આ કેવું ભયાનક પરિણામ આવ્યું કે સામા મંદિર માલિકને જ જિનમૂર્તિના રાગીને બદલે દ્વેષી કરવાનું થયું. બીજાની ખોદણી-નિંદા હલકાઈ કરતી વખતે એની ભયંકરતાનો ખ્યાલ રાખો ખરા ?

**જિનમૂર્તિના દ્વેષી બનાવવાનું કાર્ય ભયંકર કેમ ?** એટલા માટે, કે જીવ એવા દ્વેષથી દુર્લભબોધિ બને; તે એને ભવાંતરમાં જૈન ધર્મ જોવા ન મળે. ધર્મના એક પણ અંગ ઉપર દ્વેષ-અરુચિ જીવને દુર્લભબોધિ બનાવે છે. મેતારજના જીવને પૂર્વ ભવે સાધુપણામાં 'ચારિત્ર તો સારું, પણ ગુરુએ પરાણે ચારિત્ર આપ્યું એ ઠીક નહિ,' એમ ગુરુની પદ્ધતિ પ્રત્યે સહેજ અરુચિ થઈ, એ પૂજ્યતત્ત્વના એક અંગ ઉપર અરુચિ થઈ, બાકી ચારિત્ર પર અને ગુરુ પર પ્રેમ હતો, તો ય એ દુર્લભબોધિ બન્યા; તે મેતારજના ભવમાં એમના જ કોલ મુજબ મિત્રદેવતા પ્રતિબોધ કરવા આવ્યો, કેટલાય વાનાં કર્યાં, છતાં મેતારજને વરસો સુધી પ્રતિબોધ ન લાગ્યો.

**હલકી મનોદશા ગુરુની ય ખામી જોવરાવે ! :-**

'ગુરુએ ચારિત્ર પરાણે આપ્યું તે ઠીક નહિ' આવો વિચાર શાથી આવ્યો ? ગુરુની ખામી જોવાની મનોદશા ઊભી થઈ તેથી. એ જો મનોદશા ન થઈ હોત, તો તો મન પર ગુરુના પરમ ઉપકાર અંગે કૃતજ્ઞભાવ અને ગુરુના ગુણોનું સ્મરણ ચાલત. જો બીજાની ય પ્રશંસા-ઉપબૃંહણા કરવાની હોય તો ગુરુની ન હોય ? હોય, કરવી જ જોઈએ. **'પ્રત્યક્ષે ગુરવઃ સ્તુત્યાઃ'** ગુરુના ગુણોનું સમર્થન-પ્રશંસા-બહુમાન એમની સમક્ષમાં ય કરવું જોઈએ. પણ એ ક્યારે કરાય ? ગુરુના ય છિદ્ર જોવાની, ખામી જોવાની મનોદશા ન હોય ત્યારે. એ ય બીજાના ય છિદ્ર-ખામી જોવાની કુટેવની મનોદશા ન રખાય તો બચાય.

સંઘ-સાધર્મિક-ગુરુની ખામી જોવાની, એમનું હલકું જોવાની અને પછી એ ગાવાની, ને એમને ઉતારી પાડવાની મનોદશા મહાભયંકર છે. એ પોતાને અને કદાચ જેની આગળ ગાય એને ય દુર્લભબોધિ કરી દે, ધર્મ પ્રત્યે ધર્મી પ્રત્યે અભાવવાળા બનાવી દે; તેમજ બીજાં પણ પાપ બંધાવે.

**વરદત્ત અને ગુણમંજરીનું** જ્ઞાનપંચમી પરનું દૃષ્ટાંત જાણો છો ને ? વરદત્તે પૂર્વ જીવનમાં સાધુપણામાં એમની પાસે ભણનાર સાધુ એક વાર રાતના કાંઈક શંકા પૂછવા આવ્યા, તો એમને દ્વેષ થયો કે 'આ મને આરામના વખતે ય હેરાન કરે છે.' ભણનારનો ગુણ જોવો ભૂલ્યા કે 'અહો ! આમને જ્ઞાનની ધગશ સારી લાગે છે, તેથી રાતના પણ સૂત્રચિંતન-અર્થચિંતન કરે છે. એટલે જ તો એમાં શંકા પડી તો પૂછવા આવે છે.' આ જોવાનું ભૂલ્યા, દોષ જોવાની મનોદશા ઊભી થવાથી એમનું હલકું જોયું કે 'આ મને આરામ વખતે ય હેરાન કરે છે.' એમાં



પછી જ્ઞાન પર અભાવ થયો, મનને થયું કે 'આ હું ભણ્યો છું એ જ ભૂલ કરી છે.' તે પછીથી એમણે વાચના દેવાનું બંધ કર્યું. એમાં ભારે પાપ ઉપાર્જ્યાં.

ત્યારે ગુણમંજરી પૂર્વભવે સ્ત્રીપણે, એના છોકરા ફરિયાદ કરતા આવ્યા કે 'મહેતા અમને મારે છે,' ત્યારે એ જોવું ભૂલી કે 'મહેતા કાળજી લઈને છોકરાને ભણાવે છે.' અને ઊલટું એણે મહેતાનું હલકું જોયું કે 'આ તો મારા વહાલા છોકરાઓને મારે છે,' તે પછી એના પર દ્વેષવાળી બની. છોકરાની પાટી-પોથી એણે બાળી નાખ્યા, અને છોકરાને શીખવ્યું કે 'મહેતો તેડવા આવે ત્યારે દૂરથી પથરા મારી એને કાઢી મૂકજો. આપણે કાંઈ આમ ભણવું નથી.' આમાં એણે ભારે પાપ ઉપાર્જ્યાં.

**દોષ જોવાની મનોદશા પર દર્શનના અનાચાર :-**

હલકું જોવાની, દોષ જોવાની મનોદશા માણસને કેવા પાપમાં-પાપાચરણમાં ઉતારે છે ! બહુ સાવધાન રહેવા જેવું છે. આજે સાધુનું, સાધ્વીનું, શ્રાવક-શ્રાવિકાનું, ટ્રસ્ટીઓનું, ધર્મમાં કાર્યકર્તાઓનું, વગેરેનું હલકું બોલવા-લખવાનો મેનિયા ચાલી પડ્યો છે. એમાં ન ફસી જવાય અને આપણે ય સંઘ-સાધર્મિકનું હલકું બોલવાનું ન કરીએ, એ માટે સજાગ રહેવાનું છે. વિશાળ દૃષ્ટિવાળું પ્રભુનું શાસન નાનાના પણ કોઈ ગુણ, સુકૃત, નિયમ વ્રતનિયમ વગેરેની ઉપબૃંહણા જ કરવાનું કહે છે, દોષ ગાયા કરવાનું નહિ; ત્યારે આજના આપમતિ અને સંકુચિત દૃષ્ટિવાળા લોકો જેનું ને તેનું છોલવાની જ વાત રાખે છે ! કેવો કળિકાળ ! પવિત્ર દર્શનાચાર હાથવેંતમાં છતાં એને અવગણીને અધમ મનોદશાથી દર્શનના અનાચાર સેવાય છે.

આપણી વાત એ હતી કે સંસારમાં આનંદ અખંડ કેમ નહિ ? એટલા જ માટે કે (૧) એક તો, પુણ્ય પરિમિત છે અને અનુકૂળ બનવાનું ધારવા ઘણું જોઈએ છે, તેથી સહજ છે કે પરિમિત પુણ્યમાં ધાર્યું બધું પાર પડે નહિ બધું બની આવે નહિ, એટલે ત્યાં દુઃખ થવાનું; તેથી આનંદ ખંડિત થઈ જાય એ સ્વાભાવિક છે. (૨) બીજું એ, કે સંયોગ-પરિસ્થિતિ-ચિંતા-સંતાપ ઊભા થવાના; તેથી પણ આનંદ ખંડિત થવાનો. મનને વાતવાતમાં ઓછું આવવાની મનોદશા, ગમે તેટલું સારું મોજુદ છે, કે બની આવ્યું છે, છતાં મનને દુઃખ લગાડશે. ત્યાં પછી આનંદ ક્યાં ટકે ?

મનોદશા જો દીનતાની ન હોય, મનને ઓછું આવ્યા કરવાની ન હોય, પરંતુ તૃપ્તિની હોય, ધરપતની હોય, તો તો ભલે ઓછાં પુણ્યે પ્રાપ્તિ ઓછી થઈ હશે, છતાં મનને બહુ મળ્યું લાગશે. પૂર્વના શ્રાવકો નિર્ધન સ્થિતિમાં ય મસ્ત રહેતા. એમને પૂછો 'કેમ છે ?' તો એ કહેતા 'બહુ મજા છે. ઝાઝું મળતું નથી, તેથી ઝાઝી લપ નથી રહેતી; એટલે ધર્મસાધના મજેથી થાય છે. બહુ ઉપાધિમાં

બહુ જંજાળ, બહુ ચિંતા, તેથી ધર્મધ્યાન શાંતિથી ન ચાલે.' શું આ ?

**તૃપ્તિની મનોદશા પર મસ્તી.**

**આનંદ વસ્તુથી નહિ, રાગાદિથી લાગે છે :-**

(૪) **સંસારમાં આનંદ અખંડ નહિ એનું ચોથું મહાન કારણ એ,** કે સંસારના આનંદ વિશેષ તો વસ્તુ કરતાં અંતરના રાગાદિ ભાવના હિસાબે લાગે છે; અને એ અંતરના રાગાદિ ભાવોને પલટાતાં વાર નથી લાગતી; તેથી આનંદ ઊડી જાય છે. આ બહુ સમજવા અને ખાસ ખ્યાલમાં રાખવા જેવું છે **કે દુન્યવી આનંદ વસ્તુના ઘરનો નહિ પણ પોતાની રાગદશાના ઘરનો છે.**

**રાગ ઊડતાં શીરો પણ પોટિસ લાગે :-**

જ્યાં સુધી રાગદશા ઊભી, ત્યાં સુધી આનંદ લાગે; પણ રાગભાવ ખંડિત થતાં આનંદ પણ ખંડિત થઈ જાય છે. ભૂખ્યા થયા જમવા બેઠા, ત્યાં મિઠાઈ ખાવાનો રાગ હતો, તેથી એ ખાતાં આનંદ લાગતો હતો; પરંતુ પેટ ભરાયે એના પરનો રાગ ખંડિત થઈ હવે ભાતનો રાગ થાય છે; તો હવે ત્યાં સામા જો પરાણે મીઠાઈ ખવરાવે તો આનંદ નહિ લાગે. 'એના પર રાગ હતો ત્યાંસુધી આનંદ; રાગ ઊડતાં એનો આનંદ ડૂલ;' આ નિયમ દેખાય છે, પરંતુ એવો નિયમ નહિ કે 'મીઠાઈ ખાતાં આનંદ, અને ખાવી બંધ કરતાં આનંદ નહિ.' ઊલટું પેટ ભરાયે તો એ ખાવી બંધ કરતાં આનંદ લાગે છે. ભૂખ્યા પેટે પણ એ ખાતાં આનંદ જ થાય એવો નિયમ નથી; કેમકે માનો કે એ કોઈને ત્યાં ખાવા તો બેઠા, પરંતુ એમ દેખાયું કે 'પેલાએ એના કરતાં વધુ સારું પકવાન્ન અંદરમાં છૂપાવી રાખ્યું છે, અગર અંદર કોક બીજાને એ પીરસ્યું છે;' તો એવું દેખાતાં અહીં પોતાને પિરસાયેલી મીઠાઈ પર રાગ ઊઠી જાય છે. દા.ત. શીરો પિરસાયો હોય તો હવે એમ લાગે છે કે 'શું આ પોટિસ ખાવા આવી ? પેલાને અંદર પેંડા બરફી પિરસ્યા છે.' જે પહેલાં એમ લાગતું હતું કે 'રોટલીને બદલે શીરો જમાડે છે, તા માણસ વિવેકી, ભાવવાળો લાગે છે,' તે હવે શીરા પરથી રાગ ઊઠી પેંડા પર જતાં એમ લાગે છે કે 'લ્યો પોટિસ પીરસી !' એમ રાગ ઊઠતાં આનંદ લુપ્ત.

**રાગ ઊડતાં પૈસા ઝેર, અને પ્રતિષ્ઠા વેઠ; સત્તા ફાંસલો :-**

બધે જ આવું છે પૈસો-પ્રતિષ્ઠા-પરિવાર, ધંધો-ધાપો, લાડી-વાડી-ગાડી, બંગલો-બગીચો, બધે ય જયાંસુધી રાગ છે ત્યાંસુધી આનંદ; રાગ ઊઠી જતાં આનંદ ગૂમ થઈ જાય છે. પૈસા મળ્યાથી આનંદ તો થયો, પરંતુ જો એના પર જ ભાઈઓ ઝગડો મચાવે છે, તો એ પૈસા પરથી 'બળ્યા આ પૈસા,' એમ રાગ ઊઠી જતાં આનંદ ઊડી જાય છે. પ્રતિષ્ઠા જામી, બહાર નામ પ્રસિદ્ધ થયું, તેથી ખુશી



તો થયા, પરંતુ જો હવે બહુ જણ માગવા આવે છે, યા નવનવા કામમાં ખેંચે છે, તો મનને એમ થાય છે કે 'ક્યાં આ પ્રતિષ્ઠાની વેઠ વળગી ? નકામા લોકોની આંખે ચડ્યા. સુખેથી ઘરે ખાતા બેઠા હતા, તે હવે આ ઉપાધિઓ ઊભી થઈ.' આમ પ્રતિષ્ઠાનો રાગ ઊઠી જતાં આનંદ નષ્ટ થઈ દુઃખ લાગે છે એમ, સત્તા અજમાવતાં સુખ લાગતું હોય; પરંતુ ત્યાં એ હસ્તગત સત્તાના હિસાબે જ જો કોઈ ભારે ઉપાધિ ઊભી થાય, યા ભારે આપત્તિ આવે, તો એ સત્તા ફાંસલો લાગે છે, ને એના પરથી રાગ ઊઠી જતાં, આનંદ ઊડી જાય છે,

**મદ-પ્રપંચ-કલહ વગેરે કાઢવાનો ઉપાય :-**

તાત્પર્ય, હકીકત આ છે કે સુખ લાગે છે, આનંદનો અનુભવ થાય છે, એ રાગદશાના ઘરનો છે. પરંતુ વિચારો કે સુખ-મોજ માણતાં કદી મનમાં આ આવે છે ખરું કે 'મને સુખ લાગ્યું એ આ વસ્તુનું નથી, પણ મારી રાગદશાનું છે ?' જો આ મનમાં આ આવે તો તો ન્યાલ થઈ જાઓ; કેમકે પછી તો જડ વસ્તુનું મહત્ત્વ જ ન લાગે; ને એ ન લાગે તો એની ખાતર જે મદ-પ્રપંચ-કલહ વગેરે અનેક ખરાબ લાગણીઓથી પોતાના જ આત્માને કાળો મેશ કરવાનું થાય છે તે ન થાય. મનને એમ થાય કે 'શા સારુ આ કાળા ભાવ વહોરું ? કોની ખાતર વહોરું ? જડ ખાતર ? જડ વસ્તુની જો કિંમત નથી, મહત્ત્વ નથી, કેમકે સુખ કાંઈ એ નથી દેખાડતી, કિન્તુ સુખ તો મારી રાગદશા લગાડે છે, તો પછી એ મહત્ત્વ વિનાની બાહ્ય વસ્તુ પાછળ ઊંચાનીચા થવાનું શું કામ ? અભિમાન-પ્રપંચ-જૂઠ કે બીજાનાં અપમાન-તિરસ્કાર-વૈરવિરોધ વગેરે કરવાની શી જરૂર ?'

**આકુળતા-વ્યાકુળતા ટાળવા ઉપાય :-**

પરંતુ વાંધો જ અહીં આવે છે કે આ સમકિત-આ શ્રદ્ધા નથી આવતી કે દુન્યવી સુખ લાગે છે તે રાગ અને અહંત્વના ઘરનું છે, આ હાડોહાડ શ્રદ્ધા નથી આવતી, નથી ટકતી, તેથી નજીવા નજીવા તુચ્છ ભોગ-ભોગસાધનોમાં સુખ દેખાય છે, ને ઝટ એના પર હૈયું ઠરે છે. દાંતમાં કણી ભરાઈ હતી, ખોતરવા સળી જોઈતી હતી તે તણખલાની મળી ગઈ, અને એનાથી ખોતરી કણી કાઢી નાખી ત્યાં કલેજે ઠંડક થાય છે કે 'હાશ ! સળી સારી મળી, કણી નીકળી ગઈ નિરાંત વળી.' આ નિરાંતનું સુખ કોના ઘરનું માન્યું ? સળીના ઘરનું. સળીથી સુખ થયું, એમ લાગે છે, એટલે ભલે રસ્તા પરની રખડતી ઘાસની સળી, પણ શક્ય હોય તો એને ય ગોખલામાં સાચવી મૂકવાનું મન થાય છે, અને મૂક્યા પછી જો એ ફરી જરૂર વખતે આઘીપાછી થઈ લાગી, તો જીવ આકુળ-વ્યાકુળ થાય છે.

**વસ્તુથી સુખ માનવામાં જીવ આકુળ-વ્યાકુળ જ થાય છે, કેમકે વસ્તુ અંતે**

**સ્વાધીન નથી એટલે એ મનોવિરુદ્ધ જવામાં મન વિહ્વળ બનવાનું. હકીકતમાં, સુખ તો શરીરની એવી રાગદશાથી લાગે છે.**

જો આ સમજ હોય તો તો મનને એમ થાય કે 'શરીર પર મને આટલો બધો રાગ શો, મોહ શો, કે દાંતમાંથી નજીવી કણી નીકળી ગઈ ને મોટી હાશ માની ? અને કણી રહી તો મોટું દુઃખ માન્યું'

મહાપુરુષોએ શરીર પર ભારે તકલીફમાંય દુઃખ નથી માન્યાં, ને એ હટી જવામાં કે ભારે અનુકૂળતા થવામાં સુખ નથી લેખ્યાં. નહિતર શાલિભદ્ર દેવતાઈ આહાર-વસ્ત્ર અને ઝવેરાતની રોજ નવી નવાણું પેટીનો ક્ષણમાં ત્યાગ કરી શકે ? શું જંબૂકુમાર કાચી મિનિટમાં ૯૯ ક્રોડ સોનૈયા અને તરુણ આઠ અપ્સરા શી નવોઢા રમણીઓને છોડી શકે ? એમ શું સનત્કુમાર ચક્રવર્તી એક ક્ષણમાં છ ખંડના વૈભવ-વિલાસ મૂકી શકે ? પણ શી રીતે એ ત્યાગના મહા પરાક્રમ એ ખેડી શક્યા ? કહો, સુખ વૈભવના નહિ પણ રાગના દેખ્યા, એ મહાવૈભવથી શરીરને રાગવશ સુખ લાગવાની કિંમત જ ન ગણી જોયું કે,

**શરીરના સુખની શી કિંમત છે ? શરીરનું સુખ જોવામાં આત્માનું તો સરાસર વટાઈ જાય છે.**

**શરીરના રાગ પર જીવ મૂર્ખ આ ઊંચા ભવનું મૂલ્ય અને એનાં ખરાં કર્તવ્ય તદ્દન ભૂલે છે.**

**માનવભવનું મૂલ્ય :-**

આ ઉચ્ચ માનવ અવતારનું બહુ મૂલ્ય છે, કેમકે એથી જ (૧) કાયાદિના રાગ, (૨) કષાયના વિકાર (૩) કર્મનાં બંધન (૪) આહારાદિ સંજ્ઞાઓની ગુલામી (૫) ભવના ફેરા (૬) જન્મ-મરણની પરંપરા...વગેરે વગેરે તોડી શકાય છે. આ ઊંચા અવતારે આની ખબર પણ પડી શકે છે, અને શરીરાદિ પરના રાગ તોડી આત્માનું મહત્ત્વ ઊભું કરી શકે છે. બહારના પદાર્થોથી તૃપ્તિ-આનંદ-હાશ માનવાનું મૂકી આંતર તૃપ્તિ કેળવી શકે છે. આ ભવનું આવું કાંઈક મૂલ્ય સમજાય તો એને યોગ્ય કર્તવ્ય બજાવાય,

**શાલિભદ્ર-જંબુ સનત્કુમાર** વગેરે માનવભવનાં એ મૂલ્ય સમજ્યા તો એનાં ઊંચા કર્તવ્ય અદા કરવામાં લાગી પડ્યા.

શાલિભદ્રને લાગ્યું કે 'આ શરીર અને એના સંબંધી ભોગ સાધનોનો રાગ જ ખોટો કે જેથી ત્રિલોકનાથ મહાવીર પ્રભુને બદલે એક તુચ્છ માનવ રાજા શ્રેણિકને માલિક કરવો પડે.'

સનતકુમાર સમજ્યા કે 'મારો સુંદર રૂપનો અહંકાર જ ખોટો કે જેમાં



કર્મની આવી તમાચ પડે.' બંનેએ એ રાગ અને અહંકારને તોડવા માટે આ માનવ અવતારનું ઊંચું મહત્ત્વ લેખ્યું, અને એનો ઉપયોગ એ રાગ અહંકાર તોડવા માટે કરવા તૈયાર થઈ ગયા.

જંબૂકુમાર સુધર્મા ગણધરની વાણીથી સમજી ગયા કે 'હું મોટો શ્રીમંત છું, એવા અહંકાર અને વિશ્વાસમાં તો મરવાનું છે, ઊંચાભવના કૂચા થશે.' માટે એને ફગાવી દેવા પ્રભુના પંથે નીકળી પડ્યા.

**શરીર તથા સંપત્તિ આદિના રાગ અને અહંકાર માનવભવનું મહત્ત્વ ભુલાવે છે.** બાહ્ય નાશવંત પદાર્થોમાં સુખની ભ્રમણા કરાવે છે. અને આ ઊંચા ભવના કૂચા કરે છે, ઊંચા કર્તવ્યથી વંચિત રાખે છે. ધરણશાહ પોરવાડે એ રાગ-અહંકારને વિસાર્યા, તો નવાણું ક્રોડ રૂપિયાના ખર્ચે એક રાણકપુરનું મંદિર બનાવવાનું મહાન સુકૃત સાધ્યું. સુખ બાહ્ય પદાર્થમાં માની બેસી રહ્યા હોત તો એક સાથે આમ ૯૯ ક્રોડ રૂપિયા છૂટે ? ના; પણ

**જિનશાસન શીખવે છે કે સુખ બાહ્યમાં નથી, પણ અહંત્વ અને રાગ દશાથી સુખ બાહ્યમાં લાગે છે;** ને એથી જ બાહ્ય સંપત્તિથી સારાં ઉત્તમ સુકૃત નથી બજાવી લેવાતા. માટે આ ગોઝારી રાગદશા અને અહંત્વ છોડ, તો સંપત્તિમાં સુખની ભ્રાન્તિ ટળશે, ને એ સંપત્તિથી ઊંચા સુકૃત સાધી લેવાશે.'

જૈન શાસનની આ શિક્ષા મન પર લેવાથી મહાન આત્માઓ ચમત્કારી ત્યાગ કરી શક્યા, અદ્‌ભુત સુકૃત સાધી શક્યા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૮,અંક-૪૩,તા.૧-૮-૧૯૭૦**

**વિજયશેઠ-વિજયાશેઠાણી** પરણ્યા પહેલેથી ભાવી લગ્નજીવન અંગે મહિને એક આખા પક્ષના બ્રહ્મચર્યનો નિયમ કેમ લઈ શક્યા હશે ? અને પરણ્યા બરાબર વળી બાકીના પક્ષનું ય બ્રહ્મચર્ય, એમ સંપૂર્ણ બ્રહ્મચર્ય કેમ નક્કી કરી શક્યા હશે ? 'શરીરથી સુખ, ભોગથી સુખ' એમ જો માન્યું હોત તો આ કરી શકે ? ના, સમજતા હતા કે 'એમાં સુખની તો ભ્રમણા છે. જીવ કંગાળની રાગદશામાં જીવતો છતાં મરે છે. માટે જીવવું હોય તો આ રાગદશાને કાપવી જોઈએ, તેથી જ પહેલાં એને અડધી કાપી, અને લગ્ન પછી તરત જ મોકો દેખ્યો તો બાકીની અડધીને પણ કાપી નાખી; અને એમ કરીને મહાસુખ માન્યું.

**વિજયાને આનંદ કેમ ? :-**

જુઓ વિજયાને મન એમ ન થયું કે 'હાય ! આ પતિ તો કહે છે કે મારે

કૃષ્ણપક્ષનું બ્રહ્મચર્ય પાળવાનો નિયમ છે, તો મેં શુક્લપક્ષનાં બ્રહ્મચર્યનો નિયમ ક્યાં લીધો ? મેં ય કૃષ્ણપક્ષનો નિયમ લીધો હોત તો કેવું સારું થાત ? તો શુક્લપક્ષમાં તો આનંદ-મંગળ કરી શકત ? હાય ! આ તો બંને પક્ષનો આનંદ ગુમાવ્યો.' આવું વિજયાને ન થયું. એણે તો એ આનંદ માન્યો કે 'હાશ ! મહિને એક પક્ષની રાગમૂઢ દશા બાકી રાખી હતી તે ય આ સૌભાગી પતિએ મિટાવી આપી; બહુ સારું થયું. મોકો સરસ આવી મળ્યો, જીવનભરના બ્રહ્મચર્યની કમાણી થઈ.' માનવજીવનનાં મૂલ્ય રાગદશા કાપવામાં છે. એ સમજ પર કેવું સ્વચ્છ મન ?

પરંતુ જ્યારે વિજયા પોતાના શુકલપક્ષના નિયમનો ખુલાસો કરી, અને હવે સંપૂર્ણ બ્રહ્મચર્ય અંગે પતિનો ઉપકાર માની પતિ વિજયને કહે છે કે 'તમે ખુશીથી બીજી પત્ની પરણી લો;' ત્યારે વિજય કહે છે; 'વાહ ! તમને જીવનભરનું બ્રહ્મચર્ય ખપશે તો મને નહિ ખપે ? મારે પણ આજથી બાકીના શુકલપક્ષનો બ્રહ્મચર્યનો નિયમ.' એણે ય મોકો મળ્યાથી રાગદશા કાઢી.

બંને ય જીવનભરના અખંડ બ્રહ્મચારી બન્યા. શાના ઉપર ? (૧) શરીરના કે વિષયોના સુખને ભ્રમણા લેખવા પર; (૨) સુખ લેખાવનાર રાગદશાને ઝેરી માનવા પર; (૩) માનવભવનાં ઊંચા મૂલ્ય એ અનાદિસિદ્ધ ઝેરમય રાગદશાને મારવામાં સમજવા પર. રાગદશાથી સુખ લાગે છે, **અને રાગદશાના સુખની લંપટતામાં આત્મા, આત્મહિત, પરમાત્મા, અને સુકૃતો ભૂલાય છે.** આ ભૂલાવનાર મૂળ રાગદશા જ છે, માટે એ ઝેર છે. એને કાઢવાનો શ્રેષ્ઠ અવસર આર્ય માનવભવમાં; તો શા માટે એવો અવસર નિષ્ફળ કરવો ? વિજય-વિજયા આ સમજતા હતા, માટે જ પહેલેથી અડધી રાગદશા તો કાપેલી જ, પરંતુ પછીથી એવો મોકો જ આવી ગયો તો બાકી પર પણ આનંદથી કાપ મૂકી દીધો, અને પ્રભુના પંથની લગન ઊભી કરી.

**રાગદશા મૂકવા ભાવના :-**

આજે પણ એવા ભાગ્યશાળી જોવા મળે છે કે આમ તો રાગદશામાં તણાતા હોય, પરંતુ એવો મોકો આવી લાગ્યાથી એના પર કાપ મૂકી દે છે; દા.ત. ટી.બી. કે એવો કોઈ રોગ લાગી ગયો તો રિબાઈ રિબાઈને ન મરવા રાગદશા પર કાપ મૂકી દે છે, અથવા એક પત્ની મરી ગઈ; બીજીનાં કહેણ આવે છે, પરંતુ જુએ છે કે 'બીજી પરણવામાં પહેલાના છોકરા દુઃખમાં પડશે,' તેથી રાગદશાને પડતી મૂકે છે.

અલબત આમ પણ રાગદશા મૂકાય એ સારું છે; પરંતુ આમ જો કર્મસંયોગો રાગદશા મૂકાવી શકે તો પછી મનને શું એમ ન થાય કે 'એના કરતાં ભગવાન



જિનેશ્વરદેવની આજ્ઞાથી રાગદશા કેમ ન મૂકું ? સંસારમાં ભટકતાં કઈઓની આજ્ઞાઓ માની, મારા વહાલા વીર પ્રભુની આજ્ઞા માનવાનું સૌભાગ્ય ક્યાં મળ્યું હતું ? અહીં એ મળ્યું છે, તો એને કેમ ન વધાવી લઉં ? રાગ-દશા પોષીને ય અંતે શું ખાટવાનો છું ? કશું નહિ. કૂતરું હાડકાને કરડી કરડી પોતાના જ દાંતમાંથી લોહી ચાટી ખુશી તો થયો, પણ અંતે શું ? દાંતમાં કળતર ને મોં થોથું જ ને ? લોહીનો કશો સ્વાદ ઊભો રહે ? પેટ ભરેલું લાગે ? લોહીની તૃપ્તિ થઈ જાય ? આમાનું કશું ઊભું નહિ. બસ, **ઈંદ્રિયોના વિષયોની રાગ દશા પોષી પોષી વિષયોની ગમે તેટલી મજૂરી કરી, પણ અંતે એનો કશો સ્વાદ ઊભો નહિ, પેટ ભરેલું નહિ, વિષયોની તૃપ્તિ નહિ.** તો પછી શા સારુ રાગદશામાં મરવું ? શા સારુ એને મારી જિનની આજ્ઞા પાળવાનું સૌભાગ્ય ન વધાવવું ? વાત આ હતી કે,

**સંસારમાં આનંદ અખંડ કેમ નહિ ?** તો કે (૧) પુણ્ય પરિમિત છે, અને જીવની સુખની ધારણાઓ અમાપ છે, તે પરિમિત પુણ્ય પર સફળ થાય નહિ, એટલે ધારણા પાર ન પડતાં આનંદભંગ થવાનો, વળી

(૨-૩) સંસારમાં આનંદ સંયોગ પરિસ્થિતિ અને મનોદશા પર આધારિત છે, ને પરિસ્થિતિ અને મનોદશા ફરતાં વાર નથી લાગતી. તેથી એ ફરતાં આનંદ ખંડિત થાય છે. તો અખંડ આનંદ ક્યાંથી ચાલે ? તેમજ

(૪) વિષયોથી લાગતું સુખ ખરેખર તો રાગદશાના લીધે લાગે છે, અને રાગદશાને ટકરાતા વાર નથી લાગતી, તેથી સુખનો અનુભવ ઊડે છે. પછી અખંડ આનંદ ક્યાંથી ચાલે ?

**વૈરાગ્યથી ખરો આનંદ કેમઃ-**

આમ જ્યારે સંસારમાં અખંડ આનંદ નથી, તો પછી એમ માનવું કે, 'સંસારમાં રહ્યા છીએ ત્યારે તો આનંદમાં રહીએ, શા સારુ હૈયે વૈરાગ્ય ઘાલી એમાં દુઃખ માનવું ?' આ માન્યતા અજ્ઞાનદશાની છે. પહેલાં કહ્યું તેમ જો સંસારમાં અખંડ આનંદ જ નથી, તો આનંદમાં રહેવાની ભ્રમણા શી ? ખરો આનંદ તો વૈરાગીને છે. કેમકે નિર્ભેળ આનંદ એનું નામ કે જેમાં સંતાપ-પરાધીનતા-વિહ્વળતા વગેરે કશું નહિ. એ વૈરાગીને હોય. કેમકે વૈરાગ્યથી એ જીવ સમજે છે કે 'આ વિષયોમાં ખરેખર સુખ જ નથી; વળી પુણ્ય પરિમિત હોઈ ધાર્યું બધું થાય એવું નહિ; તેમજ પરિસ્થિતિ તથા મનોદશા ફરતાં દુઃખની પોક ઊભી થાય; વળી આ બધાના મૂળમાં ગૂઢ રાગદશા જ પોષાય, જેના અંતે કશું જ હાથમાં ન આવે ઊલટું પાપો વધે. તો શા સારુ આ સંસાર સુખોમાં કશોય માલ માનવો ? કશોય ભરોસો રાખવો ? શું કામ એને લેશ પણ મહત્ત્વ આપવું ? આમ વૈરાગી જીવ સંસારના

પદાર્થોને મહત્ત્વ જ ન આપે, તેથી એની લગન યથાશક્તિ અટકાવે, અને એની લગન કદાચ જાગી તો એમાં ભડક રાખે કે આમાં મારું શું થશે ? પછી એને એ પદાર્થોમાં આઘું પાછું થયે એવા સંતાપ શેના ? વ્યાકુળતા શાની ? એ તો પોતાની જાગ્રત આત્મદૃષ્ટિ પર ઈષ્ટ વિયોગની પહેલાં શું કે પછી શું, સ્વસ્થ હોય. આ સ્વસ્થતા એ ખરો આનંદ છે, એ લાવનાર વૈરાગ્ય છે, ને એ જીવનમાં બહુ ઉપયોગી ગણાય.

**રામને વનવાસમાં દુઃખ કેમ ન લાગ્યું ? :-**

રામચંદ્રજીને પિતૃપ્રેમ, પિતૃવચનનું મહત્ત્વ વગેરેની આગળ મોટું રાજ્યપાટ અને એનાં સુખની કશી કિંમત નહોતી, તેથી અવસર આવી લાગ્યે વનવાસ કરવા નીકળી પડ્યા. ત્યાં વરસો ભટક્યા, પણ મનને જરાય દુઃખ ન માન્યું કે 'અરેરે ! હું એક રાજકુમાર, અને મારે આવાં કષ્ટ ?' કેમ દુઃખ ન લાગ્યું ? એટલા જ માટે કે રાજ્યસુખોની એવી કિંમત નહોતી આંકી, તો એ જતાં મુંઝવણ શી ? ખૂબ સ્વસ્થતાથી વનવાસ ખેડ્યો. બસ, વૈરાગ્યથી વિષયોની ને વિષયસુખોની પણ જો એવી કિંમત ન અંકાય, તો એના ફેરફારમાં મુંઝવણ નહિ થાય, એટલે સ્વસ્થતા ચાલુ રહેશે. કહો,

**વિષયની બિનકિંમતતા યાને વૈરાગ્યથી અખંડ આનંદ, અખંડ સ્વસ્થતા ચાલે.**

માટે જીવનમાં વૈરાગ્ય પહેલો જરૂરી છે. 'કુવલયમાળા ચરિત્ર'માં ક્રોધ-માન-માયા-લોભ પર બતાવેલ ચાર જીવંત દૃષ્ટાંતનાં વર્ણન આત્મામાં મહાન સંવેગ-વૈરાગ્ય પેદા કરે એવાં છે. તો એને વારંવાર વિચારી સંવેગ-વૈરાગ્યના ભાવ સદા જાગતા-વધતા રાખવા જોઈએ.

## મોહદત્તનું દૃષ્ટાન્ત

હવે ધર્મનંદન આચાર્ય મહારાજ પુરંદરદત્ત રાજાની આગળ સંસારનું ૫ મું કારણ છે જે **'મોહ,'** એ મોહનું વર્ણન કરે છે. આચાર્ય મહારાજ કહે છે,

**मोहो कज्जविणासो, मोहो मित्त पणासए खिव्वं ।**
**मोहो सुगई रुंभइ, मोहो सव्वं विणासेइ ॥**
**गम्मागम्म-हियाहिय-भक्खा-भक्खाण जस्स ण विवेगो ।**
**वालस्स, व तस्स वसं मोहस्स ण साहुणो जंति ॥**

અર્થાત્ મોહમાં કાર્ય નાશ થાય છે, મોહ મિત્રને જલ્દી ગુમાવરાવે છે, મોહ સદ્ગતિઓને રોકે છે, મોહ સર્વનાશ કરે છે. ગમ્ય-અગમ્ય હિત-અહિત અને



ભક્ષ્ય-અભક્ષ્યનો જેમાં વિવેક નથી એવા સાપ જેવા મોહને વશ સાધુ પડતા નથી.

**મોહ એટલે અજ્ઞાન-અવિવેક-મૂઢતા,** એવી કે જેના લીધે અગમ્ય પરસ્ત્રીના ભોગમાં પડે, અહિતકારી હિંસાદિ પ્રવૃત્તિ કરે, અભક્ષ્ય માંસ-મદિરાદિનાં ખાનપાન ઉડાવે. જીવને કામવાસના-વિષયવાસના-રસવાસના વગેરે વાસનાઓ અનાદિ કાળથી વળગી છે. પરંતુ માનવ જેવા ઉચ્ચભવમાં વિવેક આવ્યા પછી જીવ એ અનુચિત ભોગનો ત્યાગ કરે છે, અનુચિત પ્રવૃત્તિ બંધ કરે છે, અભક્ષ્ય ખાનપાનથી દૂર રહે છે. પરંતુ આ તો વિવેક જાગ્યો હોય તો બને; વિશિષ્ટ પ્રજ્ઞા આવી હોય ત્યાં જાત પર આ નિયંત્રણ હોય કે 'મારે અમુક અમુક તો ખવાય નહિ જ, ભોગવાય નહિ જ, આચરાય નહિ જ.' જો એવો વિવેક, એવી પ્રજ્ઞા ન હોય, તો એ મોહ છે, મૂઢતા છે, સંજ્ઞાવશતા છે, અજ્ઞાન દશા છે. **મોહવાળી બુદ્ધિ એ સંજ્ઞા, વિવેકવાળી બુદ્ધિ એ પ્રજ્ઞા.**

**કુદરતે બધું બનાવ્યું છે, તે બધું ખાવા ભોગવવા માટે ? :-**

અજ્ઞાનીને-મૂઢને ભક્ષ્ય-ભોગ્ય-આચરણીયમાં કશું બાદ જ નહિ, 'બધું ખવાય, બધું ભોગવાય, બધું આચરાય,' એમ જ માને. એવા માણસો દલીલ કરે છે કે 'જો અમુક ન ખવાય, ન ભોગવાય એવું હોય, તો પછી ભગવાને કે કુદરતે બનાવ્યું શા માટે ? ઈંડા-માંસ-કંદમૂળ વગેરે ખાદ્ય બનાવ્યા છે માટે એ ખવાય. પરસ્ત્રીઓ બનાવી છે માટે એ ભોગવાય; હિંસાદિ એ આચરણની વસ્તુ છે માટે આચરાય.'

બોલો, આ કેવી દલીલ છે ? મૂર્ખતા-મૂઢતા ભરી જ ને ? કહે છે 'બટાટા બનાવ્યા જ શા માટે ? ખાવા માટે જ બનાવ્યા, એટલે ખવાય.' અલ્યા ! એમ તો અફીણ-સોમલ-ઝેર પણ બનાવ્યા છે તો તે ય ખવાય ને ? તારા શરીરમાં માંસ બનાવ્યું છે તો તે પણ ખવાય ? કુદરત તો વિષ્ટા ય બનાવે છે એટલે શું એ ખાવા માંડીશ ?

**'બનાવ્યું એટલે ખવાય-ભોગવાય,' એ કોઈ દલીલ છે ?** એ દલીલ કરનારો શું પોતાની માતાને ભોગવશે ? શું બીજાને પોતાના શરીરનું માંસ ખાવા દેશે ? પોતાની પત્ની ભોગવવા દેશે ? પોતાના પૈસા લૂંટાવા દેશે ? બીજાને પોતાની સામે જૂઠ બોલવા દે ? માયા-દ્રોહ-વિશ્વાસઘાત પોતાની પ્રત્યે આચરવા દે ? ના, ત્યાં તો સરાસર એટલી બાદબાકી કરશે કે 'મારું માંસ, મારી સ્ત્રી, મારા પૈસા એ તો બીજાને ભક્ષ્ય-સેવ્ય-ગ્રાહ્ય નહિ,' તો પછી 'બનાવ્યું એટલું ખવાય-સેવાય લેવાય' એ દલીલ ક્યાં રહી ?

એટલે વાત આ છે કે અંતરમાં લાલસા અને મૂઢતા ભરી છે, યથેચ્છ ખાન-પાનાદિ કરવાં છે, તેથી પાયા વિનાની દલીલ કરે છે.

**હિંસાપ્રેમી લોકો દલીલ** આ કરે છે કે, 'જગતકર્તાને એનો ભોગ આપવાથી

એ સ્વર્ગે જાય.' અલ્યા ! તો તારા દીકરાનો ભોગ કેમ નથી આપતો ? ત્યારે કહે છે કે 'જગતકર્તાએ દીકરાનો ભોગ તો માગેલો, પણ એ ભોગ આપતાં વચમાં બકરો આવી ગયો તેથી બકરાનો ભોગ અપાયો, ને જગતકર્તા પ્રસન્ન થયા.' આ દલીલ પર વિચારો કે પહેલાં તો એ જગતકર્તા જ કેવો ? એક બાજુ કહે છે બધા જ જીવ જગતકર્તાનું સર્જન છે, જગતકર્તાના પુત્રો છે, ને બીજી બાજુ જગતકર્તા એનો જ ભોગ માગે છે ! બકરો બનાવ્યો ય જગતકર્તાએ, અને જગતકર્તાએ પોતાના દીકરાતુલ્ય બકરાના ભોગથી પ્રસન્ન થાય છે ! 'ત્યારે આ જગતકર્તા કેવો ? શું એક સારા બાપ તરીકે ય એ ગણાય ?

**દેવ પોતાના બચ્ચા તુલ્ય પશુના ભોગ લે તો એક સારા બાપથી ય ખરાબ નહિ ?**

**પ્રસૂતિ પામેલી કૂતરીને** બીજું ખાવા ન મળે તો એ જન્મ આપેલા પોતાનાં ભોટિલાને ખાઈ ખુશ થાય છે. એને સારી માતા કહેવાય ? ના; એમ પોતાના બચ્ચાના ભોગથી પ્રસન્ન થનાર ખુદા એક સારો પિતા ય ન હોય, તો એ મહાપિતા તો શાનો જ કહેવાય ? એમ દેવી-દેવતાને પશુના ભોગ અપાય છે, ત્યાં પણ એ દેવી-દેવતા કેવા ? દેવી-દેવતા તો શું જીવોના દયાળુ રક્ષક હોય ? કે વાઘ-વરુની જેમ ક્રૂર ભક્ષક હોય ?

**ખુદા અને દેવી-દેવતા એ કલ્પનામાત્ર :-**

વાત આ છે કે ખાનપાનાદિના લંપટ મૂઢ જીવોએ આવા જગતકર્તા અને આવા દેવી-દેવતા સરજી કાઢેલા છે. એ માત્ર કલ્પનાના ઘોડા છે, કોઈ વાસ્તવિક હકીકત નહિ. નહિતર તો જો ખરેખર એવા જીવભક્ષી જગતકર્તા કે દેવતા હોય તો તો એ મહા શક્તિમાન હોઈ જાતે જ જીવોને ખાઈ લે નહિ ? શું કામ માણસ પાસે ભોગ અપાવે ? શું એમની જાતે જ ખાઈ લેવાની શક્તિ નથી ? જો શક્તિ નથી તો એને સર્વશક્તિમાન કલ્પ્યા એનો અર્થ શો ?

તાત્પર્ય, મોહમૂઢતાથી આવા દેવતા કે જગતકર્તાની કલ્પના કરી પછી એના નામ પર પોતાની નરી લાલસા-લંપટતા પોષવામાં આવે છે.

**માંસાહાર કેમ કાયદેસર નહિ ? :-**

એમજ, 'કુદરતે બનાવ્યું માટે ખવાય, ભોગવાય,' આ પણ કુદરતની બનાવટની કલ્પનામાત્ર છે. એવી કુદરત જેવી કોઈ ચીજ જ નથી; કે જે એક માણસની જેમ બધું યથેચ્છ બનાવવા બેઠી હોય. એ તો જીવોનાં કર્મ એવાં એવાં છે કે જે એ જીવને માટે એવાં શરીર વગેરે બનાવે છેઃ કે પછી ચાહ્ય એ પશુ-શરીર હોય, કે કંદમૂળશરીર-વનસ્પતિ શરીર હોય. બધું જ તે તે જીવનાં તેવાં



તેવાં કર્મનું સર્જન છે. એટલે જ એક જીવનાં કર્મથી પ્રાપ્ત તેવા શરીર ઉપર બીજા જીવનો અધિકાર શો કે એ એને ખાઈ શકે ? પોતાના શરીર પર કોઈનો ય ખાવાનો અધિકાર નહિ, એમ બીજાના શરીર પર પોતાનોય ખાવાનો અધિકાર શાનો હોય ? સારાંશ, બધું ભક્ષ્ય નહિ, ભોગ્ય નહિ, આચરણીય નહિ; મોહમૂઢ ન હોય એને આ સમજાય.

ધર્મનંદન આચાર્ય મહારાજ કહે છે કે મોહ એવો દોષ છે કે જે અગમ્યગમન, અહિતાચરણ અને અભક્ષ્યભક્ષણ કરાવે છે. જીવ મૂઢતાથી આવું બધું આચરવા જાય એનું પરિણામ શું ? આ, (૧) સર્વવિનાશ, (૨) મિત્રનાશ, (૩) સદ્‌ગતિનાશ અને (૪) સર્વનાશ.

**(૧) મોહથી કાર્યવિનાશ એ રીતે,** કે માણસ કશું કાર્ય કરવા જાય, પરંતુ જો મોહમૂઢ છે તો એવું ઊંધું કરી બેસશે કે જેથી કાર્ય નીપજવાને બદલે નાશ પામશે. ઘણા વેપારીઓ વેપારમાં મૂઢતાથી અવળું કરી બેસી ખુવાર થઈ ગયા. એમ કેટલાય પરણેલાઓ પરણ્યા પછી મૂઢતાને લીધે એવા ભારે બોલ અને એવો ધૂળ જેવો ક્ષુદ્ર તુંડમિજાજી સ્વભાવ રાખે છે કે જેથી એમનાં લગ્નજીવન-પ્રેમજીવન ખારાં બની જાય છે. મોહ-અવિવેક સારું સૂઝવા નથી દેતો, ઊંધું આચરાવે છે, ને સરવાળે નુકશાન-ખુવારી આવીને ઊભી રહે છે.

કેટલીક વાર મોહવશ અજુગતું કાર્ય હાથ પર લીધું હોય અને એમ દેખાય કે આ કાર્ય બની રહ્યું છે; પરંતુ ખરી રીતે એ અજુગતું કાર્ય એ કાર્ય જ નથી, પરંતુ પોતાને મહા અનર્થના ભોગ બનવું પડે છે. એટલે મોહથી કાર્યવિનાશ જ થયો કહેવાય.

**(૨-૪) મોહથી મિત્રનાશ...સર્વનાશ આ રીતે :-**

રાજા કોણિક પોતાની પદ્મારાણી પર મોહ વશ થઈ હલ્લવિહલ્લ પાસેથી દિવ્ય કુંડળ અને સેચનક હાથીની માગણી કરી. છતાં ય હલ્લ વિહલ્લ કહે 'પિતાજીના રાજ્યમાંથી ભાગ આપ, તો અમે એ આપીએ.' કોણિક મોહવશ એમ વિચારે છે કે 'રાજ્ય તો મેં મારી શક્તિથી મેળવ્યું છે. એમાંથી એમ બદલો આપીને કુંડળ-હાથી શાનો લઉં ? બળથી લઈશ.' હલ્લ-વિહલ્લ ત્યાં સલામતી ન જોઈ નાના ચેડા મહારાજ પાસે ચાલ્યા ગયા. કોણિકે મોહવશ નાના પર ચડાઈ કરી. ખૂબ લડ્યો, પરંતુ જીત મળતી નહોતી. તો પતિત કુલવાલક મુનિના પ્રપંચ દ્વારા ચેડા રાજાની નગરી વિશાલામાંનો શ્રી મુનિસુવ્રત ભગવાનનો સ્તૂપ નાશ કરાવ્યો. પછી જીત તો મેળવી, પરંતુ મોહવશ કરેલ એ બધાં પાપ અને પછી વિશાલાનો નાશ, એમાં શું કાર્યસિદ્ધિ થઈ ? ના, અંતે મરીને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન

થયો. આમ મોહવશ સર્વવિનાશ સરજાય છે; સદ્ગતિ અટકી જાય છે.

આચાર્ય મહારાજ કહે છે, 'મોહથી મિત્રનાશ, અને સદ્ગતિનો નાશ તથા સર્વનાશ નીપજે છે.' આજે કેટલાય માણસો સારા મિત્ર-સ્નેહીની પ્રત્યે એવી મૂઢ રમત કરે છે, કે જેથી એ સારા મિત્ર-સ્નેહી ગુમાવે છે. **મોહના અનેક પ્રકાર છે, જેમકે અજ્ઞાનતા, અવિવેક, કામવાસનાની પરવશતા, ખાનપાનની લંપટતા, અહંત્વનો અતિરેક, ઈર્ષ્યા,...** વગેરે વગેરે. એમાંથી એકને વશ પડ્યા એટલે પછી એવાં આચરણ કરવાનું બને છે કે સારા મિત્ર-સ્નેહી ગુમાવવાનું થાય. કોણિકે મહાન શ્રાવક ચેડા રાજા જેવા પોતાના નાનાને ગુમાવ્યા.

**વર્તમાનમાં આઠમા-એડવર્ડે** લેડી સીમ્પસનના મોહમાં બ્રિટિશ સલ્તનતનું સમ્રાટપણું અને કેટલાય સારા સારા સ્નેહી હિતૈષી ગુમાવ્યા.

**રાજા ચંડપ્રદ્યોતના બે દીકરામાંના** મોટા અવંતીવર્ધને નાના રાષ્ટ્રવર્ધનની પત્નીના મોહમાં નાના ભાઈનો નાશ કર્યો, અને ભાઈની પત્નીએ તો ભાગી જઈને ચારિત્ર લીધું. એમ અવંતીવર્ધને બંને ગુમાવ્યા, ભાઈ અને ભોજાઈ.

**રાજા સોદાસ** ખાનપાનના લોભમાં મોહમૂઢ બની જીવતા બાળકોના માંસના ભોજન આરોગનારો બન્યો. તેથી મંત્રીઓના જાણવામાં આવતાં એમણે રાજાને હાંકી કાઢ્યોઃ અને એના પુત્ર નઘુષને રાજા બનાવ્યો. આમ સોદાસે મોહમાં સર્વસ્વ ગુમાવ્યું, સર્વનાશ નોંતર્યો.

આ તો આ લોકની દૃષ્ટિએ વાત. પરંતુ પરલોકની દૃષ્ટિએ પણ મોહથી સદ્ગતિ રુંધાય, અટકી જાય. મોહમૂઢ વિષયલંપટ સત્યકી નરેક ગયો. ચક્રવર્તીનું ગાઢ વિષયાસક્ત સ્ત્રીરત્ન એ મોહના પ્રતાપે છઠ્ઠી નરકે જાય છે. નહિતર ચક્રવર્તીની પટ્ટરાણીને મહાઆરંભ, ખૂનરેજી, મહા પરિગ્રહસંચય જૂઠ, ચોરી, દુરાચાર વગેરે શા પાપ કરવા પડે છે ? પણ તીવ્ર વિષયાસક્તિ એને નરક દેખાડે છે. મોહની કેવી દુરન્તતા ? કેવાં દુઃખદ પરિણામ ?

**તમે મનથી માનતા હો કે હું દુરાચારી નથી, પરંતુ સ્વસ્ત્રીમાં તીવ્ર આસક્ત હો તો ચક્રવર્તીના સ્ત્રીરત્નના દૃષ્ટાંતથી વિચારજો કે કેવી ગતિ થાય ?**

તમને એમ લાગશે,

**પ્ર.**- દુરાચાર, અન્યાય, વિશ્વાસઘાત, માયા, જૂઠ વગેરે ન હોય છતાં પોતાના પુણ્યે વ્યાજબી રીતે મળેલા ભોગ-વૈભવમાં આસક્ત થાય એમાં ય આટલી મોટી સજા ? ઘોર દુર્ગતિમાં પ્રયાણ ?'

**ઉ.**- અહીં આનું રહસ્ય પછી વિચારીએ; પહેલાં એના શાસ્ત્રસિદ્ધ દાખલા જુઓ,

**ન્યાયપ્રાપ્ત ભોગ-વૈભવમાં ય આસક્તથી દુર્ગતિ થયાના દાખલા :-**



(૧) **સાગરચંદ્ર શેઠ** જૈનેતર છતાં ભાવથી જિનમૂર્તિ ભરાવનારો હતો, પણ બીજી બાજુએ વેપારમાં અને કમાઈમાં તીવ્ર આસક્ત હતો, તો મરીને ઘોડો થયો; જેને પ્રભુ શ્રી મુનિસુવ્રત સ્વામીએ પ્રતિબોધ કર્યો. પોતાના પુણ્યથી વાજબી રીતે એટલે કે ન્યાયથી પણ મળતા વૈભવમાં આસક્ત થવાનું આ કેવું પરિણામ ? એ તો સારું થયું કે ઘોડાને ભગવાન મળી ગયા, અને એને પોતાને પ્રભુને જોતાં જાતિસ્મરણ થયું, પૂર્વ જનમ દેખ્યો; એમાં જિનપ્રતિમા ભરાવેલી, તેથી પ્રભુનાં દર્શને અતીવ આનંદ અને પૂર્વની વૈભવની આસક્તિનો પારાવાર પશ્ચાત્તાપ અનુભવ્યો; તેમજ પ્રભુની વાણી સુણી સમ્યગ્દર્શન પામ્યો બાકી આસક્તિએ એને શું દેખાડ્યું ? તિર્યંચ ગતિ જ ને ? એને ન્યાયપ્રાપ્ત વૈભવ હશે; નહિતર અન્યાયપ્રાપ્તની આસક્તિમાં તો અન્યાય-માયાનું ય અનુમોદન રહે; પછી એ માયાની ગાંઠ ઊભી રહેવામાં અહીં સમ્યગ્દર્શન શી રીતે પામે ? યાદ છે ને કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં જેમ જિનવચનની શ્રદ્ધા જોઈએ એમ અનંતાનુબંધી માન-માયાદિનો ક્ષયોપશમ પણ જરૂરી છે. એટલે ઘોડાને પૂર્વ ભવે ન્યાયપ્રાપ્ત વૈભવ હશે, પરંતુ એની ય આસક્તિ અને આર્તધ્યાને એને તિર્યંચગતિ દેખાડી. તો પછી વિચારો કે ન્યાયથી મળેલા-વૈભવ-પરિવાર પર આસક્તિ-લગની રાખવા જેવી ખરી ?

(૨) **ચક્રવર્તીની પટ્ટરાણીને** ન્યાયથી ભોગો મળેલા હોય છે. એવા ન્યાયપ્રાપ્ત ભોગો પર એ આસક્ત બની રહેવાથી એની કઈ ગતિ થાય છે ? મહા આરંભ-સમારંભ મહાપરિગ્રહ તો ચક્રવર્તીના આદેશથી એના માણસો સંભાળતા હોય; પટ્ટરાણીને શા સારુ એની વેઠ હોય ? પટ્ટરાણીને તો નિશ્ચિતપણે મહાવિષયોમાં મહાલવાનું. એ વિષયો અન્યાય-દુરાચારના ઘરના નહિ; છતાં ય એની તીવ્ર આસક્તિ એને છઠ્ઠી નરક દેખાડે છે.

(૩) **નંદ મણિયાર** પાણીની લગનમાં પડ્યો ને વાવડી બંધાવી, તો મરીને પોતાની જ બંધાવેલી વાવડીમાં દેડકો થયો. ન્યાયસંપન્ન વૈભવ ને ?

(૪) **આર્યમંગુ આચાર્ય** ખાવાના રસની આસક્તિમાં પડ્યા તો હલકી જક્ષયોનિમાં જઈ પડ્યા. એ મળેલા રસ ન્યાયપ્રાપ્ત ને ?

(૫) **દેવશર્મા બ્રાહ્મણને** ગૌતમસ્વામી મહારાજ સમજાવવા ગયા હતા, છતાં એણે પોતાની પત્નીની આસક્તિ ન છોડી, તો મરીને દુર્ગતિમાં પટકાયો. પત્ની તો ન્યાયપ્રાપ્ત ને ? છતાં ય એની આસક્તિ એને કેવી ખતરનાક નીવડી ?

વાત આ છે કે ન્યાયથી મળેલા પણ વૈભવ પરિવાર કે ભોગવિલાસમાં આસક્ત થવાનો અધિકાર નથી. શાલિભદ્ર-ધનાજી વગેરે એવા આસક્ત નહોતા તેથી મોકો મળ્યે એ ભોગ-વૈભવ-પરિવારને ઝટ છોડી શક્યા. ત્યારે સવાલ આ છે,

**પ્ર.**- વૈભવ-વિલાસ ન્યાયથી મળ્યા હોય, પોતાના પુણ્યે મળ્યા હોય, પછી એનો મોહ આસક્તિ રાખે એ શો એવો ગુનો છે કે એ દુર્ગતિમાં ઘસડી જાય ? એની પાછળ રહસ્ય શું છે ?

**મોહમૂઢતામાં કયા કયા ગુના ? :-**

ઉ.- (૧) દુન્યવી વસ્તુમાં મોહમૂઢ થવામાં પહેલો ગુનો આ, કે પોતાનો આત્મા સરાસર વિસરાય છે; અને આત્માનું અજ્ઞાન એ મોટો ગુનો છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે,

**દુઃખ આત્માના અજ્ઞાનથી આવે છે. આત્માના વિસ્મરણથી દુઃખ જન્મે છે; અને આત્મજ્ઞાનથી દુઃખ નાશ પામે છે.** ત્યાં જ કહ્યું છે કે તપ પણ જો આત્મજ્ઞાન વિનાનો હોય તો એવા તપથી પણ દુઃખનો અંત ન આવે. કોઈ દુન્યવી લાલસાથી તપ કરે, તપ કરીને દુનિયાના સુખ-બળ-સત્તા માગે, તો ત્યાં આત્મા વિસરાવાથી એવા તપથી દુઃખ ન મિટે.

**વિશ્વભૂતિ મુનિએ** સારી ભાવનાથી ચારિત્ર લીધેલું અને તપ કરેલો, પરંતુ પાછળથી પિતરાઈ ભાઈ દ્વારા મશ્કરી થતાં એ તપ-સંયમનાં ફળ રૂપે બળનું નિયાણું કર્યું, બળ માગ્યું, તો ભલે ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા, પરંતુ પછી કેમ ? તો કે સાતમી નરકે જઈ પડ્યા, અને તે પછી પણ સિંહ થયા, ત્યાંથી ચોથી નરકે, અને ત્યાંથી ભવ બહુલા થયા. તો દુઃખનો અંત ? કે દુઃખ અનંત ?

**(૧) દુન્યવી સુખ-સત્તા બળની આસક્તિ-મોહમૂઢતા આત્માને ભુલાવે છે, ને એ મોટો ગુનો છે.**

વિચારવા જેવું છે કે વિશ્વભૂતિ મુનિને એટએટલું સંયમ-તપનું પીઠબળ હતું છતાં મોહમૂઢતા જીવનું પતન કરનારી બની, દુર્ગતિઓના ચક્કરે ચડાવનારી બની, તો પછી જ્યાં એવું તપ-સંયમનું ઠેકાણું નથી અને દુન્યવી વસ્તુ પાછળ મોહમૂઢતા કર્યે જવાય છે, તો એ પરભવે કેવાં દુઃખની ભઠ્ઠીમાં હોમે ?

**(૨) પોતાના પુણ્યે મળેલી ચીજ પર પણ મોહમૂઢ થવામાં બીજો ગુનો આ, કે કાં તો એમાં સુકૃત-સત્કૃત્ય સાવ વિસરાય છે, યા કોઈક સુકૃત કરાય તો પણ એને પાછું દુન્યવી ચીજ ખાતર વટાવી નખાય છે !** દેખાય છે ને આજે કે નાનું



મોટું દાન કરનારા નીકળે છે ખરા, કિન્તુ મોહમૂઢતાથી એને નામના કીર્તિ-તકતી ખાતર વટાવી નાખે છે !

**સુકૃત તો તારણહાર છેઃ એને પણ મોહથી ડૂબવાનું સાધન બનાવવું એ શું ગુનો નથી ?** ઝેરથી તો માણસ મરે, પણ જે અમૃતને ઝેર જેવું કરી મારનારું બનાવે એ કેવો કહેવાય ? ખાનપાન-પૈસા વગેરે તો સંસાર વધારનારા છે જ, પરંતુ તપ-દાન આદિને ય લોભ-માનાદિ કષાય દ્વારા સંસાર વધવામાં નિમિત્ત બનાવે એ મોટો ગુનો છે. મોહમૂઢતા એ ગુનો કરાવે છે.

ત્યારે મોહમૂઢતામાં તારક સુકૃતો ભૂલવાનું તો ક્યાં ઓછું થાય છે ? પુણ્યે તો બિચારા જીવને માનવભવ સાથે વિશિષ્ટ તન-મન-ધન-ઈન્દ્રિયો વગેરેની એવી અનુકૂળતા આપી કે એનાથી ભરપૂર સુકૃત કરી શકે, સદ્‌વિચાર સદ્‌વાણી અને સત્પ્રવૃત્તિ થોકબંધ કરી શકે, કિન્તુ મોહ એ નથી કરવા દેતો, સુકૃતોની તકને નિષ્ફળ કરે છે. માટે એ મોટો ગુનો છે. માટે જ દેવ કરતાં મનુષ્યની મોટી વિષમતા જુઓ કે,

**સુકૃતની તકવાળો મનુષ્ય તો મોહમૂઢતામાં મરીને નરકે ય જાય છે, પણ એવી તક વિનાનો દેવતા મોહમૂઢતામાં મરીને નરકે નથી જતો. એટલે સુકૃત-તક નિષ્ફળ કરનાર મનુષ્ય મોટો ગુનેગાર છે.**

એટલે વિચારો કે તમે કેવા જોખમી મનુષ્યપદ ઉપર છો ? સુકૃતભર્યું જ જીવન બનાવો તો ન્યાલ થઈ જાઓ; અને મોહમૂઢ બન્યા રહ્યા તો પાયમાલીનો પાર નહિ. માટે સાવધાન બની જાઓ.

ધર્મનંદન આચાર્ય મહારાજ કહે છે મોહ સુગતિને રુંધે છે, અટકાવે છે, અને સર્વનાશ નોંતરે છે. મોહમૂઢતા ચીજ એવી છે કે એમાં ગમ્યાગમ્યનો હિતાહિતનો અને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક નથી રહેતો.

**(૧) મોહ ગમ્યાગમ્યનો વિવેક ભૂલાવે છે. :-**

કહે છે ને વિશ્વામિત્રઋષિ મેનકામાં આસક્ત થયા ? આજે સાંભળવા મળે છે કે મોહમૂઢ માસ્તર વિદ્યાર્થીની સાથે કુકૃત્ય કરે છે, વિદ્યાર્થીનીને લોભાવે છે; કેમકે ગમ્ય-અગમ્યનો વિચાર નથી, વિવેક નથી. આજે કેઈ કોલેજિયન છોકરા-છોકરી મોહવશ શ્રીમંતો પૈસાના જોર પર ગમ્યાગમ્યનો વિવેક ભૂલી ગુપ્ત પાપો સેવે છે.

એક જો મોહ પર અંકુશ મૂકી દેવાય, એટલું વિચારાય કે,

**ઊંચા માનવભવે આ કૂતરા-ગધેડા જેવી દુર્દશા શી ? ક્યાં એમાં મોહ ઘટવાનો છે ?**

**અનાચારના સેવનથી તો ઊલટું મોહની વૃદ્ધિ થાય છે, અને અંતે હાથમાં કશું નહિ.**

**(૨) મોહ હિતાહિતનો વિવેક ભૂલાવે છે.**

મોહમૂઢને પોતાનું હિત શામાં અને અહિત શામાં, એનું કશું ભાન નહિ. લાવ, અહિતનો ત્યાગ કરું ને હિતને આદરું, એ તમન્ના જ ન મળે. કનકકેતુ રાજાને રાજ્યગાદીનો મોહ લાગેલો, તેથી પોતાના છોકરા મોટા થયે રાજ્યગાદી ન પડાવી લે, કે એને ગાદી સોંપવી ન પડે, એ માટે એ પોતાના જ બાળકને જનમતાં જ ખોડખાંપણવાળા કરી દેવા કોઈની આંગળીએ, કોઈના કાને, તો કોઈનો બીજાં અંગે છેદ કરાવી નાખતો. આમાં હિતાહિતનું ક્યાં ભાન રહ્યું ?

આજે જાતમાં જ વિચારો કે એક યા બીજા પ્રકારના મોહમાં કેટલું અહિતનું આચરાય છે ? અને કેટલાં સુલભ પણ હિતકાર્ય ગુમાવાય છે ? જરાક શરીરની સુખશીલતાનો મોહ લાગે છે તો હાડકાં હરામ કરી માતાપિતા વડિલ કે ગુરુની કર્તવ્ય સેવા પણ ગુમાવાય છે ને ?

**સેવા તો કુદરતના ન્યાયે સારા વળતરનું રોકાણ investment છે.**

કુદરતનો ન્યાય જુઓ, નાળિયેરીમાં પાણી પાયું એ વળતરમાં ફળરૂપે નાળિયેરમાં મીઠાં પાણી પેદા કરે છે. ખેડૂતે બિયારણ ખાઈ ન જતાં ધરતીને આપ્યું તો એ વળતરમાં ૧-૧ દાણા પર ૫૦-૫૦ દાણા આપે છે. સમુદ્રનાં પીધેલાં પાણી વાયુ વાદળ થઈ મુશળધાર વરસાદ વરસાવે છે. ત્યારે આપણે બીજાની સેવા કરી તો કુદરત શું આપણને વળતરમાં સેવા નહિ આપે ? બીજાઓ અવસરે આપણી સેવા કરે, આપણું કાર્ય આપણી જરૂરિયાત બજાવે એવું શું નથી ઇચ્છતા ? એવી અપેક્ષા નથી રહેતી ? તો આપણે સેવા આપ્યા વિના આપણને સેવા મળશે ?

**પરંતુ મોહમૂઢતા હાડકાં હરામ કરાવી કે સ્વાર્થમાં અંધ કરી સેવા ભૂલાવે છે.** અરે ! મંદિર-ઉપાશ્રયમાં ગયા ત્યાં સાધર્મિકની સેવા કરવાનો અવસર મળે છે, પણ મોહમૂઢતા ત્યાં ય એ સૂઝવા નથી દેતી. આપણા ભેગું બીજાનું કેશર વાટી દઈએ, યા કેશરમાંથી બીજાને કેશર, ફૂલમાંથી બીજાને ફૂલ, કે ચોખામાંથી ચોખા આપીએ, એમાં શું બહુ ગુમાવવું પડે છે ? પણ સ્વાર્થનો જ મોહ એ સૂઝવા જ ન દે. ભગવાન તીર્થંકરદેવે કહેલો ધર્મ આરાધવો છે, અને મામૂલી ધર્મોએ પણ કહેલી સેવા નથી આરાધવી, એ કેટલું દુઃખદ ? દેવાધિદેવનો ધર્મ આરાધવા માટે તો મહાસેવા અને મહાત્યાગ-મહા-સહિષ્ણુતા કરવાનું સત્ત્વ કેળવવું જોઈએ. પણ એ મોહમૂઢતાને દૂર ફગાવાય તો જ બની શકે.

**'મારું તન, ધન એ મારા માટે જ છે', આ મહામૂઢતા છે; ત્યાં હિતાહિતનો વિચાર નથી.**

હરામહાડકાં અને સ્વાર્થની જ માયા હિત ભૂલાવે છે, અને પરલોકના અહિતમાં ડૂબાડે છે. આજે જુઓ કે તનને ને ધનને દેવ-ગુરુ-ધર્મ-સંઘની સેવામાં



નથી વપરાતું તો એ તન અને ધન વિષયોના રંગરાગ, મહાઆરંભ, અને મહાપરિગ્રહની લાલસા કેવી કરાવે છે. પુણ્ય પહોંચતું હોય તો અહીં સુખ લાગ્યા કરે, પરંતુ પછી **પરલોક માટે (૧) કશું પુણ્ય જમે કરાવ્યા વિના, અને (૨) અહીં કારમા રાગાદિપાપ સ્થાનકોમાં ડૂબાડૂબ રહી પાપના થોક જમે કરીને પરલોક જતાં દશા કઈ ?** અહીં પણ કેવી સ્વારથિયા માયાવી અને મદાંધ તરીકેની ખ્યાતિ થાય ? કુટુંબનો પણ હૈયાનો સદ્ભાવ અને સહાનુભૂતિ ક્યાંથી મળે ? આપત્તિના અવસરે ઓથ ક્યાંથી મળે ?

એ તો મોહમૂઢતા બાજુએ મૂકી દઈ, પોતાના હિત અહિતનો વિચાર કરાય, નાશવંત તન-ધનની માયાથી હિત સાધી લેવાની ઉજમાળતા રખાય, તો અહીંય જશ મળે, સદ્ભાવ-સહાનુભૂતિ અને અવસરે ઓથ મળે, તેમ પરભવે પણ સદ્ધર સ્થિતિ મળે. સેવાથી અહીં ઓથ કેવી મળે છે એનો એક દાખલો જુઓ.

**શેઠ અને ઠાકોર**

કચ્છમાં એક સારો વેપારી રહેતો હતો. એકવાર એ સૌરાષ્ટ્રમાં આવેલો ત્યાં એના પરિચિત એક દરબાર (રાજા)ને રખડતી સ્થિતિમાં જતો જોયો. એને આશ્ચર્ય થયું કે 'અરે ! આ તો એક સારો સુખી રાજા હતો ! એને આ શું થયું ?"

એણે એને ઊભો રાખી પૂછ્યું, અરે ! તમે કેમ આવી દરિદ્ર સ્થિતિમાં ?'

દરબારે કહ્યું, 'કર્મના ખેલ છે દુકાળ પડ્યો, ખેડૂતોની લેવી (કર-વેરા) આવી નહિ, આવક ઘટી ગઈ, અને ખરચા પૂરા ન થયા; માણસોને ખાવા આપવું એના ય વાંધા પડ્યા; એટલે રાજ્યગાદી મૂકી ભાગી નીકળવું પડ્યું.'

**શેઠની મહા ઉદારતા :-** પેલા વેપારીએ એને આશ્વાસન આપતાં કહ્યું, 'જરાય મુંઝાશો નહિ, મારું એ તમારું જ છે તમે આવા સારા રાજા, અને તમારે આમ ભટકવું પડે ? પધારો મારી સાથે, પૈસાની સગવડ હું કરી દઉં છું.'

બસ, વેપારી એને પોતાના સંબંધી વેપારી પાસે લઈ જઈ પોતાના ખાતે ૨-૪ લાખ રૂપિયા અપાવી દે છે એ કાળે સસ્તીવારી હતી, એટલે એટલામાં તો એ દરબારને પાછું બધું વ્યવસ્થિત થઈ ગયું. જઈને પોતાનું રાજ્ય હાથ પર કરી માણસોને સંતોષી લીધા. પછી તો સદ્ભાવનાના યોગે ચડતી ચાલી.

કર્મના ખેલ શું કામ કરે છે, અને આત્માનો સત્ પુરુષાર્થ કેવું કામ કરે છે એ વિચારવા જેવું છે. રાજા જેવાની ય કર્મ ખબર લઈ નાખે, તો સામાન્ય માણસને છોડે ? તો શું જોઈને માણસને અભિમાન અને જડ સંપત્તિમાં નિરાંત થતી હશે ? ત્યારે આ વસ્તુ સમજનાર અવસર દેખાય ત્યાં ત્યાં સત્ પુરુષાર્થ સુકૃત કરવાનું કેમ ચૂકે ?

**પુણ્યકર્મથી લક્ષ્મી કેમ મળે છે ? પેટભરો બનવા ? કે સુકૃતો સાધવા ?**

**પરંતુ મોહમૂઢને સુકૃત સૂઝતું નથી. કર્મના તાબાની વસ્તુ પૈસાદિને પોતાના તાબાની કરવા બેસે છે, અને પોતાના તાબાની વસ્તુ-ત્યાગ-દાનાદિના સુકૃતને ઠોકરે મારે છે !**

**લક્ષ્મી પોતાની કેમ નહિ ?**

લક્ષ્મી મળવી, સચવાવી, અને વૃદ્ધિ પામવી એ બધું પુણ્યકર્મને આધીન છે, કર્મના તાબાની વસ્તુ છે. મોહાંધ માણસ એને પોતાના તાબાની કરવા જાય છે. 'હું સાચવી રાખું અને દાન-સુકૃતમાં ન દઉં તો આ મારી થઈને રહે,' એમ સમજે છે. પરંતુ મોહમૂઢને ભાન નથી કે તારી લાખ પ્રયત્ને સાચવેલી લક્ષ્મીને કર્મ એક તમાચ મારીને પડાવી લેશે. આજે ઘણાઓએ લક્ષ્મી મળ્યા છતાં સુકૃત ન સાચવ્યાં, અને લક્ષ્મીને સાચવવા-વધારવામાં પડ્યા, પરંતુ કર્મે તમાચ ઠોકીને સોના સાઢ અને સાઠના નાઠ કરાવ્યા ! ભિખારી બનાવી દીધાઃ એક વખતના લાખોપતિ એમને બીજાની પાસે નાનકડી સો-બસોની ભીખ માગતા કરી દીધા !

**પરિવાર પોતાનો કેમ નહિ ? :-**

લક્ષ્મી કોઈ દિ' પોતાના તાબાની થાય ? તાબે દેખાય તો કેટલો કાળ ? જવા દો એ વાતમાં કશો માલ નથી. ધન-માલ-પરિવાર એ પોતાના થાય નહિ. કેઈ માણસોએ આપમતિમાં પરિવારની હૂંફ ગુમાવી. પોતાનું ચાલ્યું ત્યાં સુધી પરિવારને પોતાના તાંબાનો ગણી એને ધમધમાવ્યો, એના પર રોફ બજાવ્યો. પરંતુ પેલા પગભર થતાં એની પાસેથી ખસી ગયા, વિરોધી થઈ ગયા. બાપે દીકરા ગુમાવ્યા, શેઠે નોકર ગુમાવ્યા, ધણીને ધણિયાણી દુશ્મન જેવી થઈ બેઠી. **પોતાના તાબાની ચીજ નહિ, એને તાબાની માનવી, ને અહંત્વ-આપમતિના નાચમાં તણાઈ જવું, એ સરવાળે તાબો ખોવરાવે.**

એ તો સમજી જ રાખવું જોઈએ કે ધન-માલ-પરિવાર વગેરે તો કર્મના તાબાની વસ્તુ છે. કર્મે મળે, કર્મે સચવાય અને કર્મે વધતી ચાલે. ત્યારે સુકૃત-સત્પ્રવૃત્તિ એ માણસના તાબાની વસ્તુ છે. માણસ એનો લહાવો લઈ શકે. પરંતુ મોહમૂઢને આ તાબાની વસ્તુ પાલવતી નથી. તો પેલું તાબાનું કરી સરવાળે શું ખોટી જાય ? પણ જો મોહ ન રાખે તો ડગલે ને પગલે સારું સાધે.

માણસ મોહમૂઢતાને બાજુએ રાખી આટલું જ વિચાર્યા કરે કે મારા તાબાનું શું અને મારા કાબૂ બહારનું શું ? તો એને ડગલે ને પગલે ઘણાં ઘણાં સુકૃત-સદ્આચરણ લાધ્યા કરે.

**જીવનમાં ઉદય માટે આ એક વિવેક પ્રેરક છે કે મારા તાબાનું શું ? અને શું નહિ ?**

(૧) આપણું કોઈ અપમાન કરે છે, ગુસ્સો કરે છે, ત્યાં જો એ જોવાય કે



'અહીં ક્રોધ કરી માન સાચવવું એ તાબાની ચીજ નહિ, પણ ક્ષમા રાખવી એ તાબાની વસ્તુ છે.' તો ક્ષમા સુલભ થાય અને એથી ઉદય થાય.

(૨) પૈસા મળ્યા ત્યાં જુએ કે 'આને સાચવી રાખી કે જાત-ઉપભોગમાં લગાવી સુખ દેખવું એ મારા તાબાની ચીજ નહિ, પરંતુ શુભ ક્ષેત્રમાં ઉપયોગ કરી સુકૃત કમાયે જવા એ મારા તાબાની ચીજ છે,' તો સુકૃત કરતા રહેવાનું સહેલું બને, અને એથી જીવનમાં ઉદય થાય.

(૩) ખાનપાન-મોજમજાહ-વિષયરંગ કરતાં એ જોવાય કે 'આ બધું હું કર્યે જાઉં છું, કિંતુ એથી કાયમી શાંતિ મારા હાથમાં નથી આવવાની; પરંતુ જો એમાં શક્ય શક્ય ત્યાગ અને સંયમ કરતો જાઉં તો એના સારા અભ્યાસથી ચિત્તને શાંતિ-સ્વસ્થતાનો અનુભવ થતો જવાનો; અને એ ત્યાગ તથા સંયમ મારા હાથની વસ્તુ છે. ઊલટું, મળ્યા એટલા ખાનપાન, તથા મોજમજાહથી અને મળ્યા એટલા ઇંદ્રિયવિષયોમાં વિના સંકોચ મહાલી લેવાથી તો આત્મામાં એવા કુસંસ્કારો દૃઢ થતા જાય છે કે જે ભવાંતર માટે ગુણાકાર થઈ મહા પીડનારા બને, અને ધર્મ માટે મને તદ્દન અયોગ્ય કે ગળિયો બનાવી દે. ત્યાં પછી મારા તાબામાં કશો ધર્મ નહિ રહે. એના કરતાં અહીં જો જિનશાસન અને મહાપુરુષોનાં દૃષ્ટાંત આલંબન રૂપે મળ્યા છે, તો એના સહારે પાવર લઈને મારા તાબાની વસ્તુ જે ત્યાગ, સંયમ, એને કેમ ન સાધતો જાઉં ?' આમ તાબાના વિચારથી ત્યાગ અને સંયમ સુલભ બને; એથી જીવનમાં ઉદય થવા માંડે.

**કોઈના વૈભવ દેખાવા પર શું ચિંતવવું ?**

(૪) એમ, ધારો કે કોઈ રૂપાળી સ્ત્રી, કોઈનો બંગલો, કોઈની મોટર, યા કોઈનો ધીકતો ધંધો નજર સામે આવ્યો, ત્યાં જીવ આકર્ષાય, લલચાવા જાય, 'આપણને આવું નહિ' એમ દીનતા આવે, એ જ વખતે જો જોવાય કે 'આ ચીજ પણ મારા તાબાની વસ્તુ નથી, તેમ એવું મળવાનું પુણ્ય પણ આજે મારા તાબાની વસ્તુ નથી, ઉપરાંત કદાચ મળે તો સરખી રીતે ભોગવાય એ ય કાંઈ મારા તાબાની વાત નથી, તો શા સારુ લારાં કરું ? શા માટે વલખા મારું ? અરે ! એ મળે ભોગવાય, તો ય પુણ્ય ભર્યું જ રહેવાનું હાથમાં નથી, એટલે અંતે તો પુણ્ય ખૂટી ગયે 'ખા ગયા, ખો ગયા' નો ખેલ છે ને પછી શું ? પછી માત્ર કર્મના માર ખાવાના. એના બદલે એના તરફ નજર જ ન નાખવી અને મનમાં એ વખતે કોઈ અનિત્યાદિ-ભાવના, કોઈ તત્ત્વચિંતન, મહાપુરુષજીવન-સ્મરણ, તીર્થયાત્રા-સ્મરણ, યા ૧૦-૨૦ ગણતરીબંધ નવકારજાપ કરવો એ મારા તાબાની વસ્તુ છે. એને જ પકડીને ચિત્ત પ્રફુલ્લિત કાં ન રાખું ? શા સારું ઓરતા-અભખરા ને દીનતા કરું ? કુસંસ્કાર શા સારું વધારું ?'

આમ જો વિવેક કરાય, તો તાબાની વસ્તુ શુભ ચિંતનનો આદર કરી અમલ કરી જીવનમાં ઉદય સધાતો આવે. ભૂલશો નહિ, આ વૈરાગ્યભાવનાદિનો અભ્યાસ તો મનને માતબર બનાવે છે, બાદશાહ બનાવે છે. એવું મન પછી જગતના વૈભવને અને સુખસાધનને કૂચા લેખે છે. એ વૈભવાદિ મનમાં પેસતાં જ થાય કે 'આ તો કુછ નહિ. આમાં શા માલ બળ્યા છે ? કિંમતી કાંઈ આના વિચાર નથી, કિંમતી તો મારી અનિત્યાદિ શુભ ભાવના છે, તત્ત્વચિંતન કિંમતી છે, મહાપુરુષનું જીવન-સ્મરણ કિંમતી છે, નવકારમાં ચિત્ત લાગવું એ કિંમતી છે. એ મારા તાબાની વસ્તુ છે, ને એથી મનને ઘણી ઘણી શાંતિ વ્યાપે છે, અને ભાવી માટે સુસંસ્કારના વારસાને શા સારું જતા કરું ?' આમ, તાબાની વસ્તુ શી, અને શી નહિ, એનો વિવેક કરી **મનને વૈભવાદિના આકર્ષણથી બગાડવાનો ધંધો ન કરતાં, મનને શુભ ચિંતનાદિથી નિર્મળ-સ્વચ્છ અને સબળ બનાવવાનું કરાય તો જીવનમાં મહાન ઉદય સધાતો આવે.**

**મન નિર્બળ ક્યાં બને ? સબળ ક્યાં બને ? :-**

એટલું સમજી રાખજો કે પુણ્યના તાબાની વસ્તુ તરફ આકર્ષાવામાં મન જેટલું ડહોળાય એટલું મન નિર્બળ અને મલિન થાય છે; ત્યારે એના વિચાર, આકર્ષણ પડતાં મૂકી આત્માના તાબાની વસ્તુ જે ઉત્તમ ભાવના ઉત્તમ ચિંતન અને સંયમન, એમાં મન લગાવવાથી મન મજબૂત સશક્ત-સબળ અને સ્વચ્છ બનતું આવે છે.

આજના માનસશાસ્ત્રીઓ પણ કહે છે કે **'નિષ્ફળ વિચારોથી મન નબળું બને છે.'** ત્યારે પરના તાબાની વસ્તુમાં માથું મારવું એમાં કાંઈ ઉપજે નહિ; એટલે એનો વિચાર નિષ્ફળ જવાનો; એથી મન નબળું પડવાનું.

**જીવનમાં ડગલે ને પગલે તાબા-ન-તાબાનો વિવેક ઉપયોગી થાય એવો છે.** આપણી નજરે ચડતા જગતના પદાર્થ, જગતના પ્રસંગો, યા આપણી બોલ-ચાલની પ્રવૃત્તિ, એ દરેક ઠેકાણે આ વિવેક ગોઠવી દેવો જોઈએ, કે 'આમાં મારા તાબાનું શું ? અને શું નહિ ? તાબાની ચીજ પકડવા દે, મન પર લેવા દે, અને ન તાબાની વસ્તુને પડતી મૂકવા દે'

**ધર્મસાધનામાં પણ તાબાનો વિચાર :-**

આમાં જ શું, ધર્મક્રિયામાં-ધર્મસાધનામાં પણ આ વિવેક બહુ ઉપયોગી છે. એનું કારણ એ છે કે ધર્મસાધના કરાય છે ખરી, પરંતુ મોહ અને અજ્ઞાનતાને લીધે એમાં આડાઅવળા વિચાર વગેરે એક યા બીજી જાતનો દોષ લગાડાય છે. ત્યાં જો દા.ત. 'પોતાના તાબાનું શું !' એ વિચાર રખાય, તો દોષોને ધક્કે ચડાવાય.





**ધર્મસાધનામાં કેવી કેવી રીતે દોષ લગાડાય છે ?**

(૧) દેવદર્શન-પૂજાદિ ધર્મસાધનામાં પહેલો સામાન્ય દોષ તો આ લગાડાય છે કે ચિત્ત આડાઅવળા વિચારના ભૂસા કૂટે છે. ધર્મ-ક્રિયા લાખ રૂપિયાની, પણ એમાં રાખ જેવો વિચાર કરતાં કોઈ આંચકો નથી લાગતો કે અરેરે ! આ હું ગટર ક્લાસ વિચારમાં ક્યાં ચડ્યો ? અનંત ભવે મળે એવી શુદ્ધ ધર્મની સાધના તો ક્રોડોની કિંમતની, દેવતાઈ વૈભવ આપે એવી, એમાં કૂચા જેવા વિચાર ઘાલતાં કશો સંકોચ નહિ ? પણ મૂળ પાયામાં દેવાધિદેવ પ્રત્યે અને એમની ફરમાવેલી તારક ધર્મસાધના પ્રત્યે એવો ઊછળતો રાગ નહિ, એનું મૂલ્યાંકન નહિ, પછી એને મનથી શી રીતે ફિક્સ ચોંટ્યો રહે ? પ્રેમીને પ્રિયા ગમે છે તો એનો ફોટો જોતાં બીજો કશો બહારનો વિચાર નથી આવતો; અને અહીં પ્રભુદર્શને ફાલતું વિચારો ?

**ધર્મસાધનામાં બીજી રીતે દોષ** આમ લગાડાય છે, કે ધર્મસાધના તો કરાય, કિંતુ એનાથી પરલોકમાં સ્વર્ગાદિ સુખ-બળ વગેરે મળો, યા અહીં પૈસા મળો, મારું નામ આગળ આવો, મને માન-સન્માન મળો, બીજાને ઝાંખા પાડી દઉં,... આવી આવી આશંસા-અપેક્ષા હોય તો એ ધર્મસાધના દૂષિત થઈ કહેવાય. એ જડ વસ્તુને વેચાઈ ગઈ, અને એનાથી મોહના સંસ્કાર ઊભા થયા. ત્રિપૃષ્ઠ વાસુદેવ, બ્રહ્મદત્ત ચક્રવર્તી વગેરે પૂર્વ ભવે જબરદસ્ત તપ-સંયમની સાધના કરવા છતાં એમ ભૂલેલા; તે અહીં મહા સામ્રાજ્યનાં સુખ તો પામ્યાં, પણ પછી સાતમી નરકે સિધાવ્યા...કેમ ? એ ધર્મ સાધનાને દુન્યવી સુખબળની આશંસાથી દૂષિત કરેલી તેથીસ્તો. છતી ધર્મસાધના બગાડવાનું આ બીજું કારણ અથવા

(૩) ધર્મસાધના તો કરાય પરંતુ એમાં અભિમાન કરાય કે મારા જેવી સાધના કોણ કરે છે ? બીજાને તુચ્છકારવાનું કરાય કે 'આને કશું આવડતું નથી' વગેરે, તો એ ધર્મસાધના દૂષિત થઈ ગઈ.

**પ્રભુભક્તિનો પ્રકાર :-**

**જુઓ, દશાર્ણભદ્ર રાજાએ :-** મહાવીર પ્રભુ નગરના આંગણે પધાર્યા છે તો, એમને માત્ર વંદન કરવા માટે પણ ભક્તિરૂપે મોટા આડંબર સાથે જવાનું કર્યું, નગરી દેવપુરી જેવી શણગારી, માર્ગ સજાવ્યા, મોખરે પોતે હાથી પર, પાછળ ૫૦૦ રાણી દરેક ૧-૧ હાથી પર, સાથે સમગ્ર ગજદળ-હયદળ-રથદળ-પાયદળ લશ્કરો કઈ બેન્ડવાજાં રાસમંડળીઓ, વિદૂષક ભવાયાદિની મંડળીઓ, નાચનારા-

ખેલનારાઓ, કેટલીય જાતનાં વાહનો-વાજિંત્રો-નોબતખાના-દાન દેતી ગાડીઓ,... ઈત્યાદિ ઈત્યાદિ કેટલુંય સાથે રસાલામાં. કેમ એમ ? 'આવા મોટા પરમાત્માને ખાલી નહિ, કિંતુ મોટા વૈભવ ખર્ચપૂર્વક વંદન કરી કૃતાર્થ થાઉં, તેમજ લોકોને પણ ભગવાનની મહા મહત્તાનો ખ્યાલ આવે અને પ્રભુ પ્રત્યે આકર્ષણ થાય,' આ પવિત્ર ઉદ્દેશ હતો. તમે વરસમાં એક વાર પણ આ રીતે વરઘોડો કાઢે છો ? ભલે લશ્કર નહિ, પણ બાકીનું ખરું ?

ત્યારે બોલો, દશાર્ણભદ્રની પ્રભુભક્તિના રંગ અને અમલમાં કમીના છે ? ઉદ્દેશમાં કોઈ મલિનતા છે ? મારા મોટા પ્રભુને વંદન મોટી ભક્તિથી કરી કૃતાર્થ થાઉં' આ ઉદ્દેશ છે. એટલે આ રીતે પ્રભુને વંદન કરવા જઈ રહ્યો છે. એ એક મહાન ધર્મસાધના છે. છતાં ઈંદ્રે આને દૂષિત સાધના કેમ ગણી ? કેમ ઈંદ્રને એની સામે એના કરતાં લાખો-ક્રોડો ગુણા આડંબર-ઠાઠ-ઠઠારો કરીને પ્રભુના વંદન અર્થે આવવવાનું દેખાડવું પડ્યું ?

**ઈંદ્રનો ઠાઠ કેવો ? :-**

કારણ એક જ, કે ઈંદ્રે જોયું કે રાજા દશાર્ણભદ્રને જિનવંદનનો ભાવ ઊંચો, એ માટે ભોગ પણ ઊંચો, કિન્તુ એમાં અભિમાનના કચરાનું મિશ્રણ છે, અને એથી જ પ્રભુનાં અવમૂલ્યાંકનના કચરાનું પણ સંમિશ્રણ છે.' માટે એનો એટલો કચરો દૂર કરાવવા ઈંદ્રે ૬૪૦૦૦ હાથી, તે પણ સફેદ રૂના જેવા, અને દરેક હાથીને ૮-૮ સૂંઢ, દરેક સૂંઢને ૮-૮ દંતશૂળ, દરેક દંતૂશળ પર વળી ૮-૮ વાવડી, દરેક વાવડીમાં ૮-૮ કમળ, દરેક કમળને લાખ-લાખ પાંખડી ને વચમાં કર્ણિકા, દરેક પાંખડી પર દેવ-દેવીના નૃત્ય અને દરેક કર્ણિકાની ઉપર દેવકુલિકામાં પ્રભુને નમસ્કાર કરતો ઈંદ્ર. આ રીતે આકાશમાંથી ઈંદ્ર નીચે ઊતરી આવે છે, એને દશાર્ણભદ્રને શિખામણ આપવી છે, જેથી એનું અભિમાન અને પ્રભુનું અવમૂલ્યાંકન, એ કચરા નીકળી જાય-પૂછો,

**પ્ર.**- પ્રભુનું આમાં અવમૂલ્યાંકન શું ? દશાર્ણભદ્રને પ્રભુ પ્રત્યે તો ખૂબ ભક્તિભાવ, છે ઊંચું મૂલ્યાંકન છે, માટે તો એવા ઠાઠથી વંદન કરવા જાય છે.

**દશાર્ણભદ્રે પ્રભુનું અવમૂલ્યાંકન ક્યાં કર્યું ? :-**

**ઉ.**- વાત ખરી, પોતાની જાત કરતાં પ્રભુની બહુ ઊંચી કિંમત ગણી, કિન્તુ જે એમ ધાર્યું કે 'કોઈએ ન કરી હોય એવી ઊંચી ભક્તિથી વંદન કરવા જાઉં,' અને ભક્તિના ઠાઠ સાથે એ વંદન કરવા ચાલ્યો એમાં પોતાનો ઊંચો ઠાઠ જોઈ સંતોષ માન્યો કે 'બસ, આવા ઠાઠથી કોઈએ પ્રભુને વંદન કરવા જવાનું નહિ કર્યું હોય;' આમાં અર્થ તો એ આવ્યો કે 'પ્રભુને બિચારાને આનાથી ઊંચી ભક્તિ



કરનારો કોઈ ભક્ત નહિ મળ્યો. એટલે પ્રભુનો ક્લાસ આટલો જ કે આ ભક્તિ જ ઊંચામાં ઊંચી તરીકે મળી, આ ભક્ત જ સૌથી શ્રેષ્ઠ ભક્ત તરીકે મળ્યો. પ્રભુને તો ચક્રવર્તીરાજા-મહારાજા તો શું, કિન્તુ મોટા ઈન્દ્ર ઊંચા ભક્ત છે એટલો બધો ઊંચો પ્રભુનો ક્લાસ છે. એના બદલે પ્રભુને ઈન્દ્રોની ભક્તિ આગળ મુફલીસ ભક્તિ ગણાય એવી ભક્તિવાળો દશાર્ણભદ્ર જ પ્રભુનો ઊંચામાં ઊંચો ભક્ત, એ તો પ્રભુની કિંમત ઘટાડી કહેવાય; પ્રભુનું અવમૂલ્યાંકન કર્યું ગણાય.

**હવે જુઓ દશાર્ણભદ્રનું પરિવર્તન. બે ગુનાના એ કેવા બે દંડ લે છે ? :-**

દશાર્ણભદ્રે ઈન્દ્રનો ભક્તિવૈભવ જોતાં ખચકાઈને વિચારધારા ફેરવી, અને ચારિત્ર લઈને પ્રભુને વંદન કરવાનું નક્કી કર્યું. કેમ વારું ? એટલા જ માટે કે પ્રભુને જો આવી ઊંચી ભક્તિ કરનારા છે, તો પ્રભુને એવી ઊંચી સ્ટેજથી નીચી સ્ટેજ પર ઉતારવાનું જે કર્યું, એ પ્રભુનાં અવમૂલ્યાંકનનું મહાપાપ કર્યું, ને એના દંડરૂપે હવે જીવન પ્રભુને સોંપી દેવું જોઈએ. વળી જે પોતાના વૈભવ પર આ અભિમાન ઊઠ્યું કે પ્રભુને સર્વોત્કૃષ્ટ ભક્તિથી વંદન કરું. એ વૈભવ ગોઝારો ગણાય, તેથી એ અભિમાન-પાપના દંડરૂપે એ વૈભવનો જ ત્યાગ કરી દેવો જોઈએ. શું સમજ્યા ?

**દશાર્ણભદ્રે આ કર્યું :-**

દશાર્ણભદ્રના શુભ ચિત્તમાં આવી કોઈ ગડમથલ થઈ હશે એટલે એ પ્રભુ પાસે પહોંચતાં સંસારત્યાગ કરી ચારિત્ર લઈને પછી વંદન કરવાનું નક્કી કરે છે; અને એમાં એ જુએ છે કે 'ચાલો, જે ઉત્કૃષ્ટ ભક્તિથી વંદન કરવાનો સંકલ્પ કર્યો છે, એ આથી સચવાઈ જશે. કેમકે અરિહંત પ્રભુની ઊંચામાં ઊંચી ભક્તિ એમની આજ્ઞાનું સર્વાંશે પાલન છે, યાને સર્વવિરતિચારિત્રનો સ્વીકાર છે.' બસ, સમવસરણ પર પ્રભુની પાસે પહોંચી જઈ રાજશાહી કપડા ઉતારી નાખ્યા, સાધુવેશ લઈ લીધો અને જઈને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કર્યું. મનને આલ્હાદ માન્યો કે 'વાહ ! પ્રભુ કેવા ઊંચા અને ઉપકારી મળ્યા કે એમના આવા ઈન્દ્ર જેવા ભક્ત હોય, અને એમની ભક્તિ જ મારા અભિમાનના ફુરચા ઉડાવે ! પ્રભુ સિવાય આ ઉપકાર કોણ કરે ? વાહ મારા નાથ ! ધન્ય તમારો અવતાર ! ધન્ય પ્રભુતા !' આજે મને પાવન કરી દીધો ! જીવન મારું સફળ કરી દીધું ! મારા આત્માને ન્યાલ કરી દીધો ! કોટિકોટિ વંદન તમને !' ઈન્દ્ર આ જોઈ ચોંકી ઊઠ્યો અને દશાર્ણભદ્ર રાજર્ષિ પાસે આવી ક્ષમા માગી કહે છે 'તમે જીત્યા, હું હાર્યો.'

દશાર્ણભદ્રને ઘેરથી નીકળતાં ચારિત્ર લેવાની તો શું પણ બ્રહ્મચર્ય કે બીજો કોઈ નાનો ત્યાગ લેવાની ય કલ્પના નહિ, અને એકાએક આ પરાક્રમ શી રીતે

કર્યું ? કહો, હું કોઈએ ન કરી એવી ભક્તિથી વંદના કરું એવું અભિમાન નહિ, પણ સંકલ્પ-પાલનની ભાવના રાખી. ભારે ઠાઠથી પ્રભુને વંદના કરવાના ધર્મમાં સાથે અભિમાનનો કચરો હોવાનું ઈન્દ્રે ભાન કરાવ્યું, અને પ્રભુનું કમ મૂલ્ય વિચારેલું પ્રભુનું મહામૂલ્ય યાદ કરાવ્યું; તો હવે એ અભિમાનના મૂળભૂત વૈભવને જ ફગાવી દેવો, અને પ્રભુનાં અવમૂલ્યાંકનની સજામાં પ્રભુને જ સમર્પિત થઈ જવું, જેથી ઉત્કૃષ્ટ ભક્તિનો કરેલો સંકલ્પ પાર પડે, આ રાહ લીધો, તેથી એ મહા પરાક્રમ કરી શક્યા.

**મહાપુરુષોએ કેવા દંડ લીધા ? :-**

બોલો, તમે કદી આવી ભૂલોના દંડ લીધા છે ? કદી એનો વિચાર પણ આવ્યો છે ? જીવનમાં શું ભૂલ જ નથી થતી ? ભૂલનો મોટો નહિ તો નાનો પણ દંડ ન લઈ શકાય ?

**રુકમી સાધ્વીના** ચરિત્રમાં આવે છે કે આચાર્ય પૂર્વભવે મુનિ હતા અને એમાં એક વાર કાંઈક અસત્ વચનપ્રયોગ થયો, તો આ ભૂલનું પરિમાર્જન થાય અને હવે ફરીથી એવી ભૂલ ન થાય એ માટે દંડ અને પ્રતિકાર તરીકે જીવનભર મૌન પાળવાનું કર્યું.

**કુમારપાળ રાજાને** એકવાર ઘેબર ખાતાં, પૂર્વે ધર્મરહિત અવસ્થામાં ખાધેલ માંસની ઘેબરમાં કલ્પના થઈ, તો એના દંડમાં રોજ ૧૨ પ્રકાશ ‘યોગશાસ્ત્ર’ ના અને ૨૦ પ્રકાશ ‘વીતરાગસ્તોત્ર’ના એમ ૩૨ પ્રકાશ યાદ કર્યા પછી જ દાતણ કરવાનું નક્કી કર્યું. દાંતની બત્રીશીએ ઘેબર ચાવતાં માંસની કલ્પના થઈ ને ? માટે બત્રીશ પ્રકાશનો પાઠ કરી જવાનો.

**સિદ્ધરાજના મંત્રી** મુંજાલ મહેતા યા શાંતનું મહેતાએ બંગલો બંધાવ્યો. પછી એના પર આચાર્ય મહારાજ તરફથી પ્રશંસાની અપેક્ષા થઈ. આચાર્ય મહારાજને બહારથી પધારતાં બંગલામાં સહેજ વિસામો કરાવી મંત્રી કહે છે, ‘આ બંગલો સાહેબ ! હમણાં બંધાવ્યો. કેમ લાગે છે ?’ આચાર્યદેવ તો કાંઈ ન બોલ્યા, પણ સાથેના મુનિ ઝળક્યા, ‘મહેતા ! આચાર્ય મહારાજની પ્રશંસા તો ધર્મસ્થાન પર મળે, કર્મસ્થાન પર નહિ.’ મંત્રી તરત સમજી ગયો કે ‘આ મેં ભારે ભૂલ ખાધી કે પાપનાં સ્થાન પર પવિત્ર પુરુષનું મત્તું ઈચ્છ્યું.’ તો હવે કેમ ? ભૂલના દંડમાં શું કરવાનું ? ખાલી ‘મિચ્છા મિ દુક્કડં’ ? ના, બંગલાના મોહે ભૂલ ખવરાવી ને ? માટે એવો બંગલો જ ન જોઈએ. તરત એણે કહ્યું ‘તો લ્યો સાહેબ ! આજથી આ ધર્મશાળા-પોષધશાળા.’

**(ક્રમશઃ)**





**‘જિસકી પ્રતિમા ઈતની સુંદર વો કિતના સુંદર હોગા !’**

પ્રભુભક્તિના ગીતની આ લીટીનો ભાવ એવો છે કે જો પ્રભુની પ્રતિમા આટલી સુંદર છે તો સાક્ષાત્ પ્રભુ તો કેટલા સુંદર હશે ! પ્રભુની ગેરહાજરીમાં પ્રભુની પ્રતિમા આપણી માટે આલંબનરૂપ છે. પ્રભુની પ્રતિમા નયનરમ્ય હોય છે, મનને હરનારી હોય છે, પ્રસરસથી ભરેલી હોય છે, પ્રસન્ન વહનવાળી હોય છે, જોનારના પાપ હરનારી હોય છે. જો પ્રભુની પ્રતિમાની પણ આ વિશિષ્ટતા હોય તો સદેહે વિચરતા પ્રભુ તો કેટલા બધા ગુણોવાળા હશે ! કેટલા બધા સુંદર હશે ! આમ પ્રભુના સાક્ષાત્ દર્શન ન થયા હોવા છતા પ્રભુની પ્રતિમાની સુંદરતા ઉપરથી પ્રભુની સુંદરતાનું અનુમાન થઈ શકે છે.

પરમ પૂજ્ય ન્યાયવિશારદ પ્રદાદાગુરુદેવ આચાર્યદેવશ્રીમદ્વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજની સાથે વધુ રહેવાનો અવસર મળ્યો ન હોવાથી મને તેમનો વિશેષ પરિચય નથી. છતાં પૂજ્યશ્રીએ કરેલા સર્જનો અને કાર્યો ઉપરથી એઓશ્રીની મહાનતાનું અનુમાન થઈ શકે છે. હું પોતાને ભાગ્યશાળી પણ માનું છું અને કમભાગી પણ માનું છે. હું પોતાને ભાગ્યશાળી એટલા માટે માનું છું કે મારા જીવનમાં મને એકવાર પૂજ્યશ્રીના દર્શન-વંદનનો લાભ મળ્યો હતો. મારી દીક્ષાની જય બોલાયા પછી સુરત-ગોપીપૂરામાં અંતિમ ચાતુર્માસમાં બીરાજમાન પૂજ્યશ્રીના દર્શન-વંદન કરવા હું ગયો હતો. તે વખતે પૂજ્યશ્રીના પહેલીવાર અને છેલ્લીવાર દર્શન થયા. પૂજ્યશ્રીએ સંયમજીવન અંગેની સારી પ્રેરણાઓ પણ કરી હતી. હું પોતાને કમભાગી એટલા માટે માનું છું કે મારી દીક્ષા પૂજ્યશ્રીના હાથે ન થઈ. મારી દીક્ષા માટે પૂજ્યશ્રી સુરતથી વિહાર કરી નવસારી સુધી આવ્યા પણ વડીલ મહાત્માઓને મળવાનું હોવાથી પૂજ્યશ્રીએ નવસારીથી પાછો અમદાવાદ તરફ વિહાર કર્યો. મારી દીક્ષા પછી માત્ર ત્રણ મહિનાની અંદર પૂજ્યશ્રી દેવલોક થયા. તેથી તેમની સાથે રહેવાનો, તેમનું પડિલેહણ કરવાનો, તેમને ગોચરી-પાણી વાપરવાનો, તેમનો કાપ કાઢવાનો, તેમની ભક્તિ કરવાનો લાભ ન મળ્યો. માટે પણ હું પોતાને કમભાગી માનું છું.

આમ પૂજ્યશ્રી સાથે સાક્ષાત્ રહેવાનું થયું ન હોવાથી એમનો વિશેષ પરિચય નથી. છતા એમના કાર્યો પરથી એમની મહાનતાને હું માપી શકું છું. જે વસ્તુ કે વ્યક્તિનું જ્ઞાન સાક્ષાત્ ન થાય તેનું જ્ઞાન તેના કાર્ય પરથી થાય છે. તાજમહાલને બનાવનારને જોયો ન હોવા છતા તાજમહલને જોઈને તેને બનાવનારની મહાનતાનો ખ્યાલ આવે છે. ડૉક્ટરને જોયો ન હોવા છતાં ગંભીર ઓપરેશન સફળ થયા પછી બચી ગયેલા દર્દીને જોઈને ડૉક્ટરની કુશળતાનો ખ્યાલ આવે છે. રસોઈયાને જોયો ન હોવા છતાં સ્વાદિષ્ટ વાનગી ખાઈને તેની કળા પર ઓવારી જવાય છે. આર્કિટેકને જોયો ન હોવા છતાં સુંદર બિલ્ડીંગ જોઈને લોકોને એને અભિનંદન આપવાનું મન થાય છે. આત્મા દેખાતો ન હોવા છતા શરીર બનાવવું વગેરે તેના કાર્યો ઉપરથી તેનું અનુમાન કરી શકાય છે. પૂજ્યશ્રીએ ઘણા બધા ગ્રંથોના સર્જન કર્યા, જેમકે પરમતેજ, ઉચ્ચપ્રકાશના પંથે, અમીચંદની અમીદૃષ્ટિ, ગણધરવાદ, સીતાજીના પગલે પગલે, દિવ્યદર્શન વગેરે. ઘણું મનોમંથન કર્યા પછી અર્થના ઊંડાણમાં જઈને એમને જે નવનીત મળ્યુ એ એમણે આ ગ્રંથોમાં પીરસ્યું છે. પ્રસ્તુત ‘ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા’ પણ એમના ગ્રંથોનું સંકલન જ છે. એમના ગ્રંથો એમની મહાનતાની જીવંત ગવાહી આપે છે. આ ગ્રંથો ઉપરથી પર અનુમાન થઈ શકે છે કે પૂજ્યશ્રી એક વિરલ વિભૂતિ હતા, તેઓશ્રી અર્થના કેવા ઊંડાણમાં ઊતરતા હતા અને સ્વયં કેવું ઊંચુ આદર્શરૂપ સંયમજીવન જીવતા હતા. પૂજ્યશ્રીએ ઘણા બધા સાધુભગવંતોને પણ તૈયાર કર્યા, જેમકે પૂજ્ય

ગચ્છાધિપતિઆ. જયઘોષસૂરિ મ., પૂજ્યઆ. રાજેન્દ્રસૂરી મ., પ.પૂજ્ય ચન્દ્રશેખરવિજયજી મ., પૂજ્યઆ. હેમચન્દ્રસૂરિ મ., પૂજ્યઆ. જિતેન્દ્રસૂરિ મ., પૂજ્યઆ. ગુણરત્નસૂરિ મ., પૂજ્યઆ. જગવલ્લભસૂરિ મ., પૂજ્યઆ. રત્નસુંદરસૂરિ મ., પૂજ્યઆ. જયસુંદરસૂરિ મ., પૂજ્યઆ. વરબોધિસૂરિ મ. વગેરે. બીજા પણ અનેક સાધુ ભગવંતોને પૂજ્યશ્રીએ તૈયાર કર્યા. બધાના નામ લખીએ તો બહુ મોટું લીસ્ટ થઈ જાય. આ બધા મહાત્માઓ વર્તમાનમાં ઊંચી કોટીનું સંયમજીવન જીવી રહ્યા છે અને જોરદાર શાસનપ્રભાવનાઓ કરી રહ્યા છે. દરેકનો ઘણો મોટો શિષ્યપરિવાર પણ છે. આ મહાત્માઓને જોઈને અનુમાન કરી શકાય કે જો આ મહાત્માઓ આટલા મહાન અને પ્રભાવક છે તો એમને તૈયાર કરનાર પૂજ્યશ્રી તો કેટલા મહાન અને પ્રભાવક હશે. પૂજ્યશ્રીના ગ્રંથો, શિષ્યો અને અન્ય કાર્યો જોઈને મોઢામાંથી શબ્દો નીકળી પડે છે.

'જિસકા સર્જન ઈતના મહાન વો કિતના મહાન હોગા !
જિસકી કૃતિ ઈતની મહાન વો કિતના મહાન હોગા !
જિસકે સાધુભગવંત ઈતને મહાન વો કિતના મહાન હોગા !
જિસકે કાર્ય ઈતને મહાન વો કિતના મહાન હોગા !'

પૂજ્યશ્રીને નામ પણ કેવા મળ્યા એક-એકથી ચઢે એવા. તેમનું સંસારી અવસ્થાનું નામ કાન્તિભાઈ. આ નામ તેમના સંસારી ફઈબાએ પાડ્યું હશે. આ નામ પણ જાણે કે એમ સૂચિત કરતું હતું કે એઓ આ પૃથ્વીતલ ઉપર જ્ઞાન, તપ, સંયમ વગેરેની કાન્તિ ફેલાવવા માટે જન્મ્યા હતા. દીક્ષા લીધા પછી તેમનું નામ ભાનુવિજયજી હતુ. આ નામ એમના ગુરુદેવ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પાડ્યું હતુ. આ નામ જાણે કે એમ સૂચવતુ હતુ કે જેમ સૂર્ય અંધકારને દૂર કરી પ્રકાશ ફેલાવે છે તેમ તેઓશ્રી અજ્ઞાન અને પાપનો અંધકાર દૂર કરી જ્ઞાન અને ધર્મનો પ્રકાશ ફેલાવશે. આચાર્યપદવી પછી તેમનું નામ પડ્યું-આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા. આ નામ પૂજ્યઆચાર્ય યશોદેવસૂરિ મહારાજે સૂચવેલું. આ નામ જાણે કે એમ સૂચવતુ હતુ કે તેઓશ્રી સમગ્ર ભુવનને જ્ઞાનનો પ્રકાશ આપવા સૂર્ય સમાન છે. આમ નામ પણ એમને ઉત્તરોત્તર ચઢીયાતા મળેલા. એમણે કામ પણ જીવનમાં ઉત્તરોત્તર ચઢીયાતા કરેલા.

એમના ગુણો લખવા બેસીએ તો પાનાઓ પણ ઓછા પડે. એમના નામનો શબ્દાર્થ થાય - સૂર્ય. આ સૂર્ય કરતા એમની વિશેષતાઓ બતાવવાનો કંઈક પ્રયત્ન કરું છું.

(૧) પેલો આકાસનો સૂર્ય છે. પૂજ્યશ્રી પૃથ્વીતલ પરના સૂર્ય હતા.

(૨) આકાશનો સૂર્ય રોજ ઊગે છે અને અસ્ત થાય છે. પૂજ્યશ્રી એક જ વાર ઊગ્યા (જન્મ્યા) અને એક જ વાર અસ્ત થયા (કાળધર્મ પામ્યા).

(૩) આકાશનો સૂર્ય પૂર્વમાં ઊગે છે અને પશ્ચિમમાં અસ્ત થાય છે. પૂજ્યશ્રી રાજનગરમાં જન્મ્યા અને રાજનગરમાં જ દેવલોક થયા.

(૪) આકાશનો સૂર્ય સવારે ઊગે છે અને સાંજ અસ્ત થાય છે. પૂજ્યશ્રી ચૈત્ર માસના કૃષ્ણપક્ષમાં જન્મ્યા અને ચૈત્ર માસના કૃષ્ણપક્ષમાં જ દેવલોક થયા. તેમની જન્મતિથિ માત્ર સાત દિવસનો ફરક હતો. પણ તેમની જન્મતારીખ અને કાળધર્મની તારીખ તો એક જ હતી. તેમની જન્મતારીખ ૧૯/૪/૧૯૧૧ હતી અને કાળધર્મની તારીખ ૧૯/૪/૧૯૯૩ હતી.

(૫) આકાશનો સૂર્ય દિવસે કામ કરે છે અને રાત્રે આરામ કરે છે. પૂજ્યશ્રી દિવસે પણ કામ કરતા હતા અને રાત્રે પણ કામ કરતા હતા. તેઓ આરામને હરામ માનતા હતા.

(૬) આકાશનો સૂર્ય એકલી ગરમી આપે છે. પૂજ્યશ્રી ગરમી અને ઠંડક બન્ને



આપતા. તેઓ કડકાઈ પણ કરતા અને વાત્સલ્ય પણ આપતા. આ બન્ને ગુણો તેમનામાં શી રીતે આવ્યા ? તેઓ દિવસે કામ કરતા હતા. એટલે સૂર્યના ગુણ તેમનામાં આવ્યા. તેઓ રાત્રે પણ કામ કરતા હતા. તેથી ચંદ્રના ગુણ પણ તેમનામાં આવ્યા.

(૭) સૂર્ય આકાશમાં આવે અને માણસના શરીરે પરસેવો પરસેવો થઈ જાય છે. પૂજ્યશ્રીનો પૃથ્વીતલ પર જન્મ થયો અને મોહરાજાને પરસેવો છૂટી ગયો. તે એમ વિચારવા લાગ્યો કે, 'આ ભાનુવિજય આપણી છાવણીમાંથી ભાગી જશે. સાથે બીજા ૨૫૦ સાધુભગવંતો-સાધ્વીજી ભગવંતોને પણ લઈ જશે. અનેક શ્રાવક-શ્રાવિકાઓના મનમાં મારા પ્રત્યે ખુન્નસ પેદા કરાવશે. તેથી ભવિષ્યમાં તેઓ પણ મારી સામે બળવો પોકારી મારી છાવણીમાંથી ભાગી છૂટશે.' આમ વિચારી ભ?ને લીધે તેને પરસેવો થવા લાગ્યો.

(૮) સૂર્ય આકાશમાં ઊંચે ચડે એ વખતે એના તાપમાં ફરનારના માથામાં પિત્ત ચડી જાય છે. પૂજ્યશ્રીએ ભલભલાના મગજમાં ચડી ગયેલું મોહનું પિત્ત ઊતાર્યુ.

(૯) આકાશનો સૂર્ય પોતાના કિરણો દ્વારા પૃથ્વી ઉપર રેહલા પાણીને સુકવી નાંખે છે. પૂજ્યશ્રી પોતાની વાણી દ્વારા જીવોના હૃદયમાં રહેલા વિષયરાગને સુકવી નાંખતા હતા.

(૧૦) આકાશના સૂર્યના તેજ-તાપ સવાર-સાંજ ઓછા હોય છે, બપોરે વધુ હોય છે. પૂજ્યશ્રીએ સંયમ લીધું ત્યારથી છેવટ સુધી તેઓ એકસરખા તેજવાળા હતા.

(૧૧) આકાશનો સૂર્ય સવારે અને સાંજે જોઈ શકાય એવો હોય છે, બપોરે તેની સામે જોઈ શકાતુ નથી. પૂજ્યશ્રીના દર્શન-વંદન-સત્સંગ ક્યારે પણ થઈ શકતા હતા.

આમ આકાશના સૂર્ય કરતા પૂજ્યશ્રીમાં અનેક વિલક્ષણતાઓ અને વિશેષતાઓ હતી. માટે જ આકાશના સૂર્યનું નામ ભાનુ છે, જ્યારે પૂજ્યશ્રીનું નામ ભુવનભાનુસૂરિજી હતુ.

પૂજ્યશ્રી ચિંતનના મહાસાગરમાં ખૂબ ઊંડા ઊતરતા અને તેમાંથી રહસ્યોર્થોના રત્નો શોધી કાઢતા. તે રત્નો આજે પણ તેમના પુસ્તકોરૂપી પેટીઓમાં સુરક્ષિત છે. પૂજ્યશ્રીના બધા લખાણોની એક સાથે મળે એવી ભાવનાથી પૂજ્યશ્રીની જન્મશતાબ્દીની પૂર્ણાહૂતિ પ્રસંગે તેમના બધા લખાણોનો સંગ્રહ 'ભુવનભાનું એન્સાઈક્લોપીડિયા' ના નામે પ્રકાશિત થઈ રહ્યો છે. આ ગ્રંથના લગભગ ૯૦ ભાગો થશે. પૂજ્યશ્રીની કલમથી ટપકેલા લખાણોરૂપી અમૃતનો સંગ્રહ કરવા આ ગ્રંથ એક મોટી કોઠી સમાન છે. આમાંથી થોડા પણ અમૃતનું પાન કરવાથી અમર બનવાના ઉપાયોનું જ્ઞાન થશે. એ ઉપાયોનું આચરણ કરવાથી ધીમે ધીમે અમરતા પ્રાપ્ત થશે.

પૂજ્ય તર્કસમ્રાટ આચાર્યદેવશ્રીમદ્વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજાના પ્રેરણા અને માર્ગદર્શનથી તેમના શિષ્યરત્ન ૫૦૦ આયંબિલના આરાધક મુનિરાજશ્રી સુધારસવિજયજી મહારાજે આ ગ્રંથનું સુંદર સંકલન અને સંપાદન કર્યું છે. પૂજ્યશ્રીની જન્મશતાબ્દીની પૂર્ણાહૂતિ નિમિત્તે ચતુર્વિધસંઘમાં જે આરાધનાઓ થઈ અને જે મહોત્સવો થયા તેમાં પૂજ્યઆ. જયસુંદરસૂરિ મહારાજ અને મુનિ સુધારસ વિજયજી મહારાજે ઘણો ઉદ્યમ કર્યો છે. આ પ્રસંગે તેમની ભૂરિ ભરિ અનુમોદના કરું છું. મને આ પ્રસ્તાવના લખવાનો લાભ આપવા બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

પ્રતિ, પૂજ્યશ્રીના લેખનામૃતનું પાન કરી સહુ કોઈ પામરતામાંથી અમરતા પામે એ જ શુભાભિલાષા.

જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ લખાયુ હોય તો તેની ક્ષમા યાચુ છું.

| | |
|---|---|
| મુલુંડ (મુંબઈ) | લી. |
| ચૈત્રવદ-૬, વિ.સં. ૨૦૬૭ | વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય |
| (પૂ.**ભુવનભાનુસૂરિ**મહારાજાની | **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો |
| ૧૦૧મી જન્મતિથિ) | શિષ્યાણુ, **રત્નબોધિ** |

# આંતરવૈભવ

**- પૂ.આ.શ્રી વિજયવીરસેનસૂરિ મ.**

જેના ઉપર જગત જ્યારે ફીદા થઈ રહ્યું હોય ત્યારે...

તે વ્યક્તિ અહીંથી વિદા લઈ જાય તો જગતને જે અસહ્ય પીડા થાય છે તેની નોંધ શું કાળ પોતાની ડાયરીમાં નહીં રાખતો હોય ?

આપણા મનનું ગણિત પણ કંઈક જુદું છે. સામે હયાતી ધરાવતી વ્યક્તિનું સાચું મૂલ્ય એની બિનહયાતિની પળોમાં જ વધુ પ્રમાણમાં આંકી શકે છે.

આલમમાંથી અલવિદા લેતાં અવધૂતશાં પૂ. આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની સાથે મારી માતૃભૂમિમાં શાનદાર અને યાદગાર પ્રવેશ થયો...

આ અવસર મારા માટે જીગની જાગીર અને દિલની દાબડીનું અમૂલ્ય આભૂષણ બની ગયો.

પ્રથમ દર્શને લાગે કે... કાયામાં વ્યાધિ, ચિત્તમાં સમાધિ, તન અસ્વસ્થ પણ મન સ્વસ્થ.

શરીરમાં રોગ પણ જીવનમાં યોગ, કાયામાં વૃદ્ધત્વ પણ કાર્યમાં યુવત્વ... ડોકાતું હતું.

પાટ પરથી જ્યારે હોઠના હિમાલયમાંથી દેશનાની મંજુલ-મધુર-મંદાકિની... વહેવા લાગી ત્યારે લાગ્યું કે

કાયાપર વૃદ્ધત્વ નહીં પ્રૌઢત્વ દમકતું હતું. દેહ પર વૃદ્ધત્વ નહીં, સાધનાનું સમૃદ્ધત્વ ચમકતું હતું.

પદાર્થને પીરસવાની માસ્ટર ‘કી’ હતી.

પદાર્થને દલીલ દ્વારા સરસ, પદાર્થને દ્રષ્ટાંત દ્વારા સરળ બતાવતા હતા. પદાર્થને દ્રષ્ટિઓ દ્વારા સફળ બતાવતાં હતાં.

આવી સફળ વ્યાખ્યાતૃ-શક્તિનાં સ્વામીનું સામીપ્ય અને સાંનિધ્ય પ્રાપ્ત કરવા ગયા, ત્યારે-એકતાન-એકધ્યાન થઈને સવારનાં સમર્પિત કરેલ યાકિનીમહત્તરાસુનુ પૂ.આ.શ્રી. હરિભદ્રસૂરીશ્વરજી રચિત ‘લલિત વિસ્તરા’ ગ્રંથ પર પૂ.આ.શ્રી ભંદ્રકરસૂરીશ્વરજી મ. સાહેબે કરેલી નવ્યટીકા ‘ભંદ્રકરી’ ના સ્વાધ્યાયમાં મસ્ત-મગ્ન બની મનન મંથન કરી રહ્યા હતા... જાણે...

અનેકોની વચ્ચે એકલા બનાવની કલા હસ્તગત ન કરી હોય ?

સ્વાધ્યાયમાં લયલીન અને તલ્લીન બની ગયેલા એવા યુગ પુરુષનાં ચરણોમાં હજારો પ્રણામ.

“મત્થએણ વંદામિ”

આ ધ્વનિ સાંભળતાં અવગત થયું કે કોઈ આવ્યું છે.

જગતથી નિર્લેપ-નિષ્કામ-નિરપેક્ષ બની

કોણ આવ્યું ? કોણ ગયું ? કોણ શું કરે છે ? પંચાત કર્યા વિના, મારે શું કરવાનું ?... આપ આપમાં મસ્ત,

સ્વાધ્યાયમાં વ્યસ્ત, આવા સ્વાધ્યાય આદિ અનેક ગુણોના ગરિમામય, મુનિત્વના મહિમામય વ્યક્તિનાં સ્વામીના આંતર નિધાનમાંથી કંઈક પામીને આજે આંતરધનથી નિર્ધન બનેલા આપણે જીવનમાં કંઈક ઉપલબ્ધિ મેળવી જીવન અબ્ધિને સમૃદ્ધ કરીએ...

**– “ભુવનભાનુનાં અજવાળાં”** પુસ્તકમાંથી સાભાર